# તોહફાએ નજાત (ભાગ-૧૧)

## તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

★ લેખક ★


**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્ મૌલાના યૂનુસ મિસ્બાહી**



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.
મો.૯૮૨૪૪૮૬૪૪૩, Email : islamic@sancharnet.in

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૨૩ | આવૃત્તિ-૧ | પ્રત : ૩૫૦૦ |
| ૧૦-મુહર્રમ | હિ.સ. ૧૪૨૬ | ફેબ્રુઆરી-૨૦૦૫ |

નૂરાની આર્ટ-દયાદરા ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧ મો. ૯૮૨૪૪૮૬૪૪૩

હદિયો : રૂા. ૫૦ /-




## અહલે બયતે નબુવ્વતપે લાખોં સલામ

**અઝ : શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયતપે લાખોં સલામ

ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ
ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ

પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ
અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ

આબે તત્હીરસે જિસમેં પૌદે જમે
ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ

ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર
ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ

ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા
હજ્લહ્ આરાએ ઈફ્ફતપે લાખોં સલામ

જિસ્કા આંચલ ન દેખા મહો મહરને
ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ

સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા
જાને અહમદ કી રાહતપે લાખોં સલામ

હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા
રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ

શહદખ્વારે લુઆબે ઝબાને નબી
ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ

ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા
બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ

દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ
રંગ રૂએ શહાદતપે લાખોં સલામ

કાશ ! મેહશરમે જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉનકી શૌકતપે લાખોં સલામ

મુઝસે ખિદમત કે કુદ્સી કહેં હાં **"રઝા"**
મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ

## અનુક્રમણિકા


પ્રાસ્તાવિક વાત.... 013

(પ્રકરણ : ૧)

**આશૂરા અને તાઝિયા** 019

વર્ષના બાર મહીના કુર્આનમાં 020

મહીનાનો આરંભ ચાંદથી થશે 022

હદીષ અને ચાંદ 023

ઈસ્લામી વર્ષનું નામ 024

ઈતિહાસની જાણકારી માણસને પ્રફુલ્લ રાખે છે 025

ઈતિહાસની જાણકારીની સુંદર રીત 025

ચાંદ જોવો વાજિબ છે 026

વાજિબ હોવાનુ કારણ 026

વર્ષનો આરંભ અને અંત 026

પરીક્ષા શા માટે ?! 027

મુહર્રમનો મહીનો 028

જેને અલ્લાહ તઆલાએ ફઝીલત આપી તેની કદર કરો 029

મુર્હરમની દસમી તારીખ 032

**હદીષ અને આશૂરાનો દિવસ** 032

તંબીહુલ ગાફિલીનમાં આશૂરાનો ઉલ્લેખ 037

આશૂરાના નામનું કારણ 039

નુઝહતુલ મજાલિસમાં આશૂરાનું વર્ણન 040

બેસતા વર્ષના દિવસે શું પઢશો ? 041

આશૂરા સંબંધિત કિસ્સાઓ 042

આશૂરાની નમાઝ 043

ગુન્યતુત્તાલિબીનમાં આશૂરાનું વર્ણન 044

જાનવરોનો રોઝો 046

આશૂરાના દિવસમાં વિવાદ 046

ગૌષપાકનો જવાબ 047

મૌત પર વિલાપ 049

ઈસ્લામી શરીઅત 050

આપણે શું કરવું ? 051

અમુક ઓલમાની ગલતી 051

ઈમામ ગિઝાલીની શિખામણ 052

મુહર્રમ અને તાઝિયા 053

સુલેહ કરવા શું કરશો ? 054

પબ્લિક દરમ્યાન કેમ નહીં ?! 055

હઝરત મુહદ્દિષ દહેલ્વીનું મંતવ્ય 056

આ'લા હઝરતનું મંતવ્ય 057

બદ્અકીદાઓને અમારું એલાન 061

મઝહરે ઈસ્લામ બરેલી 063

મઝહરે ઈસ્લામ બરેલી 063

અલ્ જામિઅતુલ અશરફિયા મુબારકપુર 064

કિછોછા શરીફ 064

તાઝિયાદારી બાબતે મેં શું જોયું ? 065

**ફતાવા રઝવિય્યહ અને તાઝિયાની રસમો** 069

મોહર્રમની મેહફિલો અને જલ્સા 075

આપણે શું કરીએ છીએ ?! 078






## અનુક્રમણિકા


(પ્રકરણ-૨)

**શહીદ અને નબી આલમે બરઝખમાં** 080

બરઝખ શા માટે 082

મખ્લૂકમાં નબુવ્વતથી ઊંચુ પદ નથી 085

શહાદત પણ નબીના સદકામાં 086

શહાદત પર ઈમાન તો નબુવ્વત પર કેમ નહીં ?! 086

શહાદતમાં નબી પણ સામેલ 087

આયતમાં શહીદનું વર્ણન હિકમત છે 088

ઈમામ અશ્અરી પર આક્ષેપ 089

દરેક જીવંત છે પછી ફરક શું ? 090

સર્વ નબી શહીદ છે 090

શહીદની નમાઝ માટે શાફઈ ફૈસલો 091

નબીઓની બરઝખી હયાત હદીષના પ્રકાશમાં 091

બરઝખમાં અમલ કેમ ? 092

દુરૂદની પેશી હયાતની દલીલ છે 092

નબીઓના ઈમામ આપણા નબી 093

હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ને જવાબ આપશે 094

કબ્રથી અઝાનનો પુકાર 094

નબી સલામનો જવાબ આપે છે 095

હમેશાંની હયાત અકલી દલીલથી 095

નબીની હયાત શહીદોથી વધીને છે 096

નબી બરઝખમાં ફરિશ્તા સિફત છે 096

કબ્રમાં અઝાન ઈકામત સાથે નમાઝ 097

આપણા નબી શહીદોના સરદાર છે 099

મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય 099

બંને આલમથી સંબંધ 100

જીવંત છે અને જ્યાં જવું હોય જઈ શકે છે 100

હઝરત શાહ વલીયુલ્લાહ સાહબનું મંતવ્ય 101

જીવંત છે અને મદદ પણ કરે છે 101

વફાત પછી નેક, બદ્ અમલોની ખુશી, ગમી 102

અલ્લામા સિયૂતીનું મંતવ્ય 102

અહલે સુન્નત સમંત છે 103

નફ્સનો બંદો મરે છે રબનો નહીં 104

મોલ્વી ખલીલ દેવબંદીનું મંતવ્ય 104

મોલ્વી અન્વર કાશ્મિરીનું મંતવ્ય 105

મોલ્વી નાનોત્વીની આબે હયત 106

હયાત અને રૂહનો તફાવત 109

હબીબને હબીબ પાસે પહોંચાડો 112

કબ્રથી બખ્શિશની બશારત 113

નબીઓને રોજી પણ મળે છે 113

અહલે હદીષ પણ માને છે 113

નબીની હયાત દેવબંદી મસ્લક છે ! 114

ગૈર મુકલ્લિદ આલિમનું મંતવ્ય 114

ગંગોહી સાહબનો ફૈસલો 115

મેઅરાજમાં નબીઓની મુલાકાત પર શંકાનો જવાબ 115

નઝીર દહેલ્વીનું મંતવ્ય 116

સલફી મંતવ્ય 116

અઈમ્માએ અહલે સુન્નતનું મંતવ્ય 116

## અનુક્રમણિકા


નૂરદ્દીન ઝંગીની મદીના હાજરી 117
કાવત્રુ શા માટે રચવામાં આવ્યુ ? 118
અલ્લાહ તઆલાએ ગારત કર્યા 119
હઝરત ઉમર رضی اللہ عنہ એ બંનેને ખખડાવ્યા 120
હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ની માન્યતા 121
હઝરત અલી رضی اللہ عنہ ની માન્યતા 121
હઝરત આઈશા رضی اللہ عنہا ની માન્યતા 122
હઝરત ઈબ્ને ઉમરનો અમલ 123
સલામનો જવાબ 123
અબૂ ઐયૂબ અન્સારીનું મંતવ્ય 124
ઈમામ માલિકનું મંતવ્ય 124
અલ્લામા સખાવીનું મંતવ્ય 125
આપની હયાતમાં કોઈ શંકા નથી 125
અબૂબક્ર સિદ્દીકની હદીષ અને શંકાનો ઉકેલ 126
એક અકલી દલીલ 129
**શહાદતની ફઝીલત અને એના પ્રકાર** 130
શહીદ અલ્લાહ તરફથી ઈમાનવાળો છે 130
ઈમાનવાળાઓના માર્ગે ચાલો 130
શહીદોની હયાત 131
શહીદોને રોજી પણ આપવામાં આવે છે 132
શહીદ અલ્લાહની અતા પર ખુશ છે 132
નબી અને શહાદતની ઈચ્છા 133
શહાદતની નિય્યતની ફઝીલત 133
જન્નતમાં પણ શહાદતનો ઈરાદો 134
શહીદને મળતાં ઈનામો 134
શહીદ કતલની તકલીફથી મેહફૂઝ રહેશે 134
નબુવ્વતથી નીચલો શહાદતનો દરજ્જો 135
શહીદોની ચાહત પર અલ્લાહ તઆલાએ બશારત આપી 137
શહીદો પ્રથમ જન્નતમાં જશે 138
શહીદોની હયાતનો મતલબ 138
શહાદતના પ્રકાર 138
આપણા નબી શહીદ છે 142
સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઝેર આપવામાં આવ્યું 142
ઝેરનું અસર ન કરવું મો'જિઝો છે 143
હઝરત અબૂબક્ર શહીદ છે 146
હઝરત ઉમર ફારૂકે આ'ઝમનો પગ 146
હઝરત હમ્ઝાએ સલામનો જવાબ આપ્યો 147
હઝરત હમ્ઝાનો પગ મુબારક 147
કફનને દાગ ન લાગ્યો 149
કબ્રમાં નમાઝ 150
કબ્રમાં તિલાવતે કુર્આન 150
કબ્રમાં મદદનો વાયદો 151
મૃત્યુ પછી હાથ ઉઠાવ્યો 151
શહાદત પછી માથુ ઉઠાવી જવાબ આપ્યો 152






અનુક્રમણિકા


મરણ પછી વાતચીત 152
ફરિશ્તાઓનો ઈમામ 153
કબ્રમાં ગયબી ફૂલોની પથારી 154
કબ્રથી મુશ્કની ખુશ્બુ 154
મૌત પછી આંગળી હલતી રહી 154
હઝરત ઈસાની હયાત 162
(પ્રકરણ-૩)
**હઝરત હસન رضی اللہ عنہ ની વિશેષતાઓ** 164
આપણા નબીની ઔલાદે અમજદ 165
હુઝૂરની પુત્રીઓ અને એમની ઔલાદ 165
આપણા નબીનો વંશ પુત્રીથી 166
હસ્નૈનનું નબીના પુત્ર હોવું કુર્આનથી 167
હસ્નૈનનું નબીના પુત્ર હોવું હદીષથી 168
ઈજમાએ ઉમ્મત 168
આલે રસૂલ હસની હુસૈની 168
ફર્માને નબીનો પુરાવો 169
અસઆકુર્રાગિબીનનો પુરાવો 169
આ'લા હઝરતનું મંતવ્ય 169
નબીના કુટુંબ જેવું કોઈ કુટુંબ નથી ! 170
બની હાશિમ કોણ ? 171
એક શંકાનું નિવારણ 171
અરબીમાં સાદાતને શરીફ કહે છે 172
ફકીહે મિલ્લતનું મંતવ્ય 173
હરામી ન બનો ! 173
જૂઠાઓ ! સાવધાન ! 174
તમે શું કરશો ? 174
**હઝરત ઈમામ હસન رضی اللہ عنہ** 175
આપની શક્કલ 175
આ'લા હઝરતે નક્શો ખેંચ્યો 175
હદીષોથી ઈમામ હસનની વિશેષતા 176
પ્રિય સવારી 176
નબીની પ્યારી દુઆ 176
નબીનું પ્રિય ખુદાનું પ્રિય 177
હઝરત ફાતિમાની પ્રિયતા 177
નબીની દુઆમાં ભાગ લેવો છે ? 178
હસન નબીના ખભે 179
હસન સરદાર છે 179
એમની મહોબ્બતનો પ્રચાર કરો 179
જીભ ચૂસવું 180
જીભ ચૂસાડી 180
સીને લગાડયા 180
હસન મારાથી છે 180
આપને પ્રિય રાખો 181
છાતી પર ચઢાવતા 181
હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની મહોબ્બત 181
ડૂંટીનું ચૂમન 182
ગયબની ખબર 182
ત્રણ શરતો સાથે સુલેહ 183
શરમ આગ કરતાં સારી 183
મદીનામાં આપનું આગમન 184

## અનુક્રમણિકા


| | |
|---|---|
| હઝરત હસન رضی اللہ عنہ ની તકરીર | 184 |
| હઝરત હસન رضی اللہ عنہ રસૂલે પાકની પીઠ પર | 185 |
| મુસલમાનોને ઈજ્જત આપવી | 185 |
| હસ્નૈનની ભેગી વિશિષ્ટતા | 186 |
| જન્નતી યુવાનોના સરદાર | 186 |
| નબી ખુશ ખુશ | 186 |
| દુનિયાના ફૂલો | 186 |
| નામોનું કારણ | 187 |
| ગુપ્ત નામો | 187 |
| નમાઝમાં પણ રોકવામાં ન આવ્યા | 187 |
| જેટલા પ્રિય રાખશો એટલા બનશો | 188 |
| આશ્ચર્યનો જવાબ | 188 |
| હસ્નૈન નબીની કુખમાં | 188 |
| નબીની બખ્શિશ | 189 |
| એક સવારી બે સવાર | 189 |
| ખુત્બો રોકી આપ્યો | 189 |
| દોસ્તીમાં દોસ્તી દુશ્મનીમાં દુશ્મની | 190 |
| હસ્નૈનની કુશ્તી | 190 |
| હસ્નૈનને દુઃખ ન થાય | 191 |
| પિતા જેવું નામ | 191 |
| તાત્કાલિક કપડાં લાવીને આપ્યાં | 192 |
| ખુત્બાની અનેરી રીત કેમ ? | 192 |
| હરણ પોતે હાજર થયું | 193 |
| જન્નતી વસ્ત્ર | 194 |
| નબીની જીભથી પાણી | 195 |
| જન્નતનો આગેવાન અહીં કેમ નહીં ?! | 195 |
| નેક કામથી ખુશ અને ઈનામ | 196 |
| અમીર મુઆવિયા رضی اللہ عنہ નો ઈકરાર | 197 |
| આપની ઉદારતા | 197 |
| આપની વાતચીત | 198 |
| આપનો સિધ્ધાંત | 198 |
| આપની કરેલી હજ્જો | 198 |
| મુસાફા માટે પડાપડી | 199 |
| હઝરત હસનની નમ્રતા | 199 |
| સત્તાને લાત કેમ મારી ? | 199 |
| આપનો મશ્વરો | 200 |
| ગાળો આપવી મારું કામ નથી | 200 |
| ધર્મમાં ખોટુ માફ નહીં થાય | 201 |
| એક શંકા અને એનો જવાબ | 201 |
| ખારજીઓનો મકસદ | 202 |
| મોહદ્દિષે દહેલ્વીનો જવાબ | 202 |
| શુભેચ્છકોનો જવાબ | 203 |
| અમલનો આધાર નિય્યત પર | 203 |
| શરીઅતનો કાયદો | 203 |
| તલાક હરામ નથી | 203 |
| આપનું સ્વપ્ન | 204 |
| કેટલી વખત ઝેર પીવડાવવામાં આવ્યું ?! | 204 |
| બદલો અલ્લાહ આપશે | 205 |
| આપનો ન્યાય | 205 |
| આત્મશાંતિની વાતો | 206 |
| નિકટતા તો પણ બીક | 206 |
| શહાદતની તારીખ | 207 |






## અનુક્રમણિકા


| | |
|---|---|
| ઝેર કોણે આપ્યું ? | 207 |
| શંકાનું નિવારણ | 208 |
| પત્નીઓનો હેતુ નબી સાથે સગાઈ પામવાનો | 208 |
| ખોટી ચર્ચા ન કરો | 208 |
| ઈમામે પાકનો ખાસ ખયાલ | 210 |
| આપની ઈચ્છા જે પૂરી ન થઈ | 212 |
| ઈમામ હુસૈનને શિખામણો | 213 |
| દુશ્મન પણ માની ગયો | 214 |
| જનાઝામાં લોકોની મેદની | 215 |
| (પ્રકરણ : ૪) | |
| **ઈમામ હુસૈનની વિશિષ્ટતા અને શંકાના જવાબો** | 216 |
| અહલે સુન્નતનો બેડો પાર | 218 |
| ઔલાદમાં ઉચ્ચતમ હસ્નૈન | 218 |
| નિઃશંક ! ઔલાદે રસૂલ | 219 |
| આપનો જન્મ | 219 |
| સ્વપ્નની તાબીર હુસૈન | 220 |
| હુસૈન મારા છે | 220 |
| અલ્લાહની મહોબ્બત | 221 |
| જન્નતી જોવો છે ?! | 221 |
| અલ્લાહના પ્રિય બનવું છે ? | 221 |
| થૂંકને પણ પ્રિય રાખતા ! | 222 |
| આકાશમાં પણ પ્રિય | 222 |
| નવાસા માટે પુત્ર કુર્બાન ! | 222 |
| એમનું રડવું મારા માટે દુઃખદ છે | 223 |
| સિજદો લાંબો કર્યો | 223 |
| ફરિશ્તાએ રક્ષણ કર્યું | 225 |
| જન્નતી સફરજન | 226 |
| આપની શહાદતની ખબરથી નબી રડવા લાગ્યા | 226 |
| કર્બલાની ખબર | 227 |
| વરસાદનો ફરિશ્તો નબીની ખિદમતમાં | 227 |
| હઝરત જિબ્રઈલ علیہ السلام એ ખબર આપી | 228 |
| હઝરત અલી کرم اللہ وجہہ الکریم નું રડવું | 229 |
| આકાશ અને જમીન રડશે ! | 229 |
| કાતિલની ઓળખ | 229 |
| પરિણામથી બાખબર કર્યા | 230 |
| શંકાનું નિવારણ | 230 |
| તકદીરે હકીકી | 231 |
| પદ શહાદત પર આધારિત | 231 |
| નબીના નવાસાઓની શહાદત શાથી ? | 232 |
| બદ્અકીદાઓનો સવાલ | 232 |
| ઈસ્લામ માટે મરવું સફળતા છે | 233 |
| ઈસ્લામની કિંમત સમજો ! | 233 |
| પ્યારાઓની પરીક્ષા | 234 |
| સખત પરીક્ષા કોની ? | 234 |
| ખુદાઈ ચેતવણી | 235 |
| ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની ખિરાજે અકીદત | 236 |
| અમીર મુઆવિયા رضی اللہ عنہ ની વાત અલગ છે | 237 |

## અનુક્રમણિકા


| | |
|---|---|
| પોતાના નિર્ણયમાં યોગ્ય સ્થાને | 237 |
| યઝીદ ફાસિક હતો | 238 |
| શિખામણ ન આપવી હક્ક હોવાની દલીલ છે | 238 |
| હુસૈનની મદદ કરશો ! | 239 |
| ઈજમાએ ઉમ્મત | 239 |
| અમીર મુઆવિયા رضي الله عنه ને શું કહેશો ? | 240 |
| જવાબદાર કોણ ? | 240 |
| સહાબીનું પદ | 241 |
| મુજતહિદની ભૂલ પર પણ સવાબ | 242 |
| અમીર મુઆવિયા رضي الله عنه ની ખૂબીઓ | 242 |
| શીઆ જેવી વાત ન કરો ! | 242 |
| ખલીફો પોતે નિયુક્ત કરવો | 243 |
| ફાસિકને નિમણૂંક કરવો જાઈઝ નથી | 243 |
| હુકૂમતનો આધાર વર્તમાનકાળ પર છે | 244 |
| મુસલમાનોએ સાથ કેમ ન આપ્યો ?! | 245 |
| મોટી જવાબદારી કોની | 245 |
| શીઆ માતમ કેમ કરે છે ? | 246 |
| સત્તાનો દબાવ બહાનું છે | 246 |
| મુસ્લિમની બયઅત ઈમામે પાક رضي الله عنه ની હતી | 247 |
| સુલૈમાન બિન સુરદને ચેતવણી | 247 |
| પ્રથમ પત્રનું લખાણ | 248 |
| ઈમામે પાકને સહાબાનો મશ્વરો | 248 |
| ફરઝદુક શાયરનો અભિપ્રાય | 249 |
| યઝીદને શિખામણ આપવામાં આવી | 250 |
| બયઅત ન કરવાનું કારણ | 251 |
| ઈમામે પાકની ખામોશી | 251 |
| શરૂઆતમાં વિવાદ | 252 |
| શું ઈબ્ને ઉમરે બયઅત કરી હતી ? | 253 |
| રિવાયતોમાં વિવાદ | 253 |
| છૂટકારાનો માર્ગ | 254 |
| મજબૂરનો હુકમ અલગ છે | 255 |
| વિના બયઅતે બયઅતનું એલાન શાથી ? | 256 |
| વાયદો હતો જ નહીં ! | 256 |
| દૂરનું વિચાર્યું | 257 |
| અલ્લાહનું ફર્માન | 258 |
| હમેશાં માટે જીવંત બની ગયા | 258 |
| શું આપને ખિલાફત જોઈતી હતી ? | 259 |
| વાત મુસલમાનોના હક્કની હતી | 260 |
| દાવો કરે તો એમનો હક્ક છે | 260 |
| યઝીદને ખિલાફતનો હક્ક ન પહોંચતો હતો | 261 |
| ઈમામે પાકે ખિલાફતની બયઅત શાથી કરાવી ? | 261 |
| નઈમુદ્દીન સાહબનો જવાબ | 261 |
| ઈરાકીઓના પત્રો | 263 |
| પત્રો પર ઈમામે પાકનો જવાબ | 264 |
| શોખ પર નહીં શરીઅત પર અમલ | 264 |
| સહાબાની વાત કેમ ન માની ? | 264 |
| એક રહસ્યનું એલાન | 265 |
| ઈમામે પાકને કાબાની બેઈજ્જતીનો ભય | 267 |




તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

## અનુક્રમણિકા


| | |
|---|---|
| હજ્જના દિવસોમાં સફર કેમ કર્યો ? | 268 |
| ઈબ્ને સઅદ સાથે સુલેહની વાત | 268 |
| સુલેહની વાતનું કારણ | 269 |
| સુલેહનો માર્ગ જ્યારે નીકળે ઉત્તમ છે | 269 |
| સુલેહની શરતોમાં યઝીદની બયઅતનો ઉલ્લેખ નથી | 270 |
| હું અને યઝીદની બયઅત ! | 271 |
| હૂર ઈમામે પાકની સભામાં | 273 |
| યઝીદીઓએ જુલ્મ જ કરવો હતો | 273 |
| યઝીદ સંપૂર્ણ જવાબદાર ! | 273 |
| શુભેચ્છકો અને કુટુંબીઓ આપમેળે શહીદ થયા | 274 |
| મજબૂર વ્યક્તિનો હુકમ અલગ હોય છે | 276 |
| આત્મહત્યા નથી શહાદત છે ! | 277 |
| સત્તાની નજર ઈમામે પાક પર | 278 |
| વતનમાં સલામત નથી તો પરદેશમાં કેવી રીતે ? | 279 |
| ઈમામે પાકથી શીખો | 280 |
| દીનદાર જ દોસ્ત | 281 |
| દુશ્મનની ગવાહી | 281 |
| નમાઝની પાબંદી | 281 |
| ઈમામે પાકનો ખુત્બો | 282 |
| તમે અમલમાં હુસૈની છો ?! | 282 |
| સત્ય મહોબ્બતની કસોટી | 283 |
| સબ્ર અને સહનશીલતા | 284 |
| આપણી હાલત | 285 |
| અલ્લાહ માટે જ મહોબ્બત અને દુશ્મની | 285 |
| આપણી મહોબ્બતનો આધાર | 286 |
| (પ્રકરણ : ૫) | |
| **યઝીદની સત્તા અને ધાર્મિક ખરાબીઓ** | 287 |
| યઝીદ સુધીની ખિલાફતની મુદ્દત | 288 |
| હદીષે પાકમાં મુદ્દતની ખબર | 290 |
| ખુલફાએ રાશેદીન | 290 |
| હદીષથી પુરાવો | 290 |
| મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય | 291 |
| હઝરત સદરુશ્શરીઅહ્નું મંતવ્ય | 291 |
| યઝીદની ખિલાફતને સમજો | 292 |
| આ ઉલ્લેખની જરૂરત | 292 |
| ખિલાફત કાયમ થવાના પ્રકાર | 293 |
| ખલીફાએ કોઈને ચૂંટી લીધો | 293 |
| ભૂતપૂર્વ ખલીફા એક જમાઅતને લાયક બનાવે તો ?! | 294 |
| જબરદસ્તીથી ખિલાફત લેવી ! | 294 |
| ખિલાફતની શરતો | 295 |
| તમે ન્યાયથી ફૈંસલો કરો | 296 |
| અહલે સુન્નતની એકમતી | 296 |
| યઝીદ પર ઈમામોના ફત્વા | 297 |
| સહાબાનું મનાઈ ન કરવું | 298 |
| મજબૂરીમાં રજા પર અમલ કેમ ન કર્યો ?! | 298 |
| મુહદ્દિષ દહેલ્વીનું મંતવ્ય | 299 |
| લાચારની બયઅત, બયઅત નથી ! | 300 |
| યઝીદ સમજ્યો કેમ નહીં ?! | 301 |

## અનુક્રમણિકા


યઝીદ અદલ નથી 302
અલ્લામા ઈબ્ને ખુલ્દુનનું મંતવ્ય 303
ઈમામે પાકની શક્તિનો ઉલ્લેખ 304
યઝીદની બદ્અમલી ક્યા પ્રકારની ? 305
યઝીદના પુત્રની ગવાહી 306
અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીનું મંતવ્ય 308
આ'લા હઝરતનું મંતવ્ય 310
હઝરત મુલ્લા અલી કારીનું મંતવ્ય 310
અલ્લામા તફતાઝાનીનું મંતવ્ય 310
વીસ કોરડાનો કાયદો 311
મૌદૂદી સાહબનું મંતવ્ય 311
કારી તૈયબનું મંતવ્ય 312
એક નદવી આલિમનું મંતવ્ય 312
મોલ્વી થાન્વીનું મંતવ્ય 313
કોઈપણ પ્રકાર દલીલ માટે અસંપૂર્ણ 314
બયઅત મદદ માટે હતી 315
શું હત્યા યઝીદે કરાવી ? 316
મુહદ્દિષે દહેલ્વીનો જવાબ 316
ઈબ્ને અબ્બાસનું વર્ણન 317
ઈબ્ને ઝિયાદનું કહેવું 317
ઈબ્ને ઝિયાદનું બહાનું 318
અલ્લામા ઈબ્ને કષીરનું મંતવ્ય 318
અલ્લામા સિયૂતીનું મંતવ્ય 319
યઝીદે સ્વીકાર કર્યો 319
ઈબ્ને ઝિયાદને કશું કહ્યું કેમ નહીં ?! 319
ઈબ્ને ઝિયાદની પણ બદ્માશી 321
ઈબ્ને હજર મક્કીનું મંતવ્ય 322
લાશ ખીમો બનાવી ! 322
ઈબ્ને ઝિયાદનો બકવાસ 323
શું વાસ્તવમાં હક્ક છે 324
યઝીદના નાહક્ક હોવા અંગે અહલે સુન્નતની એકમતી 325
હક્ક માને તે પણ નાહક્ક 326
દમિશ્કમાં ખુશીની લહેર 326
યઝીદ બેલગમ થઈ ગયો ! 327
યઝીદની મક્કારી અને મુનાફિકત 328
મક્કારીનો બીજો પુરાવો 329
મક્કારીનો ત્રીજો પુરાવો 329
મક્કા અને મદીના પર ભયંકર યઝીદી હુમ્લો 330
પ્રથમ હુકમ ઈબ્ને ઝિયાદને 331
મદીના પર હુમ્લો શાથી કર્યો ? 331
એક સહાબાનું મંતવ્ય 332
સૈન્યનો વડો મુસ્લિમ બિન ઉકબા 332
જઝબુલ કુલૂબ અલા દયારિલ્ મહબૂબ 333
હદીષોમાં એ બનાવની આગાહી 333
કર્તબીનું લખાણ 334
ઈમામ તબ્રાનીનું લખાણ 336
ઈબ્ને જૌઝીનું લખાણ 337
સહાબીની દાઢીના વાળ ખેંચી લીધા 337
કસમ પ્રમાણે લાશ સળગાવી 338
વિવાદાસ્પદ રિવાયતનો જવાબ 339






## અનુક્રમણિકા


મક્કા પર યઝીદી હુમ્લો 339
નબીના ફર્માનનો કમાલ 340
એક શંકાનું નિવારણ 341
હરમૈનમાં હુમ્લો યઝીદના હુકમથી થયો 342
પ્રાણ કરતાં દીન ઉત્તમ છે 342
પોતાને સુધારવું સરળ છે 343
યઝીદની કરૂણ મૌત 343
હદીષોમાં યઝીદની ચેતવણી 344
બુખારી શરીફની હદીષ 345
બિદાયાની હદીષ 345
હત્હુલબારીની હદીષ 345
અબૂહુરૈરહ્ رضی اللہ عنہ ની દુઆ 346
અલ્લામા ઐયનીનું મંતવ્ય 347
સર્વ પ્રથમ સુન્નતને બદલનાર કોણ ? 347
ઉમ્મતનું કામ બગાડનાર 348
યઝીદને લા'નતી કહી શકાય છે ?! 348
મુજદ્દિદ અલ્ફેષાનીનું મંતવ્ય 349
આ'લા હઝરતનું મંતવ્ય 350
હદીષમાં લઅતનો મતલબ શું ? 351
મુહદ્દિષ દહેલ્વીનો જવાબ 351
સદરુશ્શરીઅહ્નું મંતવ્ય 352
ગંગોહી સાહબનું મંતવ્ય 352
અલ્લામા તફતાઝીનીનું મંતવ્ય 353
અબ્દુલઅઝીઝ દહેલ્વીનું મંતવ્ય 353
શું યઝીદની બખ્શિશ થશે ? 354
અલ્લામા મુહમ્મદ આલૂસીનું મંતવ્ય 355
ઈમાનમાં પણ શંકા 355
તફસીરે મઝહરી 356
હઝરત ઈમામ અહમદ 357
શરહે ફિક્હે અકબર 357
શરહે અકાઈદે નસફી 356
હયાતુલ હયવાન 356
શંકા પર ખામોશી શાથી ? 359
બેની વચમાં ત્રીજો માર્ગ નથી 359
હદીષ યઝીદને બચાવશે નહીં 360
પ્રથમ યુદ્ધમાં યઝીદ હાજર ન હતો 361
અબૂ ઐયૂબ અન્સારીની શહાદત 362
માની લઈએ તો શું ? 361
યઝીદે એ બશારતનો ફાયદો ઉઠાવ્યો ?! 364
ઈમામ કસ્તલાનીનું મંતવ્ય 364
ઈબ્ને હજર અસ્કલાનીનું મંતવ્ય 365
બદરુદ્દીન ઐનીનું મંતવ્ય 365
ખાસ દલીલ 366

(પ્રકરણ : ૬)

**ઈમામ હુસૈનના કાતિલોનો ઈબ્રતનાક અંજામ** 367
**ઈમામ હુસૈનના કાતિલો પર વિવિધ અઝાબ** 376

(પ્રકરણ : ૭)

**સાદાતની ફઝીલત તથા તેમને મહબ્બતપૂર્ણ ભલામણો** 382

# પ્રાસ્તાવિક વાત....

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

## તકલીફો સાચા માર્ગે જ હોય છે !!

સત્યનો માર્ગ છે શૂરાનો
નહીં કાયરનું કામ જો ને

માનવી આઝાદ પંછી નથી થઈ શક્તો, કેમ કે તેના સર્જનહારે તેના માટે જીવન જીવવાના નીતિ નિયમો બનાવ્યા છે. સૌ પ્રથમ તો એ કે માણસ તેના રબને એક જાણે, એને જ ઈબાદત (પૂજા)ને લાયક જાણે, તેને જ સર્વ શક્તિમાન જાણે અને તેના મહબૂબ બંદા મુહમ્મદ ﷺ ને તેના આખરી નબી તથા રસૂલ તથા તેમની તા'ઝીમને ઈમાન જાણે તથા અન્ય જરૂરિયાતે દીનને સ્વીકારે તો તે મુસલમાન ગણાશે. જો તે આ વર્તુળમાં નહીં રહે તો કાયમી જહન્નમ તેનું ઠેકાણું બનશે.

યાદ રાખશો કે મુસલમાન માટે ઘણી પાબંદી અલ્લાહ વ રસૂલ તરફથી લાગુ પાડવામાં આવેલી છે અને તે એની ભલાઈ માટે જ છે. જેવી રીતે નાનુ બાળક આગ કે દીવાને જોતાં તેના તરફ લપકે છે અને તેને પકડવા ચાહે છે પણ તેનાં લાગણીશીલ મા બાપ તે બાળકની ભલાઈને લક્ષમાં રાખી તેને પકડી રાખે છે, કેમ કે તેઓ જાણે છે કે બાળકને છૂટુ મૂકવાથી તે આગને પકડશે તો દાઝી જશે. પણ મા બાપના રોકવાથી બાળક નારાજ થઈને રડવા લાગે છે ! એને એ પાબંદી પસંદ નથી ! એવી જ રીતે નાદાન મુસલમાન દુનિયાની મોજ મજા તથા રંગ રંગીનીઓને જોઈને લલચાયને તેના પ્રતિ લપકે છે, પણ અલ્લાહ વ રસૂલ કે જેઓ તેને તેના મા બાપ કરતાંય અધિક ચાહે છે તે તેને એવું કરતાં રોકે છે, તો જેઓ સમજુ મુસલમાનો છે તેઓ તો અલ્લાહ વ





રસૂલના હુકમોને માથે ચડાવે છે પણ કેટલાક વિદ્રોહી પણ છે જેઓ ખુલ્લેઆમ અલ્લાહ વ રસૂલની નાફર્માનીમાં મસ્ત રહી જીવન જીવે છે. તેમણે બુદ્ધિથી વિચારીને સવાધાન થઈ જવું જોઈએ કે નાફર્માનીનો અંજામ જહન્નમની આગ છે !

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના બંદાઓને સત્ય માર્ગે ચલાવવા માટે હઝરત આદમ علیہ السلام થી લઈને આખરી નબી હુઝૂર ﷺ સુધી લગભગ ૧૨૪૦૦૦ અંબિયાએ કિરામ દુનિયામાં મોકલ્યા. દરેક દૌરમાં હક્ક (સત્ય)ની સામે ખુદાના નાફર્માન બદ્‌નસીબ બંદાઓએ વિદ્રોહ કરેલો છે. વિ□નો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે સાચુ કહેનારે, હક્કનો ઝંડો બુલંદ કરનારે હમેશાં નાફર્માનો સાથે જંગમાં ઉતરવું પડયું છે, તકલીફો વેઠવી પડી છે, જાન માલની, ઔલાદની કુર્બાનીઓ આપવી પડી છે. જેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની સામે નમરૂદ હતો જેણે આપના માટે અગ્નિકુંડ તૈયાર કર્યો હતો. હઝરત મૂસા علیہ السلام ની સામે ફિરઔન હતો જેણે પોતાના સૈન્યને આપની પાછળ લગાડી દીધું હતું, હઝરત ઈસા علیہ السلام હોય કે આખરી નબી હુઝૂર રહમતે દો આલમ ﷺ હોય દરેકની સામે જૂઠા ધર્મવાળા તથા બાતિલપંથીઓએ જુલ્મના પહાડો તોડેલા છે, પણ આ હક્કના ઝંડાધારીઓએ ક્યાંય કોઈને મચક આપ્યા વિના સદા હક્કનું એલાન કર્યું છે.

નબીએ આખિરુઝ્ઝમાં ﷺ ને સૌથી વિશેષ તકલીફો ખુદાના બાગીઓ તરફથી આપવામાં આવી, આપના માર્ગે કાંટાઓ બિછાવવામાં આવ્યા, પવિત્ર સર મુબારક પર સજદાની હાલતમાં ઊંટની હોજરી મૂકવામાં આવી, આપને કત્લ કરવાના પ્લાનો રચાયા, આપના કત્લ માટે ઈનામો જાહેર કરવામાં આવ્યાં, આપે બાતિલપંથીઓના જુલ્મોની અતિશયતા થતાં રબના હુકમથી પોતાના પ્રિય વતન મક્કા શરીફથી હિજરત કરી, તાઈફવાળાઓના જુલ્મના ઈતિહાસથી કોણ વાકેફ નથી ? હુઝૂર ﷺ ને પથ્થરો મારી લોહીલુહાણ કરવામાં આવ્યા, એટલુ ખૂન મુબારક આપનું વહ્યું કે પગરખાં મુબારક લોહીથી ભરાઈ ગયા ! (અલ્લાહની પનાહ !)

આજે રસૂલે પાક ﷺ ની આશિકીનો દાવો કરનારાઓ અને ગળાં ફાડીને નારા મારનારાઓને પૂછો કે તમને હુઝૂરના જીવન ચરિત્ર વિશે કેટલી માહિતી છે ? હુઝૂર ﷺ એ મઝહબે હક્ક ઈસ્લામના માટે કેટલી તકલીફો વેઠી ? કેટલી જંગો કરવી પડી અને તેમાં આપે શું શું વેઠયું ? **આશિક તો મહબૂબના જીવનની પળેપળનો વાકેફ હોવો જોઈએ ! પણ આજકાલ એવા મોઢાના આશિકો છે કે દાવો આશિકીનો કરે છે અને તેમનો દેખાવ તથા કામો મહબૂબના દુશ્મનો જેવાં છે !** અલ્લાહ સાચી સમજ આપે. (આમીન) જુઓ ! રસૂલ તો રસૂલ છે તેમના સાચા આશિકો સહાબાએ કિરામમાં હક્કને કારણે જ ક્યાંક ગરમ ગરમ રેતી તથા આગ પર સૂવુ પડયું તો ક્યાંક સૂડી પર લટકવું પડયું, કેટલાયની જાનો ગઈ, હાથ પગ કપાવ્યા, ઔલાદ શહીદ કરી, મા બાપ, કુટુંબ વતન છોડયું, પણ હક્કને ન છોડયું.

હા ! લાલચો પણ આપવામાં આવી ! કે હક્ક ત્યજી દો ! ખૂદ હુઝૂર ﷺ ને લાલચ આપવામાં આવી કે તમને સલ્તનતના માલિક બનાવીએ, તમને સુંદરથી સુંદર સ્ત્રીઓ સાથે નિકાહ કરાવી દઈએ, તમને માલો દૌલતના ઢગ કરી દઈએ ! છતાંય આપે સર્વનો ઈન્કાર કર્યો અને હક્કનો ઝંડો લેહરાવતા રહ્યા.

આજે થોડાક કોઈના દુનિયવી એહસાનમાં, થોડીક નોટો કે સિક્કાના ખનકારમાં માણસો બેહકી જઈને પોતાના ઈમાનના સોદા કરી લે છે અને કહેવાતા બુધ્ધિજીવીઓ હકીકતમાં કુબુધ્ધિજીવી લોકો એકતાના નામે દીનમાં ભેળસેળ કરી રહ્યા છે, તેઓ વિચારે કે એકતાની ઓફર હુઝૂર નબી કરીમ ﷺ ને પણ થઈ હતી ! કે છ મહીના તમે અમારા મઅબૂદને માનો અને પછી છ મહીના અમે તમારા મઅબૂદને માનીશું ! તો શું હુઝૂર એ ઓફર સ્વીકારી હતી ?! હક્કની રાહમાં તકલીફો ઉઠાવી પણ નાહક્કને કદી ન સ્વીકાર્યું.

એ જ રસૂલે કાઈનાત ﷺ ના ચહીતા નવાસાનો દૌર આવ્યો. આપની સામે યઝીદ પલીદ જંગે ચડયો હતો. તે ચાહતો હતો કે ઈમામ હુસૈન મારા હાથમાં પોતાનો હાથ આપે, મારી બયઅત કરી લે, પણ





આપે તેની બયઅત ન કરી. કારણ ?!

- ✪ યઝીદ ફાસિક ફાજિર હતો એટલે **ખુલ્લમ ખુલ્લા ગુનાનાં કામો કરતો** હતો.
- ✪ મુસલમાનોમાં **સૌ પ્રથમ દાઢી મૂંડાવનાર** યઝીદ હતો !
- ✪ **નમાઝો છોડતો** હતો.
- ✪ **દારૂ** પીતો હતો.
- ✪ એની મેહફિલમાં **પરાઈ સ્ત્રીઓનાં નાચગાન** થતા હતા.
- ✪ **તે વ્યભિચારી** હતો.... વગેરે.

## આશિકાને એહલે બયત માટે ચિંતનની એક પળ !

જે લોકો આશિકે રસૂલ અને આશિકે આલે રસૂલ તથા આશિકે હુસૈન હોવાના દાવેદાર છે તેઓ જરા ધ્યાન આપે કે હઝરત ઈમામ હુસૈન તથા પૂરા આલે રસૂલના ખાનદાને શહીદ થવું પડયું તેનું કારણ આ ગુનાહો હતો જે યઝીદ કરતો હતો, કે તે **દાઢી મૂંડાવતો હતો, ફાસિક હતો, જાહેરમાં હરામ કામો કરતો હતો, નમાઝો છોડતો હતો, દારૂ પીતો હતો, પરાઈ સ્ત્રીઓના નાચ જોવાનો શોખિન હતો, વ્યભિચારી (ઝિનાખોર) લંપટ હતો.....વગેરે.** હવે જે ખરેખર આલે રસૂલને ચાહવાવાળો તથા ઈમામ હુસૈનનો ચાહક હોય તે જો એ જ કામ કરતો હોય **તેણે વિચારવું જોઈએ કે હું તે જ કામો કરી રહ્યો છું જેના સબબે ખાનદાને અહલે બયતને કર્બલામાં કતલ થવું પડયું ! તો હું કયા મોઢે આશિકે અહલે બયત પોતાને કહી શકું ?!**

સારાંશ કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ કર્બલાની ભૂમિ પર ભૂખ્યા પ્યાસા રહીને હક્કને ખાતર પૂરા ખાનદાન સાથે **શહાદત વહોરી લીધી પણ એક ફાસિકના હાથમાં હાથ ન આપ્યો.** આ પ્રસંગ કિયામત સુધી રહેનારા મુસલમાનોને હક્કનું મહત્વ સમજાવી રહેલો છે અને હક્કના વટેમાર્ગુ માટે દીવાદાંડી સમાન છે.

શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન
દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન
સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ
હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન
—(હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)

અત્રે એક વાત ખાસ નોંધનીય છે તે એ કે વર્તમાનકાળમાં ઈમામ હુસૈન رضی اللہ عنہ ની મહોબ્બતના નામ પર અને તેમની આશિકીનો ઢોંગ રચીને **ઘણા સુન્નીઓ પોતે શીઆઓની દેખાદેખી તાઝિયાદારીની બુરી રસમનો શિકાર બનેલા છે.** મુહર્રમ શરીફનો મુબારક ચાંદ દેખાતાં જ તાઝિયાના કલાકારો તાઝિયા બનાવવા માંડે છે, ક્યાંક ઘોડા બનાવીને બાળકો લઈને મહોલ્લે મહોલ્લે કૂદે છે ! અને ૧૦ મી મુર્હરમના તાઝિયાના જુલૂસો નીકળે છે જેમાં મર્દ ઔરતો બની ઠનીને તમાશો માણવા અને મનોરંજનના મેળામાં મહાલવા નીકળી પડે છે, બેન્ડબાજાની પાર્ટીઓ ફિલ્મી ધૂન પર ગીતો વગાડે છે... વગેરે શું શું શરીઅત વિરૂધ્ધ કામો થાય છે !! સામાન્ય માણસ પણ એ દશ્ય જોતાં જ સમજી શકે છે કે **આ કામો ઈસ્લામમાં સરાસર "હરામ" છે !** તો એના વિશે સ્પષ્ટતા કરતા **અહલે સુન્નતના મહાન આલિમોના ફત્વા** અત્રે કિતાબમાં રજૂ કરેલા છે તેમજ હઝરત ઈમામ હસન હુસૈન رضی اللہ عنہما ની ફઝીલત, કર્બલાના સર્વ શહીદોના વાસ્તવિક પ્રસંગો તેમજ યઝીદ પલીદની હકીકત તથા શોહદાએ કર્બલાના કાતિલોનો ભયાનક અંજામ અને અંતમાં સાદાતે કિરામની ફઝીલત તથા તેમને મહોબ્બતપૂર્ણ ભલામણો એ મહાન ઉલમાના લખાણો થકી ખૂબ જ મહેનતપૂર્વક આ કિતાબમાં એકત્ર કરી તદ્દન સ્ટાન્ડર્ડ લખાણો આ કિતાબમાં રજૂ કરવામાં આવેલ છે.

તાઝિયાના વર્તમાન જુલૂસોમાં અનેક ગૈર શરઈ કામો થાય છે જેને લઈને આપણા સુન્ની ઉલમાએ એને નાજાઈઝ તથા હરામ દર્શાવેલ છે, એવી વાત કરતાં એકવાર એક ભાઈએ મને કહ્યું કે, "નહીં યાર ! તાઝિયાના જુલૂસોથી ઈસ્લામની શાન જાહેર છે ! પુષ્કળ મેદની થાય છે જેથી મુસલમાનોનો પ્રભાવ અને ધાક ઊભી થાય છે !" તો મેં કહ્યું





**કે, ભાઈ ! ઈસ્લામની શાન જ જાહેર કરવી છે ! તો હરામ મેળાઓથી, શરીઅત વિરૂધ્ધ કામોથી ઈસ્લામની શાન નહીં જાહેર થાય ! બલ્કે જે રીતે જુમ્આમાં મસ્જિદો ભરી દો છો તેમ પાંચેવ નમાઝોમાં ભરાઈ જાય, સઘળા મુસલમાનો નીચી નિગાહે ચાલે, સારા અખ્લાક અપનાવે, શરીઅત પ્રમાણે બધી જ સ્ત્રીઓ પર્દો કરે, બધા જ પુરૂષો દાઢીઓ રાખી ઈસ્લામી લિબાસ પહેરે, પછી જુઓ ! ઈસ્લામની શું શાન જાહેર થાય છે અને મુસલમાનોની કેવીક ઈજ્જત વધે છે.**

હા, જે જાઈઝ કામો છે કે ઈમામે હુસૈન رضی اللہ عنہ ની યાદમાં તેમના ઝિક્રની મેહફિલો થાય, આપની શાનમાં વઅઝ કરવામાં આવે, કુર્આને પાકની તિલાવત તથા તેમના ઈસાલે સવાબ અર્થે ફાતેહાખ્વાની કરવામાં આવે, શક્તિ મુજબ શરબત વગેરે પર ફાતેહા આપી વહેંચવામાં આવે, ગરીબોની મદદ કરવામાં આવે વગેરે કરવું જોઈએ. અને આપની મહોબ્બતને ખાતર જે કામોથી આપને નફરત હતી તેને ત્યજી તૌબા કરવી જોઈએ.

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા** (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)નો આ ૧૧ મો તોહફો **"તોહોફાએ નજાત (ભાગ-૧૧)"** બનામે **"તાઝિયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત"** ખૂબ જ તેહકીકી તથા મહાન બુઝુર્ગોની કિતાબોના હવાલા સહિત ભરપૂર ઈલ્મી સામ્રગી સાથે ઈમાન અફરોઝ માહિતી પૂરી પાડતો આપની સેવામાં રજૂ કરીએ છીએ તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી તેના પર અમલ કરવા જરૂરથી કોશિશ કરશો. મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં આપણને ઈમામે હુસૈનના સાચા શયદાઈ બનાવે અને આપની શહાદતનો મકસદ સમજી તેમના નકશે કદમ પર ચાલવાની તૌફીક આપે અને લેખકની બંને દુનિયાને આબાદ ફર્માવે તથા કિતાબ છપાવવા માટે સહાયકર્તાઓને તથા તેમની ઔલાદને બંને જહાનની મુસીબતોથી મેહફૂઝ ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم .

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૧)

# આશૂરા અને તાઝિયા

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ سَیِّدِ الْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِیْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَ اللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا فِیْ كِتٰبِ اللّٰهِ یَوْمَ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ صَدَقَ اللّٰهُ الْعَظِیْمِ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِیُّ الْاَمِیْنُ الْكَرِیْمِ

اَلصَّلوٰةُ وَالسَّلامُ عَلَیْكَ یَا سَیِّدِیْ یَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلوٰةُ وَالسَّلامُ عَلَیْكَ یَا سَیِّدِیْ یَا حَبِیْبَ اللّٰهِ
اَلصَّلوٰةُ وَالسَّلامُ عَلَیْكَ یَا سَیِّدِیْ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلوٰةُ وَالسَّلامُ عَلَیْكَ یَا سَیِّدِیْ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો એની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

મારી બહેનો ! આપણે નવા વર્ષમાં પ્રવેશ્યા, તમને એ તો ખબર જ છે કે આપણા મુસલમાનનું નવું વર્ષ મુહર્રમથી શરૂ થાય છે અને ઝુલ હજ્જા પર પૂરું થાય છે. અંગ્રેજી વર્ષ માફક મુસલમાની વર્ષમાં





પણ બાર મહીના હોય છે, પણ બંનેવમાં તફાવત એ છે કે ઈસ્લામી મહીનો ચાંદથી શરૂ થાય છે, એટલે આપણો મહીનો ક્યારેક ૨૯ દિવસનો હોય છે અને ક્યારેક ત્રીસ દિવસનો હોય છે. ત્રીસથી મહીનાના દિવસો વધી શક્તા નથી. જ્યારે અંગ્રેજી મહીનામાં ત્રીસ અને એકત્રીસ દિવસો હોય છે અને ફેબ્રુઆરીમાં ૨૮ અથવા ૨૯ દિવસો હોય છે. અંગ્રેજી વર્ષના દિવસો ૩૬૫ થાય છે જ્યારે ઈસ્લામી વર્ષના દિવસો ૩૫૪ જેટલા થાય છે. મારી બહેનો આ છે ઈસ્લામી વર્ષ અને અંગ્રેજી વર્ષમાં તફાવત.

ગૈરમુસ્લિમ દેશોમાં દરેક કામકાજ માટે અંગ્રેજી તારીખોનો ઉપયોગ કરવામાં આવે છે અને આપણે પણ ગૈરમુસ્લિમ દેશમાં રહી રહ્યા છે એટલે દુનિયા સંબંધિત કામોમાં અંગ્રેજી વર્ષનો જ ઉપયોગ કરીએ છીએ. પણ એનો મતલબ એ નથી કે મુસ્લિમ તારીખ તરફ ધ્યાન આપવામાં ન આવે ?! આપણા ધર્મ સંબંધિત દિવસો ઈસ્લામી તારીખથી જ જાણી શકાય છે એટલે આપણા ધાર્મિક દિવસોને ઈસ્લામી તારીખો સાથે નિયુક્ત રાખવામાં આપણે ઈસ્લામી તારીખ પર પૂરતું ધ્યાન આપવું જોઈએ.

આપણે ગૈરમુસ્લિમોમાં રહીને ગૈરમુસ્લિમ સમાજ તરફ વળાંક લઈ લીધો છે અને હવે આપણી અને આપણા ભાઈ બહેનોની દશા એવી થઈ ગઈ છે કે ગુજરાતી મહીનાનાં નામો પૂછવામાં આવે તો આવડે, અંગ્રેજી મહીનાનાં નામો પૂછવામાં આવે તો આવડે, પણ આપણને ન આવડે તો ઈસ્લામી મહીનાનાં નામો ન આવડે ! મહીનો ક્યારે શરૂ થયો અને ક્યારે પૂરો થયો તે વધારે પડતા લોકોને ખબર ન હોય, મહીનો ઓગણત્રીસનો હતો કે ત્રીસનો ખબર ન હોય, શું આ શરમજનક વાત નથી ?!

આપણા નબીની બારમી શરીફ જેને ઈદે મીલાદુન્નબી કહેવામાં આવે છે એનો સંબંધ ઈસ્લામી તારીખ સાથે છે, અગ્યારમી શરીફ જેને હઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ નો ઉર્સ કહેવામાં છે એનો સંબંધ ઈસ્લામી તારીખ સાથે છે, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની છઠ્ઠી શરીફ જેને ઉર્સે ગરીબ નવાઝ કહેવામાં આવે છે એનો સંબંધ ઈસ્લામી તારીખ

સાથે છે. રમઝાન માસમાં જેમાં રોઝા રાખવા આપણી ઉપર ફર્ઝ છે એના આરંભ અને અંતનો સંબંધ ઈસ્લામી તારીખ સાથે છે. ઈદુલ ફિત્ર અને ઈદુલ અદહા જે ઘણા ધામધૂમથી મુસલમાનો ઉજવે છે એનો સંબંધ ઈસ્લામી તારીખ સાથે છે, હજ્જનો ફરીઝો નિયુક્ત તારીખોમાં મક્કા શરીફમાં હાજરી આપીને અદા કરવામાં આવે છે, એનો સંબંધ પણ ઈસ્લામી તારીખ સાથે છે, આશૂરાનો દિવસ રોઝા સાથે ઉજવવામાં આવે છે એનો સંબંધ ઈસ્લામી તારીખ સાથે છે. શબે મેઅરાજ, શબે બરાત, શબે કદર ઉજવવામાં આવે છે એનો સંબંધ પણ ઈસ્લામી તારીખ સાથે છે, તો પછી આપણે આપણા ઈસ્લામી દિવસો અને રાત્રીઓની જાણ માટે ઈસ્લામી તારીખનો સહારો લેવો જ જોઈએ. મહીનાનાં નામો : **(૧)** મુહર્રમ **(૨)** સફર **(૩)** રબીઉલ અવ્વલ **(૪)** રબીઉલ આખિર **(૫)** જમાદિઉલ અવ્વલ **(૬)** જમાદિઉલ આખિર **(૭)** રજબ **(૮)** શાબાન **(૯)** રમઝાન **(૧૦)** શવ્વાલ **(૧૧)** ઝિલ્ કઅદહ્ **(૧૨)** ઝિલ હજ્જા. આ છે આપણા ઈસ્લામી મહીનાનાં નામો, આપણે આ નામો યાદ કરી લેવાં જોઈએ. અંગ્રેજી મહીનાનાં નામો અને ગુજરાતી મહીનાનાં નામો આપણને આવડે અને મુસલમાન થઈને આપણને ઈસ્લામી મહીનાનાં નામો ન આવડે તો એ ઘણા શરમની વાત કહેવાય ! કાલે અલ્લાહની બારગાહમાં આપણે મોઢું કેવી રીતે બતાવી શકીશું કે આપણે ઈસ્લામમાં એટલા પાછળ રહ્યા કે આપણે મહીનાનાં નામો પણ જાણી ન શક્યા !

## ★ વર્ષના બાર મહીના કુર્આનમાં ★

વર્ષમાં બાર મહીના છે, તે આજની પૈદાવાર નથી બલ્કે જ્યારથી દુનિયામાં જમીન અને આકાશોને પૈદા કરવામાં આવ્યાં ત્યારથી અલ્લાહ તઆલા તરફથી નિયુક્ત કરવામાં આવ્યા છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَاللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا فِی کِتَابِ اللّٰهِ
یَوْمَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ

''બેશક ! મહીનાઓની ગણતરી અલ્લાહ પાસે બાર મહીના છે





જે દિવસથી આકાશો અને જમીનને પૈદા કર્યું, એમાંથી ચાર ઈજ્જતવાળા મહીનાઓ.'' કુર્આને એ સ્પષ્ટ કર્યું કે વર્ષના બાર મહીના છે અને આ અલ્લાહની કિતાબમાં પ્રથમથી લખવામાં આવ્યા હતા અને પછી દુનિયામાં વર્ષોની ગણતરી બાર મહીનાથી જ થાય છે. વર્ષના બાર મહીનામાં ચાર મહીનાને ઉત્તમતા આપવામાં આવી. આપણા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણી પહેલાં જાહિલિય્યતના જમાનામાં પણ ચાર મહીનાને ઉત્તમ સમજી એમાં લડાઈ ઝઘડાથી દૂર રહેવામાં આવતું હતું અને ઈસ્લામે પણ એની ઉત્તમતાનું વર્ણન કરી એની ઈજ્જતમાં વધારો કરી દીધો, એ ચાર મહીના આ પ્રમાણે છે : ઝુલ કઅદહ્, ઝુલ હજ્જા, મુહર્રમ અને રજબ. એટલે કે ત્રણ મહીના સતત છે અને એક મહીનો પાંચ મહીના છોડીને છે. એમાં અલ્લાહની ઈચ્છા કે એણે બાર મહીનામાં ચાર મહીનાને વધારે ઉત્તમતા આપી અને એની ઈજ્જત કરવાનો આપણને હુકમ આપ્યો.

## ★ મહીનાનો આરંભ ચાંદથી થશે ★

ઈસ્લામમાં નવો દિવસ અને તારીખની બદલી મગરિબથી થાય છે, જ્યારે અંગ્રેજ લોકો તારીખની બદલી રાત્રે બાર વાગ્યા પછીથી કરે છે. એનું કારણ એ હોય શકે છે કે રાત અને દિવસ મેળવી ટોટલ ૨૪ કલાકો થાય છે અને બનાવવામાં આવેલી ઘડીયાળ પણ એકથી શરૂ થઈ બાર પર એક ચક્કર છે એટલે ૨૪ કલાકની દિવસની મુદ્દતના આધારે નવી તારીખનો આરંભ રાત્રે બાર વાગ્યા પછી માનવામાં આવે છે અને એ જ પ્રમાણે દિવસોથી મહીના બને છે તો નવા મહીનાનો આરંભ પણ રાત્રે બાર વાગ્યા પછી જ થાય છે. ઈસ્લામમાં મહીનાનો આરંભ અને અંત ચાંદ પર આધારિત છે અને પ્રથમ ચાંદ મગરિબની નમાઝ પછી જ જોવા મળે છે, એટલે મહીનાનો આરંભ મગરિબ સમયે થાય છે તો એને લઈને દિવસનો અંત અને નવા દિવસની તારીખની બદલી પણ મગરિબથી માનવામાં આવે છે.

ચાંદથી મહીનાનો આરંભ કુર્આની તા'લીમ છે અને હદીષે પાકમાં પણ સ્પષ્ટ શબ્દોમાં એનો ઉલ્લેખ કરવામાં આવે છે એટલે

આપણે એમાં ફેરફાર નથી લાવી શક્તા અને ચાંદના આધારે જ આપણે મહીનાઓનો આરંભ અને અંત લાવવો જરૂરી છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ قُلْ هِىَ مَوَاقِيْتُ لِلنَّاسِ وَ الْحَجِّ

"તમારાથી નવા ચાંદ બાબતે માલૂમ કરે છે તો ફર્માવી આપો, એ લોકો અને હજ્જ માટે સમયની ઓળખ છે."

ચાંદ નવો ઊગે છે તો તદ્દન પાતળો હોય છે પછી મોટો થતો જાય છે અને ચૌદમીના આખો દેખાય છે. પછી નાનો થતો જાય છે અને લોકોની નજરોથી અદશ્ય થઈ જાય છે. ચાંદની આ સ્થિતિઓથી એ જાણવા મળે છે કે મહીનાનો આરંભ છે, અડધો થયો, અને હવે પૂરો થશે. ચાંદની બાબતથી સમય અને મહીનાની ગણતરીના રહસ્યો એ ઉલ્લેખ કરે છે કે અલ્લાહ તઆલાએ તારીખની બદલીનો આધાર આપણા માટે ચાંદ પર રાખેલો છે તો આપણે એનાથી ખસી નથી શક્તા.

## ★ હદીષ અને ચાંદ ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, રોઝો ન રાખો જ્યાં સુધી ચાંદ ન દેખી લો અને રોઝો રાખવાનું બંધ ન કરો જ્યાં સુધી ચાંદ ન દેખી લો અને વાદળી હોય તો ગણતરી પૂરી કરી લો. એમાં બીજી રિવાયત આ પ્રમાણે છે કે વાદળી હોય તો શાબાનની ગણતરી ત્રીસ પૂરી કરી લો.

**ફાયદો** : જાણવા મળ્યું કે મહીનાનો આરંભ અને અંત નવા ચાંદથી થાય છે. તારીખની બદલી મગરિબથી થશે, વધારેમાં વધારે ત્રીસ દિવસો હોય છે. કુર્આન અને હદીષના ઉલ્લેખથી સ્પષ્ટ થયું કે ઈસ્લામી મહીનાનો આરંભ અને અંત નવા ચાંદ પર આધારિત છે એમાં આપણને ફેરફાર કરવાની રજા મળી શક્તી નથી.

**નોંધ** : ઈસ્લામમાં જે જે કામોમાં દિવસો અને મહીનાની ગણતરીનો હુકમ હોય છે એમાં ગણતરી ચાંદવાળા મહીનાથી જ કરવામાં આવશે.





ઈસ્લામી તારીખ બાબતે મારા કરેલ ઉલ્લેખથી તમને એ જાણવા મળ્યું કે મુસલમાન માટે ઈસ્લામી તારીખની કેટલી જરૂરત છે. એના સિવાય ગણતરીથી સંબંધિત આપણા ઈસ્લામી કામો બની શક્તાં નથી. તો પછી આપણે અંગ્રેજી વર્ષ પાછળ પડી ઈસ્લામી વર્ષને ભૂલી જઈએ તો એ માત્ર વર્ષ ભૂલવું નથી આપણા ગણતરીના ઈસ્લામી કામોને ભૂલવું છે ! તો પછી સમાજનાં કામો અંગ્રેજી દિવસોથી થતાં હોય છે તે તમારો સમાજ છે પણ ઈસ્લામી રિવાયતો (રીવાજો) અને ઈતિહાસ માટે ઈસ્લામી તારીખની માલૂમાત આપણા માટે અવશ્ય છે.

## ★ ઈસ્લામી વર્ષનું નામ ★

ઈસ્લામી વર્ષનું નામ હિજરી છે. અને વર્ષનો ઉલ્લેખ સન હિજરીથી કરવામાં આવે છે. અંગ્રેજી વર્ષને સન ઈસવી કહેવામાં આવે છે.

**રહસ્ય** : આપણા નબીના એલાને નબુવ્વત પહેલાં અરબના લોકોની વર્ષોની ગણતરી કોઈ મોટા બનાવના નામથી થતી હતી. જેમ કે કા'બા પર હુમ્લાના ઈરાદાથી અબરહા નામી રાજા હાથીઓનું સૈન્ય લઈને હરમ પાસે આવ્યો હતો. અલ્લાહ તઆલાએ અબાબીલોનું સૈન્ય મોકલી નાની નાની કાંકરીઓથી તેમનો ભુક્કો બોલાવી દીધો. તો એ મોટા બનાવ પછી તેઓ આમે ફીલ કહીને વર્ષની ગણતરી કરતા હતા. આપણા નબીએ નબુવ્વતનું એલાન કર્યું ત્યાર પછી મુસલમાન ગણતરી સન નબવીથી કરતા હતા, અને સન નબવી ચાલતી રહી. જ્યારે આકાએ મક્કાથી મદીના તરફ હિજરત કરી ત્યાર પછી સન હિજરીથી ગણતરી થવા લાગી. આ બાબતે વધારે ધ્યાન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ આપ્યું હતું કે જ્યારે કોઈ ગૈરમુસ્લિમ દેશ ટેક્ષ આપવા તૈયાર થઈ જતો તો ત્યાં તારીખમાં સન હિજરીને જરૂરી કરવામાં આવતી હતી અને ત્યારથી લઈને આજ સુધી ઈસ્લામી સનને સન હિજરી કહેવામાં આવે છે અને કિયામત સુધી આ નામ બાકી રહેશે. એનું રહસ્ય એ છે કે આપણે ભૂલી ન જઈએ કે ઈસ્લામ આપણા સુધી કેટલી તકલીફોથી આવ્યો છે અને એના માટે ઈસ્લામના પ્રથમ વિભાગના લોકોએ કેવી તકલીફો વેઠી છે અને કેવી કુર્બાનીઓથી આ નેઅમતને આપણા સુધી પહોંચાડી છે.

## ★ ઈતિહાસની જાણકારી માણસને પ્રફુલ્લ રાખે છે ★

તારીખ અને ઈતિહાસની જાણકારી માણસને પ્રફુલ્લ રાખે છે. દેશનો ઈતિહાસ જાણનાર દેશ માટે પ્રફુલ્લ રહે છે, કુટુંબનો ઈતિહાસ જાણનાર કુટુંબ માટે પ્રફુલ્લ રહે છે, ધર્મનો ઈતિહાસ જાણનાર ધર્મ માટે પ્રફુલ્લ રહે છે. જો આપણે ઈસ્લામ માટે અતિ પ્રફુલ્લ રહેવું હોય અને અમલ માટે તત્પર રહેવું હોય તો આપણે આપણા ઈસ્લામનો ઈતિહાસ જાણવો જોઈએ. એ માલૂમાત માટે તત્પર કરવા અને માર્ગ બતાવવા ઈસ્લામી સનને સન હિજરીનું નામ આપવામાં આવ્યું છે.

## ★ ઈતિહાસની જાણકારીની સુંદર રીત ★

બુઝુર્ગોએ લોકોને બુઝુર્ગોની તારીખ અને એમના જીવન ચરિત્રથી વાકેફ કરવા મુસલમાનને એક સુંદર રીતનું ઈનામ આપેલું છે, તે એ છે કે મહાન વલીઓની અવસાનની તારીખને ઉર્સના નામથી ઉજવવામાં આવે તો એ બહાને લોકો ઈસ્લામી તારીખ, ઈસ્લામી મહીના અને ઈસ્લામી વર્ષને યાદ રાખશે અને એ પ્રમાણે ગણતરી કરતા રહેશે કારણ કે એમણે નિયુક્ત તારીખમાં ઉર્સની ઉજવણી કરવાની છે. અને જો ઈસ્લામે આપણા માટે જરૂરી કરેલાં કામોના નિયુક્ત સમય અને નિયુક્ત તારીખ તરફ લક્ષ આપવામાં આવે તો એનાથી પણ એ રહસ્ય જાણવા મળે છે કે આપણને સમયની પાબંદી અને તારીખ તથા મહીનાની ગણતરી તરફ દોરવણી કરવામાં આવી છે. ફર્ઝ નમાઝો નિયુક્ત સમયમાં કે આપણે સમયને યાદ રાખીએ, હજ્જ માટે નિયુક્ત તારીખે અને નિયુક્ત મહીનો કે આપણે તારીખ અને મહીનાની ગણતરી ન ભૂલીએ, ઝકાત વર્ષમાં એક વખત કે આપણે મહીનાની ગણતરી ન ભૂલીએ, રોઝા વર્ષમાં એક મહીનો અને નિયુક્ત રમઝાનનો મહીનો કે આપણે તારીખની ગણતરી અને મહીનાની ગણતરી ન ભૂલીએ. તો પછી જે ઈસ્લામે તારીખને યાદ રાખવા ફર્ઝો જેવા અમલોને ચૂંટી કાઢયા છે તો પછી મુસલમાન ઈસ્લામી તારીખ અને ઈસ્લામી વર્ષને કેવી રીતે ભૂલી શકે છે ?!





## ★ ચાંદ જોવો વાજિબ છે ★

ફતાવા રઝવિય્યામાં છે કે પાંચ મહીનાનો ચાંદ જોવો વાજિબે કિફાયા છે, એટલે કે અમુક લોકો જોઈ લે તો બધા જવાબદારીથી મુક્ત અને કોઈ ન દેખે તો બધા જવાબદાર. તે પાંચ મહીનાનાં નામો આ પ્રમાણે છે : (૧) શાબાન (૨) રમઝાન (૩) શવ્વાલ (૪) ઝુલ કઅદહ્ (૫) ઝુલ હજ્જા.

## ★ વાજિબ હોવાનું કારણ ★

શાબાનનો ચાંદ જોવો એટલા માટે વાજિબ છે કે રમઝાનનો ચાંદ જોતી વખત વાદળી હોય અને ગવાહી ન મળી શકે તો શાબાનની ત્રીસની ગણતરી પૂરી કરવામાં આવે. જો શાબાનનો ચાંદ જોવામાં ન આવે તો ત્રીસની ગણતરી કેવી રીતે થાય ? અને એનાથી રમઝાનનાં આરંભમાં શંકા ઉભી થાય, રમઝાનનો ચાંદ રોઝા શરૂ કરવા માટે, શવ્વાલનો ચાંદ રોઝા પૂરા કરવા અને ઈદુલ ફિત્રની ઉજવણી માટે, ઝુલ કઅદહ્નો ચાંદ ઝુલ હજ્જાને શંકાથી બચાવવા માટે અને ઝુલ હજ્જાજનો ચાંદ હજ્જના ફર્ઝોની અદાયગી માટે અને બીજા લોકોને ઈદુલ અદહાની ઉજવણી માટે.

સ્પષ્ટ થયું આપણા ઈસ્લામ સંબંધિત ઘણા બધાં કામો એવાં છે જે તારીખની જાણકારી વિના થઈ શક્તાં નથી અને આપણા ઈસ્લામી જીવનને પ્રફુલ્લ રાખવા પૂર્વજોની તારીખ અને ઈતિહાસની જાણકારી જરૂરી છે તો આપણે ઈસ્લામી તારીખ તરફ ધ્યાન આપવું જોઈએ.

## ★ વર્ષનો આરંભ અને અંત ★

ઈસ્લામી વર્ષનો આરંભ મુહર્રમ મહીનાથી થાય છે અને એનો અંત ઝુલ્ હજ્જામાં થાય છે. મુહર્રમ મહીનામાં ઘણા બધા વાક્યાઓ અને બનાવો બન્યા છે જેનું વર્ણન થશે પણ અગત્યની વાત એ છે કે આપણા પ્યારા નબી અહમદ મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રિય નવાસા, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم શેરે ખુદાના પ્રિય પુત્ર અને હઝરત ફાતિમા ખાતૂને જન્નતના કલેજાના કડકા હઝરત ઈમામ હુસૈન

رضی اللہ عنہ ની પવિત્ર શહાદત આ મહીનાની દસમી તારીખે થઈ હતી. એટલે મુહર્રમનો મહીનો આવતાની સાથે મુસલમાનોની જીભો પર હઝરત ઈમામ આલી મુકામની શહાદતની ચર્ચા હોય છે, અન્ય લોકો તો એને શહીદોનો મહીનો કહીને કરબલાના શહીદોની યાદ અપાવે છે. સ્પષ્ટ થયું ઈસ્લામના પ્રથમ મહીનામાં આપણા પ્યારા આકાના પવિત્ર નવાસાની ઈસ્લામનો ઝંડો ઊંચો રાખવા શહાદત અને કુર્બાની છે. જ્યારે ઈસ્લામી વર્ષના અંતિમ મહીના ઝુલ્ હજ્જામાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام નો ઈશ્ક અને ઈશ્કની પરીક્ષામાં ખુદાના ફર્માનથી પોતાના પ્રિય અને પવિત્ર નબી હઝરત ઈસ્માઈલ علیہ السلام ને કુર્બાન કરવું છે, ભલે એમની જાન બચાવી લેવામાં આવી પણ હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ તો પોતાનું કામ કરી જ બતાવ્યું હતું. જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

قَدْ صَدَّقْتَ الرُّؤْيَا "તમે સ્વપ્ન સાચું કરી બતાવ્યું."

આરંભ અને અંતની કુર્બાનીના રહસ્યથી એ જાણવા મળ્યું કે ઈસ્લામનું વર્તુળ ઈશ્ક અને મહબ્બતનું વર્તુળ છે, એમાં પ્રવેશ મહબ્બત અને ઈશ્ક અપનાવવાથી જ થઈ શકે છે. ઈશ્કવાળાનું ઈશ્કનું ઈમ્તિહાન અને પરીક્ષા કરવામાં આવે છે અને એ પરિક્ષાની સફળતા ક્યારે પ્યારા પ્યારા પ્રાણને ખુદાની બારગાહમાં આપી દેવાથી થાય છે.

શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હય
લોગ આસાન સમજતે હંય મુસલમાંન હોના

## ★ પરીક્ષા શા માટે ? ★

ઈમાનવાળાઓની રબ તબારક વ તઆલા તરફથી પરીક્ષા કરવામાં આવે, રબની પરીક્ષાનો મતલબ એવો નથી કે અલ્લાહને પરિણામની જાણ નથી, બલ્કે પરીક્ષાનો મતલબ એ હોય છે કે બંદો પોતે જાણી લે કે એ પોતાના ઈમાનના દા'વામાં કેટલો સશક્ત છે અને એ પોતે દીન અને ધર્મના નામ પર કેટલો સહનશીલ બની શકે છે. નબીએ પાકનો પ્યારો પ્યારો ઈર્શાદ છે :–

اَشَدُّ النَّاسِ بَلَاءً الْاَنْبِيَاءُ ثُمَّ الْاَمْثَلُ فَالْاَمْثَلُ





"લોકોમાં કઠણ પરીક્ષા નબીઓની હોય છે પછી જે જેટલો ઊંચા દરજ્જે હોય તેની તે પ્રમાણે પરીક્ષા થાય છે." તો પછી મુસલમાને માત્ર દા'વા પર ઊભા ન રહી જવું જોઈએ, એણે તો પોતાના દા'વાને પોતાની ધાર્મિક કોશિશોથી સશક્ત બનાવવો જોઈએ. પોતાના દા'વાને માત્ર શબ્દોનો શણગાર નહીં અમલનો શણગાર આપવો જોઈએ.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْا اَنْ يَّقُوْلُوْا اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ
وَلَقَدْ فَتَنَّا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ صَدَقُوْا
وَلَيَعْلَمَنَّ الْكَاذِبِيْنَ

"શું લોકોએ એવું સમજી લીધું કે અમે ઈમાન લઈ આવ્યા (એટલુ) કહી દેવાથી છોડી દેવામાં આવશે અને એમની પરીક્ષા કરવામાં નહીં આવે ?! અને અમે તમારા પૂર્વજોથી પણ પરીક્ષા કરી તો અલ્લાહ જરૂરથી સાચાઓને જોશે અને જરૂરથી જૂઠાઓને જોશે." એટલે કે સાચા અને જૂઠામાં તફાવત માત્ર ઈમાનની ગવાહી આપી દેવાથી નથી થતો, અલ્લાહના માર્ગમાં તકલીફો પર સહનશીલ અને અલ્લાહ અને રસૂલની વાતો પર ખુશીથી અમલ કરવાથી થાય છે.

વર્ષનો અંત બતાવે છે નબીની પરીક્ષા થઈ અને વર્ષનો આરંભ બતાવે છે કે નબીના નવાસાની પરીક્ષા થઈ અને કુર્આનની આયતો બતાવે છે કે તમારી પણ પરીક્ષા થશે તો પછી જેમ તમારા પૂર્વજોએ દીન માટે દરેક પ્રકારની કુર્બાની આપી તમે પણ ધર્મ માટે દરેક પ્રકારની કુર્બાની આપવા તત્પર રહેશો.

## ★ મુહર્રમનો મહીનો ★

એ તો સ્પષ્ટ થઈ ગયું કે ઈસ્લામી વર્ષનો પ્રથમ મહીનો મુહર્રમ છે. મુહર્રમને વધારે ફઝીલત જે આપવામાં આવી અને એને વર્ષના ચાર ઈજ્જતવાળા મહીનામાં ગણવામાં આવ્યો તો એ દસમી તારીખની ફઝીલતને લઈને છે જેને આશૂરાનો દિવસ કહેવામાં આવે છે.

તિર્મિઝી શરીફમાં હઝરત અલીથી રિવાયત છે : આપણા પ્યારા

નબી ﷺ એ ફર્માવ્યું, રમઝાન માસના રોઝાઓ પછી તમે રોઝા રાખવા ઈચ્છો તો મુહર્રમનો રોઝો રાખો ! કારણ કે મુહર્રમ અલ્લાહનો મહીનો છે જેના એક દિવસમાં અલ્લાહ તઆલાએ એક કૌમની તૌબા કબૂલ કરી અને એ દિવસમાં અલ્લાહ તઆલા બીજી કૌમની તૌબા કબૂલ કરશે. આપે લોકોને એનો પણ શોખ અપાવ્યો કે આશૂરાના દિવસે ગુનાહોથી દૂર રહેવાના વચનને તાજુ કરે અને તૌબાના કબૂલ થવાની આશા રાખે. **આશૂરાના દિવસે જે કોઈ અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી માંગશે તો અલ્લાહ તઆલા એની તૌબા કબૂલ કરશે. કારણ કે એ જ દિવસે અલ્લાહ તઆલાએ અન્ય લોકોની તૌબા કબૂલ કરી અને આ જ તે દિવસ છે જેમાં આવતા લોકોની તૌબાને કબૂલના દરજ્જે પહોંચાડશે.**

**ફાયદો** : ઉપરોક્ત રિવાયતોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે મુહર્રમને અલ્લાહની બારગાહમાં એક ખાસ પ્રકારની ફઝીલત પ્રાપ્ત છે અને એ ફઝીલતને પ્રગટ કરવા એને અલ્લાહનો મહીનો કહેવામાં આવ્યો, અલ્લાહના મહીનામાં દીનનાં કામો અલ્લાહને વધારે પ્રિય લાગે છે અને એમાં કબૂલની વધારે ઉમ્મીદ હોય છે એટલે આપણને ગુનાહોની માફીની માંગ કરવાનો શોખ આપવામાં આવ્યો.

## ★ જેને અલ્લાહ તઆલાએ ફઝીલત આપી તેની કદર કરો ★

અલ્લાહ તઆલા તરફથી જેને ફઝીલત આપવામાં આવી આપણે તેની કદર કરવી જોઈએ. કારણ કે ફઝીલત અને ઉત્તમતા આપવાનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ એને પ્રિય કર્યું અને પછી બીજા પર ઉત્તમતા આપી, તો અલ્લાહની પ્રિય કરેલ વસ્તુનો સંબંધ સમયથી હોય તો એ સમયમાં ઈબાદતનો દરજો વધી જાય છે, અને દુઆ કબૂલ થવાની ઉમ્મીદ સશક્ત બની જાય છે.

અલ્લાહ તઆલાએ રમઝાન માસને ફઝીલત આપી તો રમઝાનમાં કરવામાં આવતી નફ્લ ઈબાદત અને બંદગી પર ફર્ઝનો સવાબ આપવામાં આવે છે અને ફર્ઝને સિત્તેર બરાબર કરી દેવામાં





આવે છે, શબે કદરમાં કરવામાં આવતી ઈબાદત શબે કદરની ખાસ બરકતોને લઈને ફઝીલતમાં એક હજાર મહીનાની ઈબાદતથી પણ વધારી દેવામાં આવે છે. કારણ એ જ કે અલ્લાહ તઆલાએ એને ફઝીલત આપી તો એમાં કરવામાં આવતી ઈબાદતનો દરજ્જો પણ વધારી દેવામાં આવ્યો. તો પછી એ પણ સ્પષ્ટ થયું કે આપણે એની કદર કરવી જોઈએ.

મુહર્રમ મહીનાની ફઝીલતનું ઈલ્મ એનાથી પણ મળી શકે છે કે કુર્આનમાં બાર મહીનાનો ઉલ્લેખ કરી એ ચાર મહીનાને ઈજ્જતવાળા કહેવામાં આવ્યા અને તેમાં ફેરફાર કરવાવાળાઓને જાલિમ કહેવામાં આવ્યા, તેઓ પૈકી એક મુહર્રમનો મહીનો પણ છે. તો જેને કુર્આને ઈજ્જતવાળો કહ્યો તે નિ:શંક ! આપણા માટે ઈજ્જતવાળો છે અને એની આપણે ઈજ્જત કરવી જોઈએ.

ઝુલ્ કઅદહ્, ઝુલ્ હજ્જા, મુહર્રમ અને રજબ આ ચાર મહીનાનો નબીએ પાકના જમાનાના કાફિરો પણ અદબ કરતા હતા અને તેઓ આ ચાર મહીનામાં લડાઈ અને યુધ્ધ ન લડતા હતા, તેઓ હથિયારો છૂટા પાડીને રાખી દેતા. પરંતુ તેઓ ક્યારેક એ પ્રમાણે ફેરફાર કરતા કે એમને પોતાનું કામ કાઢવું હોય તો ઈજ્જતવાળા મહીનામાં એ કામ કરી લેતા અને બીજા દિવસોમાં એની ગણતરી પૂરી કરતા, તો કુર્આને એમના આ કામ પર ક્રોધ પ્રગટ કર્યો અને કહેવામાં આવ્યું કે જે મહીના અલ્લાહની બારગાહમાં ઈજ્જતવાળા છે એમાં કોઈને પોતાની જરૂરતથી ફેરફાર કરવાનો અધિકાર નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :—

اِنَّمَا النَّسِيْٓئُ فِي الْكُفْرِ يُضَلُّ بِهِ الَّذِيْنَ كَفَرُوْا يُحِلُّوْنَهٗ عَامًا
وَّ يُحَرِّمُوْنَهٗ عَامًا لِّيُوَاطِئُوْا عِدَّةَ مَا حَرَّمَ اللّٰهُ فَيُحِلُّوْا مَا حَرَّمَ اللّٰهُ

''મહીનાઓને હટાવવું કુફ્રમાં વધારો છે એનાથી કાફિરો કમાર્ગે પહોંચાડવામાં આવે છે. એક વર્ષ એને હલાલ કરે છે અને બીજા વર્ષે હરામ કરે છે. એટલે કે એ ગણતરી પ્રમાણે થઈ જાય જે અલ્લાહ તઆલાએ હરામ કરી.

આ આયતથી એ સ્પષ્ટ થયું કે કાફિરો પણ આ મહીનાઓનો

અદબ કરતા હતા પણ ભૂલ એ હતી કે તેઓ પોતાની મનેચ્છાએ ફેરફાર કરી બીજા દિવસોને ગણતરી પૂરી કરવા એની જગાએ લાવતા હતા. જે અલ્લાહના હુકમ વિરૂધ્ધ છે.

ગુનાહ, નાફર્માની અને યુધ્ધ વગેરેથી આ મહીનાઓમાં ખાસ કરીને મનાઈ કરવામાં આવી છે અને એ કામોને કુર્આને જુલ્મ કહ્યું છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَلَاتَظْلِمُوْا فِيْهِنَّ اَنْفُسَكُمْ

''પોતાની જાનો (પ્રાણો) પર એમાં ત્રાસ ન કરો.''

ખાસ કરીને મુસલમાનોને ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું;

فَاِذَا انْسَلَخَ الْاَشْهُرُ الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ

પછી જ્યારે ઈજ્જતવાળા મહીનાઓ વિતી જાય તો પછી મુશ્રિકોને કાપો જ્યાં મળે.

**સવાલ** : કોઈ પૂછે કે અલ્લાહ તઆલાએ વર્ષના બાર મહીનામાંથી માત્ર ચાર મહીનાને ઈજ્જતવાળા કેમ ફર્માવ્યા ?!

**જવાબ** : એ અલ્લાહ તઆલાનો અધિકાર છે, એ ગમે તેને ઈજ્જત આપે. આપણે એ વાતને માન્ય રાખવાની છે. અલ્લાહ તઆલાએ ફર્માવી આપ્યું કે ચાર મહીના ઈજ્જતવાળા છે અને આપણા નબીએ નામોથી એને નિયુક્ત કરી આપ્યા તો એ માની લેવું જરૂરી છે.

**સવાલ** : અમુક લોકો એના ઈજ્જતવાળા હોવાના બનેલા બનાવોથી જવાબ આપે છે તે કેવું ?

**જવાબ** : એ પછીના બનાવો છે. અલ્લાહ તઆલાએ જમીન, આકાશની પેદાઈશથી પહેલાં જ પોતાની કિતાબમાં એને ઈજ્જતવાળા બનાવી આપ્યા હતા, તો બનેલા બનાવો તો પછીની ચીજ છે. એટલે પ્રથમ જવાબ જ આ જગાએ યોગ્ય છે.

**સવાલ** : આપણા નબીને બાઈજ્જત મહીનાઓમાં કેમ મોકલવામાં ન આવ્યા ?!





**જવાબ** : કોઈ એવું અનુમાન ન કરી લે કે આપને ખ્યાતિ મળી અને જગ મશહૂર થયા તો તેનું કારણ આપનું ઈજ્જતવાળા મહીનાઓમાં પેદા થવું છે. દુનિયાને એ બતાવવાનું હતું કે જમાનાથી આપને ખ્યાતિ નથી મળી, જમાનાને આપથી ખ્યાતિ મળી છે અને આપને અલ્લાહ તઆલાએ કોઈ પણ જાહેરી ઝરિયા વિના પોતાના ફઝ્લ અને કૃપાથી ખ્યાતિ આપી છે, એટલે રબીઉલ અવ્વલનો મહીનો મુસલમાનો પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણીથી બાઈજ્જત બની ગયો.

## ★ મુહર્રમની દસમી તારીખ ★

મુહર્રમ મહીનાની દસમી તારીખને આશૂરાનો દિવસ કહેવામાં આવે છે અને હદીષ શરીફમાં એની ઘણી ફઝીલત વર્ણન થઈ છે. આપણા નબીની પધરામણી પહેલાં યહૂદીઓ પણ આ દિવસની ઈજ્જત કરતા હતા અને એમાં રોઝો પણ રાખતા હતા. એમનું કહેવું એવું છે કે હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ને બની ઈસ્રાઈલ સાથે સમુદ્રમાં માર્ગ બનાવીને ફિરઓનથી મુક્તિ આપી હતી અને ફિરઔનને એના સૈન્ય સાથે ડૂબાડી આપ્યા હતા, એ નેઅમતના શુક્રિયામાં તેઓ રોઝો રાખતા હતા, અને પછી આપણા નબીએ પણ એ દિવસમાં રોઝો રાખ્યો અને પોતાના અનુયાયીઓને રોઝો રાખવાનો આદેશ આપ્યો હતો. એટલે એ દિવસ આપણા માટે પણ ઈજ્જતવાળો બની ગયો. અને એ દિવસનો રોઝો આપણા સર્વ માટે સુન્નત થઈ ગયો.

## હદીષ અને આશૂરાનો દિવસ

**(૧)** ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا, થી રિવાયત છે : રમઝાન માસના રોઝા ફર્ઝ થતાં પહેલાં આશૂરાના રોઝા રાખવાનો રિવાજ હતો, પણ જ્યારે રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા તો આપણા આકાએ ફર્માવ્યું, આશૂરાનો રોઝો જેની ઈચ્છા હોય એ રાખે અને જે ન ઈચ્છે ન રાખે.

**(૨)** આપથી રિવાયત છે કે જાહિલિય્યતના જમાનામાં કુરૈશ આશૂરાનો રોઝો રાખતા હતા અને આપણા નબી પણ નબુવ્વતના એલાન

પહેલાં રોઝો રાખતા હતા, એટલે સુધી કે હિજરત પછી આપે મદીના શરીફમાં મુહર્રમની દસમી તારીખનો રોઝો રાખ્યો અને બીજા લોકોને પણ હુકમ આપ્યો અને આ તે દિવસ હતો જેમાં ખાનાએ કા'બામાં ગિલાફ ચઢાવવામાં આવતો હતો. પણ જ્યારે રમઝાનના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા તો આપે આશૂરાનો રોઝો રાખવાનું છોડી આપ્યું. દસમી મુહર્રમનો રોઝો ઈચ્છા પર આધારિત છે જે ઈચ્છે તે રાખે અને ન ઈચ્છે તે ન રાખે.

આ હદીષ ઈમામ માલિક અબૂ દાઊદ અને તિર્મિઝીએ પણ લખીને અંતમાં લોકોનું મંતવ્ય એ પ્રમાણે દર્શાવ્યું કે જ્યારે રમઝાનમાં રોઝા ફર્ઝ કરવામાં આવ્યા તો પછી આશૂરાનો રોઝો રાખવો ન રાખવો ફર્ઝ નથી થઈ શક્તો. એટલે કે એની ફર્ઝિયત ઉઠાવી લેવામાં આવી. (માસબત–બિસ્સુન્નહ્)

**(૩)** અબૂ દાઊદ શરીફમાં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે જાહિલિયતના જમાનામાં લોકો આશૂરાનો રોઝો રાખતા હતા, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસલમાનોએ આ રોઝો રમઝાનની ફર્ઝિયત પહેલાં રાખ્યો, પણ રમઝાનના રોઝા ફર્ઝ થયા પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહના દિવસો પૈકી મુહર્રમનો દસમો દિવસ પણ છે, જેની ઈચ્છા હોય એ દિવસનો રોઝો રાખે.

**(૪)** બુખારી અને મુસ્લિમમાં એમનાથી જ રિવાયત છે કે હુઝૂરની ખિદમતમાં એક દિવસ દસમી મુહર્રમનો ઉલ્લેખ થયો તો આપે ઈર્શાદ ફર્માવ્યો, આશૂરાનો રોઝો એ છે જેમાં લોકો જાહિલિયતના જમાનામાં રોઝો રાખતા હતા, હવે જેની ઈચ્છા હોય તે રાખે અને જેની ઈચ્છા ન હોય ન રાખે.

**(૫)** બુખારીમાં આ હદીષ પણ છે આશૂરાનો રોઝો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ રાખ્યો અને બીજા લોકોને એ દિવસનો રોઝો રાખવાનો હુકમ આપ્યો પણ જ્યારે રમઝાન માસના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા તો આપે આશૂરાનો રોઝો રાખવાનું છોડી આપ્યું. અને હઝરત ઈબ્ને ઉમર પણ ક્યારેક એ રોઝો રાખી લેતા હતા.

**(૬)** મુસ્લિમમાં પણ છે કે જેને પસંદ હોય આશૂરાનો રોઝો



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

રાખે અને જે ન ચાહે ન રાખે.

**(૭)** હઝરત અબૂ મૂસા અશ્અરીથી રિવાયત છે : એમણે ફર્માવ્યું, દસમી મુહર્રમની યહૂદી વધારે ઈજ્જત કરતા હતા અને એને ઈદનો દિવસ માનતા હતા, એ બાબતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય મુસલમાનો તમે રોઝો રાખો. *(માસબત–બિસ્સુન્નહ્)*

**(૮)** બુખારી અને મુસ્લિમમાં એક રિવાયત આ પણ છે કે ખૈબરવાળા (યહૂદી) આશૂરાનો રોઝો રાખતા હતા અને એ દિવસે ઈદની ઉજવણી કરતા હતા, પોતાની પત્નીઓને ઘરેણાં અને સારાં કપડાં પહેરાવતા હતા. આને લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય મુસલમાનો ! તમે આશૂરાનો રોઝો રાખો.

**(૯)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીનામાં પધરામણી કરીને યહૂદીઓને આશૂરાનો રોઝો રાખતાં જોયા તો એમને પૂછયું, આનું શું કારણ છે ? એમણે કહ્યું, આ તે સારો દિવસ છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરતે મૂસા અને બની ઈસ્રાઈલને એમના દુશ્મનોથી મુક્તિ આપી અને એ દિવસે મુક્તિ મળવાના શુક્રિયામાં હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ રોઝો રાખ્યો. આ જવાબ સાંભળીને આપે ફર્માવ્યું, તમારાથી અધિક હઝરત મૂસાના અનુસરણનો અમે હક્ક ધરાવીએ છીએ. પછી આપે આશૂરાનો રોઝો રાખ્યો અને મુસલમાનોને પણ એનો આદેશ આપ્યો.

**(૧૦)** એક રિવાયત આ પ્રમાણે છે : કે ખૈબરના રહેવાસી યહૂદીઓથી જે મદીનામાં હતા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, આશૂરાના દિવસે તમે રોઝો કેમ રાખો છો ?! એમણે જવાબ આપ્યો, આ તે મહાન દિવસ છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અને એમની કૌમને ફિરઔનના ત્રાસથી મુક્તિ આપી હતી અને એના સૈન્યને દરિયામાં ડૂબાડી આપ્યું. એના પર હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ અલ્લાહની શુક્રગુજારીમાં રોઝો રાખ્યો અને આ મુહર્રમની દસમી તારીખ હતી એટલે હવે અમે એ નેઅમતને લક્ષમાં રાખી એ દિવસનો રોઝો રાખીએ છીએ.

*(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ શરીફ)*

**(૧૧)** મુસ્લિમમાં હઝરત જાબિર બિન સમોરાથી રિવાયત છે : એમણે ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે આશૂરાનો રોઝો રાખતા હતા અને અમને પણ રોઝો રાખવાનો શોખ આપતા અને અમારાથી વાયદો લેતા. પણ રમઝાન માસના રોઝા ફર્ઝ થયા પછી આપે અમને આશૂરાનો રોઝો રાખવાનો કોઈ હુકમ નથી આપ્યો અને મનાઈ પણ નથી કરી અને કોઈ વાયદો પણ નથી લીધો.

**(૧૨)** બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત અલકમાનું બયાન છે કે હઝરત અશઅષ બિન કૈસ આશૂરાના દિવસે હઝરત ઈબ્ને ઉમર પાસે આવ્યા, આપ એ સમયે ભોજન કરી રહ્યા હતા. ખાતાં જોઈને હઝરત અશઅષએ વિનંતિ કરી, અય અબૂ અબ્દુર્રહ્માન ! આજે આશૂરાનો દિવસ છે ! જવાબમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, રમઝાનના રોઝાની ફર્ઝિયત પહેલાં આશૂરાનો રોઝો હુઝૂર રાખતા હતા, પરંતુ રમઝાનના રોઝા ફર્ઝ થયા પછી આપે આશૂરાનો રોઝો છોડી દીધો. જો તમે રોઝાદાર નથી તો લ્યો ખાણું ખાવ.

**(૧૩)** બુખારી શરીફ, મુસ્લિમ શરીફ અને નસઈમાં એક રિવાયત છે : કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબીલએ બનૂ અસ્લમના એક માણસને કહ્યું કે પોતાની કૌમમાં એલાન કરી આપો અને કહી આપો કે જેણે સહરી ખાધી હોય અથવા ન ખાધી હોય તે આજના દિવસે રોઝો રાખે કારણ કે આજે મુહર્રમનો આશૂરા છે.

**(૧૪)** બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં રબીઅ બિન્તે મુઅવ્વઝનું બયાન છે : કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે ગામડિયા અન્સારીઓ પાસે જેઓ મદીનાની આજુબાજુએ રહેતા હતા, મુહર્રમની દસમી તારીખે કહેવાડયું કે આજે જેણે રોઝો રાખ્યો પૂરો કરે અને જેમણે રોઝો નથી રાખ્યો એ રોઝાદાર જેવો દિવસ પસાર કરે. આ હુકમ પછી અમે પોતે રોઝો રાખતી અને નાના બાળકોને પણ રોઝો રખાવતી હતી અને અમે ઈબાદત માટે મસ્જિદ જતાં હતાં. જો કોઈ બાળક ખાવા માટે રડતું તો એને ખુશ કરવા અમે ઉનની ઢીંગલી બતાવી બાળકને આપી દેતાં, એટલે સુધી કે ઈફતારનો સમય થઈ જતો.

**(૧૫)** નસઈમાં હઝરત કૈસ બિન સઅદ બિન ઓબાદાથી





રિવાયત છે : ફર્માવે છે કે, આશૂરાના દિવસે અમે રોઝો રાખતા અને રોઝો ન રાખવાની સ્થિતિમાં અમે સદકએ ફિત્ર આપતા, પરંતુ રમઝાન માસના રોઝા ફર્ઝ થયા પછી અને ઝકાત અદા કરવાનો હુકમે ઈલાહી આવ્યા પછી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આશૂરાનો રોઝો રાખવાની અથવા ન રાખવાની મનાઈનો કોઈ હુકમ નથી આપ્યો અને અમે લોકો આશૂરાનો રોઝો રાખતા રહ્યા.

**(૧૬)** ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ લખ્યું કે મને જાણ થઈ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હારિષ બિન હિશામને કહેવડાવ્યું કે કાલે આશૂરાના દિવસે તમે રોઝો રાખો અને તમારા સંબંધીઓને હુકમ આપો કે તેઓ પણ રોઝો રાખે. *(મુઅત્તા)*

**(૧૭)** બુખારી અને મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન મૂસાથી રિવાયત છે : એમણે ફર્માવ્યું કે, હુઝૂર આશૂરાના રોઝાને બીજા દિવસો પર ફઝીલત આપતા અને રમઝાન માસને બીજા મહીનાઓથી સારો ફર્માવતા.

**(૧૮)** તિર્મિઝી શરીફમાં હઝરત અબૂ કતાદાનું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારું અનુમાન એવું છે કે આશૂરાનો રોઝો રાખવાને અલ્લાહ તઆલા ગત વર્ષના ગુનાહોનો કફ્ફારો (માફીનો ઝરિયો) બનાવી આપશે.

**(૧૯)** નસઈમાં હઝરત હફ્સાથી રિવાયત છે : એમણે કહ્યું કે, આશૂરા અને શવ્વાલના દસ દિવસો, દરેક મહીનાના ત્રણ રોઝાઓ અને ફજરની નમાઝ પહેલાં બે રકાતો આ ચાર અમલો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ક્યારે પણ છોડયા નથી.

**(૨૦)** મુસ્લિમ શરીફ અને અબૂ દાવૂદ શરીફમાં હકમ બિન અઅ્રજનું બયાન છે કે હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ખિદમતમાં એ સમયે પહોંચ્યો જ્યારે આપ ચાદર લપેટીને ઝમઝમના કૂવા પાસે ટેક લગાડી બેઠા હતા. મેં વિનંતિ કરી કે આશૂરાના રોઝા બાબત ઉલ્લેખ કરો ! ફર્માવ્યું, મુહર્રમનો ચાંદને પહેલી તારીખે ખાવો અને નવમીના રોઝો રાખો. મેં પૂછયું, સરવરે કાએનાત આ પ્રમાણે રોઝા રાખતા હતા ?! ફર્માવ્યું, હા ! આ પ્રમાણે રાખતા હતા.

**(૨૧)** અબૂ દાવૂદમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આશૂરાનો રોઝો રાખીને બીજા મુસલમાનોને એ દિવસના રોઝા બાબતે હુકમ આપ્યો. મેં વિનંતિ કરી, આકા! આ તે દિવસ છે જેની યહૂદી અને ઈસાઈ ઈજ્જત કરે છે અને એને મોટો દિવસ માને છે. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આવતા વર્ષે ઈન્શાઅલ્લાહ! નવમીનો પણ રોઝો રાખીશ, પરંતુ આવતા વર્ષના મુર્હરમના આવતાં પહેલાં આપનું અવસાન થઈ ગયું.

**(૨૨)** માસબતા બિસ્સુન્નહ્માં છે : હઝરત રઝીને હઝરત અતાથી રિવાયત કરી કે હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવતા હતા કે યહૂદીઓના વિરૂધ્ધમાં નવમી અને દસમી મુહર્રમના રોઝો રાખો.

**(૨૩)** ઈમામ બયહકીએ શુઅબુલ્ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જો હું જીવંત રહ્યો તો નવમી અને દસમીના રોઝા રાખવાનો હુકમ આપીશ.

**(૨૪)** ઈમામ અહમદ બિન હંબલએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી : કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, યહૂદીઓની વિરૂધ્ધમાં તમે નવમી, દસમી અને અગ્યારમીના રોઝો રાખો.

**ફાયદો** : ઉપરોક્ત હદીષોથી એ જાણવા મળ્યું કે આશૂરાનો રોઝો સુન્નત છે અને એની સાથે નવમી તારીખનો રોઝો પણ રાખવો જોઈએ. અને એ પણ જાણવા મળ્યું કે આશૂરાના દિવસની ઉજવણી હઝરત ઈમામ આલી મુકામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ અને એમના સગા સંબંધીઓની કરૂણ શહાદતને લઈને જ નથી પણ એ દિવસ પહેલેથી ઉત્તમ હતો અને ઈમામ આલી મુકામની શહાદતથી સંબંધિત થઈને એની ઉત્તમતાનો મુસલમાનોમાં ઓર વધારો થઈ ગયો.

## ★ તંબીહુલ્ ગાફેલીનમાં આશૂરાનો ઉલ્લેખ ★

હઝરત ફકીહ અબૂલૈષ સમરકંદી પોતાની કિતાબ તંબીહુલ્ ગાફેલીનમાં પોતાની સનદથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યક્તિ આશૂરાનો





રોઝો રાખે છે અલ્લાહ તઆલા એને એક હજાર ફરિશ્તાઓનો સવાબ આપે છે. જે આશૂરાનો રોઝો રાખે છે એને દસ હજાર હજ્જ અને ઉમરા કરવાવાળાઓનો સવાબ મળે છે અને દસ હજાર શહીદોનો પણ સવાબ મળે છે. અને જે કોઈ આશૂરાના દિવસે યતીમ અને અનાથના માથે હાથ ફેરવે છે અલ્લાહ તઆલા દરેક વાળના બદલે એનો એક દરજો વધારે છે, અને જે વ્યક્તિ આશૂરાની સાંજે કોઈ મુસલમાનને રોઝો ખોલાવે તો તે એવો છે જાણે એણે પૂરી ઉમ્મતે મુહમ્મદિયહ્ને રોઝો ખોલાવ્યો અને એમને પેટ ભરીને ખાણું ખવડાવ્યું. સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ! શું અલ્લાહ તઆલાએ આશૂરાના દિવસને સઘળા દિવસો પર ફઝીલત આપી છે? ફર્માવ્યું, હા! અલ્લાહ તઆલાએ આકાશ અને પૃથ્વી આશૂરાના દિવસે પૈદા કર્યાં, પર્વતો, દરિયાઓ, લોહ, કલમ, અને જન્નત પણ એ દિવસે પૈદા કર્યાં, હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام અને હવ્વાની પૈદાઈશ પણ એ દિવસે કરવામાં આવી. એ જ દિવસે એમને જન્નતમાં દાખલ કરવામાં આવ્યાં, હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام નો જન્મ એ દિવસે જ થયો અને એ જ દિવસે એમના માટે અગ્નિ બાગ બની ગઈ હતી, ફિરઔન એ જ દિવસે ડૂબી ગયો, હઝરત ઐયૂબ علیہ الصلوٰۃ والسلام ને શિફા એ જ દિવસે આપવામાં આવી. હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌબા એ જ દિવસે કબૂલ કરવામાં આવી, હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والسلام ની તૌબા પણ એ જ દિવસે કબૂલ થઈ, હઝરત સુલેમાન علیہ الصلوٰۃ والسلام ને રાજપાટ એ જ દિવસે આપવામાં આવ્યું, હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام નો જન્મ એ જ દિવસે થયો અને આકાશમાં એ જ દિવસે ઉઠાવવામાં આવ્યા, હઝરત ઈદ્રીસ علیہ الصلوٰۃ والسلام ને પણ એ જ દિવસે આકાશમાં ઉઠાવવામાં આવ્યા.

હઝરત ઈકરમા રિવાયત કરે છે : આશૂરાનો દિવસ એ દિવસ છે જેમાં હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌબા કબૂલ થઈ, એ જ દિવસે હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام ની નાવડી પર્વત પર જઈ રોકાઈ, અને આપ એનાથી બહાર આવ્યા અને એ જ દિવસે શુક્રિયાનો રોઝો રાખ્યો અને એ જ દિવસે ફિરઔન ડૂબી ગયો, બની ઈસરાઈલ માટે સમુદ્રમાં માર્ગ બન્યો અને એમણે એ દિવસનો રોઝો રાખ્યો, તારાથી બની શકે તો એ

દિવસનો રોઝો રાખી લે !

હઝરત મુહમ્મદ બિન મયસરા ફર્માવે છે કે અમે સાંભળ્યું જે વ્યક્તિ પોતાના ઘરવાળાઓ માટે ખાવા પીવામાં સખાવત કરે અલ્લાહ તઆલા આખુ વર્ષ એના માટે રોઝીમાં વધારે કરશે. હઝરત સુફયાન ફર્માવે છે, અમે એનો અનુભવ કર્યો અને સત્ય જાણવા મળ્યું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના શરીફ પધાર્યા અને જોયું યહૂદી કે આશૂરાના દિવસે રોઝો રાખે છે. આપે કારણ પૂછયું તો કહેવા લાગ્યા, અલ્લાહ તઆલાએ એ દિવસે હઝરત મૂસા અને એમના અનુયાયીઓને ફિરઔન સામે વિજય આપ્યો, એટલે અમે એની ઈજ્જત માટે રોઝો રાખીએ છીએ. આપે ઈર્શાદ ફર્માવ્યો, અમે હઝરત મૂસા સાથે તમારાથી અધિક સંબંધ ધરાવીએ છીએ તો પછી આપે એ દિવસે રોઝો રાખવાનો હુકમ આપ્યો.

## ★ આશૂરાના નામનું કારણ ★

ફકીહ અબૂલૈષ સાહેબ ફર્માવે છે : આ દિવસ બાબત ઘણા મંતવ્યો છે : અમુકનું કહેવું એવું છે કે આને આશૂરા એટલા માટે કહેવામાં આવે છે કે એ મુહર્રમ મહીનાનો દસમો દિવસ છે. અને અમુકનું કહેવું એવું છે કે એમાં અલ્લાહ તઆલાએ દસ નબીઓને દસ પ્રકારની નેઅમતો અર્પણ કરી : (૧) હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌબા કબૂલ થઈ (૨) હઝરત ઈદ્રીસ علیہ الصلوٰۃ والسلام ને ઉચ્ચ દરજજે લઈ જવામાં આવ્યા (૩) હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام ની નાવડી જૂદી પર્વત પર રોકાઈ (૪) હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام નો જન્મ એ દિવસે થયો, ખલીલ (દોસ્ત) બનાવવામાં આવ્યા અને આગથી મુક્તિ મળી (૫) હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والسلام ની તૌબા એ જ દિવસે કબૂલ થઈ (૬) હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ને એ જ દિવસે આકાશમાં ઉઠાવી લેવામાં આવ્યા (૭) હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ને સમુદ્રથી મુક્તિ આપવામાં આવી અને ફિરઔનને ડૂબાડી દેવામાં આવ્યો (૮) હઝરત યુનૂસ علیہ الصلوٰۃ والسلام એ જ દિવસે માછલીના પેટમાંથી બહાર આવ્યા (૯) હઝરત સુલૈમાન علیہ الصلوٰۃ والسلام ને એ જ દિવસે રાજ આપવામાં આવ્યું (૧૦) એક રિવાયત પ્રમાણે આપણા નબીની પૈદાઈશ અને જન્મ એ જ દિવસે થયો હતો.





અમુક લોકોનું કહેવું એવું છે કે આ ઉમ્મતને દસ પ્રકારની ફઝીલતો આપવામાં આવી એમાં આશૂરાની ફઝીલતનો ક્રમ દસમો છે : **(૧)** રજબનો મહીનો : એને અલ્લાહ તઆલાએ આ ઉમ્મત માટે ઈજ્જતનો ઝરિયો બનાવ્યો અને એની ફઝીલત બીજા મહીનાઓ પર એવી જ છે જેમ આ ઉમ્મતની ફઝીલત બીજી ઉમ્મતો પર. **(૨)** શાબાનનો મહીનો : એની ફઝીલત બીજા મહીનાઓ પર એવી જ છે જેમ આપણા નબીની ફઝીલત બીજા નબીઓ પર. **(૩)** રમઝાનુલ મુબારકનો મહીનો : એની ફઝીલત બીજા મહીનાઓ પર એવી છે જાણે અલ્લાહની ફઝીલત એની મખ્લૂક પર. **(૪)** શબે કદર છે જે ફઝીલતમાં હજાર મહીનાઓથી વધીને છે. **(૫)** (ઈદુલ) ફિત્રનો દિવસ જેને બદલાનો દિવસ કહેવામાં આવે છે. **(૬)** ઝુલ્ હજજાના પ્રથમ દસ દિવસો, જે અલ્લાહ તઆલાની ઈબાદત અને યાદનો દિવસ છે. **(૭)** અરફાનો દિવસ, એનો રોઝો બસો વરસો માટે કફ્ફારો બને છે. **(૮)** કુર્બાનીનો દિવસ **(૯)** જુમ્આનો દિવસ જે સઘળા દિવસોનો સરદાર છે. **(૧૦)** આશૂરાનો દિવસ, જેનો રોઝો એક વરસનો કફ્ફારો બને છે. (ફઝીલતના વર્ણનમાં આશૂરાનો દિવસ ક્રમમાં દસમા નંબરે હોવાને લઈને એને આશૂરા કહેવામાં આવે છે.)

## ★ નુઝહતુલ્ મજાલિસમાં આશૂરાનું વર્ણન ★

હઝરત અનસ رضی اللہ عنہما થી રિવાયત છે : નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યક્તિ મુહર્રમના પહેલા જુમ્આનો રોઝો રાખે છે, ખુદા એના પાછલા સઘળા ગુનાહ માફ કરી આપશે અને જે વ્યક્તિ મુહર્રમમાં ત્રણ દિવસ જુમેરાત, જુમ્આ અને શનિવારનો રોઝો રાખશે, ખુદા એને નવ વરસોની ઈબાદતનો સવાબ આપશે. આ ઉમ્મતની ફઝીલતના વર્ણનમાં છે કે આ રિવાયત મુહર્રમની શર્તથી મુક્ત છે અને દરેક મહીના માટે એ સવાબ છે.

તિબ્રાનીમાં છે : જે વ્યક્તિ મુહર્રમમાં કોઈ પણ દિવસ રોઝો રાખશે એને દરેક દિવસના બદલે ત્રીસ દિવસનો સવાબ મળશે.

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબીએ પાક

صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યક્તિ પ્રથમ દસ દિવસોમાં આશૂરા સુધી રોઝા રાખશે, અલ્લાહ એને ફિરદૌસે આ'લાનો વારસદાર બનાવી દેશે. અને આપે એ પણ ફર્માવ્યું, **જે વ્યક્તિ આશૂરાના દિવસે રોઝો રાખશે અલ્લાહ તઆલા એના માટે હજાર હજ્જ અને હજાર ઉમરાનો સવાબ લખે છે અને હજાર શહીદોનો પણ સવાબ આપે છે.** પૂર્વથી પશ્ચિમ સુધીનો સવાબ એને આપવામાં આવે છે અને જાણે એણે હઝરત ઈસ્માઈલની ઔલાદમાંથી એક હજાર ગુલામો આઝાદ કર્યા, જન્નતમાં સિત્તેર હજાર મહેલો એના માટે લખવામાં આવે છે, ખુદા તઆલા આગ પર એનું બદન હરામ કરી દેશે. બીજી હદીષમાં છે :– **જે આશૂરાનો રોઝો રાખશે એને દસ હજાર ફરિશ્તાઓનો સવાબ આપવામાં આવશે.**

## ★ બેસતા વર્ષના દિવસે શું પઢશો ? ★

નુઝહામાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે કે જે વ્યક્તિ નીચે આપવામાં આવેલી દુઆ પઢશે તો શૈતાન કહે છે, હું એનાથી નિરાશ થઈ ગયો. અને અલ્લાહ તઆલા એના રક્ષણ માટે બે ફરિશ્તાઓને નિયુક્ત ફર્માવશે જે આખુ વરસ એનું રક્ષણ કરશે.

દુઆ આ છે :–

اَللّٰهُمَّ اَنْتَ الْاَبَدِیُّ الْقَدِیْمُ وَ هٰذِهٖ سَنَةٌ جَدِیْدَةٌ اَسْئَلُكَ
فِیْهَا الْعِصْمَةَ مِنَ الشَّیْطَانِ وَ اَوْلِیَآئِهٖ وَ الْعَوْنَ عَلٰی
هٰذِهِ النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْءِ وَ الْاِشْتِغَالُ بِمَا یُقَرِّبُنِیْ اِلَیْكَ

''અય અલ્લાહ ! તું હમેશાંથી છે અને હમેશાં રહેશે. આ નવું વર્ષ છે, એમાં હું તારાથી શૈતાન અને એના ચેલાઓથી રક્ષણની માંગ કરું છું, આ બુરાઈનો હુકમ આપનાર નફ્સ પર તારાથી મદદની માંગ કરું છું, તારાથી નિકટ કરનાર કામોમાં વ્યસ્ત થવાની માંગ કરું છે.''

**આશૂરાનો અર્થ** : આશ–નૂરન : એણે નૂરમાં આરામ કર્યો એટલે કે જે વ્યક્તિ એ દિવસની ઈજ્જત કરે છે એને નૂર અર્પણ થાય છે.





## આશૂરા સંબંધિત કિસ્સાઓ

**(૧)** મિસરમાં એક માણસ પાસે એક જ કપડું હતું, એણે હઝરત અમ્ર બિન આસની જુમ્આ મસ્જિદમાં ફજરની નમાઝ પઢી, એ મસ્જિદનો રિવાજ હતો કે માત્ર આશૂરાના દિવસે સ્ત્રીઓ ત્યાં દુઆ કરવા માટે આવતી હતી. એક સ્ત્રીએ એનાથી માંગ કરી કે મને કંઈ આપ જે મારા બાળકો માટે સહારો બને. એણે ઘરે જઈને લૂંગી બાંધી અને પોતાનાં કપડાં તેણીને આપી દીધાં. તેણીએ દુઆ આપી કે અલ્લાહ તઆલા તને જન્નતમાં કપડાં પહેરાવે. તે માણસે તે જ રાત્રીએ સ્વપ્નમાં જોયું કે એક સુંદરી હૂર સુગંધી સફરજન લઈને આવી, એને તોડયું તો એમાંથી એક જોડ કપડાં નીકળ્યાં, પછી એણે હૂરને પૂછયું, તું કોણ છે ? તેણીએ જવાબ આપ્યો, હું આશૂરા છું, જન્નતમાં તારી સાથે મારો નિકાહ થયો છે. એની આંખ ઉઘડી તો જોયું કે ઘર સુગંધથી મહેકી રહ્યું છે. એણે વુઝૂ કર્યું અને બે રકાત નમાઝ પઢી, પછી દુઆ કરી : અય અલ્લાહ ! જો વાસ્તવમાં એ (હૂર) મારી જન્નતની પત્ની છે તો પછી મને તારી પાસે બોલાવી લે ! એની દુઆ કબૂલ થઈ ગઈ અને એનું અવસાન થઈ ગયું.

**(૨)** એક માણસે આશૂરાના દિવસે સાત દિરહમ ખૈરાત કર્યા. પછી આખુ વર્ષ એ એના બદલાની વાત જોતો રહ્યો. જયારે બીજો આશૂરાનો દિવસ આવ્યો તો કોઈ આલિમે દીનને બયાન કરતાં સાંભળ્યો, જે આશૂરાના દિવસે એક દિરહમ ખૈરાત કરશે, અલ્લાહ તઆલા એને હજાર દિરહમ આપશે. આ વાત સાંભળીને એ ભાઈ કહેવા લાગ્યો કે, આ વાત જૂઠી છે ! મેં ગત વરસે સાત દિરહમ ખૈરાત કર્યા હતા, મને તો કશું નથી મળ્યું ! રાત થઈ તો એક માણસ સાત હજાર દિરહમ લઈને આવ્યો અને કહેવા લાગ્યો, જૂઠા ! લે ! જો તેં કિયામત સુધી સબર કરી હોત તો સારું થાત ! એટલે કે એનો બદલો તને આખેરતમાં મળતો અને આખેરતનો બદલો દુનિયાથી ઉત્તમ છે, દુનિયા નાશંવત છે અને આખેરત અનાશવંત .

**(3)** એક વખત આશૂરાના દિવસે રેયના કાઝી પાસે એક ફકીર

આવ્યો અને કહ્યું, આ દિવસના હક્કમાં મને કાંઈક આપો ! એમણે એની વાત પર ધ્યાન ન આપ્યું. પરંતુ એક ઈસાઈએ ફકીરને એટલું આપ્યું કે એ ખુશ ખુશ થઈ ગયો. રાત્રે કાઝીએ સ્વપ્નમાં જોયું કે એક સોનાનો અને બીજો યાકૂતનો મહેલ છે. કાઝી સાહબે પૂછયું, આ મહેલો કોના છે ?! જવાબ આપવામાં આવ્યો, તમારા જ હતા જો તમે ફકીરની હાજત પૂરી કરી આપતા ! તમે એને કાંઈ ન આપ્યું તો હવે એ ફલાણા ઈસાઈના નામે કરી દેવામાં આવ્યા છે. કાઝી સાહબ ગભરામણમાં ઉઠયા અને ઈસાઈ પાસે જઈને કહેવા લાગ્યા કે ગઈ રાત્રીએ તમે જે ફકીરને દાન કર્યું હતું તેનો બદલો મને એક લાખના બદલે આપી દો ! એણે કહ્યું, જો તમે એ મહેલોના ઓટલાની કિંમત એક લાખ આપો તો પણ ન આપું ! હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના રસૂલ છે. (આમ ગવાહી આપી એ મુસલમાન થઈ ગયો.)

**(૪)** એક વખત કાફિરો પાસેથી એક બંદી આશૂરાના દિવસે નાસી છૂટયો તો સવાર થઈને એની શોધમાં નીકળ્યા અને એને પકડી લીધો. એણે દુઆ કરી, અય અલ્લાહ ! આશૂરાના દિવસના હક્કમાં તું મને એમનાથી મુક્તિ આપ ! એની દુઆ કબૂલ થઈ અને કાફિરો આંધળા થઈ ગયા અને એને મુક્તિ મળી. એણે શુક્રિયામાં રોઝો રાખ્યો. રાત પડી પણ એને કંઈ ખાવાનું ન મળ્યું. સ્વપ્નમાં ફરિશ્તો એની પાસે પીવાની કોઈ ચીજ લાવ્યો. એણે પીધું, ત્યાર પછી એ વીસ વરસ જીવંત રહ્યો પણ એને ખાવા પીવાની જરૂરત ન પડી.

## ★ આશૂરાની નમાઝ ★

નુઝહતુલ્ મજાલિસમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી એક રિવાયત નકલ કરવામાં આવી છે કે જે આશૂરાના દિવસે ચાર રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી અગ્યાર વખત કુલહુવલ્લાહની સૂરત પઢે. અલ્લાહ તઆલા એના પચાસ વરસોના ગુનાહ માફ ફર્માવી આપશે. અને એના માટે નૂરનું મિમ્બર બનાવવામાં આવશે અને જે દિવસમાં ગુસ્લ કરશે એને કોઈ પ્રકારની બીમારી થશે





નહીં અને જે સુર્મો લગાડશે એને આંખોની તકલીફ લાગુ થશે નહીં. (ઈમામ નસફીએ કહ્યું એનો મતલબ છે દિલની આંખો ડૂબશે નહીં.)

**સુર્માની હિકમત** : નુઝહતુલ્ મજાલિસમાં છે : હઝરત નૂહની નાવડીમાં સવાર લોકોની પાણીની દુર્ગંધથી આંખો આવી ગઈ હતી તો અલ્લાહ તઆલા તરફથી હઝરત નૂહ علیہ السلام ને કહેવામાં આવ્યું હતું કે સુર્મો લગાડો. એટલે સુર્મો લગાડવાનો રિવાજ જોવા મળે છે.

**ખીચડો** : નુઝહતુલ્ મજાલિસના લેખક હઝરત ઈમામ અબ્દુર્રહમાન ફર્માવે છે કે મુરિદ અઝાબ (કિતાબનું નામ)માં મારા પઢવામાં આવ્યું હતું કે નૂહની નાવડી આશૂરાના દિવસે પહાડ પર રોકાઈ હતી. આપે ફર્માવ્યું, તમારી પાસે જે કંઈ ભાથું હોય તે ભેગું કરો, કોઈ જવ લાવ્યો, કોઈ ચણા લાવ્યો, કોઈ ઘઉં લાવ્યો, કોઈ મસૂર લાવ્યો. ફર્માવ્યું, આ બધાંને દળી કાઢો, તમને સલામતીની ખુશ ખબરી આપવામાં આવી છે. (પછી એ બધાનું ભેગું ખાણું બનાવવામાં આવ્યું જેને આપણી ભાષામાં ખીચડો કહેવામાં આવે છે.) ફર્માવે છે, એટલા માટે એ દિવસે મુસલમાનો ખીચડો બનાવે છે.

## ★ ગુન્યતુત્તાલેબીનમાં આશૂરાનું વર્ણન ★

હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ચાર ઈજ્જતવાળા મહીનાઓ પૈકી મુહર્રમનો મહીનો પણ છે અને આશૂરાનો દિવસ એ માસમાં આવે છે. આપ ફર્માવે છે કે આશૂરાના દિવસે ઈબાદત કરનારને વધારે સવાબ મળે છે. અબૂન્નસ્રએ પોતાના પિતાથી, એમણે હઝરત મુજાહિદથી અને એમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : મુહર્રમમાં રોઝો રાખવાવાળાને દરેક રોઝાના બદલે ત્રીસ રોઝાનો સવાબ આપવામાં આવે છે.

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આશૂરાના દિવસે રોઝો રાખવામાં અને રાત્રે જાગીને ઈબાદત કરવામાં સાઈઠ વરસોની ઈબાદતનો સવાબ મળે છે અને કોઈ માત્ર એ દિવસે રોઝો રાખે તો સાતેવ આકાશોના લોકો જેટલો

સવાબ આપવામાં આવે છે, આશૂરાના દિવસે કોઈ મુસલમાનને ખાણું ખવડાવનારે જાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પૂરી ઉમ્મતને ખાણું ખવડાવ્યું.

હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવે છે : (રિવાયતોના આધારે) આશૂરાના દિવસમાં એક બરકત એ છે કે જે વ્યક્તિ એ દિવસે ગુસ્લ કરે એ બીમાર નહીં પડે પરંતુ મૌતની બીમારીથી કોઈ બચી નથી શક્તું. જે વ્યક્તિ સુર્મો લગાડશે એની આંખો આખું વરસ દુ:ખશે નહીં. જે એ દિવસે કોઈ બીમારની ખબર લેવા જાય એને સમગ્ર મખ્લૂકની ખબર લેવાનો સવાબ આપવામાં આવશે. જે એ દિવસે કોઈને એક ગ્લાસ શરબત પીવડાવે તો એને એટલો સવાબ આપવામાં આવે છે જાણે એણે એક પળ માટે પણ અલ્લાહની ઈબાદતથી આળસ કરી નથી. જે એ દિવસે ચાર રકાત નમાઝ પઢે દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી પચાસ વખત સૂરએ ઈખ્લાસ પઢે તો એના આગલા અને પાછલા પચાસ પચાસ વરસોના ગુનાહ માફી કરી દેવામાં આવશે. અને એના માટે નૂરના પચાસ મહેલો બનાવવામાં આવશે.

એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ચાર રકાત નમાઝમાં દરેક બે રકાતે સલામ ફેરવે, દરેક રકાતમાં એક વખત સૂરએ ફાતિહા એક વખત, સૂરએ ઝિલ્ઝાલ, એક વખત સૂરએ કાફિરૂન અને એક વખત સૂરએ ઈખ્લાસ પઢે, ચાર રકાત પછી હુઝૂરે પાક પર દુરૂદ મોકલે.

જે વ્યક્તિ એ રાત્રીએ જાગે અને ઈબાદત કરે એ અવસાન પહેલાં પોતાની મૌતની ખબર પામી લેશે.

એક રિવાયત એ છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જે વ્યક્તિ આશૂરાની રાત્રીમાં સવાર સુધી ઈબાદત કરે તો એની ઈચ્છા પ્રમાણે એને જીવંત રાખવામાં આવશે.

સુફયાન બિન ઉયૈનાએ જઅફર કૂફીથી અને એમણે ઈબ્રાહીમ બિન મુહમ્મદ મુન્શિરથી રિવાયત કરી. (જેઓ પોતાના જમાનામાં કૂફાના મહાન બુઝુર્ગ હતા) તેમનાથી એ જાણવા મળ્યું કે જે વ્યક્તિ આશૂરાના દિવસે ઘરવાળાઓ પર ઉદારતાથી ખર્ચ કરે અલ્લાહ તઆલા આખુ વરસ એને સારી હાલતમાં રાખશે.

હઝરત સુફયાન ફર્માવે છે કે મેં પચાસ વરસો સુધી એનો



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

અનુભવ કર્યો તો એ જાણવા મળ્યું કે એ સત્ય છે કે જે વ્યક્તિ એ દિવસે પોતાનાં ઘરવાળાંઓ પર ઉદારતાથી ખર્ચ કરે છે તેને અલ્લાહ તઆલા આખુ વરસ વધારે રોજી અતા ફર્માવે છે.

## ★ જાનવરોનો રોઝો ★

હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવે છે કે અબૂ નસ્રએ પોતાના પિતા અને ગલીત બિન ઉમય્યા બિન ખલ્ફ અજમીથી રિવાયત કરી કે એક દિવસ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરે પધાર્યા, ચકલી જોઈને ફર્માવ્યું, આ પ્રથમ પક્ષી છે જેણે આશૂરાના દિવસે રોઝો રાખ્યો !

કૈસ બિન ઉબાદા ફર્માવે છે કે મેં આશૂરાના દિવસે જંગલી પ્રાણેઓને રોઝો રાખતાં જોયાં.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી કે મુહર્રમ અલ્લાહ તઆલાનો મહીનો છે. એમાં એક કૌમની તૌબા કબૂલ થઈ, એમાં જે વ્યક્તિ પણ તૌબા કરશે એની તૌબા કબૂલ કરવામાં આવશે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે, જે વ્યક્તિ ઝુલ્ હજ્જા મહીનાના અંતમાં અને મુહર્રમના આરંભમાં રોઝો રાખે તો એણે જાણે આખા વરસના રોઝા રાખ્યા અને નવા વરસના રોઝા શરૂ કરી આપ્યા. પચાસ વરસોનો એનો કફ્ફારો અદા થઈ જાય છે.

## ★ આશૂરાના દિવસમાં વિવાદ ★

હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આશૂરાના દિવસમાં વિવાદ છે એ કયો દિવસ છે એ વિવાદાસ્પદ છે. અમુક લોકોનું મંતવ્ય છે કે એ નવમી મુહર્રમનો દિવસ છે પણ વધારે લોકોનું મંતવ્ય છે કે એ મુહર્રમનો દસમો દિવસ છે. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે નવમી તારીખ આશૂરાનો દિવસ છે. હકીમ બિન આરજે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને આશૂરાના દિવસ બાબત પૂછયું તો એમણે ફર્માવ્યું, જે દિવસે તમે મુહર્રમનો ચાંદ જુઓ તે દિવસથી ગણતરી કરો. જ્યારે નવમા

દિવસની સવાર આવે રોઝો રાખો. આપને પૂછવામાં આવ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ દિવસે રોઝો રાખતા હતા ? આપે જવાબમાં હા ! ફર્માવ્યું.

એક રિવાયતમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આશૂરાના દિવસે રોઝો રાખ્યો અને લોકોને પણ રોઝો રાખવાનું ફર્માવ્યું. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ તો યહૂદી અને ઈસાઈનો દિવસ છે ! (એ લોકો ઉજવે છે) તેઓ આ દિવસને ઉત્તમ સમજે છે. આપે ફર્માવ્યું, હું આવતા વર્ષે મુહર્રમની નવમી તારીખે રોઝો રાખીશ. આપે આમ એટલા માટે ફર્માવ્યું કે આશૂરાનો રોઝો રહી ન જાય.

**ફાયદો** : ઉત્તમ એ છે કે નવમી અને દસમી તારીખ એ બે રોઝા રાખવામાં આવે. જેનાથી યહૂદી અને ઈસાઈના વિરૂધ્ધ પણ થઈ જાય અને વિવાદને લઈને નવમીના આશૂરા હોય તો ફઝીલત પ્રાપ્ત થઈ જાય અને દસમીના હોય તો પણ ફઝીલતથી નિરાશ ન થવું પડે. આ વચલો માર્ગ છે અને વચલો માર્ગ ઉત્તમ છે.

**સવાલ** : અમુક લોકોનું કહેવું એવું છે કે આશૂરાનો દિવસ મુસલમાનો માટે સોગ અને ગમનો દિવસ છે, કારણ કે એમાં ઈમામ આલી મુકામની અને એમના સગા સંબંધીઓની યઝીદના સૈન્ય દ્વારા શહાદત થઈ હતી. તો શું આપણે આશૂરાને ગમનો દિવસ સમજવો જોઈએ અને એ પ્રમાણે એને ઉજવવો જોઈએ ?!

**જવાબ** : ઈમામ આલી મુકામની શહાદતને ૧૪ મી સદી ચાલી રહી છે, ત્રણ દિવસથી અધિક સોગ મનાવવો જાઈઝ નથી. પછી અત્યારે સોગ અને માતમની વાત સદંતર રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلمના ફર્માન વિરૂધ્ધ છે. એનાથી દૂર રહેવું જોઈએ.

## ★ ગૌષૈ પાકનો જવાબ ★

ગુનિયતુત્તાલેબીન આશૂરાના બયાનમાં પીરાને પીર હઝરત મહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ ફર્માવે છે, ઈમામ હુસૈનની





શહાદતને લઈને આશૂરાના રોઝાનો હુકમ નથી આપવામાં આવ્યો. શહાદતને લઈને જેઓ આશૂરાના રોઝા પર વાંધો ઉઠાવે છે, તેઓ ગલતી પર છે. વાસ્તવિક્તા એ છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદત માટે આશૂરાના ઉત્તમ દિવસને રાખી શહાદતનો દરજો વધારી દીધો છે. આપની કરામત અને બુઝુર્ગીમાં વધારો કરી આપ્યો છે.

જો હઝરત ઈમામે હુસૈનના શહાદતના દિવસને મુસીબતનો દિવસ સમજવામાં આવે તો પછી સોમવારનો દિવસ એનાથી પણ વધીને ગમનો દિવસ છે ! કારણ કે એ દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુનિયાથી પર્દો ફર્માવ્યો હતો, અને એ જ દિવસે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનું અવસાન થયું હતું.

હિશામ બિન ઉરવાથી રિવાયત છે : હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ ફર્માવ્યું, મારા પિતા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ મને પૂછયું, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ક્યારે પર્દો ફર્માવ્યો હતો ?! મેં વિનંતિ કરી, સોમવારના દિવસે. ત્યારે આપે ફર્માવ્યું, મને અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે કે એ મારી રૂહ એ જ દિવસે કબ્જે કરશે. તો પછી સોમવારના દિવસે જ આપનું અવસાન થયું.

હઝરત ગૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નું અવસાન બીજા લોકોના અવસાન કરતાંય મોટી આફત છે.

આ વાત પર બધા લોકોની સંમતિ છે કે કોઈ વ્યક્તિ સોમવારના દિવસે રોઝો રાખે તો આ મહાન ફઝીલત અને બઝુર્ગીનો ઝરિયો છે. કારણ કે એ દિવસે બંદાઓના અમલો અલ્લાહ તઆલા તરફ લઈ જવામાં આવે છે. જુમેરાતના દિવસે પણ અમલો અલ્લાહ તઆલાની બારગાહમાં પેશ થાય છે. આશૂરાના દિવસે પણ એવું થાય છે. એને માતમનો દિવસ કહેવામાં નથી આવતું. એ દિવસે રડવા અને માતમ કરવાને એટલા માટે સારું જાણવામાં નથી આવતું કે આ ફઝીલત અને બુઝુર્ગીનો દિવસ છે.

આશૂરાના દિવસે નબીઓને એમના દુશ્મનોથી પનાહ

આપવામાં આવી, એમના દુશ્મનો અને કાફિરોને હલાક કરવામાં આવ્યા. દા.ત. ફિરઔન, એની કૌમ, અને બીજા કાફિરો. એ દિવસે બીજી બુઝુર્ગ ચીજો અને હઝરત આદમનો જન્મ થયો. અમુક બુઝુર્ગો પણ એ દિવસે પૈદા થયા. એ દિવસના રોઝાનો ઘણો સવાબ મળે છે. ગુનાહોનો કફ્ફારો અદા થઈ જાય છે. બુરાઈઓ દૂર કરી દેવામાં આવે છે. તો પછી આશૂરાનો દિવસ પણ બીજા બુઝુર્ગ દિવસો માફક છે જેમ કે ઈદના દિવસો, જુમ્આ, અરફાના દિવસો.

જો આશૂરાના દિવસે માતમ કરવી જાઈઝ હોત તો સહાબાએ કિરામ અને તાબેઈન પણ આમ કરતા, અને એના પર અમલ કરતા રહેતા. તેઓ આ કામનો વધારે હક્ક ધરાવતા હતા, પણ એમણે આમ ન કર્યું હતું. બલ્કે આશૂરાનો દિવસ આવવા પર પોતાનાં ઘરવાળાઓનાં ખાવા પીવામાં ઉદારતાથી કામ લેતા અને રોઝો પણ રાખતા હતા. *(ગુન્યુત્તાલિબીન, અઝ : ગૌષ પાક رضی اللہ عنہ)*

**ફાયદો** : હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ના ફર્માનથી સ્પષ્ટ થયું કે આશૂરાના દિવસને ગમ (વિલાપ) અને માતમનો દિવસ રાખવામાં આવશે નહીં. એ જ સહાબા અને તાબેઈનની પસંદની વાત છે. એટલે એને **વિલાપ અને સોગનો દિવસ કહેવું અહલે સુન્નતનું કામ નથી, શિઆ લોકોનું કામ છે.** અને આપણે સહાબા અને તાબઈનના માર્ગે ચાલવું જાઈએ, અને આપણા ધાર્મિક વડા હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ની વાત પર અમલ કરવો જોઈએ.

## ★ મૌત પર વિલાપ ★

કોઈ પણ વ્યક્તિના મરવા પર, પછી તેનું અવસાન ગમે તે રીતે થયું હોય **ત્રણ દિવસથી અધિક શોક કરવો હરામ** છે, માત્ર જે સ્ત્રીના પતિનું અવસાન થયું હોય તેના માટે ચાર મહીના દસ દિવસનો હુકમ આપવામાં આવ્યો છે. વધુ માહિતી માટે **તોહફાએ નજાત, ભાગ–૯** જુઓ.

તિર્મિઝી શરીફ અને બુખારી શરીમાં છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, કે કોઈ ઈમાનવાળા માટે હલાલ નથી કે ત્રણ





દિવસથી અધિક શોક કરે માત્ર બેવા સ્ત્રીને છોડીને. એના શોકની મુદ્દત ચાર મહીના દસ દિવસ છે.

**ફાયદો** : જ્યારે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને શોકની મનાઈ કરી તો પછી સદીઓ બાદ ઈમામ આલી મુકામ માટે એ હુકમ પરત આવી શક્તો નથી.

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : આપણા પ્યારા નબીએ ફર્માવ્યું, **જે મોઢાં પર તમાચા મારે, કપડાં ફાડે અને અજ્ઞાની લોકો માફક પોક પાડીને રડે તે અમારામાંથી નથી.** (એટલે કે આ ઈમાનવાળાઓનો રિવાજ નથી થઈ શક્તો.)

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે માથું બોડાવે, વિલાપ કરે અને કપડાં ફાડે, હું એવાથી દૂર છું !

## ★ ઈસ્લામી શરીઅત ★

વિલાપ, એટલે મૈયતના ગુણોનું અતિશયોક્તિ સાથે વર્ણન કરવું, બેસબ્રીનું પ્રદર્શન કરવું, પોક પાડીને રડવું **હરામ** છે. એ જ પ્રમાણે **હાય ! હાય મુસીબત !** વગેરે શબ્દો ઉચ્ચારી પોકે પોકે રડવું પણ **હરામ** છે. *(જોહ્રહ્ વગેરે)*

કપડાં ફાડવાં, મોઢું, વાળ વગેરે પીંખવું, માથે માટી નાખવી, છાતીઓ કૂટવી, જાંઘો પર હાથ પછાડવા આ બધા જહાલતનાં કાર્યો છે, **હરામ** છે. *(આલમગીરી)*

**ફાયદો** : હદીષથી જાણવા મળ્યું કે ત્રણ દિવસથી અધિક શોક મનાવવો જાઈઝ નથી. એ જ હદીષનો ભાવાર્થ અને ઈસ્લામી ફિકહનો નિયમ છે, તો પછી સદીઓ પછી શોકની રજા મળી શક્તી જ નથી ! પોક પાડીને રડવું, મોઢું અને વાળ પીંખવા, અતિ બેસબ્રીનું પ્રદર્શન કરવું એ તો **મૌતના પ્રથમ દિવસ માટે પણ જાઈઝ નથી**, પછી સદીઓ પછી એ કુરિવાજ શુભ કેવી રીતે બની શકે છે ?!

## ★ આપણે શું કરવું ? ★

હરામ કામોથી બચવું જરૂરી છે, હરામ કામોથી સવાબ મળતો નથી, ગુનાહોમાં વધારો થાય છે. ઈમામ આલી મુકામ કરબલાના મેદાન સુધી આપણને સત્ય માર્ગ બતાવવા માટે ગયા હતા, તકલીફોનો સામનો સત્ય માર્ગ બતાવવા માટે કર્યો હતો, પછી આપણે એમની શહાદતના વર્ણન સમયે હરામ કામ કરીએ એ ન્યાયની વાત ન કહેવાય ! અને એને મહબ્બત પણ ન કહેવાય, **ગુનાહ અને દીનની મહબ્બત એક જગાએ ભેગી થઈ શક્તી નથી**, તો પછી શહાદતના દિવસે ઈસાલે સવાબના કામો કરી ઈમામ અને એમના સગા સંબંધીઓની રૂહોને ખુશ કરવી જોઈએ.

**સવાલ** : અવાજથી રડવામાં ન આવે માત્ર એમના દુઃખના વર્ણનથી આંખો ઉભરાય આવે તો એ જાઈઝ છે ?!

**જવાબ** : આંખોથી રડવું જેમાં અવાજ ન હોય તો જાઈઝ છે, આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના ફરઝંદ હઝરત ઈબ્રાહીમના અવસાન પર આંખોથી રડયા હતા. સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : આપણા પ્યારા નબીએ ફર્માવ્યું, આંખના આંસૂ અને દિલના ગમના કારણે અલ્લાહ પાક અઝાબ કરતો નથી, અને જીભ તરફ ઈશારો કરી ફર્માવ્યું, પણ આના કારણે અઝાબ અને રહમ કરે છે.

હદીષે પાકથી જાણવા મળ્યું કે આંખોથી આંસૂ વહેવાં હરામ નથી. જો ઈમામ હુસૈન અને એમના સંબંધીઓની કરબલાની હાલત માત્ર જાણકારી માટે કરવામાં આવે અને એનાથી રડવું આવી જાય તો વાંધો નથી, પણ રડવાની નિય્યતે એ વાક્યાઓ બયાન કરવામાં ન આવે.

## ★ અમુક ઓલમાની ગલતી ★

અમુક તકરીર કરવાવાળા મૌલ્વીઓ જેમને મુકર્રિર કહેવામાં આવે છે, તેઓ પોતાના બયાનોથી વાહ વાહની ઈચ્છા વધારે ધરાવતા હોય છે, એટલે તેઓ પોતાના બયાનોને એવા રંગમાં રંગવાની કોશિશ



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

કરતા હોય છે કે લોકો અમને શાબાશી આપે ! અને એમાં તેઓ હદીષોને બદલી બદલીને, બયાન કરે છે. વાક્યા અને કિસ્સાઓની ચકાસણી કરતા નથી, જે પબ્લિકને સારો લાગે તે કહી સંભળાવે છે અને પછી પબ્લિક એવી વાતને લઈને ફરે છે.

મુહર્રમના મહીનામાં પણ અમુક મુકર્રિરો કરબલાના વાક્યાને એવા રંગમાં લઈ જાય છે કે પછી લોકો પોક પાડીને રડવાનું શરૂ કરી દે છે તો આમ કરવાની શરઈ રજા નથી. આ રંગને શીઆઈયતનો રંગ કહી શકાય છે. અહલે સુન્નતના આલિમોમાં આ પ્રકારનાં કામોની છૂટ નથી. જો કે ઈતિહાસથી વાકેફ કરવા અને એમના પર થયેલ જુલ્મ અને ત્રાસને સત્ય વાક્યાથી બયાન કરવામાં વાંધો નથી પણ શીઆઓના રંગ ઢંગથી અહલે સુન્નતની મેહફિલોને બચાવવામાં આવે.

## ★ ઈમામ ગિઝાલીની શિખામણ ★

મુકાશિફતુલ કોલૂબમાં આશૂરાની ફઝીલતના વર્ણનમાં આપે અહલે સુન્નત વલ જમાઅતના લોકોને મુહર્રમની મહફિલો બાબતે શિખામણ આપી છે;

ફર્માવે છે : આશૂરાના દિવસે ઈમામ હુસૈન સાથે જે કંઈ થયું એ તે દિવસની મહત્વતા, ઉચ્ચતા, અલ્લાહની બારગાહમાં એની ઈજ્જત અને અહલે બૈતના મર્તબાઓથી એ દિવસનો સંબંધ એ દિવસની ઉચ્ચતા માટે સ્પષ્ટ પુરાવો છે, તો પછી જે કોઈ માણસ એ દિવસે સમયની મુસીબતોનું વર્ણન કરે એના માટે એ જ ઉત્તમ છે કે **ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન** પઢે કારણ કે એમાં અલ્લાહના હુકમની તાબેદારી અને એના ફર્માનનું રક્ષણ છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

أُولَٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِّن رَّبِّهِمْ وَرَحْمَةٌ ۖ وَأُولَٰئِكَ
هُمُ الْمُهْتَدُونَ

"આ જ છે તેઓ જેમની ઉપર અલ્લાહના દુરૂદ અને કૃપા, અને આ જ હિદાયત પર છે."

(એટલે કે કુર્આનના ફર્માન અનુસાર મુસીબતો પર બેસબ્રી જાહેર કરવામાં ન આવે બલ્કે સબ્રથી કામ લેવું જોઈએ અને **ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન** પઢવું જોઈએ. સબ્રથી કામ લેવાવાળાઓને સત્ય માર્ગે હોવાની ખુશખબરી સંભળાવવામાં આવી.)

આપ ફર્માવે છે : એ ખ્યાલ રાખો કે શીઆઓની બિદઅતોમાં વ્યસ્ત ન થઈ જાવ, જેમ કે એ લોકોની જેમ રડવું, કુટવું, ગમ પ્રગટ કરવો વગેરેમાં વ્યસ્ત રહે છે. આ પ્રકારનાં કામો ઈમાનવાળાઓના સંસ્કારથી દૂર છે. જો આ કામો સારાં હોતે તો એમના નાના ﷺ ના પર્દો કરી જવાના દિવસે એ કામોનો વધારે હક્ક રહેતો. અમને અલ્લાહ પૂરતો છે અને એ જ સર્વોત્તમ મદદ કરનાર છે.

## ★ મુહર્રમ અને તાઝિયા ★

આપણા ગુજરાત અને બીજા ઘણા બધાં રાજ્યોમાં મુહર્રમના મહીનાના પ્રથમ દસ દિવસોમાં તાઝિયા બનાવવામાં આવે છે, માતમ અને શોક કરવામાં આવે છે, તબલા, સારંગી અને ઢોલ ધમાકા વગાડી ગલી ગલીએ તાઝિયા ફેરવવામાં આવે છે. અને પછી એ બનાવેલા તાઝિયાઓને તળાવ અથવા નદીમાં ડૂબાડી દેવામાં આવે છે. ઉપરોક્ત કામો કરવાવાળાઓ પોતાને સુન્ની કહે છે, એ કામોને સુન્નિયતનો અતૂટ ભાગ સમજે છે અને ઉપરોક્ત કામોમાં સાથ આપનારાઓને જ સુન્ની સમજે છે ! તો આ કરૂણ દશા જોઈને મન થયું કે આશૂરાના ઉલ્લેખ સાથે તાઝિયાના રિવાજની હકીકત અને એની વાસ્તવિક્તા સ્પષ્ટ વર્ણવી આપું !

વર્તમાનકાળમાં જ્યાં બદ્અકીદા લોકો બરેલ્વી શબ્દ બોલે છે ત્યાં એનો અર્થ એ જ લેવામાં આવે છે કે બિદઅતી ફિર્કો. બરેલ્વીથી ઓળખાતા લોકોમાં તો ઈમાન અને અમલની કોઈ ખરાબી આ બાબતે નથી પણ પબ્લિકમાં ઘણા અંધશ્રધ્ધાવાળા લોકો છે **જેઓ દીન અને ધર્મ બાબતે કશું સમજવા માંગતા નથી અને એમના મનમાં આવે તે કરી એને જ સુન્નિયત સમજે છે.** એવી કસમજના લોકોએ સુન્નિયતને વગોવી છે અને બદ્અકીદા લોકોમાં બદ્નામી કરી છે.

એવા કુરિવાજો અને બુરી બિદઅતોને નષ્ટ કરવા આપણે શું





કરવું જોઈએ, અને કેવું પગલું ભરવું જોઈએ તે એક કષ્ટદાયક પ્રશ્ન છે ! અને એનો ઉત્તર બનાવવો અધિક કઠણ છે, પણ જો ન્યાયની દખલગીરી મંજૂર કરી લેવામાં આવે તો એને સરળ બનાવી શકાય છે અને ચાલતી બરેલ્વિયતને બદનામીની અગ્નિમાંથી સંપૂર્ણ રક્ષણ સાથે બહાર કરી શકાય છે. અને આ એક બે માણસોનું કામ નથી, એના માટે પ્રથમ કુર્બાની આલિમો અને પીરોએ આપવાની છે કે તેઓ એક પ્લેટફોર્મ પર આવી જાય, ન્યાય સાથે શરીઅતની વાતો સ્વીકારી લે, અને પછી એ વચન લે કે આ સત્ય વાતો અમે અમારા શુભેચ્છકોમાં પહોંચાડીને રહીશું અને દીનની વાસ્તવિક્તાનો ઝંડો ઊંચો કરીને જ રહીશું ! તો કામ આપમેળે સરળ થઈ જશે, અને જોતજોતામાં એવો પલ્ટો આવશે કે બિદઅતો નષ્ટ થઈ ગઈ હશે અને લોકો દીનની સત્ય વાતો પર સંપૂર્ણપણે અમલ કરી રહ્યા હશે.

આલિમો અને અમુક પીરોમાં એટલો બધો વિરોધાભાસ જોવા મળે છે કે બંનેમાંથી કોઈ એક તબકો બીજાને કબૂલ કરવા માંગતો નથી, પીરો જે કાંઈ કરે છે આલિમો વાંધો ઉઠાવે છે અને આલિમો કાંઈ કહે છે તો પીરો તેને ધ્યાનમાં લાવતા નથી અને પોતાના ચાહકોને એ તરફ લક્ષ આપવા દેતા નથી. તો આમ આદાવેરથી આ કામ બની શકતું નથી અને આવા ગરજ મતલબીના નિર્ણયથી સફળતા મળી શક્તી નથી, એનાથી કામ બનવાની જગાએ બગડે છે.

## ★ સુલેહ કરવા શું કરશો ? ★

જો આલિમ અને પીરોના બંને તબકાઓ પોત પોતાને કાંઈ સમજે તો એમનું કામ બની શક્તું નથી અને એવી અભિમાનવાળી ગંભીર સ્થિતિમાં સફળતાના સૂર્યનું કિરણ ચમકી શક્તું નથી. શું આપને ખબર નથી કે દુનિયામાં પ્રથમ ગુનોહ જે વજૂદમાં આવ્યો તે શૈતાનથી અભિમાનનો ગુનોહ હતો ?! અભિમાનને લઈને એણે અલ્લાહના ફર્માનને છોડી આપ્યું અને અલ્લાહ તઆલાથી પોતાની જાતની ફઝીલત બાબતે ચર્ચા કરવા લાગ્યો. અને એની જ નાકામી થઈ તે કિયામત સુધીના લોકો માટે નાકામીનો સશક્ત પૂરાવો છે. તો જ્યારે અભિમાન અલ્લાહના ફર્માન તરફ ધ્યાન આપવાથી રોકી લે છે તો પછી એક બીજાની વાત

તરફ ધ્યાન આપવાનું સ્વપ્ન સાકાર કેવી રીતે બની શકે ?! એટલે આલિમો અને પીરોએ પ્રથમ ગર્વ અને અભિમાનના કીચડમાંથી નીકળી નમ્રતાના સ્વચ્છ પાણીથી પગોનું કીચડ સાફ કરવું જોઈએ અને પછી સર્વથી મહાન જેમની વાતો પર દીન અને ધર્મની બિલ્ડીંગ ઊભી છે તેમની વાતોને સુલેહની બુન્યાદ બનાવવી જોઈએ તો બંને ભાગોમાં સુલેહ થઈ શકે છે.

## ★ પબ્લિક દરમ્યાનમાં કેમ નહીં ?! ★

વિવાદમાં આપે માત્ર બે ભાગ બનાવ્યા, એક આલિમોને અને બીજો પીરોને, તો પછી આમ પબ્લિકને એ સુલેહમાંથી અલિપ્ત કેમ રાખી ? એ સવાલ અહીં ઉપસ્થિત થઈ શકે છે ! તો એનો જવાબ એ છે કે સામાન્ય પબ્લિક આલિમો અને પીરો બંને પૈકી કોઈ એક સાથે જરૂરથી સંકળાએલી હોય છે, આલિમોના ચાહકો એમની વાતો માન્ય રાખે છે અને એને અમલમાં લાવવા કોશિશ કરે છે. પીરોના ચાહકો પીરોની વાતને માને છે અને એની ઉપર અમલ કરવાને ગર્વ સમજે છે, એટલે પબ્લિકને સુલેહ દરમ્યાન લાવવાની જરૂરત નથી. જો ઉપરોક્ત બંને જમાઅતોમાં સુલેહ થઈ જાય અને મતભેદ ન રહે તો ચાહકોમાં આપમેળે આ કામ બની શકે.

હે આલિમો ! દીન તમારો નથી, તમારા અલ્લાહ અને રસૂલનો છે ! અને હે પીરો ! દેખતી જાગીરો તમારી નથી, અલ્લાહ અને રસૂલની છે ! તમે બંને જમાઅતો દીન અને ધર્મના ખાદિમ છો, તમારે તો તમારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન મુજબ ખિદમતો કરવાની છે તો પછી બંનેમાં મતભેદ કેમ આવી રહ્યો છે ?! એવું લાગે છે કે તમે મૂળોને છોડીને ડાળીઓ પર ભરોસો કરી લીધો છે !

જ્યારે દીન અલ્લાહ અને રસૂલનો છે તો આપણે આપણી ઈચ્છા પર નહીં પણ અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલી દરેક ખરાબીથી અલગ થઈ એનાથી તૌબા કરી શરીઅત પર મજબૂતપણે અમલ કરવો જોઈએ અને આપણા પોતાનાને દીનનો સત્ય માર્ગ બતાવવો જોઈએ. સારાંશ કે શરીઅતના હુકમને માની લઈને દરેકે એ જ રાહ અપનાવી લેવાથી વિવાદો દૂર થઈ જશે.





## ★ હઝરત મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

**(૧)** હઝરત મુહદ્દિષે દહેલ્વી હઝરત શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ તાઝિયા બાબત પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં ફર્માવે છે :– તાઝિયાદારી દર અશરઈ મુહર્રમ વ સાખ્તન ઝરાઈહ વ સૂરત વગેરા દુરૂસ્ત નીસ્ત. એટલે કે "મુહર્રમના પ્રથમ દસ દિવસમાં તાઝિયાદારી, કબર, સૂરત (શક્કલ) વગેરે બનાવવું જાઈઝ નથી." *(ફતાવા અઝીઝિયા, ભા. ૧, પેજ–૭૫)*

**(૨)** તાઝિયાદારી કે હમચુ મુબતદિઆં મીકુનંદ બિદઅતસ્ત વ હમચુનીં સાખ્તન ઝરાઈહ વ સૂરતે કુબૂર વઅલમ વગેરે ઈં હમ બિઅદઅતસ્ત વજા હિરસ્ત કે બિદઅતે સૈયૈઆ અસ્ત. *(ફતાવા અઝીઝિયા, ભા. ૧, પેજ–૭૫)* તાઝિયાદારી જેમ કે બદ્અકીદા લોકો કરે છે બિદઅત છે, એ જ પ્રમાણે તાબૂત અને કબરોની સૂરત અને ઝંડા પણ બિદઅત છે. અને સ્પષ્ટ એ જ છે કે બુરી બિદઅત છે.

**(૩)** ઈં ચોબહા કે સાખ્તા અસ્ત કાબિલે ઝિયારત નીસ્તંદ બલ્કે કાબિલે ઈઝાઅંદ ચુંના કે દર હદીષ શરીફ આમદા....

એટલે કે આ તાઝિયા જે બનાવવામાં આવે છે ઝિયારતના લાયક નથી, બલ્કે નષ્ટ કરી દેવાના લાયક છે, જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે તમારામાંથી કોઈ શરીઅત વિરૂધ્ધ કામ જુએ તો એને પોતાના હાથ (શક્તિ)થી બદલે (નષ્ટ કરે), એની શક્તિ ન હોય તો પોતાની જીભથી બદલે (મનાઈ કરે), એની પણ શક્તિ ન હોય તો દિલથી બદલે (બુરું સમજે), અને આ અતિ અશક્ત ઈમાન છે.

**(૪)** તાઝિયા બનાવવામાં ચંદો આપવો અને મદદ કરવી કેવી છે તેની બાબત જવાબ આપતાં હઝરત મુહદ્દિષ સાહબ ફર્માવે છે :–

ઈં હમ જાઈઝ નીસ્ત ચેરા કે ઈઆનત બર મઅસિયત મીશવદ વ ઈઆનત બર મઅસિયત ગેર જાઈઝ. *(ફતાવા અઝીઝિયા, ભા. ૧, પેજ–૭૭)* એટલે કે એ પણ જાઈઝ નથી એટલા માટે કે ગુનાહ પર મદદ છે. અને ગુનાહ પર મદદ નાજાઈઝ છે.

**ભાવાર્થ** : હઝરત મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના મંતવ્યથી એ

જાણવા મળ્યું કે તાઝિયો બનાવવો, કબરોની સૂરત બનાવવી, તાબૂત તૈયાર કરવાં અહલે સુન્નતનું કામ નથી બિદઅતી અને બદ્‌મઝહબ લોકોનું કામ છે. એની ઝિયારત કરવી જાઈઝ નથી, બલ્કે કોઈની પાસે એને નષ્ટ કરવાની શક્તિ હોય તો નષ્ટ કરે, નહીં તો એ બાબતે મનાઈનું એલાન કરે, અને કંઈ ન કરી શકે તો એ પોતે દિલથી એ કામને નાજાઈઝ અને બુરં સમજે. **લોકો ચંદો કરીને જ આ કામો કરતા હોય છે તો એ કામમાં ચંદો આપવો જાઈઝ નથી, ગુનાહમાં મદદ સવાબ નથી ગુનોહ છે ! અને એ કામોને સવાબ સમજીને કરવા એનાથી મોટો ગુનોહ છે ! એટલે સુન્નીઓએ એનાથી બચવું જોઈએ અને દૂર રહેવું જોઈએ.**

## ★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના સંબંધથી આજે દુનિયામાં અહલે સુન્નત વલ જમાઅતના લોકો **બરેલ્વી** અને સુન્નીયતને **મસ્લકે આ'લા હઝરત** કહેવામાં આવે છે. **મસ્લકે આ'લા હઝરત** બિદઅતોથી પાક અને સાફ સુન્નતનો મસ્લક છે, પરંતુ સુન્નીઓ સાથે રહી પોતાને સુન્ની કહેનારાઓ અને જરૂરત પડે આ'લા હઝરત સાથે પોતાનો સંબંધ જોડનારાઓ બિદઅતોનાં કામો કરે છે, અને સત્ય સમજે છે અને એને સુન્નીયતની ઓળખ સમજે છે ! તેવા કસમજના લોકોને લઈને લોકો બરેલ્વીઓને બિદઅતી કહે છે. પણ તેમણે બોલવામાં અન્યાય ન કરવો જોઈએ. અમારા લખાણમાં બિદઅતે સૈયેઆને જાઈઝ કહેવામાં નથી આવ્યું, તાઝિયા બાબત અમારા આ'લા હઝરતનો ફત્વો એ જ છે કે એ જાઈઝ નથી.

ફતાવા રઝવિય્યા, પેજ–૧૮૬, ભાગ–૬ માં છે : તાઝિયા મનાઈના હુકમમાં છે, શરીઅતમાં એનો કોઈ પુરાવો નથી અને જે કંઈ બિદઅતો એની સાથે કરવામાં આવે છે સખત નાજાઈઝ છે. તાઝિયા પર જે મીઠાઈ ચઢાવવામાં આવે છે તે ભલે હરામ નથી થઈ જતી પરંતુ એના ખાવામાં જાહિલોની નજરમાં એક નાજાઈઝ કામની ઈજ્જત





વધારવી અને એના છોડવામાં એનાથી નફરત અપાવવી છે એટલે ખાવામાં ન આવે, ઢોલકું વગાડવું હરામ છે, તાઝિયાની ઈજ્જત કરવી બિદઅત (બુરી બિદઅત) છે, તાઝિયો બનાવવો નાજાઈઝ છે.

આ'લા હઝરત અઆલિ ઈફાદા ફી તાઝિયતિ હિંદ વ બયાનિશ્શહાદહ, પેજ –૩ પર લખે છે : તાઝિયાકી અસલ ઈસ કદર થી કે રોઝએ પૂરનૂર હુઝૂર શેહઝાદએ ગુલગું કબા હુસૈન શહીદે ઝુલ્મો જફા સલવાતુલ્લાહિ તઆલા વસલામુહુ અલા જદ્દિહિલ કરીમ વ અલૈહકી સહીહ નકલ બનાકર બનિય્યતે તબર્રુક મકાન મેં રખના, ઈસમેં શરઅન કોઈ હર્જ ન થા કે તસ્વીરે મકાનાત વગેરહા ગૈરજાનદાર કી બનાકર રખના સબ જાઈઝ ઔર ઐસી ચીઝેં કે મુઅઝ્ઝમાને દીનીકી તરફ મનસૂબ હોકે અઝમત પૈદા કરેં ઉનકી તમસાલ બનિય્યતે તબર્રુક પાસ રખના કતઅન જાઈઝ, જૈસે સદહા સાલસે તબકતન ફ તબકતન અઈમ્મએ દીન વ ઉલ્માએ મુઅતમેદીનને નાલૈન શરીફૈન હુઝૂર સૈયેદુલ કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم કે નક્શે બનાયે ઔર ઉનકે ફવાઈદે જલીલા, મનાફેએ જમીલામેં મુસ્તકિલ રિસાલે તસનીફ ફર્માએ હંય. ઈશ્તેબાહ હો ઈમામ અલ્લામા તલમસાની કે ફતહુલ મુતઆલ વગેરે મુતાલા કરે, મગર જહાં બેખિરદને ઈસ અસલે જાઈઝ કો બિલકુલ નેસ્તો નાબૂદ કરકે સદહા ખુરાફત તરાશીં કે શરીઅતે મુતહ્‌હરાસે અલ અમાન અલઅમાનકી સદાએં આએં, અવ્વલ તો નક્શે તાઝિયામેં રૌઝએ મુબારક કી નકલ મલહુઝ ન રહી, હર જગા નઈ તરાશ નઈ ઘડત જિસે ઈસ નકલસે કુચ્છ ઈલાકા ન નિસબત, ફિર કિસીમેં પરયાં, કિસીમેં બુરાક, કિસીમેં ઔર બેહુદા તમતરાક, ફિર કુચા બ કુચા વ દસ્ત બ દસ્ત ઈશાઅતે ગમ કે લિએ ઉનકા ગશ્ત, ઔર ઉનકે ગિર્દ સીના ઝની ઔર માતમસાઝી કી શોર અફગની, કોઈ ઈન તસ્વીરોં કો ઝુક ઝુક કર સલામ કર રહા હય, કોઈ મશ્ગૂલે તવાફ, કોઈ સિજદામેં ગિરા હય, કોઈ ઉન માયએ બિદઆતકો મઆઝલ્લાહ ! જલ્વાગાહે ઈમામ આલી જદ્દિહિ વઅલૈહિસ્સલાતુ વસ્સલામ સમઝકર ઉસ અબરક પનીસે મુરાદેં માંગતા, મન્નતે માનતા હય, હાજત રવા જાનતા હય, ફિર બાકી તમાશે બાજે તાશે, મર્દોં, ઔરતોં કા રાતોં કો મેલ, ઔર તરહ તરહ કે બેહુદા ખેલ ઉન સબ પર તુર્રા હંય.

ગર્ઝ અશરએ મુહર્રમુલ્ હરામ કે અગલી શરીઅતોં સે ઈસ શરીઅતે પાક તક નિહાયત બાબરકત મહલ્લે ઈબાદત ઠહેરા હુવા થા ઈન બેહુદા રોસુમાતને જાહિલાના ઔર ફાસિકાના મેલોં કા ઝમાના કર દિયા, ફિર વબાલે ઈબતેદાકા વો જોશ હુવા કે ખૈરાતકો ભી બતૌરે ખૈરાત ન રખ્ખા, રિયા વ તફાખુર એલાનિયા હોતા હય, ફિર વો ભી યે નહીં કે સીધી તરહ મોહતાજોં કો દેં, બલ્કે છતોં પર બેઠકર ફેંકેંગે. રોટીયાં ઝમીન પર ગિર રહી હંય, રિઝ્કે ઈલાહી કી બેઅદબી હોતી હંય, પૈસે રેતમેં ગિર કર ગાઈબ હોતે હંય, માલ કી ઈઝાઅત હો રહી હંય, મગર નામ તો હો ગયા કે ફલાં સાહેબ લંગર લૂટા રહે હંય !

અબ બહારે અશરા કે ફૂલ ખિલે, તાશે બાજે બજતે ચલે, તરહ તરહ કે ખેલોંકી ધૂમ, બાઝારી ઔરતોં કા હર તરફ હોજૂમ, શહવાની મેલોં કી પૂરી રોસૂમ, જશ્ન યે કુચ્છ ઔર ઉસકે સાથ ખયાલ વો કુચ્છ કે ગોયા યે સાખ્તા તસ્વીરેં બેઐનેહા હઝરાતે શોહદા રિઝવાનુલ્લાહિ તઆલા અલૈહિમ કે જનાઝે હંય ! કુચ્છ નોચ ઉતાર બાકી તોડ તાડ કર દફન કર દિયે. યે હર સાલ ઈઝાઅતે માલ કે જુર્મો વબાલ જુદાગાના રહે, અલ્લાહ તઆલા સદકએ હઝરાતે શોહદાએ કરબલા અલૈહિમુર્રિદવાને વસ્સનાકા હમારે ભાઈઓંકો નેકિયોં કી તૌફીક બખ્શે ઔર બુરી બાતોસે તૌબા અતા ફર્માએ. (આમીન)

અબ કે તાઝિયાદારી ઉસ તરીકએ નામરદિયા કા નામ હય, કતઅન નાજાઈઝો હરામ હય, હાં અગર અહલે ઈસ્લામ જાઈઝ તૌર પર હઝરાત શોહદાએ કિરામ અલૈહિમુર્રિદવાન કી અરવાહે તૈયેબા કો ઈસાલે સવાબ કી સઆદત પર ઈખ્તેસાર કરતે તો કિસ તરહ ખૂબ વ મહબૂબ થા ઔર અગર નઝરે શોકો મહબ્બતમેં નકલે રૌઝએ અનવરકી ભી હાજત થી તો ઈસી કદર જાઈઝ પર કિનાઅત કરતે કે સહીહ નકલ બગરઝે તબર્રુકો ઝિયારત અપને મકાનોંમેં રખતે ઔર ઈશાઅતે ગમ વ તસન્નુએ અલમ વ નૌહા ઝની વ માતમકુની વ દીગર ઉમુરે શનીઆ વ બિદઅતે કતઈય્યાસે બચતે, ઈસ કદરમેં ભી કોઈ હર્જ ન થા, મગર અબ ઈસ નકલમેં ભી અહલે બિદઅવીસે એક મુશાબહ ઔર તાઝિયાદારીકી તોહમતકા ખદશા ઔર આઈન્દા અપની ઔલાદ





યા અહલે ઈઅતેકાદકે લિયે ઈબ્તેલાએ બિદઅતકા અંદેશા હય. ઔર હદીષમેં આયા :– اِتَّقُوْا مَوَاضِعَ التُّهَمِ ઔર વારિદ હુવા مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ فَلَا يَقِفَنَّ مَوَاقِفَ التُّهَمِ તોહમત કી જગહોંસે બચો ! ઔર ફર્માયા, જો અલ્લાહ ઔર યૌમે આખિરત પર ઈમાન રખતા હય વો તોહમત કી જગોં પર ન રુકે.

લેહાઝા રૌઝએ અકદસે હુઝૂર સૈયદુશ્શોહદાકી ઐસી તસ્વીર ભી ન બનાએ, બલ્કે કાગઝ કે સહીહ નક્શે પર કનાઅત કરે, ઔર ઉસે બકસદકે તબર્રુક બે આમીઝીશે મનહિયાત અપને પાસે રખ્ખે, જિસ તરહ હરમૈન મુહ્તરમૈનસે કા'બા મુઅઝ્ઝમા ઔર રૌઝએ આલિયા કે નક્શે આતે હંય, યા દલાઈલુલ્ ખૈરાત શરીફમેં કોબૂર પર નૂર કે નક્શે લિખ્ખે હંય. વસ્સલામ અલા મનિત્તઅલ્ હુદા વલ્લાહુ તઆલા વ સુબ્હાનહુ અઅ્લમ.

**ભાવાર્થ** : આ'લા હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે મુહર્રમનો દસમીનો દિવસ આગલી શરીઅતોથી બરકત અને ઈબાદતનો દિવસ ચાલતો આવ્યો તેને બિદઅતી લોકોએ પોતાની બુરી અને નાજાઈઝ રસ્મો રિવાજથી મેળાઓમાં બદલી નાખ્યો, જહાલત તો એ કે ચળકતા પેપરોથી કબરો બનાવવામાં આવે, તેનાથી મુરાદો માંગવામાં આવે, ત્યાં ફાતિહા કરી ન્યાઝો વહેંચવામાં આવે, પૈસા અને અનાજ વધાવવામાં આવે, ઔરતો બની ઠનીને આવે અને વાસનાનાં કેટલાં કામો અમલમાં આવે અને એનાથી મોટી બિદઅત એ કે બનાવટી કબરોનો તવાફ કરવામાં આવે, એની ઈજ્જત કરવામાં આવે, એનાથી મુરાદો માંગવામાં આવે. સારાંશ એ કે દરેક કામ દીન અને ધર્મથી ખસીને કરવામાં આવે અને પછી એ ગુનાહોને દીન અને ધર્મ સમજવામાં આવે ! એટલે શરીઅતના કાયદાના આધારે એમાં જાઈઝ હોવાનો એક ભાગ પણ રહી નથી ગયો ! એટલે **તાઝિયા અને એની સાથે કરવામાં આવતા કામો બિદઅત નાજાઇઝ અને હરામ છે.** એનાથી મુસલમાનોએ દૂર રહેવું જોઈએ, અને બનતી કોશિશે પોતાના માહોલને એ ગંદકીઓથી સાફ કરવો જોઈએ.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે કે જો લોકોને ઈમામે આલી મુકામની મઝાર શરીફનો ફોટો રાખવો હોય તો જેમ નિર્જીવ વસ્તુઓના ફોટા રાખવાની ઈસ્લામ તરફથી રજા આપવામાં આવી છે, મઝારનો ફોટો ફ્રેમીંગ કરીને ઘરમાં રાખી શકાય છે, એમાં વાંધો નથી, પણ મઝારના નકશાથી અલગ પોતાની ઈચ્છાના નકશાઓ બેમતલબ છે, અને જો તેને તાબૂત કરીને બનાવવામાં આવે અને પછી ડૂબાડી દેવામાં આવે એ **નકામો ખર્ચો** અને **હરામ** છે. તો જો કોઈને શોખ હોય તો ઈમામે આલી મુકામના મઝારના ફોટાઓ મળે છે તેને રાખે. અને એમની મહબ્બતમાં એ દિવસમાં એમની રૂહોને પઢીને ખવડાવીને અને નેક કામો કરીને ઈસાલે સવાબ કરે. આનાથી આગળ વધવાની રજા નથી.

**નોંધ** : આ'લા હઝરતના લખાણથી સ્પષ્ટ થયું કે કહેવાતા સુન્નીઓમાં બિદઅતી લોકોની એક મોટી જમાઅત સમાએલી છે, **તેઓની બિદઅતોને અહલે સુન્નત સાથે કોઈ સંબંધ નથી**, તેઓની ઉપર એવા રિવાજોથી તૌબા જરૂરી છે એ પછી તાઝિયા સંબંધિત બિદઅતો હોય કે કબરો અને મઝારો સંબંધિત બિદઅતો હોય.

બીજાું એ કે એવા બિદઅતી લોકો પોતાનાં કામોથી તૌબા કરવા ન માંગતા હોય તો એમણે એલાન કરી દેવું જોઈએ કે અમે આ જ પ્રકારના કામો કરીશું અને એને જ દીન તથા ધર્મ સમજીશું ! જેથી અમારા અહલે સુન્નતના આલિમોને હક્ક મળે કે અમે એવા બિદઅતી લોકોને અમારા મસ્લકથી અલગ કરી આપીએ, અમે અહલે સુન્નત છીએ બિદઅતી નથી ! અને બિદઅતી તૌબા ન કરે તો અમે તેમને અમારા વર્તુળમાં રાખવા ઈચ્છતા નથી. તો બિદઅતી લોકો માટે આ અંતિમ શબ્દો છે કે તૌબા કરો ! નહીંતર પોતાનો મસ્લક અલગ બનાવી લો ! હવે અમે તમારી કુટેવોથી મસ્લકે આ'લા હઝરતને નાપાક રાખવા ઈચ્છતા નથી.

## ★ બદ્અકીદાઓને અમારું એલાન ★

મુસલમાનોના નામથી નીકળેલા નવા ફિર્કાઓને અમારા તરફથી એ એલાન કરવામાં આવે છે કે શરીઅતના પ્રકાશમાં જે કામ બિદઅતે સૈયેઆમાં જતું હોય તેવાં સઘળાં કામોથી અમે દૂર છીએ. અમારામાં





બિદઅતી લોકોની જમાઅત ઘૂસી આવેલી છે, એટલે મસ્લકે આ'લા હઝરત પર સવાલ ન કરતાં બિદઅતી લોકોને સંબોધવું જોઈએ. અમે કોઈ પણ સૈયેઆ બિદઅતને અમલમાં લાવવા તૈયાર નથી અને બિદઅતી લોકોને અમે સાથ આપીશું નહીં.

બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૪૭ અને ૨૪૮ પર હકીમુલ ઉમ્મત સદરુશ્શરીઅહ્ હઝરત અમજદ અલી علیہ الرحمۃ والرضوان એ પણ તાઝિયાદારી અને એની સાથે કરવામાં આવતાં ખરાબ કામોને નાજાઈઝ અને ગુનાહનાં કામ બતાવ્યાં છે. ''યે સબ નાજાઈઝ ઔર ગુનાહ કે કામ હંય.''

આ'લા હઝરતના દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનો ફત્વો પણ નાજાઈઝ અને હરામનો છે.

**સવાલ નં. ૧ : (અ)** મુરવ્વજા (હાલ ચાલતી) તાઝિયાદારી જાઈઝ હય યા નાજાઈઝ ? **(૨)** અલમ ઔર શુદે નિકાલના નીઝ તાઝિયાકો શબે આશૂરા ગલી કૂચામેં ગશ્ત કરાના ફિર ઉસે દસવીં મુહર્રમ કો મસનૂઈ (બનાવટી) કરબલામેં લે જાકર દફન કરના, પહેલી મુહર્રમસે ઢોલ તાશા બજાના ફિર આશૂરા કે દિન તાઝિયા કે આગે આગે બજાતે હુએ ઉસે મસનૂઈ (બનાવટી) કરબલા તક લે જાના શરઅન કૈસા હય ? નીઝ તાઝિયાદારી કે અલમ (ઝંડે) ઔર શુદે કી હકીકત ક્યા હય ?

**સવાલ નં. ૨ :** ઢોલ, તાશે, શુદે વગેરા કો મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં રખના શરઅન કૈસા હય ? નીઝ મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં રખ્ખે હુએ ઢોલ, તાશે, અલમ ઔર શુદે કો બાહર નિકાલ કર ફેંક દેનેવાલા શરઅન મુજરિમ હોગા યા નહીં ?

**જવાબ : (૧)** આ તાઝિયાદારી મુરવ્વજા હિંદ (હિંદુસ્તાનમાં ચાલતી) નાજાઈઝ, બિદઅતે સૈયેઆ વ હરામ હય. (બ) યે સબ ભી નાજાઈઝ વ હરામ કાતિલે (નષ્ટ કરનાર) અહલે ઈસ્લામ, ઔર જબ યે નાજાઈઝો હરામ હંય તો ઉનકી અસલ (મૂળ) ક્યા હો સક્તી હય, હાં ! અગર સાઈલ કી મુરાદ યે હો કે યે કિસકી નકલ હય કે, જિસકી નકલ હો ઉસકી અસલ કરાર દી જાએ, તો નઝરે ગાઈરમેં ઐસા માલૂમ હોતા

હય કે અલમ ઔર શુદે જો નેઝોં ઔર ઝંડો કી શકલમેં હોતે હંય, ગાલેબન યઝીદી ફોજ (સૈન્ય) કે ઉસ ફેઅ્લ (કામ) કી નકલ હય, જો ઉન્હોંને કરબલામેં ઝુલ્મો જફાકે પહાડ તોડને કે બાદ ઈમામ આલી મુકામ કા સરે મુબારક નેઝોં પર કૂફા કી ગલીયોંમેં બતૌર શાદિયાના (ખુશી) વ મુબારકબાદી ઘુમાયા થા. (મતલબ એ કે નકલ કરનારાઓ પોતાને હુસૈનના શુભેચ્છક કહે છે પણ મુહર્રમમાં નકલ યઝીદી લોકોની કરે છે જેમણે અહલે બયતના જવાનોની શહાદત પછી ખુશીમાં જે કામો કર્યાં હતાં. દોસ્ત હુસૈન અને નકલ યઝીદી સૈન્યની !)

**જવાબ ૨ :** યે વાહિયાતો ખુરાફત ચીઝેં સબ નાજાઈઝ હંય, તો જહાં ભી રખ્ખેં નાજાઈઝ હી હંય, ઔર મસ્જિદ યા ફનાએ મસ્જિદમેં બદરજએ ઔલા નાજાઈઝ ઔર ઈન ચીઝોં કો મસ્જિદ સે નિકાલ કર ફેંકનેવાલા સવાબ પાયેગા, ક્યૂં કે ઉસને નાજાઈઝ ચીઝ કો દફા કિયા ઔર હદીષે પાક પર અમલ કિયા.

**(લખનાર)** –*મુહમ્મદ અહમદ જહાંગીરખાં*

મુફતી મરકઝે અહલે સુન્નત મન્ઝરે ઈસ્લામ, બરેલ્વી શરીફ

## ★ મઝહરે ઈસ્લામ બરેલી ★

- ❖ અલ્ જવાબ સહીહ : મુહમ્મદ મુસ્તફા રઝાખાં (મુફતીએ આઝમે હિંદ)
- ❖ લકદ અસાબ મન અજાબ. કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી
- ❖ સહ્હલ જવાબ : તહસીન રઝા
- ❖ અલ્ જવાબ સહીહ : મુહમ્મદ આ'ઝમ
- ❖ અલ્ જવાબ સહીહ : મુઝફ્ફર હુસૈન

## ★ મન્ઝરે ઈસ્લામ બરેલી ★

- ❖ અલ્ જવાબ સહીહ : મુફતી સૈયદ મુહમ્મદ અફઝલ હુસૈન
- ❖ સહ્હલ જવાબ : મુહમ્મદ ઈહસાન અલી
- ❖ અલ્ જવાબ સવાબ : ગુલામ મુજતબા અશરફી
- ❖ અલ્ જવાબ હુવલ જવાબ : સૈયદ મુહમ્મદ આરિફ રઝવી





- ❖ અલ્ જવાબ સહીહ : વલ મુજીબો નજીહ ખલીલુરર્હમાન રઝવી
- ❖ અલ્ જવાબ સહીહ : મુહમ્મદ ફૈઝ અહમદ સિદ્દીકી
- ❖ અલ્ જવાબ સહીહ : મુહમ્મદ ઉમર કાદરી

## ★ મુબારકપુર અલજામિઅતુલ અશ્રફિયા ★

- ❖ અલ્ જવાબ સહીહ : અબ્દુલ અઝીઝ અફીઅન્હ (હાફિઝે મિલ્લત)
- ❖ અલ્ જવાબ સહીહ : અબ્દુર્રઉફ
- ❖ અલ્ જવાબ સહીહ : અબ્દુલ મન્નાન આ'ઝમી
- ❖ સહલ જવાબ : મુહમ્મદ યહ્યા

## ★ કિછોછા શરીફ ★

અહલે સુન્નતો જમાઅત કે નઝદીક તાઝિયાદારી કહ કર જિન મરાસિમકો મુરાદ લિયા જાતા હય ઉનકે મુનકરાત અમ્રે મુનકર હી હંય, મષલન ઈઝાઅતે માલે મુસ્લિમ, અસબાબે તઅય્યુશો તફરીહ (મનોરંજન) વ બયાને મકઝુબાત (જૂઠુ બોલવું) વ અવહામે ફાસિદા (અંધ શ્રધ્ધા) વગેરે ઝાલિક ઔર યે વો મુનકરાત હંય જિનકા મુનકર હોના મનસૂસ હય. નીઝ મસ્જિદ વ ફનાઈ મસ્જિદ કો હર તરહ કે તઅય્યુશો તફરીહ કે આલાતો અશયાસે પાક રખના ઝુરૂરી હય.

વલ્લાહુ અઅલમુ બિસ્સવાબ : સૈયદ મુહમ્મદ મુખ્તાર અશરફ

અલ્ જવાબ સહીહ : સૈયદ મુઝફ્ફર હુસૈન

**નોંધ :** અહલે સુન્નત વલ જમાઅતના જેટલા ઈદારા છે અને ત્યાંથી ફતાવાના જવાબ આપવામાં આવે છે, **દરેકનો ફત્વો એક જ છે કે તાઝિયાદારી અને એમાં થતી રસમો અને રિવાજો ધર્મથી સંબંધિત નથી, બલ્કે નાજાઈઝ, બિદઅત અને હરામ છે.** પછી જે લોકો કરી રહ્યા છે અને આટલું કહેવા છતાં છોડવા નથી માંગતા તે લોકોએ વિચારવું જોઈએ કે તેઓ કયા મસ્લકના છે ?! અને કયા મસ્લક પર રહી નાજાઈઝ કામોને જાઈઝ બનાવી રહ્યા છે ?!

**આલિમોની અને મુફતી હઝરાતની બહુમતી જ નહીં**

**સર્વસંમતિ આ જ વાત પર છે કે આ કામો જાઈઝ નથી, પછી એમને જાઈઝનું કહેનાર કોણ છે ?! આલિમ તો હોય નથી શક્તો, જાહિલ હશે ! તો શું દીન અને ધર્મમાં જાહિલની વાત માન્ય રાખી શકાય છે ?** તો પછી અમારી તરફથી એવા બિદઅતી અને કસમજના લોકોને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ મસલકે આ'લા હઝરતને પોતાની સમક્ષ રાખી એવા દીન વિરૂધ્ધનાં કામોથી તૌબા કરે, અને પોતાના માહોલને નાજાઈઝ રિવાજોથી જલ્દીથી પાક કરે. જો આ વાતો જાણી લીધા પછી પણ તમારે પોતાના માહોલને પાક નથી કરવો અને તમારે તમારી હઠ પર જ રહેવું છે તો પછી તમે અમને એ બતાવો કે તમારો ધાર્મિક આગેવાન આ વાતોમાં કોણ છે ? અમે તમારો સંબંધ તેની સાથે કરી અમારા મસ્લકે આ'લા હઝરતને નાપાક લોકોથી પાક કરીશું.

## ★ તાઝિયાદારી બાબતે મેં શું જોયું ?! ★

સર્વને ખબર છે કે હું જિલ્લા ભરૂચના તાલુકા વાગરાનો રહીશ છું અને હાલ પ્રેસ્ટન (યુ.કે.)માં દીની ખિદમત કરી રહ્યો છું અને અહીંયાથી મારા હૃદયનો અવાજ લખાણ દ્વારા તમારી ખિદમતમાં પહોંચાડી રહ્યો છું. હું મસ્લકે આ'લા હઝરત પર છું અને બિદઅતી લોકોના અમારી સાથે હોવાને લઈને અમારો સત્ય મસ્લક બદનામ થઈ રહ્યો છે એટલે હું બિદઅતી લોકોને સુધારવા માંગુ છું અથવા એમને અમારા સત્ય વર્તુળથી બહાર કરવા ઈચ્છું છું, બિદઅતી સુધરે નહીં તો અલગ થઈ જાય !

મારા ગામમાં વરસોથી તાઝિયાદારી થઈ રહી હતી અને આજે પણ થઈ રહી છે, મેં એના વિરૂધ્ધમાં ત્યાં બયાનો કરેલાં છે પણ એનાથી કોઈ ફરક પડયો નથી, મારી જવાબદારી મેં પૂરી કરી લીધી છે, આગળ બિદઅતી પોતે જવાબદાર છે.

વરસો પહેલાં જ્યારે હું હિંદુસ્તાનમાં હતો, વડોદરાના એક તાલુકા બોડેલીમાં પણ મુહર્રમમાં દસ દિવસો માટે બયાન કરવા ગયો હતો, ત્યાં પણ તાઝિયાદારી થાય છે, અને લોકો ધામધૂમથી એને બનાવે





છે અને બિદઅતોની સાથે એની ઉજવણી કરવામાં આવે છે, ત્યાં પણ દસમીની રાત્રીએ જેને આશૂરાની રાત્રી કહેવામાં આવે છે, મેં એના હરામ હોવા પર બયાન કર્યું હતું, અને ત્યાં બોલાચાલી પણ થઈ હતી, પણ મેં મારું કામ કરી જ લીધું અને મારી જવાબદારી પૂરી કરી જ લીધી, તૌબા કરે તો ઠીક ! નહીં તો અલ્લાહની બારગાહમાં એનો જવાબ એ બિદઅતી લોકોએ બનાવવાનો છે.

હું જ્યારે નાનો હતો અને દારુલ ઉલૂમમાં પઢવા ન ગયો હતો ત્યારનો તાઝિયાદારી અને એની બિદઅતોનો સગી આંખોએ દેખેલો એહવાલ તમારી ખિદમતમાં રજુ કરું છું, જેનાથી એ જાણવા મળશે કે એ કામો બિદઅતનાં છે, અહલે સુન્નતથી એનો દૂરનો પણ સંબંધ નથી !

**(૧)** મુહર્રમનો મહીનો શરૂ થતાં પહેલાં મુસલમાનો પાસે તાઝિયા બનાવવા માટે ચંદો કરવામાં આવે છે. (આ કામમાં ચંદો આપવો નાજાઈઝ અને હરામ છે. ચંદો આપનાર પણ ગુનાહમાં સામેલ રહેશે, ભલે દિલથી બુરુ સમજે.)

**(૨)** મુહર્રમનો ચાંદ થતાંની સાથે નગારુ વાગવાનું શરૂ થઈ જાય છે. (નાજાઈઝ કામના એલાન માટે નગારુ વગાડવું અને મનોરંજન માટે વગાડવું જાઈઝ નથી.)

**(૩)** તાઝિયો બનાવનારા તાઝિયો બનાવવાના કામમાં લાગી જાય છે. (નમાઝથી તો એમને મતલબ હોતો જ નથી ! તેઓ આ કામને જ જાણે મોટી ઈબાદત સમજીને એવા વ્યસ્ત રહે છે. નાજાઈઝ અને હરામ કામમાં લાગવું ગુનોહ અને લોકોમાં ફેરવવું અને એનું પ્રદર્શન કરવું, જેટલા લોકો એમાં હાજરી આપે સર્વના બરાબર ગુનોહ બનાવવાવાળાઓના નામે, અને જોનારાઓ ગુનાહથી મુક્ત થઈ શકતા નથી.)

**(૪)** તાઝિયાને ઈમામે હુસૈનના મઝારથી શક્કલમાં દૂરનો પણ સંબંધ હોતો નથી. (એટલે એને મઝારનો કોપી કહેવું પણ જાઈઝ ઠરશે નહીં.)

**(૫)** એમાં બે કબરો પણ બનાવવામાં આવે છે. (જૂઠી કબર બનાવી અને એને કબરનું સ્થાન આપવું હરામ અને લા'નતનું કામ છે.

**(૬)** એ તાઝિયાને ઈમામે હુસૈનનું મઝાર જ સમજવામાં આવે છે. (મઝાર તો તે જ છે જ્યાં આપને દફન કરવામાં આવે એટલે તાઝિયાને મઝાર સમજીને એનો અદબ કરવો જહાલતનું કામ છે.)

**(૭)** એક ચોગાનમાં તાઝિયાને રાખીને લોકો કુંડાળુ બનાવી માતમ કરે છે અને ગોળ ગોળ ફરે છે જેને તવાફ કહેવામાં આવે છે. (વાસ્તવમાં કોઈ બુઝુર્ગની કબર હોય તેનો તવાફ કરવો જાઈઝ નથી તો પછી તાઝિયાનો તવાફ કરવો સખ્ત હરામ કામ છે, અને માતમ કરવી પણ હરામ છે.)

**(૮)** ત્યાં લોકો હાજરી આપે છે, ફાતિહા પઢે છે, ખાણું લાવીને ત્યાં ફાતેહા આપી વહેંચવામાં આવે છે, અને ત્યાં હાથ ઉઠાવી દુઆ કરવામાં આવે છે. (હાજરી આપવી નાજાઈઝ છે, જ્યારે એ બનાવવું નાજાઈઝ અને હરામ છે તો પછી ત્યાં જઈને ફાતિહા પઢવામાં ન આવે, ઈસાલે સવાબ ઘરેથી ઈમામે હુસૈન رضی اللہ عنہ ને કરી દેવામાં આવે. ત્યાં જઈ દુઆ કરવાની રજા મળી શક્તી જ નથી, તાઝિયાને હાજતરવા સમજવું શૈતાનોનું કામ છે. એનાથી કંઈ થઈ શક્તું જ નથી. એ બકવાસ છે એનાથી દૂર રહેવું વાજિબ છે.)

**(૯)** લોકો શાયરીમાં લખવામાં આવેલા મરષિયા પઢે છે અને અહલે બૈયતની બેસબ્રી અને અસહનશીલતાનું એમાં વર્ણન હોય છે. (અહલે સુન્નતના લખાણ સિવાય બીજાનાં લખાણોથી એ કામ જાઈઝ નથી, શીઆ લોકો માફક ગમનું પ્રદશન જાઈઝ નથી, માતમ સાથે ગાવું હરામને સશક્ત બનાવે છે. ત્રણ દિવસ પછી શોક નથી તો પછી સદીઓ પછી માતમનું પ્રદર્શન કેવું ?! **અહલે બૈતે સબર અને સહનશીલતાથી કામ લીધું હતું એમના માટે બેસબરીનું વર્ણન આક્ષેપ છે,** અને ખોટી રીતે આક્ષેપ મૂકવો હરામ છે.)

**(૧૦)** જુલૂસમાં સાથે ઔરતો પણ હોય છે અને એ પણ ગરબા ગાય છે અને ગરબામાં અહલે બૈયતની બેસબ્રીનું વર્ણન હોય છે. અને તેણીઓ અવાજથી ગાય છે અને સેંકડો મર્દો એમને જુએ છે. (ગરબા રમવા હિંદુઓનું કામ છે, મુસલમાનોમાં ક્યાંથી આવ્યું ?! સ્ત્રીઓ માટે પર્દો વાજિબ છે પછી તેણીઓ લોકોમાં આવીને આ કામ કેવી રીતે કરી





શકે છે. ઔરતોએ અવાજથી મર્દોમાં ગાવાની રજા નથી પછી તેણીઓ અવાજ ઊંચો કેવી રીતે કરે છે.)

**(૧૧)** લોકો એવું સમજે છે અને માન્યતા રાખે છે કે તાઝિયાની નીચેથી નીકળવામાં આવે તો આખુ વરસ બીમારી ન આવે અને તકલીફોથી બચી જવાય. (તદ્દન ખોટી માન્યતા છે ! એનાથી કોઈ ફાયદો મળી શક્તો નથી. જેઓ આ પ્રમાણેની માન્યતા ધરાવે તેમણે તૌબા કરવી જરૂરી છે. આમ કરવાથી દિલમાં ઈમાન ખરાબ થાય છે, ગુનાહો લખવામાં આવે છે, એવું કરનાર અલ્લાહની લા'નતોનો શિકાર બને છે, સારાંશ કે નુકસાન છે ફાયદો કશો જ નથી.)

**(૧૨)** તલ્વારો અને લાકડી ડંડાથી કૂદવામાં આવે છે અને લોકો સેંકડોની સંખ્યામાં એ જોવા ઊભા રહે છે, તેમાં ઔરતો પણ મર્દો સાથે ભેગી હોય છે. (ઔરતો અને મર્દોની ભેગી મેદની શરીઅતમાં જાઈઝ નથી, ઉપરોક્ત કામનો શરીઅતમાં કોઈ સુબૂત નથી, ખેલકૂદની નિય્યતે હોય તો હરામ છે, માતમની નિય્યતે હોય તો પણ હરામ છે. એ કામથી દીનનો કશો ફાયદો નથી પછી કરવાનો શો મતલબ ?!)

**(૧૩)** લોકો ઘોડાઓ અને બીજા પ્રકારનાં જાનવરોની શક્કલો બનાવે છે અને પછી તેમાં પગ રાખીને લોકોમાં દોડભાગ કરે છે. (જાનદાર અને જીવંતનો ફોટો હોય તો એ બનાવવો હરામ છે પછી કામડી અને ગારાના એ બનાવેલા ઘોડા જરૂરથી હરામનું કામ છે, એને લઈને નાસભાગ કરવી મનોરંજન છે અને ખેલ છે એ પણ જાઈઝ નથી.)

**(૧૪)** આ કામો કરનાર ખાસ કરીને દસમીના દિવસે આખો દિવસ આ કામોમાં હોય છે, નમાઝો બીજા દિવસોમાં નથી પઢતા અને આ દિવસે પણ નહીં. (નમાઝ ન પઢનાર લોકો ફાસિક છે, એમનાથી સંબંધ રાખવામાં ન આવે. ગેર શરઈ કામમાં લાગવું અને ઈસ્લામના અગત્યના ફર્ઝને છોડી આપવો સખત હરામનું કામ છે. શું તેમણે નમાઝથી વધીને આ કામને સમજી લીધું છે ?)

**(૧૫)** અમુક બાળકોને ઈમામે હુસૈનના ફકીર બનાવવામાં આવે છે અને તેને ભીખ મંગાવે છે, એના ગળામાં જોલી નાખવામાં આવે છે (ફકીર ન હોય ફકીરનો દેખાવ કરે એ ક્યાંનો ન્યાય છે, ભીખ માંગવાની

ઈસ્લામે ક્યાં રજા આપી છે. બાળકોને ખોટી તા'લીમ આપી ખરાબ કરવા અને દીનથી દૂર કરવું છે.)

**(૧૬)** ત્યાં લાવવામાં આવતી મીઠાઈ અને જોળી લોકોને ન્યાઝ કહીને આપવામાં આવે છે. (ખાણું હરામ તો નથી પણ નાજાઈઝ જગાએથી વહેંચવાને લઈને એને કબૂલ કરવામાં નહીં આવે.)

**(૧૭)** દસમી પછી અગ્યારના તાઝિયાને તળાવમાં ડૂબાડવામાં આવે છે અને તળાવમાં પાણી ન હોય તો નદીમાં લઈ જઈને ડૂબાડવામાં આવે છે. (માલ બરબાદ કરવો છે અને માલ બરબાદ કરવો હરામ છે.)

**નોંધ** : ઉપરોક્ત કામો મેં મારી સગી આંખોએ જોયેલાં છે એટલે એ કામો થાય છે એનું મને યકીન છે અને એમાં કોઈ પ્રકારની શંકા નથી, અને મેં એ કામોનો શરઈ ખુલાસો પણ લખી આપ્યો છે, પછી કોણ નીડર અને અલ્લાહ તઆલાથી બેખૌફ છે જે ઉપરોક્ત કામોને જાઈઝ કહે અને પછી એને અમલમાં લાવે ?!

અને મારા લખવાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે સુન્ની આલિમોએ સર્વાનુમતે તાઝિયાદારી અને એમાં કરવામાં આવતાં નાજાઈઝ અને ખરાબ કામોને બિદઅત અને હરામ ઠેરવ્યાં તે તદ્દન સત્ય છે. અને મુસલમાનોએ એ કામોથી દૂર રહેવું જોઈએ. સુન્નિયતને એ કામોથી કોઈ સંબંધ નથી, બલ્કે સુન્નિયત એ કામોનો સખત રદ કરે છે.

## ફતાવા રઝવિય્યહ્ અને તાઝિયાની રસમો

**(૧)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (બ), પેજ નંબર–૧૬૪ :

અગર કોઈ શખ્સ તાઝિયા બનાએ, યા તાઝિયા પર ચઢાવા ચઢાવે, યા મરસિયા પઢે, યા મરસિયા કી મહફિલમેં શરીક હો, યા બાજા બજાએ, યા બજવાએ, યા ઉસમેં શરીક હો જાઈઝ હય યા નહીં ?

**(૨)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (બ), પેજ નંબર–૧૩૮ :

અહલે સુન્નતો જમાઅત કો અશરએ મુહર્રમુલ્ હરામમેં રંજો ગમ કરના જાઈઝ હય યા નહીં ? તાઝિયા બનાના બિદઅતે સૈયેઆ હય





યા શિર્કો ગુનાહે કબીરા ?

**જવાબ** : કોનસા સુન્ની હોગા જિસે વાકેઆ હાઈલા કરબલા કા ગમ નહીં ! યા ઉસકી યાદ સે ઉસકા દિલ મહઝૂન ઔર આંખ પુરનમ નહીં. હાં ! મસાઈલમેં હમ કો સબ્ર કા હુકમ ફર્માયા હય, જઝઓ ફઝઅકો શરીઅત મના ફર્માતી હય, ઔર જિસે વાકઈ દિલમેં ગમ ન હો, ઉસે જૂઠા ઈઝહારે ગમ રિયા (દેખાવો) હય, ઔર કસદન (જાણી જોઈને) ગમ આવરી વ ગમ પરવરી ખિલાફે રિઝા હય, જિસે ઉસકા ગમ ન હો ઉસે બેગમ ન રહના ચાહીએ, બલ્કે ઉસ ગમ ન હોને કા ગમ ચાહિએ કે ઉસકી મહબ્બત નાકિસ હય ! ઔર જિસ કી મહબ્બત નાકિસ ઉસકા ઈમાન નાકિસ.

(ઈમામે અલી મુકામ અને આપના સગા સંબંધીઓની મહબ્બતથી એમની તકલીફો પર એહસાસ થાય છે અને એ એહસાસને ગમ કહેવામાં આવે છે, એનાથી મનાઈ નથી. એ મહબ્બતની ઓળખ છે, પણ શીઆ લોકો માફક શોધ અને માતમ કરવી હરામ છે, એટલે ગમ થવા મનાઈમાં નથી.)

તાઝિયા બનાના શિર્ક નહીં, યે વહાબિયા કા ખયાલ હય, હાં ! બિદઅતો ગુનાહ હય. (તાઝિયા બનાવું ગુનાહનું કામ છે.)

**(૩)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (બ) પેજ નંબર–૨૦૭ :–

જો તાઝિયા કી તા'ઝીમ વ બનાને કા મુખાલિફ હય વો યઝીદ હય, યે એક શખ્સને કહા : **(૧)** તાઝિયા બનાના જાઈઝ હય યા બિદઅત ઔર હરામ ઔર બાઈષે સવાબો તા'ઝીમ હય યા બાઈષે અઝાબે નારે જહીમ ? **(૨)** ઉસ્કો બનાનેમેં કિસી કિસમ કી ઈમદાદ જાઈઝ હય યા નહીં ?! **(૩)** ઉસકા બનાનેવાલા ફાસિક અહલે તશયીઅ હય યા નહીં ઔર બરતકદીરે હરામો બિદઅત, ઉસકા જાઈઝ સમઝનેવાલા કાફિર હય યા અશદ ફાસિક ?! **(૪)** ઐસે શખ્સ કો અગર હનફી અપના પેશ્વા વ પયરો બનાએં તો જાઈઝ હય યા હરામ ? ઔર મુરીદીન પર ફસ્ખે (તોડવી) બયઅત વાજિબ હય યા નહીં ? ઔર ઐસે શખ્સ કી ઈકતેદા (નમાઝનો ઈમામ બનાવવો) ફીસ્સલાત જાઈઝ હય યા મકરૂહ, બકરાહત તનઝીહી યા તહરીમી, યા હરામ ? **(૫)** મુનકેરીન તાઝિયા

કો બદ્દીન કહેના કૈસા હય ? **(૬)** બાનીએ તાઝિયા ચૂં કે આમ મુસલમાનોં કે હુઝૂરી કા બાઈષ હોતા હય, પસ બરતકદીરે હરામો બિદઅત હાઝેરીનો બાની દોનોં ગુનાહમેં મુસાવી (સરખા) હય યા અકમલો અનકસ ?

**જવાબ** : તાઝિયા જિસ તરહ રાઈજ હય (ચાલી રહ્યો છે) ન એક બિદઅત મજમએ બિદઅત (બિદઅતોનો જથ્થો) હય, ન વો રૌઝએ મુબારક કા નક્શા હય (મનમાની શક્કલોમાં બનાવવામાં આવે છે) ઔર હો તો માતમ ઔર સીનાકોબી (છાતી કૂટવી) ઔર તાશે બાજે કા ગશ્ત (ફેરવવું) ઔર ખાકમેં દબાના (ડૂબાડી દેવું) યે ક્યા રૌઝએ મુબારક કી શાન હય, ઔર પરીયોં ઔર બુરાક કી તસ્વીરેં ભી શાયદ રૌઝએ મુબારકમેં હોંગી. ઈમામ આલી મુકામ કી તરફ અપની હવસાતે મુબતરઆ (વાસનાઓ) કી નિસ્બત ઈમામ رضی اللہ عنہ કી તૌહીન (બેઈજ્જતી) હય, ક્યા તૌહીને ઈમામ કાબિલે તાઝીમ હય. (તાઝિયાદારીના જાઈઝ હોવાનો કોઈ માર્ગ નીકળી નથી શક્તો.) કા'બા મુઅઝ્ઝમામેં ઝમાનએ જાહિલિયતમેં મુશ્રિકીનને સૈયેદોના ઈબ્રાહીમ ઔર સૈયેદોના ઈસ્માઈલ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ કી, તસ્વીરેં બનાઈ ઔર હાથમેં પાંસે દિયે. (ફાલ કાઢવાનાં તીરો) થે જિન પર લા'નત ફર્માઈ ઔર ઉન તસ્વીરોં કા મહય (ભૂંસી કાઢી) ફર્મા દિયા, યે તો અંબિયાએ ઈઝામ કી તરફ નિસ્બત થી, ક્યા ઉસસે વોહ મલઉન પાંસે (ફાલના બાણો) મુઅઝ્ઝમ હો ગએ ! યા તસ્વીરેં કાબિલે ઈબદા (રાખવા લાયક) ! ઉસકે મુનહિર (ન માનનાર) કો યઝીદ કહેના રિફ્ઝે પલીદ હય. (શીઆની બુરી બકવાસ છે) તાઝિયામેં કિસી કિસ્મ કી ઈમદાદ (મદદ) જાઈઝ નહીં. તરીકએ મઝકૂરા ઝરૂર ફિસ્કો ઈત્તિબાએ રવાફિઝ (શીઆનું અનુસરણ) હય. ઔર તાઝિયા કો જાઈઝ સમઝના ફિસ્કે અકીદા (અકીદાની ખરાબી) મગર ઈન્કારે ઝરૂરિયાતે દીન નહીં કે કાફિર હો, ન ઉસસે હનફિય્યત ઝાઈલ હો, (એટલે કે અકીદાની ખરાબી છે પણ હનફી રહેશે.) જો કોલ (વાત) બાતિલ દૂસરે કો કહા જાએ ઉસકા વબાલ કાઈલ પર આતા હય, બેઐનેહી વહી કોલ પલટના મુતલક નહીં, કિસી કો નાહક ગધા કહેનેસે, કાઈલ ગધા ન હો જાએગા યુંહી





કિસી મુસલમાન સુન્ની કો યઝીદ કહેનેવાલા યઝીદ ન હો જાએગા, બલ્કે ઉસમેં રવાફિઝ કા પેરું હય (શીઆ જેવું કરી રહ્યો છે.) ઉસકે પીછે નમાઝ મકરૂહે તહરીમી હય ઔર ઉસસે બયઅત મમનૂઅ વ નાકાબિલે ઈબકા. (એના પાછળ પઢેલી નમાઝ ફરી પઢવામાં આવશે અને ખબર હોય તો તાઝિયાદારને ઈમામ બનાવવામાં આવશે નહીં, પીર હોય તો એનો મુરીદ બનવું જાઈઝ નથી, મુરીદ હોય તો બયઅત તોડી નાખવામાં આવશે.)

હાઝિરીનમેં હર એક પર અપના ગુનાહ ઔર બાની વ દાઈ પર ઉન સબ કે સબ બરાબર. (તાઝિયા બનાવી લોકોને હાજરીની દા'વત આપનાર માટે દરેક હાજરી આપનારનો પણ ગુનોહ અને હાજરી આપનાર ગુનાહથી મુક્ત નથી એ સર્વ પણ ગુનેહગાર છે, એટલે તાઝિયાના મેળામાં હાજરી આપવામાં નહીં આવે. તાઝિયા અને એના રિવાજોને જાઈઝ માનનાર ફાસિક અને બદ્અકીદા બિદઅતી, એવા લોકોને ઈમામ બનાવવા જાઈઝ નથી, પીર પણ માનવામાં નહીં આવે.)

**(૪)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (બ), પેજ–૪૩/૪૪

**સવાલ** : જો અશખાસ સુન્નતો જમાઅત કે હોં વો મન્નતે તાઝિયા, અલમ (ઝંડો) વ મહેંદી વગેરે કી માનતે હંય ઉનકો અસલ તાઝિયાદાર કે તાઝિયા પર લે જાકર ચઢાતે હંય ઔર શીરીની ઔર ખાના હર કિસમ કા લે જાકર વહાં ફાતિહા દેતે હંય ઔર ઉસકો બતોર તબર્રુક કે તકસીમ (વહેંચણી) કરતે હંય ઔર ઘર લે જાતે વક્ત ચાર ચાર કદમ પર મરષિયા બઆવાઝે બુલંદ પઢતે હંય ઔર ઢોલ, તાશે વગેરે કી આવાઝ બુલંદ હોતી હંય ઔર અકષર છાતી કુટતે હંય, ઉસકો માતમ કરાર દેતે હંય, અકષર ઔરત કો દેખા હય કે સાત, નવ, તારીખ કી શામ સે ઔર દસ કી ફજરસે ગશ્ત કરતી હંય, અલમ, મહેંદી, તાઝિયા ઔર આદમીયોં વગેરે કા નઝ્ઝારા કરતી હંય, ઔર અકષર અશરા કો સુબ્હસે શામ તક જિસકો કરબલા શરીફ કરાર દિયા હય હર એક તમાશે દેખતે હંય, અકષર લોગ ઔર ઔરતેં (સ્ત્રીઓ) તાઝિયા કો દફન કર કે રોટી ઔર શીરીની કબર પર રખ કર માતમ કરતે હંય ઔર ફિર ફાતિહા દેતે હંય.

**જવાબ** : અલમ (ઝંડે) તાઝિયે, તખ્ત, મહેંદી ઉનકી મન્નત, ગશ્ત (ફેરવવું) ચઢાવા, ઢોલ, તાશે, મરષિયે, માતમ, મસનૂઈ (બનાવટી) કરબલા કો જાના, ઔરતોં કા તાઝિયે દેખને કો નિકલના યે સબ બાતેં હરામો ગુનાહ નાજાઈઝો મના હંય. ફાતિહા જાઈઝ હય, રોટી, શીરીની, શરબત ચાહે જિસ ચીઝ પર હો, મગર તાઝિયા પર રખ કર યા ઉસકે સામને હોના જહાલત હય, ઔર ઉસ પર ચઢાને કે સબબ તબર્રુક સમઝના હિમાકત (મૂર્ખાઈ) હય, હાં તાઝિયાસે જુદા જો ખાલિસ સચ્ચી નિય્યતસે હઝરાતે શોહદાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين કી નિયાઝ હો વો જરૂર તબર્રુક હય. (તાઝિયા પર ચઢાવવામાં આવતું ખાણું નિયાઝ નથી એનાથી દૂર રહેવું જોઈએ. ઘરે ફાતિહા આપવામાં આવે તો સવાબ અને તબર્રુક છે.) તાઝિયાદારોં કી શરબતમેં શિરકત ન કરે કે તાઝિયામેં શિરકત સમજી જાએગી. ઔર આજકલ જાડે કા મૌસમ હય, શરબત કી જગા ચા હોની ચાહીએ. (શરબત જરૂરી નથી, ચા પણ સવાબની નિય્યતથી પીવડાવી શકાય છે.) જો કામ નાજાઈઝ હય ઉસે તમાશે કે તોર પર દેખને જાના ગુનાહ હય.

**(૫)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (બ) પેજ નંબર : ૪૫,૪૬ :

**સવાલ** : બેના બર શૌકતો દબદબએ ઈસ્લામ તાઝિયા બનાના ઔર નિકાલના અલમ (ઝંડા) વ મહેંદી વગેરે નિકાલના જાઈઝ યા નહીં, નીઝ તાઝિયા કો હાજતરવા સમઝના, યા યે કહના કે તાઝિયા હમારી મન્નત કા હય, અગર બંદ કરેં ન બનાવેં હમારા નુકસાને ઔલાદો માલ હોગા, કૈસા હય ? તાઝિયાદાર યા તાઝિયા પરસ્ત કે હાથ કા ઝબીહા ખાના દુરુસ્ત હય યા નહીં ?

**જવાબ** : અલમ, તાઝિયે, મહેંદી જિસ તરહ રાઈજ હંય, બિદઅત હંય ઔર **બિદઅત સે શૌકતે ઈસ્લામ નહીં** હોતી. (આવાં કામો ઈસ્લામના નામે બકવાસ છે.) તાઝિયા કો હાજતરવા યા'ની ઝરીયાએ હાજતરવા સમઝના જહાલત પર જહાલત હય. (તાબૂતથી કોઈ ફાયદો નથી મળી શક્તો.) ઔર ઉસે મન્નત જાનના ઔર હિમાકત (એવી મન્નત ન માની શકાય, અતિ મૂર્ખાઈનું કામ છે !)





ઔર ન કરને કે બાઈષ નુકસાન ખયાલ કરના ઝિનાના વહમ હય (સ્ત્રીઓ માફક અંધશ્રધ્ધા ન રાખવી જોઈએ એનાથી કોઈ નુકસાન નથી આવી શક્તું.) મુસલમાન કો ઐસી હરકતો ખયાલસે બાઝ આના ચાહીએ. (રોકવું જોઈએ.) બઈહમા (તો પણ) તાઝિયાદાર મુસલમાન હય (કાફિર નથી ફાસિક, બદ્અકીદા અને બિદઅતી છે.) ઔર ઉસકે હાથ કા ઝબીહા ઝરૂર હલાલ હય. (એના હાથનું કાપેલું જાનવર ખાય શકાય છે પણ એને લઈને એ બિદઅતીમાંથી નીકળી નથી જતો, ઝબીહામાં જ્યાં સુધી કાફિર અને મુરતદ ન હોય હરામનો હુકમ નથી આવતો.)

**(૬)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (અ) પેજ નં. ૧૬૪ :–

**સવાલ** : નાવાકિફ જાહિલ લોગ બનામ નિહાદ (બનાવટી) તાકે શહીદ તાક પરસ્તી કરતે હંય, મન્નતેં માનતે હંય, આપની હાજત રવાઈ તાકસે ચઢાતે હય, ઝુક ઝુક કર સલામ કરતે હંય, અપની હાજત રવાઈ તાકસે ચઢાતે હંય, ઉસમેં ઔર બુત પરસ્તી મેં ક્યા ફરક હય ? ઔર જો લોગ ઐસા કરતે હંય ઉનકે લિએ શરીર શરીફમેં ક્યા હુકમ હય ?

**જવાબ** : યે સબ રોસૂમે જહાલતો હિમાકત (મૂર્ખાઈના રિવાજો) વ મમનુઆતે બેહુદા હંય, મગર બુત પરસ્તી ઔર ઈસમેં ઝમીન આસ્માન કા ફરક હંય, યે જોહહાલ (જાહિલો) પરસ્તિશ (બંદગી) બમાના હકીકત નહીં કરતે. (અલ્લાહ અથવા અલ્લાહ જેવું કે પછી અલ્લાહ સાથે શરીકના માયનામાં સમજીને નથી કરતા) કે કાફિર હો જાએં (કુફ્રનો ફત્વો આપવામાં નહીં આવે જ્યાં સુધી કુફ્ર અને શિર્ક કરે છે એ નિય્યતથી સ્પષ્ટ ન થઈ જાય.) હાં ! ગુનેહગાર ઔર મુબતદિઅ હંય. (એવા લોકો ગુનેગાર તથા બિદઅતી છે.)

**(૭)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ નંબર–૧૮૬ :–

**સવાલ** : તાઝિયા કા બનાના ઔર દેખના ઔર ઉન પર દિલ સે મુઅતકિદ હોના અહલે સુન્નતો જમાઅત કો ચાહીએ યા નહીં ? ઔર જો ઐસા કરે ઉસ પર બ મુજિબે શરઅ ક્યા હુકમ સાદિર હોગા ?

**જવાબ** : તાઝિયાએ રાઈજા મજમએ બિદઆતે શનીઆ સૈયેઆ હય, ઉસકા બનાના દેખના જાઈઝ નહીં, ઔર તાઝીમો અકીદત સખ્ત હરામ વ અશદ્દ બિદઅત, અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા મુસલમાન ભાઈઓંકો રાહે હક્ક કી હિદાયત ફર્માએ. (એ પ્રકારના લોકો બદ્અકીદા અને બિદઅતી છે, કાફિર નથી.)

## ★ મુહર્રમની મેહફિલો અને જલ્સા ★

**(૮)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (અ) પેજ નંબર–૬૨ :–

**સવાલ** : શહાદતનામાકા પઢના જાઈઝ હંય યા નહીં ?!

**જવાબ** : શહાદત નામે નઝમ યા નસ્ર જો આજકલ અવામ મેં રાઈજ હંય અકસર રિવાયતે બાતેલા (જૂઠી વહેતી વાતો) વ બે સરો પા (પુરાવા વિનાની)સે મમલૂ (ભરેલી) ઔર અકાઝીબે મૌઝુઆ (ઘડેલું જૂઠ) પર મુશ્તમિલ હંય, ઐસે બયાન કા પઢના સુનના વો શહાદતનામા હો ખ્વાહ કુચ્છ ઔર મજલિસે મીલાદે મુબારક મેં હો, ખ્વાહ કહીં, મુતલકન હરામો નાજાઈઝ હય, ખુસૂસન જબ કે વો બયાન ઐસે ખૌરાફત કો મુતઝમ્મિન હો જિસસે અવામ કે અકાઈદ મેં ઝલલ આયે, (અકીદો ખરાબ કરનાર વાતો અંદર આવતી હોય તો વધારે ખતરનાક છે) કે ફિર તો ઔર ભી ઝહેર કાતિલ હય, ઐસે હી વોજૂહ (કારણો) પર નઝર ફર્મા કર ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી قدس سرہ વગેરહ્ અઈમ્માએ કિરામને હુકમ ફર્માયા કે શહાદત નામા પઢના હરામ હય. ઈમામ અલ્લામા ઈબ્ને હજર મક્કી قدس سرہ સવાઈકે મુહરેકામેં ફર્માતે હંય, ઈમામ ગિઝાલી વગેરેને ફર્માયા વાઈઝ વગેરે પર હસન ઔર હુસૈન કી શહાદત ઔર હિકાયતેં હરામ હંય, આગે ફર્માતે હંય, ઈમામ હુસૈન કે કત્લ કી રિવાયત કે હરામ બતાને સે મેરે ઈસ કિતાબમેં બયાન કરને કા ખિલાફ લાઝિમ નહીં આતા, ઈસ વજહ સે કે યે બયાન હક્ક હય જિસ કા એ'તેકાદ બુઝુર્ગ સહાબાસે સાબિત હોતા હય, ઔર ઉન કી બરાઅત હર નકસ (કમી, એયબ)સે સાબિત હો ચૂકી હંય (સહાબામાં એ'તેકાદી અને માન્યતાની ખરાબી નથી આવી શક્તી) જાહિલ વાઈઝ લોગ જૂઠી ઔર બનાવટી ખરાબીકો લાતે હંય, ઔર હક્ક જિસકા





એ'તેકાદ ઝરૂરી હય ઉસે સાફ બયાન નહીં કરતે (ભાવાર્થ એ કે ઈમામ ગિઝાલીએ જૂઠી રિવાયતોના વર્ણનને હરામ કહ્યું છે, સત્ય રિવાયતોથી બયાન કરવામાં આવે તો એને નાજાઈઝ નથી કહી શકાતું.) યૂં હી જબ કે ઉસસે મકસૂદ ગમ પરવરી (ચિંતા વ્યક્ત કરવાનો ઈરાદો) વ તસન્નુએ હુઝન હો તો યે નિયત ભી શરઅન નામહમૂદ (ચિંતિત હોવાનો દેખાવ) શરએ મુતહ્હરને ગમમેં સબ્રો તસ્લીમ (સહનશીલ રહેવું) ઔર ગમે મૌજૂદ કો હત્તલ મકદૂર (બની શકે ત્યાં સુધી) દિલ સે દૂર કરને કા હુકમ દિયા (સત્ય ગમને પણ દૂર કરવો જોઈએ) ન કે ગમે માદૂમ બેતકલ્લુ કો ઝોર લાના ન કે બેવસન્નુઓ ઝોર બનાના (ગમ ન હોય પણ માત્ર એવો ઢોંગ કરવો) ન કે ઉસે બાઈષે કુરબતો સવાબ ઠેહરાના (પછી તેને સવાબનો દરજ્જો આપવો) યે સબ બિદઆતે શનીઆએ રવાફિઝ હંય જિસ સે સુન્ની કો એહતેરાઝ લાઝિમ. (શીઆઓની બિદઅતો છે આપણે એનાથી બચવું જરૂરી છે) હાશા લિલ્લાહ ! (અફસોસની વાત) ઈસમેં કોઈ ખૂબી હોતી તો હુઝૂર પૂરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم કી વફાતે અકદસ કી ગમ પરવરી સબસે ઝિયાદા અહમ્મો જરૂરી હોતી, દેખો હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم કા માહે (મહીનો) વિલાદત (જન્મ) વ માહે વફાત વહી માહે મુબારક રબીઉલ અવ્વલ શરીફ હય, ફિર ઉલમાએ ઉમ્મત વ હામિયાને સુન્નતને ઉસે માતમે વફાત ન ઠહેરાયા બલ્કે મૌસમે શાદીયે વિલાદતે અકદસ બનાયા (ભાવાર્થ : ઈમામે હુસૈનની શહાદતનો ગમ મનાવવાની રજા આપવામાં આવે તો આપણા નબીની વફાત આપણા માટે એનાથી મોટું દુઃખ છે પણ એ તારીખે આપણે ઈદે મીલાદની ઉજવણી કરીએ છીએ. જ્યારે નબીના વફાતના દુઃખને હવે પ્રગટ નથી કરી શક્તા તો પછી ઈમામે આલી મુકામ માટે કેમ કરી કરવામાં આવે ?!) સવાઈકે મુહરેકામેં હઝરત ઈબ્ને હજર મક્કીને યે ભી ફર્માયા, આશૂરા કે દિનમેં રાફઝીઓં કી બિદઅતોં સે બચા જાએ, જૈસે માતમ, નૌહા ઔર હુઝન. ઈસ લિએ કે યે ઈમાનવાલોં કે અખ્લાક સે નહીં, વરના નબી صلی اللہ تعالیٰ علیہ وسلم કી વફાત કા દિન ઉસસે ઔલા વ લાઈક થા અવામ મજલિસ ખ્વાં અગરચે બિલ ફર્ઝ સિર્ફ રિવાયતેં સહીહા બર વજહે સહીહ પળ્હેં ભી તા હમ જો ઉન્કે હાલસે આગાહ હૈ ખૂબ જાનતા હય કે ઝિક્રે શહાદત શરીફ પઢનેસે ઉનકા

મતલબ હી બતસન્નુઅ રોના બતકલ્લુફ રુલાના ઔર ઉસ રોને રુલાનેસે રંગ જમાના હય, ઉસકી શનાઅતમેં ક્યા શુબ્હા હય ! (સત્ય રિવાયતો પઢવામાં આવે પણ એનો મતલબ રડવું અને રડાવવું હોય તો એ પણ ખરાબ કામ છે.) હાં અગર ખાસ બનિય્યતે ઝિક્ર શરીફ હઝરાતે અહલે બૈયતે તહારત સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિહિમ વ અલૈહિમ વ બારકા વસલ્લમ વ ઉનકે ફઝાઈલે જલીલા વ મનાકિબે જમીલા રિવાયતે સહીહાસે બર વજહે સહીહ બયાન કરતે ઔર ઉસકે ઝિમ્નમેં ઉનકે ફઝલે જલીલ, સબ્રે જમીલ કે ઈઝહાર કો ઝિક્રે શહાદત મુબારક ભી આ જાતે ઔર ગમ પરવરી વ માતમ અંગેઝી કે અંદાઝસે કામિલ એહતેરાઝ હોતા તો ઉસમેં હર્જ ન થા, મગર હયઆત ઉન કે અનવાર ઉનકે આદાત ઈસ નિય્યતે ખૈરસે યકસર જુદા હંય, ઝિક્રે ફઝાઈલ શરીફ મકસૂદ હોતા તો ક્યા ઉન મહબૂબાને ખુદા કી ફઝીલત સિર્ફ યહી શહાદત થી, બેશુમાર મનાકિબે અઝીમા અલ્લાહ عزوجل ને ઉન્હેં અતા ફર્માએ ઉન્હેં છોળકર ઉસી કો ઈખ્તિયાર કરના ઔર ઉસમેં તરહ તરહસે બ અલ્ફાઝે રિક્કત ખૈઝ વ નૌહાનુમા વ મઆનીએ હુઝન અંગેઝ વ ગમ ફઝા બયાન કો વુસઅતેં દેના ઉન હીં મકાસિદે ફાસેદા કી ખબરેં દે રહા હય, ગર્ઝ અવામ કે લિએ ઉસમેં કોઈ વજહે સાલિમ નઝર આના સખ્ત દુશ્વાર હંય. (સમાજ પર નજર કરતાં એવું જોવા મળે છે કે અવામની હાલત આ બાબતે વ્યવસ્થિત નથી એટલે એમને રજા નથી આપી શકાતી.)

(**નોંધ** : આપણે ત્યાં શહાદતે ઈમામના નામથી મહફિલો કરવામાં આવે છે, એમાં ઉપરોક્ત વાતો ન હોય તો કરી શકાય છે. અને બયાન કરવાવાળાઓ માત્ર શહાદતના કિસ્સાઓનું વર્ણન ન કરે એમની ફઝીલતો અને એમની સબ્ર અને સહનશીલતાનું વર્ણન કરવું જોઈએ.)

**(૯)** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯ (અ) પેજ નંબર–૮૮ :–

**સવાલ** : મજલિસે મુહર્રમમેં ઝિક્રે શહાદત ઔર મરષિયા સુનના કૈસા હંય ?!

**જવાબ** : કુતુબે શહાદ જો આજકાલ રાઈજ હંય અકસર હિકાયતે મૌઝૂઆ વ રિવાયતે બાતિલા પર મુશતમિલ હંય. યૂંહી મરષિયે ઐસી ચીજોં કા પળ્હના સુનાના સબ ગુનાહ વ હરામ હંય. હદીષ મેં





હંય રસૂલુલ્લાહ ﷺ ને મર્ષિયોંસે મના ફર્માયા હય. રવાહુ અબૂ દાવૂદ વ હાકિમ. ઐસે હી ઝિક્રે શહાદત કો ઈમામ હુજ્જતુલ ઈસ્લામ વગેરે ઉલમાએ કિરામ મના ફર્માતે હંય, કમા ઝકરહુ ઈબ્ને હજર મક્કી ફી સવાઈકે મુહરેકા. હાં ! અગર સહીહ રિવાયત બયાન કી જાએં ઔર કોઈ કલેમા કિસી નબી યા મલક યા અહલે બૈયત યા સહાબી કી તૌહીને શાન કા મુબાલગએ મદહ વગેરા મઝૂકર ન હો. ન વહાં નૌહા, યા સીના કોબી, યા ગરીબાન દરી, યા માતમ, યા તસન્નુઅ, યા તજદીદે ગમ વગેરે મમનુઆતે શરઈયા હોં તો ઝિક્રે શરીફ ફઝાઈલો મનાકિબે હઝરતે સૈયદોના ઈમામે હુસૈન رضی اللہ عنہ કા બિલાશુબ્હા મુજિબે સવાબ વ નોઝૂલે રહમત હંય. (એટલે કે મહફિલમાં શરીઅત વિરૂધ્ધનું કોઈ કામ કરવામાં ન આવે તો એ જાઈઝ છે, અને એવું કરી શકાય છે.)

**ફાયદો** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી મુજદ્દિદે ઈસ્લામ رحمۃ اللہ علیہ જેમની તરફ આપણી સુન્નિયતનો સંબંધ જોડવામાં આવે છે અને આપને સંબંધિતત સુન્નિયતને સત્ય સુન્નિયત સમજવામાં આવે છે, તેમના ફતાવાઓથી સ્પષ્ટ થયું કે આપનો મસ્લક બિદઅતોથી પાક છે અને આપે બિદઅતોને નષ્ટ કરવા ગંભીર પ્રયત્નો કર્યા છે. મુહર્રમના તાઝિયા અને એની સાથે અમલમાં આવતા કુરિવાજો બાબતે આપનું લખાણ તમારી સમક્ષ છે, પછી આપણે ખરાબ કામો સાથે આપણો સંબંધ બાકી ન રાખવો જોઈએ, એવા ખરાબ કામોથી તૌબા કરવી જોઈએ, અને આપણે સાચી સુન્નિયત પર સશક્ત બની જવું જોઈએ.

## ★ આપણે શું કરીએ છીએ ?! ★

આ'લા હઝરતે પોતાની જિંદગીમાં આપણી દીની જરૂરતોને પૂર્ણ કરવાનાં અસંખ્ય કામો કરી બતાવ્યાં પણ હવે એનો પ્રચાર અને લોકો સમજી શકે એવી રીતોથી વર્ણન કરવાનું કામ પછીના આલિમોનું હતું અને છે. પણ જોવા જોઈએ તો લાખો આલિમ હશે જેઓ પોતાનો સંબંધ આ'લા હઝરતના મસ્લક સાથે જોડે છે, પણ જોઈએ તે પ્રમાણે આ'લા હઝરતની તા'લીમાત લોકો સુધી પહોંચાડવામાં નથી આવી.

આ'લા હઝરતને દુનિયાથી જવાને એંસી વરસોથી અધિક જમાનો પસાર થઈ ગયો પણ એ બિદઅતો જેને નષ્ટ કરવા આ'લા હઝરતે લખાણ કર્યું તે સુન્નીઓમાં ચાલી રહી છે ! બલ્કે તેમાં કેટલી બિદઅતોનો વધારો થઈ ગયો છે. તો પછી લાખો આલિમોએ મળીને પબ્લિકમાં શું કામ કર્યું ? મને સારી રીતે ખબર છે કે યુ.પી. માં પણ જગા જગાએ સુન્નીઓ તરફથી આજે પણ તાઝિયા બનાવવામાં આવે છે, અને આજે પણ આલિમો પબ્લિકને સમજાવી નથી શક્યા, તો પછી તમે ક્યારે પબ્લિકને સમજાવશો ?! અને ક્યારે એમના માહોલને બિદઅતોથી પાક કરશો ?! હે આલિમો ! તમને પબ્લિકનો ડર લાગે છે ?! જો આમ હોય તો એ ડરથી મુક્ત થઈ જાવ ! થવાનું એ જ છે જે અલ્લાહને મંજૂર છે પછી અલ્લાહ અને રસૂલના દીનનો સંપૂર્ણ પ્રચાર કરવા માટે મુજાહિદ બનીને મેદાનમાં આવી જાવ ! થોડા દિવસ તકલીફ ઊભી થશે પણ પરિણામ સારું આવશે. સારાંશ એ કે ઉલમા કોશિશ કરે અને પબ્લિક પણ સત્ય સમજવાની અને માનવાની કોશિશ કરે.

**وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ**





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૨)

# શહીદ અને નબી આલમે બરઝખમાં

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِيْنَ وَ الصَّلٰوۃُ وَ السَّلَامُ عَلٰی رَسُوْلِہِ الْکَرِيْمِ وَ عَلٰی اٰلِہٖ وَ اَصْحَابِہٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَ لَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰہِ اَمْوَاتًا بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ فَرِحِيْنَ بِمَآ اٰتَاهُمُ اللّٰہُ مِنْ فَضْلِہٖ وَ يَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِنْ خَلْفِهِمْ اَلَّا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ يَسْتَبْشِرُوْنَ بِنِعْمَۃٍ مِّنَ اللّٰہِ وَ فَضْلٍ وَ اَنَّ اللّٰہَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ صَدَقَ اللّٰہُ الْعَظِيْمُ وَ صَدَقَ رَسُوْلُہُ الْکَرِيْمُ وَ نَحْنُ عَلٰی ذٰلِکَ لَمِنَ الشَّاهِدِيْنَ وَ الشَّاکِرِيْنَ

**اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا رَسُوْلَ اللّٰہِ**

**اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا حَبِيْبَ اللّٰہِ**

**اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا نَبِیَّ اللّٰہِ**

**اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا نُوْرَ اللّٰہِ**

**صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ**

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતો પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈયેદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.)

મારા બહેનો ! રૂહ અને પ્રાણ શું છે ? એક વિશાળ પ્રકરણમાં તમને એની માહિતી આપવામાં આવી તેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે દુનિયામાં પેદાઈશ હોય અથવા પૈદાઈશ પછી મરણ હોય એ રૂહ પર બદલાતી સ્થિતિઓ છે, નહીં તો રૂહની જિંદગી વજૂદમાં આવ્યા પછી હમેશાંની છે અને એને ક્યારે પણ નષ્ટ કરવામાં આવશે નહીં. આલમે અરવાહ એટલે રૂહો અને પ્રાણોની દુનિયામાં રૂહોને વજૂદ આપી દેવામાં આવ્યો તેઓ ત્યાં રહે છે, તે એમની આલમે અરવાહની સ્થિતિ છે, જ્યારે અલ્લાહ તઆલા કોઈ ખાસ અને નિશ્ચિત રૂહને દુનિયામાં પહોંચાડવા માંગે છે તો તેને બદન અને શરીરનો સાથ અર્પણ કરી એક ખાસ પ્રકારથી ફરિશ્તા દ્વારા દુનિયામાં મોકલે છે જેને આપણે બાળક જન્મ્યું કહીને સમજીએ છીએ. દુનિયામાં થયેલ આ પેદાઈશ અને જન્મમાં રૂહ અને પ્રાણનો જન્મ નથી થયો. તે તો સદીઓ જૂની અને પુરાણી છે, બલ્કે જન્મ બદનનો થયો જેમાં રૂહનો શણગાર આપવામાં આવ્યો, તો આ રૂહની બીજી સ્થિતિ છે જેને હયાત કહેવામાં આવે છે. રૂહને દુનિયામાં મોકલ્યા પછી બદનના સંગ અને રંગમાં તેની હયાતનો એક નિશ્ચિત જમાનો હોય છે ત્યાં સુધી એને દુનિયામાં રાખવામાં આવે છે અને પછી તેને શરીરથી અલગ કરી લેવામાં આવે છે તે રૂહની ત્રીજી સ્થિતિ છે જેને મૌત કહેવામાં આવે છે, એટલે કે બદનથી તેની જુદાઈ.

દુનિયા અને હશ્રની વચમાં જે એક લાંબો જમાનો છે તેને બરઝખ કહેવામાં આવે છે. બરઝખ એટલે પરદો થાય છે, પરદો બેની વચમાં હોય છે એટલે દુનિયા અને હશ્રની વચમાં જે લાંબો જમાનો છે તેને બરઝખ કહેવામાં આવે. મરણ પછી માણસની રૂહો બરઝખમાં રાખવામાં આવે છે. નેક માણસોને ત્યાં આરામ આપવામાં આવે છે અને પાપી લોકોને ત્યાં અઝાબ આપવામાં આવે છે. મૂળ જન્નત અને મૂળ દોઝખમાં હશ્ર પછી પહોંચાડવામાં આવશે. તે પહેલાં મૂળ જન્નત અને મૂળ દોઝખમાં હમેશાં માટે પ્રવેશ થશે નહીં.

આલમે બરઝખમાં રૂહો અને પ્રાણોને અમલ અને ઈમાનના આધારે અલગ અલગ જગાઓ પર રાખવામાં આવે છે તેનો ઉલ્લેખ રૂહના પ્રકરણમાં કરી દેવામાં આવ્યો છે. એટલે અહીં ફરીથી કરવાની જરૂર નથી.



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

એ પણ ઉલ્લેખ કરી દેવામાં આવ્યો કે મરણનો મતલબ નષ્ટ થઈ જવું નથી બલ્કે એનો મતલબ માત્ર એટલો છે કે રૂહને બદનથી અલગ કરી દેવામાં આવે છે તો પછી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે રૂહ તો જીવંત જ છે અને મરણ પછી પણ દરેક જીવંત હોય છે. જો આમ ન હોય તો પાપીઓ અને કાફિરોને અઝાબ થવાનો શો મતલબ ?! નેક લોકોને આરામ અને શાંતિ મળવાનો માયનો શું ?! પણ આજે આપણે એ બાબતે ચર્ચા કરવાની છે કે શહીદો જીવંત છે એ ભાર દઈને કહેવામાં આવ્યું, નબીઓ જીવંત છે એ ભાર દઈને કહેવામાં આવ્યું અને સામાન્ય મતલબથી એ સ્પષ્ટ થયું કે દરેક જીવંત છે તો પછી નબી અને શહીદોના જીવંત હોવામાં તફાવત શું છે ?! સામાન્ય લોકો અને તેમના જીવનમાં ફરક શું છે ?!

આ ચર્ચાના આપણે બે ભાગ પાડીશું : એક નબીનું બરઝખી જીવન, બે શહીદનું બરઝખી જીવન. પણ તે પહેલાં આપણે એ શંકાનો નિકાલ કરી લઈશું કે મરણ પછી તરત જ જન્નત અને દોઝખ કેમ આપી દેવામાં નથી આવતી અને બરઝખના લાંબા જમાનાનો પર્દો કેમ રાખવામાં આવ્યો છે ?!

## ★ બરઝખ શા માટે ? ★

મરણ પછી તરત જ મૂળ જન્નત અથવા મૂળ દોઝખ કેમ નથી આપી દેવામાં આવતી તો એનો નિકાલ એ છે કે દુનિયા દારુલ અમલ છે એટલે કે અમલનું ઘર. આપણને આ દારુલ અમલમાં બે પ્રકારની જવાબદારી આપવામાં આવી છે એકનો સંબંધ અલ્લાહ સાથે છે અને એકનો સંબંધ મખ્લૂક સાથે. જે અમલનો સંબંધ લેશમાત્ર અલ્લાહ સાથે છે તેને **હોકૂકુલ્લાહ** કહેવામાં આવે છે અને જેનો સંબંધ બંદાઓ અને બીજી મખ્લૂક સાથે છે તેને **હોકૂકુલ ઈબાદ** કહેવામાં આવે છે. પછી વધારે છણાવટ કરતાં એ જાણવા મળે છે કે આ અમલોના પણ બે પ્રકાર છે : એક તો તે અમલ જેની અસર તરત ખત્મ થઈ જાય, બીજો તે અમલ કે લાંબા સમય સુધી તેની અસર જોવા મળે. આ બીજા પ્રકારને શરીઅતની પરિભાષામાં આમાલે જારિયા કહેવામાં આવે છે. દા.ત.

પાણીની પરબ બનાવી. તો જ્યાં સુધી તેના પાણીથી લોકોને ફાયદો મળતો રહે બનાવનારને એનો સવાબ મળતો રહેશે. અને જેમ કે મસ્જિદો. જ્યાં સુધી લોકો તેમાં નમાઝ પઢતા રહેશે બનાવનારને એનો સવાબ મળતો રહેશે. બનાવનાર દુનિયામાં રહે તો પણ અને બનાવનાર મરી જાય તો મરી ગયા પછી પણ સવાબ મળવાનું ચાલુ જ રહેશે.

જે અમલોની અસર બાકી રહેતી નથી તેની બાબત તો સ્પષ્ટ છે કે કરતાની સાથે એનો સવાબ લખી દેવામાં આવ્યો અને તેની અસર બાકી નથી એટલે બીજી વખત લખવાની જરૂરત નથી. પણ જે અમલોની અસર લાંબા સમય સુધી બાકી રહે છે તેનો બદલો લાંબો સમય સુધી મળતો રહેશે, તો જો દુનિયા અને હશ્રની વચમાં પરદો જેને બરઝખ કહેવામાં આવે છે રાખવામાં ન આવતો અને તરત મૂળ જન્નત અને મૂળ દોઝખનો ફેંસલો કરી દેવામાં આવતો તો જેની નેકીઓ મરણ પછી પણ જારી રહી છે તેનું શું થાત ?! એવું પણ થઈ શકે છે કે કોઈ વ્યક્તિના ગુનાહ વધારે છે અને તે ગુજરી ગયો પણ તે મસ્જિદ બનાવીને મર્યો છે અને લાંબા સમય સુધી તેનો ફાયદો મળતો રહેશે અને સવાબ લખાતો રહેશે તો આ સતત લખાતી નેકીઓ ગુનાહોથી અલગ વધી જાય અને તે કામયાબ બની જાય. અથવા નેકીઓ અસંખ્ય થઈ જાય અને તે જન્નતમાં ઊંચે દરજે પહોંચવાના લાયક બની જાય.

આ પ્રમાણેનો ઉલ્લેખ જારી ગુનાહો બાબત પણ થઈ શકે છે **દા.ત. કોઈએ સિનેમા હોલ બનાવ્યો (અથવા ઘરમાં ટી.વી. તથા ફિલ્મી કેસેટો, વીડીઓ લાવી મૂક્યું) અને મરણ પછી પણ તે ચાલી રહ્યો છે તો ગુનાહનો દરવાજો બંધ નથી થયો. મરનારના અમલનામામાં સતત ગુનાહ લખાયા કરશે અને ગુનાહ જેટલા વધારે હશે તે પ્રમાણે દોઝખના અઝાબમાં વધારો થશે.** તો પછી તરત મૂળ દોઝખનો નિર્ણય કેમ કરી લઈ શકાય એટલે અલ્લાહ તઆલાએ દુનિયા અને હશ્રની વચમાં બરઝખ રાખ્યું.

**સવાલ** : અલ્લાહને તો ખબર જ છે કે બંદાનો તે જારી અમલ ક્યાં સુધી જારી રહેશે તો પછી તેનો બદલો ટોટલ લગાડીને આપી દેવામાં આવે તો પણ ફેંસલો થઈ શકે છે ! પછી બરઝખની શી જરૂરત ?!



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

**જવાબ** : ફેંસલો અલ્લાહના ઈલ્મથી લેવાનો હોય તો દુનિયામાં માણસને મોકલવાની જરૂરત ન હોતી, અલ્લાહને તો ખબર જ છે કે કોણ કેવા અમલ કરશે, તો પછી પોતાના ઈલ્મ પ્રમાણે ફેંસલો કરી આપતો અને બરઝખ શું દુનિયાની પણ જરૂરત ન પડતી ! પણ હકીકત એ છે કે અલ્લાહ તઆલા બંદાઓને બતાવવા માંગે છે કે મેં તારા હક્કમાં ત્રાસ નથી કર્યો, તારી સાથે નાઈન્સાફી કરવામાં નથી આવી. બંદાને પોતાના અમલોના બદલા બાબતે શાંતિ ક્યારે થઈ શકે છે જ્યારે તે પોતે પણ જોઈ લે કે એને એના અમલોનો પૂરેપૂરો બદલો મળી ગયો છે. જ્યારે બંદાઓની આત્મશાંતિ માટે છે કે તેઓ પોતે પણ પોતાની આંખોથી જોઈ લે અને એ યકીન મેળવી લે કે જે કંઈ મળ્યું અથવા જે નુકસાન ઉઠાવ્યું તે મારા તરફથી છે અલ્લાહ તરફથી મારી ઉપર કોઈ ત્રાસ કરવામાં નથી આવ્યો.

જ્યારે આ ફેંસલાઓ અલ્લાહના ઈલ્મના આધારે નહીં બંદાઓને બદલાનું યકીન આપવા માટે છે તો પછી એમાં બંદાનો ખયાલ જરૂરી છે તો એના માટે બરઝખનો આલમ અલગથી રાખવામાં આવ્યો. અને ત્યાર પછી હશ્રમાં હિસાબો કિતાબ પણ રાખવામાં આવ્યો. શું અલ્લાહને હિસાબો કિતાબની જરૂરત છે ?! શું અલ્લાહને ખબર નથી કે બંદાની નેકીઓ વધારે છે કે પછી ગુનાહ ?! તો પછી હશ્ર પણ અલ્લાહના ઈલ્મના આધારે નહીં પણ બંદાઓને શાંતિ અને યકીન આપવાના આધારે છે. એટલે ઉપરોક્ત સવાલ ઉપસ્થિત નથી થઈ શક્તો.

બીજું એ કે હોકૂકુલ ઈબાદમાં બંદાઓને બંદાઓ તરફથી હક્ક આપવામાં આવશે. દરેકના મરવાનો સમય એક નથી પછી દરેકનો ફેંસલો મરતાની સાથે કેમ કરી દેવામાં આવે ?! અને જેનો હક્ક છે તેના મરણ પહેલાં ફેંસલો કરવામાં આવે તો તે ત્યાં મોજૂદ નથી તેને કેવી રીતે યકીન બેસે કે એનો પૂરો હક્ક આપવામાં આવ્યો છે. બીજું એ કે બંને એક જગાએ હોય તો એવું પણ થઈ શકે છે કે હક્ક લેનાર પોતાના તરફથી માફ કરી આપે. એટલે આલમે બરઝખનો સમય દુનિયા અને હશ્રની વચમાં રાખવામાં આવ્યો છે.

**સવાલ** : હશ્રમાં ફેંસલાઓ કરવામાં આવે તો આશંકાઓનો નિકાલ કેમ કરી આવી શકે છે ?!

**જવાબ** : કિયામતની પહેલી સૂર ફૂંકતાની સાથે દુનિયા નષ્ટ કરી દેવામાં આવશે એટલે કોઈ પણ જારી અમલ નેકીનો હોય કે પછી ગુનાહનો બાકી રહેશે નહીં. કારણ કે કોઈ કરનાર હયાત નહીં હોય, અને તે ચીજ વસ્તુઓ પણ હશે નહીં એટલે અસર બાકી રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, બંદાઓના હક્કોનો જ ફૈંસલો કરવાનો છે તે બધાંને જ મેદાને હશ્રમાં ભેગા કરી દેવામાં આવશે, એટલે તેઓ ફૈંસલા સમયે એકબીજાની સામ સામે હશે. તો પછી ઉપરોક્ત જે શંકાઓ વર્ણવવામાં આવી તેમાંથી એક પણ બાકી ન રહી. હશ્રને ફૈંસલોઓ માટે આ કારણોને લઈને નિયુક્ત કરવામાં આવી અને જન્નત દોઝખમાં પ્રવેશના ફૈંસલાઓ પણ હશ્ર પછી જ રાખવામાં આવ્યા.

હશ્રમાં જ્યારે લોકોને લાવવામાં આવશે તો સાચી અને હકીકી હયાત દુનિયા માફક સર્વને આપી દેવામાં આવશે. દુનિયામાં જે શરીરો અને બદનોમાં મોકલવામાં આવ્યા હશ્રમાં રૂહોને તે શરીરોમાં પરત લાવવામાં આવશે, એટલે હશ્રની હયાત બધા લોકો માટે જ છે. પણ આપણી ચર્ચા એ ચાલી રહી છે કે દુનિયા અને હશ્રની વચમાં એક આલમ રાખવામાં આવ્યો છે જેને બરઝખ કહેવામાં આવે છે તેમાં સર્વની હયાત અને જીવન એક જેવું નથી. ત્યાં સામાન્ય લોકોની હયાતમાં અને અલ્લાહના વલીઓ, શહીદો અને નબીઓની હયાતમાં ફરક અને તફાવત રાખવામાં આવ્યો, તો હવે આપણે તે ફર્ક સમજવાની કોશિશ કરીશું.

## ★ મખ્લૂકમાં નબુવ્વતથી ઊંચુ પદ નથી ★
## (નબીઓની બરઝખી હયાત)

નબીઓનો દરજો અને મરતબો ખુદાની બારગાહમાં સૌથી અધિક ઊંચો છે અને એમના બરાબર ખુદાની મખ્લૂકમાં કોઈ નથી. નબીઓને ખુદા તઆલા તરફથી તેમના માન મરતબા પ્રમાણે ઈજ્જત આપવામાં આવે. કોઈ કમાલ અને ખૂબી તેમનાથી નીચેના તબકાને આપવામાં આવે તો એનો મતલબ એ થયો કે નબીને તે જરૂરતથી અર્પણ કરવામાં આવી હશે.

બીજાું એ કે મખ્લૂકને જે કંઈ ખુદાની રેઝાથી આપવામાં આવે





છે તે નબીઓના સદકામાં આપવામાં આવે છે, તો પછી કોઈ કમાલ અને ખૂબી ગેરનબી પાસે હોય અને જેને અલ્લાહ તઆલા પોતાની બારગાહમાં ઘણી જ ઈજ્જત આપી તો નબી પોતે મહરૂમ હોય એ સમજમાં આવે એવી વાત નથી. એટલે એ જરૂરથી કબૂલવું પડશે કે નબી કમાલ અને ખૂબીમાં સૌથી આગળ છે અને નબીને છોડીને બીજા લોકો એમાં નબીની પછવાડે છે.

## ★ શહાદત પણ નબીના સદકામાં ★

જ્યારે એ જાણી લેવામાં આવ્યું કે ઉમ્મતીઓને મળતી ખૂબીઓ નબીના સદકામાં હોય છે તો નબી તેનાથી મેહરૂમ નથી રહી શક્તા. દા.ત. ખુદાના માર્ગમાં શહાદત પ્રાપ્ત કરવી આ એક ખૂબી છે. ઉમ્મતીને નબીના સદકામાં પ્રાપ્ત થાય છે. જો કોઈ વ્યક્તિ એક નબીની નબુવ્વતનો ઈન્કાર કરે તો તે મુસલમાન નથી રહી શક્તો અને શહાદત મુસલમાનની ખૂબી છે. કાફિર ગમે તેટલી કોશિશ કરે વ્યર્થ અને બેકાર છે. જો કોઈ કાફિર દીને ઈસ્લામ માટે લડે જેમ કે નબીના જમાનાના મુનાફિકો મુસલમાન સાથે રહી કાફિરો સાથે જંગ લડતાં ક્યારેક તેમાં મરતા પણ હતા, પણ શું કોઈ એ ફત્વો આપી શકે છે કે મુનાફિક શહીદ છે ?! અને એને ખુદાના માર્ગમાં શહાદત મળી છે ? કોઈ નથી કહી શક્તું, એટલા માટે કે તે નબીને માનતો નથી.

## ★ શહાદત પર ઈમાન તો
## નબુવ્વત પર કેમ નહીં ?! ★

નબુવ્વતનું પદ અલ્લાહની મખ્લૂકમાં આપવામાં આવતા સર્વ પદેથી ઊંચુ પદ છે. જો એમની નીચેના પદ પર કોઈ ખૂબી મળતી હોય તો એનાથી ઉપરના પદ માટે ખૂબી જરૂરથી પ્રાપ્ત રહેશે. દા.ત. શહાદત એક પદ છે જે નબુવ્વતથી ઘણુ જ નીચુ છે. શહાદત પર જે ખૂબી પ્રાપ્ત થાય તે નબુવ્વત પર જરૂરથી પ્રાપ્ત રહેશે. શહાદતના પદ પર ઘણી બધી ખૂબીઓ આપવામાં આવે છે, તેઓ પૈકી એક છે બરઝખમાં ખાસ પ્રકારની હયાત અને જિંદગી. તો આ ખૂબી નબુવ્વત પર જરૂરથી પ્રાપ્ત રહેશે એટલા માટે કે તે પદ શહાદતથી ઘણુ જ ઊંચું છે.

## ★ શહાદતમાં નબી પણ શામિલ ★

કોઈ વ્યક્તિ એ પ્રશ્ન ઉઠાવે કે શહીદોની બરઝખી હયાત બાબત કુર્આનમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને નબીઓ બાબતે એનો સ્પષ્ટ ઉલ્લેખ નથી થયો, પછી કેમ કરી માન્ય રાખવામાં આવે ?! તો એના જવાબનું વર્ણન થઈ ગયું કે જ્યારે શહાદત નીચું પદ છે તેમાં બરઝખી હયાતની ખૂબી મળે તો નબુવ્વતનું પદ તેનાથી ઊંચુ બલ્કે મખ્લૂકને આપવામાં આવેલ સઘળા પદોથી ઊંચું છે તો પછી તેમાં એ ખૂબી કેમ ન આપવામાં આવે ?! એટલે શહીદની બરઝખી હયાતના પુરાવાથી નબીની હયાત તેનાથી અધિક ઉત્તમતાથી સાબિત થાય છે. દા.ત. એક લાખ રૂપિયાના માલિક વ્યક્તિને માલદાર કહેવામાં આવે તો જેની પાસે દસ લાખ હોય તો તે તેનાથી વધારે માલદાર છે. ૭૦% થી પાસ થનારને ઈનામ આપવામાં આવ્યું તો જેના ૭૫% હોય તેને પ્રથમથી સારું ઈનામ આપવામાં આવ્યું હશે. ૭૦% વાળાને ઈનામ મળે અને ૭૫% વાળાને કશું જ આપવામાં ન આવે એ અક્કલમાં આવનાર વાત નથી. આ દાખલાઓથી તમને સારી રીતે સમજમાં આવી ગયું હશે કે શહીદોને બરઝખમાં હયાત આપવામાં આવી તો નબીઓને તેમનાથી ઉત્તમ હયાત આપવામાં આવે છે.

નબીને બરઝખી હયાત પામવા માટે શહીદ થવું જરૂરી નથી. જો તમને શહાદતનો દરજો અને પદ મળે તો તેઓ પોતાના મુકામ અને મરતાબામાં અતિ ઉત્તમ છે, નહીં તો બરઝખી હયાત પ્રાપ્ત કરવા માટે તેમનું નબી હોવું બસ છે. આ દાખલા પ્રમાણે જો અમે શહીદો માટે બરઝખી હયાત સાબિત કરી આપીએ તો નબીઓની બરઝખી હયાત આપોઆપ સાબિત થઈ જાય છે.

અલ્લાહ તઆલા શરીરોની હયાત બાબત ઈર્શાદ ફર્માવે છે :–

وَلَاتَقُوْلُوْالِمَنْ يُّقْتَلُ فِى سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَاءٌ
وَّلٰكِنْ لَاتَشْعُرُوْنَ

''અને જેઓ ખુદાના રસ્તામાં માર્યા ગયા તેમને મરેલા ન કહો બલ્કે તેઓ જીવંત છે. હા ! તમને ખબર નથી !''





وَلَاتَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَاءٌ
عِنْدَرَبِّهِمْ يُرْزَقُوْنَ

''જેઓ અલ્લાહના માર્ગમાં કત્લ કરવામાં આવ્યા તેમને કદાપી મરેલા કલ્પશો નહીં બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવંત છે, રોજી પામે છે.''

ઉપરોક્ત બંને આયતોથી શહીદોની હયાત બતાવવામાં આવી કે તેમને મુરદા કહેવું તો જાઈઝ નથી પણ તેમને મુર્દા ખયાલ પણ કરવું નહીં. કારણ કે અલ્લાહ તઆલાએ તેમને હયાત અર્પણ કરી છે. જ્યારે શહીદ મરણ પછી પણ જીવતો છે તો પછી નબી જીવંત કેમ ન હોય ?

## ★ આયતમાં શહીદનું વર્ણન હિકમત છે ★

**સવાલ** : તમે શહીદમાં નબીને સામેલ કરો છો તો પછી શહીદની જગાએ નબીનું વર્ણન હોવું જોઈએ ?

**જવાબ** : નબીનું વર્ણન થતું તો તેમાં ગેરનબી જે શહીદ થાય છે તેમનો હુકમ સાબિત ન થતો, કારણ કે શહીદનું નબી હોવું જરૂરી નથી. શહાદત નીચેનું પદ છે જેને સામાન્ય લોકો પણ પ્રાપ્ત કરી શકે છે. મહાન પાપી અને ગુનેહગાર પણ પ્રાપ્ત કરી શકે છે. શહાદતનું પદ પામવા માત્ર ઈમાન અને સાચો અકીદો શર્ત છે. એટલે આયતોમાં શહીદોના વર્ણનથી હયાતનો ઉલ્લેખ થયો.

**સવાલ** : નબીઓની હયાતનું વર્ણન અલગથી થતું તો કોઈ અવરોધ ન થતો ?

**જવાબ** : અવરોધ હઠ અને ઝિદથી ઉભો કરવામાં આવે છે. એ વર્ણન થઈ ગયું શહાદતનું પદ નબુવ્વતથી ઘણુ નીચું છે તો પણ એમાં હયાતની બશારત આપવામાં આવી તો પછી અલ્લાહની મખ્લૂકને મળેલ પદોમાં નબુવ્વતનું પદ મહાન છે તો પછી એ બશારત નબી માટે સાબિત કેમ ન રહે ?! એટલે અલગથી નબુવ્વતનું વર્ણન આ જગ્યાએ કરવામાં ન આવ્યું.

બીજું એ કે સુબૂત માત્ર કુર્આનથી નહીં પણ હદીષથી પણ થાય

છે અને હદીષે પાકમાં એનો ઉલ્લેખ થયો છે એટલે નબીઓની હયાત સાબિત છે. આ મસ્અલામાં દેવબંદી આલિમો પણ આપણી સાથે છે તેઓ નબીઓ માટે દુનિયા જેવી હકીકી અને સાચી હયાત આલમે બરઝખમાં માને છે.

## ★ ઈમામ અશઅરી પર આક્ષેપ ★

સવાલ : ઝરકાની પેજ નં. ૧૬૮ મતબુઆ મિશ્રમાં છે કે ઈમામ અશઅરીએ ફર્માવ્યું કે હુઝૂર ﷺ હાલ રિસાલતના હુકમમાં છે. ઈમામ અશઅરીનું આ લખાણ એ સાબિત કરે છે કે હુઝૂર હયાત હતા ત્યારે તેમના માટે રિસાલત સાબિત હતી પણ હવે રિસાલત નથી માત્ર રિસાલતનો હુકમ છે તો તેઓ હુઝૂર માટે બરઝખમાં દુનિયાવાળી હયાત માન્ય નથી રાખતા ?

**જવાબ** : શામી, ભાગ–૩, પેજ–૨૫૯ પર આ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે. અલ્લામા શામી ફર્માવે છે કે ઈમામ અશઅરીનું એ ફર્માન નથી પણ કોઈ દુશ્મને દુશ્મનીમાં તેમની તરફ સંબંધિત કરેલું છે. ફર્માવે છે :–

فَاَمَّامَانُسِبَ اِلَى الْاِمَامِ الْاَشْعَرِيِّ اِمَامِ اَهْلِ السُّنَّةِ وَ الْجَمَاعَةِ
مِنْ اِنْكَارِ ثُبُوْتِهَا بَعْدَالْمَوْتِ فَهُوَ افْتِرَآءٌ وَّ بُهْتَانٌ

"અહલે સુન્નત વલ જમાઅતના ઈમામ ઈમામે અશઅરી તરફ એ સંબંધ કરવામાં આવ્યો કે મૌત પછી રિસાલત સાબિત નથી તો એ ઈલ્ઝામ અને આક્ષેપ છે."

આ સિવાય ઈમામ અબુલ કાસિમ કોશૈરીએ પોતાની કિતાબ શિકાયતે અહલે સુન્નતમાં અને ઈમામ સોબુકીએ તબકાતે કુબરામાં એ વાતનો ખુલાસો કરેલો છે કે ઈમામ અશઅરી તરફ જે વાતનો સંબંધ કરવામાં આવેલો છે તે આક્ષેપ છે.

જ્યારે ઈમામ અશઅરી તરફ જે વાતનો આક્ષેપ લગાડવામાં આવ્યો તે વાસ્તવમાં પણ આક્ષેપ છે અને આપ તરફથી એ પ્રમાણેનું લખાણ થયું નથી પછી એ જવાબ આપવાની જરૂરત રહેતી નથી કે ઈમામે અહલે સુન્નતે હુઝૂર માટે પર્દો ફર્માવ્યા પછી દુનિયાવાળી હયાત નથી સ્વીકારી.





## ★ દરેક જીવંત છે પછી ફરક શું ?! ★

**સવાલ** : રૂહના પ્રકરણમાં આપ એ બતાવી ગયા કે ઈન્સાન અને જિનમાંથી દરેક જ હયાત હોય છે અને અઝાબ, સવાબ હયાત સાથે સંબંધ ધરાવે છે તો પછી શહીદ માટે ભાર દઈને હયાતનું કેમ કહેવામાં આવ્યું ?

**જવાબ** : સામાન્ય લોકોની બરઝખી હયાત અને શહીદોની હયાતમાં તફાવત છે. તે એ કે શહીદ અલ્લાહના માર્ગમાં પોતાની જાન અને પ્રાણ ખુશીથી આપી દે છે એટલે અલ્લાહ તઆલા તરફથી તેમને દસ ગણો પ્રાણનો બદલો પરત કર્યો એટલે તેમની બરઝખી હયાતમાં દસ ગણો વધારો કરી દેવામાં આવે છે. આ વધારાને લઈને શહીદો બાબતે ભાર દઈને કહેવામાં આવ્યું કે તેમને મુર્દા કહેવું તો દૂરની વાત તેમને મુર્દા ખયાલ પણ ન કરો ! તેઓ અલ્લાહની બારગાહમાં જીવંત છે અને તેમને ખુદાની બારગાહથી રોજી પણ આપવામાં આવે છે. તો ફરકને લઈને તેમની હયાતને અલગથી વર્ણવવામાં આવે છે, નહીંતર બરઝખી હયાતનો પ્રશ્ન છે તે દરેકના માટે છે. કાફિર, મુશ્રિક અને કોઈ પણ બદ્દીન એનાથી અલગ નથી. જો મૌત પછી મુડદાંઓ માટે કોઈ પ્રકારની હયાત માનવામાં ન આવે તો અઝાબે કબ્ર અને સવાબે કબ્રવાળી હદીષોનો ઈન્કાર સાબિત થાય છે અને એ ગુમરાહી છે. એટલે એક પ્રકારની હયાત દરેકના માટે માનવામાં આવશે.

નબીએ પાકનું ફર્માન છે : કે કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા દોઝખના ખાડાઓ પૈકી એક ખાડો છે. મુર્દા માટે જન્નતનો બાગ અથવા દોઝખનો ખાડો કેમ કરી બની શકે છે જ્યારે કે તેમના માટે એક પ્રકારની હયાત માનવામાં આવે. જો હયાત ન હોય તો શરીર માટે બાગ અને ખાડાથી કોઈ ફરક પડતો નથી.

## ★ સર્વ નબી શહીદ છે ★

હું તમને એ બતાવી ગયો કે નબુવ્વતનું પદ એટલું ઊંચુ અને મહાન છે કે એના જેવું કોઈ પદ અલ્લાહ તરફથી એની મખ્લૂકને આપવામાં આવ્યું નથી, માત્ર જેમને નબી બનાવવામાં આવ્યા તેમને જ

એ પદ આપવામાં આવ્યું. જ્યારે આ પદ સર્વ પદોથી મહાન છે તો પછી તેની નીચેનું દરેક પદ આ પદમાં આવી ગયું, એટલે એ માનવું જ પડશે કે દરેક નબી શહીદ છે અને શહીદ છે તો પછી શહીદવાળી બશારતમાં તેમનો પણ સમાવેશ છે.

હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ અન્બાઉલ અઝકિયા બેહયાતિલ્ અંબિયામાં ફર્માવે છે :–

مَامِنْ نَبِيٍّ اِلَّا قَدْجَمَعَ مَعَ النُّبُوَّةِ وَصْفَ الشَّهَادَةِ فَيَدْخُلُوْنَ فِيْ عُمُوْمِ لَفْظِ الْاٰيَةِ

"દરેક નબીએ નબુવ્વત સાથે શહાદતની સિફત પણ ભેગી કરી લીધી છે એટલે તેઓ આ આયતના શબ્દોમાં શામિર રહેશે." *(અન્બાઉલ અઝકિયા, પેજ–૧૪૮)*

## ★ શહીદની નમાઝ માટે શાફેઈ ફેંસલો ★

મબસૂત ઈમામ સરખસી, ભાગ–૨, પેજ–૫૦ પર એ વર્ણવવામાં આવ્યું છે : શાફેઈ લોકો શહીદોની નમાઝે જનાઝાનો એટલા માટે ઈન્કાર કરે છે તેઓ તેમના માટે હયાત માને છે અને જનાઝાની નમાઝ મય્યિત માટે છે જીવંત માટે નહીં.

શાફેઈઓની દલીલનો ખુલાસો એ થયો કે તેઓ શહીદો માટે બરઝખમાં દુનિયાની હયાત માને છે અને જેમ માણસ દુનિયામાં જીવંત છે શરીર મરણ પછી બરઝખમાં જીવંત છે એટલે તેમણે કહ્યું કે નમાઝે જનાઝા શહીદોની પઢવામાં નહીં આવે. જ્યારે શહીદની બરઝખી હયાત આટલી સાચી અને પાકી છે તો પછી નબીઓની હયાત બાબત તો થોડી પણ શંકા રહી શક્તી નથી.

## ★ નબીઓની બરઝખી હયાત હદીષના પ્રકાશમાં ★

અબૂ યઅલાએ પોતાની મુસનદમાં અને ઈમામ બયહકીએ કિતાબ હયાતુલ અંબિયામાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી : સરકારે દોઆલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–





اَلْاَنْبِيَاءُ اَحْيَاءٌ فِيْ قُبُوْرِهِمْ يُصَلُّوْنَ

"નબીઓ પોતાની કબ્રોમાં જીવંત છે અને નમાઝો પઢે છે."

આ હદીષ શરીફમાં સ્પષ્ટ શબ્દોમાં એ ફર્માવવામાં આવ્યું કે નબીઓ પોતાની કબ્રોમાં જીવંત છે, તો તેમને મુર્દા કહેવામાં આવશે નહીં. અલ્લાહ તરફથી વાયદો પૂરો કરવા માટે થોડો સમય તેમને મૌત આવે છે, પછી તેમને દુનિયા જેવી હયાત અને જિંદગી અર્પણ કરવામાં આવે છે જેનો ઉલ્લેખ **યુસલ્લૂન**થી થયો કે તેઓ કબ્રોમાં નમાઝો પણ અદા ફર્માવે છે.

## ★ બરઝખમાં અમલ કેમ ?! ★

**સવાલ** : આલમે બરઝખ દારુલ જઝા છે તેમાં અમલ શાથી કરવામાં આવે છે ?!

**જવાબ** : અમલ જરૂરી નથી પણ જેમને દુનિયા માફક જીવન આપવામાં આવે તેમને એ રજા આપવામાં આવે છે જે ઈચ્છે તે કરે, તો તેઓ નમાઝ પઢી લે છે. મતલબ એ થયો કે અમલ જરૂરી રહેતો નથી પણ જેને અધિકાર આપવામાં આવે તે કરી શકે છે.

અબૂ નઈમે હિલ્યામાં યુસૂફ બિન અતિય્યાથી રિવાયત કરી ફર્માવે છે કે મેં સાબિત બોનાનીને હમીદ તાવીલ સાથે એ વાત કરતાં સાંભળ્યા કે, શું તમને કોઈ એવી હદીષ પહોંચી છે કે અંબિયા علیہم السلام સિવાય કોઈ કબ્રમાં નમાઝ પઢતું હોય ? તેમણે જવાબ આપ્યો કે, ના !

નમાઝ અદા કરવી જીવંતની સિફત છે. એટલે સ્પષ્ટ થયું કે નબીઓ જીવંત છે અને તેઓ આલમે બરઝખમાં નમાઝો અદા કરે છે.

## ★ દુરૂદની પેશી હયાતની દલીલ છે ★

અબૂ દાવૂદ અને બયહકીએ ઔસ બિન ઔસ સકફી رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારા દિવસોમાં અતિ ઉત્તમ જુમ્આનો દિવસ છે એટલે જુમ્આના દિવસે મારી ઉપર વધારે દુરૂદ પઢો. કારણ કે તમારા દુરૂદ મારી ઉપર પેશ કરવામાં આવે છે. સહાબાએ વિનંતિ કરી કે, હુઝૂર ! અમારું દુરૂદ તમારી ઉપર કેમ

કરી પેશ કરવામાં આવશે ?! જ્યારે કે આપ તો કબ્રમાં જઈને પૂરાના (બીજા લોકો માફક) થઈ જશો ! તો આપે ઈર્શાદ ફર્માવ્યો :–

إِنَّ اللّٰهَ حَرَّمَ عَلَى الْأَرْضِ أَنْ تَأْكُلَ أَجْسَادَ الْأَنْبِيَاءِ

"બેશક ! અલ્લાહ તઆલાએ જમીન પર નબીઓના શરીરને ખાવું હરામ કરી આપ્યું છે."

બયહકીએ શોઅબુલ ઈમાનમાં અને અસ્બહાનીએ તરગીબમાં રિવાયત કરી છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

مَنْ صَلّٰى عِنْدَ قَبْرِىْ سَمِعْتُهٗ وَمَنْ صَلّٰى عَلَىَّ نَائِيًا بُلِّغْتُهٗ

"જે મારી કબ્ર પાસે મારા પર દુરૂદ પઢયો તેને હું સાંભળું છું અને જે દૂર રહીને પઢયો તે મને પહોંચાડવામાં આવે છે."

## ★ નબીઓના ઈમામ આપણા નબી ★

ઈમામ બયહકીએ મેઅરાજના કિસ્સામાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી અને એમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : બેશક ! મેં પોતાને અંબિયાની જમાઅતમાં જોયો પછી મેં હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم ને જોયા કે આપ ઊભા થઈને નમાઝ પઢતા હતા, આપ દુબળા પાતળા માણસ છે, વંકુળિયા વાળવાળા જાણે આપ શનુઆના માણસ છે. ઓચિંતામાં મેં મરયમનાં પુત્ર હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم ને જોયા જેઓ ઊભા થઈને નમાઝ પઢી રહ્યા હતા. આમ જ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم પણ ઊભા થઈને નમાઝ પઢી રહ્યા હતા. તેઓ તમારા સાહેબ (આપણા નબી)થી વધારે મળતા આવે છે. فَحَانَتِ الصَّلٰوةُ فَأَمَمْتُهُمْ પછી નમાઝનો સમય થયો તો મેં એ બધાની ઈમામત કરી.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે મેઅરાજમાં તશરીફ લઈ ગયા ત્યારે આપે અન્ય નબીઓને કબ્રોમાં ઊભા ઊભા નમાઝ પઢતા જોયા, ઊભા થઈને નમાઝ અદા કરવી એમની હયાતની દલીલ છે. બીજું એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તમામ નબીઓની ઈમામત કરી અને આપની ઈકતેદામાં સઘળા નબીઓએ



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

નમાઝ અદા કરી, સઘળા નબીઓની મસ્જિદે અકસામાં હાજરી અને આપનું એમને નમાઝ પઢાવવું, નબીઓની હયાત અને જીવંત હોવાની સશક્ત દલીલ છે. અને એ વાતની પણ દલીલ છે કે તેઓ આલમે બરઝખમાં જ નથી રહેતા પણ તેમને દુનિયામાં હરવા ફરવાની પણ ઈજાઝત આપવામાં આવે છે. બલ્કે તેમને અલ્લાહ તઆલા તરફથી એ અધિકાર આપવામાં આવ્યો છે.

नमाज़े अक्सा में था यही सिर अयां हो मानए अव्वलो आखिर
के दस्त बस्ता हंय पीछे हाज़िर जो सल्तनत आगे कर गए थे

## ★ હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم ને જવાબ આપશે ★

અબૂ યઅ્લાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી : આપ કહે છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ ફર્માવતાં સાંભળ્યા કે કસમ છે તે જાતની જેની કુદરતમાં મારો પ્રાણ છે ! ઈસા બિન મરયમ જરૂરથી ઉતરશે પછી જો તેઓ મારી કબ્ર પાસે ઊભા રહી કહેશે :–

يَا مُحَمَّدُ أَجَبْتُهٗ "અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તો હું જરૂરથી જવાબ આપીશ."

એટલે કે હું હયાત છું, દરેકની પુકાર સાંભળું છુ અને જેને જવાબ આપવા ઈચ્છું તેને જવાબ આપું છું. સદીઓ પછી હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم આવશે અને તેઓ મારી કબ્ર પર હાજરી આપશે અને મને "યા" શબ્દથી સંબોધન કરશે તો હું તેમને જવાબ આપીશ.

## ★ કબ્રથી અઝાનનો પુકાર ★

અબૂનઈમે દલાઈલુન્નબુવ્વતમાં રિવાયત કરી છે : હઝરત સઈદ બિન મુસય્યિબ ફર્માવે છે કે જંગે હરરામાં મેં પોતાને એ હાલતમાં જોયો કે મસ્જિદે નબવીમાં મારી સિવાય કોઈ નથી, તે દિવસોમાં દરેક નમાઝના સમયે હું કબ્ર શરીફથી અઝાનનો અવાજ સાંભળતો હતો.

હિજરી સન ૬૩ માં યઝીદના હુકમથી મદીના શરીફ પર હુમ્લો કરવામાં આવ્યો હતો ત્યારે લોકો જાન બચાવવાની નિય્યતે મદીનાથી દૂર પહાડીઓમાં નાસી ગયા હતા. હઝરત સઈદ દેખાવ પૂરતા પાગલ

બનીને મસ્જિદે નબવીમાં રહ્યા, નમાઝના સમયે આવતા રહ્યા અને અઝાન આપનાર કોઈ ન હતું, તો ફર્માવે છે, હું સમયે સમયે કબ્ર શરીફથી અઝાન સાંભળતો હતો. જ્યારે લોકો પરત આવ્યા અને અઝાન અપાવા લાગી ત્યાર પછી કબ્ર શરીફથી અઝાનનો અવાજ ન આવ્યો.

## ★ નબી સલામનો જવાબ આપે છે ★

આનાથી એ પણ સ્પષ્ટ થયું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم કબ્ર શરીફમાં નમાઝો અદા કરે છે. અલ્લાહને મંજૂર હોય તે થાય પણ આપને દરેક વાતની ખબર હોય છે.

ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અબૂ દાવેદે પોતાની સોનનમાં અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં સહીહ સનદથી રિવાયત કરી છે : હઝરત અબૂ હુરૈરહથી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ સલામ કરે છે તો અલ્લાહ મારી રૂહ પરત કરે છે અને હું તેની સલામનો જવાબ આપું છું.

## ★ હમેશાંની હયાત અકલી દલીલથી ★

હુઝૂરની રૂહ બદનમાં પરત થાય છે જ્યારે આપને સલામ કરવામાં આવે છે. હવે ફેંસલો એ કરવાનો છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સલામ ક્યારે ક્યારે કરવામાં આવે છે. જો સલામ દરેક સમયે થતી હોય તો એનો મતલબ એ થયો સતત રૂહ મુબારક બદન સાથે જ છે. મઝાર શરીફ પર તો સતત સલામ થતી જ હોય છે એનો કોઈને ઈન્કાર નથી. અને સમગ્ર જગતમાં અસંખ્ય મુસલમાનો નમાઝમાં સલામ પેશ કરે છે નમાઝ બહાર સલાતો સલામથી પેશ કરે છે. વારંવાર દરૂદ શરીફ પઢી હુઝૂરની નિકટતા પ્રાપ્ત કરે છે. તો દુનિયામાં કોઈ સમય એવો નથી બતાવી શક્તા જેમાં હુઝૂર પર સલામ પેશ કરવામાં ન આવે ! તો સ્પષ્ટ થયું કે હુઝૂરની રૂહ દરેક સમય આપના બદન શરીફમાં છે. અને રૂહ બદન શરીફમાં હોવું દુનિયાની હકીકી હયાત છે. એટલે એ વાત પણ સાબિત થઈ ગઈ કે આપ દુનિયાની હકીકી હયાતની સાથે કબ્ર શરીફમાં જીવંત છે.





તૂ ઝિંદા હય વલ્લાહ ! તૂ ઝિંદા વલ્લાહ !
મેરે ચશ્મે આલમસે છુપ જાનેવાલે !

## ★ નબીની હયાત શહીદોથી વધીને છે ★

તફસીરે મઝહરી, ભાગ-૧, પેજ-૧૫૨, અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હયાતે અંબિયા હયાતે શોહદાથી વધારે સશક્ત છે અને તેનાં ચિન્હો દુનિયામાં વધારે જાહેર છે. એટલે સુધી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પત્નીઓ સાથે નબીની વફાત પછી (કોઈના માટે) નિકાહ જાઈઝ નથી. જ્યારે શહીદોની પત્નીઓ સાથે એમની શહાદત પછી નિકાહ જાઈઝ છે. અને સિદ્દીકીનની પણ એ હાલત છે. સિદ્દીકીન દરજામાં શોહદા અને વલીઓથી વધીને છે. વલીઓ શહીદો સાથે મેળવી દેવામાં આવ્યા છે. જેમ કે આની ઉપર અલ્લાહના આ ફર્માનના અનુક્રમથી દલીલ છે :-

مِنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ હાવી, ભાગ-૨, પેજ-૩૩૦ પર ફર્માવે છે કે નબીઓ શહીદોથી ઉત્તમ છે, તેમનાથી અધિક બુઝુર્ગી અને અઝમતવાળા છે, દરેક નબીએ નુબવ્વત સાથે શહાદતની સિફત ભેગી કરી લીધી છે, તો તેઓ આયતના સામાન્ય શબ્દોમાં દાખલ રહેશે.

એટલે કે શોહદાની હયાતવાળી આયતમાં માત્ર શહીદો જ નહીં તેમાં નબીઓ પણ દાખલ છે એટલા માટે કે નબીઓ દરજામાં તેમનાથી વધીને છે.

## ★ નબી બરઝખમાં ફરિશ્તા સિફત છે ★

હાવી, ભાગ-૨, પેજ-૩૩૦ પર છે કે મૌત તદ્દન નષ્ટ થઈ જવાનું નામ નથી બલ્કે એક સ્થિતિમાંથી બીજી સ્થિતિ તરફ જવાનું નામ છે, મૌત ! એની દલીલ એ છે કે બેશક ! શહીદો પોતાના કત્લ પછી અને મૌત પછી જીવંત હોય છે, તેમને રોજી આપવામાં આવે છે. ખુશી અને ઉલ્લાસમાં છે. અને આ દુનિયામાં જીવંત લોકોની સ્થિતિ છે.

જ્યારે શહીદોની આ હાલત છે તો અંબિયા એનાથી અધિક હક્ક ધરાવે છે. સહીહ હદીષમાં છે, બેશક ! જમીન નબીઓના શરીરને ખાય નથી શક્તી. અને બેશક ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મેઅરાજની રાત્રે નબીઓ સાથે ભેગા થયા બયતુલ્ મુકદસમાં. અને આપે હઝરત મૂસાને તેમની કબ્રમાં ઊભા ઊભા નમાઝ પઢતાં જોયા. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આપ દરેક તે વ્યક્તિની સલામનો જવાબ આપે છે જે આપ પર સલામ મોકલે છે. અને આ જ પ્રમાણે તે દરેક કામ જે મૌતથી છૂટી જાય છે, અંબિયા માટે સાબિત રહે છે. તેમની મૌત માત્ર એટલી હોય છે કે તેઓ આપણાથી પર્દામાં થઈ જાય છે એ પ્રમાણે કે આપણે તેમને પામી નથી શક્તા. તેઓ જીવંત છે અને મૌજૂદ છે પણ તેઓ ફરિશ્તાઓ માફક છે. તેઓ મૌજૂદ અને જીવંત છે પણ તેમને કોઈ જોઈ શક્તો નથી, પરંતુ જેમને અલ્લાહ તઆલા પોતાની કરામતથી ખાસ ફર્માવે એટલે કે વલીઓને (તો તેઓ જોઈ શકે છે.)

કહેવાનો ભાવાર્થ એ છે કે નબીઓ જીવંત છે અને મૌજૂદ છે તો પછી તેઓ આપણને દેખાતા કેમ નથી ?! તો તેનો જવાબ આપતાં ફર્માવ્યું કે તેઓ ફરિશ્તાઓ માફક બની જાય છે, ફરિશ્તાઓ જીવંત છે, અલ્લાહના હુકમનું પાલન કરી રહ્યા છે પણ અલ્લાહના ખાસ વલીઓને અલ્લાહ તરફથી એવી નજર આપવામાં આવે છે કે તેઓ તેમની ઝિયારત કરી લે છે, સામાન્ય લોકોને તેમની ઝિયારત થતી નથી. નબીઓ જ્યારે એ સ્થિતિમાં પહોંચી જાય છે તો પછી તેમની ઝિયારત પણ સામાન્ય લોકોને નથી થઈ શક્તી. હુઝૂર જેને ઈચ્છે અથવા બીજા નબીઓ જેમને ઈચ્છે પોતાની ઝિયારત કરાવી આપે છે. એટલે નબીઓની હયાત પર ઝિયારત કરવા ન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ★ કબ્રમાં અઝાન ઈકામત સાથે નમાઝ ★

ઝરકાની અલલ્ મવાહિબ, ભાગ–૫, પેજ–૩૩૩, હઝરત અલ્લામા કસ્તલાની ઈર્શાદ ફર્માવે છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિશેષતાઓ પૈકી એક એ પણ છે કે :–

حَیٌّ فِیْ قَبْرِہٖ یُصَلِّیْ فِیْہِ بِاَذَانٍ وَّ اِقَامَۃٍ وَ کَذٰلِکَ الْاَنْبِیَاءُ





"આપ પોતાની કબ્રમાં જીવંત છે અઝાન અને ઈકામતની સાથે નમાઝ અદા ફર્માવે છે અને બીજા અંબિયાની પણ એ શાન છે." અને એટલે જ કહેવામાં આવ્યું છે કે નબીની પત્નીઓ પર ઈદ્દત નથી. (કારણ કે ઈદ્દતે સોગ તે સ્ત્રીઓ માટે છે જેમના પતિનું અવસાન થઈ જાય, તેણીઓ ૪ મહીના, દસ દિવસ, ઈદ્દતમાં રહેશે અને બીજા સાથે આ ઈદ્દતમાં નિકાહ કરી શકશે નહીં, પણ નબી જીવંત છે એટલે તેમની પત્નીઓ માટે ઈદ્દત નથી.) અને એ વાત સાબિત થઈ ગઈ છે કે નબીઓ હજ્જ કરે છે, તલબિયા પઢે છે. તેઓ આખેરતના ઘરમાં અવસાન પામેલ છે અને અમલના ઘરમાં નથી. (એટલે કે તેઓ દુનિયાથી અવસાન પામી ગયા પછી અમલ કેમ કરી કરે છે, અમલ તો દુનિયામાં કરવામાં આવે છે આખિરતમાં અમલ નથી અમલનો બદલો છે !) તો જવાબ આ પ્રમાણે છે કે તેઓ શહીદો માફક છે બલ્કે તેઓ શહીદોથી વધીને ફઝીલત ધરાવે છે. જ્યારે શહીદો પોતાના રબ પાસે જીવંત છે, તેમને રોજી આપવામાં આવે છે, તો એ દૂર નથી (સમજથી) કે તેઓ હજ્જ કરે અને નમાઝ અદા કરે.

કહેવાનો ભાવાર્થ એ છે કે દુનિયામાં માણસ હયાત હોય ત્યાં સુધી તેની ઉપર શરઈ જવાબદારીઓ આવે છે, એક વખત અવસાન થઈ ગયા પછી આલમ બદલાઈ ગયો, બરઝખમાં ચાલ્યો ગયો તો હવે એની ઉપર અમલ નથી. અમલનો બદલો પામવાનું સ્થળ છે. તો પછી નબીઓ દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી આ આલમમાંથી નીકળી ગયા અને બરઝખમાં પહોંચી ગયા, પછી નમાઝ અને હજ્જ કરવાનો શું મતલબ ?!

દારુલ જઝામાં પણ અમલ કરવા પડે છે ? તો તેમણે જવાબ આપતાં ફર્માવ્યું કે જ્યારે શહીદો બાબત કહેવામાં આવ્યું કે તેઓ જીવંત છે અને તેમને રોજી આપવામાં આવે છે તો પછી નબીઓ તેમનાથી અધિક ફઝીલત ધરાવે છે, તેઓ પણ જીવંત છે અને જીવંત છે તો તેના સંબંધિત કામો પણ કરી શકે છે.

અને મારું કહેવું એવું છે કે અમલો અવસાન પછી જરૂરી રહેતાં નથી પણ જેઓ કરી શકે છે તેમને રજા આપવામાં આવી છે કે પોતાની

ખુશીથી કરવા ઈચ્છે તો કરે. જેમ કે આપણા માટે નફ્લ કામો. અલ્લાહની તસ્બીહ અને તેના વખાણ પણ એક નફલ અમલ છે, માણસ દુનિયામાં પણ કરે છે અને જન્નતમાં પણ માણસ અલ્લાહ તઆલાની તસ્બીહ અને વખાણ કરતો રહેશે.

## ★ આપણા નબી શહીદોના સરદાર છે ★

વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૧૩૫૨ અલ્લામા સમહુદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

وَ لَاشَكَّ فِیْ حَیَاتِہٖ بَعْدَ وَفَاتِہٖ وَ كَذَا سَائِرُ الْاَنْبِیَآءِ اَحْیَآءٌ
فِیْ قُبُوْرِھِمْ حَیَاۃً اَكْمَلَ مِنْ حَیَاۃِ الشُّھَدَآءِ

"અને એ વાતમાં કોઈ શંકા નથી કે આપણા નબી વફાત પછી જીવંત છે અને બીજા નબીઓ પણ પોતાની કબ્રોમાં જીવંત છે. શહીદોની હયાતથી પણ વધારે સંપૂર્ણ તેમની હયાત અને જીવન છે." જેની ખબર અલ્લાહ તઆલાએ પોતાની અઝીઝ કિતાબમાં આપી છે. અને આપણા નબી સઘળા શહીદોના સરદાર અને આગેવાન છે. શહીદોના અમલો આપના ત્રાજવામાં છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે :–

عِلْمِیْ بَعْدَ وَفَاتِیْ كَعِلْمِیْ فِیْ حَیَاتِیْ "મારું ઈલ્મ મારી વફાત પછી એવું જ છે જાણે મારું ઈલ્મ મારા આ હયાતમાં."

ઈલ્મમાં ફરક ન આવવો એ વાતની દલીલ છે કે આપ જીવંત છે અને મૌત આપની ઉપર માત્ર અલ્લાહનો વાયદો પૂરો કરવા થોડા સમય માટે આવે છે. મૌતથી માત્ર આપનો આલમ બદલાય છે તે સિવાય આપની શક્તિઓમાં ફરક આવતો નથી બલ્કે આપની શક્તિઓમાં વધારો થઈ જાય છે.

## ★ મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

મદારિજુન્નબુવ્વતમાં હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **હયાતે અંબિયા કામિલ તર અઝ હયાતે શોહદા અસ્ત** નબીઓની હયાત શહીદોથી અધિક સંપૂર્ણ છે.





ઝરકાની અલલ મવાહિબ, ભાગ–૫, પેજ–૩૩૪, અલ્લામા ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝરકાની ફર્માવે છે કે ફતાવા રમલિયામાં છે : નબીઓ, શહીદો અને આલિમો જૂના નથી થતા. (એમની બદન એવું જ તરોતાજા રહે છે) નબીઓ અને શહીદો પોતાની કબ્રોમાં ખાવા પીવા ખાય છે, નમાઝો પઢે છે, રોઝા રાખે છે અને હજ્જ કરે છે.

એટલે કે તેમના બદનને જમીન ખાતી નથી, તેઓ મરણ પછી જમીનમાં એ જ હાલતમાં રહે છે. એમનું બદન બદલાતું નથી, તેમાં દુર્ગંધ આવી શકતી નથી. જેના અમુક વાક્યાઓ ઈમાનને સશક્ત બનાવવા માટે અમે તમારી ખિદમતમાં રજુ કરીશું.

## ★ બંને આલમથી સંબંધ ★

શર્હે શિફા, ભાગ–૨, પેજ–૧૪૩ હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

اِنَّہٗ حَیٌّ فِیْ قَبْرِہٖ كَسَائِرِ الْاَنْبِیَآءِ فِیْ قُبُوْرِھِمْ وَ ھُمْ اَحْیَآءٌ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કબ્રમાં જીવંત છે, સઘળા નબીઓ માફક કે તેઓ પણ પોતાની કબ્રોમાં જીવંત છે." અને તેઓ પોતાના રબની બારગાહમાં જીવંત છે. બેશક ! તેમની રૂહોને આલમી અલવી સાથે સંબંધ હોય છે અને આલમે સિફલી સાથે પણ. અને એ સંબંધ દુનિયા માફક હોય છે. તેઓ કલ્બના આધારે અર્શી છે અને શરીરના આધારે ફર્શી છે અને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કમાલવાળાઓની હાલતો વધારે જાણે છે.

એટલે કે તેમની રૂહોનો સંબંધ બંને આલમ સાથે એક સરખો હોય છે, એક સમયે તેઓ આલમે સિફલી (દુનિયા) સાથે પણ હોય છે અને આલમે આખેરત સાથે પણ હોય છે, તેમના બદન તરફ નજર કરવામાં આવે તો તેઓ દુનિયામાં છે અને તેમની રૂહ પર નજર કરવામાં આવે તો આપ અર્શી છે. આપનું મુકામ અર્શે ઈલાહી છે.

## ★ જીવંત છે અને જ્યાં જવું હોય જઈ શકે છે !★

જમ્ઉલ વસાઈલ, ભાગ–૨, પેજ–૨૩૮ માં હઝરત મુલ્લા અલી

કારી ફર્માવે છે : અમે એવું નથી કહેતા કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બરઝખમાં (કબ્રમાં) કેદ કરી રાખવામાં આવ્યા છે, બલ્કે અમે કહીએ છીએ કે આપ આલમે અલવી અને આલમે સિફલીમાં ફરે છે. (દુનિયા અને આકાશોમાં) કારણ કે શહીદોની રૂહો નબીઓથી મર્તબા અને પદમાં નીચી હોવા છતાં લીલા રંગના પક્ષીઓના પેટોમાં રહે છે, જન્નતના બાગોમાં ફરે છે, પછી અર્શ નીચે લટકાવવામાં આવેલી ફાનસોમાં પરત આવી જાય છે. આ વાત પુરાવા સાથે રજૂ થઈ ગઈ છે. કોઈએ તેમ છતાં એવું નથી કહ્યું કે તેમની કબ્રો તેમના શરીરોથી ખાલી છે અથવા તેમની રૂહોનો સંબંધ તેમના શરીરો સાથે નથી અને તેઓ સલામ કરનારની સલામ નથી સાંભળતાં (બલ્કે દરેકનું મંતવ્ય એ છે કે તેઓ કબ્રોમાં છે, રૂહોનો સંબંધ શરીરો સાથે છે, તેઓ સલામ કરનારની સલામ સાંભળે છે અને જવાબ પણ આપે છે.) એ જ પ્રમાણે એ રિવાયત પણ આવી છે કે નબીઓ તલ્બિયા પઢે છે અને હજ્જ કરે છે, તો પછી આપણા નબી આ કરામતોમાં વધારે ઉત્તમ છે. (એટલે કે આપણા નબી સર્વ નબીઓના સરદાર છે અને આપને સર્વથી અધિક અધિકાર આપવામાં આવ્યો છે, તો પછી આપણા નબી આલમે બરઝખમાં અધિક કરામતો જાહેર કરી શકે છે.)

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબનું મંતવ્ય ★

ફૈયુઝુલ હરમૈન, પેજ–૨૮, હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી ફર્માવે છે :–

''બેશક ! નબીઓ મરતા નથી, બેશક ! તેઓ નમાઝો પઢે છે, હજ્જ કરે છે, પોતાની કબ્રોમાં અને નિઃશંક ! તેઓ જીવંત છે.''

## ★ જીવંત છે અને મદદ પણ કરે છે ★

તફસીરે મઝહરી, ભાગ–૧, પેજ–૧૫૨, કાઝી ષનાઉલ્લાહ સાહબ ફર્માવે છે :–

''બેશક ! અલ્લાહ તઆલા નબીઓ, સિદ્દીકો, શહીદો અને વલીઓની રૂહોને બદનોની શક્તિ આપે છે, તેઓ જમીન આકાશ અને જન્નતમાં જ્યાં ઈચ્છે છે તશરીફ લઈ જાય છે, પોતાના દોસ્તોની મદદ કરે





છે, તેમના દુશ્મનોને હલાક બરબાદ કરે છે.'' (જો અલ્લાહ તઆલા ઈચ્છે.)

કાઝી ષનાઉલ્લાહ સાહબે માત્ર હયાત સાબિત ન કરી બલ્કે તેમના ઈખ્તિયાર અને અધિકાર વિશે પણ ચર્ચા કરી કે તેઓને આમ રજા આપવામાં આવી, તેઓ જ્યાં ઈચ્છે પધરામણી કરી શકે છે. જો તેમનાથી મદદની માંગ કરવામાં આવે તો તેઓ દુનિયામાં આવી મદદ કરી શકે છે અને દુશ્મનોને હલાક અને બરબાદ કરી આપે છે.

## ★ વફાત પછી નેક, બદ્ અમલોથી ખુશી, ગમી ★

હાવી, ભાગ–૨ માં છે, ઉસ્તાદ અબૂ મન્સૂર અબ્દુલ કાહિર બિન તાહિર ફર્માવે છે, આપણા સઘળા મુતકલ્લિમીન અને મહાન આલિમોએ ફર્માવ્યું છે:– કે આપણા નબી વફાત પછી જીવંત છે, પોતાની ઉમ્મતની નેકીઓથી ખુશ થાય છે, પાપી લોકોના પાપો જોઈને નારાજ થાય છે. ઉમ્મતીમાંથી જે પણ આપની ઉપર દુરૂદ પઢે છે તે આપને પહોંચાડવામાં આવે છે.

ઉસ્તાદ અબૂ મન્સૂરે માત્ર પોતાનું મંતવ્ય પ્રગટ ન કર્યું, બલ્કે ફર્માવ્યું સઘળા મુતકલ્લિમીન અને અમારા શાફેઈ મહાન આલિમોનું મંતવ્ય એ છે કે આપણા નબી વફાત પછી જીવંત છે. હયાત હોવાની દલીલ એ છે કે આપ સારા અમલોથી ખુશ થાય છે અને ગુનાહોથી નારાજ થાય છે અને દુરૂદ આપની બારગાહમાં પહોંચાડવામાં આવે છે અને આ સઘળાં કામો જીવંતનાં છે એટલે આપ જીવંત છે.

## ★ અલ્લામા સિયૂતીનું મંતવ્ય ★

હાવી, ભાગ–૨ માં હઝરત જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ આ મસ્અલા પર ખુલાસો કરતાં લખે છે, રજુ કરવામાં આવેલા પુરાવા અને હદીષોથી એ સ્પષ્ટ થયું કે નબી પોતાની રૂહ અને બદન સાથે જીવંત છે. આપ અધિકાર રાખે છે અને જમીન અને જગતના બીજા ભાગમાં જ્યાં જવા ઈચ્છે છે જાય છે. આપ જેવા હતા તેવા જ છે, આપ નજરોથી ગાયબ થઈ ગયા જેમ કે ફરિશ્તાઓ પોતાના બદનો સાથે જીવંત હોવા છતાં નજરોથી ગાયબ છે. આપના દીદારથી જેને અલ્લાહ તઆલા

ઈજ્જત આપવા માંગે છે તેના પરથી પર્દો હટાવી આપે છે. તે આપને જેવા હતા તેવા જ જુએ છે. આનાથી કોઈ ચીજ રોકનાર નથી શકલે મિષાલીનો દીદાર થયો કહેવાની કોઈ જરૂરત નથી.

મિષાલીનો મતલબ એ કે આપને પોતાના બદન અને શરીરમાં દીદાર ન કરે બલ્કે મિષાલી બદનના દીદાર કરે, તો ફર્માવે છે : આમ કહેવાની કોઈ જરૂરત નથી. હુઝૂરના તેમના પોતાના બદનમાં પણ દીદાર કરી શકાય છે. હુઝૂર છે, અને આવે જાય છે. મહફિલોમાં પણ હાજરી આપે છે, તેઓ આપણને જુએ છે પણ આપણે તેમને જોઈ નથી શક્તા. કારણ કે આપ ફરિશ્તાઓમાં ભળી ગયા તો તેમની સિફત આપનામાં આવી ગઈ. અલ્લાહ તઆલા કોઈને દીદાર કરાવવા ઈચ્છે છે તો તેની આંખો પરથી પર્દો હટાવી આપે છે તો તે દીદાર કરી લે છે. કબ્રોમાં સવાલ વખતે હુઝૂરની હાજરી, અન્ય લોકોને સ્વપ્નમાં ઝિયારત, કેટલાકને જાગતામાં આંખોથી દીદાર આ લખાણના પુરાવા છે.

## ★ અહલે સુન્નત સંમત છે ★

અખ્બારુલ અખ્યારના હાશિયામાં હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીનું ફર્માન છે : "હયાત અંબિયાએ કિરામ મુત્તફક અલૈહ અસ્ત હેચ કસરા દરૂ ખિલાફે નેસ્ત જિસ્માની વ દુનિયાવી હકીકી ન હયાતે મઅનવી રૂહાની" અંબિયાએ કિરામની હયાતનો મસ્અલો સંમતિવાળો છે, તેમાં કોઈનો વિવાદ નથી, દુનિયાની વાસ્તવ હયાત રૂહાની હયાત નહીં.

એટલે કે જેમ આ દુનિયામાં રૂહ અને બદન સાથે જીવંત છે તેમ આપ વફાત પછી એ જ પ્રમાણે જીવંત છે. આપના હયાત હોવામાં દુનિયાવી હયાતથી આલમે બરઝખમાં તફાવત નથી.

શૈખુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ હક્ક સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આટલા વિવાદ અને આટલા મઝહબો હોવા છતાં આ મસ્અલામાં કોઈને વિવાદ નથી કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم વાસ્તવ હયાત સાથે છે જેમાં અવાસ્તવિક્તાની શંકા પણ ન હોય, અને ઉમ્મતના અમલો પર હાઝિર અને નાઝિર છે. *(હાશિયા અખ્બારુલ્ અખ્યાર)*





## ★ નફ્સનો બંદો મરે છે રબનો બંદો નહીં ! ★

તફસીરે રૂહુલ બયાનમાં હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ નું મંતવ્ય રજુ કરવામાં આવ્યું છે કે જે પોતાના નફ્સ સાથે જીવંત છે, તેની મૌત તેના પ્રાણ ચાલ્યા જવાથી થાય છે, અને જે પોતાના રબથી જીવંત છે તો તે તબીયતવાળી હયાતથી મૂળ હયાત તરફ ચાલ્યો જાય છે અને તે જ વાસ્તવમાં હયાત છે. જ્યારે શરીઅતની તલ્વારથી કત્લ થનાર જીવંત છે, તેને રોજી આપવામાં આવે છે, તો પછી જે સચ્ચાઈ અને હકીકતની તલ્વારથી કત્લ કરવામાં આવ્યો તે કેટલા ઊંચા દરજે હશે.

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ એ ફર્માવવા ઈચ્છે છે કે કુર્આનમાં શહીદ હયાત છે, એ બશારત આપવામાં આવી. જ્યારે કે શહીદ જેને ધારવાળા હથિયારથી કત્લ કરી નાખવામાં આવ્યો તે ફાસિક અને ગુનેહગાર પણ થઈ શકે છે, અને સામાન્ય વ્યક્તિ પણ થઈ શકે છે. તો માત્ર તલ્વાર ખુદાના માર્ગમાં ખાવાથી દરજો એટલો ઊંચો થઈ જાય કે અલ્લાહ તઆલા પોતે તેમના જીવંત હોવાની ખુશ ખબર આપે. તો જેઓ ગુનાહોથી બચેલા છે, નેકીઓમાં દરેકથી વધીને છે, ઈશ્ક અને મહબ્બતે ઈલાહીની અગ્નિમાં ભભૂકી રહ્યા છે, તેઓ અલ્લાહની મહબ્બતની તલ્વારથી કત્લ થયા છે તેમની બાબત તમારું શું કહેવું છે ? આ શહીદનો દરજો શરઈ શહીદથી વધીને છે. જ્યારે શરઈ શહીદ જીવંત છે તો પછી ઈશ્કના માર્ગનો શહીદ નબી અને વલી કેમ જીવંત ન હોય ?! તેઓ શહીદોથી વધીને જીવંત હોય છે.

ઝિંદા હો જાતે હંય મરતે હંય હક્ક કે નામ પર
અલ્લાહ ! અલ્લાહ ! મૌત કો કિસને મસીહા કર દિયા

## ★ મૌલ્વી ખલીલ દેવબંદીનું મંતવ્ય ★

અલ્મુહન્નદ (અકાઈદે ઓલમાએ દેવબંદ) પેજ-૬૮, મૌલાના ખલીલ અહમદ સાહબ લખે છે :-

فَهُوَ حَيٌّ فِيْ قَبْرِهِ الشَّرِيْفِ يَتَصَرَّفُ فِي الْكَوْنِ بِاِذْنِ اللّٰهِ
تَعَالٰى كَيْفَ يَشَاءُ

"સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની કબ્ર શરીફમાં જીવંત છે, અલ્લાહના હુકમથી જ્યાં ઈચ્છે છે દુનિયામાં તશરીફ લઈ જાય છે."

એટલે કે નબીએ પાકનું બરઝખી જીવન સામાન્ય મુર્દા મુસલમાનો માફક નથી બલ્કે અલ્લાહ તઆલા તરફથી આપ દુનિયા માફક જીવંત છે અને જ્યાં ઈચ્છે છે અલ્લાહના હુકમથી તશરીફ લઈ જાય છે. આપને હરવા ફરવાથી અને જ્યાં ઈચ્છે ત્યાં જવાથી રોકવામાં પણ નથી આવતા.

આ'લા હઝરત ફર્માવે છે :–

વોહ જો ન થે તો કુછ ન થા, વોહ જો નહોં તો કુછ ન હો
જાન હંય વોહ જહાંન કી, જાન હય તો જહાંન હય

## ★ કશ્મિરી સાહબનું મંતવ્ય ★

મૌલ્વી અન્વર શાહ કશ્મિરી જેઓ દારુલ ઉલૂમ દેવબંદના સદરુલ્ મુદર્રિસીન રહી ગએલા છે. પોતાની કિતાબ ફૈઝુલ બારી શર્હે બુખારી, ભાગ–૨, પેજ–૬૪ પર નબીની બરઝખી હયાત વિશે ચર્ચા કરતા લખે છે : હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ નકલ કરવામાં આવ્યું છે કે નબીએ પાકની તા'ઝિમ આપની વફાત પછી પણ એવી જ છે જેમ આપની હયાતમાં હતી. (એટલે કે હુઝૂર હયાત છે અને એ જ પ્રમાણે ઈજ્જત કરવી.) બયહકીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે અને એ સહીહ રિવાયત છે. હાફિઝ ઈબ્ને હજરે ફત્હુલબારી, ભાગ–૬ માં એને માન્ય રાખી છે કે નબીઓ પોતાની કબ્રોમાં જીવંત છે અને નમાઝો પઢે છે. એનો અર્થ એ છે અંબિયા علیہم السلام ની રૂહો પાકીઝા ઈબાદતો અને બરકતવાન અમલોથી મુક્ત નથી બલ્કે તેઓ પોતાની કબ્રોમાં એ જ પ્રમાણે વ્યસ્ત છે જેમ તેઓ પોતાની હયાતમાં નમાઝ અને હજ્જમાં વ્યસ્ત રહેતા હતા.

كَذٰلِكَ حَالُ تَابِعِيْهِمْ عَلٰى قَدْرِ الْمَرَاتِبِ

"તેમનું અનુસરણ કરવાવાળાઓની પણ પોતાના મર્તબાના આધારે આ પ્રમાણે હાલત છે."





## ★ નાનોત્વી સાહેબની આબે હયાત ★

દારુલ દેવબંદના બાની મૌલાના કાસિમ નાનોત્વી સાહબે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરઝખી હયાત બાબત એક નાની સરખી કિતાબ લખી છે અને ઘણા સુંદર તરીકાથી હુઝૂરની હયાત વિશે ચર્ચા કરી છે. એમની એ કિતાબનું નામ છે આબે હયાત. તેના અમુક પુરાવા તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ :–

**(૧)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અને ઈમાનવાળાઓની મૌતમાં હયાત પ્રમાણે તફાવત છે. આમાં જાતી અને અરજી (ટેમ્પરરી)નો તફાવત નથી. આ ફરકનું કારણ હયાતનો તફાવત છે, એટલે કે નબીની હયાત જાતી તરીકાથી ઝવાલને પાત્ર નથી અને ઈમાનવાળાઓની હયાત અરજી (ટેમ્પરરી) તરીકાથી ઝવાલને પાત્ર છે એટલા માટે પોતાના સમયે નબીની હયાત ખત્મ થશે નહીં માત્ર ગુપ્ત થઈ જશે, ઈમાનવાળાઓની હયાત આખી અથવા અડધી ખત્મ થઈ જશે. તો અદમો મલકાના મુકાબલાની સૂરતમાં આ હયાતના ગુપ્ત હોવામાં રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સૂર્ય જેમ ગ્રહણ સમયે એનું નૂર ગુપ્ત થઈ જાય છે ખત્મ નથી થઈ જતું. અથવા દિવાના પ્રકાશ માફક સમજો જેને હાંડલી અથવા માટલામાં રાખીને ઉપરથી ઢાંકેલું રાખે તો એનું પ્રકાશ ગુપ્ત થશે, ખત્મ નહીં થાય. ઈમાનવાળાઓની હયાતને ચંદ્ર માફક સમજો કે ઓલવાયા પછી એમાં પ્રકાશ તદન નથી રહેતું, તેલમાં અથવા દિવેટમાં થોડા સમય માટે આગ બાકી રહે છે. *(આબે હયાત, પેજ–૧૬૦)*

એમના કહેવાનો ભાવાર્થ એ છે કે મૌતથી નબીની હયાત ખત્મ થતી જ નથી માત્ર ગુપ્ત થઈ છે અને લોકોથી પર્દામાં આવી જાય છે અને એમનો આલમ બદલાય જાય છે. એથી અધિક કોઈ ફરક થતો નથી એટલે તેઓ હયાત હતા અને હયાત છે, મૌતથી તેમની હયાતમાં ફરક આવતો નથી, સામાન્ય લોકોની મૌતથી એમની હયાત ખત્મ થઈ જાય છે. રૂહ અને હયાતમાં શું તફાવત છે તે વિશે પછી ચર્ચા કરીશું પણ અહીં એ કે હુઝૂરની હયાત એવી સંપૂર્ણ છે જેમાં મૌતથી ફરક આવતો નથી.

**(૨)** આબે હયાત, પેજ–૧૩૪ પર લખે છે : હયાતે નબવી હમેશાં માટે છે, શક્ય નથી કે આપની હયાત નષ્ટ થઈ જાય, ઈમાનવાળાઓની હયાત અરજી (ટેમ્પરરી) છે નષ્ટ થઈ શકે છે.

**(૩)** પેજ–૧૬૮ પર છે : નબીઓની હયાતનો સંબંધ તૂટતો નથી એટલા માટે નબીની પત્નીઓ અને નબીનો માલ આપના નિકાહ અને આપની માલિકીમાં જ રહે છે. બીજા લોકોને તેમની પત્નીઓ સાથે નિકાહની રજા નથી, અને વારસદારોને માલ વહેંચવાની રજા નથી. સારાંશ એ કે નબીઓની મૌત અને પબ્લિકની મૌતમાં જમીન અને આકાશનો તફાવત છે. નબીઓ માટે હયાત ગુપ્ત બને છે મૌતના પર્દા પાછળ, અને પબ્લિક માટે મૌત આવવાથી હયાતનું નષ્ટ થવું છે.

**(૪)** પેજ–૧૬૬ પર છે : આ પ્રકારમાં એ ફરક હાથ આવ્યો કે હયાતનો સંબંધ અને નબીનું બદન બંનેમાં જુદાઈ થઈ શક્તી નથી. અલ્લાહના હબીબને બદનના આધારે મૌત આવવું એનો ઈન્કાર થઈ શક્તો જ નથી. પણ એનાથી એટલું સમજી શકાય છે કે ઉપરોક્ત હયાત મૌતના પર્દા નીચે સંતાય જાય છે.

**(૫)** પેજ–૨૭ પર છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુનિયાવી હયાત સતત અત્યાર સુધી ચાલી રહી છે, એનું નષ્ટ થવું અથવા એમાં રદ્દો બદલ થવું, જેમ કે દુનિયાવી હયાતનું બરઝખી બની જવું થયું જ નથી.

એટલે કે આપની હયાત આ દુનિયાવાળી હયાત છે એમાં કોઈ પ્રકારનો તફાવત અને ફેરફાર થયો નથી. આજે પણ આપની હયાત દુનિયાવાળી જ હયાત છે.

**(૬)** પેજ–૪૦ પર છે : હયાત સાબિત કરવામાં મદદ આ રિવાયતોથી પણ મળે છે, "જેણે મારા મરણ પછી મારી ઝિયારત કરી તો જાણે એણે જીવતા જીવ મારી ઝિયારત કરી." બીજી રિવાયતનો ભાવાર્થ એ છે, "જેણે હજ્જ કરી અને મારી ઝિયારત ન કરી તો એણે મારી ઉપર ઝુલ્મ કર્યો." ત્રીજી એ રિવાયત છે જેનાથી નબીઓનું કબ્રમાં નમાઝ પઢવું સાબિત થાય છે, ચોથી એ રિવાયત છે જેનાથી હઝરત





મૂસા علیہ السلام નું કબ્રમાં નમાઝ પઢવું સાબિત છે, પાંચમી મેઅરાજની રિવાયત જેનાથી પૂર્વજ નબીઓનું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાછળ નમાઝ પઢવું અને અનુક્રમથી આકાશોમાં એમનાથી મુલાકાત થવી સાબિત છે. (આ હદીષોથી સ્પષ્ટ છે કે નબીઓ હયાત છે.)

**આયતો** : તો એમાંથી એક આ છે : وَلَوْاَنَّهُمْ આ આયતમાં એ ખાસ કરવામાં નથી આવ્યું કે આપના જમાના માટે અથવા પછીના ઉમ્મતી માટે. અને ખાસ પણ કેવી રીતે કરી શકાય કેમ કે આપનો વજૂદ સઘળી ઉમ્મતના પોષણ માટે એક સરખી રહમત છે. પાછલા ઉમ્મતીઓનું આપની ખિદમતમાં આવવું, ઈસ્તિગફાર કરવો અને કરાવવો ત્યારે જ દિમાગથી નજીક થઈ શકે છે કે આપ ઝિંદા (જીવંત) છે. અને જો આપના જમાનાના લોકો માટે આ ફઝીલત ખાસ કરી દેવામાં આવે તો આ આયતના જુદા જુદા બે વાક્ય اَلنَّبِیُّ اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِهِمْ وَ اَزْوَاجُهٗ اُمَّهَاتُهُمْ આપની હયાત એવી રીતે સાબિત કરે છે કે ઈન્શાઅલ્લાહ! કુર્આન માનવાવાળાઓને ઈન્કાર કરવાનો મોકો નથી મળી શક્તો.

દેવબંદના ત્યાં મહાન કહેવાતા આલિમોના મંતવ્યથી એ સ્પષ્ટ થઈ ગયું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને બીજા નબીઓ હયાત છે અને એમની હયાત બરઝખી જ નથી જેમ કે બરઝખી હયાત દરેક વ્યક્તિને આપવામાં આવે છે બલ્કે તેમની હયાત દુનિયાવી હયાત છે. અને નબીઓની હયાત એમને મળ્યા પછી જુદા કરવામાં નથી આવતી અને હંમેશના માટે એમની સાથે રહે છે. મૌત આવવાથી માત્ર એ હયાત પર પર્દો આવી જાય છે, તેથી અધિક કોઈ ફરક પડતો નથી. અને એ પર્દો પણ આપણા માટે છે કે આપણે તેમને દેખી નથી શક્તા, પણ એમના માટે કોઈ પર્દો નથી, એમને અલ્લાહ તરફથી રજા હોય છે કે જમીન, આકાશ, જન્નત અને બીજી કોઈ જગાએ જવું હોય તો જઈ શકે છે, અને હાજરી પણ આપી શકે છે.

મારી આ ચર્ચાથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે નબીઓની હયાત બાબતે આપણો અને દેવબંદીઓનો વિવાદ નથી, તેઓ પણ આ મસ્અલામાં આપણી સાથે છે.

## ★ હયાત અને રૂહનો તફાવત ★

રૂહ વિશે પૂરતી ચર્ચા પ્રથમ પ્રકરણમાં થઈ ગઈ કે રૂહને અલ્લાહ તઆલાએ એક વખત વજૂદ અર્પણ કર્યું, એટલે કે રૂહો હતી જ નહીં પણ અલ્લાહ તઆલાએ પૈદા ફર્માવી, જ્યારથી તેમનો વજૂદ થયો હવે તે હમેશાંના માટે પૈદા કરવામાં આવી છે, રૂહોને નષ્ટ કરવામાં નહીં આવે. આલમ બદલવાથી સ્થિતિઓ બદલાય છે પણ રૂહના વજૂદમાં કોઈ ફરક આવતો નથી.

હયાત અને મૌત એક બીજાનાં વિરોધી છે. અલ્લાહ તઆલાની એ આદતે કરીમા છે કે જ્યારે એ કોઈને હયાત આપવા ઈચ્છે છે તો ત્યાં રૂહ અને પ્રાણને પહોંચાડે છે. રૂહ આવવાથી જે અસર જાહેર થાય છે તેને હયાત અને જિંદગી કહેવામાં આવે છે. જ્યારે અલ્લાહ તઆલા હયાત કે જે રૂહની એક તાસીર છે તેને શરીરથી અલગ કરી લે છે તો અલગ કરવાને મૌત કહેવામાં આવે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا

"તેણે મૌત અને હયાત પૈદા કરી તમારી પરીક્ષા કરવા માટે કે તમારાંથી સારાં કાર્ય કોણ વધારે કરે છે."

સ્પષ્ટ થયું કે રૂહ અને પ્રાણ અલગ છે અને તેના થકી આવતી હયાત અલગ છે. મૌત અલગ છે અને રૂહ અલગ છે. મૌતને બદન પરથી પસાર કરવામાં આવે છે જેનાથી રૂહ અને બદનમાં જુદાઈ થઈ જાય છે. રૂહ અને બદન ભેગું હતું તો હયાત વજૂદમાં આવી, અને બંનેમાં જુદાઈ થઈ ગઈ તો મૌત વજૂદમાં આવી. આનાથી એ સાબિત થઈ ગયું કે રૂહ અલગ છે અને હયાત અલગ છે. મૌતથી રૂહમાં કોઈ ફરક આવતો નથી, માત્ર રૂહ અને બદનની વચમાં જુદાઈ થઈ જાય છે.

**સવાલ** : તો પછી હયાત કોને કહેવામાં આવે છે ?

**જવાબ** : શર્હે અકાઈદમાં છે કે હયાત અને સિફત છે જેના થકી ઈલ્મ, શક્તિ અને ઈરાદાની લાયકાત આવે.

**સવાલ** : આ લાયકાત હયાતથી આવે છે હયાત કોના થકી આવે છે ?





**જવાબ** : હયાત એક સિફત અને અસર છે જે અલ્લાહ તઆલા તરફથી વજૂદમાં આવે છે. જેમ કે ઉપરોક્ત આયતમાં છે : હયાતને પૈદા કરનાર અલ્લાહ તઆલા છે.

**સવાલ** : જોવામાં તો એ જ આવે છે કે રૂહ હોય તો હયાત હોય છે ?

**જવાબ** : આદતનો આધાર એની ઉપર છે. અને વધારે પ્રમાણે આમ થાય છે એટલે એવું લાગે છે કે હયાત રૂહથી જ આવે છે. વાસ્તવમાં હયાત આપનાર અલ્લાહ તઆલા છે તે ઈચ્છે તો વિના રૂહે પણ હયાત આપી શકે છે. મિશ્કાતમાં છે કે હઝરત મૂસા عليه السلام ના કપડાં પથ્થર લઈને નાસી છૂટયો. હઝરત મૂસા عليه السلام પોતાના કપડાં લેવા તેની પાછળ દોડતા હતા અને ફર્માવતા :– ثوبی الحجر અય પથ્થર ! કપડાં મારાં છે ! જ્યારે આપ પર બીમારીનું આક્ષેપ લગાડવાવાળાઓને હઝરત મૂસાને વિના કપડે જોઈને યકીન આવી ગયું કે આપને કોઈ બીમારી નથી ત્યારે પથ્થર ઊભો રહ્યો અને આપે કપડાં લઈ ગુસ્સામાં પથ્થરને ડંડાથી માર્યો.

પથ્થરમાં હયાત નથી હોતી એટલા માટે કે એની અંદર રૂહ નથી હોતી, પણ વિના રૂહે પથ્થરમાં નાસવાની શક્તિ આવી ! કપડાં લઈને તે નાસવા લાગ્યો, મૂસા عليه السلام તેને કહી રહ્યા છે, કપડાં મારાં છે ! એ, એ વાતની દલીલ છે કે તે સાંભળી રહ્યો છે, પણ ઊભો ન રહ્યો અને નાસતો જ રહ્યો ! તેને ઈલ્મ હતું કે તે પોતાનું કામ પૂરુ કરીને જ ઊભો રહેશે. ઉપરોક્ત હયાતનો મતલબ રજૂ થઈ ગયો કે એના થકી ઈલ્મ, કુદરત અને ઈરાદાની લાયકાત આવે. અને આ ત્રણેવની લાયકાત પથ્થરમાં વિના રૂહ અને પ્રાણ આવી. તો સ્પષ્ટ થયું કે રૂહથી હયાત આવે છે પણ અલ્લાહના કરવાથી. નહીં તો વિના રૂહે પણ હયાત આવી શકે છે. જેમ કે વાક્યાથી સ્પષ્ટ થયું.

સરકારે મદીનાના ઘણા બધા મો'જિઝા એવા છે જેમાં નિર્જીવ ચીજ વસ્તુઓએ આપના હુકમનું પાલન કર્યું. દા.ત. આપના આદેશથી પથ્થરનું પાણી પર તરીને આવવું અને પછી પોતાની જગાએ પરત થઈ જવું, હુઝૂર જે ખજૂરના થાંભલા સાથે ટેક લગાડીને ખુત્બો પઢતા હતા

તો મિમ્બર આવવાથી આપ તેનાથી અલગ થયા તો આપની જુદાઈથી તેનું રડવું, ઝાડોનું આપના હુકમનું પાલન કરી આપની ખિદમતમાં આવવું અને સિજદો કરવો, પથ્થરનું આપને સલામ કરવી, કાંકરીઓનો કલ્મો પઢવો વગેરે. જ્યાં રૂહ અને પ્રાણ નથી પણ હયાતનો માયનો જોવા મળે છે. તો સ્પષ્ટ થયું કે હયાત અલ્લાહના હુકમથી આવે છે, તેનું એક જાહેરી કારણ જે આપણી અકલમાં આવે છે તે રૂહ છે, પણ વિના રૂહે પણ હયાત હોઈ શકે છે, જેમ કે ઉપરોક્ત રિવાયતોથી સ્પષ્ટ થયું.

જ્યારે તમે આટલું સમજી લીધું તો હવે અમે એના પ્રકાર તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ : (૧) **મૌતે આદી** (૨) **મૌતે હકીકી** (૩) **હયાતે આદી** (૪) **હયાતે હકીકી.** બદનમાં રૂહ હોય તો એને હયાતે આદી કહેવામાં આવે છે. આદી એટલે આદતવાળુ. આદત એ છે કે રૂહ હોય તો હયાત આવે છે. હયાતે હકીકી એટલે બદનમાં એ સિફત હોવી જેનાથી ઈલ્મ, શક્તિ, સાંભળવું, જોવું વગેરેની લાયકાત આવે.

✪ **મૌતે આદી** એટલે બદનથી રૂહનું અલગ થઈ જવું.

✪ **મૌતે હકીકી** એટલે હયાત નષ્ટ થઈ જવી.

✪ **મૌતે આદી** અને હયાતે આદી વિરોધાર્થી છે.

✪ **મૌતે હકીકી** અને હયાતે હકીકી વિરોધાર્થી છે.

આનાથી એ સ્પષ્ટ થયું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પર જ્યારે મૌત આવી તો રૂહ બદનથી અલગ થઈ પણ હયાતે હકીકી એટલે જેનાથી ઈલ્મ શક્તિ અને સાંભળવું, દેખવું પ્રાપ્ત થઈ શકે તે મૌત પછી પણ બાકી જ હતી, થોડાક સમય માટે પણ આપથી જુદા ન થઈ હતી. તો સ્પષ્ટ થયું કે મૌત થોડા સમય માટે આવી તેમાં પણ આપની હયાત સાથે જ હતી અને તેમાં ફરક ન આવ્યો હતો.

**સવાલ** : મૌત દરેક રૂહવાળાને આવશે તે કુર્આનનું ફર્માન છે પછી આપ કહો છો કે હુઝૂરની હયાત એક સેકન્ડ માટે પણ અલગ ન થઈ હતી એનો મતલબ શું ?

**જવાબ** : અમે તમને બતાવ્યું કે મૌતથી રૂહ બદનથી અલગ





થાય છે તે વજૂદમાં આવ્યું હતું એટલે અલ્લાહનો વાયદો પૂરો થયો, પણ હું તમને બતાવી ગયો તેમ કે હયાત અને રૂહ બંને અલગ છે. રૂહ અલગ થવાથી હયાતનું જતું રહેવું જરૂરી નથી તો રૂહ અલગ થઈ વાયદો પૂરો થયો અને હયાત અલગ છે તેનું જતું રહેવું જરૂરી નથી તો તે ન ગઈ. કારણ કે હયાત જેમ અલ્લાહના ફર્માનથી રૂહ સાથે આવે છે તેમ જ વિના રૂહે માત્ર ખુદાના આદેશથી પણ આવે છે. હુઝૂરની હયાત હકીકી છે એટલે આદી મૌતથી એ નષ્ટ થઈ શક્તી નથી. દેવબંદીઓના મૌલાના કાસિમ નાનોત્વીએ કહ્યું કે હુઝૂરની હયાત થોડી વાર માટે પણ અલગ ન થઈ હતી તો તેમણે પણ આ નિર્ણય એટલા માટે જ લીધો કે હયાત અને મૌતના પ્રકારો તેમણે માન્ય રાખ્યા હતા, અને અમારો અને અમારા આ'લા હઝરતનો અકીદો એ જ છે. આ'લા હઝરત ફર્માવે છે :

વોહ જો ન થે તો કુછ ન થા વોહ જો ન હો તો કુછ ન હો
જાન હંય વોહ જહાન કી જાન હય તો જહાન હય

## ★ હબીબને હબીબ પાસે પહોંચાડો ★

તફસીરે કબીર, ભાગ–૫, પેજ–૪૬૫, હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નું અવસાન થઈ ગયું તો આપનો જનાઝો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર મુબારક પાસે લાવવામાં આવ્યો અને પછી બારગાહે રસૂલમાં આવ્યો અને પછી બારગાહે રસૂલમાં વિનંતિ કરવામાં આવી :–

اَلسَّلَامُ عَلَیْکَ یَا رَسُوْلَ اللّٰہِ ھٰذَا اَبُوْ بَکْرٍ بِالْبَابِ فَاِذَا الْبَابُ
قَدِانْفَتَحَ وَ ھَاتِفٌ یَھْتِفُ مِنَ الْقَبْرِ اَدْخِلُوْا الْحَبِیْبَ اِلَی الْحَبِیْبِ

"અય અલ્લાહના રસૂલ ! આ અબૂબક્ર તમારા દરવાજા પર છે ! તો દરવાજા આપોઆપ ખુલી ગયો. અને કબ્રથી ગયબી અવાજ સાંભળ્યો, દોસ્તને દોસ્ત પાસે પહોંચાડી આપો !"

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રિય સહાબી હતા, દરેક જગાએ હુઝૂરની સંગતમાં રહેતા હતા, અવસાન પછી પણ આપને રસૂલે પાકે પોતાની સંગતમાં કબૂલ કરી લીધા અને આજે પણ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સંગતમાં આરામ ફર્માવી રહ્યા છે.

દરવાજો ખોલી આપવો, ગયબથી અવાજ આપવો, દફનની રજા આપવી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતની દલીલ છે.

## ★ કબ્રથી બખ્શિશની બશારત ★

તફસીરે મદારિક અને ખઝાઈનુલ ઈર્ફાનમાં છે કે એક માણસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ પછી કબ્ર શરીફ પર હાજર થયો અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! હું ગુનેહગાર છું, બદ્કાર છું, પાપી છું, ખુદા તઆલાએ ફર્માવ્યું કે ગુનેહગાર અને પાપી લોકો તમારી પાસે આવે અને મગફેરતની દુઆ કરે, તો એ ઈર્શાદ પર હું તમારી ખિદમતમાં આવી ગયો છું. તો કબ્ર શરીફથી અવાજ આવ્યો, ''તને બખ્શી દેવામાં આવ્યો.''

## ★ નબીઓને રોજી પણ મળે છે ★

મિશ્કાત શરીફ, ભાગ–૧, પેજ–૧૨૧, ઈબ્ને માજા શરીફ, પેજ–૧૧૯, હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જુમ્આના દિવસે મારા પર વધારે દુરૂદ પઢો. તો મેં વિનંતિ કરી, આપના વિસાલ પછી પણ ! તો આપે ફર્માવ્યું :–

اِنَّ اللّٰهَ حَرَّمَ عَلَى الْاَرْضِ اَنْ تَاْكُلَ اَجْسَادَ الْاَنْبِيَآءِ فَنَبِيُّ اللّٰهِ حَيٌّ يُّرْزَقُ

''બેશક ! અલ્લાહ તઆલાએ જમીન પર નબીઓના બદનને ખાવું હરામ કરી આપ્યું છે તો અલ્લાહના નબી જીવંત છે તેમને રોજી આપવામાં આવે છે.''

## ★ અહલે હદીષ પણ માને છે ★

અહલે હદીષના વડા આલિમ કાઝી શૌકાની સાહેબ લખે છે :–

હદીષોથી આ હુકમોની શરઈ હૈસિયત સાબિત છે : **(૧)** જુમ્આના દિવસે આપ પર દુરૂદ વધારે પઢવામાં આવે અને (૨) દુરૂદ શરીફ આપ પર પેશ કરવામાં આવે છે (૩) આપ પોતાની કબ્ર મુબારકમાં જીવંત છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે રબ્બુલ ઈઝ્ઝતે





જમીન પર હરામ કરી આપ્યું છે કે નબીઓના બદનોને માટી બનાવે, અને મુહક્કેકીનની એક પૂરી જમાઅત આ તહકીક (રિસર્ચ) પર પહોંચી છે કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની વફાત શરીફ પછી ફરી જીવંત છે. *(નીલુલ અવતાર, ભાગ–૩, પેજ–૨૧૧)*

## ★ નબીની હયાત દેવબંદી મસ્લક છે ★

દેવબંદી આલિમ અબ્દુલ કય્યુમ સાહબ દીની દસ્તારખાન, ભાગ–૧, પેજ–૪૯૭ પર લખે છે :–

હઝરત અકદસ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સઘળા અંબિયાએ કિરામ علیہم السلام ની બાબત દેવબંદના વડા આલિમોનો મસ્લક એ છે કે વફાત પછી પોતાની કબ્રોમાં જીવંત છે અને એમના મુકદસ બદનો એ જ પ્રમાણે મહફૂઝ છે અને દુનિયાના બદન સાથે આલમે બરઝખમાં એમને હયાત પ્રાપ્ત છે અને દુનિયાવી હયાત માફક છે, લેશમાત્ર એ કે તેઓ શરઈ અહકામના પાબંદ નથી પરંતુ તેઓ નમાઝો પણ પઢે છે. રોઝા શરીફ પર જે દુરૂદ પઢવામાં આવે વિના વાસ્તાએ સાંભળે છે. અને આ જ મશહૂર મુહદ્દિષીન અને મુતકલ્લિમીન અહલે સુન્નત વલ જમાઅતનો મસ્લક છે.

અકાબિરે દેવબંદના વિવિધ રિસાલાઓમાં આ ખુલાસો થયેલ છે. પછી તેમણે ''આબે હયાત''માં નાનોત્વી સાહબ અને ''અલમુહન્નદ''માં ખલીલ સાહબનો હવાલો આપીને લખેલું છે. હવે જે આ મસ્લક વિરૂધ્ધ દા'વો કરે તો એટલી વાત યકીની છે કે એમનો દેવબંદના વડા આલિમોના મસ્લકથી કોઈ સંબંધ નથી !

તકમીલુલ ઈમાન, પેજ–૫૮, હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અંબિયા علیہم السلام ને મૌત નથી, તેઓ ઝિંદા અને બાકી છે, તેમના માટે માત્ર તે એક જ મૌત છે જે એક વખત આવી ગઈ. ત્યાર પછી એમની રૂહો બદનમાં પરત કરી દેવામાં આવે છે અને જે હયાત એમની દુનિયામાં હતી એ જ અર્પણ કરે છે.

## ★ ગૈર મુકલ્લિદ આલિમનું મંતવ્ય ★

અહલે હદીષના વડા આલિમ મુહક્કિક અઝીમ આબાદી ફર્માવે છે :

અલ્લાહ તઆલાએ જમીન પર હરામ કરી દીધું છે કે અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ના બદનોને ખાય, આ ઈર્શાદે નબુવ્વતની બુન્યાદ એ છે કે અંબિયાએ કિરામ પોત પોતાની કબ્રોમાં જીવંત હોય છે. *(બઝલ, ભાગ–૨, પેજ–૧૧૦)*

## ★ ગંગોહી સાહબનો ફૈંસલો ★

મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબ લખે છે :–

કબ્ર પાસે જઈને કહે, અય ફલાણા ! તમે મારા માટે દુઆ કરો કે હક્ક તઆલા મારું કામ કરી આપે, આમાં આલિમોનો વિવાદ છે. જે મુડદાંઓનું સાંભળવું જાઈઝ માને છે તેઓ જાઈઝ કહે છે અને જે મુંડદાંઓનું સાંભળવું જાઈઝ નથી માનતા તેઓ મનાઈ કરે છે. તો એનો ફૈંસલો કરવો અશક્ય છે. પરંતુ **અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ના સાંભળવામાં કોઈનો વિવાદ નથી** અને એટલા માટે એને અલગ કરવામાં આવ્યું છે. જવાઝ (જાઈઝ હોવા)ની દલીલ એ છે કે ફોકહાએ સલામ પછી કબ્ર મુબારકની ઝિયારતના સમયે મગફેરતની શફાઅતની વિનંતિ કરવાનું લખ્યું છે. તો જવાઝ માટે આટલું પૂરતું છે. *(ફતાવા રશીદિયા, ભાગ–૧, પેજ–૧૦૦)*

## ★ મેઅરાજમાં નબીઓની મુલાકાત પર શંકાનો જવાબ ★

શૈખુલ ઈસ્લામ હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની ફત્હુલબારી બાબુલ મેઅરાજમાં લખે છે : એક પ્રશ્ન એ ઉપસ્થિત કરવામાં આવે છે કે અંબિયાએ કિરામનાં બદનો તો એમની એમની કબ્રોમાં છે, તો પછી હુઝૂર صلى الله تعالى عليه وسلم નું એમનાથી આકાશોમાં મેઅરાજની રાત્રે મુલાકાત કરવું કેમ કરી થઈ શકે છે ? જવાબ આપતાં લખે છે કે એમની રૂહોને તે રાત્રે બદનવાળી બનાવી દેવામાં આવી હતી. અથવા તેમના મુબારક બદનો કબ્રોમાંથી સરકારે દો આલમ صلى الله تعالى عليه وسلم ની તા'ઝીમ માટે હાજર કરવામાં આવ્યાં. *(ફત્હુલબારી, ભાગ–૭, પેજ–૬૬૬)*

અબુલ વહાબિયાનો બેટો અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન





અબ્દુલ વહહાબ નજદી ઈત્તેહાફુન્નબલા, પેજ–૪૧૫ પર લખે છે :–

અમારો એ અકીદો છે કે હુઝૂર અકરમ صلى الله تعالى عليه وسلم નો મરતબો સર્વ મખ્લૂકથી વિના શર્તે ઊંચો છે અને એ કે આપ પોતાની કબ્ર શરીફમાં હમેશાં માટે જીવંત છે.

وَاِنَّهٗ حَيٌّ فِىْ قَبْرِهٖ حَيٰوةً مُّسْتَقِرَّةً اَبْلَغَ مِنْ حَيَاةِ الشُّهَدَاءِ

''અને આપની આ હયાત શહીદોની હયાતથી જે કુર્આનમાં વર્ણવવામાં આવી છે અતિ ઉત્તમ છે કારણ કે આપ એમનાથી વિના શંકાએ મહાન છે.'' મઝાર શરીફ પર સલામ પેશ કરવાવાળાની સલામ આપ પોતે સાંભળે છે.

## ★ નઝીર દહેલ્વીનું મંતવ્ય ★

મૌલ્વી નઝીર હુસૈન દહેલ્વી લખે છે :–

હઝરાત અંબિયા عَلَيْهِمُ السَّلَامُ પોત પોતાની કબ્રોમાં જીવંત છે, ખાસ કરીને આં હઝરત صلى الله تعالى عليه وسلم કે ફર્માવે છે કે જે કોઈ કબ્ર પાસે દુરૂદ મોકલે છે હું સાંભળું છું અને દૂરથી પહોંચાડવામાં આવે છે. *(ફતાવા નઝીરિયા, ભાગ–૨, પેજ–૫૫)*

## ★ સલફી મંતવ્ય ★

મૌલ્વી અઝીમ આબાદી ઔનુલ મઅબૂદ, ભાગ–૧, પેજ–૪૦૫ પર લખે છે કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ પોત પોતાની કબ્રોમાં જીવંત હોય છે.

અત્તાલીકાતુસ્સલફીયા અલા સોનને નસાઈ, પેજ–૨૩૭ પર છે : અંબિયાએ કિરામ પોત પોતાની કબ્રોમાં જીવંત છે અને નમાઝો પણ પઢે છે અને હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું કે જે મારા પર મારી કબ્ર પાસે દુરૂદ પઢે એને હું પોતે સાંભળું છું અને જે દૂરથી પઢે એ મને પહોંચાડવામાં આવે છે.

## ★ અઈમ્મએ અહલે સુન્નતનું મંતવ્ય ★

અશાઈરા અને માતોરીદિયા અકાઈદમાં અહલે સુન્નતના બે

ભાગ છે : અરરૌઝા, પેજ–૧૫ પર એમના વિશે વર્ણવવામાં આવ્યું છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم કબ્રમાં જીવંત છે, ઈલ્મ, એહસાસ અને સમજ ધરાવે છે. ઉમ્મતના અમલો આપની ખિદમતમાં પેશ કરવામાં આવે છે. અલ્લાહ તઆલાએ એવા ફરિશ્તાઓ નિયુક્ત ફર્માવેલા છે જે જમીનમાં ફરે છે અને ઉમ્મતના સલાતો સલામ પહોંચાડે છે.

તબકાતે શાફેઈયામાં છે, પેજ નં. ૭૯ : અશાઈરાની નજીક હુઝૂર પોતાની કબ્ર મુબારકમાં જીવંત છે.

એઅલાઉસ્સોનન, ભાગ–૧૦, પેજ–૩૩૦ પર છે : ઈમામ અબૂ મન્સૂર બગદાદીએ ફર્માવ્યું, અમારા મુહક્કિક અને મુતકલ્લિમીન સાથીઓનો ફેંસલો એ છે કે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની વફાત શરીફ પછી ફરી જીવંત છે.

## ★ નૂરુદ્દીન ઝંગીની મદીના હાજરી ★

જઝબુલ કોલૂબમાં પેજ–૧૯૦ પર, અને વફાઉલ વફામાં પેજ–૧૬૧ પર સુલ્તાન નૂરુદ્દીન મહમૂદ બિન ઝંગીનો વાક્યો નકલ કરવામાં આવ્યો. હિજરી સન ૫૫૭ માં મિસ્રના રાજા નૂરુદ્દીને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો એક જ રાત સ્વપ્નમાં ત્રણ વખત દીદાર કર્યો. હુઝૂર સામે ઊભા છે અને બે વ્યક્તિ તરફ ઈશારો કરીને ફર્માવી રહ્યા છે, જલ્દી પહોંચો અને આમની બદમાશીથી મને બચાવો ! રાજાએ સમજી લીધું કે મદીનામાં કોઈ ખતરનાક ઘટના ઉપસ્થિત થઈ રહી છે અને હુઝૂર એનાથી મને હોશિયાર કરી રહ્યા છે. રાજાએ વઝીરને બોલાવી સામાન અને સવારીઓ તૈયાર કરવાનું કહ્યું અને પછી વીસ માણસોને સાથે લઈ મદીનાના સફરે રવાના થયા, ૧૬ દિવસે તેઓ મદીના પહોંચ્યા.

રાજાએ મદીનામાં એલાન કરાવ્યું કે રાજા નૂરુદ્દીન આવ્યા છે અને પોતાની સાથે ઘણો માલ લઈને આવ્યા છે મદીનાનો દરેક વ્યક્તિ તેમની મુલાકાતે આવે. આપના આદેશથી એક પછી એક લોકો મુલાકાતે આવ્યા, જ્યારે આવવાનો સિલસિલો બંધ થઈ ગયો તો રાજાએ પૂછયું, શું સઘળા લોકો આવી ગયા ! હવે કોઈ આવવાથી રહી નથી ગયું ?





લોકોએ કહ્યું, બધા જ આવી ગયા છે પણ બે વ્યક્તિ મુસાફરખાનમાં રહે છે તેઓ નવમુસ્લિમ છે, ઘણા મુત્તકી અને પરેઝગાર છે, લોકોની ઘણી જ મદદ કરે છે તેઓ નથી આવ્યા.

રાજાએ તેમને બોલાવ્યા. જ્યારે તેઓ સામે આવ્યા તો રાજા સમજી ગયા કે સ્વપ્નમાં હુઝૂરે જેમની તરફ ઈશારો ફર્માવ્યો હતો તે આ જ છે. રાજાએ પૂછયું, તમે ક્યાં રહો છો ? એમણે પોતાનું રહેઠાણ બતાવ્યું. રાજા ત્યાં ગયા અને એમનું ઘર ચેક કર્યું પણ કંઈ ખતરા જેવું લાગ્યું નહીં. એક ખૂણામાં મુસલ્લો પાથરેલો હતો રાજાએ મુસલ્લો હટાવ્યો તો એની નીચેથી તેમણે સુરંગ બનાવી હતી જે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર શરીફ તરફ જઈ રહી હતી. તેમને મારીને પૂછવામાં આવ્યું કે તમે આ કામ શા માટે કર્યું ? તો તેમણે કહ્યું, ઈસાઈ રાજાએ એમને ઘણુ ઈનામ આપવાની લાલચ આપીને આ કામ માટે રવાના કર્યા હતા.

રાજા નૂરુદ્દીન તેમને કતલ કરવાનો હુકમ આપ્યો, તેમને કત્લ કરી આપવામાં આવ્યા અને પછી રાજાએ કબ્ર શરીફની ચારે બાજુ સીસાની દીવાર બનાવડાવી કે ભવિષ્યમાં પણ કોઈ આ પ્રમાણેનું કાવત્રુ ન કરી શકે.

આ વાક્યાથી એ સ્પષ્ટ થયું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم હયાત છે, આવા હાલાતથી બાખબર છે, જ્યાં જવા ઈચ્છે જઈ શકે છે, ઈસાઈ લોકોની માન્યતા પણ એવી જ છે કે આપ જીવંત છે અને કબ્રમાં આપના બદનમાં કોઈ ફેરફાર થઈ શક્તો નથી, જો આમ ન હોય તો ૫૫૦ વર્ષો પછી આ પ્રમાણેનું કાવત્રુ કેમ રચવામાં આવ્યું ?!

## ★ કાવત્રુ શા માટે રચવામાં આવ્યું ? ★

**સવાલ** : હુઝૂર પોતે આ કામ કરી શક્તા હતા, પછી રાજાને કેમ બતાવ્યું ?

**જવાબ** : હુઝૂર પોતે કરી શકતા હતા, અને અલ્લાહ તઆલા પોતે પણ તેઓને હલાક કરી શક્તો હતો પણ રાજાથી આ કામ એટલા માટે કરાવ્યું કે એ કાવત્રાને ખ્યાતિ આપવામાં આવે. અને લોકોની

મૌજૂદગીમાં તેઓને સજા આપવામાં આવે તો ભવિષ્યમાં કોઈ એવુ કાવત્રુ રચવાની કોશિશ ન કરે. અને દરેકને એ વાતનું યકીન થઈ જાય કે ગમે તેટલું ગુપ્ત રાખીને કોઈ કાવત્રુ કરવામાં આવશે તો તે ગુપ્ત રહેશે નહીં, અને કોઈ પોતાના કાવત્રામાં સફળ થશે નહીં, અને આ પ્રમાણે કત્લ કરવામાં આવશે. બીજાું એ કે લોકોનું એ વાતનું યકીન મજબૂત બની જાય કે નબી હયાત છે અને એમને હાલાતની ખબર છે. લોકોની નિય્યતો પણ આપ જાણે છે. આ હિકમતોને લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે આ કામ ન કરી લીધું અને રાજાથી કામ કરાવ્યું. (વલ્લાહુ તઆલા અઅ્લમ.)

## ★ અલ્લાહ તઆલાએ ગારત કર્યા ★

મુહિબ્બે તિબરીએ રિયાઝુન્નઝરામાં એક વાક્યો નકલ કર્યો છે કે હલ્બના શીઆ રાફઝીઓની એક જમાઅતે મદીનાના ગર્વનરને ખૂબ ખૂબ રિશ્વત (લાંચ) આપીને એ વાત મનાવી લીધી કે અમે હરમમાં પ્રવેશી નબીના હુજરાથી અબૂબક્ર અને ઉમરની લાશને કાઢી કોઈ જગાએ પહોંચાડી આપીશું. દોલતના લાલચુ ગર્વનરે તેમને એ કામની રજા આપી દીધી અને ચોકીદારને કહેવડાવ્યું કે ફલાણી જમાઅતના લોકો રાતના સમયે આવે તો એમને હરમમાં જવા દેશો અને એમને કશાથી મનાઈ કરશો નહીં.

ચોકીદાર કહે છે કે ઈશાની નમાઝ પછી હરમના બધા દરવાજાઓ બંધ કરી દેવામાં આવ્યા, મોડી રાત્રે ચાલીસ શીઆ તોડ તાડનો સામાન અને મશાલ લઈને બાબુસ્સલામ પાસે આવ્યા અને ખખડાવ્યું, ગર્વનરના કહેવા પર મેં એમને દરવાજો ખોલી દીધો અને હું એક ખૂણામાં જઈને રડવા લાગ્યો અને આ લોકો શું કરે છે જોતો રહ્યો. ખુદાની કુદરત કે હજી તેઓ મિમ્બર શરીફ પાસે પણ ન પહોંચ્યા હતા, હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ના મસ્જિદે નબવીમાં વધારેલા ભાગના એક થાભલા નજીક હતા એટલામાં તો જમીન ફાટી અને તેઓ ત્યાં ગારત થઈ ગયા.

ગર્વનરે ચોકીદારને પૂછયું અને હાલાત માલૂમ કર્યા તો તેમણે





જે આંખોથી જોયું હતું કહી સંભળાવ્યું. ગર્વનરે કહ્યું, શું તું પાગલ થઈ ગયો છે ?! તેમણે જવાબ આપ્યો, પાગલ નથી થયો, આ બનાવ સાચો છે અને શંકા લાગતી હોય તો ઘટના સ્થળે પહોંચીને જોઈ શકો છો. (આજે પણ મસ્જિદે નબવીમાં એ નિશાની છે.)

આ વાક્યાથી સ્પષ્ટ થયું કે નબીની સાથે આપના બે સહાબી પણ જીવંત છે અને એટલા માટે તો એમની લાશો કાઢવાનું કાવત્રુ રચવામાં આવ્યું, પણ આ વખતે અલ્લાહ તઆલાએ પોતે દુશ્મનોનું કામ તમામ કરી નાખ્યું અને તેઓને જમીનમાં ગારત કરી દેવામાં આવ્યા. અને એ સાબિત કરી દેવામાં આવ્યું કે એમનું રક્ષણ અલ્લાહ તઆલા ફર્માવી રહ્યો છે. આખુ જગત એક તરફ થઈ જાય તો પણ એમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડી શક્તું નથી.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ એ બંનેને ખખડાવ્યા ★

બુખારી શરીફ, ભાગ એકમાં હઝરત સાઈબ બિન યઝીદથી રિવાયત છે : તેઓ કહે છે કે હું મસ્જિદમાં ઉભો હતો. કોઈ માણસે કાંકરી મારી. હું જોવું છું તો એ હઝરત ઉમર હતા. આપે ફર્માવ્યું, જાવ ! પેલા બે માણસોને મારી પાસે બોલાવી લાવો. હું તેઓને આપની પાસે લઈ આવ્યો. આપે તેમને પૂછયું, તમે કયા લોકોથી છો અથવા તમે ક્યાંના છો ? તેમણે કહ્યું, અમે તાઈફના છીએ. એના પર હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો તમે મદીનાના હોત તો હું તમને સજા આપતો એટલા માટે કે તમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મસ્જિદમાં ઊંચો અવાજ કરીને બોલતા હતા.

હાલ તો મસ્જિદે નબવી ઘણી વિશાળ થઈ ગઈ તેના એક ખૂણે બોલવામાં આવે તો બીજા ખુણા સુધી અવાજ ન પહોંચે પણ આ વાત ત્યારની છે જ્યારે મસ્જિદે નબવી નાની સરખી હતી અને રસૂલે પાકની કબ્ર મુબારક મસ્જિદના દરેક ખૂણાથી નિકટ હતી. તેમનો રસૂલે પાકની ખિદમતમાં ઊંચો અવાજ કરવો હઝરત ઉમરને પસંદ ન આવ્યો એટલે જ કે એ નબીની બારગાહના અદબ વિરુધ્ધ છે અને તકલીફનો ઝરિયો પણ છે. આનાથી એ પણ જાણવા મળ્યું કે હઝરત ઉમરનો અકીદો એ છે કે નબીએ પાક હયાત છે, જુએ છે અને સાંભળે છે એટલે હયાત

માફક અદબ જરૂરી છે.

જઝબુલ કોલૂબ, પેજ–૨૦૦ પર છે : હઝરત ઉમર પ્રથમ કામ જે કરતા તે રસૂલુલ્લાહને સલામ કરવી હતું. એટલે કે આપ ક્યાંક જતા અને બહારથી મદીનામાં આવતા તો પ્રથમ નબીની કબ્ર શરીફ પર હાજરી આપતા અને પોતાના ઘરે જતા.

## ★ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની માન્યતા ★

જઝબુલ કોલૂબ, પેજ–૧૮૮ પર છે : મિસ્રી બલવાઈઓએ જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના ઘરને ઘેરી લીધું તો અન્ય સહાબાએ આપને મશ્વેરો આપ્યો કે એવું કરો કે તમે મદીના છોડીને મુલ્કે શામ ચાલ્યા જાવ, ત્યાંનું લશ્કર સશક્ત છે. તો આપે ફર્માવ્યું, હું જાઈઝ નથી સમજતો કે મારું દારુલ હિજરત છોડી આપું અને એ પણ જાઈઝ નથી સમજતો કે રસૂલે પાકનો પડોશ છોડી આપું.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના જવાબથી સ્પષ્ટ થયું કે હઝરત ઉષ્માન ગની નબીએ પાકને જીવંત માનતા હતા, અને મદીનામાં રહેવું નબીનો પડોશ જાણતા હતા. જો આમ ન સમજતા તો મદીના છોડી જતા, પરંતુ જાન આપવી પસંદ કરી પણ નબીના દયારથી અલગ થવું પસંદ ન કર્યું.

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની માન્યતા ★

શિફાઉષ્ષિકામ, પેજ–૧૭૩ પર છે કે હઝરત અલી رضی اللہ عنہ એ પોતાના ઘરના દરવાજા મદીના શરીફથી બહાર એક જગાએ બનાવ્યા એટલા માટે કે બારણાં બનાવવાનો અવાજ ન થાય અને હુઝૂરને તકલીફ ન પહોંચે.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના કિરદારથી સ્પષ્ટ થયું કે આપ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને જીવંત માનતા હતા ત્યારે તો આપે દરવાજા મદીનાની બહાર બનાવ્યા કે રસૂલે પાકને અવાજથી તકલીફ ન થાય.

હઝરત અબૂ અબ્દુલ્લાહ હાફિઝે હદીષ મિસ્બાહુઝ્ઝિલામમાં હઝરત અલીથી રિવાયત કરે છે કે એક ગામડિયો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم





ના મઝાર શરીફ પર આવ્યો અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! તમે જે અલ્લાહ તઆલાથી સાંભળ્યું અમે આપથી સાંભળ્યું, અને જે આપે ખુદાથી યાદ કર્યું અમે આપથી યાદ કર્યું, તમારી ઉપર જે આયતો ઉતારવામાં આવી તેમાંથી એક આ પણ છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

હુઝૂર ! હું તમારી બારગાહમાં એટલા માટે આવ્યો છું કે હું મગફિરતની રબથી દુઆ કરું અને તમે મારા માટે મગફેરતની દુઆ કરે.

આ રિવાયતથી એ સ્પષ્ટ થયું કે તેઓ નબીએ પાકને હયાત માનતા હતા. અને એટલે તો નબીએ પાકની ખિદમતમાં આવીને મગફેરતની દુઆની દરખાસ્ત કરતા હતા. તેઓનું યકીન હતું કે આ આયતની બશારત આપની દુઆની હયાત સાથે ખાસ ન હતી બલ્કે કિયામત સુધી આવનાર સઘળા મુસલમાનો માટે છે. અને નબીએ પાક બધાની સાંભળે છે અને મગફેરતની દુઆ પણ કરે છે.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہا ની માન્યતા ★

શિફાઉષ્ષિકામમાં અલ્લામા સોબુકી હઝરત આઈશાથી રિવાયત કરે છે કે હઝરત આઈશા તે ઘરોમાં જે મસ્જિદે નબવીની નિકટમાં હતાં ખીલી ઠોકવાનો અવાજ સાંભળતાં તો તેમની પાસે કોઈને મોકલીને કહેવડાવતાં કે તમે લોકો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને તકલીફ ન આપો. *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૮, પેજ–૩૦૫)*

હઝરત આઈશા રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને જીવંત માનતાં હતાં ત્યારે તો લોકોને મસ્જિદે નબવી પાસે ઠોક ઠાક કરવાથી મનાઈ કરતાં હતાં.

મિશ્કાતુલ મસાબીહ, પેજ–૧૫૪, ઈમામ અહમદે રિવાયત કરી કે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હું મારા તે રૂમમાં જેમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم આરામ ફર્માવી રહ્યા છે, પ્રવેશતી તો ચાદર રાખ્યા વિના, કારણ કે એક મારા પતિ હતા અને એક મારા પિતા હતા, (અને બંનેથી પર્દો જરૂરી નથી) પણ જ્યારે એમની સાથે હઝરત ઉમર رضی اللہ عنہ ને દફન કરવામાં આવ્યા તો કસમ ખુદાની ! હું તેમાં પર્દો કરીને જ

પ્રવેશતી, હઝરત ઉમરથી શરમ કરીને.

હઝરત આઈશાના કિરદારથી સ્પષ્ટ થયું કે નબી તો જીવંત છે પણ હઝરત અબૂબક્ર અને ઉમર પણ જીવંત છે. ત્યારે તો ફર્માવે છે કે હઝરત ઉમરથી શરમ કરીને પર્દા સાથે પ્રવેશતી હતી.

આનાથી એક વધુ વાત એ જાણવા મળી કે વલીઓ પણ જીવંત હોય છે. કારણ કે હઝરત અબૂબક્ર શહીદ ન થયા હતા. જેઓ માત્ર નબીઓની જ હયાત માને છે અને બીજા લોકો માટે ઈન્કાર કરે છે તેઓ પણ ગલતી પર છે.

## ★ હઝરત ઈબ્ને ઉમરનો અમલ ★

મુસન્નફ ઈબ્ને અબી શૈબામાં છે, ભાગ–૪, પેજ–૧૩૮, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما જ્યારે મુસાફરી કરતા તો પ્રથમ મસ્જિદે નબવીમાં આવતા, નમાઝ પઢતા અને પછી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મઝાર શરીફ પર હાજરી આપતા અને સલામ કરતા, અસ્સલામુ અલૈકુમ યા રસૂલલ્લાહ ! યા અબા બકરીન, અસ્સલામુ અલૈકુમ યા અબી ! અને એ જ પ્રમાણે જ્યારે મુસાફરીથી પરત આવતા તો પ્રથમ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મઝાર પર હાજરી આપી સલાતો સલામ પેશ કરતા.

મુઅત્તા ઈમામ મુહમ્મદ પેજ–૩૯૬ પર છે : હઝરત નાફેઅ કહે છે : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને મેં જોયા છે કે આપ મઝાર શરીફ પર સલામ માટે હાજરી આપતા, એક દિવસમાં સો વખત અથવા વધારે હાજરી આપતા અને અસ્સલામુ અલૈકા ફર્માવતા.

## ★ સલામનો જવાબ ★

દુર્રે મન્સૂર, ભાગ–૨, પેજ–૨૪૫, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لَیَاتِیَنَّ قَبْرِیْ حَتّٰی یُسَلِّمَ عَلَیَّ وَ لَاَرُدَّنَّ عَلَیْہِ

"હઝરતે ઈસા જરૂર મારી કબ્ર પર આવશે અને મને સલામ કરશે અને હું જરૂર તેમને સલામનો જવાબ આપીશ."





## ★ અબૂ ઐયૂબ અન્સારીનું મંતવ્ય ★

હાકિમે તખરીજ કરી છે : ભાગ–૪, પેજ–૫૧૫, એક દિવસ મરવાન આવ્યો અને એણે એક વ્યક્તિને મઝાર પર મોઢું રાખેલો જોયો, એણે તે વ્યક્તિને ગળુ પકડીને ઉભો કર્યો અને કહ્યું કે તને ખબર છે તું શું કરી રહ્યો છે ? તેમણે કહ્યું, હા ! મને ખબર છે. મરવાને જોયું કે આ તો અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ છે ! આપે જવાબ આપ્યો, હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યો છું. પથ્થરો પાસે નથી આવ્યો ! મેં હુઝૂરને ફર્માવતા સાંભળ્યા, "તે સમયે દીન પર ન રડતો જ્યારે કાર્યકર્તા લાયક વ્યક્તિ હોય, બલ્કે ત્યારે રડજે જ્યારે દીનનું કાર્ય નાલાયકના હાથમાં ચાલ્યું જાય."

## ★ ઈમામ માલિકનું મંતવ્ય ★

નશરુત્તીબમાં મોલ્વી અશરફ અલી થાનવી લખે છે :– સૈયેદોના હઝરત ઈમામ માલિક મદની હોવાને લઈને આ બાબતે વિશિષ્ટતા ધરાવે છે, આપ મઝાર શરીફ પાસે મસ્જિદે નબવીમાં હદીષનો સબક આપતા હતા. *–(પેજ ૨૧૦)*

અમીરુલ મુ'મિનીન અબૂ જઅફરે ઈમામ માલિક رضی اللہ عنہ થી કોઈ મસ્અલા બાબતે વાત કરી. ઈમામ માલિકે ફર્માવ્યું, અય અમીરુલ મો'મિનીન ! તમને શું થઈ ગયું છે ? આ મસ્જિદમાં અવાજ ઊંચો ન કરો ! હુઝૂર નબવી صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'ઝીમ વફાત પછી તે જ છે જે હયાતમાં હતી (આ વાત સાંભળીને) અબૂ જઅફર ચુપ થઈ ગયો.

મઝાહિરે હક્ક, ભાગ–૧, પેજ–૪૪૫ : અંબિયા علیہم السلام કબ્રોમાં જીવંત છે, આ મસ્અલો સંમતિવાળો છે એમાં કોઈનો વિવાદ નથી કે તેમની હયાત ત્યાં દુનિયાવાળી વાસ્તવ બદની હયાત જેવી છે.

ફતાવા રશીદિયા, ભાગ–૧, પેજ–૧૦૦ માં છે : કબ્ર પાસે અંબિયાના સાંભળવામાં કોઈનો વિવાદ નથી.

એટલે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હયાત છે અને આવનાર વ્યક્તિના સલાતો સલામનો અવાજ સાંભળે છે અને જ્યારે સાંભળે છે તો જવાબ પણ આપે છે. કબ્ર પાસે સાંભળવાના મસ્અલામાં કોઈનો વિવાદ નથી, પણ આપણે લોકો એવું માનીએ છીકે કે આપ દરેક જગાથી

સાંભળે છે, અને હુઝૂર માટે દૂર નજીક બધું જ એક જેવું છે. એ વિશે **તોહફાએ નજાત, ભાગ–૮** માં સંપૂર્ણ ચર્ચા કરવામાં આવી છે.

## ★ અલ્લામા સખાવીનું મંતવ્ય ★

મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા સખાવી હાફિઝે હદીષ ઈબ્ને હજર અસ્કલાનીના શાગિર્દ છે. અલ કૌલુલ બદીઅ, પેજ–૨૫ પર એમનું મંતવ્ય એ છે કે અમારું ઈમાન છે અને અમે એ સ્વીકાર કરીએ છીએ કે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની કબ્ર શરીફમાં જીવંત છે આપને ત્યાં રોજી પણ આપવામાં આવે છે. આપના બદન શરીફને માટી નથી ખાય શક્તી. આ અકીદા પર અહલે હક્કનો ઈજમાઅ (સંમતિ) છે.

**સવાલ** : જ્યારે નબીઓની હયાત પર અહલે સુન્નતની સંમતિ છે અને કોઈએ વિવાદ કર્યો નથી તો પછી વિવાદ કરનાર છે કોણ ?!

**જવાબ** : આ પ્રશ્નનો ઉત્તર શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા ઐનીએ પોતાની કિતાબ ''ઐની શર્હે બુખારી, ભાગ–૭, પેજ–૬૦૧ પર આપેલો છે. ફર્માવે છે : જે લોકોએ કબ્રની હયાતનો ઈન્કાર કર્યો તેઓ ''મુઅતઝલા'' છે અને તેમના જેવી માન્યતા ધરાવતા લોકો છે. અહલે સુન્નતે એના જવાબો આપેલા છે.

એટલે કે અહલે સુન્નતે આનો ઈન્કાર નથી કર્યો, અહલે સુન્નતના આલિમો આ મસ્અલામાં એકમતી છે. જે લોકોએ ઈન્કાર કર્યો અહલે સુન્નતે તેમનો જવાબ આપેલો છે અને દલાઈલથી હયાત સાબિત કરવા કોશિશો કરી છે અને કિતાબો લખી છે. અહલે સુન્નત આ મસ્અલામાં બેમત થઈ શકતા નથી !

જ્યારે એ વાત દલીલોથી સ્પષ્ટ કરવામાં આવી કે નબીઓ કબ્રમાં હયાત છે, અને એમની હયાત વિશે અહલે સુન્નતને કોઈ શંકા નથી. તેઓ સર્વાનુમતે હયાતને માન્ય રાખે છે તો પછી ઈન્કાર કરનાર અહલે સુન્નતથી નથી થઈ શક્તો.

## ★ આપની હયાતમાં કોઈ શંકા નથી ★

રિસાલએ મદીના, પેજ–૪૧ પર છે : અલ્લામા મુહક્કિક





મુહમ્મદ આબિદ સનદી જેઓ શાહ અબ્દુલગની મુજદ્દિદીના ઉસ્તાદ છે, ફર્માવે છે કે નબીઓની હયાતમાં કોઈ પ્રકારની શંકા નથી, અને આલિમોમાંથી કોઈ એકનો પણ આ મસ્અલામાં વિવાદ નથી તો પછી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم હંમેશાના માટે હયાત છે. એટલે કે આપ હંમેશાના માટે હયાત છે, હવે આપની હયાતમાં કોઈ ફેરફાર થશે નહીં.

## ★ અબૂબક્ર સિદ્દીકની હદીષ અને શંકાનો ઉકેલ ★

બુખારી કિતાબુલ મગાઝીમાં છે : જ્યારે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું અવસાન થઈ ગયું હઝરત અબૂબક્ર સિદ્દીક આવ્યા અને તેમણે હુઝૂરનો ચહેરો ખોલ્યો પછી નમી ગયા, ચુમન કર્યું અને પછી રડી પડયા પછી. વિનંતિ કરી :–

وَاللّٰہِ لَایَجْمَعُ اللّٰہُ عَلَیْکَ مَوْتَتَیْنِ اَمَّاالْمَوْتَۃُ الَّتِیْ کُتِبَتْ
عَلَیْکَ فَقَدْمُتَّھَا

''મારા માતા પિતા તમારા પર કુર્બાન ! અલ્લાહની કસમ ! અલ્લાહ તઆલા બે મોતો તમારા પર ભેગી નહીં કરે જે મૌત આપના માટે લખવામાં આવી હતી તે આપ પામી ચૂક્યા છો.''

જે લોકો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم માટે બરઝખી હયાત નથી સ્વીકારતા જેમ કે મોઅતઝલા તો તેવા બદ્અકીદા લોકોએ હઝરત અબૂબક્ર સિદ્દીકના આ ફર્માનથી દલીલ કાયમ કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું અવસાન થઈ ગયું છે. સહાબા હુઝૂરની મૌત પર શંકા કરતા હતા, ત્યારે અબૂબક્ર رضی اللہ عنہ એ કુર્આનની આયતો પઢીને તેઓને હુઝૂરની મૌતનું યકીન અપાવ્યું હતું. જ્યારે હઝરત અબૂબક્ર કહે છે કે આપ મરી ગયા પછી હયાતનો દા'વો કેવી રીતે થઈ શકે છે ?

અલ્લાહનો વાયદો છે કે દરેક નફ્સને મૌતની મજા ચાખવાની છે તો એ ફર્માન અનુસાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર મૌત આવી અને એ મૌતનો ઈન્કાર થઈ શક્તો નથી. જેમ કે અમારા આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

અંબિયા કો ભી અજલ આની હય મગર ઈત્ની કે ફક્ત આની હય
ઉસ આન કે બાદ ઉન્કી હયાત મિષ્લે સાબિક વહી જિસ્માની હય

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું, "કદ મિત્તહા" વાયદાવાળી મૌત આપ પામી ચૂક્યા છો તેનાથી આ દુનિયાવાળી મૌત મુરાદ છે. તેમણે એવું નથી કહ્યું કે તમે હમેશાં માટે મરી ગયા, હવે તમે કિયામતની બીજી સૂર ફૂંકવામાં આવશે ત્યારે જીવંત થશો. બલ્કે માત્ર વાયદાવાળી મૌત સાબિત કરી છે. અટલે આ હદીષને હયાતના ઈન્કારની દલીલ બનાવવી અયોગ્ય છે.

બીજું એ કે આ હદીષમાં હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ તરફથી સરકારે દો આલમ માટે હમેશાંની હયાત સાબિત કરવામાં આવી છે. તે એ પ્રમાણે કે આપે કસમ ખાયને ફર્માવ્યું, અલ્લાહ તઆલા મારી ઉપર બે મોત ભેગી કરશે નહીં. સમજવાનું એ છે કે બીજી મૌત નથી, એ બીજા મૌતનો મતલબ શું છે ? શું મૌત બે વખત આવે છે ?!

તહકીક કરતાં એ જાણવા મળ્યું કે મૌત બે હોય છે, કુર્આન શરીફમાં એ તરફ આ આયતથી ઈશારો કરવામાં આવ્યો છે :–

اَمَتَّنَا اثْنَتَيْنِ وَ اَحْيَيْتَنَا اثْنَتَيْنِ

"તેં અમને બે વખત મૌત આપી અને બે વખત જીવંત કર્યા."

કુર્આન શરીફની આ આયત બતાવી રહી છે કે મૌત બે છે. તફસીરો અલગ અલગ કરવામાં આવે છે પણ એનો એક મતલબ એ પણ છે કે બીજી મૌત કબ્રમાં આવશે. જેમ કે ઐની શર્હે બુખારી, ભાગ–૭, પેજ–૬૦૧ પર અલ્લામા ઐની رحمۃ اللہ علیہ ઉપરોક્ત હદીષે પાક પર પોતાનું મંતવ્ય કરતાં લખે છે, અહલે સુન્નત વલ જમાઅતનો મઝહબ એ છે કે :–

اِنَّ فِی الْقَبْرِ حَيَاةً وَّمَوْتًا فَلَابُدَّ مِنْ ذَوْقِ الْمَوْتِ بين لِكُلِّ
اَحَدٍ غَيْرِ الْاَنْبِيَآءِ

"બેશક ! કબ્રમાં હયાત અને મૌત છે. તો પછી દરેકના માટે બે મૌત ચાખવી જરૂરી છે, નબીઓને છોડીને."

અલ્લામા ઐનીના કહેવાનો ભાવાર્થ એ છે કે એક મૌત દુનિયામાં આવે છે તે દરેકને માન્ય છે અને એક મૌત કબ્રમાં આવશે.

કબ્રમાં નકીરૈનના સવાલ વખતે મય્યિતને જીવંત કરવામાં આવે





છે અને કામ પૂરું થયા પછી ફરી તેની રૂહ લઈ લેવામાં આવે છે, તો સવાલ જવાબ પછી જે રૂહ લેવામાં આવી તે બીજી મૌત છે. જ્યારે કે નબીને દુનિયામાં અલ્લાહનો વાયદો પૂરો કરવા માટે મૌત આવે છે, કબ્રમાં પહોંચાડયા પછી તેમને હયાતે દુનિયાવી આપી દેવામાં આવે છે. અને પછી તે રૂહ પરત લેવામાં આવતી નથી બલ્કે રહેવા દેવામાં આવે છે.

જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે મૌત બે છે : એક દુનિયામાં અને એક કબ્રમાં. તો હવે હઝરત અબૂબક્ર સિદીકના ફર્માનનો મતલબ સમજો કે અય અલ્લાહના હબીબ ! વાયદો પૂરો કરવા તમને એક મૌત આવી, હવે જ્યારે તમે કબ્રમાં જશો અને આપને હયાત આપવામાં આવશે તો રૂહ પરત લેવામાં નહીં આવે. તમે પછી હમેશાંના માટે જીવંત રહેશો.

જે લોકો હઝરત અબૂબક્રના ફર્માનથી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم માટે કિયામત સુધીની મૌત માનતા હતા, અમારા ખુલાસા પછી સ્પષ્ટ થયું કે તેઓ આ પ્રમાણેની દલીલ લેવામાં ગલતી પર છે. સત્ય એ છે જે અમે તમારી ખિદમતમાં રજુ કર્યું. (અલ્લાહુ અઅ્લમ)

ફત્હુલ બારી, ભાગ–૩, પેજ–૨૨, હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની ફર્માવે છે :–

اِنَّ حَيَاتَهٗ فِی الْقَبْرِ لَايَعْقِبُهَامَوْتٌ بَلْ يَسْتَمِرُّ حَيًّا

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાત કબ્રમાં એવી છે કે એના પછી મૌત નહીં આવે બલ્કે હમેશાં જીવંત રહેશે."

હઝરત ઈબ્ને હજર એ કહેવા માંગે છે કે કબ્રમાં રૂહ પરત આવે છે, સામાન્ય લોકોની રૂહ તો પરત લઈ લેવામાં આવે છે એમના બદનમાં રહેતી નથી. જેનો ખુલાસો તમારી ખિદમતમાં રૂહના પ્રકરણમાં કરી દેવામાં આવ્યો. નબીઓમાં રૂહ બદનમાં આવ્યા પછી બદનમાં જ રહેવા દેવામાં આવે છે અને એમની બરઝખી અને કબ્રી હયાત રૂહ અને બદન બંને સાથે હોય છે જેમ કે આ દુનિયામાં હોય છે.

**સવાલ** : તમે તો એ સાબિત કરી ગયા કે વિના રૂહે પણ હયાત હોય છે અને હુઝૂરની હયાત વિના રૂહે હતી પછી તમે રૂહના સંબંધની વાત કેમ કરો છો ?

**જવાબ :** વિના રૂહે હયાતની વાત અમે તે સમયે કરી હતી જ્યારે અલ્લાહનો વાયદો પૂરો કરવા હુઝૂર પર મૌત આવી હતી અને આપના બદનથી આપની રૂહ કબ્જ કરી લેવામાં આવી હતી. તો તે સમયે આ પ્રશ્ન હતો કે તે સમયે હુઝૂર હયાતમાં હતા ? તો અમે કહ્યું હયાત હતા. અને તેનો ખુલાસો એ પ્રમાણે છે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

રૂહ અને બદનના દુનિયા જેવા સંબંધની વાત ત્યારથી છે જ્યારથી હુઝૂરને કબ્રમાં પહોંચાડી આપવામાં આવ્યા. અને એ ખુલાસો અમે એટલા માટે પણ કર્યો હતો કે હુઝૂરની હયાત ક્યારે પણ હુઝૂરથી અલગ થઈ નથી. રૂહ કબ્જ કરવામાં આવી તો પણ હયાત હતી. હયાત અને રૂહ બંને અલગ છે.

## ★ એક અકલી દલીલ ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે અહલે સુન્નત વલ જમાઅત આલિમોનો સર્વાનુમતે એ ફૈસલો છે કે નબીઓ કબ્રોમાં હયાત છે અને એમની હયાત દુનિયા માફક છે એટલે રૂહ અને બદન બંને સાથે.

નબીઓની રૂહો એમના બદનમાં પરત કેમ કરવામાં આવે છે તેની અકલી દલીલ એ છે કે નબી ખુદાની બારગાહમાં સૌથી અધિક ફઝીલત ધરાવે છે. નબીથી વધીને ખુદાની મખ્લૂકમાં કોઈ નથી. ઓલમાનો ફૈસલો એ છે કે જે માટી કબ્રમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર સાથે લાગેલી છે તે નબીના બદન સાથે હોવાને લઈને ફઝીલતમાં અર્શે ઈલાહીથી વધીને છે. જ્યારે માટી માત્ર સંગતને લઈને ફઝીલતમાં આટલી આગળ વધી જાય તો પછી નબીના બદનની ફઝીલત કેટલી હશે તે હિસાબમાં લાવી શક્તા નથી ! અને જ્યારે બદનથી રૂહ ઉત્તમ છે તો પછી તેની ફઝીલત તેનાથી પણ વધીને છે. જ્યારે નબીનું બદન દરેકથી અધિક ફઝીલત રાખે છે તો નબીની રૂહ કબ્જ કર્યા પછી તેને રાખવા માટે તેમના બદનથી વધીને કોઈ ચીજ નથી. એટલે નબીઓની રૂહોને કબ્જ કરી વાયદો પૂરો કરવામાં આવે છે અને પછી તેમના બદનમાં પરત કરી દેવામાં આવે છે. સારાંશ એ કે નબી કબ્રમાં રૂહ અને બદન સાથે હયાત છે.





# શહાદતની ફઝીલત અને એના પ્રકાર

શહાદત આખરી મંઝિલ હય ઈન્સાની સઆદત કી
વોહ ખુશ કિસ્મત હંય મિલ જાએ જિન્હેં દૌલત શહાદત કી

શહાદત પાકે હસ્તી ઝિંદએ જાવેદ હોતી હંય
યેહ રંગીન શામ સુબ્હે ઈશ્કી તમહીદ હોતી હંય

શહીદ ઈસ દારેફાનીમેં હમેશા ઝિંદા રહતે હંય
ઝમીન પર ચાંદ તારોં કી તરહ તાબિંદા રહતે હંય

યેહ શહાદત એક સબક હંય હક્ક પરસ્તી કે લિએ
એક સુતૂને રોશની હય બહરે હસ્તી કે લિએ

## ★ શહીદ અલ્લાહ તરફથી ઈનામવાળો છે ★

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ ઈનામ પામવાવાળાઓના અમુક પ્રકાર બયાન ફર્માવ્યા છે તેઓ પૈકી શહીદો પણ છે. અને કુર્આનમાં અલ્લાહ તઆલા પોતે જેને ઈનામવાળો ફર્માવે તે તેની કામયાબી અને સફળતાનો યકીની પુરાવો છે જેમાં શંકાને સ્થાન નથી. ફર્માવે છે :–

مَنْ يُّطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا

"જે અલ્લાહ અને રસૂલની ઈતાઅત કરે તો તેઓ એવા લોકોની સંગતમાં હશે જેમના પર અલ્લાહે કૃપા કરી એટલે કે નબીઓ, સિદ્દીકો, શહીદો અને નેક લોકો, આ કેટલા સરસ સાથી છે !"

## ★ ઈનામવાળાઓના માર્ગે ચાલો ★

સૂરએ ફાતિહામાં અલ્લાહ તઆલાએ આપણને એક દુઆ શિખવાડી જેમાં એ બયાન કરવામાં આવ્યું કે ઈનામવાળાઓના માર્ગે ચાલવાની દુઆ કરો. ફર્માવે છે :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ

"અમને સીધા માર્ગે ચલાવ, માર્ગ તેમનો જેમની ઉપર તેં ઈનામ કર્યું."

## ★ શહીદોની હયાત ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે શહીદો મરવા છતાં રબની બારગાહમાં જીવંત છે, સમજમાં આવે કે ન આવે તેમને મુરદા કહેવાની રજા નથી. ફર્માવે છે :–

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَآءٌ
وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ

"અને જેઓ અલ્લાહના માર્ગમાં માર્યા ગયા તેમને મરેલા ન કહો, બલ્કે તેઓ જીવંત છે, હા ! તમને ખબર નથી."

**સવાલ** : સમજમાં ન આવે તો પછી તેમને હયાત કેવી રીતે માનવામાં આવે ? એ તો જબરદસ્તી કહેવાય !

**જવાબ** : સમજમાં ન આવવાનો મતલબ એવો નથી કે આવી જ નથી શક્તું. કહેવાનો ભાવાર્થ એ છે કે એમની હયાત માનવી જરૂરી છે, સમજમાં આવી જાય તો સારી વાત છે અને સમજમાં ન આવે તો પણ માનવાથી ઈન્કાર નથી થઈ શક્તો. સમજમાં ન આવવાનું કારણ તમારી પોતાની લાપરવાઈ છે.

નાસમજીનો ઈલાજ એ છે કે પ્રથમ એ વિચારવામાં આવે કે હયાત જિંદગી અને વજૂદ આપનાર કોણ છે ? તો જવાબ મળશે, અલ્લાહ. અલ્લાહના વજૂદ આપતાં પહેલાં આપણે કાંઈ હતાં ? જવાબ મળશે, નહીં. અલ્લાહ તઆલાએ બનાવ્યાં અને પેદા કર્યાં તો આપણને દરેક વસ્તુ મળી. મૌત કોણ આપે છે ? તો જવાબ મળશે, અલ્લાહ તઆલા. શું અલ્લાહ તઆલા મરણ પછી જીવંત કરી શકે છે ? તો જવાબ મળશે, કેમ નહીં ?! જ્યારે પ્રથમ દરેક ચીજ વસ્તુ એની અર્પણ કરેલી હતી તો પરત કેમ નથી કરી શક્તો ! તો પછી તમે કેમ કરી કહી શકો છો કે અમારી સમજમાં નથી આવતું





કે શહીદ મરણ પછી જીવંત કેવી રીતે છે ? જે અલ્લાહે હયાત આપી, તેણે જ મૌત આપી અને તે જ કહી રહ્યો છે કે હું તેમને હયાત આપું છું. શું પછી અલ્લાહ તઆલાની કુદરતમાં શંકા થઈ શકે છે ? ઈમાનવાળાને અલ્લાહની કુદરતમાં શંકા નથી થઈ શક્તી તો પછી ઈમાનવાળો નથી કહી શક્તો કે મારી સમજમાં નથી આવતું કે શહીદ કેમ કરી જીવંત છે !

## ★ શહીદોને રોજી પણ આપવામાં આવે છે ★

શહીદો જીવંત છે અને અલ્લાહ તઆલા તરફથી તેમને રોજી પણ આપવામાં આવે છે. અને અલ્લાહ તઆલા તેમની બાબત આપણને મૌતનું અનુમાન કરવાથી પણ મનાઈ ફર્માવી છે. અને હું કહી ગયો તેમ કે અલ્લાહ ફર્માવી રહ્યો છે તો એની કુદરત તરફ ધ્યાન કરવામાં આવે તો મુરદા કહેવું તો શક્ય નથી, મુરદા હોવાનું અનુમાન પણ નથી થઈ શક્તું ! ફર્માવે છે :–

وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَآءٌ عِنْدَ
رَبِّهِمْ يُرْزَقُوْنَ

"અને જેઓ ખુદાના માર્ગમાં માર્યા ગયા તેમને કદાપી મરેલા કલ્પશો નહીં તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવંત છે, રોજી પામે છે."

## ★ શહીદ અલ્લાહની અતા પર ખુશ છે ★

શહીદોને આલમે બરઝખમાં રોજી આપવામાં આવે છે, તેમની રૂહોને અર્શે ઈલાહીની નીચે ફાનસોમાં રાખવામાં આવે છે. અલ્લાહ તઆલાની અતાઓ પર તેઓ ખુશ છે. ફર્માવે છે :–

"અલ્લાહે તેમને જે પોતાની કૃપાથી આપ્યું તેના પર ખુશ છે અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જેઓ હજુ તેમને ભેટયા નથી કે તેમને ન કંઈ બીક છે, ન કંઈ દુઃખ. અલ્લાહની નેઅમત અને ફઝ્લની ખુશીઓ મનાવે છે અને એ કે અલ્લાહ મુસલમાનોનો બદલો બરબાદ નથી કરતો."

## ★ નબી અને શહાદતની ઈચ્છા ★

### હદીષ શરીફ અને શહાદતની ફઝીલત :–

**(૧)** બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કસમ છે તે જાતની જેની કુદરતમાં મારો પ્રાણ છે ! જો મને એ ખયાલ ન હોત કે ઘણા મુસલમાન મારાથી જુદા થઈ ખુશ રહેશે નહીં તો હું કોઈ જિહાદથી પાછળ ન રહેતો, અલ્લાહના માર્ગમાં જિહાદ કરતો, અને એટલે પણ કે મારી પાસે પૂરતી સવારીઓ નથી. અને કસમ છે તે જાતની જેની કુદરતમાં મારો પ્રાણ છે ! અને એને વધારે પસંદ કરું છું કે ખુદાના માર્ગમાં કતલ કરવામાં આવું પછી જીવંત કરવામાં આવું, ફરી કતલ કરવામાં આવું, ફરી જીવંત કરવામાં આવું, ફરી કતલ કરવામાં આવું ફરી જીવંત કરવામાં આવું, ફરી કતલ કરવામાં આવું.

સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું એ ફર્માવવું કે હું વારંવાર અલ્લાહ તઆલાના માર્ગમાં કતલ કરવામાં આવું અને જો ફરી જીવંત કરવામાં આવે તો ફરી કતલ થવાનું જ પસંદ કરું. શહાદતની ફઝીલત તરફ ઈશારો છે કે શહાદત અને ખુદાની અર્પણ કરેલી જાન અને પ્રાણ ખુદાની બારગાહમાં આપી દેવી ઘણુ જ ઉત્તમ કામ છે. જો કે એક વખત મરણ થયા પછી બીજી વખત આ જગતમાં આવવાની રજા મળશે નહીં પણ ઈરાદો અને તમન્ના સવાબમાં વધારો કરી આપે છે. અને નિય્યતના આધારે ખુદાની બારગાહથી બદલો મળે છે. આ'લા હઝરત ફર્માવે છે :–

કરું તેરે નામ પર જાં ફિદા ન એક જાં દો જહાં ફિદા
દો જહાં સે ભી ન જી ભરા કરું ક્યા કરોડોં જહાં નહીં

## ★ શહાદતની નિય્યતની ફઝીલત ★

મુસ્લિમમાં હઝરત સહલ બિન હુનૈફથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે સાચા દિલથી અલ્લાહ તઆલાથી શહાદતની માંગ કરી અલ્લાહ તઆલા તેને શહાદતના દરજે પહોંચાડી આપશે ભલેને પછી પોતાના બિસ્તર પર મરે.





## ★ જન્નતમાં પણ શહાદતનો ઈરાદો ★

જન્નતમાં પ્રવેશી ગયા પછી તો સલામતી જ સલામતી છે ત્યાં મરવાનો કે જેહાદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી પણ શહાદતનો એટલો ઊંચો મર્તબો છે અને એમાં એટલી મજા છે કે જન્નતમાં પણ જો શહીદને પૂછવામાં આવે કે તને બીજાું કશું પસંદ છે ? તો તે ત્યાં પણ કહેશે કે મને ફરીથી દુનિયામાં મોકલવામાં આવે અને હું તારા માર્ગમાં વારંવાર શહીદ કરવામાં આવું.

બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે :– નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ જન્નતમાં પ્રવેશી જશે તે એ ખયાલથી દુનિયામાં આવવું પસંદ નહીં કરે કે દુનિયામાં જે હતું તે એને પરત મળી જાય પણ શહીદ એ ખયાલ કરશે કે દુનિયામાં પરત આવે પછી દસ વખત (અલ્લાહના માર્ગમાં) કતલ કરવામાં આવે એટલા માટે કે તે (શહાદત પામવાની) ઈજ્જતને જાણે છે.

## ★ શહીદને મળતાં ઈનામો ★

તિર્મિઝી અને ઈબ્ને માજામાં મિકદમ બિન મઅદી કરબથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શહીદ માટે અલ્લાહ તઆલા પાસે છ કરામતો છે : **(૧)** એને પ્રથમ વખતમાં બખ્શી દેવામાં આવશે (લોહીનું ટીપું પડતાંની સાથે) **(૨)** જન્નતનું ઠેકાણું (દુનિયામાં) બતાવી આપવામાં આવશે. **(૩)** અઝાબે કબ્રથી બચાવી લેવામાં આવશે. મોટી ગભરામણથી શાંતિમાં રહેશે. **(૪)** એના માથા પર ઈજ્જતનો તાજ રાખવામાં આવશે, એનો યાકુત દુનિયા અને તેની દરેક ચીજથી ઉત્તમ હશે. **(૫)** બોત્તેર મોટી આંખોવાળી હૂરો એના નિકાહમાં આપવામાં આવશે. **(૬)** સિત્તેર સગા સંબંધીઓ માટે એની શફાઅત કબૂલી લેવામાં આવશે.

## ★ શહીદ કતલની તકલીફથી મહફૂઝ રહેશે ★

તિર્મિઝી, નસાઈ અને દારેમીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શહીદ કતલની

એટલી જ તકલીફ પામશે જેટલી કે તમારામાંથી કોઈને કીડીનો ચટકો લાગે.

જ્યારે માણસને અલ્લાહના માર્ગમાં શહાદત પ્રાપ્ત કરવી પ્રિય લાગે અને એ એની તમન્નામાં હોય તો એના પર મહબ્બત એટલી ગાલિબ આવી જાય છે કે શહાદતને નેઅમત સમજીને કબૂલ કરી લે છે, માણસને પોતાની પ્રિય ચીજ મળે તો મળતાંથી તેને ખુશી થાય છે અને ખુશીમાં તેને તકલીફનો એહસાસ થતો નથી.

કુર્આનમાં છે : મિસરની સ્ત્રીઓ સમક્ષ જ્યારે હઝરત યૂસુફ علیہ السلام ને લાવવામાં આવ્યા તો તેણીઓ આપનો હુસ્ન અને ખૂબસૂરતી જોઈને એવી છક થઈ ગઈ કે લીંબુ કાપતાં કાપતાં તેણીઓની આંગળીઓ કપાય ગઈ અને લોહી વહેવા લાગ્યું પણ તેણીઓને ખબર પણ ન પડી કે આંગળીઓથી લોહી વહી રહ્યું છે. જ્યારે હુસ્ન અને ખૂબસૂરતીને નિહારવામાં તલ્લીન થવાથી કપાવવાની તકલીફ નથી થતી તો પછી અલ્લાહ અને રસૂલની મહબ્બત અને પ્રેમમાં તલ્લીન થઈને એમને રાજી કરવામાં લાગેલ વ્યક્તિને જખ્મોનો એહસાસ કેવી રીતે થઈ શકે છે ?!

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હુસ્ને યુસૂફ પે કટીં મિશ્રમેં અંગુશ્તે ઝનાં
સર કટાતે હંય તેરે નામ પર મર્દાને અરબ

## ★ નબુવ્વતથી નીચેલો શહાદતનો દરજો ★

દારેમીમાં ઉત્તાબા બિન અબ્દ સલમીથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું (જિહાદમાં) કતલ થવાવાળાઓનાં ત્રણ પ્રકાર છે :– **(૧)** ઈમાનવાળો જેણે પોતાની જાન અને માલથી ખુદાના માર્ગમાં જેહાદ કર્યો, દુશ્મન સામે આવ્યો તો યુદ્ધ લડયો એટલે સુધી કે કતલ કરી નાખવામાં આવ્યો. હુઝૂરે એની બાબત ફર્માવ્યું, એ પરીક્ષામાં સફળ થનાર શહીદ છે. અલ્લાહના અર્શ નીચે અલ્લાહના (ઈજજતવાળા) તંબુમાં હશે. નબીઓ એનાથી દરજએ નબુવ્વતમાં આગળ હશે. **(૨)** ઈમાનવાળો જેના અમલો સારા અને ખરાબ બે પ્રકારના છે, તેણે પોતાની જાન અને માલથી જેહાદ કર્યો, જ્યારે દુશ્મન સામે આવ્યો યુદ્ધ





લડયો એટલા સુધી કે કતલ કરી નાખવામાં આવ્યો. નબીએ પાક એની બાબત ફર્માવે છે, આ કામ ગુનાહ અને પાપથી પાક કરનાર છે, બેશક ! તલ્વાર ગુનાહોથી પાક કરી આપે છે અને શહીદને એ ઈચ્છે તે દરવાજેથી જન્નતમાં દાખલ કરવામાં આવશે. **(૩)** મુનાફિક જે પોતાની જાન અને માલથી જેહાદ કરે, દુશ્મન સામે આવે તો યુદ્ધ લડે એટલા સુધી કે કતલ કરી નાખવામાં આવે, તો તે દોઝખમાં છે એટલા માટે કે તલ્વાર નિફાકને મટાડી નથી શકતી.

આનાથી એ જાણવા મળ્યું કે નાનાથી લઈને મોટા સુધી દરેક નેક અમલનો બદલો ઈમાન પર આધારિત છે, ઈમાન ન હોય અથવા જાહેરમાં ઈમાનનો દા'વો હોય પણ અંદરથી સત્ય માન્યતા ન હોય તો એવા વ્યક્તિને જાન આપવાથી પણ સવાબ મળી શક્તો નથી. ઈમાન વિના તેનો દરેક અમલ વ્યર્થ અને બેકાર છે. અને એ પણ જાણવા મળ્યું કે શહાદતથી માણસ ગુનાહોથી પાક થઈ જાય છે અને કિયામતના દિવસે હિસાબો કિતાબ પછી એને જન્નતમાં પહોંચાડવામાં આવશે તો દરેક દરવાજેથી એનું સન્માન કરવામાં આવશે પણ અંદર પ્રવેશવું એની મરજી પર રાખવામાં આવશે અને જે દરવાજેથી પ્રવેશવું હશે પ્રવેશી શકશે ! ત્રીજું એ કે માણસ નેકોકાર અને પરહેઝગાર હોય તો શહીદ થવામાં એનો દરજો ઘણો જ ઊંચો છે, અલ્લાહ તઆલાના અર્શ નીચે એને રાખવામાં આવશે અને એ એટલા ઊંચે પદે હશે કે એનાથી ઉપર માત્ર નબીઓ હશે. ચોથું એ કે આ દરજો ઈખ્તિયારી છે એટલે કે ગમે તે મુસલમાન પ્રાપ્ત કરવા ઈચ્છે તો જિહાદ કરીને પ્રાપ્ત કરી શકે છે. નબુવ્વત તો ખુદાના આપવા સિવાય મળી શક્તી જ નથી. અને હવે મળવાની શક્યતા પણ ચાલી ગઈ. કારણ કે આપણા નબી અંતિમ નબી છે હવે કોઈ નવો નબી કિયામત સુધી આવશે નહીં. વિલાયત પણ અમલો પર આધારિત નથી, અલ્લાહના ફઝ્લ અને એની કૃપા પર આધારિત છે. એ જેને અતા કરવા ઈચ્છે તેને પોતાની કૃપાથી અર્પણ કરે, એટલે વિલાયતમાં પણ માણસના ઈખ્તિયારનો દખલ નથી. રહી ગઈ શહાદત તો એ ઈખ્તિયારી છે માણસ જેહાદમાં જઈ દુશ્મનોથી લડી શહાદત પ્રાપ્ત કરી શકે છે.

## ★ શહીદોની ચાહત પર અલ્લાહ તઆલાએ બશારત આપી ★

અબૂ દાઊદમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم એ ફર્માવ્યું : પોતાના સહાબાને, જ્યારે તમારા ભાઈઓ ઓહદના દિવસે શહીદ થયા તો અલ્લાહ તઆલાએ એમની રૂહોને લીલા રંગના પક્ષીઓના પેટમાં રાખી, તે પક્ષીઓ જન્નતની નહેરો પાસે આવે છે, જન્નતનાં ફળો ખાય છે અને સોનાની તે ફાનસોમાં આરામ કરે છે જે અર્શે ઈલાહી નીચે લટકાવવામાં આવી છે. જ્યારે તેમને પોતાના ખાવા, પીવા અને આરામની સારી એવી વ્યવસ્થા લાગી તો તેમણે કહ્યું, કોણ હશે જે અમારા ભાઈઓને અમારી એ ખબર પહોંચાડી આપે કે અમે જન્નતમાં જીવંત છીએ, એટલા માટે કે તેઓ જન્નતની (પ્રાપ્તિમાં) લાપરવાઈથી કામ ન લે અને જેહાદથી સુસ્તી ન કરે. તો અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, હું તમારા તરફથી એમને જાણ કરી આપું છું, તો પછી અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતો ઉતારી :–

وَلَاتَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِى سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَاءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ

જાણવા મળ્યું કે ઓહદની લડાઈમાં શહીદ થનાર શહીદોને શહાદત પર જે ઈનામ મળ્યું તેમણે તેની ખબર આપવાની ઈચ્છા ધરાવી તો અલ્લાહ તઆલાએ તેમની એ ઈચ્છા પૂરી ફર્માવી અને એમની ઈચ્છા પર એમની હાલત આપણા માટે કુર્આનની આયતોથી સ્પષ્ટ ફર્માવી કે તેઓ અલ્લાહની બારગાહમાં જીવંત છે અને અર્શે ઈલાહી નીચે તેમને રહેવાનું સ્થાન આપવામાં આવ્યું છે, જન્નતમાં જવાની તેમને રજા આપવામાં આવી છે, તેઓ જન્નતથી પોતાનું રિઝ્ક મળેવે છે, અને તેમને ખબર આપવાનો શોખ એટલે થયો કે આપણે જન્નતને પ્રાપ્ત કરવાની કોશિશ કરીએ, ઈસ્લામ માટે જેહાદ લડવામાં સુસ્તી અને આળસથી કામ ન લઈએ. જો ઈસ્લામના નામ પર આપણને શહાદત મળે તો અલ્લાહ તઆલાના ફઝ્લથી એ મર્તબો દરેક શહીદને આપવામાં આવશે.





## ★ શહીદો પ્રથમ જન્નતમાં જશે ★

તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالی علیہ وسلم એ ફર્માવ્યું, મારી સમક્ષ તે ત્રણ પ્રકારના વ્યક્તિઓ પેશ કરવામાં આવ્યા જેઓ પ્રથમ જન્નતમાં જશે :– (૧) શહીદ (૨) હરામથી બચનાર અને ભીખ ન માંગનાર અને (૩) ગુલામ જેણે ખુદાની બારગાહમાં ઈબાદત વ્યવસ્થિત તરીકાથી કરી અને પોતાના માલિકનો શુભેચ્છક રહ્યો.

## ★ શહીદોની હયાતનો મતલબ ★

મુસ્લિમ શરીફમાં હઝરત મસરુકથી રિવાયત છે : ફર્માવે છે ઉપરોક્ત આયત બાબતે અમે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما ને સવાલ કર્યો તો તેમણે ફર્માવ્યું કે એ બાબતે અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ને સવાલ કર્યો હતો તો આપે ફર્માવ્યું, તેમની રૂહો લીલા રંગના પક્ષીઓનાં પેટોમાં છે, અને એમના માટે અર્શે ઈલાહીની નીચે ફાનસો લટકાવવામાં આવી છે, તેઓ જન્નતમાં જ્યાં ઈચ્છે ત્યાં મેવાઓ ખાય છે અને પછી ફાનસોમાં પરત આવી જાય છે. અલ્લાહ તઆલા તેમની તરફ ધ્યાન ફર્માવે છે. અને ફર્માવે છે, તમને કઈ ચીજની ઈચ્છા છે ? તેઓ વિનંતિ કરે છે, અમે કઈ ચીજની ઈચ્છા કરીએ જ્યાંથી અમારું મન લાગે છે, જન્નતમાં મેવો ખાઈએ છીએ. અલ્લાહ તઆલા ત્રણ વખત આ પ્રમાણે એમને પૂછે છે. જ્યારે તેઓ જુએ છે કે વારંવાર અમને પૂછવામાં આવે છે તો તેઓ વિનંતિ કરે છે કે, અય પરવરદિગાર ! અમારી ઈચ્છા એ છે કે અમારી રૂહો અમારા બદનોમાં પરત કરી દેવામાં આવે કે અમે ફરી તારા માર્ગમાં જેહાદ કરીએ. જ્યારે અલ્લાહ તઆલા જુએ છે કે એમની બીજી કોઈ ઈચ્છા નથી તો એમને (એમની હાલત પર) છોડી આપે છે.

## ★ શહાદતના પ્રકાર ★

આપણે એવું સમજીએ છીએ કે જેમને ખુદાના માર્ગમાં કતલ કરવામાં આવે તે શહીદ છે અને જેને કતલ કરવામાં ન આવ્યો તે શહીદ

નથી, પણ હદીષ શરીફમાં ધ્યાન કરતાં એ જોવા મળશે કે શહાદતનું મેદાન ઘણુ વિશાળ છે અને તેમાં ઘણા બધા લોકો પ્રવેશી શકે છે.

મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે :– રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે તમારામાં શહીદ કોને ગણો છો ? સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! જેને ખુદાના માર્ગમાં કતલ કરવામાં આવે તે શહીદ છે. આપે ફર્માવ્યું, (જો આમ જ હોય તો) મારી ઉમ્મતમાં શહીદ ઘણા ઓછા હોય, જેને અલ્લાહના માર્ગમાં કતલ કરવામાં આવે તે શહીદ છે, જે પ્લેગમાં મરી જાય તે શહીદ છે, જે વ્યક્તિ પેટની બીમારીમાં મરી જાય તે શહીદ છે.

અબૂ દાઊદમાં હઝરત ઉમ્મે હરામથી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, દરિયાના સફરમાં ચક્કર આવવાથી ઉલ્ટી થાય તો એને શહીદનો સવાબ મળે છે અને જે માણસ દરિયામાં ડૂબી જાય તેને બે શહીદનો સવાબ છે.

અબૂ દાઊદમાં અબૂ માલિક બિન અશઅરીથી રિવાયત છે : તેમણે કહ્યું, મેં સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહેતાં સાંભળ્યા કે જે વ્યક્તિ ખુદાના માર્ગમાં (જેહાદ માટે) નીકળ્યો અને મરી ગયો અથવા કતલ થઈ ગયો અથવા એના ઘોડાએ એને કચડી નાખ્યો કે પછી ઊંટે કચડી નાખ્યો અથવા કોઈ ઝેરીલા જાનવરે ડંખ મારી લીધો કે પછી બિસ્તર પર અલ્લાહના ચાહવાથી ગમે તે મૌતે અવસાન થયું તો તે શહીદ છે અને તેના માટે જન્નત છે.

નસાઈમાં જાબિર બિન અતીકથી રિવાયત છે કે સાત શહાદતો બીજી છે : **(૧)** જે પ્લેગમાં મર્યો તે શહીદ છે **(૨)** જે ડૂબીને મર્યો શહીદ છે **(૩)** ન્યુમોનિયામાં મર્યો શહીદ છે **(૪)** જે પેટની બીમારીમાં મર્યો શહીદ છે **(૫)** જે બળીને મરી ગયો શહીદ છે **(૬)** દીવાલ નીચે દબાયને મરી ગયો શહીદ છે **(૭)** ઔરત બાળકના જન્મમાં અથવા કુંવારી હાલતમાં મરી જાય શહીદ છે.

ઈમામ અહમદે હઝરત જાબિરથી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પ્લેગથી નાસનાર જેહાદથી નાસી જનાર માફક છે અને જે સબ્ર કરે એના માટે શહીદનો સવાબ છે.





નસાઈમાં હઝરત ઈરબાઝ બિન સારિયાથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે પ્લેગમાં મરે તેની બાબત ખુદાની બારગાહમાં કેસ થશે, શહીદો કહેશે, આ અમારો ભાઈ છે, આ એમ જ કતલ કરવામાં આવ્યો જેમ કે અમે. બિસ્તર અને પથારી પર મરનાર કહેશે, આ અમારો ભાઈ છે, આ પથારી પર મરેલો છે અમારી માફક. અલ્લાહ તઆલા ફર્માવશે, એના જખ્મ જુઓ ! જો એના જખ્મ કતલ થનારાઓ માફક હોય તો આ તેઓ પૈકી છે અને તેમની સાથે છે. જોવામાં આવશે તો એના જખ્મ શહીદો માફક હશે અને તે શહીદોમાં કરી દેવામાં આવશે.

ઈબ્ને માજહ્માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : ફર્માવે છે કે મુસાફરીની મૌત શહાદત છે.

બહારે શરીઅત, ભાગ–૪, પેજ–૧૫૭ માં હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતીના પુરાવાથી આ સિવાય ઘણા બીજા પ્રકાર પણ વર્ણવવામાં આવ્યા છે.

સવારી પરથી પડી ગયો અને મરી ગયો, મિર્ગીની બીમારીમાં મરી ગયો, તાવમાં મરી ગયો, માલ જાન, ઘરવાળાઓ અથવા કોઈનો હક્ક બચાવવામાં કતલ કરી દેવામાં આવ્યો, ઈશ્ક અને પ્રેમમાં મરી ગયો, પણ આમાં શર્ત છે કે ગુનાહની કશી નિય્યત ન હોય અને પ્રેમ જાહેર ન કર્યો હોય. હિંસક પ્રાણીએ ફાડી નાખ્યો, રાજાએ જુલ્મ અને ત્રાસથી જેલમાં બંધ કરી દીધો અને મરી ગયો અથવા માર્યો અને મરી ગયો, ઝેરી જાનવરના કરડવાથી મરી ગયો, ઈલ્મે દીન શીખવામાં મરી ગયો, અઝાન આપનાર જ્યારે માત્ર સવાબ માટે આપતો હોય, સાચું બોલનાર વેપારી, જે પોતાના બાળ બચ્ચાઓ માટે મહેનત કરે, તેમને શરીઅત પર ચલાવે અને તેમને હલાલ ખવડાવે, જે દરરોજ પચ્ચીસ વખત આમ કહે :–

اَللّٰهُمَّ بَارِكْ لِيْ فِي الْمَوْتِ وَفِيْمَا بَعْدَ الْمَوْتِ

''અય અલ્લાહ ! તું મને મૌતમાં અને મૌત પછીની હાલતમાં બરકત અતા ફર્માવ !'' જે ચાશતની નમાઝ પઢે અને મહીનામાં ત્રણ રોઝા રાખે, વિત્રની નમાઝ મુસાફરી અને ગેર મુસાફરીમાં ક્યારે પણ

ન છોડે, ઉમ્મતમાં ફસાદ પેદા થાય એ સમયે સુન્નત પર અમલ કરનારને સો શહીદોનો સવાબ મળે છે.

જે બીમારીમાં ચાલીસ વખત આ આયત ચાલીસ વખત પઢે અને એ બીમારીમાં મરી જાય :–

لَآ اِلٰہَ اِلَّآ اَنْتَ سُبْحٰنَکَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ

"(અય અલ્લાહ !) તારા સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, બેશક ! હું જુલ્મ કરનાર છું."

જો આ આયત પઢવાથી સારો થઈ જાય તો એની મગફેરત થઈ જશે, કાફિરોથી યુદ્ધ કરવા સરહદ પર ઘોડો બાંધનાર, જે દરેક રાત્રે સૂરએ યાસીન પઢે, જે પાક હાલતમાં સૂવે અને મરી જાય, જે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પર સો વખત દુરૂદ શરીફ પઢે, જે સાચા દિલથી એ સવાલ કરે કે અલ્લાહના માર્ગમાં કતલ કરવામાં આવે, જે જુમ્આના દિવસે મરે, જે સવારમાં આ પ્રમાણે ત્રણ વખત તઅવ્વુઝ પઢે અને પછી ૨૮ મા સિપારામાં સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો પઢે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તાઓ નિયુક્ત કરશે કે એના માટે સાંજ સુધી મગફેરતની દુઆ કરશે અને દિવસમાં મરી ગયો તો શહીદ છે, અને જે સાંજે આ પ્રમાણે પઢી લે તો સવાર સુધી આ હુકમ છે.

તઅવ્વુઝ આ પ્રમાણે છે :–

اَللّٰھُمَّ بَارِکْ لِیْ فِی الْمَوْتِ وَفِیْمَا بَعْدَ الْمَوْتِ

ઉપરોક્ત રિવાયતો અને આલિમોના ઉલ્લેખથી એ સ્પષ્ટ થયું કે અલ્લાહના માર્ગમાં જેહાદ કરવાથી જે શહીદ થાય તે ઉત્તમ દરજાનો શહીદ છે પણ શહીદનો માત્ર એક જ પ્રકાર નથી. શહીદોના બીજા ઘણા પ્રકાર છે જેનું વર્ણન થયું. તો આ પ્રકારોને લક્ષમાં લાવવામાં આવે તો ઉમ્મતે મુહમ્મદીમાં શહીદોની સંખ્યા ઘણી વધી શકે છે અને અસંખ્ય લોકો શહીદોની જમાઅતમાં પ્રવેશી શકે છે.

જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે શહીદોના ઘણા પ્રકાર છે અને શહાદતનો દરજો ઘણા તરીકાથી પ્રાપ્ત કરી શકાય છે તો પછી આપણે ચર્ચા કરીશું આપણા નબીની શહાદત બાબતે કે આપને શહાદત પણ





મળી છે અને એ પણ શહાદતે હકીકી એટલે કે વાસ્તવિક શહાદત.

## ★ આપણા નબી શહીદ છે ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને યહૂદી ઔરતે ઝેરવાળો બકરીનો ગોશ્ત ખાવા માટે આપ્યો હતો અને તે એવું કાતિલ ઝેર હતું કે ખાવાની સાથે માણસનું અવસાન થઈ જાય. આપના એક સહાબી એ ગોશ્ત ખાવાથી તરત ગુજરી ગયા અને શહીદ થઈ ગયા અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ ખાધું હતું પરંતુ અલ્લાહ તઆલાએ આપને બચાવી લીધા. અને તે એટલા માટે કે યહૂદણે એટલા માટે ઝેર આપ્યું હતું કે આપ નબી હશે તો કશું નહીં થાય અને રાજા અથવા માત્ર દાવેદાર હશે તો ઝેર ખાવાથી મરી જશે અને લોકોને એમનાથી રાહત પડી જશે. તો આપને ઝેરની અસર તે સમયે ન થઈ પણ જ્યારે આપનો પરદો કરવાનો સમયે આવ્યો ત્યારે એ ઝેરથી આપનું અવસાન થયું, જેને પુરાવાથી અમે તમારી ખિદમતમાં પેશ કરીશું.

## ★ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઝેર આપવામાં આવ્યું ★

ગઝવએ ખૈબરમાં એક યહૂદી ઔરતે જેનું નામ ઝૈનબ બિન હારિષ હતું નબીએ પાકની ખિદમતમાં બકરીનો ગોશ્ત શેકીને તેમાં ઝેર લગાડી મોકલ્યો. આપે ત્યાંથી થોડો ગોશ્ત ખાધો તો તે ગોશ્તે ખબર આપી કે મારામાં ઝેર રેડવામાં આવ્યું છે. આપે તરત જ હાથ ખેંચી લીધો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે આપના સહાબી હઝરત બિશ્ર બિન બરાઅ હતા તેમણે પણ ખાધો હતો પરંતુ તેમનું અવસાન થઈ ગયું અને શહીદ થઈ ગયા.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ યહૂદી ઔરતને બોલાવીને પૂછયું, તેં આમ શા માટે કર્યું ? એણે જવાબ આપ્યો :–

اَرَدْتُّ اَنْ اَعْلَمَ اِنْ كُنْتَ نَبِیًّا لَمْ یَضُرَّکَ وَ اِنْ كُنْتَ مَلِكًا
اَرَحْتُ النَّاسَ مِنْکَ

"મને એ જાણવાની ઈચ્છા થઈ કે જો તમે નબી હશો તો તમને એ નુકસાન નહીં પહોંચાડે અને તમે રાજા હશો તો લોકોને તમારાથી

(મુક્ત કરી) રાહત આપું." *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ-૧, પેજ-૧૭૨)*

તેણીના ઝેર આપવાથી હઝરત બિશ્રની શહાદત થઈ ગઈ હતી તો નબીએ પાક ﷺ એ હઝરત બિશ્રના કેસાસમાં તેને કતલનો હુકમ આપ્યો અને તેને કતલ કરી નાખવામાં આવી. હુઝૂર ﷺ ને ઝેરનું અસર ન કરવું એક તો આપનું અલ્લાહના નબી હોવું છે કારણ કે તેણીનું કહેવું એવું હતું કે આપ નબી હશે તો ઝેર અસર નહીં કરે, તો તે નબુવ્વતની પરીક્ષા લેવા માંગતી હતી અને પરીક્ષાના સમયે નબુવ્વત અને હક્ક પરાજિત થતું નથી. બીજું એ કે આપણા નબીનો મો'જિઝો હતો કે આપને ઝેરે અસર ન કર્યું. ત્રીજું એ કે જ્યારે આપના થૂંક મુબારકથી ઝેરની અસર જતી રહે ! તો પછી આપ પર ઝેર કેવી રીતે અસર કરે ?!

## ★ ઝેરનું અસર ન કરવું મો'જિઝો છે ★

અલ્લામા ઝરકાની ફર્માવે છે કે, બેશક ! એ વાત સાબિત થઈ ગઈ છે કે અમારા નબી ﷺ નું શહાદતથી અવસાન થયું છે ખૈબરના દિવસે ઝેરવાળા બકરીના ગોશ્તને ખાવાથી જેનાથી તરત મૌત થઈ શકતી હતી. જેમ કે હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂર તેનાથી તરત ગુજરી ગયા અને નબીએ પાકનું બચવું મો'જિઝો બની ગયો. ઝેરની તકલીફ આપને સતાવતી રહેતી હતી, અંતે તેનાથી આપનું અવસાન થયું. *(ઝરકાની અલલ મવાહિબ, ભાગ-૮, પેજ-૩૧૩)*

અંબાઉલ અઝકિયામાં અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ઈમામ બુખારી અને ઈમામ બયહકીએ હઝરત આઈશાથી રિવાયત કરી કે નબીએ પાક ﷺ પોતાની બીમારીમાં જેમાં આપનું અવસાન થયું ફર્માવતા હતા કે ખૈબરમાં જે ઝેરવાળો ગોશ્ત ખાધો હતો તેનાથી મને હમેશાં તકલીફ થતી.

فَهٰذَا اَوَانٌ اِنْقَطَعَ اَبْهَرِیْ مِنْ ذٰلِکَ السُّمِّ

તો હવે એ સમય આવી ગયો કે એ જ ઝેરથી મારી નસ કપાઈ ગઈ. *(અંબાઉલ અઝકિયા, પેજ-૧૪૯)*

અલ્લામા સિયૂતી ફર્માવે છે : ઈમામ અહમદ, અબૂ યઅલા,





તબ્રાની અને હાકિમે મુસ્તદરકમાં અને બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી. આપે ફર્માવ્યું કે હું નવ વખત કસમ ખાઈને કહું કે રસૂલુલ્લાહ ﷺ કતલ કરવામાં આવ્યા તો આ વાત મને એ વાતથી વધારે પ્રિય છે કે હું એક વખત કસમ ખાઈને કહું કે હુઝૂર કતલ કરવામાં નથી આવ્યા. અને આ એટલા માટે કે અલ્લાહ તઆલાએ નબીએ પાકને નબી પણ બનાવ્યા અને શહીદ પણ. *(અંબાઉલ અઝકિયા, પેજ-૧૪૯)*

ઉપરોક્ત રિવાયતોથી એ સ્પષ્ટ થયું કે નબીએ અકરમ ﷺ નબી તો છે અને નબુવ્વત અતિ ઉત્તમ દરજો છે એનાથી વધીને મખ્લૂકમાં કોઈ પદ નથી, પણ આપણા નબી જામેઅ કમાલત છે એટલે અમે એ સાબિત કરવા માંગીએ છીએ કે શહાદતનું પદ અલગથી પણ આપને આપવામાં આવ્યું છે, જેના પુરાવામાં અમે ઉપરોક્ત લખાણ તમારી ખિદમતમાં રજુ કર્યું.

**સવાલ** : તમારું કહેવું કે હુઝૂર શહીદ થયા અમને કબૂલ નથી કારણ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَ اللّٰهُ یَعْصِمُکَ مِنَ النَّاسِ "અલ્લાહ લોકોથી આપનું રક્ષણ કરશે." તો આ આયત બતાવી રહી છે કે લોકો આપને કતલ કરી શકશે નહીં, પછી કુર્આનને ભૂલીને તમે શહાદતનો દા'વો કેમ કરો છો ?

**જવાબ** : કુર્આનની આયત એની જગાએ બરાબર છે અને શહાદત મળી કહેવું પણ યોગ્ય છે. એનો ખુલાસો એ છે કે કતલનો મૂળ અર્થ છે રૂહનું બદનથી જુદા થવું જેમ કે મૌત. પરંતુ રૂહને અલગ કરનારના કામ તરફ સંબંધ કરવામાં આવે એને કતલ કહેવામાં આવે છે અને માત્ર હયાતના નષ્ટ થવાને લક્ષમાં રાખવામાં આવે તો એને મૌત કહેવામાં આવે છે. મુફરતાદે રાગિબમાં આ તફાવત વર્ણવવામાં આવેલો છે.

કતલમાં કર્તાનો કર્મ લક્ષમાં હોય છે અને એ બંદાના અધિકારમાં રાખવામાં આવ્યો છે એટલે કાતિલ કહીને કતલનો સંબંધ બંદા તરફ કરી શકાય છે. અને કતલ બંદાના અધિકારમાં છે એટલે તો કતલ પર સજા નિયુક્ત કરવામાં આવી છે. આ છે કતલની હકીકત.

ઈમાતત એટલે હયાત લઈ લેવી અથવા હયાત નષ્ટ કરવી. હયાત નષ્ટ કરવામાં બંદાને દખલ નથી, બંદાનું કામ કાપ કુપ અથવા મારપીટ કરવી છે એનાથી આગળ કંઈ નથી, હયાત લેવી અલ્લાહનું જ કામ છે. અલ્લાહ તઆલા રૂહ ન લે તો ગમે તેટલી મારપીટ માણસની જાન નથી લઈ શકતી. કાતિલને સજા એટલા માટે આપવામાં આવે છે કે તેની મારપીટ બીજાની રૂહ નીકળી જવાનું કારણ બન્યું. તો સ્પષ્ટ થયું રૂહને લઈ હયાતને નષ્ટ કરવું માત્ર અલ્લાહનું કામ છે.

આયતમાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહ તઆલા લોકોથી આપનું રક્ષણ કરશે એનો મતલબ એ છે કે લોકો ગમે તેવું કાવતરું કરીને આપને તરત મારી નહીં શકે અને અલ્લાહ તઆલાનો એ વાયદો પૂરો થયો કે સઘળી દુનિયા એક તરફ થઈને પણ આપને કતલ ન કરી શકી અને આપ કોઈના કતલ કરવા પર દુનિયાથી પર્દો નથી ફર્માવ્યા, બલ્કે આપની રૂહ કબ્જ કરવામાં આપથી રજા લેવામાં આવી હતી. આપે રજા આપી ત્યારે જઈને આપની રૂહ બદનથી થોડા સમય માટે અલગ કરવામાં આવી.

તો પછી શહીદમાં આપનો પ્રવેશ એ પ્રમાણે થયો કે કતલ હયાત નષ્ટ થવાનું કારણ છે. અને કતલથી હયાતનું નષ્ટ થવું બે તરીકાથી છે : એક તો તરત હયાત નષ્ટ થઈ જાય અને એ આદતના આધારે છે. બીજું આદતના આધારે ન હોય એટલે કે કારણ વજૂદમાં આવી ગયું પણ હયાત તરત નષ્ટ ન થાય એ કારણની તાસીર રોકી લેવામાં આવે. એક સમય પછી એની અસર જાહેર થાય. આયતમાં જે કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલા લોકોથી આપને બચાવશે તો આપને તરત હયાત નષ્ટ થાય એ પ્રમાણે કોઈ કતલ ન કરી શક્યું, પણ જ્યારે હુઝૂરને દુનિયા છોડી ખુદાની બારગાહની હાજરીની દા'વત આપવામાં આવી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબૂલ ફર્માવી લીધી ત્યારે આપને શહાદતનો દરજો પણ મળે એટલે ઝેરની અસર જે રોકી લેવામાં આવી હતી તે પરત કરવામાં આવી અને આપ ઝેરની અસરથી અવસાન પામ્યા અને આમ આપને શહાદતનો દરજો પણ વાસ્તવમાં મળ્યો. આ પ્રમાણે ખુલાસો કરવાથી એ સ્પષ્ટ થઈ ગયું કે આયત પર અમલ પણ થયો અને શહાદતનો દરજો મળીને રહ્યો.



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

જ્યારે આપણી આ ચર્ચાથી એ સ્પષ્ટ થયું કે હુઝૂરને શહાદત મળીને રહી તો પછી કુર્આનની જે આયતોમાં શહીદોની હયાતનો ઉલ્લેખ થયો તેમાં હકીકતના આધારે હુઝૂર પણ શામેલ છે. પછી જે લોકો કહે છે કે નબીઓની હયાતનું સ્પષ્ટ શબ્દોમાં કુર્આનમાં વર્ણન નથી થયું ઉપસ્થિત થશે નહીં કારણ કે આપણા નબીને શહાદત પણ મળી છે.

## ★ હઝરત અબૂબક્ર શહીદ છે ★

આ ઉલ્લેખના આધારે એ સ્પષ્ટ થાય છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પણ શહીદ છે, કારણ કે આપને ગારે સોરમાં સાપે કરડી લીધા હતા અને ઝેર પૂરા શરીરમાં પ્રવેશી ગયું હતું પણ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના થૂંક મુબારકની બરકતથી અને આપના મો'જિઝાની બરકતથી તે ઝેરથી હયાતના નષ્ટ થવાનું કારણ તરત ઉપસ્થિત ન થયું બલ્કે એક મુદ્દત સુધી તે સ્થગિત રહ્યું, જ્યારે આપની હયાતના દિવસોનો અંત આવ્યો અને દુનિયામાં રહેવાનો સમય પૂરો થયો ત્યારે તે ઝેરની તાસીર પરત આવી અને તેનાથી આપનું અવસાન થયું. તો આ કાયદાના આધારે આપ શહીદ છે. હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને તો વાસ્તવમાં શહાદત મળી હતી. સ્પષ્ટ થયું કે આપણા નબી પણ શહીદ છે અને ખોલફાએ રાશેદીન પણ શહીદ છે.

**નોંધ :** નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરઝખી હયાત માટે આ ઉલ્લેખની જરૂરત ન હતી કારણ કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદથી નબીઓની હયાતનો ઉલ્લેખ થઈ ગયો અને એની બીજી પણ ઘણી દલીલો છે જેનો ઉલ્લેખ પ્રથમ કરી આપવામાં આવ્યો છે. આ ઉલ્લેખ માત્ર એટલે જ કરવામાં આવ્યો કે કુર્આનની આયતથી સબૂતની જરૂરત હોય તો તે આ પ્રમાણે થઈ શકે છે.

## ★ હઝરત ઉમર ફારૂકે આ'ઝમનો પગ ★

વલીદ બિન અબ્દુલ મલિકના ખિલાફતના જમાનામાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ મદીના શરીફના ગર્વનર હતા. એક વખત નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મઝાર મુબારકની દીવાર જૂની થવાને લઈને ફાટી ગઈ અને એક પગ દેખાવા લાગ્યો. લોકો ગભરામણમાં પડી ગયા.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ના પુત્ર હઝરત સાલિમ આવ્યા અને એમણે ઓળખીને કહ્યું :–

اِنَّهَاقَدَمُ جَدِّیْ عُمَرَبْنِ خَطَّابٍ બેશક ! આ એમના દાદા ઉમર બિન ખત્તાબનો પગ છે. *(મુખ્તસર તઝકેરએ કરતબી, પેજ–૪૦)*

આ વાક્યાથી એ જાણવા મળ્યું કે તેઓ જીવંત પણ છે અને તેમને રોજી પણ આપવામાં આવે છે અને તેમના શરીર અને બદનનું પણ રક્ષણ થાય છે. ગરમ પ્રદેશમાં એક દિવસમાં મુડદાંનું શરીર ફુલી જાય અથવા એમાંથી વાસ આવવા લાગે પણ એક બે દિવસની વાત નહીં વરસો પછી અને આજે પણ કબ્રોમાં એમના શરીર એવાં જ છે.

## ★ હઝરત હમઝાએ સલામનો જવાબ આપ્યો ★

બયહકીમાં ફાતિમા બિન્તે ખેઝાઈયથી રિવાયત છે : તેણી ફર્માવે છે કે મેં હઝરત હમઝાની કબ્ર પર સલામ કરી, અસ્સલામુ અલૈક યા અમ્મા રસૂલિલ્લાહિ صلی اللہ تعالیٰ علیہ وسلم. કબ્રથી જવાબ આપ્યો, અલૈના વ અલૈકુમુસ્સલામ વરહ્‌મતુલ્લાહ.

## ★ હઝરત હમઝાનો પગ મુબારક ★

હઝરત અમીરે મુઆવિયાએ પોતાના રાજમાં મદીના શરીફમાં એક નહેર ખોદવાની ઈચ્છા પ્રગટ કરી અને એના માટે જગા નક્કી કરી કામ શરૂ કરવામાં આવ્યું તો મદીનામાં આવતાં ઓહદના કબ્રસ્તાનમાં નહેરની લાઈન આવી. હઝરત અમીરે મુઆવિયાએ ફર્માવ્યું કે શહીદોને ત્યાંથી બીજી જગાએ દફન કરી આપો. જ્યારે કબ્રો ખોલવામાં આવી તો તેમના બદનો અસલી અને મૂળ હાલતમાં હતાં, તેમાં કોઈ ફેરફાર ન થયો હતો, ખોદવામાં કોદાળો હઝરત હમઝાના પગ મુબારકમાં વાગ્યો અને લોહી વહેવા લાગ્યું ! આ બનાવ તેમના દફન પછી ૫૦ વર્ષે બન્યો હતો. તો પણ તેમના બદનમાં કોઈ ફરક ન આવ્યો હતો અને બદનમાં લોહી પણ ફરતું હતું. એ તો દરેકને ખબર છે કે માણસ હોય કે પછી પ્રાણી મરણ પછી લોહી ગોશતમાં શોષાય જાય છે, પણ શહીદોની હયાત જુઓ કે મરણ પછી તેમના બદનમાં લોહી વહી રહ્યું છે. સારાંશ એ કે





કુર્આનનું ફર્માન ઈમાન માટે બસ છે પણ અનુભવથી આ રહસ્ય અને ગયબ પર ઈમાન વધારે સશક્ત વધારે બની જાય છે. જેને ઐનુલ યકીન કહેવામાં આવે છે. એટલે કે ઈમાનના આધારે દિલમાં યકીન હતું પરંતુ તેનો સંબંધ માત્ર અલ્લાહ તઆલાના ફર્માવવાથી હતો. પણ જ્યારે એ ગયબી હયાત દુનિયામાં આંખોથી જોઈ લેવામાં આવી તો વિના જુએ જે ઈમાન હતું તે વધારે મજબૂત બતી ગયું. દા.ત. કુર્આન શરીફ સૂરએ બકરહ સિપારા ત્રણ રુકૂઅ ત્રણમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام નો બનાવ વર્ણવવામાં આવ્યો છે. આપે ખુદાની બારગાહમાં આ પ્રમાણેની માંગ કરી :–

رَبِّ اَرِنِیْ كَیْفَ تُحْیِ الْمَوْتٰی قَالَ اَوَلَمْ تُؤْمِنْ قَالَ بَلٰی
وَلٰكِنْ لِّیَطْمَىِٕنَّ قَلْبِیْ

"અય પરવરદિગાર ! મને બતાવ ! તું મુડદાઓને જીવંત કેવી રીતે ફર્માવશે ? ફર્માવ્યું, શું તને ઈમાન નથી ? વિનંતિ કરી, કેમ નહીં ! (ઈમાન તો છે જ !) પરંતુ (હું સવાલ એટલા માટે કરું છું કે એ બનાવ આંખોથી જોઈ લઉં) જેથી મારા દિલને શાંતિ મળી જાય." મતલબ એ કે તારા ફર્માવી આપવાથી ઈમાન છે અને પાકુ યકીન પણ છે કે જ્યારે કંઈ ન હતું, તેને તારી અપાર શક્તિઓથી તેં આટલો વિશાળ જગત બનાવ્યો પછી એ બાબતે શંકા ઉપસ્થિત થઈ શક્તી જ નથી. પણ અય અલ્લાહ ! હું મારી જીવતી આંખોએ નિહારી લઉં તો મને વધારે શાંતિ મળે અને આ બાબતે અનુભવ પણ થઈ જાય.

આ બનાવ પ્રમાણે આપણને અલ્લાહના ફર્માનથી ઈમાન તો હતું જ પણ જ્યારે શહીદોની લાશોને વર્ષો પછી તેમની કબ્રોમાં તે જ સ્થિતિમાં જોઈ લેવામાં આવી તો અનુભવ મળી ગયો અને એનાથી આપણા દિલને વધારે શાંતિ મળી અને ઈમાન વધારે સશક્ત થઈ ગયું.

હઝરત હુઝૈફા અને હઝરત અબ્દુલ્લાહ બિન જાબિર رضی اللہ عنہما નાં મઝારો દરયાએ દજલાના કિનારે હતાં. દરિયો જમીન કાપતો એમની કબ્રો સુધી પહોંચી આવ્યો. ઈરાક ગવર્મેન્ટ તરફથી એ ફેંસલો કરવામાં આવ્યો કે એમની લાશોને અહીંથી હઝરત સલમાન ફારસીના કંપાઉન્ડમાં પહોંચાડી આપવામાં આવે. આમ જ કરવામાં આવ્યું. લગભગ આઠથી

દસ હજાર માણસો એમના જનાઝામાં શરીક થયા. જનાઝામાં શિરકત કરનારાઓમાં એક ભાઈ સૈયદ અલ્તાફ હુસૈન કરીને હતા, તેઓ આંખો દેખો અહેવાલ રજુ કરે છે :–

"કબ્રથી બહાર લાવવામાં આવેલ જનાઝોની મૌજૂદગી, અને પબ્લિકની રડાકુટથી એવું લાગતું જાણે કિયામત ! ઘણા બધા રડતાં રડતાં બેહોશ થઈ ગયા, લાશો તેરસો વર્ષ વિત્યા પછી પણ એ જ પ્રમાણે હતી. એકની દાઢી સફેદ હતી અને એકની કાળી. *(સિદક લખનઉ, ૧૧–ડિસેમ્બર, ઈ.સ. ૧૯૯૪)*

## ★ કફનને દાગ ન લાગ્યો ! ★

હાફિઝે હદીષ ઈમામ હુમૈદી જેઓ અબૂબક્ર ખતીબ મુહદ્દિષના વિદ્યાર્થી હતા અને આપ પોતે પણ મુહદ્દિષ હતા. તકવા પરહેઝગારીમાં બેમિસાલ હતા. આપે વફાતના સમયે અમીર મુઝફ્ફર બિન રઈસને વસિય્યત કરી હતી કે તમે મને બિશ્ર હાફીના પડોશમાં દફન કરાવશો. પરંતુ તેમની વફાત પછી વસિય્યત પર અમલ કરવામાં ન આવ્યો અને બાબુન્નહરના કબ્રસ્તાનમાં દફન કરી દેવામાં આવ્યા. આપે સ્વપ્નમાં અમીર પર ક્રોધ કર્યો અને વસિય્યત યાદ અપાવી. બે વર્ષ પછી અમીરે આપની લાશ હઝરત બિશ્ર હાફીના પડોશમાં દફન કરાવી. બે વર્ષ પછી પણ આપની લાશ મુબારક એ જ પ્રમાણે હતી અને કફનને દાગ પણ લાગ્યો ન હતો. આપની વફાત ૨૧૯ હિ.સ. માં થઈ હતી. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૪, પેજ–૧૯)*

અબુલ હસન ઝાગુનીથી નકલ કરવામાં આવ્યું છે કે ઈમામ અહમદ બિન હંબલની વફાતના બસો ત્રીસ વર્ષ પછી આપની કબ્રની પડોશમાં જ્યારે અબૂ જઅફર બિન મૂસા માટે કબ્ર ખોદવામાં આવી તો તેમાં ઈમામ સાહબની કબ્ર પણ ખુલી ગઈ તો લોકોએ જોયું કે બસો ત્રીસ વર્ષ પછી કફન તેવું ને તેવું છે અને બદન તાજુ છે. *(તબકાતે શઅ્રાની)*

**દલાઈલુલ ખૈરાતના લેખક** : દલાઈલુલ ખૈરાતના લેખક હઝરત મુહમ્મદ બિન સુલૈમાન જઝુલી શાઝલી સિલસિલાના બુઝુર્ગ હતા, છ લાખ બાર હજાર પાંસઠ મુરીદે આપથી ફૈઝ પ્રાપ્ત કરેલો છે.





કોઈ બદ્નસીબ, બદ્માશ માણસે આપને ઝેર આપી દીધું. નમાઝે ફજ્રમાં સિજદાની હાલતમાં આપનું અવસાન થયું, તે દિવસે આપને સોસ શહેરની મસ્જિદમાં દફન કરી દેવામાં આવ્યા. ત્યાર બાદ સિત્તેર વર્ષે આપની લાશ મુબારક કાઢીને મરાકિશ (મોરોક્કો) લઈ જવામાં આવી, આપનું બદન જેવું હતું તેવું અને કફન પર દાગ પણ ન લાગ્યો હતો. આપના ગાલ પર આંગળી રાખીને દબાવવામાં આવી તો જીવંત લોકો માફક લોહી વહી રહ્યું હતું. આપના માથે અને ચહેરામાં ચહેરો બનાવવાનું એંધાણ પણ હતું. જે વફાત પહેલાં આપે બનાવ્યો હશે.

૧૬ રબીઉલ અવ્વલ, હિ.સ. ૮૭૦ માં આપની વફાત થઈ, આપનું મઝાર મરાકિશમાં છે. આજે પણ આપની કબ્રથી મુશ્કની ખુશ્બુ (સુગંધ) આવે છે. લોકો આપની કબ્ર શરીફ પાસે દલાઈલુલ ખૈરાત પઢે છે. *(મતાલેઉલ મસર્રાત, પેજ–૩)*

## ★ કબ્રમાં નમાઝ ★

હઝરત જુબૈર મુહદ્દિષે કસમ ખાઈને બયાન આપ્યું કે મેં અને હુમૈદ તવીલ મુહદ્દિષે જ્યારે શૈખુલ હદીષ સાબિત બુનાનીને કબ્રમાં ઉતાર્યા અને એમની બગલી કબ્રમાં કાચી ઈંટો લગાડવા લાગ્યા તો ઓચિંતા એક ઈંટ તૂટીને પડી ગઈ અને કબ્ર ખુલી ગઈ તો અમે બંનેએ એ જોયું કે હઝરત ષાબિત નમાઝ અદા કરી રહ્યા છે. એમની ઈબાદતનો એ આલમ હતો કે પચાસ વર્ષ સુધી એમની તહજ્જુદની નમાઝ કઝા ન થઈ હતી, અને દરેક સવારે રડી રડીને માત્ર એક દુઆ માંગતા હતા કે, અલ્લાહ ! જો તું તારા બંદાઓમાંથી કોઈને કબ્રમાં નમાઝ પઢવાની રજા આપે તો મને કબ્રમાં જરૂરથી નમાઝની રજા આપજે. તો આપની આ દુઆ કબૂલ થઈ. *(શર્હુસ્સુદૂર, પેજ–૭૮)*

## ★ કબ્રમાં તિલાવતે કુર્આન ★

ઈમામ યાફેઈ રૌઝુર્રિયાહીનમાં એક બુઝુર્ગ આલિમની હાલત લખે છે કે મેં એમને કબ્રમાં સૂવડાવીને બગલી કબ્ર પર કાચી ઈંટો જમાવી રહ્યો હતો એટલામાં એમની પડોશની બીજી કબ્રની ઈંટો તૂટીને પડી

ગઈ અને કબ્ર ખુલી ગઈ તો મેં જોયું કે સફેદ દાઢીવાળા બુઝુર્ગ કબ્રમાં બેસીને તિલાવત કરી રહ્યા હતા. અને એમના હાથમાં એક કુર્આન મજીદ છે જે સોનેરી શબ્દોમાં સોનેરી કાગળ પર લખેલું છે. એમણે મારી તરફ જોયું અને ફર્માવ્યું, તમારી ઉપર ખુદા કૃપા કરે ! શું કિયામત કાયમ થઈ ગઈ છે ? મેં કહ્યું, ના ! તો એમણે ફર્માવ્યું, મારી કબ્રની ઈંટો ફરીથી જમાવી આપો. તો મેં ઈંટો જમાવીને કબ્ર બંધ કરી આપી. *–(રૌઝુર્રિયાહીન)*

## ★ કબ્રમાં મદદનો વાયદો ★

શૈખ અબૂ અલી રૂદબારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં એક ફકીરને કબ્રમાં ઉતાર્યો અને એના માથા પરથી કફન ખસાવીને એનું માથુ એ ખયાલથી જમીન પર રાખી દીધું કે અરહમુર્રાહિમીન એની ગરીબી અને મોહતાજી પર રહમ કરી એને બખ્શી આપે. પરંતુ એનું માથુ જમીન પર રાખતાંની સાથે એણે આંખો ખોલી અને કહ્યું, અબૂ અલી ! તમે મને દુનિયાવાળાઓ સમક્ષ બેઈજ્જત ન કરો !

અબૂ અલી ફર્માવે છે કે મેં આશ્ચર્ય થઈને પૂછયું, અય મારા આકા ! મરણ પછી પણ તમે જીવંત છો ?! તો એ ફકીરે જવાબ આપ્યો, બેશક ! હું જીવંત છું અને અલ્લાહનો દરેક દોસ્ત જીવંત છે. અને હું ખુદાની બારગાહમાં મારા માન મર્તબાને લઈને ભવિષ્યમાં જરૂર તારી મદદ કરીશ. *(શર્હુસ્સુદૂર, પેજ–૮૯૦)*

## ★ મૃત્યુ પછી હાથ ઉઠાવ્યો ★

કાઝી બહાઉદ્દીન ગાસેરી કહે છે કે મુહદ્દિષ શૈખ અમીનુદ્દીનનું સફરમાં અવસાન થઈ ગયું. અમે લોકો એમની લાશ ખાટલામાં નાખીને કાહેરા શહેરમાં લાવવા લાગ્યા. બહારથી શહેરમાં લાશ લાવવાની રાજા તરફથી સખત બંધી હતી. જ્યારે શહેરની ફાટક પાસે આવ્યા તો મુહદ્દિષ સાહબે પોતાનો હાથ ઉઠાવ્યો અને આંગળી ઊંચી કરી જેથી ચોકીદારને એવું લાગ્યું કે આ કોઈ બીમાર વ્યક્તિને લઈ જઈ રહ્યા છે, એટલે તેમણે અમને રોક્યા નહીં અને અમે એમને શહેરમાં દફન કર્યા. *(શર્હુસ્સુદૂર, પેજ–૮૯)*





## ★ શહાદત પછી માથુ ઉઠાવીને જવાબ આપ્યો ★

મનસૂરા શહેર પર યૂરોપના ફિરંગીઓએ હુમ્લો કર્યો, ફકીહ અબ્દુર્રહમાન કુર્આનની આયત :–

وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا ؕ بَلْ اَحْيَآءٌ عِنْدَ
رَبِّهِمْ يُرْزَقُوْنَ

પઢી પઢીને મુસ્લિમ સૈન્યને યુદ્ધમાં જોશ અપાવી રહ્યા હતા. ખુદાની મરજી મુસલમાનો પરાજિત થયા અને ફકીહ અબ્દુર્રહમાન તેમાં શહીદ થઈ ગયા. એક ફિરંગીએ આપને ભાલો મારીને કહ્યું, અય મુસલમાનોના ખતીબ ! તમે તો કહેતા હતા શહીદ જીવંત છે ! તમારું આ એલાન ક્યાં ગયું ?! ફિરંગીના મુખેથી આ શબ્દો નીકળતાંની સાથે ફકીહ સાહબે માથુ ઉઠાવીને ઊંચે સ્વરે જવાબ આપ્યો, કા'બાના રબની કસમ ! અમે જીવંત છીએ ! ફિરંગી મુડદાના મુખેથી જવાબ સાંભળીને અચરજમાં પડી ગયો અને એમના માથાનું ચુંબન કર્યું, અને આપની લાશ ઉઠાવીને શહેરમાં લઈ ગયો અને ત્યાં આપનું મઝાર બનાવ્યું. *(શર્હુસ્સુદૂર, પેજ–૮૯)*

## ★ મરણ પછી વાતચીત ★

હઝરત રિબઈ બિન હેરાશથી રિવાયત છે : તેઓ ફર્માવે છે કે જ્યારે મારા ભાઈ મુહદ્દિષ રબીઅ બિન હેરાશ મુહદ્દિષનું અવસાન થયું તો ઘરના સઘળા લોકો એમની મય્યત પાસે હાજર હતાં, એટલામાં ઓચિંતા એમણે માથા પરથી કપડું હટાવ્યું અને અમને સલામ કરી. અમે એમની સલામનો જવાબ આપ્યો અને પૂછયું કે તમે મરી ગયા પછી પણ બોલો છો ?! તો એમણે જવાબ આપ્યો, હા ! હું મરી ગયો છું અને મારા રબની બારગાહમાં હાજર પણ થઈ ગયો છું. એણે મને જન્નતની રાહત આપી, જન્નતની સુગંધ અને રેશમી કપડાં આપ્યાં. હવે તમે લોકો મારો જનાઝો ઉઠાવવામાં વાર ન લગાડો ! કારણ કે હુઝૂર મારા જનાઝા પર નમાઝ પઢવા વાત જુએ છે. એટલું કહીને ચુપ થઈ ગયા. લોકોએ આ બનાવ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને

બતાવ્યો તો આપે એનો સ્વીકાર કર્યો અને ફર્માવ્યું, મેં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું હતું કે મારી ઉમ્મતમાં એક એવો વ્યક્તિ પણ થશે જે મરણ પછી વાત કરશે. ઈમામ બયહકીએ આ વાક્યો દલાઈલુન્નબુવ્વતમાં નકલ ફર્માવ્યો છે. *(શર્હુસ્સૂદુર, પેજ–૩૦)*

## ★ ફરિશ્તાઓનો ઈમામ ★

હફ્સ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે મેં ઈમામુલ મુહદ્દિષીન અબૂ ઝોરઆને એમની વફાત પછી સ્વપ્નમાં જોયા કે તેઓ પ્રથમ આકાશમાં ફરિશ્તાઓને નમાઝ પઢાવે છે. મેં પૂછયું, કઈ ઈબાદતના બદલામાં તમને આ ઈજ્જત આપવામાં આવી ?! ફર્માવ્યું, મેં મારા હાથથી દસ લાખ હદીષો લખી હતી અને દરેક હદીષમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામ પછી صلی اللہ تعالیٰ علیہ وسلم લખ્યું હતું. તમે જાણો છો હુઝૂરનો ઈર્શાદ છે જે મુસલમાન એક વખત મારી ઉપર દુરૂદ મોકલે છે અલ્લાહ તઆલા દસ વખત રહમત ઉતારે છે, દુરૂદ શરીફની બરકતથી અલ્લાહ તઆલાએ મને આ પદ આપ્યું કે હું ફરિશ્તાઓનો ઈમામ છું. *(શર્હુસ્સુદૂર, પેજ–૨૩)*

## ★ મરણ પછી હસતા રહ્યા ! ★

રબીઅ બિન હેરાશ અને રિબઈ બિન હેરાશ આ બંને ભાઈ પ્રખ્યાત મુહદ્દિષ અને તાબેઈ હતા, આ બંને ભાઈઓએ એ કસમ ખાધી હતી કે ખુદાની કસમ ! અમે ત્યાં સુધી દાંત નહીં કાઢીએ જ્યાં સુધી અમને જન્નતી હોવાનું ઈલ્મ ન થઈ જાય ! આ બંને ભાઈઓએ આજીવન ક્યારે પણ દાંત કાઢયા નથી. પણ જ્યારે એમનું અવસાન થઈ ગયું તો એમને ગુસ્લ આપવાવાળાઓનું બયાન છે કે જ્યાં સુધી અમે એમને ગુસ્લ આપતા રહ્યા તેઓ સતત સ્મિત કરતા રહી હસતા રહ્યા *(તહઝીબુત્તહઝીબ, શર્હુસ્સૂદુર, પેજ–૩૦)*

મુહદ્દિષ ઈબ્ને અસાકિરથી રિવાયત છે કે અબૂ અબ્દુલ્લાહ જેલાઅના પિતાનું અવસાન થઈ ગયું અને એમને ગુસ્લ આપવા માટે તખ્ત પર સૂવડાવવામાં આવ્યા તો તેઓ હસવા લાગ્યા. લોકોને એવું લાગ્યું કે આપ હજી જીવંત છે તો તેમણે તબીબને બોલાવ્યો, તબીબે ચેક કરીને કહ્યું કે એમનું અવસાન થઈ ગયું છે, પણ જ્યારે કોઈ એમને





ગુસ્લ આપવા ઈચ્છતો તો આપ હસવા લાગતા. ગુસલ આપનાર ડરીને નાસી જતો. કોઈ પણ આપને ગુસલ આપવા તૈયાર ન થયું. અંતે મશ્હૂર અને પ્રખ્યાત કરામતવાળા વલી ફઝલ બિન હુસૈને એમને ગુસલ આપ્યું, અને જનાઝાની નમાઝ પઢાવીને દફન કર્યા.

## ★ કબ્રમાં ગયબી ફૂલોની પથારી ★

મુહદ્દિષ ઈબ્ને અબીદુનિયાએ કિતાબુર્રિક્કતે વલ બુકાઅમાં લખ્યું છે : મુહદ્દિષ વહાદ અજબીની વફાત પછી જ્યારે એમને કબ્રમાં ઉતાર્યા તો જોયું કે પૂરી કબ્રમાં તાજાં તાજાં ફૂલ છે, અમુક ફૂલ ઉઠાવી લેવામાં આવ્યાં તો તે સિત્તેર દિવસ સુધી તાજાંને તાજાં રહ્યાં, એ વાતની ચર્ચા થવા લાગી અને આજુબાજુથી લોકો ટોળેને ટોળે ફૂલોની ઝિયારત માટે આવવા લાગ્યા. શહેરના અમીરે લોકોના ટોળા જોઈને એ ફૂલ કબ્જામાં લઈ લીધાં. પાર્લામેન્ટમાં પહોંચતાંની સાથે એ ફૂલ ઓચિંતાં ગાયબ થઈ ગયાં. અને કોઈને અ ખબર ન પડી કે એ ક્યાં ગયાં અને ક્યારે ગયાં ! *(શર્હુસ્સુદૂર, પેજ–૮૨)*

## ★ કબ્રથી મુશ્કની ખુશ્બુ ★

અબૂ કતાદા વગેરેના ઉસ્તાદ મુહદ્દિષ અબ્દુલ્લાહ બિન ગાલિબ હદ્દાની સન હિજરી ૮૩૦ માં શહીદ કરી દેવામાં આવ્યા. દફન પછી એમની કબ્રની માટીમાંથી મુશ્કની ખુશ્બુ આવતી હતી. એમના એક ભાઈને સ્વપ્નમાં એમનો દીદાર થયો તો પૂછયું, તમારી હાલત કેવી છે ? ફર્માવ્યું, મને જન્નતી ગણી લેવામાં આવ્યો છે. પૂછયું, ક્યા અમલના કારણે ?! તો ફર્માવ્યું, કામિલ ઈમાન, તહજ્જુદ અને ગરમીઓના રોઝાના કારણે ! પૂછયું, આપની કબ્રથી મુશ્કની ખુશ્બુ કેમ આવે છે ?! ફર્માવ્યું, મારી તિલાવત અને રોઝાઓમાં તરસની ખુશ્બુ છે. *(શર્હુસ્સુદૂર, પેજ–૬૫)*

## ★ મૌત પછી આંગળી હલતી રહી ★

પ્રખ્યાત મુહદ્દિષ ખાલિદ બિન મઅદાન તિલાવતે કુર્આન મજીદ કરીને તસ્બીહના દાણાઓ પર ગણીને ચાલીસ હજાર વખત

સુબ્હાનલ્લાહ ! પઢતા હતા. વફાત પછી જ્યારે એમને ગુસલના તખત પર સૂવડાવવામાં આવ્યા તો એમની એ આંગળી સતત હલતી રહી જેનાથી આપ તસ્બહીના દાણાઓ ફેરવતા હતા.

ઉપરોક્ત વાક્યાઓ વલીઓ અને આલિમો સંબંધિત હતા જેઓ મરણ પછી પણ કમાલ બતાવી રહ્યા હતા. અને એનાથી એ પણ સ્પષ્ટ થયું કે વલીઓ પણ મરણ પછી જીવંત હોય છે. જો કે તેમની હયાત બરઝખી છે, અને શહીદોની હયાત પણ બરઝખી છે પરંતુ બરઝખી હયાતમાં દરજાઓના આધારે ફરક હોય છે. નબી માફક હયાત બરઝખમાં બીજા લોકો માટે નથી હોતી. અને નબીઓમાં સૌથી ઉત્તમ હયાત સરકારે દો આલમ ﷺ ની છે. અને તે એટલા માટે કે આપ કિયામત સુધી નબી છે અને આપની નબુવ્વતના આધારે દીને ઈસ્લામ કિયામત સુધી ચાલતો રહેશે. જેમ કે મવાહિબે લદુનિયા, ભાગ–૨, પેજ–૫૪ પર છે : ઈમામ સોબુકીએ પોતાની તબકાતમાં ઈબ્ને ફારિકથી નકલ કર્યું છે કે :–

حَیٌّ فِیْ قَبْرِہٖ رَسُوْلُ اللّٰہِ اَبَدَ الْاٰبَادِ عَلَی الْحَقِیْقَۃِ لَاالْمَجَازِ

નબીએ પાક પોતાની કબ્રમાં જીવંત છે હંમેશ હંમેશ માટે વાસ્તવમાં અલ્લાહના રસૂલ છે. એટલે કે જે પ્રમાણે દુનિયાની હયાતમાં અલ્લાહના રસૂલ હતા એ જ પ્રમાણે આજે પણ અલ્લાહના રસૂલ છે.

ઝરકાની અલલ મવાહિબ, ભાગ–૬, પેજ–૧૬૯ પર ઈમામ ઝરકાનીએ ઈબ્ને અકીલ હંબલીનું મંતવ્ય નકલ ફર્માવ્યું છે : તે આ પ્રમાણે છે :–

یُضَاجِعُ اَزْوَاجَہٗ وَیَسْتَمِعُ بِہِنَّ اَکْمَلَ مِنَ الدُّنْیَا وَحَلَفَ
عَلٰی ذٰلِکَ وَ ھُوَ ظَاھِرٌ لَامَانِعَ مِنْہُ

હુઝૂર પોતાની પત્નીઓ સાથે આરામ ફર્માવે છે અને તેમનાથી એવો ફાયદો લે છે જે દુનિયાથી વધીને છે. ઈબ્ને અકીલે આ વાત કસમ ખાઈને કહી, ઈમામ ઝરકાની આ વાતને સશક્ત બનાવતાં ફર્માવે છે કે આ વાત સ્પષ્ટ છે એનાથી મનાઈ કરનાર કંઈ જ નથી.

**સવાલ** : ઈબ્ને અકીલનું આ ફર્માન ગળા નીચે ઉતરે એવું





નથી, તો શું તમે એવો ખુલાસો કરશો કે અમને કોઈ શંકા ઉપસ્થિત ન થાય ?

**જવાબ** : તમને જે શંકા થઈ રહી છે તે એટલે કે તમે દુનિયાની હાલતને લક્ષમાં રાખીને બરઝખની હયાત જાણવા માંગો છો ! એનાથી થોડી વાર માટે ખસી જાવ અને પછી સમજવાની કોશિશ કરો તો તમારી સમજમાં આવી જશે. આલમે બરઝખ એક બીજો આલમ છે અને દુનિયાથી જુદો આલમ છે. આલમ બીજો છે તો ત્યાંની હાલતો દુનિયા માફક હોવી જરૂરી નથી. બીજું એ કે આલમે આખેરતમાં જન્નત છે અને જન્નતમાં પત્નીઓ હોવું, તેમનાથી ફાયદો ઉઠાવવો વગેરે.... એનો પુરાવો કુર્આનથી છે પછી આલમે બરઝખ માટે એ વાત શંકાસ્પદ કેવી રીતે થઈ શકે છે ?! સરકારે મદીના ﷺ નું ફર્માન છે, કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે. તો જ્યારે જન્નતના બાગોમાં પત્નીઓનો પુરાવો છે તો પછી આલમે બરઝખના જન્નતી બાગમાં એ વાત માન્ય રાખવી કેવી રીતે નકારાત્મક બની શકે છે ? અને એટલા માટે ઈબ્ને અકીલની વાત નકલ કરીને ઈમામ ઝરકાનીએ ફર્માવ્યું, આને માનવાથી રોકનાર કંઈ જ નથી. અને જ્યારે આપણા નબી માટે વાસ્તવિક દુનિયાવી હયાત માનવામાં આવે છે તો પછી ઈબ્ને અકીલની વાત પણ માન્ય રાખી શકાય છે.

ઈબ્ને અકીલે અઝવાજ ફર્માવ્યું એનાથી દુનિયાવી પત્નીઓ પણ મતલબ લઈ શકાય છે, આલમે આખેરતની પત્નીઓ પણ મુરાદ લઈ શકાય છે અને અઝવાજે મુતહ્હરાત એટલે આપની પત્નીઓ તે હકીકત સાથે જે આલમે મિસાલમાં છે. જ્યારે શહીદોની રૂહોને જન્નતમાં હરવા ફરવાની અને ત્યાંના મેવા ખાવાની રજા આપવામાં આવી છે તો પછી નબીએ પાક ﷺ માટે મનાઈનું કારણ શું છે ?

**સવાલ** : જન્નતમાં તો હશ્ર પછી બધાને પહોંચાડવામાં આવશે ?

**જવાબ** : આપણા નબી તો આ દુનિયાની હયાતમાં પણ મેઅરાજમાં જન્નતમાં જઈ આવ્યા છે. અને હુઝૂર તો મસ્જિદે નબવીમાં રહીને દુનિયાથી જન્નતના ફળોને પકડતા હતા જેમ કે સૂર્યગ્રહણની

નમાઝમાં એનો ઉલ્લેખ છે. તો પછી આલમે બરઝખમાં ગયા પછી તો શક્તિઓ વધારી દેવામાં આવે છે. એટલે જન્નતમાં પ્રવેશની મનાઈ આપના માટે નથી. બીજું એ કે સતત જન્નતમાં રહેવા હશ્ર પછી જવાશે પણ જવા આવવામાં મનાઈ નથી. જેમ કે હઝરત ઈદ્રીસ મલકુલ મૌત સાથે જન્નતમાં પહોંચ્યા અને ત્યાં રહી ગયા જેમ કે તફસીરે રૂહુલ મઆનીમાં છે. તો આપણા નબી માટે ઉપરોક્ત પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્રીજું એ કે જ્યારે શહીદોને જન્નતમાં જવાની રજા છે તો પછી નબી માટે મનાઈ શી રીતે ? ચોથું એ કે સામાન્ય મુડદાંઓ એકબીજાથી મુલાકાત કરે છે જેનો ઉલ્લેખ રૂહના પ્રકરણમાં થઈ ગયો તો નબી પોતાની પત્નીઓ સાથે મુલાકાત કરે અને વાતચીત કરે તેમાં કઈ ચીજ રોકનાર છે ? પાંચમું એ કે એવું તો કહેવામાં જ નથી આવ્યું કે હુઝૂરનો સંબંધ પોતાની પત્નીઓ સાથે દુનિયા માફક છે. જ્યારે દુનિયા માફક કહેવામાં નથી આવ્યું તો પછી દુનિયા માફકની શંકાઓ લાવવી આપણી ખોટી વિચારસરણીની દલીલ છે. આપણે વિચારસરણી બદલવી જોઈએ.

**સવાલ** : શું તમે નબી માટે મૌત માનો છો ?

**જવાબ** : બેશક ! એમાં બેમત નથી. કુર્આનની આયતો અને હદીષોને લક્ષમાં રાખીને અમારી માન્યતા એ જ છે કે નબીએ પાકને મૌત આવી અને આપની રૂહ કબ્જ કરવામાં આવી.

**સવાલ** : ત્યારે તો પછી આપ મરી ગયા ! હવે જીવંતનો દા'વો કેમ કરો છો ?!

**જવાબ** : મૌતનો મતલબ બદનથી રૂહનું જુદા થવું અને એ થવું, પણ મૌત આવવા છતાં હુઝૂરની હયાત અલગ થઈ નથી અને આપ તે સમયે પણ જીવંત હતા.

**સવાલ** : મૌત અને હયાત બે વિરોધાર્થી છે બંને ભેગું કેમ કરીને થયું ?

**જવાબ** : એ ઉલ્લેખ અમે કરી ગયા કે રૂહથી હયાત આવવી આદતના આધારે છે એવું નથી કે રૂહ હોય તો જ હયાત હોય, વિના રૂહે પણ હયાત રહી શકે છે. હયાત અલ્લાહ તરફથી છે, તે જે પ્રમાણે રૂહ





સાથે જાહેર કરે છે વિના રૂહે પણ જાહેર કરી શકે છે, તેના દાખલાઓનો પણ ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. મૌતનો મતલબ એટલો છે કે રૂહ બદનથી જુદા થઈ જાય, રૂહ જવાથી આદતના આધારે આવનાર હયાત જઈ શકે છે, વાસ્તવ અને હકીકી હયાત જતી નથી રહેતી. મૌત બે હયાતની વિરોધાર્થી છે જે આદતના આધારે હોય અને અમે તે નથી માનતા. એટલે મૌત સમયે પણ હયાત માની શકાય છે.

**સવાલ** : તો પછી સહાબાએ નબી પર જુલ્મ કર્યો તેમને જીવંત કબ્રમાં દફનાવી દીધા, તેમને કૃપા ન આવી કે જીવતાં જીવ કબ્રમાં દફન ન કરાય ?

**જવાબ** : એ ત્યારે માની શકાય છે જ્યારે આપણે નબી માટે મૌતને માન્ય ન રાખીએ પણ અમે માનીએ છીએ કે મૌત આવી, અને મૌત આવી તો પછી આપને દફન કરવામાં આવ્યા. બીજું એ કે નબી માટે હકીકી હયાત જે બદનમાં રૂહ સાથે હોય તે કબ્રમાં પહોંચાડયા પછી માનીએ છીએ, એટલે સવાલ ઉપસ્થિત થતો જ નથી. ત્રીજું એ કે જે હયાત રૂહના બદનમાં રહેવાથી હોય છે તે આદતના આધારે હયાત છે અને તેમાં દુનિયાનો હુકમ છે પણ રૂહ કબ્જ થવાથી હયાતે આદી (આદતના આધારે હતી) તે ન રહી એટલે દફન કરવામાં આવ્યા.

**સવાલ** : કબ્રમાં પહોંચ્યા પછી તમે કેવી હયાત માનો છો હયાતે આદી કે હયાતે હકીકી એનો ઉલ્લેખ કરો ?

**જવાબ** : હયાતે આદી, કારણ કે કબ્રમાં પહોંચાડયા પછી નબીની રૂહ એમના શરીરમાં પરત કરી દેવામાં આવી છે જેનો ઉલ્લેખ થઈ ગયો.

**સવાલ** : જ્યારે હયાતે આદી આવી ગઈ તો પછી બહાર લઈ આવવા જોઈએ ? અને હયાતે આદી હોય તો પછી તેમને ખાવા પીવાની હાજત હોય, અને ખાવા પીવાની હાજત હોય તો તે પછી બીજી જરૂરતો પણ સાબિત થાય, હયાતે આદી હોય તો □ાસ પણ લવો પડે, અરબીનો કાયદો છે : اِذَا ثَبَتَ الشَّيْئُ ثَبَتَ بِلَوَازِمِہٖ ચીજ પોતાની જરૂરતોને લઈને સાબિત થાય છે. આનો તમારી પાસે શું જવાબ છે ?

**જવાબ** : આ જવાબ માટે તમારે પ્રથમ એ સાબિત કરવું પડશે કે શું દરેક આલમનો હુકમ એક જેવો છે ? અને એ સાબિત નથી કરી શક્તા, કારણ કે આલમ બદલવાથી હુકમ બદલાય જાય છે. માણસ જન્નતમાં રૂહ અને બદન સાથે વાસ્તવમાં દુનિયા માફક જીવંત હશે ત્યાં ખાશે પીશે તો પણ કોઈ પ્રકારની દુનિયાવી હાજત થશે નહીં. એટલે જ કે આલમ બદલાઈ ગયો તો હુકમ બદલાઈ જાય છે. અમે આમ કહીએ છીએ કે આપની બરઝખની હયાત દુનિયા માફક છે. પણ દુનિયા માફક દુનિયામાં નથી બરઝખમાં છે તો ત્યાંના હુકમ પ્રમાણે રહેશે. દા.ત. મુડદાને અઝાબ થતો હોય તો એ અઝાબ પામી રહ્યો છે પણ કોઈ લાશને જોઈને આપ નથી કહી શક્તા કે અઝાબ થઈ રહ્યો છે. કારણ કે આલમે બરઝખ આલમે ગયબ છે ત્યાંની હાલતો પણ ગયબથી સંબંધિત છે એટલે જોઈ શકાતી નથી. અલ્લાહ તઆલા ઈચ્છે છે તો કોઈકને જોવા મળી જાય છે. આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم દુનિયામાં હતા ત્યારે પણ કેટલા કેટલા દિવસ સુધી સતત રોઝાથી રહેતા જેમાં રાત્રે પણ ઈફતાર કરવામાં ન આવતો. જેને શરઈ પરિભાષામાં સૌમે વિસાલ કહેવામાં આવે છે. ઉમ્મતીને એવા રોઝા રાખવાથી આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ મનાઈ કરી હતી અને ફર્માવ્યું હતું કે હું તમારી જેવો નથી, હું મારા રબ પાસે રાત વિતાવું છું તો એ મને ખવડાવે છે અને પીવડાવે છે. એટલે કે અલ્લાહ તઆલા તરફથી મને રૂહાની ખોરાક આપવામાં આવે છે. તો આલમે બરઝખમાં દરેક વસ્તુ રૂહાની બની શકે છે. તો ત્યાંની હાલત અને અહીંયાની હાલતમાં ફરક છે. વિશેષ એ કે ફરિશ્તાઓ બદન અને રૂહ સાથે જીવંત છે પણ તેઓ ખાતા અને પિતા નથી, તેઓ આપણને જોવામાં નથી આવતા. તો આલમે બરઝખમાં નબીઓ પણ ફરિશ્તાઓમાં ભળી જાય છે. જેથી એમની હાલતો પણ ફરિશ્તાઓ માફક બની જાય છે. એમનું શરીર કોઈને જોવા મળે તો એમાં કોઈ પ્રકારનું હલન ચલન જોવા ન મળે, પણ તેઓ હયાત છે અને એમની હાલત હાલતે ગયબ છે અને તેમને જોઈને ફેંસલો નથી કરી શકાતો કે આ જીવંત છે. દુનિયામાં એનો દાખલો માત્ર સમજવા માટે એ છે કે કોઈ વ્યક્તિ સૂતો હોય અને સૂતામાં તે સ્વપ્ન જુએ તે સારું સ્વપ્ન હોય તો તે મજા લે છે અને ખરાબ હોય તો તકલીફ થાય છે પણ એની પાસે બેસનારને એની કોઈ હાલતનું





ઈલ્મ થઈ શક્તું નથી. આ વાત માત્ર પુરાવો જ નથી પણ સર્વને એનો અનુભવ પણ છે. તો એક જીવંત માણસની પોતાની સ્વપ્નની હાલત બીજા માટે ગયબ છે અને આપણે તેની પાસે બેસીને સમજી નથી શક્તા. પછી આલમે બરઝખની હાલતોનું આંખોથી દેખીને જ્ઞાન કેવી રીતે થઈ શકે છે ! ગયબની હાલતો જોનાર નબી, અને ગયબની હાલતોથી વાકેફ કરનાર ખુદા ફર્માવી રહ્યો છે તો તેમના ફર્માન પર આપણું ઈમાન છે, પછી તેમાં વધારે પ્રશ્નોત્તરી કરી ઈમાનને શંકામાં ન નાંખવું જોઈએ.

**સવાલ** : આલમે બરઝખમાં રૂહ મુકામ અને મર્તબાના આધારે ફઝીલતની જગાઓ પર રાખવામાં આવે છે. જ્યારે શહીદોનો દરજો ઊંચો છે તો તેમને અર્શે ઈલાહી નીચે ફાનસોમાં રાખવામાં આવે છે, તો પછી નબીઓનો દરજો તો શહીદોથી પણ વધીને છે પછી તે અર્શ પર, રફીકે આલામાં કેમ ન રહે ? અને હદીષમાં પણ છે કે વિસાલ સમયે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવી રહ્યા હતા, અલ્લાહુમ્મ રફીકિલ આલા. પછી તમે લોકો આપની રૂહને કબ્રમાં કેમ માનો છો ?

**જવાબ** : અમારો જવાબ તમે પોતે આપેલો છે તે એ કે મુકામ અને મર્તબાના આધારે બરઝખમાં રૂહોને જગા આપવામાં આવે છે. અમારા નબીથી વધીને કઈ ચીજ છે ? અર્શથી વધીને તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બદન સાથે લાગેલી માટી છે તો બદનની ફઝીલતો ગણવામાં નથી આવી શકતી, તો પછી નબીની રૂહને રફીકે આ'લામાં લઈ જવામાં આવી અને પછી ફઝીલતની જગા એટલે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના બદનમાં પરત કરી દેવામાં આવી. જે આપણા નબીનો માન મર્તબો જાણે છે અને આપને માને છે તેને આ વાતમાં દલીલની કોઈ જરૂરત નથી કારણ કે ઉમ્મતની આ વાત પર સંમતિ છે કે આપણા નબી અલ્લાહની મખ્લૂકમાં સૌથી અધિક ફઝીલત ધરાવે છે. જ્યારે અર્શ પણ મખ્લૂક છે તો આપથી વધીને કેમ કરી થઈ શકે છે !

દારુલ મુનતકામાં ઈમામ અલ્લામા મુહમ્મદ અલાઉદ્દીન ફર્માવે છે :–

وَمَاضَمَّ اَعْضَاؤَهُ الشَّرِيْفَةَ اَفْضَلُ الْبِقَاعِ عَلَى الْاِطْلَاقِ حَتّٰى مِنَ الْكَعْبَةِ وَمِنَ الْكُرْسِيِّ وَعَرْشِ الرَّحْمٰنِ

"જમીનનો જે ભાગ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અવયવોથી મળેલો છે વિના શર્તે સર્વ જગાઓથી ઉત્તમ છે. એટલે સુધી કે કા'બા, કુરસી અને રહમાનના અર્શથી પણ ઉત્તમ છે." *(અફારુલ મુનતકા, ભાગ-૧, પેજ-૩૧૨)*

**સવાલ** : જઝબુલ કોલૂબમાં અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ અલ્લામા કનવીનું મંતવ્ય રજુ કર્યું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું જન્નતમાં હોવું ઉત્તમ છે. અને યોગ્ય પણ એ જ લાગે છે. અને જન્નત અલ્લાહ તરફથી ઈનામ છે તો પછી ત્યાં હોવું જ ઉત્તમ છે. તો પછી તમે નબીની રૂહને કબ્રમાં લાવવા જબરજસ્તી કેમ કરો છો ?

**જવાબ** : વ્યક્તિગત મંતવ્યથી અમને મતલબ નથી અમે જે સાબિત કર્યું તે અહલે સુન્નત વલ જમાઅતના ૯૯% આલિમોનું મંતવ્ય છે. અને તેના પુરાવા રજૂ કરી દેવામાં આવ્યા છે. અને મુહદ્દિષ સાહબનું પોતાનું મંતવ્ય પણ એ જ છે. એમણે અલ્લામા કનવીનું મંતવ્ય રજુ કર્યું તો સવાલ તરીકે અને પછી આપે જવાબ પણ આપેલો છે.

તો આનો જવાબ એ છે કે જ્યારે સામાન્ય મુસલમાનોની કબ્રો જન્નતનો બાગ છે તો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર અતિ ઉત્તમ જન્નતનો બાગ હશે. અને એ પણ થઈ શકે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કબ્રમાં એવો અધિકાર આપવામાં આવ્યો હોય અને એવી હાલત અર્પણ કરવામાં આવી હોય કે આકાશ, જમીન અને જન્નત બધાથી પર્દો ઉઠી ગયો હોય, હુઝૂરના પોતાના રહેઠાણ આગળ જાય અને ન ત્યાંથી ખસે. (એટલે કે પોતાની જગા પર જ રહે અને પછી જમીન, આકાશ, જન્નત સર્વ જગાઓ હોય) એટલા માટે કે આખરેતની હાલતો અને બરઝખની હાલતોને આ દુનિયાની હાલતોના ત્રાજવામાં તોલવામાં નહીં આવે. દુનિયાની હાલતો એક વર્તુળમાં છે અને એની હદો અને દિશાઓ ઘણી જ નીચે છે.

શેખ સાહબના જવાબથી બીજા ઉપસ્થિત થતા પ્રશ્નોનો પણ નિકાલ આવી ગયો તે એ કે હુઝૂર કબ્ર શરીફમાં પણ રૂહ સાથે છે અને ત્યાં રહીને જન્નત, આકાશ અને જમીનના ભાગેથી દૂર નથી. એક સમયમાં આપ ત્રણેવ જગાએ છે. તો હદીષમાં રફીકે આ'લાના શબ્દો આવ્યા તેની ઉપર પણ અમલ થઈ ગયો, અને એ શંકાનો જવાબ શેખ સાહબે એ આપ્યો કે એક વ્યક્તિ બધી જગાએ કેમ કરી થઈ શકે ? તો





ફર્માવ્યું, એ તમારી વિચારસરણી દુનિયાના આધારે છે અને અમારી ચર્ચા આલમે બરઝખના આધારે છે. દુનિયા બરઝખ સમક્ષ આમ જ છે જાણે બાળક માટે માનું પેટ અને આ દુનિયા.

## ★ હઝરત ઈસાની હયાત ★

હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام દુનિયાવી હયાતની સાથે હયાત છે, આપની રૂહ કબ્જ કરવામાં નથી આવી, કિયામતના નિકટ આપ દુનિયામાં પધરામણી કરશે, અને થોડો સમય દુનિયામાં રહેશે પછી આપનું અવસાન થશે અને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આપને દફન કરવામાં આવશે. હવે વિચારવાની વાત એ છે કે આપ હયાત છે અને દુનિયામાં હતા તે જ માફક, તો પછી આપનું ખાવા, પીવાનું, પહેરવાનું કેવું હશે ?! તો દુનિયા જેવું તો નથી જ કરી શકતા, તેનો સંબંધ આલમે ગયબથી છે તો પછી જેઓ સાચે જ દુનિયાથી પસાર થઈને આલમે આખેરતમાં પહોંચી ગયા તેમની હાલતોને દુનિયાવી હાલતો માફક કેમ કહી શકાય, નિઃશંક ! તેઓ હયાત છે અને તેમની હાલતો ગયબ છે.

હઝરત ઓઝૈર અને અસ્હાબે કહફને મૌત તો આવી અને આજે તેઓ આલમે બરઝખમાં છે પણ જ્યારે તેઓ હયાત હતા અને અલ્લાહ તઆલાએ તેમને ઊંઘ આપીને સદીઓ સુધી સૂવડાવ્યા તો તેમની બોડી અને શરીરને કોઈ નુકસાન કેમ ન થયું ?! માણસ થોડા દિવસ ખાવા પીવાનું બંધ કરી આપે તો આદતના આધારે તે હયાત રહી શક્તો નથી. અહીં એક બે દિવસની વાત નથી સદીઓની વાત છે. તો પછી તેઓ જીવંત હતા માત્ર મજાઝી મૌત એટલે તેમને ઊંઘમાં વ્યસ્ત કરી દેવામાં આવ્યા હતા, તો તેમનો ખોરાક અલ્લાહ તરફથી રૂહાની હતો, અને તેમની હાલતો લોકો માટે ગયબ બનાવી દેવામાં આવી હતી.

હયાત હોવા છતાં અલ્લાહ તરફથી અમુક લોકોની હયાત ગયબના પર્દામાં રાખી દેવામાં આવે છે તો પછી આલમે બરઝખ તો આલમે ગયબ જ છે. તેને દુનિયા સાથે સરખાવો જહાલત અને અજ્ઞાનતા છે.

**સવાલ** : શું નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم આજે પણ દુનિયાની સૈર કરી શકે છે ?

**જવાબ** : કરી શકે છે અને આંખોવાળા આપને જોઈ શકે છે અને કેટલાક લોકોએ જાગતામાં નબીએ પાકનો દીદાર કરેલો છે. તફસીરે રૂહુલ બયાન સૂરએ મલકમાં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ના હવાલા અને પુરાવાથી લખવામાં આવ્યું છે :–

وَالرَّسُوْلُ عَلَيْهِ السَّلَامُ لَهُ الْخِيَارُ فِىْ طَوَافِ الْعَالَمِ مَعَ اَرْوَاحِ الصَّحَابَةِ لَقَدْرَاٰهُ كَثِيْرٌ مِّنَ الْاَوْلِيَاءِ

રસૂલ علیہ الصلوٰۃ والتسلیم ને દુનિયામાં પોતાના સહાબીઓની રૂહો સાથે ફરવાનો અધિકાર છે. ઘણા બધા વલીઓએ આપની ઝિયારત કરેલી છે.

ફયઝુલ બારીમાં મૌલાના અન્વરશાહ કશ્મિરીએ સૂફીઓના મંતવ્યથી એ વાતનો ઉલ્લેખ કરેલો છે કે આલમ ત્રણ છે : આલમે અજસાદ, આલમે મિષાલ અને આલમે અરવાહ. એક વ્યક્તિ દા.ત. ઝેદ એક સમયમાં ત્રણેવ આલમમાં કોઈ પણ તફાવત વિના મૌજૂદ હોય છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મેઅરાજમાં નબીઓને કબ્રમાં નમાઝ પઢતાં જોયા, બયતુલ મુકદ્દસમાં તેમને નમાઝ પઢાવી, અને અમુકથી આકાશોમાં પણ મુલાકાત કરી, તો એક વ્યક્તિથી બધે જ કેવી રીતે મુલાકાત થઈ તેનો પુરાવો કશ્મિરી સાહબના લખાણથી મળે છે. (કશ્મિરી સાહબ દેવબંદી હતા !)

આલમમાં ફરવું, મદદ કરવી, મહફિલોમાં હાજરી આપવી વગેરે મસ્અલાઓ પર **તોહફાએ નજાત, ભાગ–૮**માં ખુલાસો થઈ ગયો છે. એટલે આ વિશે અલગથી ચર્ચા કરવાની જરૂરત નથી. **તોહફાએ નજાત, ભાગ–૮** થી પ્રાપ્ત કરી શકાય છે.

આ પ્રકરણથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે નબીઓ અને શહીદો હયાત છે, અને વલીઓને પણ કબ્રમાં હયાત આપવામાં આવે છે. અને આ અહલે સુન્નતની માન્યતા છે. અલ્લાહ તઆલા આપણને એની ઉપર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈયિદિલમુરસલીન)

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૩)

# ઈમામ હસન رضی اللہ عنہ ની વિશેષતા

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّابَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ذُرِّيَّةً بَعْضُهَا مِنْ بَعْضٍ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا نَبِىَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! મુહર્રમ અને આશૂરા વિશે અને શહીદોની ફઝીલતત અને એમની હયાત વિશે બે પ્રકરણો તમારી ખિદમતમાં રજુ થયાં, આજે ત્રીજું પ્રકરણ ''ઈમામ હસનની વિશેષતા''ના નામથી તમારી ખિદમતમાં રજુ કરવાની સઆદત પ્રાપ્ત કરી રહ્યો છું, અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

આ'લા હઝરત, ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

તેરી નસ્લે પાકમેં હય બચ્ચા બચ્ચા નૂર કા
તૂ હૈ ઐને નૂર તેરા સબ ઘરના નૂર કા

## ★ આપણા નબીની ઔલાદે અમજાદ ★

આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઔલાદની સંખ્યા સાત છે : ચાર છોકરીઓ અને ત્રણ છોકરા. છોકરીઓનાં નામો આ પ્રમાણે છે : (૧) **ઝૈનબ** (૨) **રૂકૈયા** (૩) **ઉમ્મે કુલષુમ** (૪) **ફાતિમા.** છોકરાઓનાં નામો આ પ્રમાણે છે : (૧) **ઈબ્રાહીમ** (૨) **અબ્દુલ્લાહ** (૩) **કાસિમ.** આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના છોકરાઓ બાળપણમાં જ અવસાન પામી ગયા હતા, આપની છોકરીઓ હયાત રહી અને તેણીઓની શાદી પણ કરવામાં આવી.

આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા પુત્ર હઝરત ઈબ્રાહીમને છોડીને આપની સઘળી છ ઔલાદ હઝરત ખદીજતુલ કુબ્રા ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا થી હતી અને ઈબ્રાહીમ હઝરત મારિયા કિબતિયા رضی اللہ عنہا થી હતા. ઈબ્રાહીમ અને કાસિમનું દૂધ પીવાની ઉમરમાં અવસાન થયું હતું અને હઝરત અબ્દુલ્લાહ તો તદ્દન બાળપણમાં અવસાન પામી ગયા હતા. ખુલાસો એ થયો કે આપના પુત્રો પૈકી એક પણ જીવંત ન રહ્યો.

## ★ હુઝૂરની પુત્રીઓ અને એમની ઔલાદ ★

મોટી છોકરીનું નામ ઝૈનબ છે. એમની શાદી એમની માસીના છોકરા અબુલ આસ બિન રબીઅ સાથે કરવામાં આવી હતી, આપના પતિ હિજરી સન ૭ માં ઈમાન લાવ્યા હતા. હઝરત ઝૈનબના બે બાળકો હતા. એક પુત્ર અલી અને એક પુત્રી ઉમામા આપના પુત્ર અલીનું અવસાન પુખ્ત વયના થતા પહેલાં જ થઈ ગયું હતું અને હિજરી સન ૮ માં હઝરત ઝૈનબનું પણ અવસાન થઈ ગયુ હતું.

હઝરત રૂકૈયાની પ્રથમ શાદી અબૂ લહબના પુત્ર ઉત્બા સાથે થઈ હતી પણ રૂખસતી કરવામાં ન આવી હતી. અબૂ લહબની બુરાઈમાં સૂરએ અબી લહબ ઉતરી તો અબૂ લહબે ક્રોધમાં પોતાના છોકરાને તલાક આપી દેવાનું કહ્યું, આમ આપને તલાક થઈ ગઈ. આપનો બીજો નિકાહ હઝરત ઉષ્માન ગની સાથે થયો. હબ્શા અને મદીના બે હિજરતો કરી. આપનો એક પુત્ર અબ્દુલ્લાહ હતો જેમનું અવસાન હિજરી સન ૪ માં થયું, અને હઝરત





રૂકૈયાનું અવસાન હિજરી સન ૨ માં જ થઈ ગયું હતું.

હઝરત ઉમ્મે કુલ્ષૂમની પ્રથમ શાદી અબૂ લહબના પુત્ર ઓતૈબા સાથે થઈ હતી, ઉપરોક્ત કારણોનુસાર એમની પણ રૂખસતી વગર તલાક થઈ હતી હિજરી સન ૩ માં એમનો નિકાહ હઝરત ઉષ્માનગની સાથે કરવામાં આવ્યો. આપની ઔલાદ ન હતી. હિજરી સન ૯ માં એમનું અવસાન થઈ ગયું.

અમારા ઉલ્લેખથી તમને એ જાણ થઈ ગઈ કે આપણા પ્યારા નબીની ત્રણ છોકરીઓ ઝૈનબ, રૂકૈયા અને ઉમ્મે કુલ્ષૂમ પૈકી કુલ્ષૂમની ઔલાદ ન હતી, ઝૈનબ અને રૂકૈયાને છોકરો હતો પણ જીવંત ન રહ્યો, એટલે એમનાથી વંશ ચાલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હઝરત ફાતિમાના પુત્રો જીવંત રહ્યા એટલે વંશ ચાલુ રહેવાની ઈજ્જત આપને પ્રાપ્ત થઈ.

હઝરત ફાતિમા રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નાં નાનાં અને પ્યારાં પુત્રી હતાં. આપની શાદી હઝરત અલી શેરે ખુદા સાથે હિજરી સન : ૨ માં થઈ હતી. છ ઔલાદ છે, ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ. પુત્રોના નામો આ પ્રમાણે છે :–

(૧) **હસન** (૨) **હુસૈન** (૩) **મુહસિન.** પુત્રીઓનાં નામો આ પ્રમાણે છે : (૧) **ઝૈનબ** (૨) **ઉમ્મે કુલ્ષૂમ** (૩)**રૂકૈયા.** તેઓ પૈકી મુહસિન અને રૂકૈયાનું બાળપણમાં જ અવાસન થઈ ગયું હતું.

## ★ આપણા નબીનો વંશ પુત્રી ★

આપણા નબીને અલ્લાહ તઆલા તરફથી ઘણી બધી વાતોમાં અધિકાર આપવામાં આવ્યો છે, તેઓ પૈકી એક એ છે કે દરેકનો વંશ એના પુત્ર અને પછી એની ઔલાદથી છે, પણ આપણા નબીની વિશેષતા એ છે કે આપનો એક પુત્ર પણ હયાત ન રહ્યો. બાળપણમાં જ તેઓનું અવસાન થઈ ગયું એટલે પોતાના સગા પુત્રથી નબીનો વંશ ચાલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, તો આપણા નબીને ખુદા તરફથી આપવામાં આવેલા અધિકારથી હસન અને હુસૈનને પોતાના પુત્ર ફર્માવ્યા અને એને આધારે હસન અને હુસૈનને ઈબ્ને રસૂલ કહેવામાં આવે છે.

## ★ હસનૈનનું નબીના પુત્ર હોવું કુર્આનથી ★

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈસાઈઓથી મુબાહલો કરવાનું કહ્યું જેનું વર્ણન કુર્આન શરીફમાં સૂરએ આલે ઈમરાન આયત નં. ૬૧માં છે :–

قل تعالوا ندع ابناءنا وابناءكم ونساءنا ونساءكم وانفسنا وانفسكم ثم نبتهل فنجعل لعنة الله على الكاذبين

"ફર્માવી દો ! આવો ! બોલાવીએ અમે અમારા પુત્રોને અને તમે તમારા પુત્રોને અને અમારી સ્ત્રીઓને અને તમારી સ્ત્રીઓને અને અમારાને જીવોને અને તમારાને પછી મુબાહેલો કરી એ, પછી જૂઠાઓ પર અલ્લાહની લઅનત કરી છીએ."

તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૧ માં છે : હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, "અનફુસના વ અનુફુસકુમ" એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અને અલી બિન અબી તાલિબ છે. ''અબનાઅના'' હસન અને હુસૈન છે, ''નિસાઅના'' ફાતિમા છે. હાકિમે મુસ્તદરકમાં આ પ્રમાણે રિવાયત છે અને કહ્યું છે કે મુસ્લિમના તરીકા પર આ સહીહ છે. અબૂ દાઊદ તિયાલેસીએ શઅબાથી અને તેમણે મુગીરાથી અને તેમણે શઅબીથી મુરસલન રિવાયત કરી આ વધારે સહીહ છે.

તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧ માં છે, મુસ્લિમ, તિર્મિઝી વગેરેએ હઝરત સઅદ બિન વક્કાસથી રિવાયત કરી, એમણે કહ્યું કે જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બોલાવ્યા અલી, ફાતિમા અને હસનો હુસૈનને અને ફર્માવ્યું, અય અલ્લાહ ! આ મારા અહલ છે. *(અહલે બયત)*

આ રિવાયતોથી સ્પષ્ટ થયું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ "અબના અના"થી જેનો મતલબ છે અમારા પુત્રો હસન અને હુસૈનને મુરાદ લીધા. તો જાણવા મળ્યું હસન અને હુસૈન આપણા નબીના નવાસા છે, પણ આપના મળેલ અધિકારના આધારે આપે એમને પુત્ર ફર્માવી પોતાના વંશને એમનાથી ચાલશેનો ઈશારો ફર્માવ્યો. આ છે આપણા નબીની વિશેષતા કે સમગ્ર જગતનું પેઢીનામું એમના પુત્રોથી ચાલે અને





આપણા નબીનું પેઢી નામુ નવાસાઓથી ચાલે. એટલે સૈયદ હોવાની ઈજ્જત હઝરત ઈમામે હસન અને હઝરત ઈમામે હુસૈનની ઔલાદ અને એમની ઔલાદની ઔલાદને અંત સુધી પ્રાપ્ત રહેશે, જો વચમાં કોઈ શર્તનો ભંગ ન પડે જેનો અમે એની જગાએ ઉલ્લેખ કરીશું.

## ★ નબીના પુત્ર હોવું હદીષથી ★

કુર્આન શરીફમાં અમારા પુત્રો કહેવામાં આવ્યું તો આપણા નબીએ હઝરત હસનૈનને પુત્ર તરીકે સાથે લીધા અને જાહેર ફર્માવ્યું કે મારો કોઈ સગો પુત્ર હયાત નથી તો આ મારા પુત્રો છે. તો ફર્માને રસૂલથી તેઓ આપણા માટે પુત્રના દરજામાં આવી ગયા, તિર્મિઝી શરીફમાં હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ એ હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન બાબત ઈર્શાદ ફર્માવ્યો :– "આ બંને મારા પુત્રો છે." *(મિશ્કાત શરીફ, પેજ–૫૭૦)*

## ★ ઈજમાએ ઉમ્મત ★

ઉમ્મતે મુસલેમાના દરેક આલિમ અને બુઝુર્ગ આ બાબતે પોતાની એકમતી દર્શાવી છે. અને એમાં કોઈનો વિવાદ જોવા નથી મળતો કે હઝરત હસનૈન ઈબ્ને રસૂલ છે. અને નબીએ પાકની ઔલાદનો વંશ પરંપરાગત એમના થકી જ છે કિયામત સુધી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો વંશ એમનાથી ચાલશે અને એમની ઔલાદને પણ ઔલાદે રસૂલ કહેવામાં આવશે.

## ★ આ'લે રસૂલ હસની હુસૈની ★

હસનૈને કરીમૈનનું નબીના પુત્ર હોવું અને નબીનો વંશ એમનાથી ચાલવો સામાન્ય કાયદા મુજબ નથી પણ નબીના ફર્માનના આધારે છે અને આપની વિશેષતાને લઈને છે કે :– "રસૂલે પાક તમને જે આપે તે લઈ લો." આપે ફર્માવ્યું, હસનૈન મારા પુત્રો છે, તો અમે એમને નબીના પુત્ર તરીકે સ્વીકારી લીધા. તો જ્યારે ફર્માવ્યું કે ફર્માન આ બે માટે છે તો આ'લે રસૂલ અને આપણા સમાજના આધારે સૈયદ હોવાની ઈજ્જત માત્ર **હસની** અને **હુસૈની** સાદાતને જ પ્રાપ્ત રહેશે. નબીએ પાક

صلی اللہ تعالیٰ علیہ وسلم ના નિકટના કુટુંબી લોકો નિકટતાને લઈને બીજા લોકોથી ઉત્તમ છે, **પણ જે ફઝીલત સાદાતને ઔલાદ હોવાને લઈને પ્રાપ્ત છે એ બીજા લોકોને પ્રાપ્ત થશે નહીં.**

## ★ ફર્માને નબીનો પુરાવો ★

બરકાતે આ'લે રસૂલ, પેજ–૧૧૦, નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''દરેક માતાની ઔલાદ પોતાના પિતાના સગાઓથી સંબંધિત રહે છે, ફાતિમાની ઔલાદને છોડીને કે હું એમનો વાલી છું અને એમનો અસબા છું.''

અશ્શરફુલ મુઅબ્બદમાં, પેજ–૪૮ પર તબ્રાનીના પુરાવાથી હદીષ નકલ કરવામાં આવી છે. સરકારે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

جُعِلَ ذُرِّيَّةُ كُلِّ نَبِيٍّ فِي صُلْبِهٖ وَ اِنَّ اللّٰهَ تَعَالٰى جَعَلَ ذُرِّيَّتِيْ
فِيْ صُلْبِ عَلِيِّ بْنِ اَبِيْ طَالِبٍ

''બેશક ! અલ્લાહ عزوجل એ દરેક નબીની ઔલાદ એની પીઠમાં રાખી અને બેશક ! અલ્લાહ તઆલાએ મારી ઔલાદ અલી બિન અબી તાલિબની પીઠમાં રાખી.''

## ★ અસઆફુ ર્રાગેબીનનો પુરાવો ★

બરકાતે આલે રસૂલ, પેજ–૧૧૦ પર અસઆફુ ર્રાગ઼િબીનના પુરાવાથી લખવામાં આવ્યું છે. આ વિશિષ્ટતા માત્ર હઝરત ફાતિમાની ઔલાદ માટે છે. બીજી પુત્રીઓની ઔલાદ માટે નથી. (એટલે કે જો એમની ઔલાદ જીવંત રહેતી તો) એમની બાબત એ કહેવામાં ન આવતું કે હુઝૂર  એમના પિતા છે અને તેઓ આપના પુત્રો છે, જેમ કે આ વાત હઝરત ફાતિમા رضی اللہ عنہا ની ઔલાદ માટે કહેવામાં આવે છે.

## ★ આ'લા હઝરતનું મંતવ્ય ★

આલે ફાતિમા કા મખસૂસ ઈઅજાઝો ઈમ્તિયાઝ ક્યા હઝરત ફાતિમા ખાતૂને જન્નત કે ઝરિયાસે હય ક્યોં કે જનાબે સૈયિદા મૌસૂફા સૈયિદે કૌનૈન  કી સાહબઝાદી હંય, યા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم  કી જાતે





ખાસ કી બદોલત યે રૂત્બએ સાદાત હંય ? (આ પ્રશ્ન હતો)

(સાદાતનું ઉચ્ચતમ પદ હઝરત અલીથી છે કે પછી હઝરત ફાતિમાથી ?)

**અલ જવાબ** : અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم કી ઔલાદે અમજાદ ઔર ભી હંય, કુરૈશી, હાશેમી, અલવી હોનેસે ઉનકા દામાને ફઝાઈલ માલામાલ હંય, મગર યે શરફે આ'ઝમ કે હઝરતે સાદાતે કિરામ કો હય ઉનકે લિએ નહીં, યે શર્ફ હઝરત બતૂલે ઝહરા કી તરફ સે હય, કે :–

كُلُّ بَنِيْ اَبٍ يَنْتَمُوْنَ اِلٰى عَصَبَتِهِمْ وَ اَبِيْهِمْ اِلَّا بَنِيْ فَاطِمَةَ
فَاَنَا اَبُوْهُمْ

ફાતિમા મેરા ટુકડા હય, સબ કી ઔલાદેં અપને બાપકી તરફ નિસબત કી જાતી હંય સિવા ઔલાદે ફાતિમા કે  કે મૈં ઉનકા બાપ હૂં. (વલ્લાહુ તઆલા અઅ્લમ) *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૨૦૭)*

ખુલાસો એ કે હઝરત અલીની જે ઔલાદ હઝરત ફાતિમાથી છે તેમને **સૈયદ** કહેવામાં આવશે, અને બીજી પત્નીઓથી જે ઔલાદ છે તેમને **અલવી** કહેવામાં આવશે. પણ અલવીનું પદ નીચું છે તો સાદાતે હસની અને હુસૈનીથી, નહીં **તો એ સિવાયના અન્ય લોકો કરતાં એમનું પદ ઘણું જ ઊંચું છે, અહલે બયતમાં તો બધાંનો સમાવેશ છે.**

## ★ નબીના કુટુંબ જેવું કોઈ કુટુંબ નથી ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ  એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم ની ઔલાદમાંથી કિનાનાને ચૂંટી લીધું, કિનાનામાંથી કુરૈશને, કુરૈશમાંથી બની હાશિમને, અને બની હાશિમમાંથી મને ચૂંટી લીધો. *(બરકાતે આ'લે રસૂલ, પેજ–૯૧)*

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે બની હાશિમ જેવું કોઈ કુટુંબ નથી, અને બની હાશિમમાં પણ શ્રેષ્ઠ આપણા નબી છે. એટલે જે કુટુંબ બની હાશિમમાં આપણા નબીથી ચાલશે એ અતિ શ્રેષ્ઠ છે. એટલે **હસની** અને **હુસૈની** સાદાત બની હાશિમમાં પણ નબીની ઔલાદ હોવાને લઈને ઉત્તમ છે. ઉલમાએ જે સાદાતે હસની અને હુસૈનીના શ્રેષ્ઠ હોવાનો ફત્વો

આપ્યો તે આ પ્રમાણેની હદીષોના આધારે છે.

## ★ બની હાશિમ કોણ ?! ★

અમે તમને બતાવ્યું કે બની હાશિમમાં અતિ ઉત્તમ અને સર્વશ્રેષ્ઠ સાદાતે હસની અને હુસૈની છે. પણ બની હાશિમ જેઓ બીજા કુટુંબોથી ઉત્તમ છે તેનાથી આ લોકો મુરાદ લેવામાં આવે છે : હઝરત અલી, હઝરત જા'ફર, હઝરત અકીલ, હઝરત અબ્બાસ અને હારિષ બિન અબ્દુલ મુત્તલિબની ઔલાદ છે. **હનફી મસ્લકમાં આ સર્વને ઝકાત અને વાજિબ સદકાત આપવા જાઈઝ નથી**, અને આ બધા શરઈ હુકમમાં એકબીજાના કોફૂ છે એટલે તેઓમાં પરસ્પર શાદી વિવાહ થઈ શકે છે.

## ★ એક શંકાનું વિવરણ ★

અમુક લોકો એવું સમજે છે કે કોઈ વ્યક્તિને સૈયિદમાંથી કોઈ કાયદાને લઈને અલગ કરવામાં આવે તો એ સૈયિદ નથી, તે પછી આપણા જેવો છે ? તો આ ખોટી શંકા છે, સૈયિદ નથી તો આપણા જેવો છે, એ પોતાના દિમાગની પેદાવાર છે. અને આપણા સુન્નીઓમાં વર્તમાનકાળમાં દિમાગી પેદાવાર વધી ગઈ છે. શરીઅતનું વિચારવાનું નહીં, મનને ગમે તે માની લેવાનું, પરસ્પર થતા વિવાદો માત્ર આ કારણને લઈને જ છે. **આપણા માહોલ અને સમાજમાં જે સૈયિદ શબ્દને ખ્યાતી છે તે આ અર્થમાં છે કે તેઓ રસૂલે પાકની ઔલાદમાંથી છે**. તો કાયદાના આધારે જે ઔલાદમાં આવશે તેને ઔલાદ માનવામાં આવશે જે ઔલાદ નહીં તેને એ શબ્દથી અલગ રાખવામાં આવશે, તો એને લઈને **અલવી** એ હસની હુસૈની સાદાતમાંથી નથી, પણ એનો મતલબ એ પણ નથી કે તેઓ આપણી જેવા છે. ના ! તેઓ સૈયિદના કોફૂ છે, સાદાત સાથે તેઓ કોઈ પણ શંકા વિના વિવાહ કરી શકે છે. ઝકાત એમના માટે પણ ખાવી જાઈઝ નથી ભલે ગમે તેટલા ગરીબ હોય, તેઓ **અહલે બયત** જ છે, બની હાશિમ છે. સાદાતે હસની અને હુસૈની પછીનું પદ એમનું છે. નજીક નજીક બધુ જ એક જેવું છે, ફરક માત્ર ઔલાદે રસૂલ ન હોવામાં છે. તો આ વાત ભૂલવી ન જોઈએ. સારાંશ એ કે માહોલમાં કોઈ શબ્દો બોલીને કેવો અર્થ લેવામાં





આવે છે તે પ્રમાણે નિર્ણય લેવામાં આવશે.

## ★ અરબમાં સાદાતને શરીફ કહે છે ★

અરબના ઈલાકામાં **હસની** અને **હુસૈની સાદાતને શરીફ** કહેવામાં આવે છે, ત્યાં **શરીફ**થી એ સમજવામાં આવે છે કે તેઓ રસૂલે પાકની ઔલાદમાંથી છે. તો ત્યાં સૈયિદ ગમે તેને માટે ઉપયોગમાં લાવી શકશે, **તેમના માહોલમાં સૈયિદ એટલે સરદાર, આગેવાન.** જેથી ત્યાં દરેક આગેવાન અને સરદારને સૈયિદ બોલશે. પણ આપણા ત્યાં કોઈના નામની સાથે માત્ર સૈયિદ શબ્દ એ ઔલાદે રસૂલમાંથી હશે તો રજા મળશે, નહીં હોય તો એને એ શબ્દ શબ્દકોષના અર્થના આધારે પણ કહેવાની રજા આપવામાં આવે નહીં, એનાથી સૈયિદ બોલીને રસૂલે પાકની ઔલાદ મુરાદ લેવામાં આવે છે એમાં શંકા ઉપસ્થિત થાય છે. આપણા માહોલમાં શરીફ ગમે તેમાં બોલે એ જાણે, પણ સૈયિદનો શબ્દ ગમે તે ઉપયોગ કરી લે અને ગમે તેના માટે ઉપયોગ કરી લે એ જાઈઝ ઠરશે નહીં. એવા વ્યક્તિને સખતીથી રોકવામાં આવશે. કેમ કે અહીં **સૈયદ**થી મુરાદ અવલાદે રસૂલ (હસની કે હુસૈની સૈયદ) જ સમજવામાં આવે છે, જેથી ગલતફહમી ઉભી થશે.

અલ્લામા નબહાની ફર્માવે છે કે કુસ્તુનતુનિયામાં સૈયિદનો શબ્દ અશરાફ (સાદાત) સાથે ખાસ નથી, આ શહેરના બજારમાં જઈને જુઓ તો તમને જવલ્લે જ કોઈ એવો સ્ટામ્પ જોવા મળે જેના પર સૈયિદ ન લખવામાં આવ્યું હોય. જે સૈયિદ વંશના આધારે સત્ય સૈયિદ છે, તે અને દીનદાર અને શરમવાળો મુસલમાન હોય તો સૈયિદ ન લખે. અશરાફ (સાદાત) પોતાના સ્ટામ્પ પર સૈયિદ નથી લખતા એટલા માટે કે લોકોને એમના વંશમાં શંકા ન થઈ જાય. *(અશ્શરફુલ મઅબ્બદ, પેજ-૪૧)*

એમના કહેવાનો ભાવાર્થ એ છે કે કુસ્તુનતુનિયામાં સૈયિદના શબ્દ પર પાબંદી ન લગાડવામાં આવી તો દરેક જ વ્યક્તિ સૈયિદ લખતો થઈ ગયો, તો જેઓ ખરેખર સૈયિદ છે તેમણે પોતાને સૈયિદ લખવાનું જ છોડી આપ્યું. જ્યારે દરેક જ પોતાને સૈયિદ લખવા માંડયો તો હવે સાચો સૈયિદ પોતાને સૈયિદ લખે તો એનાથી રસૂલે પાકની ઔલાદ હોવું કેમ પુરવાર થાય ?

## ★ ફકીહે મિલ્લતનું મંતવ્ય ★

ફકીહે મિલ્લત હઝરત મુફતી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ખુત્બાતે મુહર્રમ, પેજ–૨૪૯ પર લખે છે : યહી હાલ અનકરીબ ઈસ મુલ્કમેં ભી હોનેવાલા હય કે જો સૈયિદ સહીહુન્નસબ હોગા વોહ અપને નામ કે સાથ સૈયિદ નહીં લિખેગા, ઈસ લિએ કે અબ બહુતસે દૂસરે લોગ અપને કો સૈયિદ લિખને લગે હંય, તો વોહ અપને નસબ કો ઈશ્તિબાહ સે બચાને કે લિએ અપને નામ કે સાથ સૈયિદ લિખને સે પરહેઝ કરેંગે. જૈસે કે બહોત સે લોગોંને જબ અપને નામ કે સાથ અન્સારી લિખના શુરૂ કર દિયા તો મદીના તૈયિબા કા અન્સારી ખાનદાન જો ઈસ મુલ્ક મેં હય ઉસને અન્સારી લિખના છોડ દિયા.

હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે હિંદુસ્તાનમાં પણ લોકોએ જૂઠા દા'વા કરવાનું શરૂ કરી દીધું છે અને હવે જગા જગાએ સૈયિદ કહેવાવાળાઓની સંખ્યા વધવા લાગી છે. તો હવે એ ભય લાગે છે કે જે લોકો સાચા સૈયિદ અને આ'લે રસૂલ છે તેમણે પોતાનું કુટુંબી ઓળખપત્ર બદલવું પડશે. નહીં તો ખોટો દા'વો કરનારાઓ આગળ જતાં તેમના કુટુંબને પણ શંકામાં નાખી દેશે.

## ★ હરામી ન બનો ! ★

લોકો પોતાના માહોલમાં સૈયિદોને ઈજ્જત આપે છે તો એમની ઈજ્જતને જોઈને કેટલાક લોકોને ઈર્ષા થવા લાગી તો તેમણે અજાણી જગાએ જઈને પોતાને સૈયિદ કહી ખોટી રીતે ઈજ્જત કમાવવાનું શરૂ કર્યું ! પણ એમણે એ વિચારવું જોઈએ કે સાચો સૈયિદ પોતાને સૈયિદ કહે તો એનો હક્ક છે, સૈયિદ સમજીને એની ઈજ્જત કરવામાં આવે એ પણ હક્ક છે. પણ જૂઠો દા'વો કરી પોતાને સૈયિદ લોકોના વર્તુળમાં લઈ આવનાર પોતાને હલાલ સ્થાનેથી બહાર કરી હરામીની લિસ્ટમાં દાખલ કરનાર છે ! ખોટી રીતે સૈયિદના શબ્દની ચોરી કરીને એને સારું તો લાગતું હશે પણ વાસ્તવમાં એ પોતાને સૈયિદ નહીં હરામી કહેવડાવી રહ્યો છે. અને આખેરતનું નુકસાન તો એની જગાએ ઊભું છે.





## ★ જૂઠાઓ ! સાવધાન ! ★

બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, અબૂ દાવૂદ શરીફ, તિર્મિઝી શરીફ, નસાઈ શરીફ વગેરે હદીષની આધારભૂત કિતાબોમાં હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم થી રિવાયત છે : સરકારે અકદસ એ ફર્માવ્યું :–

مَنِ ادَّعٰی اِلٰی غَیْرِ اَبِیْہِ فَعَلَیْہِ لَعْنَۃُ اللّٰہِ وَ الْمَلٰٓئِکَۃِ وَ النَّاسِ
اَجْمَعِیْنَ لَا یَقْبَلُ اللّٰہُ مِنْہُ صَرْفًا وَّ لَا عَدْلًا

"જે પોતાના બાપને છોડીને બીજાથી પોતાને સંબંધિત કરે તો એના પર અલ્લાહ , ફરિશ્તાઓ અને સઘળા લોકોની લા'નત છે. અલ્લાહ તઆલા એનો ફર્ઝ અને નફ્લ કંઈ કબૂલ કરશે નહી."

આ હદીષથી જાણવા મળ્યું કે પોતાનો બાપ છોડીને બીજા તરફ પોતાનો સંબંધ કરવો ગમે તે કુટુંબમાં લઈ જઈને હોય તો પણ એ હરામ સખત હરામ છે અને અલ્લાહ અને એની મખ્લૂકની લા'નતનું કામ છે, એની ઈબાદતો કબૂલ કરવામાં આવતી નથી, તો પછી કોઈ જૂઠી રીતે પોતાને નબીના કુટુંબમાં લઈ આવે તે કેટલા મોટા ગુનાહનું કામ છે એ પોતે જ સમજી શકાય છે. તો જૂઠી રીતે દા'વો કરી સૈયિદ અને આ'લે રસૂલના વર્તુળ માં આવનાર લોકો આ હદીષે પાકથી શિખામણ પ્રાપ્ત કરી ખોટા દા'વાથી તૌબા કરી લે. નહીં તો ખોટી ઈજ્જત આખેરતમાં કામ લાગશે નહીં.

## ★ તમે શું કરશો ? ★

જો કોઈ વ્યક્તિ સૈયિદ હોવાનો દા'વો કરે અને આપણને ખબર નથી કે એ સાચો સૈયિદ છે કે નથી તો એને સૈયિદ માની લેવામાં આવશે. જો એ ખોટો દા'વો કરતો હશે તો અલ્લાહ તરફથી નુકસાન એને પહોંચશે, અદબ કરનારને એનો બદલો મળી જશે. કારણ કે એની નિય્યત નબીની ઔલાદની ઈજ્જત કરવાની છે. પણ કોઈ વ્યક્તિ દા'વો કરે અને એનું એ દાવામાં જૂઠ હોવું સાબિત થઈ જાય તો એના જૂઠા હોવાની પુરાવા સાથે ખ્યાતી આપવામાં આવશે. કારણ કે ખોટો દા'વો કરનાર સાચા લોકોમાં શંકા પેદા કરવા ઈચ્છે છે એટલે નબીના કુટુંબના રક્ષણ માટે ખોટા લોકોને છોડવામાં આવશે નહીં.

## હઝરત ઈમામ હસન رضی اللہ عنہ

આપનો જન્મ ૧૫ રમઝાનુલ મુબારક, હિ.સ. ૩ માં થયો. આપનું જન્મ સ્થાન મદીના શરીફ છે. અમુક લોકોએ રમઝાનની જગાએ શાબાનના અંતિમ દિવસોનો પણ ઉલ્લેખ કર્યો છે. જન્મ પછી નબીએ પાક رضی اللہ عنہ એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને કહ્યું કે તમે એમનું નામ રાખો. એમણે વિનંતિ કરતાં કહ્યું, અય અલ્લાહના રસૂલ ! એમનું નામ આપ રાખો. આપે ફર્માવ્યું, હું આ બાળકનું એ નામ રાખીશ જે અલ્લાહ તઆલા ફર્માવશે. હઝરત જિબ્રઈલે અમીન નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં આવ્યા અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલા આ છોકરાના જન્મ પર આપને મુબારકબાદ આપે છે અને ફર્માવે છે, એમનું નામ હઝરત હારૂન علیہ الصلوٰۃ والتسلیم ના પુત્રનું નામ રાખો શબ્બર જેનો અર્થ છે હસન. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમનું નામ હસન રાખ્યું. જન્મ પછી સાતમા દિવસે આપનો અકીકો કરવામાં આવ્યો. પછી માથાના વાળ મુંડાવ્યા અને ફર્માવ્યું, વાળના વજન જેટલી ચાંદી સદકો કરો. આપણા નબીએ એમના કાનમાં અઝાન પણ કહી હતી.

### ★ આપની શક્કલ ★

આપની શક્કલ મુબારક આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم થી મળતી આવતી હતી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, હસન રસૂલુલ્લાહથી (શક્કલમાં) મળતા આવતા માથાથી લઈને છાતી સુધી અને હુસૈન એનાથી નીચેના ભાગમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી મળતા આવતા. *(ઈમામે અહમદની રિવાયતથી ઈબ્ને કષીર)*

### ★ આ'લા હઝરતે નક્શો ખેંચ્યો ★

હઝરત હસનૈન શક્કલમાં સૂરતમાં અને શરીરના અવયવોમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને મળતા આવતા હતા તેનો નક્શો શાયરીમાં આપણા ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ આ પ્રમાણે ખેંચ્યો :–





મા દુમ ન થા સાયએ શાહે ષકલૈન
ઉસ નૂર કી જલ્વાગાહ થી ઝાતે હસનૈન

તમષીલને ઉસ સાય કે દો હિસ્સા કીએ
આધે સે હસન બને હંય આધે સે હુસૈન

### ★ કહેવાનો ભાવાર્થ ★

કહેવાનો ભાવાર્થ એ છે કે આપણા નબી નૂરના છે, એટલે સૂર્યના પ્રકાશમાં પણ આપનો પડછાયો ન પડતો હતો. આ'લા હઝરત ફર્માવે છે કે પડછાયો ન પડવાનું કારણ એ છે કે એ પડછાયાના બે ભાગ કરીને એક ભાગ હસનને અને બીજો ભાગ હુસૈનને આપવામાં આવ્યો, જેને લઈને હસનૈનનું બદન અને શરીર જોવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાકના શરીરથી મળતું આવતું હતું.

## હદીષોથી ઈમામે હસનની વિશેષતા

### ★ પ્રિય સવારી ★

મિશ્કાત શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : ફર્માવે છે રસૂલે અકરમ નૂરે મુજસ્સમ હઝરત હસનને પોતાના ખભા પર બેસાડેલ હતા. એક સહાબાએ (આ સુંદર દશ્ય જોઈને કહ્યું) نِعْمَ الْمَرْكَبُ رَكِبْتَ يَا غُلَامُ "અય રાજ કુવંર ! તારી સવારી કેટલી સુંદર છે." રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :– وَ نِعْمَ الرَّاكِبُ هُوَ "અને સવાર પણ કેટલો સારો છે !" (મતલબ એ કે અય મારા સહાબી ! તમે એ જોઈને તો આશ્ચર્યમાં પડી ગયા છો કે નબીએ મુહતરમ સવારી છે, પણ સાથે એ પણ વિચારો કે નબીની પ્રિય સવારી કોના માટે છે ? હસન માટે. તો હસન પણ સારા છે કે એમને નબીના ખભે સવાર થવાનો મોકો મળી રહ્યો છે.)

### ★ નબીની પ્યારી દુઆ ★

અલ્લાહ તઆલાએ આપણને એ બશારત અને ખુશ ખબર

સંભળાવી કે :– اُدْعُوْنِیْ اَسْتَجِبْ لَكُمْ તમે મારાથી દુઆ કરો હું તમારી દુઆ કબૂલ કરીશ, તો પછી આપણા નબીની દુઆની હાલત કેવી હશે ?

ઈજાબતને બઢકર ગલેસે લગાયા
બઢી નાઝસે જબ દુઆએ મુહમ્મદ

આપણા તે પ્યારા નબીએ હઝરત ઈમામ હસન માટે દુઆ ફર્માવી. બુખારી શરીફમાં હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે, આપ ફર્માવે છે કે મેં રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે આપ હઝરત હસન رضی اللہ عنہ ને પોતાના ખભા પર બેસાડેલા છે અને દુઆ કરતા રહ્યા છે :–

اَللّٰهُمَّ اِنِّیْ اُحِبُّهٗ فَاَحِبَّهٗ وَاَحِبَّ مَنْ يُّحِبُّهٗ

"અય અલ્લાહ ! હું એમનાથી મહબ્બત કરું છું તું પણ એમને પ્રિય બનાવી લે !"

## ★ નબીનું પ્રિય ખુદાનું પ્રિય ★

એ ઈજમાઅ અને સઘળા ઉલમાએ અહલે સુન્નતની સર્વ સંમંતિથી પાસ થયેલ મસ્અલો છે કે આપણા નબીને જે પ્રિય છે, અલ્લાહ તઆલાને પણ પ્રિય છે. وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "અને નિકટમાં તમને તમારો રબ એટલું અર્પણ કરશે કે તમે ખુશ ખુશ થઈ જશો." હઝરત ઈમામ હસન આપને પ્રિય છે, એટલે અલ્લાહને પણ તેઓ પ્રિય છે. તે પણ આપણા પ્યારા નબી અલ્લાહથી દુઆ કરી રહ્યા છે કે :– "અય અલ્લાહ ! એ મને પ્રિય છે જ તું પણ એને પ્રિય બનાવી લે." આ દુઆ ખુદાની બારગાહમાં એમની પ્રિયતામાં વધારો કરે છે.

## ★ હઝરત ફાતિમાની પ્રિયતા ★

આપણા નબી તો અલ્લાહના મહબૂબ છે, એટલે આપનું પ્રિય અલ્લાહનું પ્રિય છે. પણ આપણા નબીની પ્યારી દુખ્તર બતૂલે ઝહરા હઝરત ફાતિમા رضی اللہ عنہا ની પ્રિયતા નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુખ્તર હોવાને લઈને કેટલી છે તેને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનથી સમજો અને બીજા લોકોને સમજાવો.





હાકિમની મુસ્તદરકમાં ઈબ્ને નજ્જારએ, અને કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૩ માં હઝરત અમીથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ફાતિમાને ફર્માવ્યું :–

اِنَّ اللّٰهَ يَغْضَبُ لِغَضَبِكِ وَيَرْضٰى لِرِضَاكِ

"બેશક ! તમારા ક્રોધમાં અલ્લાહનો ક્રોધ છે અને તમારી ખુશીમાં ખુશ થાય છે."

જેમના નાનાની ખુશીમાં અલ્લાહની ખુશી, જેમની માતાની ખુશીમાં અલ્લાહની ખુશી એવા હસન અને હુસૈન ખુદાની બારગાહના પ્રિય કેમ ન હોય ?! અને વળી ઉપરથી ખુદાની બારગાહમાં એમના પ્રિય હોવાની દુઆ નબીના મુખથી એમને પ્રિયતા કેમ ન અપાવે ?! અને જે નબીના પ્રિય, એમના સદકામાં ખુદાના પ્રિય તેવા હસન અને હુસૈન મુસલમાનોને પ્રિય કેમ ન હોય ?!

## ★ નબીની દુઆમાં ભાગ લેવો છે ? ★

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાથી હઝરત ઈમામ હસનના પ્રિય હોવાની દુઆ તો કરી પણ જે એમને પ્રિય રાખે એના પણ ખુદાની બારગાહમાં પ્રિય થવાની દુઆ માંગી છે. તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ દુઆમાં આપણે ભાગ લેવો હોય અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆ થકી ખુદાની બારગાહમાં પ્રિય બનવું હોય તો આપણે હઝરત ઈમામે હસન رضی اللہ عنہ થી મહબ્બત અને પ્રેમ રાખવો જોઈએ.

કન્ઝુલ ઉમ્માલમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હસન બાબત ફર્માવ્યું :–

اَللّٰهُمَّ اِنِّیْ اُحِبُّهٗ فَاَحِبَّهٗ وَاَحِبَّ مَنْ يُّحِبُّهٗ

"અય અલ્લાહ ! હું એમનાથી મહબ્બત રાખું છું, તું પણ એમનાથી મહબ્બત ફર્માવ અને જે એમને પ્રિય રાખે એનાથી પણ મહબ્બત ફર્માવ."

## ★ હસન નબીના ખભે ★

રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ઈમામે હસનને જ્યારે તેઓ બાળક હતા ખભે બેસાડીને ફરતા હતા. ઈબ્ને અસાકિરના પુરાવાથી કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે : એમણે કહ્યું કે મેં અલ્લાહના રસૂલને જોયા કે હસન બિન અલીને પોતાના ખભે ઉઠાવેલ હતા અને એની એમની લાળ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પર ટપકી રહી હતી.

## ★ હસન સરદાર છે ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી હઝરત સઈદ મકબોરીથી રિવાયત છે : એમણે કહ્યું કે અમે હઝરત અબૂ હુરૈરહ્ સાથે હતા, એટલામાં હઝરત હસન બિન અલી આવ્યા અને સલામ કરી, તો હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

وَ عَلَيْكَ السَّلَامُ يَا سَيِّدِي મેં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે આપ સૈયિદ છે (સરદાર છે).

## ★ એમની મહબ્બતનો પ્રચાર કરો ★

કન્ઝમાં ઈબ્ને મુન્દા, ઈબ્ને અસાકિર અને મુસ્તદરકના પુરાવાથી ઝોહૈર બિન અકરમથી રિવાયત છે : ફર્માવ્યું, હસન બિન અલી ખુત્બો દઈ રહ્યા હતા એટલામાં અઝદનો એક વ્યક્તિ લાંબો અને ભૂરો હતો, કહ્યું, મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા છે, આપને (હસનને) પોતાના ખોળામાં રાખી ફર્માવી રહ્યા હતા કે :–

مَنْ اَحَبَّنِي فَلْيُحِبَّهُ فَلْيُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ "જે મારાથી મહબ્બત રાખતો હોય તે આનાથી મહબ્બત રાખે, તો જે હાજર છે ગેર હાજર સુધી (મારી વાત) પહોંચાડી આપે." એમની બીજી રિવાયતમાં એટલો વધારો છે કે જો રસૂલે પાકનું ફર્માન ન હોતું તો હું કોઈને એ વાત ન કહેતો. એટલે કે મારા પ્રચારનું કારણ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે હાજર ગેર હાજરને આ વાત પહોંચાડે. તો આપણે હઝરત હસનને પ્રિય રાખી બીજા લોકોને એ શિખામણ આપવી જોઈએ કે એમનાથી મહબ્બત રાખે.





## ★ જીભ ચૂસવું ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી છે :– હઝરત અબૂ હુરૈરહ્એ રિવાયત કરી, ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે હસનની જીભ ચૂસતા જેમ કે માણસ ખજૂર ચૂસતો હોય. એટલે કે હઝરત ઈમામે હસન આપને એટલા પ્રિય હતા કે એમની જીભને પણ મહબ્બતમાં ચૂસી લેતા.

## ★ જીભ ચૂસાડી ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી છે : હઝરત અબૂ જા'ફરએ રિવાયત કરતાં કહ્યું કે જ્યારે હસન રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હતા એટલામાં એમને ઘણી જ તરસ લાગી, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાણી માંગ્યું પણ મળ્યું નહીં, તો આપે પોતાની જીભ એમને આપી. એમણે તૃપ્ત થતાં સુધી ચૂસી.

## ★ સીને લગાડયા ★

ઈબ્ને અસાકિરએ હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم હસનને પકડતા, સીનેથી લગાડતા અને પછી ફર્માવતા, અય અલ્લાહ ! આ બેશક ! મારો પુત્ર છે. હું એને પ્રિય રાખું છું તો તું પણ એમને પ્રિય રાખ, અને જે એમને પ્રિય રાખે તેને પણ તું પ્રિય રાખ.

## ★ હસન મારાથી છે ★

કન્ઝમાં મુસનદે હુસૈન બિન ઔફ અસઅમીના પુરાવાથી છે કે મિકદામ બિન માદી કરબ અને અમ્ર બિન અસવદની જમાઅત કન્સરીનમાં આવી, હઝરત મુઆવિયાએ મિકદામને કહ્યું, શું તમને જાણ થઈ કે હસન બિન અલી رضی اللہ عنہ નું અવસાન થઈ ગયું ? મિકાદામે ઈન્નાલિલ્લાહ પઢી. મુઆવિયાએ પૂછયું, શું તમને એ મુસીબત લાગી ?! કહ્યું, કેમ નહીં ?! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એમને પોતાના ખોળામાં રાખતા હતા અને ફર્માવ્યું : هٰذَا مِنِّي وَ حُسَيْنٌ مِنْ عَلِيٍّ "હસન મારા છે અને હુસૈન અલીના છે." એટલે કે હસન મને ઘણા જ પ્યારા છે.

## ★ આપને પ્રિય રાખો ★

ઈબ્ને અસાકિરના પુરાવાથી કન્ઝમાં હઝરત અલીથી રિવાયત છે : ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારી પાસે પધાર્યા અને ફર્માવ્યું, છોકરો ક્યાં છે ? છોકરો અહીં છે. તો ચાદરમાં હસન આપની પાસે આવ્યા અને પોતાના હાથ ફેલાવ્યા, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ હાથ ફેલાવ્યા અને એમને ઊંચકી લીધા અને ફર્માવ્યું, મારા માતા પિતા એમના પર ફિદા જે મને પ્રિય રાખે આને પ્રિય રાખે. એટલે કે મારાથી મહબ્બત છે તો પછી તમારે હસનથી મહબ્બત રાખવી જ જોઈએ.

## ★ છાતી પર ચઢાવતા ★

ગોરર અને અમષાલના પુરાવાથી કન્ઝમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું, કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે હસન બિન અલીનો હાથ પકડયો અને એમના પંજાઓ પોતાના ગુઠણ પર રાખ્યા અને ફર્માવવા લાગ્યા, નાની આંખવાળા ચઢો !

ઈબ્ને અસાકિરના પુરાવાથી છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મારા બંને કાનોએ સાંભળ્યું અને મારી બંને આંખોએ જોયું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના બંને હાથોથી હસન અથવા હુસૈનને પકડતા અને એમના પંજાઓ રસૂલે પાકના પંજા પાસે હોતા અને આપ ફર્માવતા, અય અશક્ત નાની આંખવાળા ચઢો ! તો બાળક ચઢતું એટલે સુધી કે એના પંજાઓ રસૂલુલ્લાહની છાતી સુધી પહોંચી જતા, પછી આપ ફર્માવતા, તમારું મોઢું ખોલો પછી એમને ચુમ્મો આપતા અને દુઆ કરતા :– اَللّٰهُمَّ اَحِبَّهٗ فَاِنِّیْ اُحِبُّهٗ "અય અલ્લાહ ! એમને પ્રિય રાખ !" કારણ કે હું એમને પ્રિય રાખું છું.

## ★ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની મહબ્બત ★

મુસ્તદરક, નસાઈ અને તબકાતે ઈબ્ને સઅદના પુરાવાથી કન્ઝમાં છે, ઉકબા બિન હારિષથી રિવાયત છે : આપે ફર્માવ્યું, હું હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સાથે નીકળ્યો નમાઝે અસર પછી, રસૂલે પાકના પર્દો ફર્માવ્યા પછી અમુક દિવસોમાં અને હઝરત





અલી આપની બાજુમાં હતા. આપ હઝરત હસન બિન અલી પાસેથી પસાર થયા અને આપ બાળકો સાથે રમી રહ્યા હતા, હઝરત અબૂબક્રએ એમને પોતાના ખભા પર ઉઠાવી લીધા અને ફર્માવવા લાગ્યા :–

بِاَبِیْ شَبِیْهٌ بِالنَّبِیِّ — بِاَبِیْ شَبِیْهٌ بِالنَّبِیِّ

"મારા પિતા કુર્બાન નબીથી મળતા આવો છે ! અલીથી મળતા નથી આવતા !" (આ વાત સાંભળીને) હઝરત અલી હસી રહ્યા હતા !

## ★ ડૂંટીનું ચુમન ★

કન્ઝમાં ઉમર બિન ઈસ્હાકથી રિવાયત છે : બેશક ! અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ હસન બિન અલી સાથે મુલાકાત કરી અને ફર્માવ્યું, પોતાનું કપડું ઉઠાવો કે હું ચૂમું જે જગાએ મેં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચૂમન કરતાં જોયા, તો એમણે પોતાના પેટ પરથી કપડું હટાવ્યું, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ પોતાનું મોઢું એમની ડૂંટી પર રાખ્યું.

## ★ ગયબની ખબર ★

બુખારીમાં હઝરત અબૂબક્રથી રિવાયત છે એમણે ફર્માવ્યું કે મેં રસુલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે આપ મિમ્બર પર બિરાજમાન છે અને હઝરત હસન એમની બાજુમાં બેસેલા છે. આપ ક્યારેક સહાબા તરફ કેન્દ્રિત થતા અને ક્યારેક એમની તરફ. અને ફર્માવ્યું :–

اِبْنِیْ هٰذَا سَیِّدٌ وَلَعَلَّ اللّٰهَ اَنْ یُّصْلِحَ بِهٖ بَیْنَ فِئَتَیْنِ مِنَ الْمُسْلِمِیْنَ

"મારો આ પુત્ર સરદાર છે. જરૂર અલ્લાહ તઆલા એમના થકી મુસલમાનોની બે જમીનોમાં સુલેહ કરશે." અને એવું જ થયું કે જ્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની શહાદત પછી આપ મુસલમાનોના ખલીફા બન્યા અને લોકોએ સીરિયામાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સાથે યુદ્ધ કરવાનું કહ્યું તો આપે મનાઈ કરી અને અમીર મુઆવિયા رضی اللہ عنہ ને અમુક શરતો લખીને આપી અને ખિલાફત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને સોંપી પોતે સુલેહ સાથે અલગ થઈ ગયા.

## ★ ત્રણ શરતો સાથે સુલેહ ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની શહાદત પછી છ મહીના સુધી આપ ખલીફા રહ્યા, પછી જયારે મુઆવિયા رضی اللہ عنہ કૂફા આવ્યા એમની સાથે આપે ત્રણ શરતોના સ્વીકાર પર સુલેહ કરી :– **(૧)** હાલ અમીર મુઆવિયા رضی اللہ عنہ ખલીફા રહેશે પરંતુ એમના અવસાન પછી ઈમામ હસન رضی اللہ عنہ ખલીફતુલ મુસ્લિમીન બનશે. **(૨)** મદીના શરીફ, હિજાઝ અને ઈરાકના લોકોથી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના જમાનાએ ખિલાફતની વાતોનો કોઈ બદલો લેવામાં નહીં આવે. **(૩)** ઈમામ હસન رضی اللہ عنہ ના માથે જે કંઈ કર્ઝ અને દેવું હોય એ બધું અમીર મુઆવિયા رضی اللہ عنہ અદા કરશે. *(અલ બિદાયા વિન્નિહાયા, ભાગ–૮)*

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ એ ત્રણ શરતો સ્વીકારી લીધી અને હઝરત ઈમામે હસન ખિલાફતથી અલગ થઈ ગયા અને અમીર મુઆવિયા رضی اللہ عنہ ઈસ્લામી પ્રદેશના ખલીફા બની ગયા. આપણા પ્યારા નબીએ એમની બાબત જે ગયબની ખબર સંભળાવી હતી તે મો'જિઝો બનીને જાહેર થઈ. તારીખુલ ખુલફામાં છે કે હિજરી સન ૪૧ માં આ બનાવ બન્યો અને ખિલાફતનું તખત અમીર મુઆવિયા رضی اللہ عنہ માટે ખાલી કરી દેવામાં આવ્યું.

## ★ શરમ આગ કરતાં સારી ★

ઈરાકના મુસલમાનોએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની શહાદત પછી પોતાની ઈચ્છાથી હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ને હાથે બયઅત કરી હતી. તેમની ઈચ્છા એ જ હતી કે આપ ખલીફા રહે, અને સિરિયા પર હુમ્લો કરી અમીર મુઆવિયા رضی اللہ عنہ ને સત્તા પરથી હટાવી આપે. પણ આપે એ પસંદ ન કર્યું કે અને સુલેહ કરી પોતે સત્તા પરથી ખસી ગયા. તો સમજદાર લોકો તો માની ગયા પણ અમુક માથાભારે લોકોને પસંદ ન આવ્યું તેઓ હઝરત ઈમામથી નારાજ થઈ ગયા અને આપને આરુલ મુસ્લિમીન કહેતા હતા. મતલબ એ હતો કે તમે તો મુસલમાનોને શરમ આવે એવું કામ કર્યું છે. ખિલાફત તમને આપવામાં આવી તો તમે ઉઠાવીને બીજાને આપી દીધી. આપ એમની વાતનો આખેરત સંબંધિત





જવાબ આપતા હતા કે જવાબ પણ બની જાય અને શિખામણ પણ થઈ જાય. આપ ફર્માવતાં اَلْعَارُ خَيْرٌ مِّنَ النَّارِ કે **શરમ દોઝખની આગથી ઉત્તમ** છે. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮)*

## ★ મદીનામાં આપનું આગમન ★

આપની રાજધાની કૂફામાં હતી પણ જયારે ખિલાફતથી અલગ થઈ ગયા, આપ કૂફા છોડીને મદીના શરીફ પરત આવ્યા, તારીખુલ ખુલફામાં છે કે જુબૈર બિન નુફૈરએ એક દિવસ હઝરત ઈમામને પૂછયું કે લોકોનું કહેવું એવું છે કે આપ ખિલાફતની સત્તા ફરી લેવા ઈચ્છો છો ? આપે ફર્માવ્યું, જયારે અરબોના માથાઓ મારા હાથમાં હતાં, એ સમયે ઈચ્છતો એમનાથી લડાવી દેતો પરંતુ એ સમયે માત્ર અલ્લાહને ખુશ રાખવા ખિલાફતના પદથી અલગ થઈ ગયો અને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મતનું લોહી વહેવા ન દીધું તો હવે લોકોને ખુશ કરવા એને બીજી વખત લઈ નથી શકતો. એટલે કે એ જે સાંભળવામાં આવ્યું હશે એ અફવા છે, મારી એવી કોઈ ઈચ્છા નથી. વાયદો કરીને ખસી ગયો, હવે વાયદો ખિલાફી કરવી મારું કામ નથી.

## ★ હઝરત હસન رضی اللہ عنہ ની તકરીર ★

હઝરત અલીના દિલમાં પોતાના મોટા પુત્ર હસનની ઘણી ઈજ્જત હતી, આપ એમની ઈજ્જત કરતા હતા. એક દિવસ ફર્માવ્યું, જો તમે તકરીર કરો તો હું પણ સાંભળું, એમણે વિનંતિ કરી કે મને આપ સમક્ષ મોઢું ખોલવામાં શરમ આવે છે. એક દિવસ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એવી જગાએ જઈને બેઠા જ્યાંથી હઝરત હસન رضی اللہ عنہ ને દેખાઈ ન શકે. હઝરત હસને લોકો સામે તકરીર કરી અને હઝરત અલીએ સાંભળી. બયાન ખત્મ થયા પછી આપે ફર્માવ્યું :–

ذُرِّيَّةً بَعْضُهَا مِنْ بَعْضٍ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ

''વંશ એક જ તો છે અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે.'' *(અલબિદાયા વન્નિહાયા, ભાગ–૮)* એટલે કે જેમના પિતા અલી શેરે ખુદા અને જેમની માતા હઝરત ફાતિમા, જેમના નાના સરદારે અંબિયા હોય

પછી તેમનું દરેક કામ વખાણવા લાયક કેમ ન હોય ? નસલ અસલ સાથે સંબંધિત હોય છે.

## ★ હઝરત હસન રસૂલે પાકની પીઠ પર ★

અલ ઈસાબા ફી તમીઝિસ્સહાબા, ભાગ–૧ માં છે : ઈમામ અહમદએ હાશિમ બિન કાસિમથી અને એમણે મુબારક બિન ફઝાલાથી રિવાયત કરી, એમણે કહ્યું કે હસન બિન અબુલ હસનએ અમને બતાવ્યું કે અબૂબક્ર رضی اللہ عنہ એ એમને કહ્યું કે, રસૂલુલ્લાહ એક દિવસ નમાઝ પઢાવી રહ્યા હતા, આપ સિજદામાં ગયા તો હસન બિન અલી આપની પીઠ પર ચઢી ગયા, અને ઘણી વખત આવું જોવામાં આવ્યું. તો લોકોએ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને વિનંતિ કરી કે આકા ! અમે જોઈ રહ્યા છીએ કે આપ જેટલા એમને ચાહો છો બીજા કોઈને નથી ચાહતા. ફર્માવ્યું, મારો આ પુત્ર સરદાર છે. અલ્લાહ એમના હાથે મુસલમાનોની બે જમાઅતોમાં સુલેહ કરાવશે.

## ★ મુસલમાનોને ઈજ્જત આપવી ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સાથે સુલેહ કરીને મુસલમાનોને ઈજ્જત આપી હતી. કારણ કે બે પ્રદેશના મુસલમાનોની વચમાં પરસ્પર લડાઈ અને યુદ્ધ થતું તો તેનાથી એક તો મુસલમાનોની તાકાત તૂટતી, મુસલમાનના હાથે મુસલમાનો શહીદ થતા, કેટલી સ્ત્રીઓ બેવા અને અસંખ્ય બાળકો યતીમ બનતા, અને ફાયદો કંઈ જ નહીં ! સ્પષ્ટ થયું કે આપે યુદ્ધ ન કરી મુસલમાનોને ઈજ્જત આપી હતી. પણ અમુક નાસમજ લોકો પોતાની નાસમજીને જ મહત્વ આપતા હોય છે તેઓ આપને અપ શબ્દો બોલતા હતા. તેઓ પૈકી એક વ્યક્તિ અબૂ આમિર નામનો હતો. એણે હઝરત ઈમામ હસનને સંબોધી કહ્યું :–

اَلسَّلَامُ عَلَیْکَ یَامُذِلَّ الْمُسْلِمِیْنَ "અય ઈમાનવાળાઓને બેઈજ્જત કરનાર ! તમને સલામ." આપે ફર્માવ્યું, અબૂ આમિર ! આમ ન કહો ! મેં મુસલમાનોને બેઈજ્જત નથી કર્યા, મેં એ પસંદ ન કર્યું કે મારી સત્તાને લીધે એમનું લોહી વહાવવામાં આવે. એટલે કે મેં તો સુલેહ





કરીને મુસલમાનોને નુકસાનથી બચાવ્યા અને ઈજ્જત આપી છે, તમે એને બેઈજ્જતી કહો છો ?! *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮)*

## ★ હસનૈનની ભેગી વિશેષતા ★

કન્ઝમાં હઝરત ઉમરથી રિવાયત છે : ફર્માવ્યું, મેં હસન અને હુસૈનને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના બે ખભાઓ પર જોયા તો મેં વિનંતિ કરી કે તમારી નીચે સવારી કેટલી સારી છે, તો નબીએ પાકે ફર્માવ્યું, બંનેવ સવાર પણ કેટલા સારા છે !

## ★ જન્નતી યુવાનોના સરદાર ★

અબૂ નૂઐમએ રિવાયત કરી સાબિત બુનાનીથી અને એમણે હઝરત અનસથી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

اَلْحَسَنُ وَ الْحُسَیْنُ سَیِّدَا شَبَابِ اَهْلِ الْجَنَّةِ

"કે હસન અને હુસૈન જન્નતી યુવાનોના સરદાર છે." *(ઈબ્ને મુન્દા અને ઈબ્ને અસાકિરએ જહનથી આ પ્રમાણે રિવાયત કરી છે.)*

## ★ નબી ખુશ ખુશ ! ★

તબ્રાની અને ઈબ્ને અસાકિરએ હુઝૈફા બિન યમાનથી રિવાયત કરી : એમણે ફર્માવ્યું કે અમે એક દિવસ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચેહરા પર ખુશી જોઈ તો અમે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! અમે આપના ચેહરામાં ખુશી જોઈ રહ્યા છીએ. ફર્માવ્યું, હું ખુશ કેમ ન થાઉ ! મારી પાસે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام આવ્યા અને એમણે મને ખુશ ખબર આપી કે હસન અને હુસૈન જન્નતી યુવાનોના સરદાર છે અને એમના પિતા એમનાથી અધિક વિશેષતા ધરાવે છે.

## ★ દુનિયાના ફૂલો ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી હઝરત અબૂબક્રથી રિવાયત છે : ફર્માવ્યું, હસન અને હુસૈન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પીઠ પર કૂદતા, તો આપ એમને પોતાના હાથથી પકડતા પછી પોતાની પીઠ

સીધી કરતા, અને એ બંનેવ જમીન પર ઉભા રહેતા, જ્યારે (નમાઝથી) ફારેગ થતા એમને પોતાના ખોળામાં બેસાડયા અને ફર્માવ્યું, બેશક ! આ બંને મારા પુત્ર મારી દુનિયાના બે ફૂલો છે.

## ★ નામોનું કારણ ★

અબૂ નુઐમએ હઝરત સલમાન ફારસીથી રિવાયત કરી : એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હઝરત હારૂન علیہ الصلوٰۃ والتسلیم એ પોતાના બે પુત્રોનું નામ શબ્બર અને શબ્બીર રાખ્યું હતું અને મેં મારા બે પુત્રોનું નામ હસન અને હુસૈન રાખ્યું, હઝરત હારૂનના બે પુત્રો શબ્બર અને શબ્બીરના નામ પર. (એટલે કે એ નામો સૂરયાની ભાષામાં હતાં એનો અર્થ અરબીમાં હસન અને હુસૈન થાય છે.)

## ★ ગુપ્ત નામો ★

નામોથી પણ વિશેષતા જાણવા મળે છે કે એ અરબી ભાષાના જ શબ્દો છે પણ એ પહેલાં એ નામો કોઈના દિમાગમાં ન આવ્યાં, અને કોઈના બાળકોનું નામ એ શબ્દોમાં રાખવામાં ન આવ્યું. આપણા નબીએ એ ગુપ્ત નામો પોતાના નવાસાઓ માટે રાખ્યાં. જેમ કે આપણા નબીનું નામ અરબી ભાષામાં છે પણ એ પહેલાં એ નામનું કોઈ ન હતું અને કોઈને એ નામ આપવામાં ન આવ્યું હતું.

## ★ નમાઝમાં પણ રોકવામાં ન આવ્યા ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ રિવાયત કરતાં ફર્માવ્યું કે ઈશાની નમાઝમાં અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હતા, આપે જ્યારે સિજદો કર્યો તો હસન અને હુસૈન આપની પીઠ પર થઈ ગયા, તો પછી આપે માથુ ન ઉઠાવ્યું, તેમના ઉતરવાથી ધીમે ધીમે આપે માથુ ઉઠાવ્યું પછી જ્યારે સિજદો કર્યો તેઓ સવાર થઈ ગયા. જ્યારે નમાઝ પૂરી કરી એમને પોતાના ખોળામાં બેસાડયા. મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! હું એમને એમની માતા પાસે લઈ જાઉં ! તો એટલામાં વિજળી ચમકી એના પ્રકાશમાં ચાલતા રહ્યા એટલે સુધી કે એમની માતા પાસે પહોંચી ગયા.





## ★ જેટલા પ્રિય રાખશો એટલા બનશો ★

કન્ઝમાં ઈબ્ને અસાકિરના પુરાવાથી છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે (મારા પિતા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ નબીએ પાકની બીમાર પુર્સી માટે ગયા, પછી આપને ઉઠાવ્યા અને ખાટલી પર બેસાડયા. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને ફર્માવ્યું, કાકા ! અલ્લાહ તઆલા આપને ઉઠાવે. પછી હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ વિનંતિ કરી કે આ હઝરત અલી આપથી રજા માંગી રહ્યા છે આપ પ્રવેશ્યા અને આપની સાથે હસન અને હુસૈન પણ પ્રવેશ્યા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહ્યું, અય અલ્લાહના રસૂલ ! આ તમારા સુપુત્રો છે. ફર્માવ્યું, અને તમારા પુત્રો પણ. હે કાકા ! મેં વિનંતિ કરી, આપ એમનાથી મહબ્બત રાખો છો ?! આપે ફર્માવ્યું :–

اَحَبَّکَ اللّٰہُ کَمَا اَحْبَبْتَھُمَا તમે જેટલા એમને પ્રિય રાખશો અલ્લાહ તમને પ્રિય રાખશે.

## ★ આશ્ચર્યનો જવાબ ★

કન્ઝમાં અબૂ નુઐમના પુરાવાથી છે કે હઝરત સઅદ બિન માલિકએ કહ્યું, હું નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યો એ સમયે હઝરત હસન અને હુસૈન આપની પીઠ પર રમતા હતા. મેં વિનંતિ કરી, આપ એમને પ્રિય રાખો છો ? આપે ફર્માવ્યું, હું એમને પ્રિય કેમ ન રાખું ?! એ બંને મારી દુનિયાનાં ફૂલો છે.

## ★ હસનૈન નબીની કુખમાં ★

કન્ઝમાં તિર્મિઝી અને ઈબ્ને હબ્બાનના પુરાવાથી છે : હઝરત ઉસામા બિન ઝેદએ ફર્માવ્યું, એક રાત્રીએ હું એક જરૂરતથી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યો એટલામાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ ચીજ લઈને બહાર આવ્યા, મને ખબર ન હતી એ શું હતું. જ્યારે મારું કામ થઈ ગયું, મેં વિનંતિ કરી, તમારી પાસે આ શું છે ? આપે ખોલ્યું તો હસન અને હુસૈન આપની બંને કુખમાં હતા ! આપે ફર્માવ્યું, આ મારા પુત્રો છે અને મારી પુત્રીના પુત્રો છે, અય અલ્લાહ ! હું એમને પ્રિય

રાખું છું, તું પણ એમને પ્રિય રાખ અને જે એમને પ્રિય રાખે એને પણ તું પ્રિય રાખ.

## ★ નબીની બખ્શિશ ★

કન્ઝમાં ઈબ્ને મુંદા, તબ્રાની, અબૂ નુઐમ અને ઈબ્ને અસાકિરના પુરાવાથી હઝરત ઝૈનબ બિન્તે અબૂ રાફિઅથી રિવાયત છે : તેણી ફાતિમા બિન્તે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરે છે, આપ પોતાના પિતા (નબીએ પાક) પાસે હઝરત હસન અને હુસૈનને લાવ્યાં એ બીમારીમાં જેમાં આપ પરદો ફર્માવી ગયા. વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! બંનેને કંઈ આપો. આપે ફર્માવ્યું, હસન માટે મારો રૂઆબ અને સરદારી, અને હુસૈનને મારી હિંમત અને સખાવત.

## ★ એક સવારી બે સવાર ★

ઈબ્ને અસાકિરના પુરાવાથી કન્ઝમાં છે : હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હું નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યો તો આપ ચાર પગે ચાલી રહ્યા હતા અને આપની પીઠ પર હસન અને હુસૈન હતા. આપ ફર્માવી રહ્યા હતા કે તમારું ઊંટ કેટલું સારું છે અને તમે કેટલા સારા સવાર છો !

એમનાથી બીજી રિવાયત આ પ્રમાણે છે : ફર્માવ્યું, હું નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યો ત્યારે આપ હસન અને હુસૈનને પોતાની પીઠ પર ઉઠાવી ચાલી રહ્યા હતા, મેં વિનંતિ કરી કે તમારું ઊંટ કેટલું સારું છે ! તો અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અને બંને સવાર પણ કેટલા સારા છે !

## ★ ખુત્બો રોકી આપ્યો ★

કન્ઝમાં અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ, મુસ્તદરક વગેરેના પુરાવાથી છે : હઝરત બુરૈદાએ રિવાયત કરતાં ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમને ખુત્બો આપી રહ્યા હતા, એટલામાં હસન અને હુસૈન દેખાયા, લીલા રંગના ખમીસો એમના પર હતાં, ચાલતા, પડતા અને ઊભા થતા. અલ્લાહના રસૂલ ઉતર્યા અને એમને પકડયા અને પોતાની પાસે રાખ્યા. પછી ફર્માવ્યું, અલ્લાહ અને એના રસૂલે સાચું ફર્માવ્યું :–





اِنَّمَا اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ

"બેશક ! તમારા માલો અને તમારી ઔલાદ પરીક્ષા (માટે) છે." મેં આ બંનેને જોયા તો મારાથી સબર ન થઈ, પછી ખુત્બો ચાલુ કર્યો.

## ★ દોસ્તીમાં દોસ્તી દુશ્મનીમાં દુશ્મની ★

અશ્શરફુલ મુઅબ્બદમાં (પેજ–૭૧) હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : એમણે કહ્યું કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્થિતિમાં પધાર્યા કે આપના ખભા પર હઝરત હસનને અને બીજા ખભા પર હઝરત હુસૈનને ઉઠાવેલ હતા. એટલે સુધી કે અમારી પાસે પધાર્યા અને ફર્માવ્યું :–

مَنْ اَحَبَّهُمَا فَقَدْ اَحَبَّنِىْ وَمَنْ اَبْغَضَهُمَا فَقَدْ اَبْغَضَنِىْ

જેણે આ બંનેથી મહબ્બત રાખી એણે મારાથી મહબ્બત રાખી અને જેણે આ બંનેથી દુશ્મની રાખી એણે મારાથી દુશ્મની રાખી. (એટલે કે હસનૈનની મહબ્બતનો અસ્વીકાર કરી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહબ્બતનો દા'વો કબૂલ થઈ શક્તો નથી. જો તમારે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહબ્બતમાં સાચા ઠરવું હોય તો આ બંનેની મહબ્બત અનિવાર્ય છે.)

## ★ હસનૈનની કુશ્તી ★

નૂરુલ અબ્સારના, પેજ–૧૧૪ પર છે : હઝરત જાફર સાદિક બિન મુહમ્મદથી રિવાયત છે કે સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ હઝરત હસન અને હુસૈન رضی اللہ عنہما બાળપણામાં એકબીજાથી કુશ્તી લડી રહ્યા હતા, અને આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુશ્તી નિહાળી રહ્યા હતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હસનને કહ્યું, કે હુસૈનને પકડો ! હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا એ સાંભળ્યું તો આશ્ચર્ય ચકિત થઈને ફર્માવ્યું, હુઝૂર ! આપ મોટાને ફર્માવી રહ્યા છો કે નાનાને પકડે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બીજી બાજુએ હઝરત જિબ્રઈલ હુસૈનને કહી રહ્યા છે કે, હસનને પકડી લો ! (આ છે હઝરત હુસનૈનની વિશેષતા કે તેઓ મસ્તી કરી રહ્યા છે અને એક બીજાને પકડી રહ્યા છે ! તો તેને જોવામાં નબી હાજર છે અને હઝરત જિબ્રઈલ પણ હાજર છે. અને એકબીજાને ઉશ્કેરી

રહ્યા છે. શું પછી પણ એમની વિશિષ્ટતામાં કાંઈ શંકા રહી શકે છે ખરી ?! (કન્ઝમાં થોડા ફરક સાથે ઈબ્ને શાહીનથી છે.)

## ★ હસ્નૈનને દુઃખ ન થાય ★

નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, પેજ–૩૯૦ હઝરત અલ્લામા નસફી વર્ણન કરે છે કે હસનૈન કરીમૈન رضی اللہ عنہما એ બે સ્લેટોમાં લખ્યું, દરેકે કહ્યું કે મારું લખાણ સુંદર છે. ફેંસલા માટે હઝરત અલી رضی اللہ عنہ પાસે ગયા. પોતાના પ્રિય પુત્રોના દિલ તોડવાં ન હતાં એટલે આપે ફર્માવ્યું, બેટા ! તમારી માતા પાસે લઈ જાવ ! બે કુંવરો પોતાની માતા પાસે પધાર્યા અને વિનંતિ કરી, માતા તમે ફેંસલો ફર્માવો કે અમારા બે માંથી કોણે સુંદર લખ્યું છે ? આપે ફર્માવ્યું, બેટા ! એ ફેંસલો હું નથી કરી શક્તી, આ ફેંસલા માટે તમે નાના પાસે લઈ જાવ ! અને વિનંતિ કરી, નાનાજાન ! તમે ફેંસલો કરો અમારામાંથી સુંદર કોણે લખ્યું છે ? સમગ્ર જગતનો ફેંસલો કરનાર આકા વિચારે છે કે હસનનું લખાણ સુંદર કહું તો હુસૈનને તકલીફ થશે અને હુસૈનનું સુંદર કહું તો હસનને દુઃખ થશે. આપે ફર્માવ્યું, બેટા ! તમારા લખાણનો ફેંસલો હઝરતે જિબ્રઈલ કરશે ! હઝરત જિબ્રઈલ અલ્લાહના હુકમથી બારગાહે નબીમાં આવ્યા અને વિનંતિ કરી, આકા ! એનો ફેંસલો અલ્લાહ તઆલા ફર્માવશે. હું એના હુકમથી એક સફરજન લાવ્યો છું એનું ફર્માન છે કે હું આ જન્નતી સફરજન ફેંકું, જે સ્લેટ પર પડશે તે લખાણ સુંદર છે. બંને સ્લેટો એક સાથે રાખવામાં આવી અને હઝરત જિબ્રઈલ علیہ السلام એ ઉપરથી સફરજન ફેંક્યું, માર્ગમાં જ એ સફરજન બે ભાગોમાં કપાઈ ગયું, અડધું આ સ્લેટ પર અને અડધું બીજી સ્લેટ પર પડયું. આમ અહકમુલ હાકિમીનએ આ ફેંસલો ફર્માવ્યો કે બંનેનું લખાણ સુંદર છે ! એકને સુંદર કહી બીજાને દુઃખ પહોંચાડવામાં ન આવ્યું.

## ★ પિતા જેવું ઈનામ ★

કન્ઝમાં છે કે અબૂ ઉબૈદએ અમવાલમાં અને ઈબ્ને અસદએ તબકાતમાં જા'ફરથી અને એમણે એમના પિતાથી રિવાયત કરી, ફર્માવે છે કે હઝરત અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ હસન અને હુસૈન





رضی اللہ عنہما ને એમના પિતા જેટલું આપતા હતા, એટલે જે પ્રમાણે નેઅમતો અને ઈનામો એમના પિતા હઝરત અલીને આપતા, એમના પુત્રો હસન અને હુસૈનને પણ આપ એટલી જ ઈજ્જત આપી એમના જેવાં ઈનામો અને બખ્શિશો આપતા હતા. આનાથી એ સ્પષ્ટ થાય છે કે સહાબાએ કિરામ હસનૈન હઝરાતની ઘણી જ ઈજ્જત કરતા હતા.

## ★ તાત્કાલિક કપડાં લાવીને આપ્યાં ★

કન્ઝમાં તબકાત ઈબ્ને સઅદના પુરાવાથી છે : હઝરત જાફર બિન મુહમ્મદ પોતાના પિતા મુહમ્મદથી રિવાયત કરે છે, ફર્માવ્યું કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પાસે યમનથી કપડાં આવ્યાં. આપે લોકોને પહેરાવ્યાં. કબર અને મિમ્બરની વચમાં આપ બેસ્યા અને લોકો કપડાં પહેરીને આવ્યા. આપની પાસે આવતા અને સલામ કરતા અને આપને દુઆ આપતા. એટલામાં હઝરત ઈમામ હસન અને હુસૈન એમની માતાના ઘરમાંથી બહાર આવ્યા લોકોની પાછળ પાછળ અને એ કપડાં (જે લોકોને આપવામાં આવ્યા હતા) એમના (શરીર) પર ન હતાં. હઝરત ઉમર ગભરામણમાં પડી ગયા અને ચિંતા કરવા લાગ્યા, પછી ફર્માવ્યું, અલ્લાહની કસમ ! મેં તમને પહેરાવ્યાં એ મને સારું ન લાગ્યું ! લોકોએ વિનંતિ કરી, અય મુસલમાનોના અમીર ! તમે તમારી રૈયતને કપડાં પહેરાવ્યાં આપે એહસાન કર્યું. ફર્માવ્યું (આ) બે બાળકોને લઈને જેઓ લોકોની પાછળ પાછળ આવ્યાં અને એમના (શરીર) પર એમાંથી કાંઈ જ નથી ! (એટલે કે એમને એ કપડાં નથી મળ્યાં એટલે મને સારું ન લાગ્યું કે જેમને પહેલાં મળવું જોઈએ તેમને તો મળ્યું જ નથી.) એ ભલે નાના છે પણ આ મોટો બનાવ છે (એમની શાન જોતાં). પછી આપે યમન પત્ર લખ્યો કે બે જોડા કપડાં હસન અને હુસૈન માટે જલ્દીથી મોકલાવો, આપની પાસે બે જોડ કપડાં આવ્યાં પછી આપે એમને પહેરાવ્યા.

## ★ ખુત્બાની અનેરી રીત કેમ ? ★

આ રિવાયતથી સ્પષ્ટ થયું કે હઝરત ઉમરના દિલમાં હસનૈન માટે કેવી મહબ્બત હતી કે રૈયતના શરીર પર કપડાં જોઈને આપે ખુશ

થવું જોઈતું હતું કે આપના કરેલ એહસાનથી સર્વ નવાં કપડાંમાં છે. પણ હઝરત હસનૈનને એ કપડાં ન મળ્યાં તો આપના ચહેરાથી ચિંતા અને ગભરામણ જોવા મળતી હતી. અને આપે તાત્કાલિક યમનથી બીજા બે જોડા કપડાં મંગાવી એમને પહેરાવ્યાં અને પછી ખુશી પ્રગટ કરી. આ છે હસનૈનની વિશેષતા. એટલા માટે તો અહલે સુન્નતના ખુત્બામાં ખુલફાએ રાશેદીન પછી હઝરાતે હસનૈનનું નામ પણ લેવામાં આવે છે. અને સુન્નીઓ હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم, હઝરત અલી, હઝરત ફાતિમા, હઝરત હસન અને હઝરત હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ને **પંજતન પાક** કહેવામાં આવે છે. ફારસીમાં **પંજ** એટલે **પાંચ** અને **તન** એટલે **શરીર** (બદન), **પાંચ પાક શરીરો.** જેમને આપણા નબીએ ચાદર ઓઢાડીને ફર્માવ્યું હતું કે, અય અલ્લાહ ! આ મારા અહલે બયત છે.

اَللّٰھُمَّ ھٰؤُلَآءِ اَھْلُ بَیْتِیْ فَاَذْھَبْ عَنْھُمُ الرِّجْسَ وَطَھِّرْھُمْ تَطْھِیْرًا

"અય અલ્લાહ આ મારા અહલે બયત છે એમનાથી દરેક નાપાકી દૂર ફર્માવ અને એમને ખૂબ પાક ફર્માવી આપ."

## ★ હરણ પોતે હાજર થયું ★

કન્ઝુલ ગરાઈબમાં છે કે એક ગામડિયો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો અને હરણનું એક બચ્ચુ આપને ભેટ ધર્યું. એટલામાં હઝરત ઈમામ હસન આવ્યા. આપે હરણનું બચ્ચું એમને આપી દીધું. જ્યારે ઈમામે હુસૈને જોયું તો પૂછયું, ભાઈ ! આ તમે ક્યાંથી લાવ્યા ? કહ્યું, નાનાએ આપ્યું છે. ઈમામ હુસૈન પણ બચ્ચું લેવા નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પધાર્યા, અને હઠ કરવા લાગ્યા. આપે ઘણા જ બહેલાવ્યા પણ માન્યા નહીં. રડવાની તૈયારી જ હતી એટલામાં હરણી પોતાની સાથે એક બચ્ચુ લઈને હાજર થઈ અને વિનંતિ કરી, હુઝૂર ! મારું એક બચ્ચુ ગામડિયાએ આપની ખિદમતમાં હાજર કર્યું આ બીજાું બચ્ચુ હુસૈન માટે છે અલ્લાહના ફર્માનથી. (આમ બીજા ભાઈને પણ બચ્ચુ મળી ગયા અને બંને ખુશ ખુશ થઈ ગયા.) *(રૌઝતુશ્શુહદા, ભાગ–૨, પેજ–૨૬)*





## ★ જન્નતી વસ્ત્ર ★

ઈદનો ચાંદ થઈ ગયો. ઈમામ હસન અને હુસૈન رضی اللہ عنہما પોતાની પ્રિય માતા હઝરત ફાતિમા ખાતૂને જન્નત رضی اللہ عنہا ની ખિદમતમાં પધાર્યા અને વિનંતિ કરી, અમ્મી ! સવારમાં ઈદનો દિવસ છે. મદીનાનાં બાળકો નવાં કપડાં પહેરશે. શું ઈમામુલ અંબિયા અને ખાતૂને જન્નતના બાળકો નવાં કપડાં નહીં પહેરે ? બાળકોના પ્રશ્નથી માતાનું કૃપાળુ હૈયુ ધ્રુજવા લાગ્યું. બાળકોને સમજાવ્યાં કે ચિંતા કરવાની જરૂરત નથી, તમને પણ નવા કપડાં મળી જશે. જન્નતી સ્ત્રીઓની આગેવાન ખાતૂને જન્નતે નમાઝથી ફારિગ થઈ અલ્લાહની બારગાહમાં દુઆ કરી, મૌલા ! તારા મહબૂબ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસાઓએ મારી પાસે નવા કપડાંની માંગ કરી છે, મૌલા ! મેં એમને વાયદો કરી આપ્યો છે. મૌલા ! મારા ઉઠેલા હાથોની ઈજ્જત રાખી લે ! દુઆથી ફારિગ થયાં તો કોઈએ દરવાજા પર ટકોરા માર્યા. પૂછયું, કોણ છો ? જવાબ આપ્યો, અહલે બયતનો દરજી છું, બાળકો માટે નવા કપડાં લઈને આવ્યો છું. સૈયિદાએ એ કપડાં લઈ લીધાં અને સવારમાં હસનૈનને પહેરાવ્યાં. સરકારે દો આલમ પધાર્યા તો ફર્માવ્યું, બેટી ! તને ખબર છે આ કપડાં ક્યાંથી આવ્યાં અને કોણ લાવ્યું ? વિનંતિ કરી, પિતા ! તમે બેહતર જાણો છો. ફર્માવ્યું, એ જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والتسلیم હતા જે અલ્લાહ તઆલા તરફથી જન્નતથી કપડાં લઈને હાજર થયા હતા. *(રૌઝતુશ્શુહદા, ભાગ–૨, પેજ–૧૩૮)*

આનાથી જાણવા મળ્યું કે હઝરત ફાતિમાની દુઆનો મુકામ શું હતો કે આપની માંગ પર નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં અલ્લાહ તઆલા તરફથી બાળકો માટે જન્નતી વસ્ત્રો આવ્યાં અને તેઓ જે માંગે તે એમને મળી જતું પણ એમની જાતિય નમ્રતા હતી કે આપ દુનિયાની નેઅમતોથી અધિક વિશેષતા અલ્લાહ તઆલાની ખુશીમાં ખુશ રહેવાને આપતાં હતાં, અને ગરીબી હતી નહીં પણ ગરીબી તેમણે પોતે પ્રાપ્ત કરી હતી. અને આનાથી એ પણ જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરાત હસનૈનથી પ્યાર હતો જેને લઈને તેઓ ખુદાની બારગાહના પ્રિય હતા.

ખુદા કી રિઝા ચાહતે હંય દો આલમ
ખુદા ચાહતા હંય રિઝાએ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم

## ★ નબીની જીભથી પાણી ★

ખસાઈસમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક દિવસ અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સફરમાં હતા. એક જગાએ હઝરત હસન અને હુસૈન رضی اللہ تعالیٰ عنہما ના રડવાનો અવાજ સાંભળવા મળ્યો. આપે હઝરત ફાતિમાને એમના રડવાનું કારણ પૂછયું. સૈયિદાએ વિનંતિ કરી, તરસને લઈને રડી રહ્યા છે. આપે ફર્માવ્યું, કોઈની પાસે પાણી છે ? પણ કોઈની પાસે પાણી ન હતું. આપે ફર્માવ્યું, એક શેહઝાદો મને આપો એમણે પર્દા નીચેથી એમને આપ્યો. આપે એમને લઈને છાતીથી લગાડયા, તેઓ ઘણા જ રડી રહ્યા હતા અને ચૂપ ન થતા હતા. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની જીભ એમના મોઢામાં રાખી દીધી, તેઓ ચૂસવા લાગ્યા અને તૃપ્ત થઈ ગયા, પછી ન રડયા. પણ બીજા શેહઝાદા હજી રડી રહ્યા હતા. આપે ફર્માવ્યું, એમને પણ મને આપી દો ! એમણે આપી દીધા તો આપે એમના મોઢામાં પણ પોતાની જીભ આપી, તેઓ ચૂસતા રહ્યા અને તૃપ્ત થઈ ગયા અને ચૂપ થઈ ગયા. એ પછી એ બંનેના રડવાનો અવાજ ન સંભળાયો. *(ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૭૧)*

## ★ જન્નતનો આગેવાન અહીં કેમ નહીં ? ★

આનાથી જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના નવાસાઓથી કેટલી મહબ્બત અને પ્યાર હતો કે એમની આંખોમાં આંસૂ આપને પસંદ ન આવતાં હતાં. રડતા નવાસાઓને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મનાવીને રાજી કરીને જ રહેતા હતા, અને અલ્લાહની બારગાહમાં હઝરાતે હસનૈનની ઈજ્જત નબીના તેમને પ્રિય રાખવાને લઈને જ છે. એટલે કે નબીના પ્રિય હોવાને લઈને અલ્લાહ તઆલાએ પણ એમને પોતાની બારગાહના પ્રિય બનાવી લીધા, અને એવા પ્રિય કે જન્નતી યુવાનોની આગેવાનીનું પદ આ બંને કુંવરોને આપી દેવામાં આવ્યું. તો જ્યારે નબીના પ્યારા હોવાને લઈને અલ્લાહને એમનાથી આટલી મહબ્બત છે તો પછી નબીની મહબ્બતમાં આપણે હઝરાતે હસનૈનને





પ્રિય કેમ ન રાખીએ ? અને એમને આપણા ઈમામ અને આગેવાન કેમ ન સમજીએ ? એટલે જ દુનિયાભરના મુસલમાનો હઝરત હસન અને હુસૈન બંનેને ઈમામ કહે છે અને જ્યારે પણ અને જ્યાં પણ એમનાં નામો લેવામાં આવે છે તો નામોની સાથે ઈમામનો શબ્દ અવશ્ય બોલવામાં આવે છે. દુનિયાની એક દેખાવ પૂરતી ઈમામતથી રોકવા આપને શહાદત સુધી પહોંચાડનાર શું જન્નતની એમની આગેવાની પડાવી શકે છે ? નાશવંત જગતની નહીં એમને તો અનાશવંત હમેશાંની આખેરતની ઈમામત અલ્લાહ તઆલા તરફથી પ્રાપ્ત છે. અને દુનિયામાં ભલે ગમે તે થયું પણ ત્યારથી લઈને આજ સુધી દિલોમાં ઈમામ હસન અને હુસૈન જ છે. વિજય પ્રાપ્ત કરનાર વાસ્તવમાં દિલો પર વિજય મેળવનાર છે.

## ★ નેક કામથી ખુશી અને ઈનામ ★

તહઝીબ તારીખે દમિશ્ક, ભાગ–૪, પેજ–૨૧૭ પર હઝરત ઈમામ હસનનો એક કિસ્સો અને બનાવ વર્ણન કરવામાં આવ્યો છે કે એક વખત આપ મદીના શરીફમાં કોઈ બાગ પાસેથી પસાર થઈ રહ્યા હતા તો આપે એક યુવાન હબ્શી ગુલામને બેઠેલો જોયો. જેના એક હાથમાં રોટી હતી અને અને એની સામે કૂતરુ બેઠેલું હતું એ યુવાન એક કોળિયો પોતે ખાતે અને એક કોળિયો કૂતરાને ખવડાવતો. આમ આખી રોટલી વહેંચીને અડધી એને ખાધી અને અડધી કૂતરાને ખવડાવી. હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ પૂછયું, તમે તમારી રોટલીમાં બરાબરનો ભાગીદાર કૂતરાને કેમ બનાવ્યો ? વિનંતિ કરી, મારી આંખોને એની આંખો જોઈને શરમ આવતી હતી કે હું વધારે ખાઉં ! (અને એને ઓછું આપું ! એટલે મેં જેટલું ખાધું એટલું જ એને ખવડાવ્યું.) આપે પૂછયું, તું કોનો ગુલામ છે ? વિનંતિ કરી, હું અબાન બિન ઉષ્માનનો ગુલામ છું. ફર્માવ્યું, આ વાડ કોની છે ? વિનંતિ કરી, અબાનની જ ! હઝરત હસન رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું તને સોગંદ આપું છું કે જ્યાં સુધી હું પરત ન આવું તું અહીંથી જઈશ નહીં. આપ ગયા (અબાન પાસે) ગુલામને વેચાતો લઈ લીધો અને એ વાડી પણ વેચાતી લઈ લીધી. પરત આવીને આપે ખુશખબર સંભળાવી કે યુવાન ! મેં તને વેચાતો લઈ લીધો છે.

એણે ઊભા થઈને કહ્યું કે, અલ્લાહ પછી, એમના રસૂલ પછી હું તમારા હુકમનું પાલન કરીશ. હઝરત હસન رضی اللہ عنہ એ ફર્માવ્યું, યુવાન ! તું મારા તરફથી આઝાદ છે, મુક્ત છે. અને આ વાડી પણ હું તને જ આપું છું એ આજથી તારી છે.

એક પ્રાણી સાથે અને એ પણ કૂતરા સાથે એણે જે સુંદર વર્તણુક કરી તેનાથી ખુશ થઈને તેને કેટલું મોટુ ઈનામ આપ્યું કે ગુલામીથી મુક્ત કર્યો અને ખજૂરોની વાડી એને આપી દીધી. આ આપની સખાવત પણ હતી અને નેક કામમાં લોકોને આગળ વધારવાની પધ્ધતિ પણ હતી.

## ★ અમીરે મુઆવિયાનો ઈકરાર ★

એક દિવસ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પાસે કુરેશ અને બીજા કબીલાના આગેવાનો હાજર હતા. એમણે ફર્માવ્યું, મને બતાવો ! માતા, પિતા, કાકા, ફોઈ, માસી, મામા અને નાના નાનીના સંબંધથી બધાંથી અધિક ઈજ્જતવાળો કોણ છે ? હઝરત માલિક બિન અજલાન رضی اللہ عنہ ઊભા થયા અને હઝરત હસન رضی اللہ عنہ તરફ ઈશારો કર્યો અને ફર્માવ્યું, આ બધાથી ઉત્તમ છે. એમના પિતા અમીરુલ મો'મિનીન હઝરત અલી બિન અલી તાલિબ છે, એમની માતા સ્ત્રીઓની સરદાર હઝરત ફાતિમા બિન્તે રસૂલ છે, એમની નાની ઉમ્મુલ મુ'મિનીન હઝરત ખદીજા બિન્તે ખુવૈલિદ છે, અને નાના નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે, એમના કાકા હઝરત જા'ફર છે, જે જન્નતમાં ઉડે છે અને ફોઈ હઝરત ઉમ્મે હાની બિન્તે અબૂ તાલિબ છે, અને એમના મામાઓ અને માસીઓ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્રો અને પુત્રીઓ છે. પછી માલિક બિન અજલાનએ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને પૂછયું, કે શું મેં સાચુ કહ્યું ? એમણે ફર્માવ્યું, હા ! આ સત્ય છે. *(બરકાતે આ'લે રસૂલ, પેજ–૧૪૨)*

(અને આ સઘળી સગાઈઓ હઝરત ઈમામ હુસૈનથી પણ સંબંધિત છે એટલે આપ પણ બધાથી વધીને ઈજ્જતવાળા થયા.)

## ★ આપની ઉદારતા ★

આપ ઘણા જ સખી અને ઉદાર દિલના હતા, અમુક અમુક





વખત આપ એક એક લાખ દિરહમ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી નાખતા હતા. (તારીખુલ ખુલફા) ઈબ્ને સઅદ અલી બિન ઝૈદથી રિવાયત કરે છે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ ત્રણ વખત અડધો અડધો માલ અલ્લાહના માર્ગમાં આપી દીધો અને બે વખત પોતાનો પૂરો માલ અલ્લાહના માર્ગમાં આપી દીધો. *(તારીખુલ ખુલ્ફા, ભાગ–૨, પેજ–૫૯)*

## ★ આપની વાતચીત ★

ઈબ્ને સઅદાએ ઉમૈર બિન ઈસ્હાકના પુરાવાથી લખ્યું છે કે ઈમામ હસન મીઠી અને મધૂર વાતચીત કરતા. આપ વાત કરતા તો એવું લાગતું કે વાત કરતા જ રહે અને ચૂપ ન થાય. ફર્માવે છે કે મેં આપના મુખેથી ક્યારે પણ અપશબ્દ સાંભળ્યો નથી. એક વખત આપ અને અમ્ર બિન ઉષ્માનની જમીન બાબત વાત ચાલી રહી હતી. આપે ન્યાયની વાત કરી, એમણે કબૂલ ન કરી તો આપે ફર્માવ્યું, ''તારું નાક ધૂળવાળુ થાય.'' માત્ર આ એક અપશબ્દ હતો જે આપના મુખથી નીકળ્યો. (આનાથી સ્પષ્ટ થયું કે આપ કેટલા સ્વચ્છવાણીના હતા. ગમે તેટલો ગુસ્સો અને ક્રોધ હોય પણ એને પી જવાની કોશિશ કરતા અને ગાળો તો બોલ્યા જ નથી પણ અપશબ્દ બોલવાથી પણ પોતાને બચાવતા હતા. *(તારીખુલ ખુલફા)*

## ★ આપનો સિધ્ધાંત ★

આપ ઓછા બોલી હતા, વધુ પડતા ચૂપ રહેતા, પરંતુ જ્યારે આપ વાત શરૂ કરતા તો પછી કોઈ આગળ ન નીકળી શકે, દા'વતોમાં ઓછા જતા, લડાઈ ઝઘડાની વાતોમાં ન પડતા હતા, કોઈની વાતમાં પડતા ન હતા, જ્યારે કોઈ આપની પાસે આવતું તો તેને દલીલ અને કાયદાથી સમજાવી આપતા હતા. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮)*

## ★ આપની કરેલી હજ્જો ★

હાકિમની રિવાયતમાં છે કે હઝરત હસન رضی اللہ عنہ એ વિના સવારીએ પગપાળા પચ્ચીસ હજ્જો અદા કરી છે. જ્યારે કે ઉત્તમ પ્રકારના સવારીનાં ઊંટો આપની સાથે હોતાં, તો પણ આપ સવારી ન

ફર્માવતા. *(તારીખુલ ખુલફા)*

## ★ મુસાફા માટે પડાપડી ★

હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન رضی اللہ عنہما થી કોઈ પણ ઘોડે સવારી ફર્માવતા અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ની નજર પડતી તો આગળ વધીને એની લગામ પકડી લેતા અને એ કામને પોતાના માટે સારું સમજતા હતા, એમના બંનેમાંથી કોઈ બયતુલ્લાહ શરીફમાં તવાફ માટે આવતા તો આપને સલામ કરવા અને મુસાફો કરવા લોકો તૂટી પડતા, ડર લાગતો કે એમને તકલીફ ન થઈ જાય. (લોકોમાં એમની આટલી ઈજ્જત હતી જેને લઈને ઈર્ષાખોરોએ આપની વિરુધ્ધ ચાલ ચાલી આપને દુનિયામાં નુકસાન પહોંચાડયું જેનો ઉલ્લેખ થશે.) *(અલબિદાયા વ ન્નિહાયા)*

## ★ હઝરત હસનની નમ્રતા ★

ઉપરોક્ત પુરાવાથી આપે એ જાણ્યું કે સહાબા અને તાબેઈન પ્રથમ યુગમાં જ્યાં સુધી આપ આ દુનિયામાં હયાત રહ્યા આપની લોકોમાં એટલી માંગ હતી કે દરેક દિલ આપની મહબ્બતથી ઊભરાઈ રહ્યું હતું અને કેમ ન હોય કે આપણા નબીએ આપણને પ્રથમ એ વાતની શિખામણ આપી દીધી હતી. પણ આપની નમ્રતાની સ્થિતિએ હતી કે કોઈના પર ગુસ્સે ન થતા, અપશબ્દ ન બોલતા, ઊંચે સ્વરે વાત ન કરતા. વજૂદમાં આ ગુણ ન હોત તો આપના પિતા હઝરત અલીના ખિલાફતના યુગમાં પરસ્પર જે યુદ્ધો થયાં તેનાથી પણ વધીને મુસલમાનોની ખૂનામરકી થતી, પણ આપ પોતે જ એટલા સહનશીલ હતા કે વેઠી લેતા પણ બદલો ન લેતા. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સાથે આપની કરેલ સુલેહ આ વાતનો સચોટ પુરાવો છે.

## ★ સત્તાને લાત કેમ મારી ? ★

સત્તા છોડી એવા સમયે કે આપના શુભેચ્છકોની સંખ્યા વધારે હતી, આપને હઝરત અલીની શહાદત પછી ખલીફા નિમણુક કરી દેવામાં આવ્યા હતા, લોકોએ પોતાની જાન અને પ્રાણ આપી દેવાની આપના





હાથ પર બેયઅત કરી લીધી હતી. પણ આપે જોયું કે મુસલમાનોની પરસ્પર લડાઈ ગેરમુસ્લિમોની ખુશીનું કામ છે, એનાથી મુસલમાનોની તાકાત તૂટે છે, તો એ સત્તા શા કામની જેમાં મુસલમાનોને નુકસાન થાય ! તો આપે એમાં પણ પોતાની નમ્રતાનો સચોટ દાખલો બતાવ્યો. અને રબીઉલ અવ્વલ હિજરી સન ૪૧ માં હઝરત અમીર મુઆવિયાને સત્તા સોંપીને ઈબાદતમાં લાગી ગયા.

## ★ આપનો મશ્વેરો ★

આપના પિતા હઝરત અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ જે કારણને લઈને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સાથે યુદ્ધ કર્યું હતું તે આપની વિચારસરણી પ્રમાણે અને ઈજતેહાદી કાયદાના આધારે યોગ્ય સ્થાને હતું પણ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ની નમ્રતાનો સચોટ પુરાવો અહીંયા પણ મળી આવે છે કે જયારે આપના પિતાએ સિરિયાવાળાઓ સાથે યુદ્ધની તૈયારી પૂરી કરી લીધી અને એ ઈરાદે મદીના શરીફથી જઈ રહ્યા હતા તો એ સમયે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ આગળ આવીને પોતાના પિતાને વિનંતિ કરી :– يَاأَبَتِ دَعْ هٰذَا ''અય પિતા ! આ છોડી આપો !'' કારણ કે આ માર્ગમાં મુસલમાનોનું લોહી વહેશે અને એમની વચમાં પૂરું ન થાય એવું યુદ્ધ ચાલ્યા કરશે. *(ખુલાસો બિદાયા, ભાગ–૭)* અને ખરેખર જો હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ પોતાની ખિલાફતના યુગમાં પોતાની નમ્રતા પ્રગટ ન કરી હોત તો મુસલમાનોને મોટુ નુકસાન પહોંચતું પણ આપની નમ્રતાના ગુણથી મોટો ફાયદો થયો. આ બાબતે વિગતવાર ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે.

## ★ ગાળો આપવી મારું કામ નથી ★

તારીખુલ ખુલફા, ભાગ–૨ માં છે : અમ્ર બિન ઈસ્હાક વર્ણન કરે છે કે મરવાન પોતાની ગવર્નરીના જમાનામાં દરેક જુમ્આના દિવસે મિમ્બર પર હઝરત અલી رضی اللہ عنہ ની બુરાઈ કરતો, હઝરત ઈમામ હસન ચૂપ સાંભળતા રહેતા. એક દિવસ મરવાનએ પોતાના ખાદિમને આપની ખિદમતમાં મોકલ્યો અને કહેવડાવ્યું, અલી પર, અલી પર,

અલી પર અને તારા પર, તારા પર, તારા પર, તમારો દાખલો એ ટટ્ટુ જેવો છે જેને પૂછવામાં આવે કે તારો બાપ કોણ છે ? તો જવાબ આપે મારા માં ઘોડી છે. મરવાનના ખાદિમની આ વાતો સાંભળીને ઈમામ હસને જવાબ આપ્યો કે તું કહી દેજે કે ખુદાની કસમ ! તારી આ વાતો મને યાદ રહેશે, તમને એવું હતું કે ગાળોના જવાબમાં હું પણ ગાળો આપીશ, પરંતુ હું સબ્ર કરું છું, કિયામત આવવાવાળી છે, જો તમે સાચા હશો તો અલ્લાહ તમને સારો બદલો આપશે, અને તમે જૂઠા હશો તો યાદ રાખશો અલ્લાહ તઆલાનું બદલો લેવો અને એની પકડ કરવું સખત છે.

## ★ ધર્મમાં ખોટુ માફ નહીં થાય ★

તારીખુલ ખુલ્ફા, ભાગ–૨ પર છે : રઝબક બિન સિવાના મુખેથી સાંભળીને લખવામાં આવ્યું કે ઈમામ હસન અને મરવાનની પરસ્પર વાતચીત થઈ રહી હતી. મરવાને ગાળોનો વરસાદ કર્યો. આપ ચૂપ બેસી સાંભળતા રહ્યા. એટલામાં એણે જમણા હાથે નાક સાફ કર્યું તો આપે ફર્માવ્યું, અફસોસ છે ! તમને એટલી પણ ખબર નથી કે સીધા હાથે મોઢુ ધોવામાં આવે છે અને ડાબા હાથે પેશાબ અને મળની જગાઓ. પછી જમણા હાથે નાક સાફ કરવાની બુરાઈ સંભળાવી અને એને નાપસંદ બતાવ્યું. આ વાત સાંભળીને મરવાન શરમિંદો થયો.

આ રિવાયતથી જાણવા મળ્યું કે આપ પોતાના અને પોતાના પિતાની બુરાઈના બદલામાં માફીથી નમ્રતા પ્રગટ કરતા હતા, ન બદલો લેતા, ન જવાબ આપતા પણ શરીઅતે ઈસ્લામીમાં કોઈને અમલ વિરૂધ્ધ જોતા તો તેને શિખામણ આપી દેતા, અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત બતાવી દેતા. દીન બાબતે ખરાબ થઈ રહ્યું હોય અને એને રોકવામાં ન આવે તો આગળ જતાં માહોલ વધારે બગડી શકે છે, એટલે મુસ્તહબ વાતમાં પણ ઈસ્લામી આદેશ બતાવી આપતા હતા.

આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે સુન્નતના કેટલા પાબંદ હતા અને ઈસ્લામી શરીઅત પર કેટલા શક્તિશાળી અમલ કરતા હતા.

## ★ એક શંકા અને એનો જવાબ ★

શંકા એ ઉપસ્થિત કરવામાં આવે છે કે હઝરત ઈમામ હસન





رضی اللہ عنہ એ નેવું જેટલી શાદીઓ કરી, અને આપ વધુ પડતી સ્ત્રીઓને બે રાતો પછી, તલાક આપી દેતા હતા, શું આ સારું કામ છે ? અને આ શંકાને પુરાવા સાથે વર્ણન કરવામાં આવે છે.

તારીખુલ ખુલફા, ભાગ–૨, હઝરત અલી બિન હુસૈનના મુખેથી સાંભળીને લખવામાં આવ્યું છે કે ઈમામ હસન તલાક ઘણી જ આપતા હતા, જે સ્ત્રી આપના નિકાહમાં આવી જતી તે ક્યારે પણ આપથી જુદુ થવાનું પસંદ ન કરતી. (પણ આપ તલાક આપી દેતા હતા) આપે નેવું શાદીઓ કરી છે.

હઝરત જા'ફર બિન મુહમ્મદના પુરાવાથી લખવામાં આવ્યું છે કે ઈમામ હસન નિકાહ કરતા પછી તલાક આપી દેતા, આપની આ પધ્ધતિથી અમને ડર લાગવા માંડયો કે કુટુંબોમાં હમેશાં દુશ્મની રહેશે.

## ★ ખારજીઓનો મકસદ ★

જા'ફર બિન મુહમ્મદના પિતાની મુખેથી લખવામાં આવ્યું કે ઈમામ હસન વધારે નિકાહ કરવાવાળા વ્યક્તિ હતા, અને પોતાની નવી પત્નીને થોડા દિવસ પછી તલાક આપી દેતા હતા, તો પણ આપ જે સ્ત્રીથી શાદી કરે લેતા તે દિલથી આપ પર કુર્બાન રહેતી હતી. (એટલે કોઈ આપની આ પધ્ધતિને ખરાબ ન સમજતું હતું.)

યઝીદી લોકોની તરફદારી કરનાર ખારજી લોકો હઝરત અલી અને એમના બે પુત્રો હસન અને હુસૈન رضی اللہ عنہما માં ખોટી રીતની શંકાઓ ઉપસ્થિત કરતા રહે છે. તેઓ ઉપરોક્ત રિવાયતોથી હઝરત ઈમામ હસનને ખરાબ કહેવાની કોશિશોમાં લાગેલા રહે છે. તો વર્તમાનકાળમાં એવા લોકોની વાતોથી સુન્નીઓને બચવવા અમારે જવાબ દેવાની જરૂરત પડે છે.

## ★ મુહદ્દિષે દહેલ્વીનો જવાબ ★

**જવાબ** : ફતાવા અઝીઝિયા, ભાગ–૧, પેજ–૯૭, હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ વર્ણન ફર્માવે છે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ થી વધારે શાદીઓ કરવાનું કારણ માલૂમ કરવામાં

આવ્યું તો આપે ફર્માવ્યું, હું ઈચ્છું છું કે વધારે લોકોને મારા થકી પૈગંબરે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم થી સગાઈ થઈ જાય જે કિયામતના દિવસે એમને કામ લાગે.

## ★ શુભેચ્છકોનો જવાબ ★

**(૨)** તારીખુલ ખુલફા, ભાગ–૨, ઈબ્ને સરનદે લખ્યું છે કે હઝરત અલી رضی اللہ عنہ એ એલાન ફર્માવ્યું કે અય કૂફાવાળાઓ ! હસન સાથે પોતાની પુત્રીની શાદી ન કરો કારણ કે એમને તલાક દેવાની આદત પડી ગઈ છે. આ (વાત) સાંભળીને એક હમદાનીએ કહ્યું, ખુદાની કસમ ! અમે એમનાથી પોતાની પુત્રીઓની શાદી જરૂરથી કરીશું જેને એ ઈચ્છે રાખે અને જેને ઈચ્છે તલાક આપી દે.

## ★ અમલનો આધાર નિય્યત પર ★

અમલનો આધાર નિય્યતો પર છે, જ્યારે લોકો ઈચ્છે છે કે હઝરત ઈમામ થકી અમને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સગાઈ થઈ જાય તો પછી એકને જ નિકાહમાં રાખે તો લોકોનો મકસદ પૂરો ન થાય, એટલે આપ નિકાહ કરી થોડા દિવસ રાખી, પછી તલાક દઈને છોડી આપતા. પછી એ સ્ત્રી બીજા કોઈના નિકાહમાં ન જતી. જ્યારે બંને તરફથી મકસદ નેક છે તો એને ખરાબ ન કહી શકાય.

## ★ શરીઅતનો કાયદો ★

**(૪)** ન અધિક નિકાહ કરવા હરામ જો એક સાથે ચાર સ્ત્રીઓ નિકાહમાં ન હોય, અથવા હોય તો કોઈ એકને તલાકથી અલગ કરી નિકાહ કરી શકાય તો પછી શરઅત એ મનાઈમાં ન આવ્યું.

فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَ ثُلٰثَ وَ رُبٰعَ

તો તમે નિકાહ કરો જે તમને પસંદ આવે સ્ત્રીઓમાંથી બે બેથી ત્રણ ત્રણથી અને ચાર ચારથી.

## ★ તલાક હરામ નથી ★

તલાક બાબત આપણા પ્યારા નબીનો ઈર્શાદ છે :–





اَبْغَضُ الْمُبَاحَاتِ الطَّلَاقُ મુબાહ અને જાઈઝ કામોમાં સૌથી નીચા દરજાનુ કામ તલાક આપવી છે. આ હદીષથી જાણવા મળ્યું કે તલાક આપવી પણ નાજાઈઝ અને હરામ નથી. અને મકસદ તમારી સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યો કે બંને તરફથી નિય્યત એ હતી કે જેટલી રાખવી હોય રાખે પણ અમારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એમના થકી સગાઈ કરવી છે જે અમને આખેરતમાં કામ લાગે, તો પછી એ મુબાહમાં નીચલા દરજામાં ન રહ્યું. પછી એને શંકાસ્પદ કેવી રીતે બનાવી શકાય ?! જો આ કામને એ જગાના લોકો બુરું સમજતા તો બે ત્રણની તલાક પછી બીજાું કોઈ પોતાની છોકરી આપવું પસંદ ન કરતું, પણ એમનો મકસદ પણ હઝરત ઈમામ હસન થકી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સગાઈનો સંબંધ જોડવો હતો.

## ★ આપનું સ્વપ્ન ★

તારીખુલ ખુલફામાં છે કે ઈબ્ને સઅદ ઈમરાન બિન અબ્દુલ્લાહથી રિવાયત કરે છે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ સ્વપ્ન જોયું કે એમની બંને આખોની વચમાં કુલ હુવલ્લાહુ અહદ લખેલું છે. આપે જ્યારે આ સ્વપ્ન બયાન ફર્માવ્યું તો અહલે બયત ઘણા ખુશ થયા (કે સ્વપ્ન ઘણુ સારું છે.) પરંતુ જ્યારે હઝરત સઈદ બિન મુસય્યિબ સામે આ સ્વપ્ન બયાન કરવામાં આવ્યું તો એમણે ફર્માવ્યું કે જો તમારું આ સ્વપ્ન સાચું છે, તો આપના (આ દુનિયાના) જીવનનાં માત્ર અમુક દિવસો બાકી રહી ગયા છે. સ્વપ્નની આ તાબીર સાચી રહી અને ત્યાર બાદ અમુક દિવસ જીવંત રહ્યા અને આપને ઝેર આપી દેવામાં આવ્યું અને આમ આપની શહાદત થઈ ગઈ.

## ★ કેટલી વખત ઝેર પીવડાવવામાં આવ્યું ?! ★

અમુક કિતાબોના આધારે એ જાણવા મળે છે કે આપને પાંચ વખત ઝેર પીવડાવવામાં આવ્યું, પાંચમી વખતમાં ઝેર પીવાથી આપનું અવસાન થઈ ગયું. એક વખત આપને મધમાં ઝેર આપવામાં આવ્યું. પેટમાં દર્દ વધવાથી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબર શરીફ પર હાજરી આપી અને દુઆ કરી તો હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી આપને

શિફા મળી અને આપ બચી ગયા. બીજી વખત આપને ખજૂરોમાં ઝેર આપવામાં આવ્યું અને આપને ગભરામણ થઈ. આપે બારગાહે રિસાલત صلی اللہ تعالیٰ علیہ وسلم માં હાજરી આપી દુઆ કરી તો બચી ગયા. પણ જ્યારે આપના નસીબમાં શહાદત લખવામાં આવી જ હતી તો પછી એ કારણ આવીને જ રહે. પાંચમી વખત આપને હીરાકણી વાટીને એનો પાઉડર પાણીમાં નાખી પીવડાવી દેવામાં આવ્યો જેનાથી આપની આંતરડીના ટુકડે ટુકડા થઈ ગયા, ઉલ્ટીઓ થવા લાગી અને દસ્ત આવવા લાગ્યા અને અંતે આ ઝેરથી આપનું અવસાન થઈ ગયું અને આપ શહાદતના દરજે પહોંચી ગયા.

## ★ બદલો અલ્લાહ લેશે ★

વફાત સમયે આપના નાના ભાઈ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ આપની ખિદમતમાં આવ્યા અને વિનંતિ કરી, ભાઈ સાહેબ ! આપને ઝેર કોણે આપ્યું ? આપે ફર્માવ્યું, શું તમે એને કતલ કરશો ?! હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ કહ્યું, જરૂરથી એને કતલ કરીશ. આપે ફર્માવ્યું, જેની બાબત મને અનુમાન છે, જો મારા ધારવા મુજબ એ જ હશે તો અલ્લાહ ઝુલ જલાલ સાચો બદલો લેવાવાળો છે અને એની પકડ ઘણી સખ્ત છે. અને જેને હું ધારું છું તે ઝેર આપનાર નથી તો હું નથી ઈચ્છતો કે મારા લીધે કોઈ નિર્દોષને કતલ કરવામાં આવે.

## ★ આપનો ન્યાય ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ના ઉપરોક્ત જવાબથી એ સ્પષ્ટ થયું કે આપ શરીઅતના કાયદાના કેટલા પાબંદ હતા. આપને દીનના ફર્માન પર અમલનો કેટલો શોખ હતો, અને આપને અલ્લાહનો અને આખિરતના હિસાબનો કેટલો ડર હતો કે શંકાને લઈને કોઈનું નામ લેવું પસંદ ન ફર્માવ્યું અને એ કાયદો છે કે કબીરા ગુનોહનો સંબંધ મુસલમાન તરફ યકીન પર પહોંચ્યા વિના નથી થઈ શક્તો. તો આપે અંતિમ સમયે અને અસહ્ય દુ:ખમાં પણ ઈન્સાફથી કામ લીધું અને પોતાના દુશ્મનને અલ્લાહના હવાલે કરી આપ્યો. અને કેમ ન હોય આપ અલ્લાહના પ્યારા નબીના નવાસા છે અને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખાસ દુઆઓ આપની





સાથે હતી. અને જેમના ઘરોમાં કુર્આન ઉતર્યું તે લોકો જ ન્યાયથી કામ ન લે અને પોતાની વાસનાને દખલ આપે તો પછી કોનાથી ન્યાયની ઉમ્મીદ રાખી શકાય ! એટલે શરીઅત વિરૂધ્ધનાં કામનો તો પ્રશ્ન ઉપસ્થિત થઈ શક્તો જ નથી. અલ્લાહ તઆલા જેમને પાક રાખવા ઈચ્છે તેમનામાં કોઈ ખરાબી આવી શક્તી જ નથી. ભલે માસૂમ નથી પણ અલ્લાહના કરમના પર્દા નીચે જરૂરથી છે. નબીનું ખાનદાન અમલોથી ઓળખી શકાય છે.

## ★ આત્મશાંતિની વાતો ★

વફાત સમયે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ જોયું કે મોટા ભાઈને તકલીફ વધારે છે અને ગભરામણ વધી ગઈ છે તો આપે એમને આમ શાંતિ આપવા વિનંતિ કરી. મોટા ભાઈ આ ગભરામણ કેવી ? તમે તો આપણા પ્રિય નાના સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જઈ રહ્યા છો, પોતાના પ્રિય પિતા હઝરત અલી પાસે જઈ રહ્યા છો, પોતાની નાની હઝરત ખદીજતુલ કુબ્રા અને માતા હઝરત ફાતિમા رضی اللہ عنہا થી મુલાકાત કરશો, પોતાના કાકા હઝરત હમઝા અને જા'ફર رضی اللہ عنہما થી મળશો, પોતાના મામા હઝરત કાસિમ અને તાહિર رضی اللہ عنہ થી મુલાકાત કરશો.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ ફર્માવ્યું, અય પ્રિય ભાઈ ! હું એવા આલમમાં પ્રવેશવાનો છું જેની જેવા આલમથી ક્યારે પ્રવેશ્યો નથી. અને હું અલ્લાહની મખ્લૂકમાંથી એવી મખ્લૂક જોઈ રહ્યો છું કે તેના જેવી ક્યારે નથી જોઈ. *(તારીખુલ ખુલફા, ભાગ-૨)*

## ★ નિકટતા તો પણ બીક ★

માણસે અલ્લાહની રહમતથી ઉમ્મીદ રાખવી જોઈએ અને એનાથી ક્યારે પણ બેખૌફ ન થવું જોઈએ. માણસને દુનિયા અને આખેરતમાં સફળ થવું હોય અને નિષ્ફળતાથી બચવું હોય તો આ બેમાર્ગની વચમાં રહેવું જોઈએ. હઝરત ઈમામ હસનનું અંતિમ ફર્માન આપણને એ વાતનો સબક આપી રહ્યું છે કે આપ નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સગાઈમાં, મહબ્બતમાં આટલા નિકટ હોવા

છતાં આ દુનિયાથી નીકળીને આખેરત તરફ વધી રહ્યા છે, તો પણ આપને એટલી ગભરામણ છે કે હઝરત ઈમામ હુસૈન આપને નબી અને કુટુંબના નિકટના બુઝુર્ગોની મુલાકાતની યાદ અપાવીને એ ગભરામણથી બહાર કરવાની કોશિશમાં લાગેલા છે. તો પછી આપણને અલ્લાહનો કેટલો ડર અને ખૌફ હોવો જોઈએ ! અને દીન માટે આપણે કેટલી કુર્બાનીઓ આપવી જોઈએ.

## ★ શહાદતની તારીખ ★

પાંચમી વખત પાણીમાં હીરાકણી નાખીને આપને કાતિલ ઝેર આપવામાં આવ્યું અને એનાથી આપના પેટની આંતરડીઓ ટુકડે ટુકડા થઈને વહી ગઈ, અને પછી એ કારણસર આપની શહાદત થઈ ગઈલ એ સમયે આપની ઉમર શરીફ ૪૫ વર્ષ, છ મહીના અને અમુક દિવસોના હતા અને તારીખ પાંચ રબીઉલ અવ્વલ હતી, હિજરી સન ૪૯ હતી. જન્નતુલ બકીઅમાં આપને હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ની બાજુમાં દફન કરવામાં આવ્યા. અલ્‌વિદાઅમાં એ પણ વર્ણન છે કે શહાદત સમયે આપ ૪૭ વર્ષના હતા.

## ★ ઝેર કોણે આપ્યું ? ★

એ તો નિયુક્ત છે કે ઝેર આપનાર દોસ્ત તો હોઈ શક્તો જ નથી, તો નિઃશંક એ દુશ્મન જ હશે. અને એ બાબતે વધુ સંભવ ખારજી લોકોનો છે, જેઓ પ્રથમ હઝરત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે આપના શુભેચ્છક હતા પછી અમુક મતભેદને લઈને આપના દુશ્મન બની અલગ થઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہ ની શહાદત કરનાર પણ ખારજી જ હતો, અને ઈમામ હસન સાથેનું આ કાવત્રુ કરનાર તેઓ પૈકી જ કોઈ હશે, પણ એ છે કોણ તે કોઈને ખબર નથી. અને હઝરત ઈમામ હુસૈને જ્યારે આપના ભાઈ હઝરત ઈમામ હસનને પૂછયું હતું કે આપનો કાતિલ કોણ છે ? તો એ એ વાતની દલીલ છે કે હઝરત ઈમામ હુસૈનને પણ એ વાતની ખબર ન હતી. અને ઈમામ હસને પણ એ બાબત પોતાના યકીનનો ઉલ્લેખ નથી કર્યો બલ્કે એ વાતને અલ્લાહના હવાલે કરી હતી. જ્યારે ઈમામે હસનએ નથી બતાવ્યું અને ઈમામ





હુસૈનને ખબર ન હતી અને તારીખમાં એ પણ જાણવા નથી મળ્યું કે એમના નિકટના કોઈને ખબર પડી હોય અને તેની સાથે કોઈ શરઈ કાર્યવાહી કરવામાં આવી હોય. એટલે એ વાતની ત્યારે ખબર ન હતી જ્યારે વાક્યો બન્યો હતો, તો પછી આજે એની ખબર કેવી રીતે પડી શકે છે ?! સારાંશ એ કે કાતિલ કોણ છે એની આપણને ખબર નથી. એટલે એ બાબતે કોઈને નિયુક્ત કરીને ચર્ચા કરવામાં આવશે નહીં.

## ★ શંકાનું કારણ ★

તારીખુલ ખુલફા અને બીજી અમુક કિતાબોમાં હઝરત ઈમામ હસનની પત્ની જાદા બિન્તે અશઅષને આપનાં કાતિલ બતાવવામાં આવ્યાં છે. તો એમણે શા માટે લખ્યું ? જવાબ એ છે કે લખવું અલગ વાત છે અને એ વાતનું યકીન સાથે પુરવાર થવું અલગ વાત છે. કતલનો સંબંધ કોઈ વ્યક્તિ તરફ કરવો ગુનાહે કબીરાને સંબંધ કરવો છે, અને એ પણ જેવા તેવા માણસનું કતલ નહીં, નવાસએ રસૂલને કતલ કરવું. શું શંકાથી કોઈને કાતિલ કહી શકાય છે ? એટલે ભલે તે તારીખની કિતાબોમાં ઉલ્લેખ થયો હોય પણ શરઈ કાયદાને આધારે આપની પત્ની જાદાને કાતિલ કહેવું જાઈઝ નથી.

## ★ પત્નીઓનો હેતુ નબી સાથે સગાઈ પામવાનો ★

બીજું એ કે આપની પત્નીઓમાં ઘણી સ્ત્રીઓનાં નામો આવે છે. નેવું જેટલી આપે શાદીઓ કરી હતી જેનો ઉલ્લેખ પુરાવા અને જવાબ સાથે થઈ ગયો છે. તો આપની પત્નીઓ શુભેચ્છકોની પુત્રીઓ હતી. અને તેમને આપની સાથે શાદીનો મકસદ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સગાઈ કરવી હતી. હઝરત ઈમામ હસન થકી જેમનો શાદીથી આટલો મહાન મકસદ હોય તેઓ પૈકી કોઈ આપને કતલ કરવાનું કાવત્રુ કેવી રીતે કરી શકે છે ?

## ★ ખોટી ચર્ચા ન કરો ! ★

ત્રીજું એ કે એ જમાનો વિતી ગયા પછી કોઈ એવું કહે કે કાતિલ ફલાણો હતો. તો જ્યારે સગા સંબંધીઓને ખબર નથી, કાતિલ સાથે

કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, એટલે જ કે એમને ખબર ન હતી. તો પછી એ વાત માત્ર એક રિવાયત છે, એથી અધિક એનું કોઈ સ્થાન નથી. એટલે અહલે સુન્નતની અવામને અમારા તરફથી એ ભલામણ કરવામાં આવે છે કે તેઓ આ પ્રમાણેની ચર્ચાઓથી પોતાને દૂર રાખે. સવાનેહે કરબલામાં હઝરત મુફસ્સિરે આ'ઝમ નઈમુદ્દીન સાહબ મુરાદાબાદી رحمۃ اللہ علیہ એ આ પ્રમાણેનો જ ઉલ્લેખ કર્યો છે :–

**સાવધાન !** : ઉલમાએ અહલે સુન્નત આ વાતમાં ચર્ચા કરવાથી એટલે પણ મનાઈ કરે છે કે આ વાત યકીની નથી એમાં શંકા છે, નથી તો એના પર સાક્ષીઓ અને નથી કરનારે એ પોતે સ્વીકાર્યું, અને શહીદ થનાર ઈમામ હસને પણ એવો કોઈ ઈશારો નથી કર્યો, જેથી એક સામાન્ય મુસલમાન પર એ તોહમત ન લગાડી શકાય, તો પછી ઈમામે હસનની પત્ની પર એ આક્ષેપ કેવી રીતે લગાડવામાં આવે ? કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا
فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا

**સવાલ** : અમુક લોકોનું કહેવું એવું છે કે યઝીદે હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ની પત્નીને ઝેર આપવામાં પોતાની સાથે નિકાહની લાલચ આપી હતી. અમુકે એવું કહ્યું છે કે આ પ્રમાણેનું કાવત્રુ કરનાર (મઆઝલ્લાહ !) હઝરત અમીરે મુઆવિયા رضی اللہ عنہ છે ?

**જવાબ** : હું તમને પુરાવા સાથે એ બતાવી ગયો કે હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ની પત્નીએ આ કામ કર્યું છે એ પુરવાર થતુ નથી, તો પછી કોણે એમને કરવાનું કહ્યું, એ શી રીતે પુરવાર થાય ? એટલે આ બાબતે પણ ચર્ચા કરવામાં ન આવે. યઝીદની બદમાશી સ્પષ્ટ છે, એને ઢાંકવાની જરૂરત નથી, પણ આ વાત માન્ય રાખવામાં ઈમામ પાક رضی اللہ عنہ નાં પત્નીની બદનામી થાય છે, જે શરઈ કાયદાના આધારે ગુનોહ સાબિત કર્યા વિના જાઈઝ નથી. અને એ સાબિતી મળવી હવે ક્યાંય શક્ય છે ? રહી ગયો પ્રશ્ન હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ નો તો એ પણ તદન ખોટું છે. અમીર મુઆવિયા رضی اللہ عنہ કોણ છે ? તે એનાથી સમજી શકાય છે કે હઝરત ઈમામ હસને સુલેહ કરીને સત્તા આપને





આપી દીધી હતી. હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ની નજરમાં અમીર મુઆવિયા رضی اللہ عنہ સત્તાના લાયક માણસ હતા, જો આમ ન હોત તો આપે સત્તા એમને કેમ આપી ? કોઈ એવી મજબૂરી ન હતી જેને લઈને ખસી જવું પડે, આપ પોતે ખલીફએ બરહક્ક હતા, સત્તા લાયક સમજીને જ આપવામાં આવી હતી. જેમને ઈમામ બરહક્ક લાયક સમજે તેની બાબત ખોટી વાત કરવાનો અધિકાર આપણને કેવી રીતે મળે ? બીજાું એ કે અમીર મુઆવિયા رضی اللہ عنہ આપનો ઘણો ખયાલ રાખતા હતા, આપને જરૂરતથી અધિક ખર્ચ અને માલ સામાન આપતા હતા, ખર્ચ લેવા બોલાવતા નહીં બલ્કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પોતે પોતાના ખાદિમને લઈને આપની ખિદમતમાં મોકલતા હતા, પછી એ શંકા પણ કેવી રીતે થઈ શકે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ આ કામ કરાવ્યું હતું. **આ ખોટા આક્ષેપ છે, આ બધી શીઆ લોકોની બકવાસ છે.** સુન્ની અવામે પોતાના સુન્ની આલિમોની વાતો તરફ ધ્યાન આપવું જોઈએ. સામાન્ય મુસલમાન પર આક્ષેપ મૂકવો મોટો ગુનોહ અને સહાબી પર આક્ષેપ મૂકવો એથી પણ મોટો ગુનોહ, આપણે તો સહાબીએ રસૂલના પગની ધૂળને પણ નથી પહોંચી શક્તા, એમની બાબત ખોટી ચર્ચાનો હક્ક આપણને ક્યાં મળી શકે છે ?!

## ★ ઈમામે પાકનો ખાસ ખયાલ ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ની હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ઈજ્જત કરતા અને સત્તા પરથી આપ સાથે સુલેહ કરીને ખસી ગયા બાદ આપની જરૂરતોનો ખાસ ખયાલ રાખતા હતા. ઈમામ પાક رضی اللہ عنہ ને દુઃખ પહોંચે એવું ક્યારે પણ થવા નથી દીધું.

બયહકી અને ઈબ્ને અસાકિરે હિશામના પિતા મુહમ્મદના મુખેથી સાંભળીને લખ્યું છે : જેનું તારીખુલ ખુલફામાં વર્ણન થયું છે કે ઈમામ હસન رضی اللہ عنہ ને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ વર્ષે એક લાખ પેન્શન આપતા હતાં. (તે સમયના એક લાખ આ સમયની ઘણી મોટી રકમ બની શકે છે.) એક વખત પેન્શન ન મળવાને લઈને આપની માલી હાલત નબળી થઈ ગઈ તો આપે પોતાની હાલત અમીર મુઆવિયા

પર લખવાનો વિચાર કર્યો. પણ કંઈ વિચારીને હાથ ખેંચી લીધો (એટલે કે લખ્યું નહીં) એ જ રાત્રીએ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ (સ્વપ્નમાં) પૂછયું, હસન કેવા છો ? મેં વિનંતિ કરી, પિતા ખૈરિયત છું, માત્ર માલી નબળાઈ આવી ગઈ છે. ફર્માવ્યું, તમે પેન અને ખડિયો એટલા માટે મંગાવ્યો હતો કે પોતાની જરૂરતોને પોતાના જેવી મખ્લૂક સમક્ષ જાહેર કરો. મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! વાત તો એ જ હતી ! હવે આપ ફર્માવો, હું શું કરું ?! આપે ફર્માવ્યું, આ દુઆ પઢયા કરો :–

اَللّٰھُمَّ اقْذِفْ فِیْ قَلْبِیْ رِجَائَکَ وَاقْطَعْ رِجَائِیْ عَمَّنْ سِوَاکَ حَتّٰی لَا اَرْجُوْ اَحَدًا غَیْرَکَ اَللّٰھُمَّ مَاضَعُفَتْ عَنْہُ قُوَّتِیْ وَقَصَرَعَنْہُ عَمَلِیْ وَلَمْ تَنْتَہِ اِلَیْہِ رَغْبَتِیْ وَلَمْ تَبْلُغْہُ مَسْئَلَتِیْ وَلَمْ یَجْرِ عَلٰی لِسَانِیْ مِمَّا اَعْطَیْتَ اَحَدًا مِّنَ الْاَوَّلِیْنَ وَ الْاٰخِرِیْنَ مِنَ الْیَقِیْنِ فَخَصَّنِیْ بِہٖ یَا رَبَّ الْعَالَمِیْنَ

"અય અલ્લાહ ! મારા દિલમાં તારી જ ઉમ્મીદ ભરી આપ, અને બીજા લોકોથી મારી ઉમ્મીદ એવી કાપી નાખ કે હું તને છોડીને કોઈનાથી ઉમ્મીદ ન લગાવું, અય અલ્લાહ ! એનાથી મારી શક્તિ તૂટી ન જાય અને મારા અમલમાં કમી ન આવી જાય, મારો શોખ એ તરફ ન પહોંચે, મારી માંગ એ તરફ ન જાય અને મારી જીભ પર ન આવે એ કે તે આગલા પાછલાઓથી કોઈને યકીનની દોલત આપી પણ અય રબ્બુલ આલમીન ! એમાં તુ મને ચૂંટી લે."

ફર્માવે છે : ખુદાની કસમ ! આ દુઆ મેં એક અઠવાડિયા સુધી નહીં પઢી હોય કે અમીર મુઆવિયા رضی اللہ عنہ એ પાંચ લાખ મારી પાસે મોકલ્યા, જેના પર મેં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરીને કહ્યું, સઘળા વખાણ અલ્લાહ માટે જ છે જે પોતાના યાદ કરનારને ભૂલતો નથી, અને માંગનારને નાઉમ્મીદ નથી કરતો.

જે દિવસે આ રકમ આવી મેં ફરી સ્વપ્નમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો દીદાર કર્યો, આકાએ પૂછયું, હસન કેવા છો ?! મેં વિનંતિ કરી, અલ્લાહના રસૂલ ખૈરિયત છું, એ પછી પૂરો બનાવ કહીં સંભળાવ્યો. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય પુત્ર ! અલ્લાહ તબારક વ તઆલાથી ઉમ્મીદ લગાડવાનું અને મખ્લૂકથી માંગ ન કરવાનું આ જ





પરિણામ છે.

ઉપરોક્ત રિવાયતથી એ સ્પષ્ટ થયું કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની નજરમાં ઈમામે પાકની ઘણી ઈજ્જત હતી, અને આપ ઈમામે પાકને વિના માંગે ઘણુ આપતા અને આપનો ખાસ ખયાલ રાખતા, પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ આપને કતલ કરવાનું કાવત્રુ બનાવ્યું હતું એ કેવી રીતે માની શકાય ? અમીર મુઆવિયા رضی اللہ عنہ હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ને અતિ ઉત્તમ અને વિશેષ માનતા હતા જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

ખુલાસો એ કે રિવાયત નકલ કરવાવાળાઓનું કામ રિવાયત નકલ કરવી છે. એનો મતલબ એ નથી હોતો કે એને કાયદાનો આધાર જ બનાવી લેવો, રિવાયતોને ફિકહી કાયદાઓ પર માપવામાં આવે છે, અને પછી એનાથી કોઈ નિર્ણય લઈ શકાય છે, અને ફિકહી કાયદાના આધારે એ રિવાયતો ગુનાહનો સંબંધ કરવામાં માન્ય નથી, એટલે એને ચર્ચાનો વિષય બનાવવામાં આવશે નહીં.

## ★ આપની ઈચ્છા જે પૂરી ન થઈ ★

ઈમામ પાકની એ ઈચ્છા હતી કે આપને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રૂમમાં જ્યાં આપણા પ્યારા નબી આરામ ફર્માવી રહ્યા છે દફન થવાની જગા આપવામાં આવે, પણ આપની એ ઈચ્છા અમુક કારણોસર પૂરી ન થઈ અને પછી આપને જન્નતુલ બકીઅમાં આપની વાલિદાની બાજુમાં દફન કરવામાં આવ્યા.

તારીખુલ ખુલફામાં ઈબ્ને અબ્દુલ બિર્રના પુરાવાથી લખવામાં આવ્યું છે, જેનો અંતિમ ભાગ છે, હઝરત ઈમામ હસન ફર્માવે છે કે મેં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا સમક્ષ એ ઈચ્છા પ્રગટ કરી કે આપ મને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પછી ફરી દફનની રજા લઈ લેશો. મને એવું લાગે છે કે ફરીથી રજા આપવામાં અમુક લોકો વિરોધ ઉઠાવશે. એમના વિરોધ ઉઠાવવા પર તમે (ભાઈ હુસૈન) રજા માંગવામાં હઠ ન કરશો.

અલ્લામા સિયૂતી ફર્માવે છે કે ઈમામ હસનની વફાત પછી ઈમામ હુસૈને ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકાથી બીજી વખત

રજા માંગી. આપે ફર્માવ્યું, રજા છે. પરંતુ મરવાન વચમાં પડયો (અને એણે વિરોધ ઉઠાવ્યો જે એ સમયે મદીનાનો ગર્વનર હતો.) મનાઈ કરવા પર ઈમામે હુસૈન رضی اللہ عنہ અને એમના દોસ્તોએ હથિયાર ઉઠાવી લીધાં, પરંતુ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ (વચમાં પડીને) બચાવ કરી લીધો (અને લડાઈ ન થવા દીધી) અને અંતે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ને એમની માતા હઝરત ફાતિમા رضی اللہ عنہا ની બાજુમાં જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

## ★ ઈમામે હુસૈનને શિખામણો ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને ઈમામ હસન رضی اللہ عنہ ની ખિલાફતના મસ્અલામાં જે કડવા અનુભવો થયો જેને લઈને આપે ખૂણો પકડી લીધો હતો, અને સત્તાને લાત મારી આપી હતી. આપે દુનિયાથી પરદો કરતી વખતે અથવા એના પહેલાં પોતાના નાના ભાઈ હઝરત ઈમામ હુસૈનને એ કડવા અનુભવોને અનુલક્ષી અમુક શિખામણો આપી હતી.

તારીખુલ ખુલફામાં ઈબ્ને અબ્દુલ બિર્રના પુરાવાથી લખવામાં આવ્યું છે ઈમામે હસન رضی اللہ عنہ એ મૌતની તકલીફની હાલતમાં ઈમામે હુસૈન رضی اللہ عنہ ને કહ્યું, અય ભાઈ ! રિસાલતે મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પર્દો ફર્માવી ગયા પછી હઝરાત અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما ખલીફા બનાવવામાં આવ્યા. પછી મશ્વેરાની સભામાં એ યકીન હતું કે હઝરત અલીને ખિલાફત મળશે, પરંતુ હઝરત ઉસ્માનને ખલીફા બનાવવામાં આવ્યા, અને એમની શહાદત પછી હઝરત અલી ખલીફા બન્યા, પછી તલ્વારો નીકળી પડી, અને અમે ખિલાફતને ખેરબાદ કહ્યું, કારણ કે કોઈ વાતનો નિકાલ ન આવ્યો અને હવે મને એવું દેખાઈ રહ્યું છે કે ઈમામત અને ખિલાફત આપણા કુટુંબમાં રહેશે નહીં. અને યકીન છે કે કોઈ મૂર્ખ તમને ખલીફા બનાવશે, પરંતુ પછી કૂફામાંથી કાઢી મૂકશે.

પોતાના અંતિમ શબ્દોથી આપે હઝરત ઈમામ હુસૈનને સાવધાન કર્યા હતા કે મારા પછી મૂર્ખ લોકો તમને ખલીફા બનાવશે અને પછી કૂફામાંથી કાઢી મૂકશે, તો આપના આ શબ્દો ગયબની ખબર હતી, અને





એવું જ થયું કે અમીર મુઆવિયા رضی اللہ عنہ ના અવસાન પછી યઝીદ ખલીફા બની ગયો અને ઈમામે હુસૈને એની ખિલાફતનો અસ્વીકાર કર્યો, કૂફાવાળાઓએ પત્રો લખી લખીને આપને બોલાવ્યા અને પછી સત્તાના દબાવમાં આવીને આપને સાથ ન આપ્યો અને હઝરત મુસ્લિમની જેમણે ઈમામ હુસૈનના નામની લોકોથી બયઅત લીધી હતી ઘરોમાંથી કાઢી મૂક્યા, આપને શહીદ કરવામાં આવ્યા અને પછી કરબલામાં ઈમામ પાક અને આપના શુભેચ્છકોને બેદર્દીથી શહીદ કરવામાં આવ્યા, જેનો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજુ થશે.

## ★ દુશ્મન પણ માની ગયો ★

એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે આપના દિલમાં કૃપા વધારે હતી અને આપ નમ્રતાના ગુણમાં પોતાનો દાખલો આપતા હતા. મરવાન ગવર્નર હતો, એણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને કાવત્રાં કરીને દુઃખ પહોંચાડયું હતું, અને એ સમયે એ મશ્વરો આપવાનું કામ કરતો હતો, પણ જ્યારે એ ગવર્નર બન્યો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને ઈમામ પાક رضی اللہ عنہ ની ખુલ્લે આમ બુરાઈ કરતો, ગાળો આપતો, મનમાં આવે તે બોલતો, પણ આપ સબ્રથી સાંભળી લેતા, કોઈ જવાબ ન આપતા, આવા એક નહીં નમ્રતા પ્રગટ થવાના અનેક બનાવો બન્યા હતા. જ્યારે આપનું અવસાન થયું, જનાઝામાં મરવાને હાજરી આપી અને આપના ગમમાં રડવા લાગ્યો.

તારીખુલ ખુલફામાં ઈબ્ને અસાકિરના પુરાવાથી આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રિવાયત છે કે ઈમામ હસનના જનાઝા પર મરવાને રડાકૂટ કરી, તો ઈમામ હુસૈને ફર્માવ્યું, હવે લાશ પર રડી રહ્યો છે, જ્યારે કે જીવનમાં તેં જાત જાતની બુરાઈ કરી ! આ (વાતના) જવાબમાં પર્વત તરફ ઈશારો કરીને મરવાને કહ્યું, આ બધું હું એ વ્યક્તિ સાથે કરતો હતો જે આ પર્વતથી વધીને નમ્રતા ધરાવતો હતો. એટલે કે એમના જીવનમાં ભલે મેં બુરાઈ કરી પણ હકીકત એ છે કે આપ વખાણને લાયક છે. આપ એટલું સબરથી કામ લેતા કે બુરી વાતનો જવાબ ન આપતા, જે કંઈ કહેવામાં આવતું સાંભળી લેતા. આપની સબ્ર અને

નમ્રતાનો દાખલો પર્વત છે.

### ★ જનાઝામાં લોકોની મેદની ★

આપ મુસલમાનોમાં અધિક લોકપ્રિય હતા, દરેકને મોઢે આપના વખાણ સાંભળવા મળતાં હતાં, ખારજી લોકોની એક જમાત હતી જેઓ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને એમના કુટુંબીજનોને માનતા ન હતા, અને બુરાઈ કરવી એમનો ધર્મ હતો અને અમુક સત્તાધારીઓ પોતાની સત્તાને ભાવ બતાવવા ખોટી વાતો કરતા હતા. જ્યારે કે દુનિયાને ખબર છે બુરાઈ કરનાર કેવા હતા, દુનિયા એમ તો નથી ચાહતી પણ એમના નામોથી પણ નફરત કરે છે. હસન અને હુસૈનના નામના લાખો માણસો જોવા મળશે યઝીદ, મરવાન અને શિમરના નામનો એક વ્યક્તિ પણ જોવા નહીં મળે. આ છે સાચી લોકપ્રિયતા કે ત્યારથી લઈને આજ સુધી દિલોમાં એમની મહબ્બત ઉભરાઈ રહી છે. ઈસાલા, ભાગ–૧, પેજ–૨૩૧ પર છે : વાકેદીએ ષઅલબા બિન માલિકથી રિવાયત કરી કે હું એ દિવસે હાજર હતો જે દિવસે હસન બિન અલીનું અવસાન થયું અને બકીઅમાં દફન કરવામાં આવ્યા. મેં બકીઅમાં લોકોની એટલી મેદની જોઈ કે જો જમીન પર સોઈ નાખવામાં આવતી તો જમીન પર નહીં કોઈના માથા પર પડતી. એટલે કે આટલું વિશાળ કબ્રસ્તાન પણ લોકોથી ભરાઈ ગયું હતું, અને કેમ ન હોય નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ જેમનાથી મહબ્બત અને પ્રેમ રાખવા આપણને પોતાની અનેક હદીષોથી શિખામણ આપી છે. અલ્લાહ તઆલા આપણને એમનાથી મહબ્બત રાખવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૪)

# ઈમામ હુસૈન رضی اللہ عنہ ની વિશિષ્ટતા અને શંકાના જવાબો

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَ الصَّلٰوةُ وَ السَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ قُلْ لَّآ اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْكَرِيْمُ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا نَبِىَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા ની પ્યારા દીવાનીઓ અને દીવાનાઓ ! મેં તમારી ખિદમતમાં હઝરત ઈમામ હસનની વિશેષતા પર હદીષો અને આધારભૂત આલિમોના લખાણના પ્રકાશમાં જરૂરત જેટલી વાતો રજુ કરી. હવે આપણે ઈમામ હુસૈન رضی اللہ عنہ ની વિશેષતા તરફ કેન્દ્રિત થઈ રહ્યા છે, અલ્લાહ તઆલા આપણને હક્ક સાંભળવાની (વાંચવાની) અને એની ઉપર અમલ કરવાની તૌફીક આપે.

### ★ આપણી ખુશનશીબી ★

આપણે અહલે સુન્નત વલ જમાઅતના છીએ અને આપણને

સુન્ની કહેવામાં આવે છે. એની વિરોધમાં એક ખ્યાતિ પામેલ મોટો ફિરકો શીઆ લોકોનો છે. જેમનો દા'વો એવો છે કે માત્ર અમે જ અહલે બયતે રસૂલના સાચા માનવાવાળા અને એમના શુભેચ્છક છીએ, અમને છોડીને આ ઈજ્જત કોઈને પ્રાપ્ત નથી અને પ્રાપ્ત થઈ શક્તી પણ નથી. તેઓની માન્યતા મહબ્બત અને પ્રેમમાં એટલી આગળ વધીને છે કે તેઓ અહલે બયતના જે ઈમામોને માને છે તેમને જ માને છે તેમને છોડીને કોઈની ઈમામત માન્ય રાખતા નથી. હઝરત અબૂબક્ર સિદ્દીક જેમની વિશેષતા એ છે કે, નબીઓ પછી અલ્લાહની મખ્લૂકમાં ઉચ્ચતર પદ આપનું અને આપની ખિલાફત પર અને પ્રથમ ખલીફા હોવા પર ઉમ્મતની એકમતી છે પણ શીઆ લોકો તેમને માનતા નથી બલ્કે તેમને પણ ગાળો આપે છે અને તેમને ન બોલવાની વાતો બોલીને પોતાના ઈમાનને નષ્ટ કરી આપ્યું છે, આમ બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમી رضی اللہ عنہ, ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને પણ માનતા નથી, અને વધુ પડતા સહાબાને તેઓ ગાળો આપે છે, અને એટલું જ નહીં તેમની બદ્અકીદગી સીમા પારની છે. (ઈન્શાઅલ્લાહ ! એમની બદ્અકીદગી પર હું તમને તોહફાનો એક અંક અલગથી આપીશ.) અને આપણી ખુશ કિસ્મતી એ છે કે આપણે અહલે બયતને પણ માનીએ છીએ સઘળા સહાબાને પણ માનીએ છીએ, અને માનવાનો જે કાયદાનો વર્તુળ છે એ વર્તુળમાં રહીને માનીએ છીએ, પાગલ થઈને નહીં. માનવું કમાલ નથી, હદમાં રહીને માનવું કમાલ પણ છે અને ઈમાન પણ છે. અલ્લાહને માનવું ઈમાનનો એક ભાગ છે પણ અલ્લાહને મખ્લૂક માફક માનવો કુફ્રનો ભાગ છે, રસૂલે પાકને માનવું ઈમાનનો એક ભાગ છે પણ ખુદા માફક માનવું કુફ્રનો ભાગ છે, તો સ્પષ્ટ થયું કે માનવું કમાલ નથી અને માનવું ઈમાન નથી પણ જે કાયદાનું વર્તુળ બનાવવામાં આવ્યું છે એમાં રહીને માનવું જ ઈમાન છે. માનવા પર જે કંઈ બશારતો અને ખુશ ખબરીઓ સંભળાવવામાં આવી છે તે વર્તુળમાં રહીને માનવાવાળાઓને જ લાગુ પડે છે. અને એ પ્રમાણે માન્યતા આપણી છે. એટલે આપણને અહલે સુન્નત વલ જમાઅત કહેવામાં આવે છે. આ'લા હઝરત મુજદ્દિદે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–





અહલે સુન્નત કા હય બેળા પાર અસ્હાબે હુઝૂર
નજમ હંય ઔર નાવ હય ઈ'તરત રસૂલુલ્લાહ કી

## ★ અહલે સુન્નતનો બેડો પાર ★

એટલે કે આપણી માન્યતામાં સહાબા ન્યાયી અને ઈન્સાફ પરસ્ત, સત્ય અને હક્ક છે, અને અહલે બયત પણ નબીની નિકટતાને લઈને અને એમની બાબત વર્ણવવામાં આવેલ હદીષોને લઈને વિશેષતા ધરાવે છે, અમે સહાબાને પણ માનીએ છીએ, એમના પૈકી કોઈની બુરાઈ અને ગુસ્તાખી નથી કરતા. સર્વને એમની શાનના લાયક માન મરતબો આપીએ છીએ, અને અહલે બયઅતને માનવાનું જે એક કાયદાનું વર્તુળ છે તેમાં રહીને, એમને પણ માનીએ છીએ, એટલે અહલે સુન્નત સફળ અને કામયાબ છે, એમનાથી અલગ થનાર નિષ્ફળ અને નાકામ છે.

## ★ ઔલાદમાં ઉચ્ચતમ હસનૈન ★

હું તમને હઝરત ઈમામ હસનની વિશેષતાના પ્રકરણમાં એ તો બતાવી ગયો કે અહલે બેયત એટલે એ ઘરના લોકો એમાં નબીએ પાકની સઘળી પત્નીઓ, હઝરાતે પંજ તન પાક અને નબીએ પાકે જેમને પોતાના તરફથી પોતાના અહલે બયતમાં સ્વીકારી લીધા છે એ સર્વને કહેવામાં આવે છે, પણ ઔલાદે રસૂલ હોવાનો પ્રશ્ન તો એની વિગતનું વર્ણન થઈ ગયું કે હઝરાતે હસનૈન અને એમની ઔલાદને સૈયિદ કહેવામાં આવે છે. ઔલાદે રસૂલ હોવાને લઈને ઉચ્ચતમ પદ હઝરાતે હસનૈનનું છે. અને વંશના આધારે બાપ થકી જે હઝરાતે હસનૈનમાંથી કોઈ એક સાથે મળે તેને જ સૈયિદ કહેવામાં આવશે, એમને છોડીને સૈયિદ હોવાનું પદ બીજા કોઈને પ્રાપ્ત રહેશે નહીં. રસૂલે પાકની ઔલાદમાં માત્ર **હસની** અને **હુસૈની** સાદાતનો જ સમાવેશ છે.

**સવાલ** : કોઈ વ્યક્તિની માતા સૈયેદા છે, પિતા નહીં તો શું માતાના આધારે એને સૈયિદ કહેવામાં આવશે ?

**જવાબ** : હદીષનું વર્ણન થઈ ગયું કે **ઈસ્લામમાં વંશનો આધાર**

**બાપ પર છે મા પર નથી.** એટલે જો કોઈનો બાપ ગૈર સૈયિદ હોય તો **માતાના સૈયેદા હોવાથી એને સૈયિદ કહેવામાં આવશે નહીં.** જો પિતા સૈયિદ હોય અને માતા સૈયિદ ન હોય તો પણ ઔલાદને સૈયિદ કહેવામાં આવશે. એટલે જ કે ઈસ્લામમાં વંશનો આધાર માતા પર નથી પિતા પર છે, **માત્ર આપણા નબીની વિશેષતા છે કે આપનો વંશ પોતાની પુત્રી હઝરતે ફાતિમાથી ચાલ્યો**, આપને છોડીને દુનિયામાં કોઈને આ વિશેષતા પ્રાપ્ત નથી, એટલે દરેકનો વંશ એના પિતાથી જ સંબંધિત રહેશે.

## ★ નિઃશંક ! ઔલાદે રસૂલ ★

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઔલાદ નિઃશંક ! ફઝીલત અને વિશેષતા ધરાવે છે, નબીએ અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વંશના આધારે સંબંધિત હોવાને લઈને તેઓ ઈજ્જત ધરાવે છે પણ જમાનો જેટલો દૂર જતો જાય છે વંશમાં વધારો થતો જાય છે, અને ખોટા દાવેદારોની પણ કમી નથી જેને લઈને કેટલીક શંકાઓ ઉપસ્થિત થાય છે. એટલે વર્તમાનકાળમાં કહેવા પર માની લેવું અને ઈજ્જત કરી લેવું અકીદતના આધારે છે, એમાં યકીનના દરજે પહોંચવું મુશ્કેલ છે. પણ હઝરાતે હસનૈન અને એમની નિકટની ઔલદ અને એમના વંશમાં કોઈ જ શંકા નથી તેઓ નિઃશંક ! નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઔલાદ છે. તો તેઓ ઔલાદ પણ છે અને એમની ઔલાદ હોવામાં યકીન પણ છે એટલે અકીદતના આધારે આપ વધારે માન્ય છે. અહીંયા શંકાને જગા મળી શક્તી જ નથી.

## ★ આપનો જન્મ ★

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની પૈદાઈશ અને જન્મ પાંચ શાબાન હિજરી સન ૪ માં થઈ હતી. જન્મ સ્થળ મદીના શરીફ છે. આપની પૈદાઈશ પર નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના કાનમાં અઝાન આપી અને મોઢામાં થૂંક મુબારક નાખ્યું હતું, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપના માટે ખૈરો બરકતની દુઆ પણ કરી હતી. સાતમા દિવસે આપનું નામ હુસૈન રાખ્યું અને અકીકો કર્યો, નામ રાખવાના કારણોનો ઉલ્લેખ થઈ ગયો છે.





તબ્રાની અને ઈબ્ને અસાકિરે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી : આપે ફર્માવ્યું, હસન, હુસૈન અને મુહસિન તો એમના નામો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ રાખ્યાં, એમના તરફથી અકીકો કર્યો, એમનાં માથાં મુંડાવ્યાં અને એમના (વાળના) વજન જેટલો સદકો કર્યો.

## ★ સ્વપ્નની તા'બીર હુસૈન ★

અશ્શરફુલ મુઅબ્બદ, પેજ—૭૦ પર છે : હઝરત ઉમ્મુલ ફઝલ બિન્તુલ હારિષ رضی اللہ تعالیٰ عنہا એટલે કે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નાં કાકી હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબનાં પત્ની એક દિવસ હુઝૂર પાકની ખિદમતમાં આવ્યાં અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! મેં આજે એક એવું સ્વપ્ન જોયું છે જેનાથી હું ડરી ગઈ છું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે શું જોયું ? એમણે વિનંતિ કરી, એ ઘણુ કષ્ટદાયક છે જેને બતાવવાની મારામાં હિંમત નથી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બતાવો ! તો એમણે કહ્યું, મેં એ જોયું કે હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર મુબારકનો એક ટુકડો કાપીને મારા ખોળામાં રાખવામાં આવ્યો. ફર્માવ્યું, તમારું સ્વપ્ન ઘણુ સારું છે ! ઈન્શાઅલ્લાહ ! ફાતિમાને પુત્ર થશે અને એ તમારા ખોળામાં આપવામાં આવશે, અને પછી એવું જ થયું. ઈમામ હુસૈનની પૈદાઈશ અને જન્મ પછી આપને એમના ખોળામાં આપવામાં આવ્યા.

## ★ હુસૈન મારા છે ★

તિર્મિઝી શરીફમાં હઝરત યઅલા બિન મુર્રાથી રિવાયત છે કે સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :— "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું." (મતલબ એ કે હુસૈન મને અતિ પ્રિય છે હું મહબ્બત અને પ્રેમમાં એમને મારાથી અલગ નથી સમજતો તો તમે પણ એમને મારાથી અલગ ન સમજશો. એમની યાદ મારી યાદ, એમની દોસ્તી મારી દોસ્તી, એમને પ્રિય રાખવું મને પ્રિય રાખવું, એમની દુશ્મની મારી દુશ્મની, એમનાથી લડવું ઝઘડવું મારાથી લડવું ઝઘડવું. સારાંશ એ કે બે શબ્દોમાં આપણા નબીએ આપણી સમક્ષ ઈમામ હુસૈનની વિશેષતાનો દરિયો કૂજામાં બંધ કરીને આપી દીધો. એટલે આપણે નબી

صلی اللہ تعالیٰ علیہ وسلمની મહબ્બત માટે ઈમામ હુસૈનથી મહબ્બત કરી એમના દુશ્મનોથી દુશ્મની રાખવી જોઈએ.

## ★ અલ્લાહની મહોબ્બત ★

મિશ્કાત શરીફ, પેજ–૫૭૧, સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :– "જે હુસૈનને પ્રિય રાખશે એણે અલ્લાહ તઆલાથી મહોબ્બત રાખી."

મિર્કાત, ભાગ–૫, પેજ–૬૦૪ પર આ હદીષના ખુલાસામાં લખવામાં આવ્યું છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ થી મહબ્બત રાખવી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મહબ્બત રાખવી છે. અને હુઝૂરથી મહબ્બત રાખવી અલ્લાહ તઆલાથી મહબ્બત રાખવી છે. (બીજા શબ્દોમાં એ કે આ મહબ્બતો એક બીજાની સાથે સંકળાયેલી છે, જે એકને પ્રિય રાખશે નિ:શંક ! બીજાને પ્રિય રાખશે.

## ★ જન્નતી જોવો છે ?! ★

નૂરુલ અબસાર, પેજ–૧૧૪ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેને પસંદ હોય કે જન્નતી યુવાનોના સરદાર અને આગેવાનનો દીદાર કરે તો એ હુસૈન બિન અલીને જુએ. (એટલે કે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુનિયામાં એમના જન્નતી હોવાની અને જન્નતી યુવાનોના આગેવાન હોવાની ખુશ ખબરી સંભળાવી. એનાથી મહાન બીજી કોઈ વાત થઈ શકે છે કે, જેને આજીવિકા જન્નતી હોવાની યકીની ખબર નબએ પાકના મૂખેથી આપવામાં આવી, જેમાં કોઈને શંકા જ ન રહી જાય. અને કેમ ન હોય આપ આપણા નબીથી સંબંધિત હોવાને લઈને દુનિયામાં મુસલમાનોના સરદાર બન્યા તો નબીના સંબંધિત હોવાને લઈને આખેરતમાં પણ યુવાનોના આગેવાન રહેશે.)

## ★ અલ્લાહના પ્રિય બનવું છે ? ★

નૂરુલ અબ્સાર, પેજ–૧૧૪ માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મસ્જિદમાં તશરીફ લાવ્યા





અને ફર્માવ્યું, નાનું બાળક ક્યાં છે ? હઝરત ઈમામ હુસૈન દોડતા આવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના ખોળામાં બેસી ગયા, અને પોતાની આંગળીઓ દાઢી મુબારકમાં દાખલ કરી દીધી. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમનું મોઢું ખોલીને ચુમન કર્યું, પછી ફર્માવ્યું :–

اَللّٰھُمَّ اِنِّیْ اُحِبُّہٗ فَاَحِبَّہٗ وَاَحِبَّ مَنْ یُّحِبَّہٗ

"અય અલ્લાહ ! હું એને પ્રિય રાખું છું, તું પણ એને પ્રિય રાખ, અને જે એમને પ્રિય રાખે એને પણ પ્રિય રાખ."

## ★ થૂંકને પણ પ્રિય રાખતા ★

નૂરુલ અબ્સાર, પેજ–૧૧૪ પર છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે આપ હઝરત ઈમામ હુસૈનના થૂંકને એ રીતે ચૂસતા જેમ માણસ ખજૂરને ચૂસે છે. (આનાથી એ જાણી શકાય છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمને આપથી કેટલી મહબ્બત અને પ્રેમ હતો, તેવા નબીના પ્રિય હુસૈનથી આપણે મહબ્બત રાખીએ તો આપણે ખુદા અને રસૂલની બારગાહમાં પ્રિય બની શકીએ છીએ. આપણે અહલે સુન્નત હઝરાત હસનૈનને એટલા માટે જ પ્રિય રાખીએ છીએ કે એમના થકી ખુદાની બારગાહમાં આપણે પ્રિય થઈએ.)

## ★ આકાશમાં પણ પ્રિય ★

અશ્શરફુલ મુઅબ્બદ, પેજ–૬૫ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ કા'બા શરીફના છાંયડામાં તશરીફ ફર્મા હતા, એમણે હઝરત ઈમામ હુસૈનને પધારતા જોયા તો ફર્માવ્યું :– "આ આકાશવાળાઓ નજીક જમીનવાળાઓથી અધિક પ્રિય છે."

## ★ નવાસા માટે પુત્ર કુર્બાન ! ★

શવાહિદુન્નબુવત, પેજ–૩૦૫, હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક દિવસ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ઈમામ હુસૈનને જમણી બાજુ અને પોતાના પ્રિય પુત્ર હઝરત ઈબ્રાહીમને ડાબી

બાજુ બેસાડેલા હતા, હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદા તઆલા આ બંનેને આપની પાસે ભેગા નહીં રહેવા દે. એમાંથી એકને પરત લઈ લેશે. એ બંનેમાંથી તમે જેને ઈચ્છો પસંદ કરી લો, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હુસૈન રૂખસ્ત થાય તો એમની જુદાઈમાં ફાતિમા અને અલી رضی اللہ عنہ ને તકલીફ થશે અને મને પણ તકલીફ થશે, પરંતુ જો ઈબ્રાહીમનું અવસાન થાય તો વધારે તકલીફ મને થશે, એટલે મને મારું દુઃખ વધારે પસંદ છે. આ બનાવના ત્રણ દિવસ પછી હઝરત ઈબ્રાહીમનું અવસાન થઈ ગયું.

અને પછી જ્યારે હઝરત ઈમામ હુસૈન હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવતા તો આપ એમને મર્હબા (ભલે પધારો) કહેતા, પછી એમના કપાળને ચૂમતા અને લોકોને સંબોધન કરી ફર્માવતા કે મેં હુસૈન પર મારા પુત્ર ઈબ્રાહીમને કુર્બાન કરી આપ્યો. (આ રિવાયતથી પણ એ જાણી શકાય શકાય છે કે હઝરત ઈમામ હુસૈન આપને કેટલા પ્રિય હતા કે આપે પોતાના પુત્રની કુર્બાની એમના માટે આપી.)

## ★ એમનું રડવું મારા માટે દુઃખદ છે ★

તબ્રાનીમાં યઝીદ બિન અલી ઝિયાદથી રિવાયત છે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હુસૈનના રડવાનો અવાજ સાંભળ્યો તો એમનાં માતા (હઝરત ફાતિમા)ને કહ્યું, શું તમને ખબર નથી કે એમનું રડવું મને ચિંતિત કરે છે. (આ રિવાયતથી પણ એ સ્પષ્ટ થાય છે કે આપને હઝરત ઈમામ હુસૈન સાથે એટલી મહબ્બત હતી કે જો બાળક હોવાને લઈને કોઈ કારણસર રડતા તો હુઝૂરને દુઃખ થતું, અને એટલું જ નહીં કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મહોબ્બત અને પ્રેમ હતો બલ્કે આપે આપણને પણ એમની સાથે મહબ્બત રાખવાની તા'લીમ આપી અને આપણને એમને દુઃખ ન પહોંચે એનાથી સાવધાન કર્યા.) *(સવાઈકે મુહરિકા)*

## ★ સિજદો લાંબો કર્યો ★

કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૩, પેજ–૧૩, પેજ–૬૬૮ શદ્દાદ ઈબ્નુલ હાદથી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝ માટે





બોલાવવામાં આવ્યા. આપ બહાર આવ્યા ત્યારે આપ હસન અથવા હુસૈનને (શંકાને લઈને કહ્યું, બેમાંથી કોઈ એક હતું) ઉંચકેલા હતા. એમને પોતાની બાજુમાં રાખ્યા (નમાઝ શરૂ કરી) પોતાની નમાઝમાં લાંબો સિજદો કર્યો, તો મેં મારું માથું ઉઠાવ્યું, તો બાળક અલ્લાહના રસૂલની પીઠ પર હતું, હું સિજદામાં પરત આવ્યો, જ્યારે (આપે નમાઝ પૂરી કરી) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સલામ ફેરવી લીધી તો લોકોએ આપને કહ્યું, અય અલ્લાહના રસૂલ ! તમે તમારી આ નમાઝમાં સિજદો કર્યો (જેવો) આપ ન કરતા હતા, શું આપ પર વહી આવી રહી હતી ? ફર્માવ્યું, ના ! બલ્કે મારો પુત્ર મારા પર સવાર થઈ ગયો હતો, મને પસંદ ન આવ્યું કે હું જલ્દી કરું, એટલે સુધી કે એ પોતાની જરૂરત પૂરી કરી લે.

## ★ હઝરત ઉમરનો જવાબ ★

ઈબ્ને સઅદ અને ઈબ્ને શહવિયાના પુરાવાથી કન્ઝમાં ભાગ–૧૩ પેજ–૬૫૫ પર છે : હઝરત હુસૈન બિન અલીથી રિવાયત છે, ફર્માવે છે કે હું ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ પાસે મિમ્બર પર ચઢી ગયો અને મેં એમને કહ્યું, મારા પિતાના મિમ્બર પરથી ઉતરી જાવ અને તમારા પિતાના મિમ્બર પર જાવ ! આપે ફર્માવ્યું, બેશક ! મારા બાપનું કોઈ મિમ્બર નથી ! પછી મને પોતાની સાથે બેસાડયો, પછી જ્યારે આપ ઉતર્યા મને પોતાની સાથે એમના ઘરે લઈ ગયા. પછી ફર્માવ્યું, અય બેટા ! તમને આ (વાત) કોણે શિખવાડી, મેં કહ્યું, મને કોઈએ નથી શિખવાડયું. પછી ફર્માવ્યું, બેટા ! તમે અમારી પાસે આવી અમારી સાથે રાતનું ખાવા ખાવ તો સારું. ફર્માવ્યે છે એક દિવસ હું આવ્યો એ સમયે આપ હઝરતે અમીરે મુઆવિયા رضی اللہ عنہ સાથે એકાંતમાં વાત કરી રહ્યા હતા, અને ઈબ્ને ઉમર દરવાજા પર હતા એ રજા આપવામાં ન આવી. તો હું પરત આવ્યો, પછી મારાથી એમની મુલાકાત થઈ તો ફર્માવ્યું, બેટા મેં તમને આવતા નથી જોયા. મેં વિનંતિ કરી, હું આવ્યો હતો પણ એ સમયે આપ અમીરે મુઆવિયા સાથે એકાંતમાં હતા. મેં ઈબ્ને ઉમરને જોયા એ પરત આવ્યા. તો હું પરત આવી ગયો તો આપે ફર્માવ્યું, તમે અબ્દુલ્લાહ બિન ઉમરથી વધારે રજાનો હક્ક ધરાવો છે,

(જો તમે આવીને રજા માંગી હોત તો તમને મનાઈ કરવામાં ન આવતી.) તમે જે અમારા માથામાં જોઈ રહ્યા છો અલ્લાહએ ઉઠાવ્યાં પછી તમે, પછી પોતાનો હાથ મારા માથા પર મૂક્યો. (એટલે કે અમને જે કંઈ મુકામ અને મરતબો મળ્યો એ અલ્લાહ તઆલાએ આપ્યો અને તમારા લોકોના સદકામાં આપવામાં આવ્યો. પછી તમારું એહસાન ભૂલી ન શકાય. હું મારા પુત્રથી પણ વધીને તમને ઈજ્જત આપું છું.)

## ★ ફરિશ્તાએ રક્ષણ કર્યું ★

નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, પેજ–૪૬૦ પર છે એક દિવસ હઝરત ફાતેમા رضی اللہ عنہا એ નબીએ અકદસ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયાં અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! હસન અને હુસૈન ખોવાઈ ગયા છે અને ખબર નથી પડતી કે ક્યાં ચાલ્યા ગયા છે. એ પછી હઝરત જિબ્રઈલે અમીન આવ્યા અને કહ્યું, અલ્લાહના રસૂલ ! એ ફલાણી જગાએ છે. આપ તશરીફ લઈ ગયા તો જોયું કે બંને સૂઈ રહ્યા છે અને ફરિશ્તો એક પાંખ એમની ઉપર અને એક પાંખ એમની નીચે રાખેલો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના મોઢાનું ચૂમન કર્યું તો તેઓ જાગી ગયા, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકને જમણા ખભે અને બીજાને ડાબા ખભે બેસાડી લીધા, એટલામાં અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મળ્યા. આપે ફર્માવ્યું, એક છે મને આપી દો હું લઈ ચાલું. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આ બંનેની કેટલી સારી સવારી છે, અને આ બંને કેટલા સારા સવાર છે ! પછી જ્યારે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મસ્જિદમાં પહોંચ્યા, આપે ફર્માવ્યું, અય મુસલમાનોની જમાઅત ! શું હું તમને એમની વાત ન બતાવું જેમના નાના નાની સર્વથી અધિક ઉત્તમ છે. લોકોએ વિનંતિ કરી, હા ! આપે ફર્માવ્યું, હસન અને હુસૈન છે. જેમના નાના અલ્લાહના રસૂલ અને જેમની નાની ખદીજા છે. શું તમને એવાની બાબત ન બતાવું જેમના માતા પિતા સર્વથી ઉત્તમ છે ?! લોકોએ વિનંતિ કરી, હા ! આપે ફર્માવ્યું, હસન અને હુસૈન છે. જેમના પિતા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને માતા ફાતિમા رضی اللہ عنہا છે. શું હું તમને એવા વ્યક્તિઓ બાબત ન બતાઉં જેમના કાકા અને ફોઈ સર્વથી ઉત્તમ છે ? લોકોએ વિનંતિ કરી, હા ! આપે ફર્માવ્યું, હસન અને હુસૈન





છે. જેમના કાકા જા'ફર અને ફોઈ ઉમ્મે હાની છે. શું હું તમને એવા માણસોના બારામાં ન બતાઉં જેમના મામા અને માસી સર્વથી ઉત્તમ છે ?! લોકોએ વિનંતિ કરી, હા ! આપે ફર્માવ્યું, હસન અને હુસૈન છે. એમના મામા કાસિમ અને એમની માસી ઝેનબ બિન્તે નબી છે.

## ★ જન્નતી સફરજન ★

નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, પેજ–૪૬૦ પર છે : હઝરત જિબ્રઈલ અમીન علیہ الصلوٰۃ والسلام એ એક સફરજન જન્નતથી લાવીને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં રાખ્યું. આપની પાસે હઝરત ઈમામ હસન અને હુસૈન હાજર હતા. બંનેએ એ લઈ લેવાનું વિચાર્યું. હઝરત જિબ્રઈલ અમીને કહ્યું, એ બંનેને કુશ્તી લડવા દો, જે જીતી જશે તે લઈ લેશે. એ પછી હઝરત જિબ્રઈલ હઝરત હુસૈન તરફ થઈ ગયા, અને નબીએ પાક હઝરતે હસન તરફ, કોઈએ પણ વિજય મેળવ્યો નહીં. એ પછી એક સફરજન બીજુ ઉતર્યું. (એટલે કે બંને માટે સફરજન આવ્યું અને બંનેને ખુશ રાખવામાં આવ્યા.) આ છે હઝરાતે હસનૈનનો મુકામ ! અલ્લાહ, રસૂલ અને ફરિશ્તાઓની બારગાહમાં તો પછી આપણે એમને પ્રિય કેમ ન રાખીએ ? અને એમના દુશ્મનોને દુશ્મન કેમ ન સમજીએ.

## ★ આપની શહાદતની ખબરથી નબી રડવા લાગ્યા ! ★

મિશ્કાત, પેજ–૫૭૨, હઝરત ઉમ્મુલ ફઝલ બિન્તે હારિષ رضی اللہ عنہا એક દિવસ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયાં. હઝરત ઈમામ હુસૈનને આપના ખોળામાં આપ્યા. પછી હું શું જોવું છું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આંખોમાંથી સતત અશ્રુવર્ષા થઈ રહી છે. મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! મારા માતા પિતા આપ પર કુર્બાન ! આ શું હાલત છે ? ફર્માવ્યું, મારી પાસે હઝરત જિબ્રઈલ અમીન આવ્યા અને એમણે એ ખબર પહોંચાડી :– બેશક ! મારી ઉમ્મત જલ્દીમાં મારા આ પુત્રને શહીદ કરી નાખશે. હઝરતે ઉમ્મુલ ફઝલ વિનંતિ કરે છે, અય અલ્લાહના રસૂલ ! શું આ પુત્રને શહીદ કરી નાંખશે ?! હુઝૂરએ

ફર્માવ્યું, હા ! પછી જિબ્રઈલ મારી પાસે એમની શહાદતની જગાની માટી પણ લાવ્યા. (એટલે કે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ને જે જેગાએ શહીદ થશે તે જગાની માટી પણ આપવામાં આવી જેનાથી એ પણ ખબર થઈ જાય કે કોણ શહીદ કરશે. બીજી હદીષમાં એ જગાનો પણ ઉલ્લેખ છે.)

## ★ કરબલાની ખબર ★

ઈબ્ને સઅદ અને તબ્રાનીએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી, હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે જિબ્રઈલે મને ખબર આપી કે :–

اِنَّ اِبْنِیْ الْحُسَیْنَ یُقْتَلُ بَعْدِیْ بِاَرْضِ الطَّفِ

"મારો પુત્ર હુસૈન મારા પછી નિફની જમીન પર શહીદ કરવામાં આવશે." *(સવાઈકે મુહરેકા, પેજ–૧૧૮)*

## ★ વરસાદનો ફરિશ્તો નબીની ખિદમતમાં ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે વરસાદના ફરિશ્તાએ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપવા અલ્લાહ તઆલાથી રજા માંગી. જ્યારે એને રજા મળી, બારગાહે નબુવ્વતમાં હાજર થયો તો એ સમયે હઝરત હુસૈન આવ્યા અને હુઝૂરના ખોળામાં બેસી ગયા, તો આપ એમને ચૂમવા અને પ્યાર કરવા લાગ્યા. ફરિશ્તાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! શું તમે હુસૈનથી પ્યાર કરો છો ?! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હા ! એણે કહ્યું કે : اِنَّ اُمَّتَکَ سَتَقْتُلُہٗ "બેશક ! તમારી ઉમ્મત નજીકમાં એમને શહીદ કરશે." જો આપ ઈચ્છો તો એમની શહાદતની જગાની માટી આપને બતાઉં ! પછી એ ફરિશ્તો લાલ માટી લાવ્યો જેને ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ પોતાના કપડામાં લઈ લીધી. અને એક રિવાયતમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય ઉમ્મે સલ્મા ! જ્યારે આ માટી લોહી બની જશે તો સમજી લે જે કે મારો પુત્ર શહીદ કરી દેવામાં આવ્યો. હઝરત ઉમ્મે સલ્મા ફર્માવે છે કે મેં આ માટીને શીશીમાં બંધ કરી દીધી જે હઝરત હુસૈન رضی اللہ عنہ ની શહાદતના દિવસે લોહી થઈ ગઈ.





## ★ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ ખબર આપી ★

કન્ઝમાં ઈબ્ને માજા, તબ્રાની અને અબૂ નઈમના પુરાવાથી હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવ્યું : એક દિવસ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરમાં હતા, આપે ફર્માવ્યું, મારી પાસે કોઈ આવશે નહીં. હું વાટ જોતી રહી એટલામાં હુસૈન પ્રવેશ્યા તો મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના રડવાનો અવાજ સાંભળ્યો. મેં ડોકિયું કર્યું તો હુસૈન આપના ખોળામાં હતા અથવા આપની બાજુમાં હતા. આપ એમના માથા પર હાથ ફેરવતા જતા અને રડતા જતા. મેં કહ્યું, અલ્લાહની કસમ ! મેં ન જાણ્યું એટલે સુધી કે તેઓ પ્રવેશી ગયા, નબી علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે, જિબ્રઈલ મારી સાથે ઘરમાં હતા. આપે ફર્માવ્યું, શું તમે એમને પ્રિય રાખો છો ?! મેં કહ્યું, દુનિયાની મહબ્બતમાંથી છે તો હા ! એમણે કહ્યું :– اِنَّ اُمَّتَکَ سَتَقْتُلُ هٰذَا بِاَرْضٍ یُقَالُ لَہٗ کَرْبَلَا કે આપની ઉમ્મત એમને શહીદ કરશે એવી જમીનમાં જેને કરબલા કહેવામાં આવે છે. જિબ્રઈલ એની માટી લાવ્યા અને નબીએ પાકને દેખાડી. જ્યારે શહીદ કરવા માટે હઝરતે હુસૈનને ઘેરામાં લઈ લેવામાં આવ્યા તો ફર્માવ્યું, આ જમીનનું નામ શું છે ?! લોકોએ કહ્યું, કરબલાની જમીન. કહ્યું, અલ્લાહના રસૂલનું ફર્માન સાચુ છે اَرْضُ کَرْبٍ وَّ بَلَاءٍ "કષ્ટી અને બલાની જમીન." (આ રિવાયતમાં સ્પષ્ટ શબ્દોમાં કરબલાનો ઉલ્લેખ છે. અને થયું પણ એવું જ કે હઝરત ઈમામ હુસૈનને એ જ જગાએ શહીદ કરવામાં આવ્યા અને શહીદ કરનાર ગેરમુસ્લિમ ન હતા બલ્કે મુસલમાન જ હતા. અને તેમણે દુનિયાની ખોટી સત્તા માટે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી આલને તકલીફ પહોંચાડી અને પોતાની આકેબત ખરાબ કરી. દુનિયામાં તો એ નાસીપાસ થયા જ, જો આખેરતમાં માફ કરવામાં નહીં આવે તો ત્યાંની સજાઓ હજી વાટ જોઈ રહી છે.)

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નું ફર્માન ★

કન્ઝમાં અબૂ હરષમાથી રિવાયત છે : એમણે કહ્યું કે હું હઝરત અલી સાથે કરબલામાં હતો, આપે ફર્માવ્યું, આ જગાએથી સિત્તેર હજારનો હશ્ર થશે જેઓ વિના હિસાબે જન્નતમાં જશે.

બીજી રિવાયત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી જ છે કે હુસૈન શહીદ કરવામાં આવશે અને હું જાણું છું જમીનનો એ ભાગ જેમાં શહીદ કરવામાં આવશે. બે નહેરોની નજીકમાં છે.

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નું રડવું ★

સવાઈકે મુહરેકા, પેજ–૧૧૮, ઈબ્ને સઅદ હઝરત શાબીથી રિવાયત છે કે હઝરત અલી رضی اللہ عنہ સિફ્ફીનના યુધ્ધ સમયે કરબલાથી પસાર થઈ રહ્યા હતા, ઊભા થઈ ગયા અને એ જમીનનું નામ માલૂમ કર્યું. લોકોએ કહ્યું કે આ જમીનનું નામ કરબલા છે. કરબલાનું નામ સાંભળીને આપ એટલા રડયા કે જમીન ભીની થઈ ગઈ. પછી ફર્માવ્યું, કે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં એક દિવસ હાજર થયો તો જોયું કે આપ રડી રહ્યા છે. મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ આપ કેમ રડયા ?! ફર્માવ્યું, હમણા મારી પાસે જિબ્રઈલ આવ્યા હતા, એમણે મને ખબર આપી :–

اِنَّ وَلَدِی الْحُسَیْنَ یُقْتَلُ بِشَاطِئِ الْفُرَاتِ بِمَوْضَعٍ یُّقَالُ لَہٗ کَرْبَلَا

"મારો પુત્ર હુસૈન ફુરાત દરિયાના કિનારે એ જગાએ શહીદ કરવામાં આવશે જેને કરબલા કહેવામાં આવે છે." *–(સવાઈકે મુહરેકા, પેજ–૧૧૮)*

## ★ આકાશ અને જમીન રડશે ! ★

ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૧૨૬ અબૂ નુઐમ અસબક બિન નબાતાથી રિવાયત કરે છે, એમણે ફર્માવ્યું, કે અમે હઝરત અલી رضی اللہ عنہ સાથે હઝરત હુસૈનની કબરની જગાએથી પસાર થયા, તો આપે ફર્માવ્યું, આ શહીદોના ઊંટો બેસવાની જગા છે. આ જગાએ એમનો સામાન રાખવામાં આવશે અને અહીં એમનું લોહી વહાવવામાં આવશે. આલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘણા યુવાનો આ મેદાનમાં શહીદ કરવામાં આવશે અને જમીન, આકાશ એમની ઉપર રડશે.

## ★ કાતિલની ઓળખ ★

ઈબ્ને અસાકિરના પુરાવાથી કન્ઝ, ભાગ–૧૩, પેજ ૬૭૨ માં





છે : હઝરત મુહમ્મદ બિન અમ્ર બિન હુસૈનથી રિવાયત છે, એમણે ફર્માવ્યું કે અમે હઝરત હુસૈન رضی اللہ عنہ સાથે કરબલાની નહેર પાસે હતા. એટલામાં આપની નજર શિમર ઝુજૌશન તરફ પડી તો આપે ફર્માવ્યું, અલ્લાહ અને એના રસૂલે સત્ય ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે :–

کَاَنِّیْ اَنْظُرُ اِلٰی کَلْبٍ اَبْقَعَ یَلِغُ فِیْ دِمَآءِ اَھْلِ بَیْتِیْ
وَ کَانَ شِمْرُ اَبْرَصَ

"હું એ કાબરા કૂતરાને જોઈ રહ્યો છું જે મારા અહલે બૈયતના લોહીને ચાટશે અને શિમર કોઢી હતો." (આનાથી એ જાણવા મળ્યું કે શહાદત, જગા અને કાતિલ કોણ છે એની પણ ખબર આપવામાં આવી હતી.) અને શહાદત સમયે આપનું મુબારક માથુ અલગ કરનાર શિમર જ હતો. અને શિમર અંતમાં હઝરત ઈમામ ઝૈનુલ આબેદીનને પણ શહીદ કરી નાખવાનું કહેતો હતો પણ એના જ સિપાહીઓએ એને મનાઈ કરી કે એ બીમાર છે, એને છોડી દો.)

## ★ પરિણામથી બાખબર કર્યા ★

ઈબ્ને અસાકિરના પુરાવાથી કન્ઝ, પેજ–૬૭૪માં રિવાયત છે : ઈબ્ને સીરીન એમના અન્ય દોસ્તોથી રિવાયત કરે છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, અમ્ર બિન સઅદ (જે લશ્કરનો વડો બનીને અહલે બયત સામે ઈબ્ને ઝિયાદના કહેવાથી આવ્યો)ને તું કઈ સ્થિતિમાં હશે જ્યારે તું એવી જગાએ ઊભો રહેશે, જ્યાં તને જન્નત અને દોઝખનો અધિકાર આપવામાં આવશે તો તું દોઝખ અપનાવી લેશે.

کَیْفَ اَنْتَ اِذَا کُنْتَ مَقَامًا تُخَیَّرُ فِیْہِ بَیْنَ الْجَنَّۃِ وَ النَّارِ

## ★ શંકાનું નિવારણ ★

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم , હઝરત ફાતિમા رضی اللہ عنہا, દરેકને માટે આપણે એવું માનીએ છીએ કે એમની દુઆ કબૂલ થાય છે પછી હઝરત ઈમામ હુસૈનને બચાવવાની કોશિશ કરવામાં કેમ આવી ? જવાબ એ છે કે શહાદતનો દરજો ઘણો ઊંચો છે.

જ્યારે એ ખબર આપવામાં આવી કે એમને શહાદત મળશે, તો પછી એનાથી બચવાની દુઆ કરવી શહાદતથી બચવાની દુઆ કરવું છે, એટલે એમણે બચવાની દુઆ ન કરી. હઝરતે ઉમર તો શહાદત મળવાની દુઆ કરતા હતા : اَللّٰهُمَّ ارْزُقْنَا شَهَادَةً فِی سَبِیْلِكَ "અય અલ્લાહ ! અમને તારા માર્ગમાં શહાદત અતા ફર્માવ."

## ★ તકદીરે હકીકી ★

**બીજું** એ કે, એક છે તકદીરે હકીકી અને એક છે તકદીરે મુઅલ્લક. તકદીરે મુઅલ્લક બદલાય શકે છે, અને એના બદલાવવાના ઘણા કારણો હોય છે તેઓ પૈકી એક દુઆ છે. પણ તકદીરે હકીકી બદલાતી નથી અને એમાં જે ફૈસલો છે, તે એ જ રહે છે. એમાં કોઈ ફેરફાર આવી શક્તો નથી અને નબીને જ્યારે બતાવી દેવામાં આવે છે કે આ વાત તકદીરે હકીકી સંબંધિત છે તો પછી નબી એના પર દુઆ કરતા નથી, જેમ કે કુર્આનમાં છે :–

یَا اِبْرَاهِیْمُ اَعْرِضْ عَنْ هٰذَا اِنَّهُمْ اٰتِیْهِمْ عَذَابٌ غَیْرُ مَرْدُوْدٍ

"અય ઈબ્રાહીમ ! આનાથી બચો ! બેશક ! એમના પર ન ટળે એવો અઝાબ આવવાનો છે."

આ આયતથી સ્પષ્ટ થયું કે તકદીરે હકીકી પર દુઆ કરવામાં આવતી નથી, તો આપણા નબીને બતાવી દેવામાં આવ્યું હશે કે એ ફૈસલો જે આપને બતાવવામાં આવ્યો છે એ તકદીરે હકીકીથી સંબંધિત છે એટલે ખબર સાંભળી આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ઈમામ હુસૈનની મહબ્બતમાં રડયા પણ એ દુઆ ન કરી કે, અય અલ્લાહ ! એમને શહાદતથી બચાવી લે જે. અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુઆ ન કરી તો પછી આપની પેરવીમાં હઝરત અલી رضی اللہ عنہ અને હઝરત ફાતિમા رضی الله عنها એ પણ દુઆ ન કરી.

## ★ પદ શહાદત પર આધારિત ★

**ત્રીજું** એ કે અલ્લાહના ઈલ્મમાં હઝરત ઈમામ હુસૈનનો એક નિયુક્ત દરજો હશે જેની પ્રાપ્તિ શહાદત પર આધારિત હશે, તો અલ્લાહ





તઆલાએ શહાદતનો ફૈસલો કર્યો, અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને સ્વીકારી લીધો, એટલે આપે એનાથી બચવાની દુઆ ન કરી.

## ★ નબીના નવાસાઓની શહાદત શાથી ?! ★

આપણા નબી અંતિમ નબી છે, અને એમના પછી કોઈ નબી આવવાનો નથી. એટલે નબુવ્વતનું પદ જે અતિ ઉત્તમ પદ છે હવે આપણા નબી પછી કોઈને મળી શક્તું નથી, એટલે આપણા નબીના પ્રિય નવાસાઓને એ પદ મળી શક્તું નથી. તો પછી દરજએ નબુવ્વતથી એમની નિકટતા કેવી રીતે થાય. તો આપણા પ્યારા નબીનું પ્યારું ફર્માન છે : દારેમી અને મિશ્કાતમાં છે : એ ઈમાનવાળો જે પોતાની જાન અને માલથી અલ્લાહના માર્ગમાં લડે, દુશ્મનથી પૂરતો મુકાબલો કરે એટલે સુધી કે કતલ કરી નાખવામાં આવે. આ એ શહીદ છે જે સબ્ર અને તકલીફની પરીક્ષામાં સફળ થયો. આ શહીદ અલ્લાહ તઆલાના અર્શ નીચે એના તંબુ (અલ્લાહ તઆલાની નિકટતામાં હશે)માં હશે. لَا یَفْضُلُهُ النَّبِیُّوْنَ اِلَّا بِدَرَجَةِ النُّبُوَّةِ નબીઓ એમનાથી નબુવ્વતના દરજામાં આગળ હશે. (એટલે કે નબુવ્વતના મરતબામાં અને જે વિશેષતાઓ નબુવ્વત સંબંધિત છે એને છોડીને દરેક વિશેષતાઓ નબુવ્વત સંબંધિત છે એને છોડીને દરેક વિશેષતા શહીદને પ્રાપ્ત રહેશે. જ્યારે તકલીફ અને સબ્રની પરીક્ષામાં પાસ થઈ શહીદ થવાવાળાનો આટલો ઉચ્ચતર દરજો છે તો પછી એનાથી બચવાની દુઆ કેમ કરવામાં આવે ? એટલે આપે નવાસાઓની શહાદતની ખબર આપી પણ એમને બચવાની દુઆ ન કરી.

## ★ બદ્અકીદાઓનો સવાલ ★

અમુક લોકો જે પોતાને મુસલમાન કહે છે પણ પ્રશ્નો કાફિરોથી વધીને ઉપસ્થિત કરે છે, બલ્કે પ્રશ્નો નહીં, પ્રશ્ન તો ક્યારે માલૂમ કરવા માટે હોય છે પણ એવા લોકો પ્રશ્નને શંકા ઉપસ્થિત કરવાના માટે કરતા હોય છે. તેઓ કહે છે કે તમે નબી પાસે મદદ માંગો છો, હઝરત અલીને મુશ્કિલકુશા કહો છો, જ્યારે નબી પોતાના નવાસાની મદદ ન કરી શક્યા અને હઝરત અલી પોતાના પુત્રને ન બચાવી શક્યા તો તેઓ

તમને કેવી રીતે બચાવી શકે છે ?!

આ શંકાના જવાબો એ છે જે શહાદતના કારણોમાં મેં તમારી ખિદમતમાં રજુ કર્યા, છતાં આ શંકા કરવી એ માત્ર લોકોને ગુમરાહ કરવા માટે છે. નબીઓ અને વલીઓ મદદ કરી શકે છે, આ બાબતે વધુ માલૂમાત માટે **તોહફાએ નજાત, ભાગ-૮** નું વાંચન કરો.

## ★ ઈસ્લામ માટે મરવું સફળતા છે ★

માણસે મરવાનું છે, એમાં તો કોઈ શક જ નથી, અને કોઈને જ નથી. માણસ દીન માટે કંઈ ન કરે અને પથારીમાં પડેલો રહે તો પણ મૌતનો સમય આવી ગયા પછી મૌતથી કોઈ બચાવી શકવાનું નથી. તો પછી જ્યારે પથારી પર પણ મરવાનું જ છે તો પછી એવું કેમ ન કરીએ કે અલ્લાહના દીનની મદદ માટે, એની પ્રગતિ માટે અને એના રક્ષણ માટે પ્રાણ આપી દઈએ, અને અલ્લાહ તઆલાથી આ જગતમાં મરવા છતા જીવંત હોવાની ખુશખબરી સાંભળી લઈએ. એટલે આપણા નબીના નવાસાઓને શહાદત આપવામાં આવી કે તેમનું જીવન દીન અને ધર્મના નામે હતું અને તેમણે પોતાનો પ્રાણ દીન અને ધર્મના રક્ષણ માટે આપ્યો. અને એવા જીવંત થઈ ગયા કે આજે યઝીદીઓનો વંશ જોવા નથી મળતો પણ ઈમામ હસન અને હુસૈનનો વંશ લોકોમાં છે. અને આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસાઓને ૧૪૦૦ વર્ષો પછી પણ લોકો એ પ્રમાણે જ મહબ્બત અને પ્રેમપૂર્વક યાદ કરીએ છીએ, આ છે સફળતા. જે કામમાં સફળતા હોય તે કરાવવું મદદ છે તેનાથી બચાવવું મદદ નથી. એટલે આપણા નબીએ નવાસાઓ માટે દુઆ ન કરી.

## ★ ઈસ્લામની કિંમત સમજો ! ★

ઈસ્લામ અલ્લાહનો પ્રિય દીન અને ધર્મ છે જે અલ્લાહ તઆલાએ આપણને દુનિયા અને આખેરતની સફળતા પ્રાપ્ત કરવા માટે અર્પણ કર્યો છે. એ અમૂલ્ય નેઅમત છે, એને મૂલ્યના ત્રાજવામાં રાખીને સમજી નથી શક્તા. એની કિંમત સમજાવવા માટે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ તકલીફો વેઠી, અંતે પોતાનું વતન મક્કા ત્યજીને મદીના



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

શરીફ ચાલ્યા ગયા, આપના સહાબાએ જાની અને માલી કુર્બાનીઓ આપી અને તેમણે પણ વતન છોડીને ઈસ્લામ માટે હિજરતો કરી, આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા નવાસાઓને દીન અને ઈસ્લામના માર્ગમાં તકલીફો પહોંચી અને એમણે સબ્ર સાથે વેઠી અને અંતે સબ્ર સાથે શહાદતના જામ પીધા. આ બધું એ બતાવવા માટે કે તમે ઈસ્લામની કિંમત સમજો, એના મૂળમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના કુટુંબનું લોહી નાખવામાં આવ્યું છે.

## ★ પ્યારાઓની પરીક્ષા ★

અલ્લાહ તઆલાને દરેક ચીજ વસ્તુનું ઈલ્મ છે, કોઈ ચીજ એના ઈલ્મથી બહાર નથી, એટલે અલ્લાહ કોઈ કામ માલૂમ કરવા માટે કરે એ શક્ય જ નથી. અલ્લાહ તઆલા તરફથી એના પ્રિય લોકોની પરીક્ષા કરવામાં આવે છે તો એ દુનિયાવાળાઓને બતાવવા માટે હોય છે કે જે મારો છે એ ગમે તેવી તકલીફ અને મુસીબતમાં પણ મારો જ રહે છે, મારી બારગાહથી ખસવું એના માટે મુશ્કેલ છે. અને મુસીબતોની પરીક્ષામાં સબ્ર સાથે રહેવાથી અને અલ્લાહની ખુશી પર ખુશ રહેવાથી દુનિયા પણ એનું અલ્લાહવાળો હોવું કબૂલ કરી લે છે. તો સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલા તરફથી કોઈની પરીક્ષા થાય છે તો એ એના પોતાના ઈલ્મ માટે નથી કે એને ખબર પડે કે આ મારી બારગાહમાં સાચો છે કે નથી ? બલ્કે પરીક્ષા દુનિયાવાળાઓને બતાવવા માટે હોય છે કે મારી બારગાહનો સાચો પ્રિય કોણ છે એને દુનિયા ઓળખી લે !

## ★ સખત પરીક્ષા કોની ? ★

પરીક્ષા નબીઓની પણ થાય છે અને વલીઓની પણ થાય છે અને એમનાથી ઉતરતા લોકોની પણ થાય છે. પણ દરેકની પરીક્ષા એના પદ અને દરજા પ્રમાણે હોય છે. નબીઓનો દરજો સર્વથી વધીને છે તો એમની પરીક્ષા જ કઠણ હોય છે. આપણા નબી સર્વ નબીઓના પણ સરદાર છે, તો આપને દીનના માર્ગમાં કેટલી તકલીફો સહન કરવી પડી હતી એ સર્વ મુસલમાનોને ખબર છે. અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નું પ્યારું પ્યારું ફર્માન છે :-

اَشَدُّ النَّاسِ بَلَاءً الْاَنْبِيَاءُ ثُمَّ الْاَمْثَلُ فَالْاَمْثَلُ

લોકોમાં અતિ કષ્ટદાયક પરીક્ષા નબીઓની હોય છે, પછી તેની જે ફઝીલત અને વિશેષતામાં જેટલો આગળ પડતો હોય.

## ★ ખુદાઈ ચેતવણી ★

કુર્આન શરીફમાં નબીઓને કેવી કેવી તકલીફો પડી અને એમણે કેટલી સબ્રથી સફળતા પ્રાપ્ત કરી એનું જગા જગાએ વર્ણન છે. નબીઓની અલ્લાહ તઆલા તરફથી પરીક્ષા થઈ તેનો વિગતવાર ઉલ્લેખ છે. પણ અલ્લાહ તઆલાએ પરીક્ષા કરીશ એવી ચેતવણી કુર્આન પાકમાં સર્વ મુસલમાનોને આપી છે. પણ તફાવત એટલો છે કે આપણી પરીક્ષા આપણા પ્રમાણે થાય અને મોટેરાંઓની એમના પદના આધારે થાય. એમની સબ્ર અને સહનશીલતાથી આપણે સબક લઈ મુસીબતોમાં સત્ય માર્ગ એમનાથી લેવો જોઈએ.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْا اَنْ يَّقُوْلُوْا اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ وَلَقَدْ فَتَنَّا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَلَيَعْلَمَنَّ اللّٰهُ صَدَقُوْا وَلَيَعْلَمَنَّ الْكَاذِبِيْنَ

લોકોનું એ અનુમાન છે કે એમના થકી પોતાને ઈમાનવાળા કહી દેવાથી એમને છોડી દેવામાં આવશે અને અજમાવવામાં નહીં આવે ?! જ્યારે કે એમનાથી આગળના લોકોને અમે અજમાવેલા છે. તો એ એટલા માટે જ કે અલ્લાહને જરૂરથી ખબર છે કે સાચો કોણ અને જૂઠો કોણ !

ઉપરોક્ત બે આયતોથી એ સ્પષ્ટ થઈ ગયું કે અલ્લાહ તઆલા તરફથી ઈમાનવાળાઓની પરીક્ષા લેવામાં આવે છે અને એનાથી સાચો અને જૂઠો અલગ તરી આવે છે. દુનિયાને પણ ખબર પડી જાય છે કે મહબ્બતના દાવામાં સાચો કોણ છે અને જૂઠો કોણ છે !

આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસાઓની એમની નબી સાથેની નિકટતા પ્રમાણે પરીક્ષા કરવામાં આવી. અને તેમણે પરીક્ષામાં સબ્ર સાથે સફળતા પ્રાપ્ત કરી, અને એવી સફળતા કે આજે ૧૪૦૦





વર્ષ પછી પણ દુનિયાના મુસલમાનોનો મોટો ભાગ આપના ચાહકોનો છે અને સર્વ એકમતીથી આપને સાચા અને યઝીદીઓને જૂઠા કહે છે. અને નબીના નવાસાઓએ પરીક્ષામાં સફળતા મેળવવામાં નબીની નિકટતાનો હક્ક અદા કર્યો અને દીન બચાવવા, અને દીનનું જૂઠા લોકોથી રક્ષણ કરવા પોતાની અને પોતાના કુટુંબીઓની કુર્બાની આપી દીધી. કુટુંબીઓની કુર્બાની, માલની બરબાદી અને પોતાની જાન આપવાથી વધીને દીનની બીજી કઈ રીતે મદદ થઈ શકે છે ? એ પ્રમાણે દીન અને ધર્મની આપે મદદ કરીને એ સબક આવ્યો કે દીન અને ધર્મ કેટલી મહાન અને અમૂલ્ય સંપત્તિ છે કે એના માટે જાન, માલ, કુટુંબ બધું જ કુર્બાન કરી શકાય છે.

## ★ ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની ખિરાજે અકીદત ★

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને ત્રાસથી શહીદ કરવામાં આવ્યા, એ સર્વને ખબર છે પણ આપની શહાદત અને કુર્બાનીથી દીન અને ધર્મને કેટલો ફાયદો થયો એનો નકશો હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોતાની શાયરીમાં આ પ્રમાણે વર્ણવે છે :–

શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન
દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન
સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ
હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન

હુસૈન રાજા અને બાદશાહ છે (નબીની નિકટતાને લઈને તેઓ દુનિયામાં આપણા સરદાર અને આગેવાન અને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુશ ખબરીને લઈને કે હસન અને હુસૈન જન્નતી યુવાનોના સરદાર છે તેઓ આખેરતના સરદાર છે, તો તેમને બંને જગાનું રાજ આપવામાં આવ્યું છે, એટલે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ બે વખત રાજાનો શબ્દ ઉપયોગ કર્યો.) દીન અને ધર્મ છે હુસૈન ! દીન અને ધર્મની પનાહ છે, રક્ષણ છે હુસૈન ! (આપની મહબ્બત રાખવી અલ્લાહ અને રસૂલથી મહબ્બત રાખવી છે અને આપથી દુશ્મની અલ્લાહ અને રસૂલની દુશ્મનીના સમાન છે એટલે આપ દીન અને ધર્મની બુન્યાદ છે. આપે

દીનના રક્ષણ માટે અને ખરાબ લોકોથી ધર્મને બચાવવા માટે જાન આપી સમ્રગ જગતના મુસલમાનોને સબક શિખવ્યો કે મુસલમાનનો ઈમાન પછી પ્રથમ ફર્ઝ પોતાના દીન અને ધર્મનું રક્ષણ છે, એટલે આપને દીનની પનાહ ફર્માવ્યું.)

માથુ આપ્યું પણ હાથ ન આપ્યો. હક્કની બુન્યાદ અને કલ્મા શરીફની માન્યતા પર સાચો અમલ કરનાર છે હુસૈન. (જૂઠા યઝીદને દીન અને ધર્મના નામ પર ન સ્વીકાર્યો અને એ બાબતે જેટલી તકલીફો આવી સહન કરી લીધી. પોતાના પ્રાણ આપી દીધા, અને એ સાબિત કરી બતાવ્યું કે જ્યારે ઈસ્લામ સ્વીકારી લીધો, ધર્મ હોવામાં એને કબૂલ કરી લીધો તો પછી એ કોઈ ખોટા, ખરાબ, બદ્દમાશ અને ત્રાસવાદીના હાથમાં વેચવામાં આવશે નહીં, તો એટલા માટે આપે પ્રાણ આપ્યા અને દીનની માન્યતાનો મતલબ કિયામત સુધીના આવતા મુસલમાનોને શિખવ્યો.

**સવાલ** : હઝરત ઈમામ હસનને હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરી લીધી હતી તો પછી હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ યઝીદ સાથે સુલેહ કેમ ન કરી લીધી ?!

## ★ અમીર મુઆવિયાની વાત અલગ છે ★

**જવાબ** : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હસન બાબત એ ફર્માવ્યું હતું કે આ મારો પુત્ર સૈયિદ છે એના થકી અલ્લાહ તઆલા મુસલમાનોની બે જમાઅતોમાં સુલેહ કરશે. જેનો પુરાવા સાથે ઉલ્લેખ એમની વિશેષતામાં થઈ ગયો. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ ફર્માન હઝરત ઈમામ હસનને દિમાગ આપવા માટે હતું, અને આપે હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરી લીધી, તો વિવાદ સાથે સુલેહનો ઉલ્લેખ કરી સુલેહ કરી લેવાની તા'લીમ આપી અને આપે એ તા'લીમ પર અમલ કરી મુસલમાનોમાં ખૂનામરકી ન થવા દીધી.

## ★ પોતાના નિર્ણયમાં યોગ્ય સ્થાને ★

જ્યારે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હુસૈનની





શહાદતની ખબર સંભળાવી તો સાથે સુલેહનો કોઈ ઉલ્લેખ ન કર્યો, તો એ વાતની દલીલ છે કે ઈમામ હુસૈન યઝીદ સાથે એ વિવાદમાં હક્ક પર હશે અને યઝીદ બાતિલ પર હશે, બાતિલ સામે સુલેહનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી, એટલે આપે શહાદતની ખબર પર રૂદન કર્યું પણ નસીહત માટે કોઈ વાતનો ઉલ્લેખ ન કર્યો. એટલે હઝરત ઈમામ હસન એમની સુલેહમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'લીમ પ્રમાણે યોગ્ય સ્થાને હતા અને ઈમામ હુસૈન સુલેહ ન કરવામાં યોગ્ય સ્થાને હતા.

## ★ યઝીદ ફાસિક હતો ★

**બીજું** એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ નો મસ્અલો અલગ છે, આપ દીનદાર અને પરહેઝગાર હતા, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિલાફતના જમાનાથી આપ સિરિયામાં ગવર્નર હતા, એટલે એમની સાથે સુલેહ કરવામાં શરઈ કોઈ ખરાબી ન હતી, એમની સાથે સુલેહમાં ઈસ્લામનો ફાયદો હતો નુકસાન ન હતું. અને યઝીદ ખલીફા બન્યા પછી ફાસિક બની ગયો હતો, નમાઝો ન પઢતો, દારૂ પીતો, અને એની સભામાં નાચગાન પણ થતું હતું, એટલે ઈમામ હુસૈન જેવી તે સમયની આધારભૂત વ્યક્તિ માટે એ યોગ્ય ન હતું કે એવા ખરાબ વ્યક્તિની ખિલાફતને માન્ય રાખી ગુનાહિત કામોને પબ્લિકમાં સામાન્ય કરી ઈસ્લામને ખરાબ કરવાવાળાઓમાં પોતાનું નામ લખાવી દે. એટલે આપે યઝીદની ખિલાફત માન્ય ન રાખી.

## ★ શિખામણ ન આપવી હક્ક હોવાની દલીલ છે ★

**ત્રીજું** એ કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની હદીષોથી લોકોને ખબર આપી કે મારા આ પુત્રને શહીદ કરવામાં આવશે, અને એ ખબર સાંભળીને આપ રડયા પણ હતા. જો ઈમામ હુસૈનનું શહીદ થવું હક્ક હોવાને લઈને ન હોત તો આપ પોતાના તરફ એમાં નસીહત અને શિખામણ પણ આપી દેતા જેનાથી એ જાણી શકાતું કે સુલેહ કરી લેવી ઉત્તમ છે, પણ એવો કોઈ ઈશારો નથી એનો મતલબ એ છે કે શહીદ

થશે પણ હક્ક આપની સાથે હશે. જ્યારે નબી તરફથી આપનું હક્ક હોવું સ્પષ્ટ છે તો પછી એવું કેવી રીતે કહી શકાય છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ ગલત કામ કર્યું.

## ★ હુસૈનની મદદ કરશો ! ★

**ચોથું** એ કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્પષ્ટ શબ્દોમાં ઈમામ હુસૈનની મદદ કરવાનું પણ ફર્માવ્યું હતું. સિહ્હુશ્શહાદતૈન, પેજ–૨૯ અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૧૯૯, ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૧૨૫, હઝરત અનસ બિન હારિષ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે :–

فَمَنْ یَّشْهَدُ ذٰلِكَ مِنْكُمْ فَلْيَنْصُرْهُ બેશક ! મારો આ પુત્ર એ જમીનમાં શહીદ કરવામાં આવશે જેને કરબલા કહેવામાં આવે છે. તમારામાંથી જે ત્યાં હોય તે એમની મદદ કરે ! અનસ બિન હારિષ કરબલા ગયા હતા તો ત્યાં હઝરત હુસૈન સાથે શહીદ થયા.

આ રિવાયતથી જાણવા મળ્યું કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હુસૈન رضی اللہ عنہ ની મદદ કરવાનું પણ કહ્યું હતું, જો એ સમયે ઈમામ હુસૈન હક્ક પર ન હોતા તો આપણા નબીએ મદદ કરવાનું કેમ ફર્માવ્યું ?! મદદ કરવાનો હુકમ એ બતાવે છે કે યઝીદ સાથેના વિવાદમાં આપ હક્ક પર હશે. નાહક્કની મદદનો આદેશ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم આપી શક્તા નથી, કારણ કે, આપ મા'સૂમ છે.

"હક્કા કે બિનાએ લાઈ'લાહ અસ્ત હુસૈન"

## ★ ઈજમાએ ઉમ્મત ★

**પાંચમું** એ કે હઝરત ઈમામ હુસૈનની શહાદત પર અને આપની હક્કાનિયત પર ત્યારથી લઈને આજ સુધી મુસલમાનોની એકમતી છે. યઝીદના ખરાબ અને બદ્માશ હોવા પર સર્વ મુસલમાનોની સંમતિ છે. તો ઈજમાએ ઉમ્મતથી સ્પષ્ટ થયું કે ઈમામ હુસૈન હક્ક પર અને યઝીદ તથા યઝીદીઓ નાહક્ક પર હતા. તેમણે અહલે બયત સાથે જે કંઈ કર્યું તે જુલ્મ અને ત્રાસ હતો જેનો બદલો તેમને દુનિયામાં મળ્યો, આખેરતનો બાકી છે.





**નોંધ** : યઝીદની ખરાબીઓ બાબતે અમે તમારી ખિદમતમાં એક પ્રકરણ રજુ કરીશું જેનાથી આપ પોતે નિર્ણય લઈ શક્શો કે યઝીદ નાહક્ક પર હતો અને એ ખિલાફત પર રહેવાના લાયક ન હતો. ઈમામ પાકનો વિવાદ ન્યાય પર આધારિત હતો જેનો કોઈ પણ અસ્વીકાર કરી શક્તો નથી.

## ★ અમીર મુઆવિયાને શું કહેશો ?! ★

અમીર મુઆવિયા رضی اللہ عنہ સહાબી છે. આપને હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ પોતાની ખિલાફત અમુક શરતો સાથે આપી દીધી હતી એટલે કે લાયક સમજીને આપ એ માર્ગેથી ખસી ગયા હતા. એ જ અમીર મુઆવિયા رضی اللہ عنہ એ પોતાની હયાતીમાં પોતાના પુત્ર યઝીદને ખિલાફતના પદે રાખી લોકો પાસે બયઅત કરવાનું શરૂ કરી આપ્યું હતું.

તારીખુલ ખુલફા, ભાગ–૨, પેજ–૬૭ હિજરી સન ૫૦ માં છે : અમીર મુઆવિયાએ પોતાના પુત્ર યઝીદની હુકૂમત અને સત્તા પર સિરિયા પ્રદેશના લોકોથી બયઅત લીધી. હિજરી સન ૫૧ માં હઝરત અમીર મુઆવિયાએ હજ્જ કરી અને પછી પોતાના પુત્ર યઝીદ માટે બયઅત લેવાનું શરૂ કર્યું. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને બોલાવીને હમ્દોષના પછી કહ્યું, તમારું ઉખાણું તો એવું છે જે દિવસે મારા પર અમીર ન હોય એ રાત મને સૂવાનું સારું ન લાગે. હવે હું તમને મુસલમાનોમાં વિવાદ કરવાથી ડરાવું છું અને આશા રાખું છું કે મુસલમાનોમાં કોઈ જાતના ફિત્ના ફસાદની કોશિશ નહીં કરો ! એમાં એ પણ છે કે હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર, અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરને પણ બોલાવીને યઝીદની ખિલાફતની બયઅત બાબત કહેવામાં આવ્યું.

## ★ જવાબદાર કોણ ? ★

ઉપરોક્ત પુરાવાથી એ સ્પષ્ટ થયું કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ યઝીદને પોતાની હયાતીમાં સત્તા સુધી પહોંચાડી આપ્યો હતો અને લોકોથી બયઅત પણ લઈ લીધી હતી. તો પછી જ્યારે તમે

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને સારા કહો છો તો પછી એમના આ કામને પણ સારું કહો ? અને જો આ કામ સારું માની લેવામાં આવે તો પછી ઈમામ હુસૈનનું બયઅત ન કરવું ક્યા દરજામાં જશે ? અથવા તો પછી અમીરે મુઆવિયાને આ વાતમાં જવાબદાર માનશો કે નહીં ? હઝરાતે અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما એ કોઈને ખલીફા નિયુક્ત નથી કર્યો અને એ વાત મુસલમાનોની ઈચ્છા પર છોડી તો મુઆવિયા رضی اللہ عنہ એ એમની વિરૂધ્ધ કામ કેમ કર્યું ?

**જવાબ** : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી છે, આપે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂકી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સિરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. હઝરત ઈમામ હસને એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ ૪૦ વર્ષો રાજ કર્યું. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીરે મુઆવિયા رضی اللہ عنہ નો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે :

وَ کُلًّا وَّعَدَ اللّٰہُ الْحُسْنٰی અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ) અલ્લાહ એમનાથી ખુશ અને તેઓ એનાથી ખુશ.

## ★ સહાબીનું પદ ★

મુલ્લા અલી કારી મિશ્કાતની શરહમાં ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **સાથે રહી**





**જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા** رضی اللہ عنہ **ના ઘોડાના નાકમાં જે ધૂળ ગયો તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.** *–(અન્નાહિયા, પેજ–૧૬)*

નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે : જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બુરાઈ કરે છે એ જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૦૩)*

મિશ્કાત શરીફ, પેજ–૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બાબત તમે શું ફર્માવો છો, જ્યારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યું. આપે ફર્માવ્યું :– اَصَابَ اِنَّہٗ فَقِیْہٌ એમણે બરાબર કર્યું કારણ કે આપ ફકીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

## ★ મુજતહિદની ભૂલ પણ સવાબ ★

મિશ્કાતની શરહ મિર્કાત, ભાગ–૨, પેજ–૧૬૦, હઝરત મુલ્લા અલી કારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ મુજતહિદ છે, એમને સવાબ મળશે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે જે બે યુદ્ધ થયાં તેમાં હઝરત અલી હક્ક પર પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

## ★ અમીર મુઆવિયાની ખૂબીઓ ★

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યું છે :– مُعَاوِیَۃٌ ذُوْ الْمَنَاقِبِ الْجَمَّۃِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

## ★ શીઆ જેવી વાત ન કરો ! ★

આ છે હઝરત અમીરે મુઆવિયા ! رضی اللہ عنہ અહલે સુન્નત વલ

જમાઅતના મસ્લક પ્રમાણે આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલીને પોતાની આકેબત ખરાબ કરવી છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !

## ★ ખલીફો પોતે નિયુક્ત કરવો ★

જે કહેવામાં આવે છે કે આપે પ્રથમ ખલીફાઓ વિરૂધ્ધ કામ કર્યું અને પોતાની હયાતમાં પોતાના તરફથી પોતાના પુત્ર યઝીદને ખલીફા બનાવ્યો અને પોતાની હયાતમાં લોકો પાસે બયઅત લઈ લીધી. તો **જો આ વાત માની લેવામાં આવે તો પણ** એવું કહી શકાય છે કે ભલે પ્રથમ ખલીફાઓએ આમ નથી કર્યું પણ શરીઅતના કાયદાના આધારે આમ કરી લેવામાં આવે તો એ નાજાઈઝ નથી. જાઈઝ અને મુબાહ છે. તો પછી મુબાહ અને જાઈઝ કામમાં ગુનોહ નથી. એટલું કહી શકાય કે એમણે મુસલમાનોના મશ્વેરા પર આ મસ્અલો આધારિત રાખવો જોઈતો હતો, પણ ન રાખ્યો એ એમની ખુશી, પણ આપણે એ બાબતે કંઈ કહેવાનો અધિકાર રાખતા નથી.

ખલીફાનું પોતાના પુત્રને ખલીફા બનાવવું એ પણ શરઈ કાયદાના આધારે ખોટું નથી, અને ઈસ્લામમાં એમનાથી મનાઈ કરવામાં આવી નથી. એટલે એ વાતનો વિરોધ પણ પાયા વિનાનો કહેવાશે. કુર્આન અને હદીષથી એ વાતના નાજાઈઝ હોવા પર પુરાવો નથી મળી શક્તો. ચાર ખલીફાઓએ પોતાના પુત્રોને આ પદ માટે નિયુક્ત નથી કર્યા તો એ એમનો ઉત્તમ અમલ હતો, પણ કોઈએ કરી લીધું તો એ ખોટું નથી. એટલે આ વાતને પણ આધાર નથી બનાવી શક્તા.

## ★ ફાસિકને નિમણૂક કરવો જાઈઝ નથી ★

**સવાલ** : ચાલો, માની લઈએ કે પોતાની હયાતીમાં ખલીફાને નિમણૂક કરવો અને પોતાના પુત્રને ખલીફા બનાવવો શરઈ કાયદાના આધારે નાજાઈઝ નથી એટલે વિરોધ ઉઠાવવાની આપણને રજા નથી,





પણ ફાસિકની બેઈજ્જતી વાજિબ છે એટલે એને ઈજ્જતનું પદ ન આપી શકાય, તો પછી ખિલાફતે કુબ્રા અને મુસલમાનોના અમીર માટે એવા વ્યક્તિને નિમણૂક કરવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે. પછી ફાસિકને એ પદ કેમ આપવામાં આવ્યું ?

## ★ હુકમનો આધાર વર્તમાનકાળ પર છે ★

**જવાબ** : યઝીદ ફાસિક હતો અને એના ફાસિક હોવા પર બેમત નથી પણ એ જ્યારથી ફાસિક બન્યો ત્યારથી ફાસિકનો હુકમ લાગશે. ગુનાહોનું કામો કર્યા વગર ફિસ્ક અને બદ્‌માશીનો હુકમ ઈસ્લામી કાયદામાં લાગુ પડતો નથી. જેઓ યઝીદને પ્રથમથી ફાસિક કહેવા માંગે છે તેમણે સશક્ત પુરાવા આપવા પડશે કે એ ખલીફાના પદ પર આવતાં પહેલાં જ ખરાબ માણસ હતો. જ્યારે એ પોતાના પિતા હઝરત અમીર મુઆવિયાની હયાતીમાં સારો હતો, અને એણે ઈસ્લામ માટે ઘણા યુદ્ધો લડયાં, તો હઝરત અમીર મુઆવિયાએ પોતાના પુત્રને લાયક સમજીને, શરીઅતનો પાબંદ સમજીને આ પગલુ ભર્યું હતું. જ્યારે **આપની હયાતીમાં એ ફાસિક ન હતો** તો પછી હઝરત અમીર પર એ બાબતની કોઈ શંકા યોગ્ય નથી. અને સુન્ની સહીહુલ અકીદા આ પ્રમાણેની શંકા ઉપસ્થિત કરી પણ નથી શક્તો. શૈતાન કાફિર બનતા પહેલાં ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, એની ઘણી ઈજ્જત થતી હતી, એને ઘણુ મહાન પદ આપવામાં આવ્યું હતું, પણ જ્યારે એણે હઝરત આદમ عليه السلام ની બેઈજ્જતી કરી અને અલ્લાહની આજ્ઞાનું પાલન ન કર્યું તો અલ્લાહ તઆલાએ એને ઈજ્જતની જગાએથી હટાવી દીધો. તો આ દાખલા પ્રમાણે યઝીદ જ્યારે સારો હતો ત્યારે હઝરત અમીર એને ઈજ્જતનું પદ આપ્યું, આપના દુનિયાથી પર્દો કરી ગયા પછી એ ફાસિક બની ગયો તો એ તે જમાનાના મુસલમાનોની જવાબદારી ઠરી જે યોગ્ય હોય તેના હાથો પર બયઅત કરવી જોઈએ અને તેવા વ્યક્તિને ભરપૂર સહકાર આપવો જોઈએ. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયા رضي الله عنه પર યઝીદના ફાસિક હોવાની શંકા પણ તદ્દન ખોટી છે. એ ભવિષ્યની વાત હતી, એમની હયાતીની નહીં.

**સવાલ** : કરબલામાં જે કંઈ બન્યું તે યઝીદની ખિલાફતને લઈને જ બન્યું, જો એને ખલીફા બનાવવામાં ન આવતો તો આ કરૂણ બનાવ ન બનતો ?

## ★ મુસલમાનોએ સાથ કેમ ન આપ્યો ?! ★

**જવાબ** : તમને શી ખબર કે એ બનાવ ન બનતો ?! ચાલો, થોડો સમય માની લઈએ કે યઝીદને ખલીફા બનાવવામાં ન આવ્યો અને ખિલાફત બીજા કોઈના હાથમાં જ ચાલી ગઈ. તો તે પણ પોતાની સત્તા બચાવવા આમ જ કરતો તો ?! એ વાતનો જવાબદાર કોને બનાવવામાં આવતો ? અને માની લઈએ કે યઝીદ ખરાબ જ હતો, તો એકલો યઝીદ શું કરી શકે છે, જો એને મુસલમાનોએ સાથ ન આપ્યો હોત ?! કરબલાના યુદ્ધ અને મક્કા મદીનાના હુમ્લામાં માત્ર યઝીદ જ નથી, જે સૈન્યથી હુમ્લો થયો તે સર્વ મુસલમાન હતા, શું એમની જવાબદારી ન હતી કે તેઓ શરીઅત વિરૂધ્ધનું કામ ન કરે ? કોઈના હાથમાં હાથ આપીને વચન આપવાનો મતલબ એ નથી હોતો કે ત્રાસની વાતોમાં અને ઈસ્લામ વિરૂધ્ધની વાતોમાં એનો સાથ આપવામાં આવે. સૈન્યએ ખોટા કામમાં સાથ કેમ આપ્યો ? એમણે યઝીદ પર હુમ્લો કેમ ન કયો ?!

## ★ મોટી જવાબદારી કોની ? ★

તે સમયના લાખો મુસલમાનો ચૂપ કેમ બેસી રહ્યા ? અને મુદ્દાની વાત તો એ કે એ જમાનાના જે અહલે બયતના ખોટી રીતે પોતાને શુભેચ્છક માનતા હતા તેઓનું કાવત્રુ છે, તેમણે મક્કાથી હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ને ઈરાક આવવાનું આમંત્રણ કેમ આપ્યું ? અને આપ્યું તો પછી જરૂરત સમયે એમને સાથ કેમ ન આપ્યો ? યઝીદના માણસો યઝીદની વાત પર રહ્યા તો અહલે બયતની મહબ્બતના દાવેદારો ઘરમાં બંગડીઓ પહેરીને કેમ બેસી રહ્યા ?! જો ઈમામે પાક મક્કામાં જ રહ્યા હોત તો બચાવનો માર્ગ વિશાળ હતો, અને ઈમામે પાક ત્યાં જ રહેતા, પણ ચાહકોએ સતત આમંત્રણના પત્રો લખીને ઈમામે પાકને ઈરાક જવા પર મજબૂર બનાવ્યા, અને પછી આ પ્રમાણેનો બનાવ બન્યો.





યઝીદની ખિલાફતની ઈમામે પાકે બયઅત ન કરી એનાથી એ સ્પષ્ટ થઈ ગયું હતું કે યઝીદ અને એમના મિત્રો ઈમામે પાકના દુશ્મન છે. ઈરાક આવવાનું આમંત્રણ દુશ્મનોએ ન આપ્યું હતું, શુભેચ્છકોએ આપ્યું હતું અને પછી તેઓ ઈમામે પાકને ધોકો આપીને ઘરમાં બસી ગયા તો મોટો જવાબદાર કોણ દોસ્ત કે પછી દુશ્મન ?!

## ★ શીઆ માતમ કેમ કરે છે ?! ★

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની ખિલાફતના કાર્યો ઈરાકથી ચાલતાં હતાં અને આપે પણ ઈરાકમાં આવીને પોતાનું ખિલાફત કાર્યાલય બનાવ્યું હતું. તે સમયમાં જ્યારે ખારજી લોકોનો જન્મ થયો અને તેઓ હઝરત અલી સાથે શુભેચ્છક બનીને પછી દુશ્મન બની ખસી ગયા તેઓને અલગ પાડવા હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના શુભેચ્છકો પોતાને શીઆને અલી કહેતા હતા. હવે શીઆ એક ફિર્કો જ બની ગયો છે. તો આજના શીઆ પછી દુનિયાના કોઈ પણ ખૂણે હોય તેઓ મુહર્રમમાં માતમ એટલા માટે નથી કરતા કે અહલે બયત પર યઝીદી લોકોએ ત્રાસ કર્યો, બલ્કે તેઓ માતમ એટલા માટે કરે છે મેદાનમાં એકલા છોડી આપ્યા અને એમની સાથે દગાબાજી કરી.

**સવાલ** : કોઈ એવું કહે કે સત્તાના દબાવથી તેઓ ઈમામે પાકને સાથ ન આપી શક્યા એટલે તેઓ પણ જવાબદાર નથી ઠરી શક્તા ?

## ★ સત્તાનો દબાવ બહાનું છે ★

**જવાબ** : જ્યારે તેમણે એકમત થઈને ઈમામે પાકને ઈરાક આવવા પત્રો લખ્યા અને ઈમામે પાકની ભરપૂર મદદ કરવાના વાયદા કર્યા, શું ત્યારે એમને ખબર ન હતી કે યઝીદ ખલીફા બની બેઠો છે અને ઈમામે પાકને બોલાવવાથી તે વધારે ક્રોધિત થશે અને દરેકથી બદલો લેશે. દરેકને જ એ વાતની ખબર હોય છે, પછી બોલાવવાનો મતલબ એ જ હતો કે અમે તમને ખલીફા કબૂલ કરી લઈશું અને અમે તમારો સાથી આપીશું એટલે જેમણે શુભેચ્છક હોવાનો દા'વો કર્યો તેઓ વધારે જવાબદાર છે. અને ધોકો આપવાનો જવાબ તેમણે ખુદાની બારગાહમાં

આપવાનો બાકી છે.

## ★ મુસ્લિમની બયઅત ઈમામે પાક رضی اللہ عنہ ની હતી ★

**સવાલ** : ઈમામે પાક તો હજી ઈરાક આવી રહ્યા હતા. પબ્લિક સાથે આપનો ભેટો ન થયો હતો પછી બયઅત અને વાયદો કરવાનો પ્રશ્ન કેવી રીતે ઉપસ્થિત થયો ?

**જવાબ** : ઈમામે પાક رضی اللہ عنہ એ પોતાની બયઅત માટે પોતાના તરફથી વકીલ બનાવીને હઝરત મુસ્લિમ બિન અકીલ رضی اللہ عنہ ને મોકલ્યા હતા અને હઝરત મુસ્લિમના હાથ પર ૪૦ હજારથી અધિક લોકોએ ઈમામે પાકના સહકારના નામથી બયઅત કરી હતી, પછી તેમણે હઝરત મુસ્લિમને એકલા છોડી આપ્યા, અને ઈમામે પાકને પણ સહકાર ન આપ્યો. એટલે એવું કહી શકાતું જ નથી કે ઈરાકના લોકોનો આમાં કોઈ વાંક નથી, અને એમણે ઈમામે પાકની બયઅત નથી કરી. ઈમામે મુસ્લિમના હાથ પર ઈમામે પાકના નામની જ બયઅત હતી. ત્યાંના લોકોએ ઈમામ હસન رضی اللہ عنہ ને પણ યુદ્ધ કરવા તૈયાર કર્યા. પણ આપને લાગ્યું કે આ લોકો પૂરો સહકાર નહીં આપી શકે, તો આપે હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરીને એમની ખિલાફત માન્ય રાખી એમના હાથે બયઅત કરી લીધી અને પછી તેમણે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને આમાં સંડોવી નાખ્યા, એટલે માનવાવાળાઓની પણ મહાન ભૂલ છે, એનો ઈન્કાર નથી થઈ શક્તો.

## ★ સુલૈમાન બિન સુરદને ચેતવણી ★

તારીખે તબરીમાં છે : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના અવસાન પછી સુલેમાન બિન સુરદના ઘરમાં ત્યાંના (કૂફાના) શીઆ ભેગા થયા. હઝરત અમીર મુઆવિયાના અવસાનની ખબર સાંભળીને સર્વએ ખુશી અનુભવી, પછી સુલેમાને સર્વને કહ્યું કે મુઆવિયાનું અવસાન થઈ ગયું છે અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ યઝીદની બયઅતથી ઈન્કાર કરી આપ્યો છે અને મક્કા ચાલ્યા ગયા છે, તમે લોકો





એમના અને એમના પિતાના શીઆ છો, જો એમની મદદ કરી શકો છો અને એમના દુશ્મનોથી યુદ્ધ કરી શકો છો તો એમને પધરામણીના આમંત્રણનો પત્ર લખો, અને જો અશક્ત અને બીકણ હોય તો ધોકો આપીને એમની જાન ખતરામાં ન મૂકશો. સર્વએ એકમતે કહ્યું કે અમે એમને ધોકો નહીં આપીએ, બલ્કે અમે એમના દુશ્મનોથી લડીશું અને પોતાની જાનો એમના પર કુર્બાન કરી આપીશું. *(તારીખે તબરી, ભાગ-૨, પેજ-૧૭૬)*

## ★ પ્રથમ પત્રનું લખાણ ★

પ્રથમ પત્ર જે એમના તરફથી લખવામાં આવ્યો હતો એમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના અવસાનની ખબર અને યઝીદની સત્તાનો ઉલ્લેખ કર્યા બાદ એ લખવામાં આવ્યું હતું કે અમારા માથા પર કોઈ ઈમામ નથી તો આપ પધારો. આપની બરકતથી અલ્લાહ તઆલા અમને હક્કની મદદ નસીબ ફર્માવે. દમિશ્કનો ગર્વનર નુઅમાન બિન બુશીર અહીંયા છે, પરંતુ અમે એની સાથે જુમ્આની નમાઝમાં હાજર નથી થતા અને એની સાથે ઈદગાહમાં પણ નથી જતા. જ્યારે અમને જાણ થઈ જશે કે આપ આવી રહ્યો છો તો અમે એને અહીંયાથી હટાવી સિરિયા પ્રદેશ જવા પર મજબૂર કરી આપીશું. *(તારીખે તબરી, ભાગ-૨, પેજ-૧૭૭)*

ઉપરોક્ત બે ઈતિહાસિક પુરાવાથી એ સ્પષ્ટ થયું કે એમણે ઈમામે પાકની મદદનો કેટલો ભારે ભરખમ ભરોસો આપ્યો હતો અને ધોકો ન આપવાનો વાયદો પણ કર્યો હતો, તો પણ એમણે ઈમામે પાકને આવ્યા પછી એકલા છોડી અને પોતે ઘરમાં બેસી રહ્યા. સારાંશ એ કે દુશ્મનથી વધીને બોલાવનાર જવાબદાર છે.

## ★ ઈમામે પાકને સહાબાનો મશ્વેરો ★

જ્યારે મક્કાવાસીઓને આપની તૈયારીનું ઈલ્મ થયું તો તેમને આપનું ઈરાક જવું પસંદ ન આવ્યું. મહાન સહાબા જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત જા'બિર, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબૂ વાકિદ લૈષી رضوان الله تعالى عليهم اجمعين

વગેરે આપની ખિદમતમાં આવ્યા અને વિનંતિ કરી, આપ કૂફા ન જાવ ! ત્યાંના લોકો દોલતના ગુલામ છે. એમણે તમારા પિતા હઝરત અલી અને તમારા ભાઈ હઝરત હસન સાથે દેખીતી ગદ્દારી કરી છે. એમનો ગવર્નર એમના પર નિમણૂક છે, અને સત્તા એમની છે, તો જાણી લેશો કૂફાવાળા આપને લડાઈ ઝઘડા માટે બોલાવી રહ્યા છે. અમને ભય છે કે તેઓ તમને ધોકો આપશે, નકારાત્મક જવાબ આપશે અને આપને લાચાર અને મજબૂર બનાવીને છોડી દેશે, સત્તાધારી સાથે મળીને તમારા પર હુમ્લો કરશે અને બોલાવનારાઓ આપના મોટા શત્રુ બની જશે. હઝરત ઈમામ પાક رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું અલ્લાહ તઆલાથી ભલાઈની માંગ કરું છું, જુઓ, શું થાય છે. *(તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૧૧)*

આ રિવાયતથી એ સ્પષ્ટ થયું કે સહાબાને પણ ઈરાકના લોકોની ધોકા અને મક્કારીનો ભય હતો અને એવું જ થયું કે એમણે સાથ ન આપ્યો. અને ઈમામે પાકને કરબલાના મેદાનમાં બોલાવીને યઝીદીઓ સાથે લડવા એકલા છોડી આપ્યા અને એક પણ જોવા ફરકયો નહીં. એટલે યઝીદીઓ સાથે તે સમયના મહબ્બતના ઈરાકી દાવેદારો પણ જવાબદાર છે.

## ★ ફરઝદુક શાયરનો અભિપ્રાય ★

સફ્ફાહ મુકામે આપ પહોંચી ગયા તો ત્યાં આપની ફરઝદુક શાયર સાથે મુલાકાત થઈ. આપે આ શાયરથી કૂફાવાળાઓની હાલત માલૂમ કરી. શાયરે જવાબ આપ્યો કે એમનાં દિલો આપની સાથે છે પણ એમની તલ્વારો બની ઉમય્યા સાથે હશે. આપે ફર્માવ્યું, તમે સાચું કહો છો, પરંતુ દરેક વાત અલ્લાહના હાથમાં છે, એ જે ઈચ્છે છે કરે છે, જો અલ્લાહ તઆલાએ અમારા ધારેલા પ્રમાણે કર્યું તો અમે એનો શુક્ર અદા કરીશું અને અલ્લાહનો ફેંસલો અમારા ધારવાથી જુદા રહ્યો, તો માણસ માટે એ શું ઓછું છે કે એની નિય્યત સાચી અને એના દિલમાં પરહેઝગારી હોય. *(તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૧૪)*

**સવાલ** : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને ખબર હતી કે એમને હઝરત અલી સાથે અમુક વાતોમાં વિવાદ રહ્યો અને એને લઈને





પબ્લિકમાં પણ વિવાદ જોવા મળતો હતો તો પછી એમણે જ્યારે પોતાના પુત્રને પોતાની જગાએ અમીર બનાવ્યો તો એને અહલે બયઅત અને ખાસ કરીને હઝરત ઈમામ હુસૈન સાથે સારો વર્તાવ રાખવાની શિખામણ કેમ ન આપી ?

**જવાબ** : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ જરૂરથી યઝીદને અહલે બયત સાથે અને ખાસ કરીને ઈમામે હુસૈન સાથે સારો વર્તાવ કરવાની શિખામણ આપી હતી. પણ એણે ભૂલાવી આપી અથવા પોતાની મનમાની કરી, તો એમાં એ પોતે જવાબદાર છે હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ નહીં.

## ★ યઝીદને શિખામણ આપવામાં આવી ★

અલ્લામા અબૂ ઈસ્હાક પોતાની કિતાબ નૂરુલ ઐનફી મશહદીલ હુસૈનમાં વર્ણન કરે છે કે જ્યારે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ નો સમય નિકટ આવ્યો તો યઝીદે પૂછયું, પિતા ! આપ પછી ખલીફા કોણ બનશે ? આપે ફર્માવ્યું, ખલીફા તો તું જ બનશે પણ જે કંઈ હું કહું છું એને ધ્યાનથી સાંભળ ! કોઈ કામ હઝરત ઈમામ હુસૈનના અભિપ્રાય વગર ન કરતો, એમને ખવડાવ્યા વગર ન ખાતો, એમને પીવડાવ્યા વગર ન પીતો, સૌ પ્રથમ એમના પર ખર્ચ કરજે, પછી બીજા કોઈની ઉપર, પ્રથમ એમને પહેરાવજે પછી પોતે પહેરજે, હું તને હઝરત ઈમામ હુસૈન, એમના ઘરવાળાઓ, એમના કુટુંબીઓ, બલ્કે સઘળા બની હાશિમ સાથે સારો વર્તાવ કરવાની વસિય્યત કરું છું.

બેટા ! ખિલાફતમાં અમારો હક્ક નથી, એ ઈમામ હુસૈન એમના પિતા હઝરત અલી અને એમના ઘરવાળાઓનો હક્ક છે. તું અમુક દિવસ ખલીફા રહેજે, પછી જ્યારે ઈમામ હુસૈન સંપૂણ કમાલ સુધી પહોંચી જાય તો પછી એ જ ખલીફા બનશે અથવા પછી આપ જેને ઈચ્છે તે, એટલા માટે કે ખિલાફત એની જગાએ પહોંચી જાય, આપણે સર્વ ઈમામે હુસૈન અને એમના નાનાનાં ખાદિમ છીએ, એમને નાખુશ ન કરતો નહીં તો અલ્લાહ અને રસૂલ તમારાથી નાખુશ થઈ જશે, તો પછી તારી શફાઅત કોણ કરશે ?! *(અમીરે મુઆવિય પર એક નજર, પેજ–૯૪)*

**સવાલ** : તમારું કહેવું એવું છે કે યઝીદ હઝરત અમીરે મુઆવિયાની હયાતના જમાનામાં ખરાબ અને ફાસિક ન હતો એટલે હઝરત અમીરે એને પોતાની હયાતીમાં ખલીફા નિમણૂક કરી એના નામની લોકોથી બયઅત લીધી, અને પછી હજ્જ માટે આવ્યા તો હિજાઝના લોકોથી પણ આપે બયઅત લીધી તો એ સમયે હઝરત ઈમામે હુસૈન બયઅતનો ઈન્કાર કેમ કર્યો, તો એનાથી એ સ્પષ્ટ થાય છે કે યઝીદ પહોલાંથી જ ખરાબ વ્યક્તિ હતો, ખિલાફતના લાયક ન હતો ?!

## ★ બયઅત ન કરવાનું કારણ ★

**જવાબ** : હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સહાબી છે, અને આપે ખિલાફત અને ગવર્નરી થઈને કુલ ચાલીસ વર્ષો સત્તામાં વિતાવ્યાં. હઝરત ખાલિદ બિન વલીદ જેવા સહાબી હઝરત ઉમર ફારૂકે આ'ઝમની ખિલાફતના જમાનામાં અમુક ન જેવી ફરિયાદને લઈને હટાવી દેવામાં આવ્યા પણ એ સમયમાં હઝરત અમીર મુઆવિયાની કોઈ ફરિયાદ હઝરત ઉમરને પહોંચી ન હતી, એટલે યઝીદ હઝરત અમીર મુઆવિયાના જમાનામાં સારો હતો એ માનવું હઝરત અમીરની અદાલત અને ન્યાયને બચાવવા જરૂરી છે. ઈમામે પાકે બયઅત કેમ ન કરી એનું કારણ બીજાું છે. અને તે એ જ થઈ શકે છે કે જ્યારે આગલા ખલીફાઓએ પોતાની જગાએ પોતાના છોકરાને નિયુક્ત નથી કર્યા અને એ વાત મુસલમાનો પર છોડી હતી તો પછી તમે તમારી હયાતીમાં પોતાના પુત્રને ખલીફો નિમણૂક કેમ કરો છો ? આ વાતને લઈને બયઅત સ્વીકારી નહીં. અને એમના અવસાન પછી જ્યારે યઝીદની ખરાબીઓનું લોકોને ઈલ્મ થયું તો મક્કા અને મદીનાના લોકોએ યઝીદની બયઅત તોડી નાખી હતી.

## ★ ઈમામે પાકની ખામોશી ★

અલ્ બિદાયા વન્નિહાયામાં છે, ભાગ–૮, પેજ–૮૦, જ્યારે હિ.સ. ૫૬ થઈ તો મુઆવિયાએ યઝીદ માટે બયઅત લેવાનું શરૂ કરી આપ્યું, અને લોકોને એ વાતની દા'વત આપી અને બધા ઈલાકામાં કહેડાવ્યું, દરેક ઈલાકામાં દરેકે બયઅત કરી લીધી, માત્ર હઝરત





અબ્દુલ્લાહ બિન ઉમર, હુસૈન બિન અલી, અબ્દુલ્લાહ બિન ઝુબૈર અને અબ્દુલ્લાહ બિન અબ્બાસ. હઝરત મુઆવિયા ઉમરા رضی اللہ عنہ નું એહરામ બાંધીને મક્કા આવ્યા, અને જ્યારે મક્કાથી પરત થવામાં મદીના તૈયેબાથી પસાર થયા તો એક તકરીર કરી, આ લોકો મિમ્બર પાસે હાજર હતા, લોકોએ યઝીદની બયઅત કરી લીધી અને આ હઝરાત બેઠેલા રહ્યા, ન હા ! કહ્યું અને ન ના ! કારણ કે, આ વાતમાં ખાસી ધમકીઓ આપવામાં આવી હતી. સારાંશ એ કે યઝીદની બયઅત દરેક ઈલાકામાં સ્વીકારી લેવામાં આવી, અને દરેક દેશથી યઝીદ પાસે જમાઅતો આવવા લાગી. (એટલે કે જેમનાં નામોનું વર્ણન થયું તેમને છોડીને સંપૂર્ણ ઈસ્લામી પ્રદેશમાં યઝીદની ખિલાફત સ્વીકારી લેવામાં આવી હતી. એ સમયમાં મુસલમાનોને પરસ્પર યુદ્ધથી જે મોટુ નુકસાન થયું હતું અને જેમાં હજારો સહાબા અને તાબઈન શહીદ થઈ ગયા હતા જેને લઈને લોકોના દિલમાં ડર જેવું તો હતું જ એટલે સામાન્ય પબ્લિક એ વાતોમાં વિવાદ કરે એમ ન હતું.)

## ★ શરૂઆતમાં વિવાદ ★

ઉપરોક્ત પુરાવા પ્રમાણે એ વાત પણ જાણવા મળે છે કે હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ યઝીદની બયઅત માટે લોકોને હિ.સ. ૪૯ માં બોલાવ્યા. મુસલમાનોએ એ વાત પસંદ ન કરી અને ભારે વિવાદ થયો કારણ કે લોકોને યઝીદનાં કામો, શિકાર અને ફરવાથી શોખનું ઈલ્મ હતું. લોકોએ યઝીદને કહ્યું કે એ આ કામ માટે આગળ ન વધે કારણ કે આનાથી બચવું અને દૂર રહેવું એ કામ માટે કોશિશ અને શ્રમ કરવાથી ઉત્તમ છે.

યઝીદ લોકોનો વિવાદ જાણી લઈને એ ઈરાદાથી અને એના માટે કોશિશ કરવાથી અલગ રહ્યો અને પોતાના પિતાથી વાતાઘાત કરી અને બંને એને છોડી દેવા પર સંમત થયા. (છ વર્ષ પછી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ યઝીદની ખિલાફતના નામથી બયઅતનું કામ શરૂ જ કરી આપ્યું અને અંતે એ અમીર બની ગયો.) *(અલ્ બિદાયા, ભાગ–૮, પેજ–૮૦)*

(આ પુરાવાથી એ જાણવા મળ્યું કે શરૂઆતમાં યઝીદના

મોજશોખને લઈને ખિલાફત માટે એને કોઈ સ્વીકારતું ન હતું પણ છ વર્ષ પછી હઝરત મુઆવિયાના કહેવા પર એને સ્વીકારી લેવામાં આવ્યો.)

## ★ શું ઈબ્ને ઉમરે બયઅત કરી હતી ?! ★

**સવાલ** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما તો ઘણા ચુસ્ત સહાબી હતા, રિવાયતોના આધારે એ જાણવા મળે છે કે એમણે પોતાના કુટુંબીઓ સાથે યઝીદની બયઅત કરી લીધી હતી, અને જ્યારે હિજાઝના લોકોએ યઝીદની ખરાબીઓને લઈને બયઅત તોડી નાખી એ સમયે પણ એમણે બયઅત તોડવાનું એલાન નથી કર્યું, તો જ્યારે ઈબ્ને ઉમર જેવા સહાબીએ બયઅત કરી લીધી તો પછી ઈમામે પાકે પણ બયઅત કરી લેવી જોઈએ. જો આમ કરવામાં આવ્યું હોત તો જે વિવાદની આપણે ચર્ચા કરી રહ્યા છે, એ થવા ન પામતો.

ફત્હુલ બારી, ભાગ–૧૩, પેજ–૭૦ માં છે : હઝરત અમીર મુઆવિયાએ એક લાખ દિરહમ એમની પાસે મોકલાવ્યા તો એમણે લઈ લીધા. પછી એમની પાસે એ પૂછવા એક માણસ મોકલ્યો કે બયઅતથી તમારી રૂકાવટ કઈ વાતની છે ? તો એમણે ફર્માવ્યું, તે આ જ છે. એટલે કે માલ આપવું બયઅત કરવા માટે, તો પછી મારો દીન મારી પાસે હલકો બની જાય. (એટલે કે દોલતના નામ પર હું બયઅત નથી કરતો એટલે હમણાં બયઅત નથી કરી શક્તો.)

فَلَمَّامَاتَ مُعَاوِيَةُ كَتَبَ ابْنُ عُمَرَ اِلٰى يَزِيْدَ بِبَيْعَتِهٖ

પછી જ્યારે મુઆવિયા رضی اللہ عنہ નું અવસાન થઈ ગયું ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ યઝીદ પાસે એની બયઅત કરી લેવા બાબત લખી મોકલાવ્યું.

## ★ રિવાયતોમાં વિવાદ છે ★

**જવાબ** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ યઝીદની બયઅત કરી કે ન કરી એ બાબત વિવાદાસ્પદ રિવાયતો છે. એટલે યકીન સાથે એ નથી કહી શકાતું કે આપે બયઅત કરી જ લીધી હતી.





અલ્ અવાસિમ મિનલ્ કવાસિમ, પેજ–૨૧૬ પર છે કે જ્યારે અમીર મુઆવિયા رضی اللہ عنہ એ યઝીદની બયઅત બાબત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી વાત કરી, તો એમણે કહ્યું, તમારા પહેલાં પણ ખલીફાઓ થયા છે, અને એમના પુત્રો પણ હતા, તમારો પુત્ર એમનાથી સારો નથી. એમણે તો પોતાના પુત્રો બાબત એ નથી વિચાર્યું જે તમે પોતાના પુત્ર બાબત વિચારી રહ્યા છો, બલ્કે એમણે એનો અધિકાર મુસલમાનોને આપ્યો હતો કે પોતાની ભલાઈ વિચારે. અને મને શિખામણ આપવાની વાત કે હું લોકોમાં વિવાદ ન કરું, તો હું વિવાદ કરીશ નહીં. હું પણ મુસલમાનોમાંથી એક છું فَاِذَا اجْتَمَعُوْا عَلٰى اَمْرٍ فَاِنَّمَا اَنَا وَاحِدٌ مِّنْهُمْ જ્યારે તેઓ કોઈ વાત પર સંમત થશે તો હું પણ તેઓ પૈકી એક હશે. પછી ઈબ્ને ઉમર رضی اللہ عنہما બહાર ચાલ્યા ગયા. (આ રિવાયતથી બયઅત કરવું સાબિત થતું નથી બલ્કે બયઅત ન કરવું પુરવાર થાય છે.)

## ★ છૂટકારાનો માર્ગ ★

અમીર મુઆવિયા رضی اللہ عنہ એ હઝરત ઈબ્ને ઝુબૈરને બોલાવીને કહ્યું કે તમે એક ચાલાક શિયાળ માફક છો જે એક કાણામાંથી નીકળીને બીજા કાણામાં પેસી જાય છે. ઈબ્ને અબૂબક્ર અને ઈબ્ને ઉમરના કાળમાં તમે જ કોઈ ફૂંક મારેલી છે. અને કોઈ બીજા વ્યક્તિ બાબત અભિપ્રાય આપ્યો છે. એના પર હઝરત ઈબ્ને ઝુબૈરે જવાબ આપતાં કહ્યું, જો તમે ખિલાફતથી થાકી ગયા છો તો બિસ્મિલ્લાહ ! શોખથી રાજીનામુ આપી દો અને પોતાના પુત્રને બોલાવી લો, અમે એના હાથ પર બયઅત કરી લઈએ તો ખલીફા બે થઈ જશે. તો એવી સ્થિતિમાં અમે કોની વાત માન્ય રાખીએ અને કોનું કહેવું માનીએ ? એક સમયમાં બે ખલીફા નથી થઈ શક્તા, એટલે કેમ કરી બયઅત કરવામાં આવે. આમ કહી અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ પણ ચાલ્યા ગયા. એ પછી અમીરે મુઆવિયા મિમ્બર પર આવ્યા અને હમ્દો ષના પછી કહ્યું, મેં વાંકા લોકોની વાતો સાંભળી કે ઈબ્ને અબૂબક્ર, ઈબ્ને ઉમર અને ઈબ્ને ઝુબૈર ક્યારે પણ યઝીદની બયઅત કરશે નહીં, પણ એમણે ખુશી અને શોખથી બયઅત કરી લીધી છે. સિરિયા પ્રદેશના લોકોએ કહ્યું, અમે એ વાતને

ત્યાં સુધી માન્ય નહીં રાખીએ જ્યાં સુધી તેઓ અમારી સામે યઝીદની બયઅતનો એલાન સાથે સ્વીકાર કરે. નહીં તો અમે એમના ગળા કાપી નાખીશું. એના પર હઝરત અમીરે મુઆવિયાએ ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! અસ્તગ્ફિરુલ્લાહ ! કુરૈશની શાનમાં આટલી બધી જલ્દી અને આ બદ્માશી ! ભવિષ્યમાં તમારામાંથી કોઈના મુખેથી એવી બેઈજ્જતીની વાત સાંભળવી પસંદ નહીં કરું. એ પછી મિમ્બર પરથી ઉતરી ગયા. અને લોકો કહેવા લાગ્યા, અબૂબક્ર, ઈબ્ને ઝુબૈર, અને ઈબ્ને ઉમરે બયઅત કરી લીધી છે, એ ત્રણેવ લોકોને કહેતા રહ્યા કે અમે કોઈએ યઝીદની ખિલાફત પર બયઅત નથી કરી. એ સાંભળીને લોકો હા ! નહીંની વાતમાં રહી ગયા. *(તારીખુલ ખુલફા, ભાગ–૨, પેજ–૬૯)*

આ રિવાયતથી પણ સ્પષ્ટ થયું કે હઝરત ઈબ્ને ઉમર અને ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما એ બયઅત નથી કરી. એમણે બયઅત ન કરવાનું બહાનું બતાવ્યું તો અમીર મુઆવિયા رضی اللہ عنہما ને એવું લાગ્યું કે યઝીદ સત્તા પર આવશે તો તેઓ બયઅત કરી લેશે, અને પછી એમણે એમની બયઅતનું ભવિષ્ય પર ભરોસો કરીને એલાન કરી આપ્યું જ્યારે કે બયઅત કરી ન હતી.

## ★ મજબૂરનો હુકમ અલગ છે ★

અલ્ અવાસિમ મિનલ કવાસિમ, પેજ–૨૧૮ પર છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને બયઅત ન કરવા પર કતલની ધમકી આપવામાં આવી હતી. (જો માની લેવામાં આવે કે હઝરત ઈબ્ને ઉમરે બયઅત કરી લીધી હતી જેમ કે ફત્હુલ બારીમાં છે તો બની શકે છે કે ધમકીથી આ કામ કરવામાં આવ્યું હોય, તે સમયની સ્થિતિ એવી હતી કે કોઈ આદમી પોતાની જાન માલ અને કુટુંબ કબીલાને બચાવવા કોઈ પગલું ભરે તો એને માફ રાખવામાં આવે છે. અને જે શરઈ છૂટને લઈને કોઈ કામ કરી જાય તો એનું એ કામ બીજા વ્યક્તિ માટે પુરાવો બની શક્તું નથી. જ્યાં સુધી એ બીજો એની માફક મજબૂર ન બની જાય. સારાંશ એ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ બયઅત ન કરી હતી. અને કોઈ રિવાયતના આધારે માની લેવામાં આવે તો એ હુકમ મજબૂરીનો છે. અમુક લોકોએ એ જવાબ આપ્યો છે કે એ ઈબ્ને ઉમર





رضی اللہ عنہما નો ઈજતિહાદ હતો, પણ રિવાયતોના આધારે આ પ્રમાણે ઉલ્લેખ યોગ્ય નથી. ખરાબ વ્યક્તિની બયઅત કરે અથવા બાકી રાખે એ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما જેવા ચુસ્ત સહાબી માટે શક્ય નથી. અમીર મુઆવિયા رضی اللہ عنہ ની હયાતમાં તો એ સારો હતો ત્યારે બયઅત માન્ય ન રાખી કેમ કે આગલા ખલીફાઓનાં તરીકાની વિરૂધ્ધ હોવાને લઈને, તો પછી જ્યારે એની ખરાબીઓ જોવા મળી તો બયઅત બાકી રાખવાનો સવાલ ઉપસ્થિત થતો નથી.

## ★ વિના બયઅતે બયઅતનું એલાન શાથી ? ★

**સવાલ** : જ્યારે ઈબ્ને ઉમર, ઈમામ હુસૈન, ઈબ્ને અબૂબક્ર અને ઈબ્ને ઝુબૈર رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ બયઅત ન કરી હતી તો પછી હઝરત અમીર મુઆવિયાએ એમની બયઅતનું મિમ્બર પર એલાન કેમ કર્યું ? (તારીખુલ ખુલફાના પુરાવાથી રિવાયતનો ઉલ્લેખ થઈ ગયો છે.)

**જવાબ** : એમણે જે વાત કરી કે એ સમય આવશે ત્યારે બયઅત કરી લેવામાં આવશે જેનો સંબંધ ભવિષ્યથી છે, અને એનાથી બયઅત સાબિત નથી થતી પણ એટલું પુરવાર થાય છે કે આશા છે કે કરી લેશે, તો એ આશાને લઈને અમીર મુઆવિયા رضی اللہ عنہ એ એમની બયઅતનું એલાન કર્યું, અથવા હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને એવું લાગ્યું કે જો એવું કહેવામાં આવે કે એમણે બયઅત પર નકારાત્મક જવાબ આપ્યો છે તો સિરિયાના જે આપના શુભેચ્છકો છે તે હુમ્લો કરી બેસે અને એમને સમજવાનો સમય ન આપે એટલે એમની ભવિષ્યની વાત પર ભરોસો કરીને આપે એમની બયઅત કરી લેવાનું એલાન કર્યું.

## ★ વાયદો હતો જ નહીં ! ★

**સવાલ** : જ્યારે એમણે વાયદો કર્યો હતો તો પૂરો કેમ ન કર્યો ?

**જવાબ** : વાયદો સર્વએ ન કર્યો હતો, એક રિવાયતમાં એટલું છે કે તેઓ બયઅતની વાત પર ચૂપ રહ્યા, અને ઈમામ હુસૈનનું નામ માત્ર જ એ રિવાયતમાં છે, ઈબ્ને ઉમરે કહ્યું કે મુસલમાનો જેને માન્ય રાખશે તેને હું માન્ય રાખીશ. હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર

رَضِیَ اللّٰہُ عَنۡہُمَا એ સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરી હતી, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર પર ઈબ્ને ઉમર અને ઈબ્ને અબૂબક્રને શિખવાડવાની તોહમત લગાડવામાં આવી તો એમણે છૂટવા માટે જવાબ બનાવ્યો કે હાલ આપ ખલીફા છે અને અમે આપની બયઅત કરેલી છે. આપની હયાતીમાં અથવા આપના ખલીફા હોવા છતાં બીજા ખલીફાની બયઅત સમજ બહારની વાત છે. જો તમે ખસી જાવ તો અમે યઝીદની બયઅત કરી લઈએ. તો આ માત્ર વાત બંધ કરવાનો જવાબ હતો એટલે વાયદો કરવાની વાત સ્પષ્ટ નથી.

## ★ દૂરનું વિચાર્યું ★

જે સહાબા ખિલાફતના મસ્અલામાં મુસલમાનોના આધાર હતા તેમણે મુસલમાનોની ભલાઈ માટે દૂરનું વિચારીને યઝીદની ખિલાફતનો અસ્વીકાર કર્યો અને એની બયઅત ન કરી, એ ખુલાસો કરી લેવામાં આવ્યો કે હઝરત અમીર મુઆવિયા رَضِیَ اللّٰہُ عَنۡہُ ની હયાતના જમાનામાં યઝીદ એટલો ખરાબ ન હતો કે એને ખિલાફત પર ન લાવી શકાય, પણ શિકાર અને ફરવાની આદતો એવી હતી જેને લઈને એને ખિલાફતનું પદ પર ન લાવી શકાય. ખિલાફત માટે દુનિયાના ઈલ્મ સાથે શરતોના પાલન સાથે ધાર્મિક હોવું જરૂરી છે, સાથે ધર્મને વિકસાવવાનો એની પાસે સંપૂર્ણ શોખ હોવો જોઈએ. એ વાતો યઝીદમાં ન હતી. અને મોટી વાત એ હતી કે આ મસ્અલો પોતે હલ કરવાનો ન હતો એને મુસલમાનોમાં લઈ જવાનો હતો, પણ એવું કરવામાં ન આવ્યું એટલે મુસલમાનોના આધાર સહાબાને એ વાત પસંદ ન આવી, અને એમણે દૂરનું વિચારીને બયઅત ન કરવાનો નિર્ણય કર્યો હતો. એ ત્યારે પરિણામ સાથે જોવામાં આવ્યો જ્યારે યઝીદનું દીન તરફ ધ્યાન ન રહ્યું, નમાઝો છૂટવા લાગી, લોકો પરથી ધાર્મિક પકડ ઉઠી ગઈ, લોકોમાં એશ આરામ વધવા લાગ્યો અને લોકો દીનને પીઠ પાછળ રાખીને દુનિયામાં સંપૂર્ણપણે વ્યસ્ત થઈ ગયા અને એ ખરાબીઓની ખબર સાંભળીને હિજાઝના લોકોએ કરેલી બયઅત પણ તોડી નાખી. જ્યારે આધાર સહાબાએ બયઅત ન કરી એ પરિણામ તરફ પ્રથમથી ઈશારો કરી આપ્યો હતો. હઝરત ઈમામે પાક رَضِیَ اللّٰہُ عَنۡہُ એ ખિલાફતે યઝીદના





અસ્વીકાર પર હક્કમાં એટલા માટે જ રહ્યા કે દીનનું નુકસાન યઝીદનાં ખલીફા બનવામાં જાહેર થવાનું હતું અને એ થઈને રહ્યું.

## ★ અલ્લાહનું ફર્માન ★

હક્ક અને સત્યને હક્ક અને સત્ય બતાવવા માટે અને દીનને ખરાબીઓથી બચાવવા માટે અમુક લોકોનું મુજાહિદ અને બહાદૂર હોવું જરૂરી છે, તેમની નિકટતાથી ભલે તેમને નુકસાન પહોંચે પણ લોકોનું દિમાગ હક્ક અને સત્ય તરફ કેન્દ્રિત થાય છે અથવા હક્ક અને સત્ય શું છે એની સર્વને ખબર પડી જાય છે. જે સહાબાએ નીડર થઈને અને બીક વગર ખિલાફતના મસ્અલામાં વિવાદ કરી યઝીદની ખરાબીઓથી લોકોને વાકેફ કર્યા તેઓ મુજાહિદ હતા, તેમને આ સત્યતાના માર્ગમાં નુકસાન પહોચ્યું પણ એનાથી ઈસ્લામને એટલો મોટો ફાયદો થયો કે યઝીદની ખરાબીઓનું ઈલ્મ થયું, અને લોકોએ એની બદ્માશીઓ તરફ ધ્યાન કર્યું. અને નિકટમાં જ એની સત્તા નષ્ટ થઈ, અને દુશ્મનોથી સંપૂર્ણ બદલો લેવામાં આવ્યો અને વાસ્તવમાં એ જ સફળતા છે જેનાથી ખરાબીઓ દૂર થાય અને ત્રાસવાદી સત્તાનો તખ્તો પલ્ટી ખાય.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلۡتَکُنۡ مِّنۡکُمۡ اُمَّۃٌ یَّدۡعُوۡنَ اِلَی الۡخَیۡرِ یَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ
وَیَنۡهَوۡنَ عَنِ الۡمُنۡکَرِ وَ اُولٰٓئِکَ هُمُ الۡمُفۡلِحُوۡنَ

તમારામાંથી એક જમાઅત હોવી જોઈએ જે ભલાઈની દા'વત આપે, સારી વાતોનો હુકમ કરે, બુરાઈથી મનાઈ કરે તેઓ જ સફળ છે. (હઝરત ઈમામ પાક, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર, હઝરત ઈબ્ને ઉમર رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡهِمۡ اَجۡمَعِیۡنَ વગેરે સહાબા તે સમયમાં મુજાહિદની એક જમાઅતના હતા જેમણે ઈસ્લામ અને મુસલમાનોમાં ખરાબી ન આવી શકે જેને લઈને જાલિમ રાજા વિરૂધ્ધમાં હક્કનો અવાજ ઉઠાવ્યો અને સબ્રથી કામ લીધું.

## ★ હમેશાં માટે જીવંત બની ગયા ★

**સવાલ** : જ્યારે એ ખબર હતી કે બયઅત કરવામાં નહીં આવે

તો જાન, માલનું નુકસાન પહોંચાડવામાં આવશે તો પછી વિવાદ ન કરવામાં જ ફાયદો હતો, પછી એમણે વિવાદ કેમ કર્યો ?

**જવાબ** : દરેક જ વ્યક્તિ એવું વિચારે તો પછી ખરાબીથી મનાઈ કોણ કરે ? એટલે અમુક લોકોએ તો દીનને બચાવવા નુકસાન વેઠવું જ પડે. હઝરત ઈમામ પાકની કુર્બાની દીનને બચાવવા માટે હતી. અલ્લાહ તઆલાએ આ ઈજજત આપને અતા ફર્માવી અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનની સત્યતા આપની શહાદતને બનાવી. ઈમામે પાકની જાતને અને એમના નામને હમેશાં માટે જીવંત બનાવી દેવામાં આવ્યું.

## ★ શું આપને ખિલાફત જોઈતી હતી ?! ★

**સવાલ** : અમુક લોકો એ પ્રમાણે શંકા ઉપસ્થિત કરે છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને ખલીફા બનવું હતું અને એ કામ પૂરું ન થયું તો એમણે વિવાદ કર્યો અને પછી જે થયું તે થયું ?

**જવાબ** : શંકા ગમે તેવી ઉપસ્થિત કરી શકાય છે, એનાથી કંઈ થતું નથી, જે કંઈ કહેવામાં આવે એના પર સશક્ત પુરાવો હોવો જરૂરી છે. રિવાયત અને ઈતિહાસમાં એવું કોઈ જગાએ નથી કે ઈમામે પાકે પોતે ખિલાફતનો દાવો કર્યો અથવા આમ કહ્યું હોય કે અમીરે મુઆવિયા પછી ખલીફા હું પોતે બનીશ ! જ્યારે કે હોવું તો એવું જ જોઈતું હતું કે આપ ખિલાફત પર આવે, કારણ કે આપના મોટા ભાઈ હઝરત ઈમામે હસન رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયા સાથે સુલેહ કરવામાં જે શરતો રાખી હતી તેમાંની એક એ હતી કે તમારી પછી ખિલાફતનું પદ સંભાળીશ. જો ઈમામ હસનની શહાદત હઝરત અમીર મુઆવિયા પહેલાં ન થઈ હોત તો જરૂર આપ ખિલાફત પર આવતા, અને આપ પછી ઈમામ હુસૈન આવતા.

આ સ્પષ્ટ કારણ હતું ઈમામે હુસૈનની ખિલાફત માટે તો પણ આપે એનો દા'વો નથી કર્યો અને તારીખુલ ખુલફાથી પુરાવો રજૂ કરી દેવામાં આવ્યો છે કે જ્યારે મદીનામાં અમીર મુઆવિયા સાથે અન્ય સહાબાની મીટિંગ થઈ હતી તો એમાં હઝરત ઈબ્ને ઉમર અને અબ્દુર્રહમાન બિન અબૂબક્ર તરફથી જે અભિપ્રાય મૂકાયો હતો તે એ





જ હતો કે ખિલાફતનો પ્રશ્ન કોઈ પોતે હલ ન કરે, એ મુસલમાનોની ભલાઈનો મસ્અલો છે. મુસલમાનો પોતે પોતાના ખલીફાને નિમણૂક કરશે, પણ એ વાત માન્ય રાખવામાં આવી નહીં. તો સ્પષ્ટ થયું ઈમામે પાકે પોતે ખિલાફતનો દા'વો નથી કર્યો. જ્યારે કે એમને દા'વો કરવાનો પોતાના ભાઈની શરતોના આધારે હક્ક હતો.

## ★ વાત મુસલમાનોના હક્કની હતી ★

બીજું એ કે ઈમામે પાક પોતે દા'વો કરતા તો આપે એની શરૂઆત અમીરે મુઆવિયાના અવસાન પછી તરત જ મદીના અને પછી મક્કામાં કરી આપવી હતી. કારણ કે આપ પોતાના વતનમાં હતા, હિજાઝના લોકોને આપથી અકીદત અને મહબ્બત હતી. ત્યાંના લોકોને એમના માન મર્તબાની ખબર હતી, જો આપે અહીંયાથી જ શરૂઆત કરી આપી હોત તો પણ કામ બની જતું પણ આપે એવું ન કર્યું. મદીના છોડીને મક્કા આવ્યા ત્યાં પણ આમ ન કર્યું, તો સ્પષ્ટ છે કે ઈમામે પાકને પોતાની ખિલાફતનો દા'વો ન હતો, આપની ઈચ્છા માત્ર એ હતી કે યઝીદની બયઅત કરવામાં નહીં આવે, અને આ મસ્અલો મુસલમાનોની ઈચ્છા પર છોડી દેવામાં આવે જે તરીકો ઉપરથી આવતો હતો.

## ★ દા'વો કરે તો એમનો હક્ક છે ★

મેં તમને બતાવ્યું કે આપ પોતે પોતાના તરફથી ખિલાફતનો દા'વો કર્યો નથી. આપનું કહેવું એ જ હતું કે યઝીદની બયઅત કરવામાં નહીં આવે. જો કોઈ એવું કહે કે ના આપે દા'વો કર્યો જ હતો તો એનો જવાબ એ છે કે કાયદાના આધારે આપને એ હક્ક પહોંચતો હતો કે આપ પોતે દા'વો કરે. ઈમામ હસનની શરતના આધારે તો અમીર મુઆવિયા પછી ખિલાફત આ તરફ જ પરત આવવાની હતી, અને એ કે કોઈ નાઅહલ (અયોગ્ય વ્યક્તિ) ખલીફા બને એનાથી ઉત્તમ એ છે કે કોઈ લાયક વ્યક્તિ ખલીફા બને. તો તે સમયના આધારે ઈમામ હુસૈનથી વધીને ખિલાફતના લાયક કોણ હતો ? દા'વો કરવો એમનો હક્ક હતો પણ એ ઈમામે પાકની નમ્રતા હતી કે આપે દા'વો નથી કર્યો.

## ★ યઝીદને ખિલાફતનો હક્ક ન પહોંચતો હતો ★

કોઈ એવું કહે કે યઝીદને પણ ખિલાફતનો હક્ક પહોંચતો હતો કારણ કે એના પિતા ખલીફા હતા અને ખલીફતુલ મુસ્લિમીને પોતે એને ખલીફા જાહેર કર્યો હતો, તો એનો જવાબ એ છે કે અમીર મુઆવિયા પોતે ખલીફા ન હતા, તેઓ ગવર્નર હતા, એમની પાસે ખિલાફત ત્યારે આવી જ્યારે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ એમની સાથે સુલેહ કરી પોતાની ખિલાફત એમને આપી અને પોતે એ માર્ગથી ખસી ગયા. અને એ ખિલાફત પણ શરત પર આધારિત હતી, એટલે અમીર મુઆવિયા પર એ વાત પૂરી થઈ જતી હતી, એટલે યઝીદને હક્ક પહોંચતો જ નથી કારણ કે એ ખિલાફત તો અનામત તરીકે હઝરત અમીર મુઆવિયા પાસે આવી હતી. ઉત્તમ તો એ જ હતું કે અનામત જ્યાંથી મળી હતી ત્યાં પહોંચાડી દેવામાં આવતી, અથવા એને મુસલમાનોની ઈચ્છા પર આધારિત કરવામાં આવતી. સારાંશ એ કે ઈમામે પાકને જો તેઓ પોતે દા'વો કરતા તો પણ હક્ક પહોંચતો હતો, અને યઝીદને એનો હક્ક ન હતો. જો આ મસ્અલો પબ્લિક પર આધારિત રાખવામાં આવ્યો હોત, અને લોકોને પોતાના ખલીફાના ચૂંટવામાં પૂરો અધિકાર આપવામાં આવ્યા હોત તો ખિલાફત યઝીદના હાથમાં ન પહોંચતી.

## ★ ઈમામે પાકે ખિલાફતની બયઅત શાથી કરાવી ? ★

**સવાલ** : એક શંકા એ ઉપસ્થિત થાય છે કે જ્યારે આપનું કહેવું એવું છે કે ઈમામે પાકે ખિલાફતનો દા'વો ન કર્યો હતો, તો પછી હઝરત મુસ્લિમ બિન અકીલને મોકલીને કૂફામાં પોતાની બયઅત લેવા માટે કેમ મોકલવામાં આવ્યા અને ૪૦ હજારથી અધિક લોકોએ બયઅત કરી અને હઝરત મુસ્લિમ તરફથી કૂફા આવી જવાનો પત્ર પણ ઈમામે પાકને લખી દેવામાં આવ્યો પછી ઈમામે પાક આવતા તૈયાર થયા. તો આનાથી સ્પષ્ટ થાય છે કે આપને ખિલાફત જોઈતી હતી જેને લઈને આપે બયઅત ન કરી અને વિવાદ કર્યો ?



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

**જવાબ** : આપે પોતે ઈરાકના લોકોને કહ્યું ન હતું કે મારે ખલીફા બનવું છે આપે માત્ર યઝીદની બયઅત ન કરી હતી, એ ખબર ઈરાકમાં પહોંચી તો કૂફાના લોકોએ હઝરતે ઈમામે પાક رضی اللہ عنہ ને પત્રો લખ્યા અને કહ્યું કે અમારો પણ કોઈ ઈમામ નથી, આપ પધારો અમે આપની ઈમામત અને ખિલાફતમાં રહીશું. અને ઘણા પત્રો આપ તરફ રવાના કર્યા જેને લઈને ઈમામે પાકે મજબૂર થઈને આ કામ કર્યું અને મજબૂરી દુનિયાને લઈને ન હતી, આખેરતને સામે રાખીને હતી. તેઓ યઝીદને ખલીફા માનવા તૈયાર ન હતા, અને ઈમામે પાકને ખલીફા બનાવવા ખુશ હતા. જો એવા સમયે મનાઈ કરવામાં આવે તો પબ્લિક છૂટી જાય અને જવાબદાર એ વ્યક્તિ બને જે લાયક હોય અને લોકોએ એની માંગ પણ કરી હોય. જેમ કે સવાનેહે કરબલામાં હઝરત નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ એ આ પ્રમાણે વર્ણન કર્યું છે :—

## ★ નઈમુદ્દીન સાહબનો જવાબ ★

ભલે ઈમામની શહાદતની ખબર મશ્હૂર હતી અને કૂફી લોકોની બેવફાઈનો પહેલાં પણ અનુભવ થઈ ગયો હતો, પરંતુ જ્યારે યઝીદ રાજા બની ગયો, અને એની હુકૂમત અને સત્તા દીન માટે ખતરો હતી અને એટલે એની બયઅત નાજાઈઝ હતી. એ વિવિધ જાતનાં હીલા બહાનાથી ઈચ્છતો હતો કે લોકો એની બયઅત કરી લે, એવી સ્થિતિમાં કૂફી લોકોનું ધર્મના રક્ષણ માટે યઝીદની બયઅતથી હાથ ખેંચી લેવો અને હઝરત ઈમામથી બયઅતની માંગ કરવું ઈમામ પર જરૂરી હતું કે એમની અરજી કબૂલ ફર્માવે. જ્યારે એક કોમ જાલિમ અને ફાસિકની બયઅત પર ખુશ ન હોય અને હક્કની માંગ કરનાર લાયક વ્યક્તિથી બયઅતની માંગ કરે, એના પર એમની માંગ સ્વીકારવામાં ન આવે તો એનો એ અર્થ થાય છે કે એ તે કોમને એ ત્રાસવાદીના હવાલે કરવા ઈચ્છે છે. જો એ સમયે ઈમામ કૂફી લોકોની અરજી કબૂલ ન ફર્માવતા તો અલ્લાહની બારગાહમાં કૂફી લોકોની આ માંગનો ઈમામ પાસે કોઈ જવાબ ન હોતો કે અમે એમની પાછળ પડયા પણ ઈમામ બયઅત માટે તૈયાર ન થયા એટલે અમારે યઝીદના જુલ્મ અને ત્રાસથી મજબૂર થઈને એની બયઅત કરી લેવી પડી. જો ઈમામ હાથ લાંબો કરતા તો

અમે એમના પર જાનો કુર્બાન કરી દેવા હાજર હતા. આ મસ્અલો એવો સામે આવ્યો, જેનો નિકાલ એની સિવાય કોઈ નથી થઈ શક્તો કે હઝરત ઈમામ એમની દા'વત પર લબ્બૈક ફર્માવે, ભલે પછી બુઝુર્ગ સહાબાએ કિરામ હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત જાબિર, હઝરત અબૂ સઈદ અને હઝરત અબૂ વાકિદ લૈષ વગેરે હઝરત ઈમામના નિર્ણયથી સંમત ન હતા, અને એમને કૂફી લોકોના વાયદા પર ભરોસો ન હતો. ઈમામની મહબ્બત અને ઈમામની શહાદતની ખ્યાતિ એ સર્વના દિલોમાં શંકા પેદા કરી રહી હતી. જો કે આ યકીન કરવાનું કોઈ કારણ ન હતું કે શહાદતનો આ જ સમય છે, અને આ જ મુસાફરીમાં એ અકસ્માત થશે પણ ભય રુકાવટ હતો. હઝરત ઈમામ સામે મસ્અલાની આ સૂરત હતી કે આ માંગને રદ કરવા માટે શરઈ છૂટકારો શું છે ? આ તરફ આવા બુઝુર્ગ સહાબાની સખ્તીથી મનાઈ કરવું, એ તરફ કૂફી લોકોની માંગ રદ કરવાનો શરઈ છૂટકારો ન હોવો, હઝરત ઈમામ માટે ઘણો જ કઠણ મસ્અલો હતો. જેનો નિકાલ એ સિવાય ન મળ્યો કે પ્રથમ હઝરત ઈમામ મુસ્લિમને મોકલવામાં આવે, જો કૂફી લોકો બેવફાઈ અને વાયદા ખિલાફી કરે તો શરઈ છૂટકારો મળી જશે, અને તેઓ પોતાના વચન પર રહ્યા તો સહાબાને મનાવી પણ લેવાશે. *(સવાનેહે કરબલા, પેજ–૮૭)*

## ★ ઈરાકીઓના પત્રો ★

તારીખે તબરીમાં છે : પ્રથમ પત્ર અબ્દુલ્લાહ બિન સુબૈઅ હમદાની અને અબ્દુલ્લાહ બિન દાલના હાથે રવાના કરવામાં આવ્યો, જે ઈમામે આલી મુકામની ખિદમતમાં દસ રમઝાન હિજરી સન ૬૦ માં મક્કા મુઅઝ્ઝમા પહોંચ્યો. એ પત્ર રવાના કર્યા પછી બે જ દિવસના સમયમાં ૫૩ અરજીઓ બીજી તૈયાર કરવામાં આવી જે એક, બે, ત્રણ અને ચાર માણસોના હસ્તાક્ષર સાથે હતી. આ સઘળા પત્રો ત્રણ માણસોના હાથે રવાના કરવામાં આવ્યા. એ પછી અમુક ખાસ લોકોએ અરજીઓ મોકલી અને એ બધી એક પછી એક થોડા થોડા સમયે હઝરતની ખિદમતમાં પહોંચી ગઈ. *(તબરી, ભાગ–૨, પેજ–૧૭૭)*





## ★ પત્રો પર ઈમામે પાકનો જવાબ ★

તારીખે તબરીમાં છે કે છેલ્લો પત્ર જે હાની બિન સુબૈઈ અને સઈદ બિન અબ્દુલ્લાહ હનફીના હાથે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને પહોંચ્યા, એ પછી આપે કૂફાવાળાઓને લખ્યું કે તમારા લોકોના ઘણા બધા પત્રો અમારા સુધી પહોંચ્યા જેના લખાણથી અમને જાણકારી થઈ. તમારા લોકોના જુસ્સા અને અકીદતો મહબ્બતનો ખયાલ રાખીને હમણા અમે પોતાના ભાઈ, કાકાના પુત્ર, ખાસુલ ખાસ અને ભરોસા પાત્ર મુસ્લિમ બિન અકીલને કૂફા મોકલી રહ્યા છે. જો એમણે લખ્યું કે કૂફાની હાલત સારી છે તો ઈન્શાઅલ્લાહ ! હું પણ તમારા લોકો પાસે જલ્દી જ આવી જઈશ. *(તબરી, ભાગ–૨, પેજ–૧૮૭)*

## ★ શોખ પર નહીં શરીઅત પર અમલ ★

ઈમામે પાક رضی اللہ عنہ ના જવાબથી એ વાત સ્પષ્ટ થઈ કે ખલીફા બનવાની વાત અને ખિલાફતની બયઅત હઝરત ઈમામ પાકે ન કરાવી હતી બલ્કે કૂફાવાસીઓના સતત પત્રોને લઈને આપે એમની વાત સ્વીકારી હતી અને એના માટે આપે પ્રથમ હઝરત મુસ્લિમ બિન અકીલને મોકલ્યા હતા, અને એમના તરફથી જ્યારે જવાબ મળ્યો કે માહોલ હક્કનો તરફદાર છે, ત્યારે ઈમામે પાકે કૂફાના સફરની તૈયારી શરૂ કરી આપી અને કરબલાના મેદાન સુધી પહોંચી ગયા. એટલે આમ કહેવું કે હઝરત ઈમામે પાકે પોતે ખિલાફતનું પદ સંભાળવા વિવાદ ઉભો કર્યો હતો, અને એ વિવાદમાં આપને શહાદતનું જામ પીવું પડયું, તો ઈમામે પાક પર આ ગલત આક્ષેપ છે. ઈમામે પાકને દા'વો કરવો જ હતો તો ઈરાક સુધી જવાની ક્યાં જરૂરત હતી, હિજાઝમાં જ ખિલાફતનું એલાન કરી, બયઅત કરાવવાનું કામ શરૂ કરી આપતા, પણ જ્યાંનાં લોકોએ પોતે માંગ કરી હતી અને યઝીદની બયઅતથી નાપસંદી પ્રગટ કરી હતી તેમને લઈને ઈમામે પાકને વિચારવું પડયું.

## ★ સહાબાની વાત કેમ ન માની ?! ★

**સવાલ** : સહાબાના નામોનો ઉલ્લેખ થયો તેમણે હઝરત ઈમામે

પાકને ઘણુ જ ના કહ્યું કે આપ મક્કાથી બહાર ન જાવ, પણ આપે એમની વાત ન સ્વીકારી અને કૂફાવાળાઓના પત્રોને ઉત્તમતા આપી ત્યાં જવા માટે તૈયાર થયા, તો એનાથી એ સ્પષ્ટ થાય છે કે આપને ખલીફા બનવાનો શોખ હતો ?

**જવાબ** : એ કહેવું ખોટું છે, અને હઝરત ઈમામે પાકની શાન અને આપની તકવા પરહેઝગારી જોતાં એ વિચાર પણ ન આવવો જોઈએ. સહાબાની મનાઈ હઝરત ઈમામે પાકના રક્ષણ માટે હતી કે બહાર જશો તો કોઈ સાથ આપે ન આપે, પણ જો આપ અહીંયા રહેશો તો અમે આપની મદદ માટે તૈયાર છીએ. અને હઝરતે ઈમામે પાકે પત્રોને ઉત્તમતા આપીને ઈરાક જવાનો ઈરાદો કરી લીધો છે કે ત્યાં દીન અને ધર્મનાં રક્ષણની વાત છે. ઈમામે પાક પોતાના રક્ષણથી અધિક દીન અને ધર્મના રક્ષણને સમજતા હતા એટલે આપે સહાબાની વાત ન સાંભળી અને ઈરાક માટે રવાના થયા.

બીજાં એ કે આપે સહાબાની વાત તદ્દન ન માની એવું નથી, પણ આપે એમાં વચલો માર્ગ કાઢયો કે હું નથી જતો પણ મારા કાકાના છોકરા મારા ભાઈ મુસ્લિમ બિન અકીલને મોકલું છું અને એ ત્યાં જઈને ત્યાંની હાલત બતાવશે અને મને આવવાનું કહેશે તો જઈશ, અને એવું જ કરવામાં આવ્યું. ઈમામે પાકે પત્રો પર ભરોસો નથી કરી લીધો બલ્કે પોતાના તરફથી જવાબદાર વ્યક્તિ મોકલીને માહોલ જાણી લીધા પછી આપ ગયા. એટલે એવું પણ નથી કહી શકાતું કે આપ પોતે જ વાઘના મોઢામાં ગયા !

## ★ એક રહસ્યનું એલાન ★

યઝીદને એ વાતનું યકીન હતું કે ઈમામે પાકને વર્તમાનકાળમાં ખિલાફતનો હક્ક પહોંચે છે અને આપની લોકપ્રિયતા પણ સર્વથી અધિક છે. જો લોકોના મતદાન પર આ વાત આધારિત કરવામાં આવશે તો નિઃશંક ! ઈમામે હુસૈનને ખિલાફતનું પદ મળીને જ રહેશે, એટલે એણે જગા જગાએ સખ્તીઓ કરવાનું અને થોડો પણ એનો વિરોધ વિવાદ જોવા મળે તો તેવા લોકોની ધરપકડ કરી કડક સજાઓ આપવાનું શરૂ



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

કરી દેવામાં આવ્યું હતું. એનાથી સામાન્ય પબ્લિકમાં ડર અને ખૌફનું વાતાવરણ હતું, જેને પસંદ ન આવે ચૂપ રહે પણ જીભ ખોલવાની હિંમત જોવા મળતી ન હતી. યઝીદને મોટો ભય ઈમામે પાકની ખિલાફતનો હતો કે જો આપ દા'વો કરશે અને લોકોથી એ વાતની માંગ કરશે તો કોઈના તરફથી એનો અસ્વીકાર થાય નહીં તો એણે ખિલાફત પર આવતાની સાથે જે વાત પર વધારે ભાર મૂક્યો તે હઝરત ઈમામ હુસૈન, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર, હઝરત અબ્દુર્રહ્‌માન બિન અબૂબક્ર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની બયઅત લઈ લેવાની વાત હતી, અને ન માનવા પર કતલની ધમકીઓ પણ આપવામાં આવી હતી જેને લઈને ઈમામે પાક મદીના છોડીને મક્કા ચાલ્યા આવ્યા હતા, એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર અને હઝરત અબ્દુર્રહ્‌માન બિન અબૂબક્ર પણ મક્કા ચાલ્યા આવ્યા હતા., હઝરત અબ્દુર્રહ્‌માનનું તો ખિલાફતે યઝીદ સંપૂર્ણ થતા પહેલાં જ અવસાન થઈ ગયું, ઈમામે પાક કરબલા આવીને શહીદ થયા અને હઝરતે અબ્દુલ્લાહ બિન ઝુબૈર મક્કામાં રહ્યા. યઝીદી સૈન્ય સાથે યુધ્ધ પણ થયું અંતે યઝીદ મરી ગયો અને આપને સફળતા મળી પછી ખિલાફત આપના હાથમાં આવી.

ઈમામે પાક જ્યારે મક્કા છોડીને ઈરાક જવા માટે તૈયાર થયા ત્યારે સહાબાએ આપને ઘણી જ મનાઈ કરી પણ આપે ઈરાક જવાનો ઈરાદો મુલતવી કર્યો નહીં, તેનાં શરઈ કારણો તો તમારી ખિદમતમાં રજૂ થયા, તેનું એક બીજાું કારણ પણ છે જેનો સંબંધ રહસ્યથી છે અને ઈમામે પાકે અંતે પોતાના મુખથી એ વાતને જાહેર કરી હતી.

સવાઈકે મુહરિકા, પેજ–૧૨૦, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رَضِيَ اللهُ عَنْهُمَا જ્યારે હઝરત ઈમામ પાકને ઈરાકનો સફર મુલતવી કરી દેવા માટે કહ્યું તો આપે ફર્માવ્યું, મારા પિતાએ મને એક હદીષ સંભળાવી કે اِنَّ لِمَكَّةَ كَبْشًا بِهٖ يَسْتَحِلُّ حُرْمَتُهَا فَمَا اُحِبُّ اَنْ اَكُوْنَ ذٰلِكَ الْكَبْشَ એક આખલો છે જેનાથી મક્કાની હુરમત હલાલ થઈ થશે (ઈજ્જત પાયમાલ થશે) તો હું એ આખલો બનવા નથી ઈચ્છતો.

## ★ ઈમામે પાકને ભય કા'બાની બેઈજ્જતીનો ★

હઝરત ઈમામે પાકને એ ખબર હતી કે મેં બયઅત નથી કરી એટલે મારા પર દરેક રીતે દબાણ કરવામાં આવશે, જો હું કા'બામાં રહીશ તો પણ યઝીદ દબાણ કરવાનું છોડશે નહીં. અને જો અમારે એના સૈન્ય સાથે લડવું પડશે તો એ લડાઈ નિઃશંક ! હરમે પાકમાં થશે, તો હરમની ઈજ્જત પાયમાલ થાય એનાથી ઉત્તમ એ છે કે હું અહીંયાથી બહાર થઈ જાઉં, પછી અલ્લાહને જે મંજૂર હશે તે થશે. એટલે આપે ઈરાક જવાનો ઈરાદો મુલતવી ન કર્યો. આ છે ઈમામે પાકની દીનદારી કે જે થવાનું હશે તે થશે પણ મારા નામથી હરમે પાકમાં ખૂનામરકી ન થવી જોઈએ, ખૂનામરકી તો બીજા કરશે પણ માત્ર નામ ઈમામે પાકનું આવશે. તો આપે એ પણ પસંદ ન કર્યું કે કોઈને હરમની ઈજ્જત પાયમાલ કરવાનો મોકો મળે અને નામ ઈમામે પાકનું ઉપયોગ કરે.

તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૧૩ માં છે :– હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ એ આ સફરથી રોકવા માટે જીદ કરી અને કહ્યું, આપ મસ્જિદે હરામમાં રહો હું આપની મદદ માટે લોકોને ભેગા કરી લઈશ. તો આપે ફર્માવ્યું કે એક વેંટ જેટલો હું આ મસ્જિદની બહાર કતલ કરવામાં આવું તો ખુદાની કસમ ! હું એને ઉત્તમ સમજું છું એનાથી કે એક વેંટ જેટલો મસ્જિદની અંદર કતલ કરવામાં આવું. ખુદાની કસમ ! હું કીડી મકોડીના કાણાંમાં સંતાઈ જઈશ તો લોકો મને ત્યાંથી પણ કાઢી લાવશે અને જે વર્તાવ મારી સાથે કરવા માંગશે તે કરશે.

કહેવાનો ભાવાર્થ એ છે કે જુલ્મ થવાનો જ છે અને હું યઝીદની બયઅત સ્વીકારવાનો જ નથી. તો પછી હરમે પાકમાં ધમાલ થાય એનાથી ઉત્તમ એ છે કે મારા માટે શરઈ કારણ બહાર જવાનું છે કે કૂફાના લોકોએ કોઈને ઈમામ સ્વીકાર્યો નથી અને તેઓ મારી ઈમામતની માંગ કરે છે તો હું એમના ધર્મના રક્ષણ માટે નીકળું, જો ધારવા મુજબ થશે તો અલ્લાહનો શુક્ર અને એ મકસદે પહોંચી નહીં શકાય તો મુસીબતોનો સામનો કરી સબ્ર કરી લઈશું, પણ યઝીદને માની લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.





मरदे हक्क बातिलसे खौफ खा सकता नहीं
सर कटा सकता हय लेकिन ! सर झुका सकता नहीं

## ★ હજ્જના દિવસોમાં સફર કેમ કર્યો ? ★

એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે ઈમામે આલી મુકામ ૩ ઝિલ હજ્જા હિજરી સન ૬૦ માં ઈરાકના સફરે મક્કાથી નીકળ્યા. હજ્જ માટે લોકો મક્કા આવી રહ્યા હતા અને આપ મક્કાથી જઈ રહ્યા હતા. આપને એટલી શી જલ્દી હતી કે આપે હજ્જ ન કરી અને સફરે જવા નીકળી પડયા ?!

**જવાબ** : ઈમામે પાક رضی اللہ عنہ એ આ પ્રશ્નનો જવાબ પોતે જ આપેલો છે, તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૧૪ માં છે : આપ જ્યારે સફર માટે રવાના થયા તો માર્ગમાં ફરઝદુક શાયરથી આપની મુલાકાત થઈ. એમણે પૂછયું, ફરઝંદે રસૂલ ! હજ્જના દિવસો તદ્દન નિકટ છે તો આટલી જલ્દી આપે શા માટે કરી કે હજ્જ પણ ન થઈ શકી ? ઈમામે પાકે જવાબ આપ્યો કે, જો હું આટલી જલ્દી ન કરતો તો ત્યાં જ પકડી લેવામાં આવતો. (એટલે કે હજ્જના દિવસો પહેલાં જ મારી ધરપકડ થઈ જતી, જેથી કરીને બહારના લોકો સાથે મારી મુલાકાત ન થાય અને મારી તરફદારીમાં ઓહાપોહ ન થાય. જ્યારે અહીં રહેવા પર હજ્જ કરવાનો મોકો મળવાનો જ ન હતો તો પછી ઉત્તમ એ છે કે હું પોતે જ અહીંયાથી બહાર જાઉં અને મારા મકસદે પહોંચું. એટલે આપ હજ્જના નિકટના દિવસોમાં મક્કા છોડીને ઈરાક માટે રવાના થયા.)

## ★ ઈબ્ને સઅદ સાથે સુલેહની વાત ★

તારીખુલ ખુલફા, ભાગ–૨, તેમજ તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૪૪ માં છે :– ઈમામે પાક અને ઈબ્ને સઅદે એક રાત્રીમાં વાતાઘાત કરી, તેમાં હઝરતે ઈમામે ત્રણ વાતોની રજૂઆત કરી :– **(૧)** જ્યાંથી હું આવ્યો છું મને પરત જવા દો. **(૨)** મને કોઈ સરહદી જગાએ લઈ જાવ હું ત્યાં રહીને સમય વિતાવી લઈશ. **(૩)** મને સીધો યઝીદ પાસે દમિશ્ક જવા દો. તમને શંકા ન રહે તેને માટે પાછળ પાછળ

ચાલી શકો છો. હું યઝીદ પાસે જઈને રૂબરૂમાં મારો મસ્અલો હલ કરી લઈશ જેમ કે મારા ભાઈ હઝરત હસને અમીર મુઆવિયા رضی اللہ عنہ થી હલ કર્યો હતો. સવાલ એ છે કે જ્યારે ઈમામે પાકને યઝીદ સાથે રૂબરૂ વાત કરવી હતો તો આપ પ્રથમ દમિશ્ક કેમ ચાલ્યા ગયા અને હવે જ્યારે ચારેબાજુથી ઘેરામાં લઈ લેવામાં આવ્યા તો સુલેહની વાત કરે છે ?

## ★ સુલેહની વાતનું કારણ ★

હઝરત ઈમામ પાક મક્કાથી ઈરાક આવવાના ન હતા જો એમના પર કૂફી લોકોના સતત પત્રો ન આવ્યા હોત, એમની એક એવી માંગ હતી જેનો સંપૂર્ણ સંબંધ આખેરત સાથે હતો એટલે ઈમામે પાક એમનું આમંત્રણ સ્વીકારી ઈરાક આવવા માટે નીકળ્યા. જ્યારે આપ નિકટમાં આવી ગયા અને લોકોએ સાથ છોડી આપ્યો તો હવે આપની પાસે તેઓની માંગનું કોઈ શરઈ કારણ ન રહ્યું એટલે આપે ફર્માવ્યું કે હું જ્યાંથી આવ્યો છું મને ત્યાં ચાલ્યો જવા દો. અને બીજી શર્ત એ રાખી કે જો તમને મારા પરત જવા પર ખતરો છે અથવા તમે મને પરત નહીં જવા દો તો પછી મને સરહદી જગાએ પહોંચાડી આપો જ્યાં અમારો કોઈની સાથે સંબંધ રહેશે નહીં અને અમે એકાંતમાં રહી પોતાનું જીવન વિતાવી લઈશું અને એમાં તમને કોઈ ખતરો નથી. અને ત્રીજી શરત એ રાખી કે હું યઝીદ પાસે દમિશ્ક જઈ રૂબરૂમાં જે વાત કરવાની હશે તે કરી લઈશ. પણ એ શરતો મંજૂર રાખવામાં આવી નહીં અને આપની સાથે યુધ્ધ કરી શહીદ કરી દેવામાં આવ્યા. સારાંશ એ કે ઈમામે પાકની વાત તદ્દન સીધી હતી અને સુલહનો માર્ગ જ્યારે નીકળે સારો છે એટલે આપે ઈરાકી લોકો પાસેથી શરઈ જવાબદારીનું કારણ ઉઠી જવાથી સુલેહના તરીકા પર પણ અમલ કરી લીધો, કોઈ એ ન કહી શકે કે ઈમામે પાકને સુલેહ કરવી જ ન હતી, ગેર શરઈ વાત પર સુલેહ ન કરવી હતી પણ શરઈ વાત પર સુલેહ કરવામાં આપને કોઈ વાંધો ન હતો.

## ★ સુલેહનો માર્ગ જ્યારે નીકળે ઉત્તમ છે ★

બીજાું એ કે હજી યઝીદની રૂબરૂ ક્યાં આવ્યા છે. હજી તો આપ





ઈરાકમાં પ્રવેશ્યા છે. અને યુધ્ધ કરવાનો કોઈ માર્ગ ન હતો કારણ કે આપ યુધ્ધ કરવા ન આવ્યા હતા, આપની પાસે સૈન્ય ન હતું. આપ તો પોતાના કુટુંબ કબીલાના અમુક લોકોને લઈને આવ્યા હતા. જો ઈરાકના લોકોએ સાથ આપ્યો હોત અને યુધ્ધ થયું હોત તો યોગ્ય કહી શકાય, પણ અહીં તો યુધ્ધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. એમણે ઈમામે પાકની કોઈ એક શરત મંજૂર કરી લેવી જોઈએ, પણ શું કરીશું ! લાલચનું બુરું થાય કે શિમર બદ્દબખ્તે ઈબ્ને ઝિયાદને સુલેહની વાત પર ધ્યાન ન આપવા દીધું. લડાઈ શરૂ ન થઈ હતી તે પહેલાં ઈમામે પાક તરફથી આ શરતો રાખવામાં આવી હતી. મુસલમાનની મુસલમાન સાથે લડાઈ હોય તો જ્યારે પણ સુલેહનો માર્ગ નીકળે સુલેહને ઉત્તમતા આપવામાં આવશે. અહીં તો લડાઈ શરૂ થતાં પહેલાં શરતો મૂકવામાં આવી હતી. એટલે આમ નથી કહી શકાતું કે આપે પહેલાંથી સુલેહનો માર્ગ કેમ ન કાઢયો, અને પહેલાં સુલેહ માટે કોઈ શરત કેમ ન લગાડી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَإِنْ طَائِفَتَانِ مِنَ الْمُؤْمِنِينَ اقْتَتَلُوا فَأَصْلِحُوا بَيْنَهُمَا فَإِنْ بَغَتْ
إِحْدَاهُمَا عَلَى الْأُخْرَىٰ فَقَاتِلُوا الَّتِي تَبْغِي حَتَّىٰ تَفِيءَ إِلَىٰ أَمْرِ اللَّهِ
فَإِنْ فَاءَتْ فَأَصْلِحُوا بَيْنَهُمَا بِالْعَدْلِ

"જો ઈમાનવાળાઓની બે જમાઅતો લડે તેમનામાં સુલેહ કરો !"

## ★ સુલેહની શરતોમાં યઝીદની બયઅતનો ઉલ્લેખ નથી ★

એક સવાલ એ ઉપસ્થિત કરવામાં આવે કે યુધ્ધની શરૂઆત પહેલાં ઈમામે હુસૈને એ શરત પણ રાખી હતી કે "મને યઝીદ પાસે જવા દો કે એની બયઅત કરી શકાય" તારીખુલ ખુલફા, ભાગ–૨, પેજ–૮૦ અને સાહિબે નિબ્રાસે પણ આ પ્રમાણે વાતનું વર્ણન કર્યું છે. જ્યારે વાત આ હતી તો પછી પ્રથમથી બયઅત કરી લેવામાં કેમ ન આવી ?!

**જવાબ** : ઈમામે પાક યઝીદની બયઅતની વાત કરે એ

સમજમાં આવી શકતી નથી, અને દરેક રિવાયતને માન્ય રાખી લેવામાં આવે એ પણ જરૂરી નથી. જો ઈમામે પાક ત્યાં જઈને કહે કે હું યઝીદની બયઅત એની પાસે જઈને કરી લઈશ, તો બયઅત માટે પાસે જવાની ક્યાં જરૂર હતી ? વકીલના હાથ પર બયઅત કરવું પણ તે અસલ વ્યક્તિની જ બયઅત છે. માત્ર એલાન કરવાનું હતું કે મેં યઝીદની બયઅત સ્વીકારી લીધી તો પણ કામ બની જાત. એટલે સ્પષ્ટ થયું કે બયઅતવાળી રિવાયત હાલતને સામે રાખીને સાચી નથી, એ એક જૂઠી રિવાયત છે. નિબ્રાસના હાશિયામાં છે કે સાહિબે નિબ્રાસની એ વાત પર હું વાકિફ ન થઈ શક્યો. (એટલે કે મને એ લખાણ બીજી જગાએ ન મળ્યું અથવા ઈમામે પાકની શાન જોતાં એ વાત સમજમાં આવી શકે એવી નથી.)

## ★ હું અને યઝીદની બયઅત ! ★

ઈમામે પાક رضی اللہ عنہ સામે જ્યારે યઝીદની બયઅતની વાત રાખવામાં આવી તો આપે ન સ્વીકારી અને મદીના છોડી આપ્યું, મક્કા આવ્યા અને ત્યાં પણ ઈન્કાર પર રહ્યા, અને એ વાતને લઈને મક્કા પણ છોડી આપ્યું, તો શું પછી ઈરાકમાં આવીને એ વાત સ્વીકારી લે ?!

અલ્‌બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૧૭૫માં ઈબ્ને કષીર વર્ણન કરે છે કે ઉકબા બિન સમઆને રિવાયત કરી કે મેં ઈમામ હુસૈનનો મક્કાથી લઈને શહાદત સુધી સાથ આપ્યો.

وَ اللّٰہِ مَامِنْ کَلِمَۃٍ قَالَھَافِیْ مَوْطِنٍ اِلَّاَقَدْسَمِعْتُھَاوَ اِنَّہٗ لَمْ یَسْئَلْ اَنْ یَذْھَبَ اِلٰی یَزِیْدَفَیَضَعُ یَدَہٗ فِی یَدِہٖ

"અલ્લાહની કસમ ! આપે જે પણ વાત જે પણ જગાએ કહી તો મેં એ સાંભળી આપે એ માંગ નથી કરી કે, યઝીદ પાસે જાય પછી એના હાથ પર હાથ રાખે."

અલ્‌બિદાયા વન્નિહાયા, ભાગ–૮ પેજ–૧૭૯, ઈમામે હુસૈને જ્યારે કરબલામાં યઝીદીઓ સાથે વાતાઘાત કરી તો યઝીદીઓ કહેવા લાગ્યા, તમે યઝીદની બયઅત કરો ! અને યઝીદની વાત માની લો ! તો આપે ફર્માવ્યું :–





اَلْوَاضِحُ اَنَّ عُمَرَو بْنَ سَعْدٍقَدْتَجَوَّزَفِی نَقْلِ کَلَامِ الْاِمَامِ الْحُسَیْنِ عَامِدًاالِغَرْضِ یَاْمَلُہٗ

"અલ્લાહની પનાહ ! હું મારા અને તમારા રબની પનાહ લઉં છું દરેક અભિમાનથી જે હિસાબના દિવસ પર ઈમાન રાખે."

ઝૈનબ, પેજ–૧૫૬, અલ્લામા શિબ્લી લખે છે કે ઈમામે હુસૈન رضی اللہ عنہ એ એ પણ ફર્માવ્યું કે હું અહલે બયતે નબુવ્વતો રિસાલતથી છું, યઝીદ એના લાયક નથી કે હું એની બયઅત કરું.

આ રિવાયતોથી સ્પષ્ટ થયું કે ઈમામે પાકે બયઅત કરી લેવાની વાત ક્યારે પણ કરી નથી અને શહાદત સુધી આપ એ વાત પર રહ્યા હતા. તો ખોટી રિવાયત પર ધ્યાન આપવામાં ન આવે. યઝીદ બયઅતના લાયક ન હતો, અને ઈમામે પાકે નથી બયઅત કરી અને નથી એ બયઅતની ઈચ્છા પ્રગટ કરી બલ્કે શહાદતનું જામ પીતા સુધી એ જ વાત પર હતા. જેમણે એ રિવાયત નકલ કરી તેમણે ઈબ્ને સઅદની વાત જે એણે ઈબ્ને ઝિયાદનો ક્રોધ ઓછો કરવા લખી હતી, તેને લોકોએ ઈમામે પાક તરફ સંબંધિત કરીને કહ્યું. એટલે આ પણ એક આક્ષેપ અને તોહમત થઈ શકે છે એનાથી પણ બચવું જોઈએ.

અલ્લામા શિબ્લી ઝૈનબ, પેજ–૧૮૪, પર લખે છે :–

اَلْوَاضِحُ اَنَّ عُمَرَو بْنَ سَعْدٍقَدْتَجَوَّزَفِی نَقْلِ کَلَامِ الْاِمَامِ الْحُسَیْنِ عَامِدًاالِغَرْضِ یَاْمَلُہٗ

"સ્પષ્ટ વાત એ છે કે અમ્ર બિન સઅદે ઈમામે પાકની વાતમાં પોતાનું મંતવ્ય રાખ્યું એક કારણને લઈને જેની એ ઈચ્છા ધરાવતો હતો કે ઈમામે પાક અને એમના મિત્રોના કત્લથી બચે." (ખુલાસો) (એટલે કે ઈમામે પાકનું ફર્માન કે હું યઝીદ પાસે જઈને મારા ભાઈ હસનના અમીર મુઆવિયાની સાથે સુલેહ માફક વાતાઘાત કરી લઈશ એટલે મને દમિશ્ક જઈને રૂબરૂ વાત કરવા દો, તો અમ્ર બિન સઅદે આ વાતને એ પ્રમાણે લખી જણાવ્યું કે તેઓ યઝીદ પાસે જઈને એના હાથ પર હાથ રાખશે એટલે કે બયઅત કરી લેશે. જ્યારે કે ઈમામે પાકના શબ્દોમાં એનો ઉલ્લેખ નથી.

## ★ હૂર ઈમામે પાકની સભામાં ★

હૂર બિન યઝીદ એક હજાર સિપાહીઓ લઈને ઈમામે પાકની પાછળ પાછળ રહ્યો અને આપને કરબલાના મેદાનમાં લઈ આવ્યો ત્યારે એ સત્તાનો નોકર હતો પણ જ્યારે યઝીદી સૈન્ય સામે હઝરત ઈમામે પાકે સુલેહની ત્રણ શરતો રાખી જેનો ઉલ્લેખ થઈ ગયો. જ્યારે એ સ્વીકારવામાં ન આવી તો હૂર બિન યઝીદ યઝીદી સૈન્યથી નીકળીને હઝરત ઈમામે પાકની ખિદમતમાં આવી ગયા અને પછી આપ હઝરત ઈમામના સૈન્ય તરફથી યઝીદીઓ સાથે લડીને શહીદ થઈ ગયા. એમના કહેવાનો મતલબ એ જ હતો કે નવાસએ રસૂલ જ્યારે પોતાના તરફથી એવી વાતો પેશ કરી રહ્યા છે જેનાથી યુધ્ધ કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી તો પછી તમે લોકો યુધ્ધની પાછળ કેમ પડેલા છો ?!

## ★ યઝીદીઓએ જુલ્મ જ કરવો હતો ★

હૂરની સમજમાં હઝરત ઈમામની વાત આવી ગઈ તો તેમણે યઝીદીઓને સમજાવવાની કોશિશ કરી કે તેઓ પણ સમજી જાય, પણ ન સમજ્યા અને માનવા તૈયાર ન થયા તો તેમણે એમનો સાથ છોડી આપ્યો અને ઈમામે પાકના મિત્રો અને ચાહકોના વુંદમાં આવી ગયા, એ પ્રમાણે જે સૈન્યના બીજા લોકો હતા તે પણ કરી શક્તા હતા. પણ સર્વને દુનિયાથી મતલબ હતો એટલે તેમને સુલેહ સારી લાગતી ન હતી. ખુલાસો એ કે એમણે જુલ્મ કરવો જ હતો અને કરીને રહ્યા, જેમના જુલ્મની તારીખ (ઈતિહાસ) કિયામત સુધી ભૂલવામાં નહીં આવે.

## ★ યઝીદ સંપૂર્ણપણે જવાબદાર ! ★

ઈમામે પાક તરફથી નથી ખિલાફતનો દા'વો થયો નથી આપે એ પ્રમાણે વાત કરી, આપનો મકસદ એ હતો કે લાયક વ્યક્તિને ખલીફા બનાવવામાં આવે અને યઝીદમાં એ લાયકાત નથી અને બીજા ઘણા કારણો છે જેને લઈને આપે બયઅત ન કરી, પણ યઝીદ જ્યારે માંગ કરી રહ્યો હતો કે એની બયઅત કરવામાં આવે તો સામાન્ય વ્યક્તિ ન કરે તો માન્યું, પણ ઈમામે આલી મુકામ જેવા બયઅતનો ઈન્કાર કરે તો





એણે ઈમામે પાક સાથે વાતાઘાત કરવી હતી. એ રૂબરૂમાં આવતો અથવા ઈમામે પાકને સંપૂર્ણ ભરોસો આપીને પોતાની રૂબરૂમાં બોલાવી વાત કરતો, પણ એમને સુલેહ કરવી જ ન હતી. અને વાતાઘાતથી કામ બનાવવું જ ન હતું એટલે એમણે કોઈ પણ કારણ માલૂમ કર્યા વિના બયઅત ! બયઅતની રટ લગાડી અને મસ્અલો બગડતો ગયો, જેથી આમાં યઝીદ મોટો જવાબદાર છે. જેઓ કહે છે કે યઝીદ તરફથી કોઈ હુકમ કતલનો આપવામાં નથી આવ્યો, એ મુખ્ય પ્રધાન ઈબ્ને ઝિયાદ અને શિમરની બદ્‌માશીને લઈને થયું હતું, તો એ યઝીદની ખોટી તરફદારી છે. યઝીદે જુલ્મ ન કરવો હતો તો એણે પોતાના તરફથી સુલેહનો માર્ગ કેમ ન કાઢયો ?! બયઅત ન કરવા પર એનાં કારણો બાબત વાત કેમ ન કરી ?! એટલે આ વિવાદમાં મોટો જવાબદાર યઝીદ જ છે અને જે કંઈ થયું તે યઝીદના કહેવા પર જ થયું છે. જો એણે ઈમામે પાકને કતલ કરવાનું ન કહ્યું હતું તો ઈબ્ને ઝિયાદની હિંમત ન હતી કે આમ કરે. અને એણે ઈમામે પાકને કતલ ન કરવા હતા તો એણે ઈબ્ને ઝિયાદને પ્રથમ એ હુકમ કેમ ન સંભળાવી આપ્યો કે ઈમામે પાક અહીં આવે તો એમને કતલ કરશો નહીં, એમની ધરપકડ કરી મારી પાસે મોકલી આપશો, મને જે યોગ્ય લાગશે તે હું મારી રૂબરૂમાં કરી લઈશ. અને એની મરજી કતલની ન હતી તો પછી જે લોકોએ એમને કતલ કર્યા એમના પર સખ્તી કેમ ન કરી ?! આ બધી દલીલો અને યઝીદના જવાબદાર હોવાના પુરાવા છે એનો પુરાવા સાથે ખુલાસો યઝીદની સત્તા અને ધાર્મિક ખરાબીઓના પ્રકરણમાં વર્ણવવામાં આવશે.

## ★ શુભેચ્છકો અને કુટુંબીઓ આપમેળે શહીદ થયા ★

**સવાલ** : અમુક લોકોનું કહેવું એવું પણ છે કે હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ના બયઅત ન કરવાને લઈને યઝીદ આપનો દુશ્મન હતો અને એના તરફથી જે કંઈ તકલીફો પહોંચાડવામાં આવી તો આપને જ પહોંચાડવામાં આવતી, પરંતુ આપના શુભેચ્છકો અને કુટુંબીઓને આપ સાથે લઈ ગયા એટલે આપની સાથે એમને પણ પહોંચાડવામાં આવી. ઈમામે પાકે ઈરાકના સફરે એકલા જવું જોઈતુ હતું ?

**જવાબ** : એ પ્રશ્ન ત્યારે ઉપસ્થિત થઈ શક્તો હતો જ્યારે માત્ર ઈરાકીઓના પત્રો પર ભરોસો કરીને આપ ત્યાં જવા માટે નીકળી જતા. પણ આપે એમની વાતો પર અથવા લખાણ પર ભરોસો ન કર્યો બલ્કે હઝરત મુસ્લિમ બિન અકીલને મોકલીને બયઅત કરાવી અને એમને હાલત સારી લાગી અને કોઈ ખતરા જેવું ન લાગ્યું ત્યારે એમણે પત્ર લખ્યો અને આપને આવવાનું આમંત્રણ આપ્યું. એટલે ખતરો સામે રાખીને નહીં હાલત હક્કની તરફદાર છે એ સમજીને સફર કરવામાં આવ્યો હતો એટલે આપે પોતાની સાથે સ્ત્રીઓ, બાળકો અને કુટુંબના યુવાનોને સાથે લીધા હતા.

**બીજું** એ કે આપ ત્યાં થોડા સમય માટે ન જઈ રહ્યા હતા બલ્કે આપે ત્યાં જઈને ઈમામત અને ખિલાફત કરવાની હતી, અને મક્કા અને મદીનામાં યઝીદની સત્તા હતી એટલે આપ પોતાની સાથે બધાંને લઈને ગયા.

**ત્રીજું** એ કે જ્યારે ઈમામે પાકના કાફલાને ઈરાકની સરહદમાં ઘેરી લેવામાં આવ્યો અને હાલત નાજુક બની ગઈ તો ઈમામે પાકે પોતાના તરફથી એલાન કર્યું હતું કે તમારામાંથી જેને જવું હોય તે જઈ શકે છે કારણ કે યઝીદીઓ મારા દુશ્મન છે, એમને તમારાથી મતલબ નથી. મને રોકશે તમને રોકશે નહીં, તો જેને જવું હતું તે ચાલ્યો ગયો અને જેમને રહેવું હતું તે પોતાની ઈચ્છાથી રહ્યા એટલે આ વાતની શંકા ઈમામે પાક પર થઈ શક્તી નથી. તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૫૦માં છે : હમ્દો ષના પછી હઝરત ઈમામે પાકે ફર્માવ્યું, સાંભળી લો ! હું યકીન રાખું છું કે આ દુશ્મનોના હાથે કાલે અમારી શહાદત છે. હું તમારા સર્વને ખુશીથી રજા આપું છું કે રાતનું અંધારું ફેલાઈ ગયું છે, એમાં જ્યાં તમારા લોકોનો જીવ ઈચ્છે ચાલ્યા જાવ ! મારા તરફથી તમારા પર કોઈ આક્ષેપ મૂકાશે નહીં. આ લોકો મારા કતલની પાછળ છે, જ્યારે મને કતલ કરી નાખશે તો પછી બીજા કોઈની તરફ ધ્યાન આપશે નહીં. (યઝીદની સત્તાને મોટો ખતરો ઈમામે પાકનો જ હતો કે જો આપ લોકોમાં ખિલાફતનું એલાન કરશે તો આપની લોકપ્રિયતાને લઈને જરૂરથી આપની બયઅત સંપૂર્ણ થશે, એટલે ઈમામે





પાકને આ માર્ગમાંથી હટાવ્યા પછી એવો કોઈ મોટો ખતરો બાકી રહેતો નથી.)

ઈમામે આલી મુકામની આ તકરીર સાંભળીને સૌ પ્રથમ હઝરત અબ્બાસ, પછી આપના બીજા ભાઈઓ, પુત્રો, ભત્રીજાઓ, ભાણ્યાઓએ એક જબાન થઈને કહ્યું, શું અમે એટલા માટે ચાલ્યા જઈએ કે આપ પછી જીવંત રહીએ ?! ખુદા અમને એવો બુરો દિવસ ન બતાવે.

આ રિવાયતથી સ્પષ્ટ થયું કે ઈમામે પાક એમને સાથે લઈ ગયા ત્યારની વાત અલગ હતી ત્યારે કોઈ ખતરો ન હતો, પણ જ્યારે ખતરો સામે આવી ગયો અને શહાદતનું યકીન થઈ ગયું તો હઝરત ઈમામે પાકએ એમને શહીદ થવાનું અને તકલીફો ઉઠાવવાનું ના ફર્માવ્યું બલ્કે એમને ચાલ્યા જવાનું કહ્યું, પણ કોઈ પરત થવા માટે તૈયાર ન થયું તો એ શહાદતમાં એમની પોતાની ઈચ્છા હતી એમાં હઝરત ઈમામે પાકની કોઈ સખ્તી ન હતી.

## ★ મજબૂર વ્યક્તિનો હુકમ અલગ હોય છે ★

મજબૂર માણસને શરીઅત તરફથી અમુક વાતોની મજબૂરીને લઈને છૂટ આપવામાં આવે છે. છૂટનો મલતબ એ હોય છે કે એ કામ કરી લેવા પર એની કોઈ શરઈ પકડ થતી નથી. જેમ કે કોઈ વ્યક્તિ એવી જગાએ છે કે એની પાસે ખાવાનું નથી અને એનો જીવ જતો રહેશે તો એવા સમયે હરામ હોય તો હરામ અને મુરદાર હોય તો તે પણ જાન બચી શકે એટલું ખાવાની રજા છે. એમાં એની શરઈ પકડ નથી. આમ જ કોઈ વ્યક્તિને દુશ્મને પોતાના કબ્જા હેઠળ લઈ લીધો અને એને એવા કામનો હુકમ આપ્યો કે એનાથી માણસ કાફિર થઈ જાય પણ જો જાન બચી શકે એમ નથી તો જાન બચાવવા એ કામની રજા છે, જો દિલમાં ઈમાન બાબત કોઈ ફરક ન આવે. તો પછી હઝરત ઈમામે પાકને પણ ખબર હતી કે ન માનવા પર તેઓ મને જાની અને માલી નુકસાન પહોંચાડશે. અને જ્યારે કરબલામાં દુશ્મનોનો સામનો થઈ ગયો તો એ વાતનું યકીન થઈ ગયું હતું તો પછી હઝરત ઈમામે પાકે થોડા સમય માટે પણ શબ્દોમાં બયઅતનો ઈકરાર કેમ ન કરી લીધો ?! જો આમ કર્યું હોત, તો શરીઅતમાં આપની પકડ ન થતી, કારણ કે

આપની લાચારી અને મજબૂરીનો સર્વને ઈલ્મ હતો, તો બયઅતની વાત માન્ય ન રાખવી આત્મ હત્યા સમાન છે !

## ★ આત્મહત્યા નથી શહાદત છે ! ★

ખાવા અને પીવાની જે મજબૂરીઓ છે તે અલગ વાત છે, એમાં માણસને એ યકીન છે કે ખાવા નથી તો મુરદાર અને કતઈ હરામ ખાવા જાન તો બચાવી શકે છે, પીવામાં જાન બચાવવી હોય તો હરામ પણ જાન બચાવી શકે છે. એટલે માણસની જાન જતી હોય તો એ કામ કરવું એના માટે જરૂરી છે. જો નહીં કરે અને મરી જશે તો ગુનેહગાર ઠરશે. પરંતુ ધર્મ (ઈમાન)ની વાત એનાથી અલગ છે. એમાં બે ભાગ છે : રજા અને ઉત્તમતા. રજા એ કે જાન પર આવી બને અથવા શરીરમાં મોટું નુકસાન પહોંચાડવામાં આવે, તો હરામ અને કુફ્રનું કામ પણ મોઢાથી અથવા ઈશારાથી કરી શકાય છે. પણ જો એ ન કરે અને એમાં એની જાન ચાલી જાય તો એને શહીદ કહેવામાં આવશે. કારણ કે એને ઉત્તમતા પર અમલ કર્યો છે. (ખુલાસો ફતાવા આલમગીરી અને દુર્રેમુખ્તાર) ઈમામે પાકનો મસ્અલો ધર્મ સંબંધિત હતો, અને યઝીદની સત્તામાં જુલ્મ હતો, મુસલમાનોનો હક્ક લઈ લેવામાં આવ્યો હતો, અને ઈમામે પાકની માંગ પોતાના અને મુસલમાનોના હક્કની હતી એનાથી વિરૂધ્ધ કરવામાં આવ્યું હતું. બીજું એ કે યઝીદની હાલતો એવી ન હતી કે મુસલમાનોનો એને અમીર માની લેવામાં આવે, જે યઝીદના પ્રકરણમાં તમને જાણવા મળશે. તો એવા વ્યક્તિને અમીર માની લેવામાં ઈસ્લામી શરીઅત પર અમલ છૂટી જાય છે, લોકો બેરાહ બની જાય છે, ધાર્મિક પકડ જતી રહી છે, દુનિયા પરસ્તીનું બજાર ગરમ થઈ જાય છે. પબ્લિક માટે મોટો આધાર એમનો અમીર અને રાજા છે, જો એ ધર્મચુસ્ત હોય તો પબ્લિકને પણ ચુસ્ત બનાવી શકે છે અને એ ધર્મ ચુસ્ત ન હોય તો પબ્લિકને પણ આવારા બનાવી શકે છે, એટલે ઈમામે પાકનું બયઅત ન કરવું ધર્મને અને મુસલમાનોના હક્કને લક્ષમાં રાખીને હતું એટલે મજબૂરીના સમય આપને માની લેવાની રજા હતી, પણ આપનું ન માનવું અને બયઅત ન કરવી ધર્મ સંબંધિત હોવાને લઈને આપના માટે ઉત્તમ હતું, આપે રજા પર નહીં ઉત્તમતા પર અમલ કર્યો, અને એ અમલના આધારે આપને





કતલ કરવામાં આવ્યા એટલે આપ શહીદ છે. અને આપની તરફદારીમાં જે લોકોને કતલ કરવામાં આવ્યા તે પણ શહીદ છે. અને એ સમયમાં જેમણે રાજાની ધમકીને લઈને જાન બચાવવા માટે બયઅત કરી લીધી અને ચુપ રહ્યા જો તેઓ પોતાના દિલથી પણ એ કામને નાપસંદ રાખતા હતા તો એમણે રજા પર અમલ કર્યો એટલે તેઓ શરઈ જવાબદાર નથી. ખુલાસો એ કે ઈમામે પાક માટે બે માર્ગ હતા, રજા પર અમલ કરી બયઅત કરી લે અને જાન બચાવે અથવા હક્ક પર રહી જાન આપી દે. તો આપે જાન આપવા પર અમલ કર્યો, પણ શરીઅતની હકતલફી પસંદ ન કરી એટલે આપ શહીદ છે.

દુર્રે મુખ્તારમાં છે : કોઈ મુસ્લિમ અથવા ઝિમ્મીના માલને નષ્ટ કરવા પર મજબૂર કરવામાં આવ્યો અને ધમકી કતલની અથવા બદનનો કોઈ ભાગ કાપી કાઢવાની છે, તો નષ્ટ કરવાની એના માટે રજા છે, અને એણે નષ્ટ ન કર્યું અને એની સાથે એ કરવામાં આવ્યું જેની ધમકી આપવામાં આવી હતી તો એ સવાબનો હક્કદાર છે. (માત્ર દુનિયાના હક્કમાં નષ્ટ કરવામાં ન આવે તો સવાબ છે અને મૌત શહાદત છે તો પછી ધાર્મિક હક્ક નષ્ટ કરવામાં ન આવે અને ધર્મને ખરાબીઓથી પાક રાખવામાં આવે અને એના માટે કતલ કરવામાં આવે તો એને શહાદત કેમ કહેવામાં ન આવે.)

## ★ સત્તાની નજર ઈમામે પાક પર ★

અમુક લોકોનાં દિમાગમાં એ પ્રશ્ન પણ ઉપસ્થિત થઈ શકે છે કે ઈમામે પાક બયઅત ન કરતા અને ચૂપ રહેતા તો પણ કામ બની જતું અને આટલું કરૂણ પરિણામ ન આવતું, તો પછી ઈમામે પાકે આમ કેમ ન કર્યું ?!

**જવાબ :** ઈમામે પાક رضی اللہ عنہ ની વાત અલગ છે આપ નામચીન અને લોકપ્રિય હતા, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઔલાદ હોવાને લઈને દરેકના દિલનો અવાજ આપ હતા, એટલે હુકૂમત અને સત્તાની નજરમાં આપ હતા, નામ લઈને આપની બયઅત લેવાનું કહેવામાં આવ્યું હતું એટલે ચૂપ રહીને કામ બની શક્તું ન હતું. જો કોઈ સામાન્ય વ્યક્તિ

માટે એ વિચારવામાં આવે તો યોગ્ય છે પણ ઈમામે પાક માટે આ શંકાને કોઈ સ્થાન નથી. તારીખે તબરી વગેરેમાં છે કે ગવર્નરને ત્રણ વ્યક્તિની બયઅત માટે ભાર આપીને કહેવામાં આવ્યું હતું : હઝરત હુસૈન બિન અલી, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર, અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن. એટલે ચુપ રહીને કામ બની શકે એમ ન હતું. બયઅતનું પૂછવા પર એમણે ઈન્કાર કરવો કે મોહલત માંગવી જરૂરી હતું. અને એ વાતને લઈને આપ મદીના છોડી મક્કા આવ્યા અને મક્કાથી પછી ઈરાકના સફરે ગયા.

## ★ વતનમાં સલામત નથી તો પરદેશમાં કેવી રીતે ? ★

મક્કા અને મદીના આપના માટે વતન છે, જ્યારે આપ વતનમાં સલામત ન હતા, તો પછી પરદેશ જઈને એ વાતની ઉમ્મીદ કેવી રીતે કાયમ કરી શકાય છે, એટલે ઈમામે પાકે ત્યાં ન જવું જોઈતું હતું ?

**જવાબ** : એના જવાબોનું વર્ણન થઈ ગયું અને એના પર અમે સવાનેહે કરબલામાંથી પણ એક જવાબ રજૂ કર્યો જે મુફસ્સિરે આ'ઝમ હઝરત નઈમુદ્દીન મુરાદાબાદી رضی اللہ عنہ તરફથી ઈમામે પાક رضی اللہ عنہ ની ફિકહી શાન જાહેર કરવા માટે હતો કે ઈમામે પાકે જે કંઈ કર્યુ છે તે શરીઅતના વર્તુળમાં રહીને કર્યું છે.

**બીજું** એ કે જ્યારે એ વાતનું યકીન અથવા સશક્ત અનુમાન થઈ જાય કે ત્યાં લોકો આપમેળે ઈમામે પાકની ખિલાફતની માંગ કરે છે અને તેઓ દરેક પ્રકારની મદદ કરવા માટે તૈયાર છે, તો પછી દીનને નુકસાન પહોંચાડનાર અમીરને ઉઠલાવવા એમની મદદ લઈ શકાય છે. એટલે આપ ત્યાં એ પાક ઈરાદાને લઈને ગયા હતા પણ વાતાવરણ બદલાય ગયું અને કોઈએ સાથ ન આપ્યો. તો તેનો જવાબદાર મદદનો વાયદો કરનાર છે. ઈમામે પાકની નિય્યત સત્યની મદદની હતી આપને આપની નિય્યતનો બદલો મળી ગયો.

**ત્રીજું** એ કે ઈમામે પાક رضی اللہ عنہ યઝીદની બયઅત કરવાના જ ન હતા અને ખબર હતી કે ઈન્કાર પર મસ્અલો ગંભીર થવાનો છે, તો





જાન બચાવવા જાહેરી ઉપાયો કરવા જોઈએ પછી અલ્લાહની મરજી. તો આપે મદીના છોડયું મક્કા આવ્યા. મક્કામાં એ જ ભય સામે આવ્યો (જેનો ઉલ્લેખ થઈ ગયો) તો પછી આપે જાહેરી ઉપાય ત્યાંથી ખસવાનો કર્યો અને જેમણે પોતાના તરફથી ઈમામે પાકની સંપૂર્ણ મદદ કરવાનું કહ્યું. ત્યાં જવા માટે આપ નીકળી ગયા. તો આ જાન બચાવવાના અને હક્કની તરફદારીનાં જાહેરી કારણો હતાં, તે આપે કર્યા. પછી અલ્લાહની મરજી કે આપની શહાદત કરબલાના મેદાનમાં લખાઈ હતી અને આપ ત્યાં આવીને શહીદ થયા.

**ચોથું** એ કે આપની શહાદતની જગાની નામ સાથે ખબર આપી દેવામાં આવી હતી પણ એ નિશ્ચિત ન હતું એ કે બનાવ ક્યારે બનશે. એટલે આપ માટે આપમેળે નવા નવા કારણો ઉપસ્થિત થતાં રહ્યાં અને અંતે આપ પોતાની શહાદતની જગાએ પહોંચી ગયા અને આપને શહીદે આ'ઝમ હોવાની ઈજ્જત પ્રાપ્ત થઈ ગઈ.

મિલ્લતે ઈસ્લામ કો મિલતા હય એક દરસે હયાત
કૈસે ભૂલેં હમ તેરા યવમે શહાદત અય હુસૈન !

**નોંધ** : અલહમ્દુલિલ્લાહ ! ઈમામે પાક رضی اللہ عنہ ને શહાદત સુધી પહોંચાડવામાં જે કંઈ જાહેરી શંકાઓ હતી તેને ઈસ્લામી આધારભૂત કિતાબોના પુરાવાઓથી અમે દૂર કરી. અલ્લાહ તઆલા ઈમામે પાક رضی اللہ عنہ ના હક્કમાં અમારી આ કોશિશ સફળ બનાવે, અને એને નજાતનું કારણ બનાવે.

હાલ મેરા કુછ ભી હો મેરા અકીદા હય યહીં
બખ્શાએગી મુઝે તેરી મહબ્બત અય હુસૈન !

## ★ ઈમામે પાકથી શીખો ★

હઝરતે ઈમામ હુસૈન رضی اللہ عنہ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસા અને આપના પુત્ર છે જેમને નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખોળામાં રહેવાનો, આપનો પ્યાર પામવાનો અને આપથી દીન શીખવાનો મોકો મળ્યો. આપ શરીઅતના અને સુન્નતે રસૂલના કેટલા પાબંદ હતા કે

શરીઅત વિરૂધ્ધ કોઈ એકને પણ કબૂલી શક્તા ન હતા. જેનો પુરાવો યઝીદની બયઅત ન કરવી અને એ માર્ગમાં પોતાની અને પોતાનાં કુટુંબીઓની જાન સુધ્ધાં આપી શહાદત પ્રાપ્ત કરવી છે.

## ★ દીનદાર જ દોસ્ત ! ★

જે ઈમામ શરીઅતમાં કમજોર પડનાર વ્યક્તિને ન સ્વીકારે અને એ માર્ગમાં આવતી સઘળી તકલીફોને સબ્રથી કબૂલી લે તે પોતે દીનમાં અશક્ત કેવી રીતે થઈ શકે છે ? એ પણ સશક્ત પુરાવો છે આપના દીનદાર અને પરહેઝગાર હોવા પર, જેનો ઈન્કાર નથી થઈ શક્તો.

## ★ દુશ્મનની ગવાહી ★

યઝીદીઓએ અને ખારજીઓએ આપની શહાદતના માર્ગમાં ગમે તે કહ્યું પણ જ્યાં સુધી આપના દીનદાર અને પરહેઝગાર હોવાનો સવાલ છે તો એ બાબત કોઈની ગલત ચર્ચા વાંચવા અને સાંભળવા નથી મળતી. એ પણ એક સશક્ત પુરાવો છે આપના દીનદાર હોવા પર કે દુશ્મન જેમની કોઈ ગલત ગવાહી ન આપી શક્યા.

**બોધ** : આપના આ કામોથી આપણને એ શીખવા મળ્યું કે **આપણે દીનદાર અને પરહેઝગાર રહેવું જોઈએ અને દીનને બચાવવા દીનદાર લોકોનો જ સાથ સહકાર આપવો જોઈએ, ગલત અને ખોટા વ્યક્તિને ધર્મનાં નામ પર કબૂલવો ન જોઈએ.** જીવવું હોય તો અલ્લાહના નામ પર અને એના દીનના કામ પર અને મરવું હોય તો એના જ માર્ગમાં દીન અને ધર્મને બચાવવા જરૂરતથી અધિક કોશિશો કરવી અને સંપૂર્ણપણે અલ્લાહની જાત પર ભરોસો રાખવો. દીનના માર્ગમાં તકલીફો આવે છે, પણ મુસલમાનનું કામ અલ્લાહની ખુશીમાં ખુશ રહેવું છે.

## ★ નમાઝની પાબંદી ★

હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ઈરાક તરફ જઈ રહ્યા હતા ત્યારે નમાઝના સમયે મેદાનોમાં અને ખુલ્લા આકાશ નીચે ગરમ ગરમ જમીનો પર જમાત સાથે નમાઝ અદા કરવામાં આવતી હતી. જે ઈમામ





મેદાનોમાં પણ અને કષ્ટદાયક મુસાફરીમાં પણ નમાઝો જમાઅતો સાથે પઢે તેઓ ઘરે રહીને ગેરમુસાફરીની હાલતમાં કેવી નમાઝો પઢતા હશે !

## ★ ઈમામે પાકનો ખુત્બો ★

તારીખે કામિલ, ભાગ–૪, પેજ–૪૮ માં છે : હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ એ ફર્માવ્યું, અય લોકો ! બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે વ્યક્તિ કોઈ જાલિમ રાજાને જુએ કે એણે અલ્લાહની હરામ કરેલ વસ્તુઓને હલાલ કરી, અલ્લાહનો વાયદો તોડી નાખ્યો, સુન્નતે રસૂલની વિરુધ્ધ જઈ રહ્યો છે અને અલ્લાહના બંદાઓ સાથે જુલ્મ અને દુશ્મનીનો વર્તાવ કરી રહ્યો છે, અને જોવાવાળો એને વાતથી કામથી બદલે નહીં તો અલ્લાહને એ હક્ક છે કે દોઝખમાં એની (રાજાની) જગાએ એને (વિરૂધ્ધ ન ઉઠાવનારને) દાખલ કરે.

اَلَاوَاِنَّ هٰؤُلَاۤءِ قَدْلَزِمُوْ اطَاعَةَ الشَّيْطَانِ وَتَرَكُوْ اطَاعَةَ الرَّحْمٰنِ
وَاَظْهَرُوْ االْفَسَادَوَعَطَّلُوْ االْحُدُوْدَوَاسْتَاْثَرُوْ ابِالْفَيْءِ وَاَحَلُّوْ اَحَرَامَ
اللّٰهِ وَحَرَّمُوْ احَلَالَهٗ وَاَنَااَحَقُّ مِنْ غَيْرِ

"હું ચેતવણી આપું છું કે આ લોકોએ શૈતાનના માર્ગે ચાલવાનું જરૂરી કરી લીધું છે, અલ્લાહના ફર્માન પર ચાલવાનું છોડી દીધું છે. ફિત્નો ફસાદ કરવા લાગ્યા, અલ્લાહની હદોને ઓળંગી ગયા, માલે ગનીમતમાં ભાગ વધારે લીધો, અલ્લાહની હરામ કરેલીને હલાલ અને હલાલને હરામ કર્યુ એટલે બીજા લોકોથી વધીને વિરોધ કરવાનો હક્ક મને પહોંચે છે."

## ★ તમે અમલમાં હુસૈની છો ?! ★

ઈમામે પાક رضی اللہ عنہ ના ફર્માનથી સ્પષ્ટ થયું કે આપ પોતે દીનના પાબંદ હતા અને દીન અને ધર્મના નામ પર કોઈ ખરાબ વ્યક્તિને સ્વીકારી શક્તા ન હતા, આપે બયઅત એટલા માટે ન કરી કે **યઝીદ પોતાની ખરાબીઓને લઈને દીની પેશ્વા અને આગેવાન બનવાના લાયક ન હતો એટલે આપે એને ન સ્વીકાર્યો**, તો હવે આપણે પોતે એ વિચારવાનું છે કે આપણા ઈમામ આપણા દિલોની

ધડ્કન આપણા સત્ય અકીદા અને માન્યતાની બુન્યાદ પોતે પરહેઝગાર છે અને પરહેઝગારને જ પોતાની બારગાહમાં સ્વીકારે છે **તો પછી આપણે નમાઝ ન પઢીએ, સુન્નત પર ન ચાલીએ, અને હરામ કામોમાં વ્યસ્ત રહીએ અને પછી હુસૈની ઝંડો ઉઠાવીને ચાલીએ તો શું ઈમામે પાક આપણને કબૂલી લેશે ?** આપણે હુસૈની ઝંડાની નીચે છે તો પછી આપણા કામો પણ હુસૈની વર્તુળમાં હોવાં જોઈએ. **નમાઝો છોડવી, સુન્નત પર અમલ ન કરવો અને હરામમાં વ્યસ્ત રહેવું ઈમામે પાક** رضی اللہ عنہ **ના ફર્માન મુજબ યઝીદી લોકોનાં કામો હતાં તો પછી આપણે અમલમાં યઝીદવાળી કોઈ ઓળખ ન આપવી જોઈએ. દા'વો હુસૈનની મહબ્બતનો અને કામ યઝીદની ઈચ્છાના ! શું આ સત્ય મહબ્બત છે ?!** આપણે સત્ય મહબ્બત સિદ્ધ કરવા શું કરવું જોઈએ ? શું એમના ગમમાં રડવું જોઈએ, માતમ કરવી જોઈએ કે પછી અમલ કરવો જોઈએ ? રડવું અને માતમ કરવી એની રજા તો આપણને આપવામાં આવી નથી ! તો નિ:શંક ! અમલ કરીને અહલે બયતની સત્ય મહબ્બત સિદ્ધ કરવી જોઈએ. જો કોઈ સારા વ્યક્તિની મહબ્બતથી દિલને આબાદ કરીને આપણામાં દીનદારી ન આવે તો એ પણ આપણી મહબ્બતનું નુકસાન છે. *(મુકાશિફતુલ કોલૂબ)*

## ★ સત્ય મહબ્બતની કસોટી ★

لَوْ كَانَ حُبُّكَ صَادِقًا لَاَطَعْتَهٗ – اِنَّ الْمُحِبَّ لِمَنْ يُّحِبُّ مُطِيْعٌ

જો તમારી મહબ્બત સત્ય હોતી તો તમે જરૂર એમના હુકમનું પાલન કરતા, કારણ કે મહબ્બતનો દા'વો કરનાર મહબૂબના હુકમનું પાલન કરનાર હોય છે. આ શાયરી હઝરત રાબિઆ رضی اللہ عنہا ની છે જેમણે સત્ય મહબ્બતનો મતલબ સમજાવવા પોતાના તરફથી આપણને ઈનામ આપ્યું છે. મહબૂબના ફર્માન પર અમલ એની સાથેની મહબ્બતની સત્ય ઓળખની કસોટી છે. તો આપણે શોખથી ઈમામે હુસૈનના ઝંડા નીચે રહેવું જોઈએ, પણ ઝંડા નીચે રહેવાના લાયક પણ બનવું જોઈએ. વર્તમાનકાળમાં યઝીદના માનવાવાળાઓ પણ પેદા થઈ





ગયા છે, જેઓ પોતાને 'અહલે હદીષ' અને શું શું કહે છે ! તેઓ જ્યારે આપણને અમલથી કોરા અને ઈસ્લામની તા'લીમાતથી દૂર જોશે તો માત્ર આપણું નામ લઈને બુરાઈ કરશે તો માત્ર એ આપણી બુરાઈ હશે આપણે એનો પણ મોકો ન આપવો જોઈએ. પણ આજના ગુસ્તાખ બદ્અકીદા લોકો આપણું નામ લઈને બરાઈ નથી કરતા પણ આપણે જેમની અકીદતનું એલાન કરીએ એમનું નામ લઈને બુરાઈ કરે છે. એટલે આપણે મહબ્બતમાં નામ ઉપયોગ કરીએ તો અમલમાં એમની સીરત પણ ઉપયોગમાં લાવીએ. અને નમાઝ આપણાથી ક્યારે પણ છૂટવી ન જોઈએ, કઝા તો થવી જ ન જોઈએ બલ્કે આપણે જમાઅત સાથે મસ્જિદમાં નમાઝ અદા કરવી જોઈએ. કારણ કે હઝરત ઈમામે પાક મુસાફરીમાં પણ જમાઅત સાથે નમાઝો અદા ફર્માવતા હતા. જ્યારે આપને શહીદ કરવામાં આવી રહ્યા હતા ત્યારે જુમ્આનો દિવસ હતો અને શહાદત સમયે નમાઝે જુમ્આનો સમય હતો ત્યારે પણ આપની અંતિમ ઈચ્છા નમાઝની જ હતી.

## ★ સબ્ર અને સહનશીલતા ★

હઝરત ઈમામે પાક رضی اللہ عنہ સબ્ર કરનાર સહનશીલ હતા, અલ્લાહ તઆલાની જાત પર આપને સંપૂર્ણ ભરોસો હતો. તકલીફ અને મુસીબતને પણ અલ્લાહ તઆલા તરફથી જ સમજી એના પર શિકાયત અને ફરિયાદ ન કરતા હતા. મેદાને કરબલામાં આપ પર કેવી કેવી તકલીફો અને મુસીબતો આવી પણ, નથી નાશુક્રીનો કોઈ શબ્દ મોઢા પર આવ્યો કે નથી આપે પોતાના મુખથી કોઈ ફરિયાદ કરી, ઘરવાળાઓમાંથી કોઈના રડવાનો અવાજ આવતો તો આપ એને પણ ચૂપ કરી સબ્રની તા'લીમ આપતા હતા. જ્યારે આપે પોતે મેદાનમાં પહોંચ્યા તે સમયે પણ ઘરના સર્વને આપે સબ્રની તા'લીમ આપી અને સબ્ર સાથે રહેવાની તાકીદ કરી. અને એ સમયે પણ કોઈના મુખે શિકાયત ન આવવા દીધી. એનાથી એ સ્પષ્ટ થયું કે દરેક ફૈંસલો અલ્લાહ તઆલાનો છે, કોશિશ આપણે કરીએ પણ ભરોસો અલ્લાહ તઆલાની જાત પર રાખવો.

## ★ આપણી હાલત ★

વર્તમાનકાળમાં આપણી હાલત એ છે કે દીન અને ધર્મ તરફ આપણુ ધ્યાન ઓછું છે. આપણે દુનિયામાં રહીને દુનિયાના જ બનીને રહીએ છીએ, આરામ અને રાહત મળે તો આપણે ખાય પીને અમન ચમનમાં પડી જઈએ, નમાઝની વાત જ ન હીં ! ફજરમાં તો ઉઠવું જ કોને છે ! સમયસર નમાઝનો ખયાલ જ કોને છે ! માત્ર જીભથી અલહમ્દુલિલ્લાહ ! કહી આપવાનું કે સઘળા હુકમો પર અમલ થઈ ગયો અને સમજી લેવાનું આપણે અલ્લાહના શુક્રગુજાર બંદા છીએ !

તકલીફ અને મુસીબતની તો વાત પણ ન ભાવે ! અને આવી પડે તો સબ્ર કેવી કરવાની, શિકાયત અને ફરિયાદનું વાતાવરણ ગરમ થાય અને કહે મારાથી શું ગુનોહ થયો હશે કે મને આ તકલીફ આપવામાં આવી ! નમાઝ ન પઢીએ, અને નાજાઈઝ કામો કરીએ તથા બહેનો બેપર્દા રહે, તેને તો શાયદ ગુનોહ સમજતા પણ ન હોય ! બેપદર્ગી અપનાવનારને તથા અને નમાઝ છોડનાર વ્યક્તિને કોઈ વર્તમાનકાળ માં ખરાબ સમજતો નથી જ્યારે કે એનાથી વધીને મુસલમાનોમાં બીજો કોઈ ખરાબ ન કહેવાય. સારાંશ એ કે નથી આપણે શુક્રમાં સંપૂર્ણ કે નથી આપણી પાસે સબ્રનું કામ, આપણે અકીદત અને મહબ્બતનો દાવો લઈને હઝરત ઈમામે પાકના ઝંડા નીચે છીએ, તો પછી આપણે અમલથી પણ ઝંડા નીચે રહેવાને લાયક બનવું જોઈએ. એટલે આપણે અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરીને શુક્ર અદા કરવો જોઈએ અને તકલીફો તથા મુસીબતોને પણ અલ્લાહ તઆલા તરફથી સમજીને સબ્રથી કામ લેવું જોઈએ. હઝરત ઈમામ પાકે પોતાના અમલ વડે આપણને આ બંને વાતોની અમલી તા'લીમ આપી છે.

## ★ અલ્લાહ માટે જ મહબ્બત અને દુશ્મની ★

અતિ પ્રિય અને ઉત્તમ અમલ અલ્લાહ તઆલા માટે મહબ્બત અને એના માટે જ દુશ્મની છે, એટલે જ અલ્લાહનો બનીને રહે એને પ્રિય રાખવો, અને જે અલ્લાહનો બનીને ન રહે, ખુલ્લે આમ એના હુકમની નાફર્માની કરે એવા લોકોને પ્રિય રાખવા નહીં. કરબલાના





મેદાનમાં પહોંચવામાં જે કારણો છે તે એ જ કે યઝીદ દીનદાર પરહેઝગાર હોત તો એને કબૂલી લેવામાં ઈમામે પાકને કોઈ વાંધો ન હતો, પણ યઝીદ પાસે એ વાત ન હતી તો આપે એને પસંદ કર્યો નહીં, અને બયઅત ન કરી, તકલીફો વેઠી બતાવી દીધું કે અમારી મહબ્બતનું મૂળ દુનિયા કે એનું રાજપાટ નથી, અમારી મહબ્બતની બુન્યાદ અલ્લાહ તઆલાની જાત છે, જે અલ્લાહનો બનીને રહે તે અમને પ્રિય અને જે અલ્લાહનો નહીં તે અમારો નહીં.

## ★ આપણી મહબ્બતનો આધાર ★

આ હતી હઝરત ઈમામે પાક رضی اللہ عنہ નો અમલ અને અમલ થકી આપણી તા'લીમ. પણ આપણે આપણી મહબ્બતોનો આધાર જોવા જઈએ તો વર્તમાનકાળમાં એ દીન, ધર્મ અને અલ્લાહ, રસૂલ નથી બલ્કે આપણી હા ! માં હા ! કોણ મેળવે, આપણું કામ કોણ કરે, આપણા વખાણ કોણ કરે, દુનિયામાં ધનવાન કોણ, કોની પહોંચ કેટલી વધારે, ખુલાસો એ કે દરેક કામમાં આપણી નજર આપણા ફાયદા અને આપણી તકલીફોની દૂરીમાં છે. જ્યારે કે આપણે હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ના ઝંડા નીચે છીએ તો આપણે આપણા અમલોથી ઈમામે પાક رضی اللہ عنہ ની સીરતને જીવંત કરવી જોઈએ.

मिल्लते ईस्लाम को मिलती हय एक दरसे हयात
कैसे भूलें हम तेरा यवमे शहादत अय हुसैन !

અલ્લાહ તઆલા આપણને અમલ કરવાની તૌફીક અતા ફર્માવે, દુનિયામાં એમની મહબ્બતના ઝંડા નીચે છીએ અને આખેરતમાં એમની શફાઅતના ઝંડા નીચે જગા અતા ફર્માવે. (આમીન)

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ : ૫)

# યઝીદની સત્તા અને ધાર્મિક ખરાબીઓ

اَلْحَمْدُلِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ وَ الصَّلٰوۃُ وَ السَّلَامُ عَلٰی سَیِّدِ الْمُرْسَلِیْنَ وَ عَلٰی اٰلِہٖ وَ اَصْحَابِہٖ اَجْمَعِیْنَ اَمَّابَعْدُفَاَعُوْذُبِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ - بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ - فَھَلْ عَسَیْتُمْ اِنْ تَوَلَّیْتُمْ اَنْ تُفْسِدُوْ افِی الْاَرْضِ وَ تُقَطِّعُوْ ا اَرْحَامَکُمْ اُوْلٰئِکَ الَّذِیْنَ لَعَنَھُمُ اللّٰہُ فَاَصَمَّھُمْ وَ اَعْمٰی اَبْصَارَھُمْ صَدَقَ اللّٰہُ الْعَظِیْمُ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا رَسُولَ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! આપણે આશૂરાની ફઝીલત, શહીદોની બરઝખી હયાત, અને હસનૈન કરીમૈનની વિશેષતાના પ્રકરણોથી ભરપૂર ફાયદો પ્રાપ્ત કર્યો. આજે હું તમારી ખિદમતમાં ''યઝીદની સત્તા અને ધાર્મિક ખરાબીઓ''ના નામથી પ્રકરણ રજુ કરું છું. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને આપણા સર્વને એની ઉપર અમલની તૌફીક અતા ફર્માવે, અહલે સુન્નતમાં રાખે, એમાં જ મૌત આપે અને એમનામાં આપણો હશ્ર થાય. *(આમીન)*





## ★ યઝીદ સુધીની ખિલાફતની મુદ્દત ★

હું તમને એ તો બતાવી ચૂક્યો કે સૌ પ્રથમ મુસલમાનોમાં અકીદા અને માન્યતાના આધારે બે ફિર્કા પડયા તેમાંથી એક શીઆ અને બીજા અહલે સુન્નત વલ જમાઅત છે. શીઆનો ફિર્કો માન્યતાના આધારે એટલો ખરાબ છે કે એમનાથી વધીને મુસ્લિમ નામના આધારે બીજો કોઈ ફિર્કો નહીં હોય. તેઓની માન્યતામાં ધર્મ પણ દુનિયાના માલ જેવો એક વારસો છે જેની વારસદારોમાં વહેંચણી કરવામાં આવે છે, એટલે તેઓ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના દુનિયાથી પરદો ફર્માવ્યા બાદ પ્રથમ ખલીફા તરીકે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને માને છે અને એમની પહેલાંના ત્રણ ખલીફાની ખિલાફતનો અસ્વીકાર જ નહીં બલ્કે એમની શાનમાં કુફ્રની વાતો બોલે છે, સહાબાની બુરાઈ તો એમના ધર્મનું મૂળ છે. પણ અલ્લાહની અપાર કૃપા કે આપણે એવી ખોટી માન્યતાના લોકોથી દૂર અને અહલે સુન્નત વલ જમાઅતના વર્તુળમાં છીએ અને દુઆ છે કે અલ્લાહ આપણને એમનામાં જ રાખે, જેમાં સઘળા સહાબાને એમના પદ પ્રમાણે માનવામાં આવે છે અને પંજતન પાકને પણ ઉત્તમતા આપવામાં આવે છે.

અહલે સુન્નત કા હય બેડા પાર અસ્હાબે હુઝૂર
નજમ હય ઔર નાવ હય ઈતરત રસૂલુલ્લાહ કી

આપણી માન્યતાના આધારે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના પર્દો ફર્માવ્યા પછીના પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર છે આપની ખિલાફત પર હદીષો ઉપરાંત ઈજમાએ ઉમ્મત છે. આ'લા હઝરત ફર્માવે છે :–

અસદ્દુકુસ્સાદિકીન સૈયિદુલ મુત્કીન
ચશ્મો ગોશો વઝારત પે લાખોં સલામ

સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા
ઈઝ્ઝો નાઝે ખિલાફત પે લાખોં સલામ

યાની ઉસ અફઝલુલ ખલ્ક બાદર્રોસુલ
ષાનીયસ્ષનૈને હિજરત પે લાખોં સલામ

આપની ખિલફાતની મુદ્દત ૨ વર્ષ ૩ મહીના અને ૯ દિવસ છે.

આપે પોતાની બીમારીની હાલતમાં મોટેરા સહાબાનો અભિપ્રાય લઈને હઝરત ઉમર ફારૂકે આ'ઝમની ખિલાફતનું એલાન ફર્માવ્યું હતું. અને સહાબાએ કોઈ પણ વિવાદ વગર એ વાતને સ્વીકારી લીધી.

બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ  છે. આપની ખિલાફતની મુદ્દત ૧૦ વર્ષ ૫ મહીના અને ૪ દિવસ છે.

ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ છે, ખિલાફત માટે જે છ વ્યક્તિનાં નામ આપે આપ્યા હતા તેમાંથી એક આપ છે. હઝરત ઉમરની શહાદત પછી એ છ વ્યક્તિએ પોતાના મશ્વેરાથી હઝરત ઉસ્માનને ખલીફા બનાવ્યા અને સર્વ મુસલમાનોએ એમને સ્વીકારી લીધા. આપની ખિલાફતની મુદ્દત ૧૨ વર્ષ ૧૧ દિવસ છે.

ચોથા ખલીફા હઝરતે ઉષ્માન ગની رضی اللہ عنہ ની શહાદત પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ખલીફા બનાવવામાં આવ્યા. આપની ખિલાફતની મુદ્દત ૪ વર્ષ ૯ મહીના છે.

પાંચમા ખલીફા હઝરત ઈમામે હસન رضی اللہ عنہ છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની શહાદત પછી આપને ખલીફા બનાવવામાં આવ્યા. આપની ખિલાફતની મુદ્દત ૬ મહીના છે.

| સહાબાનું નામ | વર્ષ | મહીના | દિવસ |
|---|---|---|---|
| હઝરત અબૂબક્ર સિદ્દીક | ૦૨ | ૦૩ | ૦૯ |
| હઝરત ઉમર ફારૂકે આ'ઝમ | ૧૦ | ૦૫ | ૦૪ |
| હઝરત ઉષ્માન ગની | ૧૨ | ૦૦ | ૧૧ |
| હઝરત અલી | ૦૪ | ૦૯ | ૦૦ |
| હઝરત હસન બિન અલી | ૦૦ | ૦૬ | ૦૦ |
| | ૨૯ | ૧૧ | ૨૪ |

અમીરે મુઆવિયા ૨૦ વર્ષ ૨બીઉલ અવ્વલ હિજરી સન ૪૦થી ૨જબ હિજરી સન ૬૦ સુધી.

૨જબ હિજરી સન ૬૦ થી ૧૪ ૨બીઉલ અવ્વલ હિજરી સન ૬૪ સુધી. એટલે લગભગ ૪ વર્ષ.





## ★ હદીષે પાકમાં મુદ્દતની ખબર ★

અલ્‌બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૧૬ માં ઈબ્ને કષીર લખે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારા પછી ખિલાફત ત્રીસ વર્ષો રહેશે. તો આ હદીષે પાકના આધારે હઝરત ઈમામે હસન رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના હાથે સુલેહ કરી છ મહીનાની મુદ્દતે ખિલાફતથી અલગ થઈ ગયા. તો એ પ્રમાણે પૂરી મુદ્દત હિસાબ કરતા ત્રીસ વર્ષ થાય છે.

## ★ ખુલફાએ રાશેદીન ★

અહલે સુન્નત વલ જમાઅત જેમને ખુલફાએ રાશેદીન કહે છે તે ઉપરોક્ત પાંચ ખલીફા છે. જેમની ખિલાફત નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તરીકાથી મળતી આવતી હતી. તે પછી જે ખલીફાઓ માનવામાં આવે છે તેમાં ફર્માને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની દર્શાવેલ મુદ્દત નથી આવતી એટલે શરઈ પરિભાષાના આધારે ખલીફા નહીં બલ્કે શબ્દાર્થી અર્થના આધારે ખલીફા માનવામાં આવે છે. એટલે હઝરત અમીર મુઆવિયાને અવ્વલે મોલૂકે ઈસ્લામ કહેવામાં આવે છે, ઈસ્લામના પ્રથમ રાજા.

## ★ હદીષથી પુરાવો ★

અહમદ, તિર્મિઝી અને અબૂ દાવૂદ હઝરત સફીનાથી રિવાયત કરે છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને સાંભળ્યા :–

اَلْخِلَافَۃُ ثَلَاثُوْنَ سَنَۃً ثُمَّ یَکُوْنُ مُلْکًا

"ખિલાફત ત્રીસ વર્ષો છે પછી મુલ્ક થઈ જશે."

અહમદ, તિર્મિઝી, અબૂ યઅ્લા અને ઈબ્ને હબ્બાનની હઝરત સફીનાથી રિવાયત જામિઅમાં આ પ્રમાણે છે :–

اَلْخِلَافَۃُ بَعْدِیْ فِیْ اُمَّتِیْ ثَلَاثُوْنَ سَنَۃً ثُمَّ مُلْکٌ بَعْدَ ذٰلِکَ

"ખિલાફત મારા પછી મારી ઉમ્મતમાં ત્રીસ વર્ષ રહેશે એ પછી સત્તા છે."

બુખારીએ તારીખમાં અને હાકિમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ

થી રિવાયત કરી છે કે :–

اَلْخِلَافَةُ بِالْمَدِيْنَةِ وَ الْمُلْكُ بِالشَّام "ખિલાફત મદીનામાં અને સત્તા સિરિયામાં થશે." *(મિર્કાત, ભાગ–૯, પેજ–૨૭૨)*

## ★ મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

તકમીલુલ ઈમાનમાં છે : નબુવ્વતના તરીકા પર ખિલાફતે હક્કા રાશેદા ત્રીસ વર્ષો રહી એટલે કે હઝરત સૈયેદોના ઈમામે હસન ના છ મહીના પર પૂરી થઈ. પછી ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما ની ખિલાફતે રાશેદા થઈ, અને છેલ્લા જમાનામાં હઝરત ઈમામે મહદી رضی اللہ عنہ ની થશે. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ઈસ્લામી રાજાઓમાં પહેલાં છે. *(કાનૂને શરીઅત, ભાગ–૧, પેજ–૩૦)*

## ★ હઝરત સદરુશ્શરીઆનું મંતવ્ય ★

બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૬૧માં છે : મિન્હાજે નબુવ્વત પર ખિલાફતે હક્કા રાશેદા ત્રીસ વર્ષો રહી કે સૈયેદોના હઝરત હસન મુજતબા رضی اللہ عنہ ના છ મહીના પર પૂરી થઈ ગઈ. પછી અમીરુલ મુ'મિનીન ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما ની ખિલાફતે રાશેદા થઈ, અને છેલ્લા જમાનામાં હઝરત ઈમામે મહદી થશે. અમીરે મુઆવિયા رضی اللہ عنہ પ્રથમ ઈસ્લામી રાજા છે. એની જ તરફ તૌરાતે મુકદસમાં ઈશારો છે. مَوْلِدُهٗ بِمَكَّةَ وَمُهَاجَرُهٗ طَيْبَةُ وَمُلْكُهٗ بِالشَّام (એમની જન્મભૂમી મક્કા, એમની હિજરતનું સ્થાન તયબહ, અને એમનું રાજપાટ સિરિયામાં)અમીરે મુઆવિયાની બાદશાહી ભલેને રાજપાટ છે પણ કોનું મુહંમદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું રાજપાટ છે. (હઝરત અમજદ અલી رحمۃ اللہ علیہ આ'લા હઝરતના ખલીફા અને શાગિર્દ ફર્માવે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ખુલફાએ રાશેદીનમાંથી નથી મુસલમાનોના પ્રથમ રાજા અને બાદશાહ છે પણ આપની બાદશાહી હકીકતમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બાદશાહત છે. કારણ કે તૌરાત શરીફમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઓળખમાં ફર્માને ઈલાહી છે જેમાં સિરિયાની બાદશાહતને હુઝૂરની બાદશાહત કહેવામાં આવ્યું છે.)



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

જો એમને ખલીફા કહેવામાં આવે તો એમાં વાંધો નથી કારણ કે હદીષે પાકમાં જે ખિલાફતની બશારત આપવામાં આવી છે તે નબુવ્વતના તરીકા પર સતત રહેવાવાળી ખિલાફત છે. બીજાને પણ ખલીફતુલ મુસ્લેમીન કહેવાથી કોઈ શરઈ પકડ થઈ શકતી નથી. એટલે શબ્દકોશના અર્થમાં ખલીફા કહેવામાં આવે તો વાંધો નથી પણ ખલીફએ રાશિદમાં હઝરત ઈમામ હસન અંતિમ, તે પછી ઉમવી ખલીફામાં ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અને કિયામતના નજીકમાં હઝરત ઈમામ મહદી ખલીફએ રાશિદ રહેશે. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયાની ખિલાફતને રાશેદા કહેવામાં નથી આવતી પણ એનો મતલબ એ નથી કે એમની ખિલાફત તદ્દન ખોટી છે બલ્કે એ ખિલાફતના તરીકાથી થોડી હટીને છે જેને બાદશાહત અને મુલ્કથી હદીષમાં વર્ણન કરવામાં આવ્યું.

## ★ યઝીદની ખિલાફતને સમજો ★

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના મુકામ તથા મર્તબા વિશે જરૂરી વાતોનો ઉલ્લેખ હઝરત ઈમામ હસનની વિશેષતાના પ્રકરણમાં થયો છે. એટલે આપની જાત બાબત અહલે સુન્નતના લોકો સારી વાતને છોડી કોઈ બીજી વાત ન બોલશે ન વિચારશે. આપની કરેલ વીસ વર્ષોની સત્તાને ખિલાફત કહેવામાં આવે કે પછી એને રાજપાટ, પણ એમાં મુસલમાનોની એક્તા થઈ ગઈ હતી, અને કોઈ પણ ખરાબ વ્યક્તિની આપની ખિલાફતના જમાનામાં માથુ ઉઠાવવાની હિંમત ન ચાલી હતી. અને એમાં મુસલમાનોને ઘણી પ્રગતિ અને ઉન્નતિ પ્રાપ્ત થઈ હતી. આપના પરદો ફર્માવ્યા પછી જ્યારે યઝીદ ખિલાફત પર આવ્યો તો એણે જુલ્મ અને ત્રાસની બુન્યાદ નાખી અને જે શોકની વાતો વર્ષો વર્ષ સાંભળવામાં આવે છે તે યઝીદની ખિલાફત સંભાળવા પછી ઊભી થઈ હતી. એટલે પ્રથમ તમારી ખિદમતમાં અમે ખિલાફતના પ્રકાર વિશે જરૂરી વાતો રજુ કરીશું, જેનાથી હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ના વિવાદને સમજવું સરળ થઈ જશે.

## ★ આ ઉલ્લેખની જરૂરત ★

ખિલાફતના પ્રકારના ઉલ્લેખની જરૂરત એટલા માટે પડી કે અત્યાર

સુધી યઝીદની તરફદારી કરનાર કોઈ ન હતું, પણ વર્તમાનકાળમાં યઝીદના તરફદારો પણ પેદા થઈ ગયા છે અને તેમણે ખારજીયતને નવા નામથી શણગારવાની કોશિશ કરી છે, તેઓ હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ને આ વિવાદમાં ખોટા અને યઝીદની ખિલાફતના બાગી કહે છે, એટલે તેઓ હઝરત ઈમામે પાક رضی اللہ عنہ ને શહીદ માનવા પણ તૈયાર નથી, તેઓ યઝીદને અમીરુલ મુ'મિનીન કહે છે અને યઝીદની ખિલાફતને સત્ય ખિલાફત કહે છે. અમે જે ઉલ્લેખ કરીશું તેનાથી એ સ્પષ્ટ થઈ જશે કે યઝીદની ખિલાફત ક્યા પ્રકારની હતી, અને ઈમામે પાક رضی اللہ عنہ નો વિવાદ ક્યા સ્થાને હતો.

## ★ ખિલાફત કાયમ થવાના પ્રકાર ★

ખિલાફત કાયમ થવાના ચાર પ્રકાર છે : **(૧)** અહલે હલ્લો અકદ એટલે આલિમો, કાઝીઓ (મુફતી) આગેવાનો અને નામચીન લોકોનું બયઅત કરી લેવું. (ખિલાફત સ્થાપવા આ પ્રમાણે લોકોનું બયઅત કરી લેવું પરીપૂર્ણ છે.) જે સહેલાઈથી પ્રાપ્ત થાય, સંપૂર્ણ દેશના એવા લોકોનું સંમત થવું શર્ત નથી. કારણ કે એ અશક્ય છે. અને એક બે માણસોનું બયઅત કરી લેવું પણ ફાયદો નથી આપી શક્તું કેમ કે, હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના અંતિમ ખુત્બામાં ફર્માવ્યું છે :–

فَمَنْ بَايَعَ رَجُلًا عَلٰى غَيْرِ مَشْوَرَةٍ مِّنَ الْمُسْلِمِيْنَ فَلَا يُبَايَعُ
هُوَ وَالَّذِىْ بَايَعَهٗ تَغِرَّةً اَنْ يُّقْتَلَا

"જેણે મુસલમાનોના મશ્વેરા અને અભિપ્રાય વગર કોઈ વ્યક્તિની બયઅત કરી તો એની બયઅત કરવામાં નહીં આવે. એ અને જેણે એની બયઅત કરી બંનેને કતલ કરી નાખવામાં આવશે." (કારણ કે તેઓ મુસલમાનોનો હક્ક મારવા માંગે છે અને એનાથી મુસલમાનોનો સંપ અને જંપ નષ્ટ થાય છે, એકતાનો ભંગ થાય છે.)

## ★ ખલીફાએ કોઈને ચૂંટી લીધો ★

**(૨)** ખિલાફત સ્થાપવાનો બીજો તરીકો એ છે કે ખલીફાનું કોઈ એવા વ્યક્તિને ખલીફા બનાવી આપવું જે ખિલાફતની શરતો પ્રમાણે





હોય, એટલે કે ન્યાયી ખલીફા મુસલમાનોની ભલાઈની નિય્યતે એક વ્યક્તિને એ લોકોમાંથી જે ખિલાફતની શરતો પર પૂર્ણપણે ઉતરતો હોય તેને ચૂંટી લે અને લોકોને ભેગા કરી એના ખલીફા હોવા પર સ્પષ્ટ શબ્દોમાં કહી આપે. અને (મુસલમાનોને) એના હુકમનું પાલન કરવાની વસિય્યત કરે તો પછી આ વ્યક્તિ (જેને ખલીફાએ ખિલાફત માટે નિયુક્ત કર્યો) એ સઘળા લોકોમાં જેમાં ખિલાફતની શરતો મળી આવે છે, ખાસ થઈ જશે અને લોકો માટે જરૂરી ઠરશે કે એ જ વ્યક્તિને ખલીફા બનાવે.

## ★ ભૂતપૂર્વ ખલીફા એક જમાઅતને લાયક બનાવે તો ?! ★

**(૩)** ખિલાફત સ્થાપવાનો ત્રીજો તરીકો એ છે શૂરા અને તે એ છે કે ખલીફા ખિલાફતની શરતોના આધારે લાયક લોકોની એક જમાઅતમાં ખિલાફતને ફરતી કરી આપે, અને કહી આપે કે આ જમાઅતમાંથી મશ્વેરો આપનારાઓ જેને ચૂંટી લેશે તે ખલીફા બનશે. તો પછી ખલીફાના અવસાન પછી તેઓ મશ્વેરો કરશે અને એક વ્યક્તિને ખલીફા ચૂંટી લેશે. ભૂતપૂર્વ ખલીફા ચૂંટણી માટે કોઈ ખાસ વ્યક્તિને અથવા ખાસ જમાઅતને નિયુક્ત કરી આપે તો એ વ્યક્તિ અથવા એ જમાઅતનો એ'તબાર કરવામાં આવશે.

## ★ જબરદસ્તીથી ખિલાફત લેવી ! ★

**(૪)** ખિલાફત સ્થાપવાનો ચોથો પ્રકાર ઈસ્તીલા છે, તે એ કે જ્યારે ખલીફાની વફાત થઈ જાય અને કોઈ વ્યક્તિ બળપૂર્વક ખલીફા બની જાય બયઅત અને ખલીફા બનાવ્યા વગર, અને સઘળા લોકોને પોતાના માટે ભેગા કરી લે દિલોને હાથમાં લઈને કે પછી લડાઈ ઝઘડા અને સખ્તીથી. (તો એવો વ્યક્તિ) ખલીફા બની જશે, અને પબ્લિક માટે એ જરૂરી ઠરશે કે શરીઅતને મળતી વાતોમાં એના હુકમનું પાલન કરે. આ (જબરન ખલીફા બની બેસવાના) બે પ્રકાર છે : એક તો એ કે જબરન ખિલાફત લેનાર ખિલાફતની શરતોમાં સંપૂર્ણ છે. અને એ કોઈ હરામ અને નાજાઈઝ કામ કર્યા વિના સુલેહથી અને હિકમતથી વિવાદ

કરનારાઓને રોકી લે. આ પ્રકાર (જરૂરતના સમયે) જાઈઝ અને રૂખ્સત છે. (હઝરત મુઆવિયા બિન સુફયાન رضی اللہ عنہ ની ખિલાફતનું સ્થાપવું હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم પછી અને ઈમામ હસન رضی اللہ عنہ ની સુલેહ પછી આ પ્રકારની જ હતી.

આ ચોથા પ્રકારનો બીજો પ્રકાર એ કે (ખલીફા બનનાર) ખિલાફતની શરતોમાં પૂરેપૂરો ન હોય અને યુદ્ધ અને નાજાઈઝ કામ કરીને વિવાદ કરનારાઓને રોકે અને એ જાઈઝ નથી અને એનો કરનાર ગુનેહગાર પાપી છે, પણ શરીઅતને મળતી વાતોમાં એના હુકમનું પાલન વાજિબ ઠરશે, એના તરફથી નિયુક્ત લોકો ઝકાતનો માલ વસૂલ કરે તો માલની ઝકાત અદા થઈ જશે. એના કાઝીનો હુકમ લાગુ પડશે. એના હુકમથી અને એની સંગતમાં (કાફિર સાથે) યુદ્ધ કરી શકાશે. અને આ જરૂરતને લઈને છે કારણ કે એના કાઢવામાં મુસલમાનોને જાની નુકસાન થશે અને સખત ફિત્નો ફસાદ થશે, અને પછી એ યકીન સાથે ખબર નથી કે આ મુસીબતોનું પરિણામ નેક હશે કે નહીં, સંભવ છે કે પ્રથમ ખલીફાથી પણ ખરાબ બીજી કોઈ વ્યક્તિ કબ્જો જમાવી લે, પછી એક શંકાસ્પદ અને ગૈરયકીની ભલાઈને લઈને આવો ફિત્નો શાથી કરવામાં આવશે જેની બુરાઈ યકીની છે. એટલે કે એનો તખ્તો ઉઠલાવવામાં મુસીબત આવવાની છે એ નિઃશંક છે ! અને એના હટયા પછી બીજો કોઈ આવશે તે સારો હશે કે પછી એનાથી વધારે ખરાબ, એ કોઈને ખબર નથી. એટલે કોઈ વ્યક્તિ આ પ્રમાણે ત્રાસથી બની બેસે તો એને એની હાલત પર છોડી દેવામાં આવશે. *(ઈઝાલતુલ ખુલફા, ભાગ-૧, પેજ-૨૩, ૨૪, ૨૫)*

## ★ ખિલાફતની શરતો ★

**(૧)** મુસલમાન હોય **(૨)** આકિલ અને બાલિગ હોવું **(૩)** પુરૂષ હોવું **(૪)** આઝાદ હોવું (તે સમયમાં ગુલામીની પ્રથા ચાલતી હતી) **(૫)** ખલીફા બોલતો, જોતો અને સાંભળતો હોવો જોઈએ (ગુંગો, બહેરો અને આંધળો ન હોય) **(૬)** બહાદૂર હોવું **(૭)** અદલ હોવું. એટલે કે કબીરા ગુનાહોથી બચનાર અને નાના ગુનાહોમાં વ્યસ્ત ન





રહેનાર હોય, કૃપાળુ હોય એટલે કે ત્રાસ કરનાર અને કારણો માન્ય ન રાખનાર હોય **(૮)** મુજતહિદ હોય (કેસના ચુકાદા દીનના ઈલ્મને વિકસાવે, સારી વાતોનો હુકમ અને ખરાબ વાતની મનાઈ વગેરે કામો એના વગર નથી થઈ શક્તાં.) **(૯)** ખલીફા બાપના વંશથી કુરૈશી હોય.

જ્યારે આ શરતો કોઈ વ્યક્તિમાં હોય તો એને ખિલાફતના લાયક સમજવામાં આવશે. જો અહલે હલ્લો અકદ (આલિમો, કાઝીઓ આગેવાનો અને નામચીન લોકો) એને ખલીફા બનાવે અને એના હાથ પર બયઅત કરી લે તો એ ખલીફએ રાશિદ બનશે. અને જો એવા વ્યક્તિને લોકો ખલીફા બનાવે જેનામાં ઉપરોક્ત શરતો ન હોય તો એની ખિલાફત સ્થાપનાર ગુનેહગાર ઠરશે, પણ જો દેશ પર એનો કાબૂ થઈ જાય તો એના સઘળા હુકમો જે શરીઅત વિરૂધ્ધ ન હોય લાગુ રહેશે. જરૂરતને લઈને, કારણ કે કાબૂ કરી લીધા પછી ખિલાફતની મસ્નદથી એને ઉઠાવી દેવો ઉમ્મતમાં વિવાદનું કારણ બનશે અને લડાઈ ઝઘડો ઉઠશે. *(ઈઝાલતુલ્ ખુલફા, ભાગ-૧, પેજ-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩)*

## ★ તમે ન્યાયથી ફૈંસલો કરો ! ★

ખિલાફતના પ્રકાર અને ખલીફાના લાયક હોવાની શરતો તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવી. હવે તમારે એના પર ન્યાયથી ફૈંસલો આપવાનો છે, એક તરફ હઝરત ઈમામે હુસૈન છે, અને બીજી બાજુ યઝીદ બિન મુઆવિયા છે. યઝીદ બિન મુઆવિયાને ખિલાફતના લાયક સમજવામાં આવે તો ઈમામ હુસૈનને ગલત સાબિત કરવા પડે. અને ઈમામ હુસૈનને પોતાના કરેલ વિવાદમાં સત્ય સ્થાને માનવા હોય તો નિઃશંક ! યઝીદને ગલત સાબિત કરવો પડશે. તમે જરૂરથી નવાસએ રસૂલ સાથે રહેશો.

## ★ અહલે સુન્નતની એકમતી ★

અહલે સુન્નતના સઘળા આલિમો અને મુફતીઓની ત્યારથી લઈને આજ સુધી એ વાત પર એકમતી રહી છે કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ શહીદે આ'ઝમ છે. અને શહીદ આ વિવાદમાં ત્યારે જ કહી

શકાય જો ઈમામે પાકને હક્ક માનવામાં આવે. આ પરથી એ સ્પષ્ટ થયું કે ઈમામે પાક અહલે સુન્નતની એકમતીથી હક્ક પર છે. અને એમની સાથે જે કંઈ કરવામાં આવ્યું છે જુલ્મ અને ત્રાસ છે. જુલ્મ અને ત્રાસ નાહક્ક હોવાની દલીલ છે. અહલે સુન્નત માટે આનાથી વધીને બીજી કોઈ દલીલ નથી કે અમારા વર્તુળમાં સઘળા લોકો ઈમામે પાકને પોતાના મસ્અલામાં સત્ય સ્થાને કહે છે. અહલે સુન્નતમાં કોઈ એકનો પણ વિવાદ બતાવી નથી શક્તા. ખારજી લોકોનો વિવાદ છે, તો ખારજી તો પહેલાં પણ દુશ્મન હતા અને આજે પણ છે, જેમણે હઝરત અલીને ન છોડયા તેઓ હઝરત ઈમામે પાકને ક્યાં છોડવાના છે ! એટલે ખારજીને અમે માનતા નથી તો અમને એમના વિવાદથી કોઈ મતલબ પણ નથી. અમે થોડી ચર્ચા એટલા માટે કરી રહ્યા છે કે તેઓની બદ્‌માશીથી જો કોઈને શંકા થતી હોય તો અમે અમારા વર્તુળના લોકોની શંકા પણ બાકી રહેવા દેવા નથી માંગતા.

## ★ યઝીદ પર ઈમામોના ફત્વા ★

અમે તમને પુરાવાથી સાબિત કરીને એ બતાવીશું કે મસ્લકના ઈમામોએ યઝીદને ફાસિક, જાલિમ અને મહાન બદ્‌માશ સાબિત કર્યો છે. એમાં સર્વનો મત એક જ છે. એને કાફિર કહેવો કે નહીં, એના પર લાનત કરવી કે નહીં એમાં વિવાદ છે. અમુકે કહ્યું અને અમુકે ચૂપ રહેવાનું કહ્યું. અમારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મસ્લક એ જ છે કે યઝીદના કુફ્ર બાબતે ચુપ રહેવું જોઈએ. પણ નાહક્ક હોવા માટે કાફિર હોવું જરૂરી નથી, કાફિર ન હોય પણ પોતાની વાતમાં ખોટો હોય, જેમ કે વર્તમાનકાળમાં હજારો મુસલમાનો એવા છે જે મુસલમાન છે પણ ઘણાં બધાં ખરાબ કામો કરે છે. એટલે તેઓ પોતાના અમલમાં ખોટા છે. તો યઝીદનું પોતાના મસ્અલામાં ખોટું હોવું મસ્લકના ઈમામોના ફત્વાઓથી સાબિત છે, એટલે એ નાહક્ક છે, અને જ્યારે એ નાહક્ક છે તો નિઃશંક ! ઈમામે પાક رضی اللہ عنہ હક્ક પર છે, અને હક્ક પર રહેનારને એ વાતને લઈને કતલ કરવામાં આવે તો એ શહીદ છે. હઝરત ઈમામે પાકની શહાદત પર ત્યારથી લઈને આજ સુધીના સર્વ મુસલમાનોની સંમતિ છે. યઝીદના હક્ક હોવા પર કોઈ એક ઈમામની પણ શહાદત નથી.





## ★ સહાબાનું મનાઈ ન કરવું ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર વગેરે તે સમયનાં આગેવાન સહાબામાંથી હતા, અને તે સિવાય આજુબાજુમાં બીજા સહાબા પણ હતા પણ કોઈએ હઝરતે ઈમામે પાકને એ નથી કહ્યું કે તમે ખોટું કામ કરી રહ્યા છો, હા ! કૂફા જવાથી લોકોએ મનાઈ કરી હતી, તે પણ એ લોકોની બેવફાઈ અને દગાબાજી મશ્હૂર હોવાને લઈને કે તેઓ સાથ આપવાનું કહેશે અને પછી ફરી જશે. પણ એનાથી કોઈએ મનાઈ નથી કરી કે આપ પોતાની બયઅતનું કામ ન કરો. તો એનાથી એ સ્પષ્ટ છે કે સહાબાને યઝીદનું સત્તા પર આવવું પસંદ ન હતું અને લોકોએ બયઅત કરી પણ હોય તો એ દિલથી નહીં ફિત્ના ફસાદના ડરથી, એટલે એવી બયઅત જે કનમનતા દિલથી હોય સાચી બયઅત ન કહેવાય. અને એવી બયઅતથી ઈજમાઅ સ્થપાતો નથી. મક્કા અને મદીનામાં અમુક લોકોએ બયઅત કરી હતી પણ જ્યારે ગેરશરઈ હાલત જાણવા મળી તો તેમણે પણ બયઅત તોડી નાખી હતી જેને લઈને યઝીદ તરફથી મક્કા અને મદીના પર પર હુમ્લા કરવામાં આવ્યા હતા. ખુલાસો એ કે કોઈએ ફિત્નાથી બચવાના ડરથી બયઅત કરી, કોઈએ સારા સમજીને કરી લીધી પણ બદ્‌અમલી જાહેર થયા પછી તોડી નાખી, કોઈને એની હાલતનું પ્રથમથી જ ઈલ્મ હતું અને તેણે બયઅત જ ન કરી. સારાંશ એ કે ઈજમાઅ સ્થપાતો જ નથી. સ્પષ્ટ થયું કે સહાબાનું મનાઈ ન કરવું ઈમામે પાકના હક્ક હોવાની દલીલ છે. અને જ્યારે આ વાતમાં ઈમામે પાક હક્ક પર છે તો પછી નિઃશંક ! યઝીદ નાહક છે એટલે ઈમામે પાક નાહક્કને પસંદ ન કરવાને લઈને કતલ કરવામાં આવ્યા એટલે આપ શહીદ છે. બલ્કે જે સ્થિતિમાં આપને શહીદ કરવામાં આવ્યા, તેને લઈને આપ શહીદે આ'ઝમ છે.

## ★ મજબૂરીમાં રજા પર અમલ કેમ ન કર્યો ?! ★

આપને એ વાતની ખબર છે કે જ્યારે યઝીદ સત્તા પર આવ્યો અને એને લોકોથી પોતાની સત્તા પર બયઅત લીધી તો અમુક લોકોએ

જી હજૂરીમાં બયઅત કરી લીધી, અમુક લોકોએ ફિત્ના ફસાદને લઈને જાની નુકસાનના ડરથી બયઅત કરી લીધી, અને એ બાબતે અમે ચર્ચા કરી ગયા કે કોઈ વ્યક્તિ શરઈ કાયદાના આધારે દુશ્મનની શક્તિ અને એના દબાવથી મજબૂર અને લાચાર થઈ જાય તો એને અમુક વસ્તુની છૂટ આપવામાં આવે છે, તેના આધારે અમુક સહાબાએ અને બુઝુર્ગ તાબેઈને માત્ર જીભથી યઝીદની બયઅત કરી લીધી હતી, પણ લાચારીમાં બયઅત કરી લેવી અને જાન બચાવવા કોઈ કામ કરી લેવું વાજિબ નથી, તમારી ઈચ્છા પર આધારિત છે. એને રૂખસત અને મળેલી શરઈ રજા કહેવામાં આવે છે. અને જો કોઈ વ્યક્તિ જાલિમથી ડરે નહીં અને એની સામે હક્ક પ્રકાશિત કરીને રહે અને એ માર્ગમાં એને કતલ કરવામાં આવે તો એણે અઝીમત અને ઉત્તમ વાત પર અમલ કર્યો અને એને શહાદતનું પદ મળે છે, તો ઈમામે પાકે ઉત્તમ વાત પર અમલ કર્યો. ખુલાસો એ કે જેમણે બયઅત કરી કનમનતા દિલે જુલ્મથી બચવા તો તેઓ શરઈ રજા હોવાને લઈને પકડથી મુક્ત છે, અને જેમણે ન કરી અને વિરોધ ઉઠાવવાને લઈને કતલ કરવામાં આવ્યા તે શહીદ છે, અને સત્તાધારીઓ શરીઅતના મસ્અલામાં ગલત હોવાને લઈને જાલિમ, પાપી અને ફાસિકો ફાજિર છે.

## ★ મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

ફતાવા અઝીઝિયા, પેજ–૪૩, હઝરત મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ એ ખોરૂજ (વિરોધ ઉઠાવ્યો) ખિલાફતે રાશેદાના દાવાના આધારે નથી કર્યું. કારણ કે ત્રીસ વર્ષો પસાર થઈ જવાથી એ પૂરી થઈ હતી. (હદીષોથી એનો ઉલ્લેખ થઈ ગયો છે) બલ્કે આપનો મકસદ રૈયતને એક જાલિમના હાથથી છૂટકારો આપવાનો હતો. જાલિમની વિરોધમાં મઝલૂમની મદદ કરવી જરૂરી છે. અને આ જે મિશ્કાત શરીફમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સમયના રાજાના વિરોધમાં ઊભા થવાની મનાઈ કરી છે, પછી એ જાલિમ કેમ ન હોય ? આ એ સમય માટે છે કે એ જાલિમ બાદશાહ લડાઈ, ઝઘડા વગર પૂરે પૂરો કાબૂ જમાવી લે, અને એના કાબૂ જમાવી લેવામાં કોઈને ઝઘડો ન હોય, અને કોઈ એની વિરોધમાં ન હોય. અને





અહીં એટલા સુધી કે મદીનાવાળાઓ, મક્કાવાળાઓ અને કૂફાવાળાઓ યઝીદ પલીદના કાબૂ જમાવવાથી ખુશ ન હતા. હઝરત ઈમામે હુસૈન, અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા સહાબાએ એની બયઅત જ ન કરી હતી. વાતનો ખુલાસો એ કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ નો ખોરૂજ (વિરોધ) જાલિમાના કાબૂને નષ્ટ કરવા માટે હતો, એના કાબૂને ખતમ કરવા નહીં. એટલે કે એ વાત ન હતી કે યઝીદનો પૂરેપૂરો કાબૂ થઈ ગયો હતો અને આપનો મકસદ એ હતો કે એનો કાબૂ હટાવી દે, અને એ વિરોધ જે હદીષમાં મનાઈ છે, તે એ જ છે જે જાલિમ બાદશાહનો કાબૂ ઉઠાવવા હોય, અને રફા દફામાં જે ફરક છે એ મસાઈલે ફિકહીયામાં જાહેર અને મશ્હૂર છે.

(રફા કરવું પૂરેપૂરો કાબૂ થઈ ગયા પછી હોય છે, અને દફા કાબૂ રોકવા માટે હોય છે. એટલે ઈમામે પાકે હદીષથી કામ નથી કર્યું, હદીષમાં મનાઈ પૂરો કાબૂ થઈ ગયા પછી તેને ઉઠાવવા માટે છે. અને યઝીદનો પૂરો કાબૂ ન થયો હતો. આપના ફત્વાથી એ જાણવા મળ્યું કે જે લોકો કહે છે યઝીદની સત્તા પર ઈજમાએ ઉમ્મત થઈ ગયો હતો તે ખોટી વાત છે.)

## ★ લાચારની બયઅત, બયઅત નથી ! ★

શરઈ હદમાં લાચાર અને મજબૂરને જાન બચાવવા અથવા મોટા નુકસાનથી બચવા શરીઅતમાં જે હરામ હોય તેને પણ કરવાની રજા આપવામાં છે તે માત્ર મજબૂરીને લઈને જ હોય છે, નહીં તો દિલમાં એ હરામ હરામ જ હોય છે. તો આ કાયદાના આધારે એ જમાનમાં જે લોકોએ બયઅત કરી તે ફિત્ના ફસાદથી બચવા કરી હતી અને એના પરથી દિલથી બયઅત સાબિત થતી નથી તો તેવા લોકો બયઅતના વર્તુળમાં આવશે નહીં. પછી યઝીદની સત્તાને ઈજમાએ ઉમ્મતથી લાગુ થયેલ સત્તા કેમ કરી કહી શકાય ? અલ્લામા ઈબ્ને અષીર પોતાની તારીખુલ કામિલમાં લખે છે કે હઝરત ઈમામ માલિકને હઝરત મુહમ્મદ ઝૂન્નફસુઝ્ઝકિય્યા સાથે રહીને જિહાદમાં સાથ આપવા ન આપવા વિશે ફત્વો પૂછવામાં આવ્યો અને ઈસ્તિફતામાં એ પણ જણાવવામાં આવ્યું

હતું કે શું આ જાઈઝ છે જ્યારે કે અબૂ જા'ફર (મન્સૂર)ની બયઅતની દોરડી અમારા ગળાઓમાં છે ? ઈમામે માલિકે ફર્માવ્યું :–

તમારા લોકોથી જબરન બયઅત લેવામાં આવી છે અને મુકરહ (લાચાર) (જેનાથી એની ઈચ્છા વગર બયઅત લેવામાં આવે)ની કસમ માન્ય નથી.

આ ફત્વા પછી લોકો મુહમ્મદ ઝૂન્નફસુઝ્ઝકિય્યા સાથે મળી ગયા અને ઈમામે માલિક પોતાના ઘરમાંથી ન નીકળ્યા. *(અલ્કામિલ ઈબ્ને અષીર, ભાગ–૫, પેજ–૨૫૧)*

આ પુરાવાથી એ વાત સ્પષ્ટ થઈ કે લાચારી અને મજબૂરીથી કોઈની બયઅત કરવામાં આવે તો એવી બયઅત શરઈ પકડથી મુક્ત રહે છે. તો યઝીદની ખિલાફતના જમાનામાં પણ અસંખ્ય લોકો એને નાપસંદ કરતા હતા પરંતુ લાચારીમાં એમણે બયઅત કરેલી, તો પછી એવી બયઅતથી ઈજમાએ ઉમ્મત સાબિત થતો નથી. જ્યારે ઈજમાઅ સાબિત થતો જ નથી તો પછી ઈજમાઅનો વિરોધ કેવી રીતે થયો ?

## ★ યઝીદ સમજ્યો કેમ નહીં ?! ★

યઝીદને સત્તા જોઈતી હતી, અને એણે સત્તાને વારસો બનાવ્યો હતો. યઝીદ પ્રથમ ખલીફા હતો જેને બાપ પછી ખિલાફતની મસ્નદ પર વસિયત કરીને બેસાડવામાં આવ્યો. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ઈમામ હસન رضي الله عنه માટે વસિયત ન કરી હતી બલ્કે લોકોએ આપના ખિલાફત પર નિયુક્ત કર્યા હતા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه એ હઝરત ઉમર رضي الله عنه ની ખિલાફતની વસિય્યત કરી આપી હતી તે વાતમાં અને આ વાતમાં ફરક છે, ત્યાં વસિયત બેટા માટે કે સગા માટે ન હતી, અને અહીં બયઅત પુત્ર માટે હતી. યઝીદને વારસામાં સત્તા કરવાનો શોખ હતો, એટલે એણે વિવાદ પર ધ્યાન ન આપ્યું અને હિકમતથી વાતનો નિકાલ ન લાવ્યો બલ્કે એના માટે લશ્કરી કાર્યવાહી કરી. જો એને પોતાના ખિલાફતના લાયક હોવાનો અને લોકોમાં પ્રિય હોવાનો ભરોસો હતો, તો એણે કહેવું જોઈતું હતું કે ખિલાફતના લાયક લોકોમાં આ વાત રાખવામાં આવશે અને પછી જે તે જમાનામાં ઈસ્લામી





આગેવાન, ઈલ્મવાળા અને બુઝુર્ગ સમજવામાં આવતા હતા તેઓ પોતાના માટે ખલીફા નિયુક્ત કરશે. જો એમાં યઝીદનું નામ આવી જતું તો એનું નસીબ, નહીં તો પછી જેને મળતી એ પણ સ્વીકારી લેતો, પણ એને ખબર હતી કે એવી સ્થિતિમાં ઈમામ હુસૈનથી વધીને કોઈ લોકપ્રિય નથી અને લોકો તેમને જ નિયુક્ત કરશે. એટલે એણે આ મસ્અલો હિકમતથી હલ ન કર્યો, અને જુલમથી હલ કરાવ્યો. સારાંશ એ કે અહલે બયતના લોહી પર એણે પોતાની સત્તાની બુન્યાદ રાખી.

બીજાું એ કે એણે પૂછાવવું જોઈતું હતું અથવા જે બુઝુર્ગ સહાબાએ એની બયઅત ન સ્વીકારી તેમને બોલાવીને અથવા તેમની પાસે આવીને એ બાબતે ખુલાસો કરવો જોઈતો હતો કે મારામાં શું ખરાબી છે જેને લઈને તમે મને માન્ય રાખવા તૈયાર નથી. તો એણે એ ખરાબીઓને દૂર કરવાનું વચન આપવું જોઈતું હતું, પણ આમ ન કરવું પણ એ વાતની દલીલ છે કે એનો મકસદ માત્ર સત્તા હતો. સુલેહનો માર્ગ શોધવામાં એની સત્તા ચાલી જાય તો ? એટલે એવા લોકો સુલેહનો માર્ગ શોધી શક્તા નથી, તેઓ અંતે યુધ્ધથી એ મસ્અલો હલ કરતા હોય છે, અને કર્યો. જેમ કે વર્તમાનકાળમાં સત્તાધારી લોકો પોતાની સત્તા બચાવવા હજારો નિર્દોષ લોકોની હત્યા કરે છે અને એના પર એમને થોડો પણ અફસોસ થતો નથી. (અલ્લાહની પનાહ !)

## ★ યઝીદ અદલ નથી ★

ખિલાફતની શરતોમાં એ પણ ગણાવવામાં આવ્યું હતું કે ખલીફા અદલ હોવો જોઈએ, જેનો મતલબ એ હતો કે કબીરા ગુનાહ ન કરે અને નાના ગુનાહ કરતો ન રહે, અને એની પાસે મુરવ્વત હોય એટલે કે જુલ્મ અને ત્રાસ કરનાર ન હોય, તારીખ અને ઈતિહાસને જોતાં એ જાણવા મળે છે કે યઝીદમાં ખિલાફતની શરતોમાંથી અદલ ન હતો, જ્યારે કે ખિલાફતનો મસકદ જોતાં આ મૂળ શરત છે, દીનનો ખલીફા અને આગેવાન દીનની વાતો પર અમલ ન કરે અને ખુલ્લે આમ ગુનાહનાં કામો કરે તો પછી પબ્લિક એનાથી વધીને એ કામો કરવાની છે, એટલે યઝીદ આ શરતમાં અશક્ત હોવાથી ખિલાફતના લાયક ન હતો.

## ★ અલ્લામા ઈબ્ને ખુલ્દુનનું મંતવ્ય ★

**મંતવ્ય ૧ :** ઈમામ હુસૈનને છોડીને બીજા સહાબા જેઓ હિજાઝ, સિરિયા અને ઈરાકમાં હતા. એમનું પોતાનું મંતવ્ય એ હતું કે :

فَرَاَوْ اانَّ الْخُرُوْجَ عَلٰى يَزِيْدَوَاِنْ كَانَ فَاسِقًالَا يَجُوْزُ

યઝીદના ફાસિક હોવા છતાં એની વિરૂધ્ધમાં પગલાં લેવાં જાઈઝ નથી એટલે કે એનાથી ખૂનામરકી રચાશે. આ કારણને લઈને તેઓ રોકાઈ ગયા અને ઈમામ હુસૈનની બયઅત ન કરી. અને તેમણે ઈમામે પાકનો ઈન્કાર પણ ન કર્યો અને ન એમને ગુનેહગાર કહ્યા. કારણ કે આપ મુજતહિદ હતા અને મુજતહિદની આ જ શાન હોય છે. અને તમારી એ ભૂલ પણ ન થાય કે તમે લોકો ઈમામે પાકના મંતવ્યના વિરોધમાં હોવાને લઈને, અથવા એમની મદદથી બેસી રહેવાને લઈને. તેમને (સહાબા, તાબઈન)ને ગુનેહગાર હોવાની વાત કરો. આ એમના ઈજતેહાદથી હતું. *(મુકદ્દમા ઈબ્ને ખુલ્દુન, પેજ–૨૪૧)*

**ખુલાસો :** ઉપરોક્ત પુરાવો એ બતાવી રહ્યો છે કે સહાબા અને તાબઈન જેમણે યઝીદની બયઅત કરી હતી તેઓ પણ એને ફાસિક માનતા હતા, પણ તેઓ લડાઈ ઝઘડા અને મારપીટથી બચવા કાંઈ બોલતા ન હતા, તો તેઓ શરઈ છૂટને લઈને ચૂપ રહ્યા અને ઈમામ પાકે દીનને બચાવવા હિંમતથી કામ લીધું અને યઝીદના નાઅહલ અને નાલાયક હોવાનું જાહેર કર્યું અને પછી શહીદ થયા, તો સ્પષ્ટ થયું યઝીદમાં અદલની શરત પૂરી ન થતી હતી.

**મંતવ્ય ૨ :** અને જ્યારે યઝીદમાં ફિસ્ક (બદ્અમલી) પેદા થયો તો સહાબાએ એ વખતે એની બાબત વિવાદ કર્યો, તો અમુકે એનો વિરોધ ઉઠાવો પસંદ કર્યો અને એ કારણને લઈને એની બયઅત તોડી નાખી. જેમ કે હુસૈન, અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہم અને એમના ચાહકોએ એ બાબતમાં કર્યું હતું. અને એમાંથી અમુક લોકોએ એનો અસ્વીકાર કર્યો. (એટલે કે વિરોધ ન ઉઠાવ્યો અને બયઅત ન તોડી) ફિત્ના, ફસાદ અને કતલ ફેલાઈ જવાને લઈને, અને પોતે એનાથી લાચાર હોવાથી વિરોધ ન કર્યો, એટલા માટે કે યઝીદની શક્તિ અને પાવર બનૂ





ઉમય્યાની મદદને લઈને હતી. *(મુકદ્દમા ઈબ્ને ખુલ્દુન, પેજ–૨૩૫)*

**ખુલાસો :** કહેવાનો ભાવાર્થ એ છે કે અમુક લોકોએ બયઅત દિલમાં તો રાખી જ ન હતી પરંતુ તેમને ફિત્ના ફસાદનો ડર હતો જેને લઈને એમણે જાહેરમાં કોઈ કાર્યવાહી ન કરી, પણ દિલથી તેઓ ઈમામ પાક સાથે હતા.

**મંતવ્ય ૩ :** જ્યારે યઝીદની બદ્અમલી એ સમયના સઘળા લોકો પર જાહેર થઈ ગઈ (ત્યારે) કૂફાના અહલે બયતના શીઆએ ઈમામે હુસૈનને કહેવડાવ્યું કે એમની પાસે ચાલ્યા આવે, તો એમના આદેશ પર (યઝીદ સાથે લડવા) ઉભા થઈ જઈશું. ઈમામ હુસૈને પણ વિચારી લીધું યઝીદની વિરોધમાં નીકળવું એના બદ્અમલ હોવાને લઈને નિયુક્ત છે. અને ખાસ કરીને એના માટે જેની પાસે એ કામની શક્તી હોય અને આપ પોતાને એના લાયક અને શક્તિમાન સમજતા હતા. *(મુકદ્દમા ઈબ્ને ખુલ્દુન, પેજ–૨૪૦)*

**ખુલાસો :** જે લોકોને ડર લાગતો હતો તેઓ ચૂપ રહ્યા અને કાંઈ ન બોલ્યા, અને તેઓ ન બોલવામાં લાચાર હતા એટલે એમના માટે કોઈ શરઈ પકડ નથી, પણ ઈમામ પાકને જ્યારે કૂફાના લોકોએ વચન આપ્યું કે અમે યઝીદ સાથે લડવામાં અને એની સત્તા નષ્ટ કરવામાં મદદ કરીશું તો ઈમામે પાક માટે લાચારી ન રહી અને આપ એના માટે તૈયાર થઈ ગયા. પછી વચન આપનારાઓ ફરી ગયા અને એમણે આપને દગો કર્યો જેને લઈને આપને દુનિયામાં જાહેરી ફતેહ અને વિજય ન મળ્યો, પણ એનાથી વાસ્તવમાં ઘણો મોટો ફાયદો થયો કે, ટૂંક સમયમાં ખરાબ લોકોને પકડી પકડીને કાપી નાખવામાં આવ્યા, અને આજ સુધી એની અસર જોવા મળી રહી છે.

મિલ્લતે ઈસ્લામ કો મિલતા હય એક દરસે હયાત
કૈસે ભૂલેં હમ તેરા યવમે શહાદત અય હુસૈન !

## ★ ઈમામે પાકની શક્તિનો ઉલ્લેખ ★

હઝરત ઈમામ પાકે ઈસ્લામના લાચારીવાળા કાયદા પર અમલ કેમ ન કર્યો અને યઝીદની વિરૂધ્ધમાં પગલાં લેવાની તાકીદી કાર્યવાહી

શા માટે કરી ?! જેને હઝરત ઈમામે પાકે પોતાની યુધ્ધની શક્તિ દર્શાવતાં ફર્માવ્યું :–

અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૧૬૧ માં છે :– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ આપને રોક્યા. (કૂફાના સફરે જવાથી) પરંતુ હઝરત હુસૈને પરત જવાનો અસ્વીકાર કર્યો, એના પર હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એમને ગળે લગાડયા અને રડી પડયા અને ફર્માવ્યું, હું એક શહીદને અલ્લાહના હવાલે કરું છું અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પણ રોક્યા, તો હઝરત હુસૈને ફર્માવ્યું કે મારી પાસે ૪૦,૦૦૦ માણસોની ખબર આવી છે કે એમણે તલાક અને ઈતાકની કસમ ખાધી છે. (એટલે તેઓ વાયદો પૂરો ન કરે તો એમની પત્નીઓને તલાક થઈ જાય અને એમની મિલ્કતમાં જેટલા ગુલામ હોય તે મુક્ત થઈ જાય) કે તેઓ મારી સાથે છે.

આ રિવાયતથી જાણવા મળ્યું કે હઝરત ઈમામે પાકને કૂફાવાળાની કસમો પર ભરોસો હતો અને એને લઈને જ આપ કૂફાના સફરે રવાના થયા, પણ કૂફાવાળા ફરી ગયા અને આપ એકલા પડી ગયા અને એમાં આપે શહીદ થવું પડયું. પણ હઝરત ઈમામ પાકની હિંમત પર કુર્બાન ! એમણે અંતિમ સમય સુધી યઝીદની બયઅતની વાત ન સ્વીકારી, અને એ સાબિત કરીને રહ્યા કે હુસૈન જેવો નબીનો પુત્ર જન્નતી યુવાનોનો આગેવાન દીનના નામ પર ફાસિક અને ખુલ્લમ ખુલ્લા ગુનાહો કરનારને કબૂલી શક્તો નથી !

ઘર લૂંટાના સર કટાના કોઈ તુઝસે સીખ લે
જાને આલમ હો ફિદા અય ખાનદાને અહલે બયત !

## ★ યઝીદની બદ્અમલી કયા પ્રકારની ? ★

અલ્બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૫માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે કે એ રિવાયત કરવામાં આવી કે, યઝીદની બાબત એ મશહૂર છે કે એ વાજિંત્રો, દારૂ પીવું, ગાયનો સાંભળવા, શિકાર કરવો, યુવાન છોકરાઓ અને ગાવાવાળીઓ અપનાવવી, કૂતરા રાખવા, આખલા, ઘેટાં અને વાંદરાઓમાં મુકાબલો કરાવવો (વગેરેમાં) લાગેલો રહેતો હતો.





وَمَامِنْ يَوْمٍ اِلَّا يُصْبِحُ فِيْهِ مَخْمُوْرًا "કોઈપણ સવાર એવી ન હોતી જેમાં એ નશામાં ન હોય." એ વાંદરાને ઝીનથી શણગારેલ ઘોડા પર બંધાવતો અને દોડાવતો, વાંદરાને સોનાની ટોપી પહેરાવતો અને આમ જ છોકરાઓને એ ઘોડાઓની રેસ પણ કરાવતો. જ્યારે વાંદરો મરી જતો તો એના પર શોક કરતો. (અહલે બયતના યુવાનોને મારી નાખવા પર એને અફસોસ ન થયો પણ વાંદરાને મરી જવાથી એને શોક થતો. અલ્લાહની પનાહ !)

(આ તે કામો છે જેને ૧૪૦૦ વર્ષ પછી આપણે એક સામાન્ય મુસલમાન માટે પણ માન્ય નથી રાખી શક્તા, પણ એ પ્રકારનાં ખરાબ કામો ઉત્તમકાળમાં કહેવાતો મુસલમાનોનો ખલીફો કરી રહ્યો છે. તો પછી એવા વ્યક્તિની સત્તાને મુસલમાન માન્ય રાખી શકે છે ! અને જ્યારે સામાન્ય મુસલમાન માન્ય ન રાખે તો પછી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્ર અને નવાસા ઈમામે હુસૈન رضی اللہ عنہ કેવી રીતે માન્ય રાખે ?! **જ્યારે આવો વ્યક્તિ મુસલમાનોની નમાઝનો ઈમામ નથી બની શક્તો તો પછી એ ધર્મના સંચાલનનો આગેવાન કેવી રીતે બની શકે છે ?!**

અલબિદાયા, ભાગ–૮, પેજ–૨૩૦ માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે :–

وَكَانَ فِيْهِ اَيْضًا اِقْبَالٌ عَلَى الشَّهَوٰتِ وَتَرْكُ بَعْضِ الصَّلٰوٰتِ فِىْ بَعْضِ الْاَوْقَاتِ

"યઝીદમાં વાસનાઓનો ગલ્બો અને અમુક સમયે અમુક નમાઝો છોડી દેવાની વાત હતી."

## ★ યઝીદના પુત્રની ગવાહી ★

યઝીદના મરણ પછી એના પુત્ર મુઆવિયાને અમીર બનાવવામાં આવ્યો તો તેણે પોતાના ખુત્બામાં પોતાના બાપની બુરાઈ કરી અને ખરાબ કાર્યોથી લોકોને વાકેફ કર્યા. સવાઈકે મુહરેકા, પેજ–૩૩૬ પર છે, અલ્લામા ઈબ્ને હજર મક્કી રિવાયત કરતાં લખે છે :

ثُمَّ قُلِّدَ اَبِى الْاَمْرَ وَكَانَ غَيْرَ اَهْلٍ لَّهٗ "પછી સત્તાનો હાર મારા

બાપના ગળામાં નાખવામાં આવ્યો અને એ એના લાયક ન હતો. રસૂલુલ્લાહ ﷺના નવાસા સાથે લડયો, એમની ઉંમર ઓછી કરી નાખી, એમના વંશને નષ્ટ કર્યો, એ પોતાની કબરમાં પોતાના ગુનાહોને લઈને કેદી છે.'' પછી રડયો અને કહ્યું, ''અમારા માટે વધારે કષ્ટદાયક એની બુરી મૌત અને બુરું ઠેકાણું જાણવું છે. એણે રસૂલુલ્લાહ ﷺની ઈતરતને કતલ કરી :–

اَبَاحَ الْخَمْرَ وَضَرَبَ الْكَعْبَةَ ''દારૂ હલાલ કર્યો અને કા'બા તોડી નાખ્યું.''

(પુત્રથી વધીને ગવાહી કોની થઈ શકે છે જેણે પોતાના બાપના કારનામાં પબ્લિક સમક્ષ રાખ્યાં અને એના ખિલાફતના લાયક ન હોવું જાહેર કર્યું.)

## ★ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

મુહદ્દિષે દહેલ્વી હઝરત અબ્દુલહક્ક رحمۃ اللہ علیہ પોતાની કિતાબ તકમીલુલ ઈમાન, પેજ–૨૯૨, પર વર્ણન કરે છે : યઝીદ ઈમામે હુસૈનના હોવા છતાં અમીર કેવી રીતે બની શકે છે ? અને મુસલમાનોની સંમતિ (ઈજમાઅ અને એકમતી) એના પર કેવી રીતે જરૂરી ઠરી શકે છે ! (યઝીદની) વાત માન્ય રાખવાથી નારાજ હોવાનું એલાન કરી ચૂક્યા હતા, મદીના મુનવ્વરાથી અમુક લોકો એની (યઝીદ) પાસે સિરિયામાં જબરજસ્તી પહોંચાડવામાં આવ્યા ! પરંતુ યઝીદના પસંદ ન આવે એવા અમલો જોઈને મદીના મુનવ્વરા પરત ચાલ્યા આવ્યા અને બયઅત તોડી નાખી, અને એ લોકોએ બધાની વચમાં કહ્યું કે એ (યઝીદ) ખુદાનો દુશ્મન છે, દારૂ પીએ છે, નમાઝ છોડે છે, વ્યભિચારી અને ફાસિક છે, શરઈ કાયદાના આધારે જે સ્ત્રીઓ સગાઈને કારણે હમેશાં માટે હરામ છે તેનાથી ઝિના કરવામાં પણ રોકાતો નથી.

મુહદ્દિષ સાહબના કહેવાનો ભાવાર્થ એ છે કે જે લોકોએ જોયા વિના યઝીદની બયઅત કરી લીધી હતી તેમણે જ્યારે આંખોથી યઝીદના ખરાબ કામો જોયાં તો તેમણે યઝીદને ખુદાનો દુશ્મન કહ્યો, એનાં ખરાબ કામોથી લોકોને વાકેફ કર્યા અને અજાણતામાં જે બયઅત કરી હતી તે





તોડી નાખી. એટલે યઝીદની સત્તા પર મુસલમાનોની એકમતી હતી એવું કહેવું તદ્દન ખોટું અને પાયા વિનાની વાત છે.

## ★ આ'લા હઝરતનું મંતવ્ય ★

ફતાવા રઝવિય્યા, ભાગ–૬, પેજ–૧૦૭, ૧૦૮ માં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : યઝીદ નાપાક (જેના પર એના લાયક અલ્લાહની પકડ !) નિઃશંક ! યકીનન ! અહલે સુન્નતના ઈજમાઅ (એકમતી)થી ફાસિક, ફાજિર (બદ્અમલ) જરી અલલ કબાઈર (કબીરા ગુનાહને પણ કરવામાં જેનો ડર ન હોય) હતો, આટલા પર અહલે સુન્નતના ઈમામોની એકમતી અને સંમતિ છે. માત્ર એને કાફિર કહેવામાં (એને નામ લઈને) લઅનત કરવામાં વિવાદ કર્યો. ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ એમના શુભેચ્છકો અને માનવાવાળાઓ એને કાફિર કહેતા, અને ખાસ કરીને એનું નામ લઈને લઅનત કરતા, અને આયતે કરીમા એના પર પુરાવા તરીકે લાવે છે :–

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِی الْاَرْضِ وَتُقَطِّعُوْا اَرْحَامَكُمْ اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَاَعْمٰی اَبْصَارَهُمْ

''શું નજીક છે કે દેશના આગેવાન બનો તો જમીનમાં ફસાદ ફેલાવો અને પોતાની સગાઈનો સંબંધ તોડી નાખો. આ છે તે લોકો જમનાં પર અલ્લાહએ લઅનત ફર્માવી તો એમને બહેરા અને આંધળા કરી આપ્યા.'' શંકા નથી કે યઝીદે દેશનો વાલી બનીને જમીનમાં ફસાદ ફેલાવ્યો, હરમૈન તય્યબૈન (મક્કા અને મદીના) અને પોતે કા'બા મુઅઝ્ઝમા અને રૌઝએ તય્યબાની ઘણી જ બેઈજ્જત કરી (જેનો અમે અલગથી ઉલ્લેખ કરીશું) મસ્જિદે કરીમામાં ઘોડા બાંધ્યા, એમની લીંદ અને પેશાબ મિમ્બરે અતહર પર પડયું, ત્રણ દિવસ મસ્જિદે નબી ﷺ અઝાન અને નમાઝ વિના રહી. મક્કા, મદીના અને હિજાઝમાં હજારો સહાબા અને તાબઈન નિર્દોષ શહીદ કર્યા, કા'બા મુઅઝ્ઝમા પર પથ્થર ફેંક્યા, ગિલાફ શરીફ ફાડયો અને સળગાવ્યો, મદીના તય્યૈબાની પાકદામન નેક સ્ત્રીઓને ત્રણ દિવસ સુધી પોતાના ખબીષ

સૈન્ય માટે હલાલ કરી આપી. રસૂલુલ્લાહ ﷺ ના કલેજાના ટુકડાને ત્રણ દિવસ ખાધા પીધા વગર રાખી સાથે રહેવાવાળાઓ સહિત જુલ્મની તલ્વારથી કતલ કર્યા, મુસ્તફા ﷺ ના ખોળામાં પોષણ થયેલ લાડમાં રહેલ બદન પર શહાદત પછી ઘોડા દોડાવવામાં આવ્યા કે સઘળાં હાડકાં મુબારક તૂટી ગયાં. પ્રકાશિત માથુ જે મુહમ્મદ ﷺ ના ચૂમવાની જગા હતું તેને કાપીને ભાલા પર ચઢાવ્યું, અને જગા જગા ફેરવ્યું, હરમે મુહતરમ, પર્દામાં રહેનારીઓ, રિસાલતની મુશ્કથી મહેકતી પાકીઝા સન્નારીઓને બંદી બનાવવામાં આવી અને બેઈજ્જતીની સાથે એ ખબ્વીસના દરબારમાં લાવવામાં આવી. એનાથી વધીને સગાઈ તોડવી અને જમીનમાં ફસાદ શું હશે ! મલ્ઊન છે ! (અલ્લાહની રહમતથી દૂર !) એ જે આ મસ્ઊન હરમતોને ફિસ્કો ફોજૂર ન સમજે. કુર્આને અઝીમમાં સ્પષ્ટ શબ્દોમાં એના પર લઅનહુમુલ્લાહ ફર્માવ્યું. એટલે ઈમામે અહમદ અને એમના શુભેચ્છકો એના પર લઅનત કરે છે. અને અમારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ લઅનત અને કાફિર કહેવાથી ઉત્તમતા પર અમલ કરવા ચૂપ રહેવું કે એનાથી ફિસ્કો ફોજૂર (બદ્ અમલી) મુતવાતિર (એટલે રિવાયત કરનારથી સાબિત છે જેમનું જૂઠ પર સંમત થવું આદતના આધારે અશક્ય છે) છે કુફ્ર મુતવાતિર નથી. (કુફ્રનો પુરાવો રિવાયતના આધારે એટલો સશક્ત નથી) શંકાસ્પદ હોવાથી કબીરા ગુનાહનો સંબંધ જોડવો જાઈઝ નથી, ન કે તકફીર, અને વઈદો (કુર્આન અને હદીષની ધમકીઓ) મશરૂત બેઅદમે તૌબા છે. (એટલે તૌબા ન કરે તો એ પ્રમાણે અઝાબ થાય, સાચી તૌબા કરી લે તો માફ થઈ જાય છે.) અલ્લાહ તઆલાના ફર્માનને લઈને فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا اِلَّا مَنْ تَابَ (નિકટમાં તેઓ ગયની ખાડીમાં જશે પણ જેમણે તૌબા કરી. એટલે કે તૌબા કરનાર પરથી ધમકીનો હુકમ ઉઠી જાય છે.) તૌબા સકરાત સુધી માન્ય છે અને એના ન હોવા પર યકીન નથી, અને આ જ સેફ અને સલામતીનો માર્ગ છે. પરંતુ એના ફિસ્કો ફોજૂર (બદ્અમલી)નો અસ્વીકાર કરવો અને મઝલૂમ ઈમામ પર આક્ષેપ રાખવો મઝહબે અહલે સુન્નતની જરૂરી વાતોનો વિરોધ છે. ગુમરાહી તથા કુમાર્ગી હોવું સ્પષ્ટ છે. બલ્કે ન્યાયની વાત એ છે કે એ દિલથી આ પ્રમાણે વિચારી નથી શકાતું જેમાં રસૂલુલ્લાહ





ﷺ ની મહબ્બતનો છાંટો હોય કે જેવું યઝીદે કર્યું.

وَسَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْٓا اَيَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ

(જાલિમ લોકો નિકટમાં જ જાણી લેશે કે કેવો પલ્ટો ખાશે.)

ફતાવા રઝવિય્યા, ભાગ–૬, પેજ–૧૧૪ માં આ'લા હઝરત ફર્માવે છે : યઝીદ નિઃશંક ! નાપાક હતો, એને નાપાક કહેવું અને લખવું જાઈઝ છે, અને એને રહ્મતુલ્લાહિ તઆલા અલૈહિ નાસેબી જે અહલે બયતનો દુશ્મન છે તે જ કહેશે. (એટલે કે કોઈ સુન્ની આ પ્રમાણેની વાત કરી શક્તો નથી.)

(આ'લા હઝરતના લખાણથી પણ સ્પષ્ટ થયું કે યઝીદ ખરાબ માણસ હતો, ખિલાફતના લાયક ન હતો. એની સત્તા જુલ્મ પર આધારિત હતી. એનું સૌથી અધિક ખરાબ કૃત્ય અહલે બયતને જુલ્મથી સત્તા માટે શહીદ કરવું છે.)

## ★ હઝરત મુલ્લા અલી કારીનું મંતવ્ય ★

હઝરત મુલ્લા અલી કારી શરહે ફિકહે અકબર, પેજ–૮૭ ફર્માવે છે : અમુક જાહિલ જે કહે છે કે ઈમામ હુસૈને યઝીદ સાથે બગાવત (દગાબાજી) કરી, તો આ અહલે સુન્નત વલ જમાઅતના નજીક ખોટુ છે, અને આ પ્રમાણેની બોલી ખારજીઓના બકવાસમાંથી છે જેઓ અહલે સુન્નત વલ જમાઅતથી બહારના છે.

(એટલે કે હઝરત ઈમામે પાક એની ખિલાફતનો વિરોધ ઉઠાવવામાં સત્ય માર્ગે હતા અને યઝીદ એમાં ખોટો હતો. ખરાબ વ્યક્તિ જેની ખરાબીઓથી દીનના ખરાબ થવાનો ભય લાગે તેવાને સત્તા પરથી હટાવવો જ જોઈએ. એટલે ઈમામે પાકે આ કામ કર્યું અને આપ હક્કને બચાવવા શહીદ થયા છે.)

## ★ અલ્લામા તફતાઝાનીનું મંતવ્ય ★

અલ્લામા સઅ્દુદ્દીન તફતાઝાની رحمۃ اللہ علیہ શરહે અકાઈદે નસફી, પેજ–૧૧૭ પર ફર્માવે છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના કતલ, અને અહલે બયતે નબુવ્વતની તૌહીન અને બેઈજ્જતી પર

યઝીદની રેઝા અને ખુશી તવાતુરથી સાબિત છે. એટલે અમે એની જાત બાબતે રોકાશું નહીં. (એને ખરાબ કહીને જ રહીશું) પણ એના ઈમાન બાબત રોકાશું. (એટલે એને કાફિર તથા મુસ્લિમ કંઈ કહીશું નહીં એની બાબત આ વાતમાં ચૂપ રહીશું.)

## ★ વીસ કોરડાનો કાયદો ★

તારીખુલ ખુલફા, ભાગ–ર માં છે : નવફલ બિન અબુલ ફુરાત કહે છે કે હું એક દિવસ ઉમવી ખલીફા હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ પાસે બેઠેલો હતો. એટલામાં યઝીદની વાત આવી, તો એક વ્યક્તિએ યઝીદને અમીરુલ મુ'મિનીન યઝીદ બિન મુઆવિયા કહ્યું. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ વ્યક્તિને કહ્યું કે તું એને અમીરુલ મુ'મિનીન કહે છે ! પછી આપે હુકમ આપ્યો કે યઝીદને અમીરુલ મુ'મિનીન કહેવાવાળા આ વ્યક્તિને વીસ કોરડા ફટકાડવામાં આવે.

(એટલે કે આટલા ખરાબ બદ્અમલ, જાલિમ યઝીદને મુસલમાનોનો અમીર કહેવું ખરાબ વાત છે. ઈમાનવાળા વ્યક્તિના મોઢા પર એવા અપ શબ્દો આવવા ન જોઈએ. કોઈ હિંમત ન કરે એટલે આપે કહેનારને વીસ કોરડા મારવાનો હુકમ આપ્યો. નિકટના જમાનાના લોકોને વધારે ખબર હતી કે સારો કોણ અને ખરાબ કોણ ? નિઃશંક ! હઝરત ઈમામે પાક رضی اللہ عنہ હક્ક પર હતા અને યઝીદ ફાસિક હતો.)

## ★ મૌદૂદી સાહબનું મંતવ્ય ★

અબુલ આ'લા મૌદૂદી સાહબ જમાતે ઈસ્લામી પંથના વડા છે, અકીદાના આધારે અમારો એમનાથી દૂરનો પણ સંબંધ નથી, પરંતુ અમે એ સાબિત કરવા માંગીએ છીએ કે યઝીદ ખરાબ વ્યક્તિ હતો એને હક્ક કહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તો અમારી આ વાતમાં મૌદૂદી સાહબનું મંતવ્ય પણ આપણા લોકોથી મળતું આવે છે.

ખિલાફતો મોલૂકિયતમાં લખે છે કે, ''યઝીદનું સત્તાધારણ કરી પછી તખ્ત પર બેસવાથી વાસ્તવમાં જે ખરાબીનો આરંભ થઈ રહ્યો હતો તે ઈસ્લામી સત્તાનો કાયદો અને મિજાઝ અને એના મકસદનું બદલાવું હતું, એ બદલતી હાલતને ઈમામે હુસૈનની દૂરનું જોતી





નિગાહોએ જોઈ લીધી હતી. એને સાચા ઈસ્લામી કાયદા પર લાવવા માટે જ ઈમામે પાકે પોતાની જાન સુધ્ધાં દઈ દેવાનો ફેંસલો કર્યો.''

મૌદૂદી સાહબના કહેવાનો ભાવાર્થ એ છે કે યઝીદની સત્તા ઈસ્લામી પ્રદેશને ઈસ્લામી તરીકાથી હટાવવા માટે જ હતી, હઝરત ઈમામે પાકને પ્રથમથી એ ખબર પડી ગઈ હતી કે આ વ્યક્તિના હાથમાં સત્તા જવાથી શું થવાનું છે, એટલે આપે બયઅત ન કરી, અને ઈસ્લામી સત્તાને ઈસ્લામી તરીકા પર લાવવા માટે પોતાની જાનની બાજી લગાડી દીધી, એટલે ઈમામે પાક હક્ક પર હતા અને યઝીદ નાહક્ક હતો, ખિલાફતના લાયક ન હતો.

## ★ કારી તૈયબ સાહબનું મંતવ્ય ★

કારી તૈયબ સાહબ દેવબંદી ધર્મના વડા છે, દારુલ ઉલૂમ દેવબંદના પ્રમુખ પણ રહી ગયા છે તેઓ લખે છે : યઝીદના ફિસ્કો ફોજૂર (બદ્અમલી) પર જ્યારે કે સઘળા સહાબાએ કિરામ સંમત છે. બયઅત કરનારાઓ હોય કે ન કરનારાઓ હોય, પછી મુજતહિદ ઈમામો પણ સંમત છે, અને એ પછી મહાન આલિમો, મુહદ્દિષો, ફકીહો જેમ કે અલ્લામા કસ્તલાની, અલ્લામા બદરુદ્દીન ઐની, અલ્લામા હયતમી, અલ્લામા ઈબ્ને જૌઝી, અલ્લામા સઅદુદ્દીન તફતાઝાની, મુહક્કિક ઈબ્ને હુમામ, હાફિઝ ઈબ્ને કષીર જેવા મુહક્કિક યઝીદના ફિસ્ક પર પૂર્વજ આલિમોની સંમતિ વર્ણન કરે છે, અને પોતે પણ એ જ કહે છે. તો એનાથી વધીને યઝીદના ફિસ્ક પર સર્વસંમતિની શહાદત બીજી કઈ થઈ શકે છે ! *(શહીદે કરબલા ઔર યઝીદ, પેજ–૧૫ર)*

(કારી સાહબના કહેવાનો ભાવાર્થ એ છે કે અહલે સુન્નતના આલિમોની પહેલાંથી લઈને આજ સુધી એ વાત પર એકમતી રહી છે કે યઝીદ બદ્અમલ હતો. અને જ્યારે એ બદ્અમલ હતો તો એ ખિલાફતના લાયક ન થયો, અને નાલાયક સાથે વિવાદ કરવાથી અને હક્કનો અવાજ ઊંચો કરવાથી કતલ થવું શહાદત છે.)

## ★ એક નદવી આલિમનું મંતવ્ય ★

મૌલ્વી મુઈનુદ્દીન નદવી પોતાની કિતાબ તારીખુલ ઈસ્લામમાં

લખે છે કે યઝીદ એક બેપરવા માણસ હતો. મદીના મુનવ્વરા, બસરા અને અમુક જગાઓની જમાઅતોએ હઝરત અમીર મુઆવિયા સામે યઝીદને વાલી બનાવવાનો અભિપ્રાય ન આપ્યો હતો, પરંતુ અમુક લોકોને ડરાવી ધમકાવીને અને રૂપિયાની લાલચ આપીને યઝીદની બયઅત લેવામાં આવી. અને યઝીદની સત્તાએ ખિલાફતની રૂહ અને ઈસ્લામી સ્વતંત્રતાને નષ્ટ કરી નાખી. *(તારીખુલ ઈસ્લામ, ભાગ–૨)*

(એટલે કે ઈસ્લામ તરફથી મુસલમાનનાં આગેવાનોને અને આલિમો તથા મુફ્તીઓને એ હક્ક આપવામાં આવ્યો છે કે તેઓ કોઈ લાયક વ્યક્તિને મુસલમાનોનો ખલીફા બનાવે, જેનાથી દીન અને દુનિયા બંને અલ્લાહ અને રસૂલની ઈચ્છા પ્રમાણે ચાલે, પણ એ કરવામાં ન આવ્યું. બલ્કે ખિલાફતને વારસો સમજીને કબ્જી હેઠળ કરવામાં આવી.)

## ★ મોલ્વી થાનવીનું મંતવ્ય ★

દેવબંદી જમાતના વડા આલિમ મૌલ્વી અશરફ અલી થાનવી પોતાના ફતાવામાં લખે છે : યઝીદ ફાસિક હતો, અને ફાસિકની સત્તા વિવાદાસ્પદ છે. બીજા સહાબાએ જાઈઝ સમજી (લાચારી અને મજબૂરીથી) હઝરતે ઈમામે નાજાઈઝ સમજી. અને ભલે મજબૂરીમાં માની લેવું જાઈઝ હતું પણ વાજિબ (જરૂરી) ન હતું. હક્ક સાથે હોવાને લઈને આ મઝલૂમ (જેમની ઉપર જુલ્મ થયો) હતો, અને જુલ્મથી કતલ કરવામાં આવેલો શહીદ થાય છે. શહાદત ગઝવા (મુસલમાનનું યુદ્ધ કાફિર સાથે) સાથે ખાસ નથી. તો અમે આ મઝલૂમિયતને કારણે એમને (હઝરત ઈમામ હુસૈનને) શહીદ માનીશું. રહી ગઈ વાત યઝીદની તો આ લડાઈમાં એને મા'ઝૂર (જેનું કારણ માન્ય રાખી લેવામાં આવે) નથી કરી શક્તા કે એ મુજતહિદથી પોતાનું અનુસરણ કેમ કરાવતો હતો. ખાસ કરીને ત્યારે કે હઝરત ઈમામ અંતમાં ફર્માવવા પણ લાગ્યા હતા કે હું કંઈ કહેતો નથી, એને દુશ્મની જ હતી, તો ઈમામે હુસૈનના કતલનું કારણ આ જ હતું. (દુશ્મની) જે કબ્જો જમાવી લે તેની વાત માની લેવાના જાઈઝ હોવાની વાત અલગ છે, પણ કબ્જો જમાવી લેવો ક્યાં જાઈઝ છે, ખાસ કરીને જે એના લાયક ન હોય, એના પર પોતે જ વાજિબ હતું કે નિવૃતી લઈ લેતો, પછી અહલે હલ્લમો અકદ





(આગવાનો, આલિમો, મુફતીઓ વગેરે) કોઈને ખલીફા બનાવી લેતા. *(ઈમ્દાદુલ ફતાવા, ભાગ–૪, પેજ–૪૬૫)*

(થાનવી સાહબના કહેવાનો ભાવાર્થ એ છે કે ઈમામ સાહબ હક્ક પર હતા અને યઝીદ નાહક્ક પર તથા ફાસિક, એને ખલીફા બનાવવાનો કોઈ હક્ક ન ન પહોંચતો હતો. એટલે ઈમામે પાકને શહીદ માનવામાં આવશે. શહાદતની પ્રાપ્તિ માટે એ જરૂરી નથી કે યુધ્ધ કાફિરો સાથે જ હોય, એ જરૂરી છે કે કતલ થનાર સાથે હક્ક હોય, અને અહીં ખિલાફતના વિવાદમાં હક્ક ઈમામે પાક સાથે હતો. અને થાનવી સાહબે એક સવાલનો જવાબ આપ્યો કે ખિલાફતના લાયક વ્યક્તિ ન હોય પણ જો એ કબ્જો જમાવી લે તો શરઈ હુકમમાં એની વાત માનવામાં આવશે. જે કહેવામાં આવ્યું એ અલગ વાત છે પણ એવા વ્યક્તિએ કબ્જો જમાવી લેવો ક્યાં જાઈઝ છે. એણે તો આપમેળે રાજીનામુ આપી દેવું જોઈએ અને પછી શરઈ અને ઈસ્લામી તરીકા પર ખલીફાને નિયુક્ત કરવાનો અધિકાર આપવો જોઈએ.

સાચો જવાબ એ છે જે હઝરત અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના ફતાવામાં વર્ણન થયું. (મુહદ્દિષ દહેલ્વીનું મંતવ્ય)

**સવાલ** : તમે ખિલાફતના પ્રકારના ચોથા પ્રકારમાં બે ભાગ કર્યા હતા, તેમાં એક ભાગ ખિલાફતના લાયક વ્યક્તિ માટે રાખ્યો જે સુલેહથી પૂરો કબ્જો કરે, અને બીજો પ્રકાર નાઅહલ માટે છે જે જબરન કબ્જો જમાવી લે તો એની વાત શરીઅતના વર્તુળમાં માન્ય રાખવામાં આવશે. તો શું યઝીદની સત્તા આ ચોથા પ્રકારથી હતી કે વર્ણન થયેલ પ્રકારમાંથી બીજા પ્રકારની. કારણ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہما એ પોતાની હયાતીમાં યઝીદની ખિલાફત માટે બયઅતની કોશિશ શરૂ કરી આપી હતી.

## ★ કોઈ પણ પ્રકાર દલીલ માટે અસંપૂર્ણ ★

**જવાબ** : ખિલાફતના પ્રકારમાં પ્રથમ ત્રણ પ્રકાર અહલ માટે ખિલાફતે રાશિદા સંબંધિત હતા, અને ચોથો પ્રકાર મજબૂરીની સાથે જવાઝના દરજામાં લાવવામાં આવ્યો છે કે કોઈ બની બેસે તો શું કરવાનું,

મુસલમાનોમાં ખૂનમરકી ન થાય તેને લઈને વિવાદ નહીં કરવાનો. પણ જ્યાં સુધી એના કબ્જાની વાત છે તો એ (કબજો જે કર્યો તે) જાઈઝ નથી. સુલેહથી હોય તો જ અહલ (લાયક વ્યક્તિ) માટે જાઈઝ ગણવામાં આવશે. પણ હું તમને હદીષથી બતાવી ગયો કે ખિલાફતે રાશિદા ત્રીસ વર્ષ રહેવાની હતી જેને લઈને તો ઈમામે હુસૈન رضی اللہ عنہ સુલેહ કરીને ખિલાફતથી રાજીનામુ આપી દીધું. કારણ કે હવે ખિલાફત નથી રાજપાટ છે અને એમણે રાજપાટમાં જવું ન હતું, અને અમીરે મુઆવિયા رضی اللہ عنہ ને ઈસ્લામી સત્તામાં પ્રથમ રાજા માનવામાં આવે છે. ખલીફએ રાશિદમાં એમની ગણતરી નથી. પછી યઝીદ માટે ખિલાફતનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય છે. અમીરે મુઆવિયા رضی اللہ عنہ લાયક હતા તો ખલીફએ રાશિદ નથી તો પછી યઝીદ ફાસિક થઈને ખલીફાના વર્તુળમાં કેવી રીતે આવે ?! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રાજા તો પછી યઝીદ પણ એ જગાએ રાજા છે એટલે ત્રણ પ્રકારમાં એની ગણતરી થઈ શક્તી નથી. નિઃશંક ! એને ચોથા પ્રકારના બીજા ભાગમાં ગણવામાં આવશે પણ એમાં કબ્જાનો હુકમ છે કે સમ્રગ પ્રદેશ પર એનો કબ્જો થઈ ગયો તો મજબૂરન એને સ્વીકારી લેવામાં આવશે, પણ મુહદ્દિષ દહેલ્વી અબ્દુલ અઝીઝ સાહબે આપણને એનો પણ જવાબ આપ્યો કે જ્યારે સહાબા અને આગેવાનોએ બયઅત ન કરી હતી. કૂફા અને બીજી જગાઓ બયઅતથી બાકી હતી, પછી પૂરો કબ્જો થયો જ નથી એટલે કબ્જાવાળો હુકમ પણ અહીં લાગુ પડતો નથી.

## ★ બયઅત મદદ માટે હતી ★

**સવાલ** : પછી ઈમામ પાકે કૂફામાં પોતાની ઈમામતની બયઅત કેમ કરાવી ?

**જવાબ** : ઈમામ પાક رضی اللہ عنہ એ કૂફાવાળાઓ પાસે યઝીદની વિરૂધ્ધમાં મદદ માટે બયઅત કરાવી હતી કે યઝીદને પૂરો કબ્જો કરવા દેવામાં ન આવે એને અટકાવી દેવો એવો આપનો મૂળ હેતુ હતો. એટલે જ્યારે આપને કૂફામાં સાથ ન મળ્યો અને દગાબાજી થઈ તો આપે કહ્યું હતું કે મને એકાંત જગા પર ચાલ્યા જવા દો. સ્પષ્ટ થયું કે ચોથા પ્રકારના બીજા ભાગમાં પણ યઝીદની સત્તા નથી જતી. અને ઈમામે પાકની લડાઈ





દીન અને ધર્મને બચાવવા માટે હતી.

## ★ શું હત્યા યઝીદે કરાવી ? ★

**સવાલ** : અમુક લોકોનું કહેવું એવું છે કે ઈમામે પાક સાથે યુધ્ધ યઝીદે ન કર્યું હતું, ઈબ્ને ઝિયાદ જેને ગવર્નર બનાવીને કૂફામાં રાખવામાં આવ્યો હતો તેના હુકમથી સૈન્યએ કર્યું હતું, પછી યઝીદને કાતિલ કહેવો ક્યાંનો ન્યાય છે ?!

**જવાબ** : એક બે વ્યક્તિની લડાઈની વાત હોય તો એમાં બીજા લોકોને સંડોવવા પુરાવા વગર ન્યાયની વાત ન કહેવાય, પણ આપણી ચર્ચા થઈ રહી છે એમાં સત્તાની વાત છે. **સત્તા યઝીદની હતી, વિવાદ યઝીદની બયઅત ન કરવાનો હતો, પછી જે કંઈ થયું તે યઝીદને લઈને જ થયું, પછી તલ્વાર ગમે તેની હોય પણ હુકમ તો સત્તધારીનો જ હોય છે.** જ્યારે તે સમયમાં મોટા મોટા કબીલાના લોકોને બોલવાની હિંમત ન હતી, સત્તાના હાથ નીચે રહેનાર આપમેળે કાંઈ કરવું હોય તો કેવી રીતે કરી શકે ? સ્પષ્ટ થયું કે હુકમ આપનાર યઝીદ છે એટલે કાતિલ યઝીદ જ કહેવાશે.

## ★ મુહદ્દિષે દહેલ્વીનો જવાબ ★

હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તકમીલુલ ઈમાનમાં ફર્માવે છે :–

અમુક લોકો કહે છે કે યઝીદે ઈમામે હુસૈનના કતલનો હુકમ નથી આપ્યો અને ઈમામે હુસૈનની શહાદત પર એ ખુશ પણ ન હતો. હઝરત હુસૈન અને અહલે બયત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની શહાદતથી એ ક્યારે પણ ખુશ નથી થયો એ વાત અમારા નજીક બેકાર અને ખોટી છે. કારણ કે બદ્‌નસીબનું અહલે બયતે નબુવ્વત સાથે દુશ્મની રાખવી અને એમના કતલથી ખુશ થવું એમની બેઈજ્જતી કરવી માનવી તરીકાથી તવાતુરના દરજે પહોંચી ગયું છે. અને એ વાતનો ઈન્કાર બદ્‌માશી અને હઠ છે. *(તકમીલુલ ઈમાન, પેજ–૨૯૨)*

મુહદ્દિષ સાહબના જવાબનો મતલબ એ છે કે શબ્દોના આધારે

નહીં પણ અર્થના આધારે એટલી રિવાયતો મળી છે કે એને ખોટી નથી કહી શક્તા. એટલે નિઃશંક ! યઝીદના કહેવાથી જ જે કંઈ થયું હતું તે થયું હતું.

## ★ ઈબ્ને અબ્બાસનું ફર્માન ★

તારીખે કામિલમાં છે : હઝરત સૈયેદોના અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ યઝીદને ઈમામ હુસૈનનો કાતિલ સાબિત કર્યો છે. *(તારીખે કામિલ, ભાગ–૮, પેજ–૧૨૮)*

## ★ ઈબ્ને ઝિયાદનું કહેવું ★

ઈબ્ને ઝિયાદ કૂફાનો ગવર્નર હતો અને એણે જ ઈબ્ને સઅદને સૈન્ય લઈને ઈમામે પાક رضی اللہ عنہ ના મુકાબલા માટે મોકલ્યો હતો. એ જ ઈબ્ને ઝિયાદ જ્યારે યઝીદની મૌત પછી સિરિયાના સફરે હતો ત્યારની વાત છે :–

યઝીદની મૌત પછી ઈબ્ને ઝિયાદ પોતાના ખાસ દોસ્ત સાથે સિરિયાના સફરે હતો, તો રસ્તામાં પોતાની સવારી પર ઊંડી ચિંતામાં હતો, અને સફરના સાથી મુસાફિર બિન શુરૈહએ કહ્યું, શું તમે કોઈ ઊંડી ચિંતામાં વ્યસ્ત છો ? શું હું પોતે બતાવું કે તમે શું વિચારી રહ્યા છો ?! ઈબ્ને ઝિયાદે કહ્યું, બતાવો ! સફરના સાથીએ કહ્યું :–

كُنْتَ تَقُوْلُ لَيْتَنِىْ كُنْتُ لَمْ اَقْتُلْ حُسَيْنًا તમે (તમારા દિલમાં) કહી રહ્યા છો કે મેં હુસૈનને કતલ ન કર્યો હોત તો કેટલું સારું ! ઈબ્ને ઝિયાદે કહ્યું :–

اَمَّاقَتْلُ الْحُسَيْنِ فَاِنَّهٗ اَشَارَ يَزِيْدُبِقَتْلِهٖ اَوْ قَتْلِىْ فَاخْتَرْتُ قَتْلَهٗ

મારે હુસૈનને એટલા કતલ કરવું પડયું હતું કે યઝીદે મને એમના નહીં તો મારા કતલનો ઈશારો કર્યો હતો તો મેં એમને કતલ કરવું પસંદ કરી લીધું. *(કામિલ ઈબ્ને અષીર, ભાગ–૪, પેજ–૧૪૦)*

આ ઐતિહાસિક વાતથી એ વાત સ્પષ્ટ થઈ કે ઈબ્ને ઝિયાદે





ઈમામ પાકને યઝીદના કહેવા પર જ કતલ કર્યા છે. એટલે યઝીદ એમાં સંપૂર્ણ સંડોવાયેલો છે, બલ્કે એ જ કાતિલ છે.

## ★ ઈબ્ને ઝિયાદનું બહાનું ★

ઈમામ હુસૈનના શહીદ થયા પછી મક્કા અને મદીનામાં યઝીદથી બગાવત થઈ ગઈ અને લોકોએ મજબૂર થઈને માત્ર શહેરમાં બયઅત કરી હતી તે પણ તોડી નાખી હતી.

યઝીદે ઓબૈદુલ્લાહ બિન ઝિયાદને મદીના મુનવ્વરા પર હુમ્લો કરવાનો અને મક્કા મુકર્રમા હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ ને ઘેરી લેવાનો સંદેશો મોકલાવ્યો, તો એણે કહ્યું કે ખુદાની કસમ ! આ ફાસિક માટે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્રનું કતલ અને કા'બામાં લડાઈ એ બંનેને ભેગી નહીં કરું. તો એણે બહાનું બનાવી લીધું. *(કામિલ ઈબ્ને અષીર, ભાગ–૪, પેજ–૧૧૧)*

આનાથી જાણવામળ્યું કે ઈમામે પાકને કતલ કરવાનો હુકમ પણ યઝીદનો હતો અને મક્કા અને મદીના પર હુમ્લો કરી હજારો લોકોની નિર્દોષ હત્યા કરવામાં આવી તે પણ યઝીદના હુકમને લઈને જ હતું. એટલે દરેક ખરાબીમાં યઝીદ પૂરેપૂરો જવાબદાર છે એની જવાબદારીનો ઈન્કાર કરવો ધોળા દિવસે આકાશે સૂર્યનો ઈન્કાર કરવા બરાબર છે.

## ★ અલ્લામા ઈબ્ને કષીરનું મંતવ્ય ★

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૨ પર છે :–

فَسَرَّ بِقَتْلِهٖ اَوَّلًا وَحَسُنَتْ بِذٰلِكَ مَنْزِلَةُ ابْنِ زِيَادٍ عِنْدَهٗ ثُمَّ لَمْ يَلْبَثْ اِلَّاقَلِيْلًا حَتّٰى نَدِمَ

જ્યારે ઈબ્ને ઝિયાદે ઈમામ હુસૈન અને એમની સાથે આવનારાઓને કતલ કરી નાખ્યા તો એમનાં માથાઓ યઝીદ પાસે મોકલ્યાં, એમની હત્યા પર પ્રથમ ખુશ થયો અને આ વાતને લઈને ઈબ્ને ઝિયાદનો માન મર્તબો સારો થઈ ગયો, થોડા દિવસ આમ રહ્યું પછી શરમથી માથુ નમી ગયું.

## ★ અલ્લામા સિયૂતીનું મંતવ્ય ★

તારીખુલ ખુલફામાં હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી ફર્માવે છે : જ્યારે હઝરત ઈમામ હુસૈન પોતાના દોસ્તો સાથે શહીદ કરી દેવામાં આવ્યા તો ઈબ્ને ઝિયાદે એ સઘળા શહીદોનાં માથાંઓ યઝીદ પાસે રાજધાનીમાં મોકલી આપ્યાં. પ્રથમ તો યઝીદ એ કપાએલાં માથાંઓ જોઈને ખુશ થયો પણ જ્યારે સામાન્ય મુસલમાન લોકો આ કામથી નારાજ થયા અને તેની બુરાઈ કરી તો એને પણ અફસોસ થયો અને પોતાના કામ પર શરમ આવી.

## ★ યઝીદે સ્વીકાર કર્યો ★

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૨ :–

فَاَغْضَبَنِی الْبَرُّ وَ الْفَاجِرُ بِمَا اسْتَعْظَمَ النَّاسُ مِنْ قَتْلِی حُسَیْنًا مَالِیْ وَ لِابْنِ مَرْجَانَۃَ

એણે (ઈબ્ને ઝિયાદે) હુસૈનને કતલ કરી મને મુસલમાનોની નજરમાં દુશ્મન બનાવી દીધો. અને એમનાં દિલોમાં મારી દુશ્મનીના બીની રોપણી કરી. સારા અને ખરાબ બધા જ મારાથી નફરત કરતા થઈ ગયા, મારા હુસૈનના કતલ કરવાને લોકોનાં બહુ મહાન સમજવાને લઈને, મારી અને ઈબ્ને મરજાના (ઈબ્ને ઝિયાદ) પર અફસોસ !

આ પુરાવાથી એ સ્પષ્ટ થયું કે જ્યારે લોકો યઝીદથી નફરત કરવા લાગ્યા અને એને યકીન થયું કે એણે ઘણુ જ ખરાબ કર્યું છે તો પોતે કરેલા પર એણે અફસોસ કર્યો અને એમના કત્લને ઈબ્ને ઝિયાદ તરફ સંબંધિત કર્યું.

## ★ ઈબ્ને ઝિયાદને કશું કહ્યું કેમ નહીં ?! ★

જે લોકો કહે છે કે ઈમામ હુસૈનને શહીદ કરવામાં આવ્યા એમાં યઝીદનો વાંક નથી, ઈબ્ને ઝિયાદની જલ્દીથી આ બનાવ બન્યો હતો. તો આ જવાબ તેવા લોકો માટે છે કે ઈમામે હુસૈનને શહીદ કરવામાં યઝીદનો હુકમ ન હતો તો પછી ઈબ્ને ઝિયાદે જ્યારે આ કામ કર્યું અને શહીદોના મુબારક માથાંઓ એની પાસે મોકલ્યાં તો એણે ખુશી કેમ





પ્રગટ કરી ?! બીજાું એ કે જ્યારે ઈમામે પાકને શહીદ કરવું એને પસંદ ન હતું તો ઈબ્ને ઝિયાદને આટલું મહાન ગુનાહનું કામ કરવા પર પોતાની તરફથી કશું કહ્યું કેમ નહીં ? ત્રીજાું એ કે ઈબ્ને ઝિયાદથી એ એટલો ખુશ થયો કે અહલે બયતના પાક લોકોને શહીદ કર્યા પછી મક્કા અને મદીના પર હુમ્લો કરવામાં પણ યઝીદે પોતાની તરફથી ઈબ્ને ઝિયાદને જ પસંદ કર્યો અને પોતાના તરફથી એને આ કામ કરવાનો સંદેશો આપ્યો. એક કામમાં નારાજ થઈ બીજી મોટી જવાબદારી એને આપી શકાય છે, એ તો ઈબ્ને ઝિયાદના દિમાગમાં આવ્યું કે એણે જે કર્યું છે તે ખોટું છે અને હવે મક્કા અને મદીનાના મુકદસ શહેરો પર હુમ્લો પણ મારા નામએ આમાલમાં લખવામાં આવે તો એણે બહાનું કરીને એ વાત બીજા તરફ કરી આપી. ચોથું એ કે જેને ઈબ્ને રસૂલને શહીદ કરવામાં અફસોસ થયો હતો તે વ્યક્તિ એમની શહાદત પછી મક્કા અને મદીના પર હુમ્લો કેમ કરાવે છે, એણે તો અફસોસ પછી સુલેહનો માર્ગ શોધવો જોઈએ. લોકોથી એ બાબતે મશ્વેરો અને અભિપ્રાય લેવો જોઈએ, પણ કશું ન કરવાનો અને હુમ્લો કરવાનો મતલબ એ હતો કે વિવાદ કરનાર એક જમાઅતને નષ્ટ કરી હવે જેટલા પણ વિવાદ કરનાર છે એમને પણ નષ્ટ કરી મુસલમાનો પર જબરદસ્તી પોતાનો કબ્જો જમાવી લો. પાંચમું એ કે ઈબ્ને ઝિયાદે પોતે પણ સ્વીકાર્યું કે મેં જે કામ કર્યું તે ખોટું છે અને એણે એ કામ કરવામાં યઝીદનું નામ બતાવ્યું કે મને કતલ ન કરવા પર મારા કતલની ધમકી આપવામાં આવી હતી. છઠ્ઠું એ કે પોતે યઝીદે કતલનો સંબંધ પોતાની તરફ કર્યો અને પોતાના માટે તથા ઈબ્ને ઝિયાદ માટે એ વાત પર અફસોસ પ્રગટ કર્યો. સાતમું એ કે યઝીદ કાતિલ નથી અને કતલ પર ખુશ ન હતો, અને કતલ કરવાનું કામ એના કહેવા પર અથવા એના ઈશારા પર નથી કરવામાં આવ્યું તો ઈબ્ને ઝિયાદને ગવર્નરીમાંથી છૂટો કેમ ન કરી આપ્યો ? આઠમું એ કે યઝીદને એ પસંદ ન હતું અને કતલ બાબત એનો હુકમ ન હતો તો પછી ઈમામે પાકના માથા સાથે એણે બેઅદબી કેમ કરી ? માથાની બેઅદબી હત્યા પછી પણ એ વાતની દલીલ છે કે હત્યા કરીને પણ એના દિલને શાંતિ નથી મળી, એટલે બેઈજ્જતી કરીને એ વાતને સંપૂર્ણ બનાવી રહ્યો છે.

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૧૯૨ માં હાફિઝ ઈબ્ને કષીર મુહદ્દિષ અબુદુનિયાથી રિવાયત કરે છે કે જ્યારે ઈમામે હુસૈનનું માથુ યઝીદ સામે રાખવામાં આવ્યું તો એની પાસે હઝરત અબૂ બુર્ઝા અસ્લમી (સહાબી) હતા, અને યઝીદે લાકડીથી મારવાનું શરૂ કર્યું તો સહાબીએ એને કહ્યું :–

اِرْفَعْ قَضِيْبَکَ فَلَقَدْ رَاَيْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّى اللّٰہُ عَلَيْہِ وَسَلَّمَ يَلْثِمُہٗ

"તારી લાકડી ખસાવી લે, મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એને ચૂમતાં જોયા છે." શું જે માણસને કોઈની હત્યા પર અફસોસ હોય અને તેણે એ હત્યા બાબત કાંઈ ન કહ્યું હોય તો તેવો માણસ નિર્દોષ વ્યક્તિના માથાને જોઈને તેની ઈજ્જત કરવાની કોશિષ કરશે કે પછી તેને લાકડીથી મારીને બેઈજ્જતી કરશે, આ બધી દલીલો છે જેનાથી એ સ્પષ્ટ છે કે હત્યા યઝીદે જ કરાવી છે.

## ★ ઈબ્ને ઝિયાદની પણ બદ્‌માશી ★

હઝરત ઈમામ પાકે યુદ્ધ શરૂ થતાં પહેલાં સુલેહની જે વાતો રાખી હતી તેનો ઉલ્લેખ થઈ ગયો છે. અને ઈમામે પાકની એ સુલેહવાળી વાત માન્ય ન રાખવાને લઈને હૂર, અને બીજા ઘણા માણસો યઝીદી સૈન્યમાંથી નીકળીને હઝરત ઈમામ પાક સાથે થઈ ગયા હતા અને પછી તેમની પણ ઈમામે પાકના મિત્રોમાં શહાદત થઈ.

કહેવા જેવી વાત એ છે કે ઈબ્ને ઝિયાદ પોતે પણ બદ્‌માશ અને દુનિયાનો લાલચી હતો. એને ઈમામે પાકને શહીદ કરીને દુનિયામાં નામ કમાવું હતું. એટલે એણે સુલેહની વાત માન્ય ન રાખી. બીજું એ કે એને ડર હતો કે જો ઈમામે પાક સુલેહ કરવા યઝીદની રૂબરૂમાં જશે અને યઝીદ આપની શરતો માની જશે અને સુલેહ થઈ જશે તો અમુક જગાની ગવર્નરી ઈમામે પાકને આપી દેવામાં આવશે, એ બધી ઈર્ષાને લઈને એણે હત્યા કરી નાખવાનું જ ઉત્તમ સમજ્યું.

એની વાત તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવી કે એણે ઈમામ પાકની હત્યા પછી ચિંતા થવા લાગી, એને પૂછવામાં આવ્યું તો કહ્યું કે મેં મારી જાન બચાવવા માટે ઈમામે પાકને કતલ કર્યા, ભલે





યઝીદનો હુકમ હશે કે ઈમામે પાકની હત્યા કરવામાં આવે, પણ સાથે એવું પણ હશે કે એ માનવા તૈયાર થઈ જાય તો વાત સ્વીકારી લેવી, એણે પોતે આ મસ્અલો હલ શા માટે કર્યો ? ઈમામ પાક કહેતા હતા કે મને દમિશ્ક જવા દો ! હું યઝીદ સાથે રૂબરૂમાં વાત કરી લઈશ, તો એણે યઝીદ પાસે મોકલી આપવા જોઈતા હતા, ઈમામ જાણે અને યઝીદ જાણે ! પણ ઈબ્ને ઝિયાદની બદ્‌માશીનો અસ્વીકાર નથી થઈ શક્તો. (અલ્લાહની પનાહ!)

## ★ ઈબ્ને હજર મક્કીનું મંતવ્ય ★

અલ્લામા ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ સવાઈકે મુહરિકા, પેજ–૩૦૦ પર લખે છે : જ્યારે ઈમામે હુસૈન رضی اللہ عنہ નું મુબારક માથુ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ સામે લાવવામાં આવ્યું તો ત્યાં હઝરત ઝૈદ બિન અકરમ رضی اللہ عنہ બેઠેલા હતા. જ્યારે ઈબ્ને ઝિયાદે આપના હોઠો પર લાકડી મારી તો આપે ફર્માવ્યું, અય ઉબૈદુલ્લાહ ! પોતાની લાકડી ઉઠાવી લો ! મેં ઘણી વખત રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ બંને હોઠોની વચમાં ચૂમન કરતાં જોયા છે, પછી આપ રડવા લાગ્યા. ઈબ્ને ઝિયાદે કહ્યું, અલ્લાહ તારી આંખોને રડાવે ! જો તું ડોસો ન હોત તો તારી આ બકવાસ પર હું તને જરૂર કતલ કરી નાખતો.

આ પુરાવાથી એ સ્પષ્ટ થયું કે હઝરત ઈમામ પાક સાથે ઈબ્ને ઝિયાદને ઈર્ષા અને હસદ હતો, એટલે એણે પણ આપના મુબારક માથા સાથે બેઅદબી કરી. અને પછી આપના શરીર મુબારક સાથે શું કરવામાં આવ્યું હતું.

તેને પુરાવાની સાથે અમે તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ :–

## ★ લાશ ખીમો બનાવી ! ★

હઝરત ઈમામ પાકને શહીદ કરી પછી બદનમાંથી આપનું માથુ કાપી લેવામાં આવ્યું અને બીજા જેટલા લોકો આપની જમાઅતમાંથી શહીદ થયા હતા સર્વનાં માથાં પણ કાપી લેવામાં આવ્યાં. જેમ કે તારીખે તબરી, ભાગ–૫, પેજ–૨૮૧ માં છે :– ઈબ્ને સઅદે કૂફા જતાં પહેલાં બીજી લાશો પરથી માથાં અલગ કરાવ્યાં અને શિયર વગેરે સાથે ૭૨

માથાંઓ ઈબ્ને ઝિયાદ પાસે મોકલાવ્યાં. જ્યારે આ સઘળાં માથાંઓ ઈબ્ને ઝિયાદની સામે રાખવામાં આવ્યાં તો એણે હઝરત ઈમામ હુસૈનના માથા પર લાકડી મારી. આનાથી એ જાણવા મળ્યું કે લાશો સાથે માથાંઓ બાકી રાખવામાં નથી આવ્યાં.

તારીખે કામિલ ઈબ્ને અષીર, ભાગ–૨, પેજ–૮૦, ઈબ્ને અષીર ફર્માવે છે : પછી અમ્ર બિન સઅદે પોતાના સાથીઓમાં એલાન કર્યું કે :– مَنْ يَّنْتَدِبُ اِلَى الْحُسَيْنِ فَيُوْطِئُهٗ કોણ છે જે હુસૈન તરફ જઈ પોતાના ઘોડાથી એને કચડી નાખે ?! તેઓમાંથી દસ માણસો જલ્દીથી ઊભા થયા, તેમાંથી ઈસ્હાક બિન હયાત હઝરમી છે અને એણે ઈમામે હુસૈનનું ખમીસ પણ કાઢી લીધું હતું. પછી તેને કોઢ થઈ ગયું હતું, તેઓ આવ્યા અને હુસૈનને પોતાના ઘોડાઓથી કચડી નાખ્યા. એમની છાતી અને પીઠના ટુકડા ટુકડા કરી નાખ્યા.

તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૮૬ માં છે :– આપના શરીર પરથી કપડાં ઉતારી લીધાં, ઘોડાની ખરીઓથી આપની લાશ મુબારકને નષ્ટ કરી અને હાડકાનાં ટુકડે ટુકડા કરી નાખ્યા પછી તંબુ તરફ આગળ વધ્યા, માલ સામાન લૂંટી લીધો, પર્દામાં રહેનાર સ્ત્રીઓનાં માથાંઓ પરથી ચાદરો ખેંચી લીધી, અને તંબુ સળગાવી દીધા.

જલ ગયા ખેમાએ અતહર લેકિન !
દીન પર આંચ નહીં આને દી
મર્હબા જુરઅતે ઈબ્ને હયદર
સર દિયા બાત નહીં જાને દી

## ★ ઈબ્ને ઝિયાદનો બકવાસ ★

તબરી, ભાગ ૨, પેજ–૨૮૯ માં છે :– એલાન કરવામાં આવ્યું કે લોકો મોટી મસ્જિદમાં ભેગા થઈ જાય, જ્યારે ઘણા લોકો ત્યાં ભેગા થઈ ગયા, તો ઈબ્ને ઝિયાદ મસ્જિદમાં ગયો, અને મિમ્બર પર ઊભો થઈને બોલ્યો કે, "અલ્લાહનો શુક્ર છે જેણે હક્ક (સત્ય) અને અહલે હક્કની મદદ કરી. અમીરુલ મુ'મિનીન યઝીદ બિન મુઆવિયા અને એના દોસ્તોને સફળતા અતા કરી અને એમને વિજય અર્પણ કર્યો. અને





જૂઠાનો બેટો જૂઠો હુસૈન બિન અલી અને એમની જમાઅતને પરાજિત કર્યા અને એમને બરબાદ કરી નાખ્યા."

આ પુરાવાથી એ જાણવા મળ્યું કે ઈબ્ને ઝિયાદે હદ ઓળંગીને આપની બેઅદબી અને ગુસ્તાખી કરી. આપને તો જૂઠા કહ્યા પણ સાથે આપના પિતા હઝરત અલીને પણ જૂઠા કહ્યા ! અને આ બધું એમણે એટલા માટે જ કર્યું છે કે એમને યઝીદના દિમાગ અને એના અંદરની વાતોની ખબર હતી. જે ચર્ચા થઈ હતી તેના આધારે એમનો ભરોસો હતો કે આ પ્રમાણેનાં કામો કરવાથી યઝીદને ખુશી થશે. જો અમીરના વિચારોની જાણકારી હોય તો જ સત્તા હેઠળ રહેનાર વ્યક્તિની આ પ્રમાણેનાં કામો કરવાની હિંમત બની શકે છે. એટલે ઈબ્ને ઝિયાદ અને એના સૈન્યની બદ્‌માશીથી યઝીદના દિમાગનું ઈલ્મ પ્રાપ્ત થાય છે કે એ શું કરવા ચાહતો હતો.

**સવાલ** : યઝીદ અને એના શુભેચ્છકો એવું સમજતા હતા કે અમે હક્ક પર છીએ અને યઝીદની ખિલાફત સત્ય ખિલાફત છે એટલે એને અમીર ન માની, બયઅત ન કરનાર બાગી છે. અને બાગીને એ પ્રમાણેની સજા આપી શકાય છે, તો એમણે એક શરઈ કાયદાના આધારે આમ કર્યું હતું ?!

## ★ શું વાસ્તવમાં હક્ક છે ? ★

**જવાબ** : આમ તો દુનિયામાં દરેક ધર્મનો માનવાવાળો પોતાને હક્ક કહે છે અને બીજાને બાતિલ અને ખોટો કહે છે. પોતે કહેવાથી કોઈ હક્ક નથી થતો એ જોવામાં આવશે કે વાસ્તવમાં એ હક્ક છે કે નથી. અને અમે તમને ઘણી ઐતિહાસિક વાતો બતાવી ગયા કે યઝીદ ફાસિક હતો, ખિલાફતની જે શરતો છે, એ એનામાં ન હતી, ખિલાફતનો જે ઈસ્લામી મકસદ અને હેતુ છે તે એનાથી પૂરો થઈ શકે એમ ન હતો. તો પછી એવી વ્યક્તિ એક વખત નહીં એક હજાર વખત પોતાને હક્ક કહે એ હક્ક બની શકતો નથી. અહલે સુન્નત વલ જમાઅતનો ઈજમાઅ અને સર્વસંમતિ છે આ વાત પર કે આ વિવાદમાં નિઃશંક ! ઈમામે હુસૈન હક્ક પર હતા અને યઝીદ નાહક્ક હતો. ફાસિક નમાઝનો ઈમામ નથી

બની શક્તો, ફાસિકની બેઈજ્જતી કરવી જરૂરી છે. પછી મુસલમાનોનો ખલીફા એમનો દીન અને દુનિયા બંનેનો આગેવાન હોય છે, એ ફાસિક અને બદ્અમલ વ્યક્તિ કેવી રીતો હોય શકે છે ? એટલે યઝીદ ફાસિક અને ખિલાફતના લાયક ન હોવાને લઈને નાહક્ક અને ખોટો છે. બુઝુર્ગ સહાબાના વિવાદ પર એણે ધ્યાન આપવું જોઈતુ હતું અને મુસલમાનોના આગેવાનોને લાયક ખલીફાને ચૂંટવાની રજા આપવાની હતી. પણ અહીં તો મારીને હત્યા કરીને, લોકોને ડરાવીને દરેક કામ કરવામાં આવી રહ્યું છે. પછી એને હક્ક કોણ કહે ?! એ હક્ક હતો તો બુઝુર્ગ સહાબાએ એની બયઅત કેમ ન કરી ?! જ્યારે એની ખરાબીઓનું લોકોને ઈલ્મ થયું તો મક્કા અને મદીનામાં લોકોએ એની બયઅત કેમ તોડી નાખી ?! કૂફાના લોકોએ ઈમામે પાકને બયઅત માટે કેમ કહ્યું ?! ઈમામ હુસૈન યઝીદના મુકાબલામાં હક્ક પર છે એનો ઉલ્લેખ હદીષના પ્રકાશમાં ઈમામે હુસૈનવાળા પ્રકરણમાં થઈ ગયો.

## ★ યઝીદના નાહક્ક હોવા અંગે અહલે સુન્નતની એકમતી ★

હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ને એમના જમાનામાં હક્ક કહેવામાં આવ્યા. આપના પર્દો ફર્માવ્યા પછી પણ હક્ક કહેવામાં આવ્યા અને આજે પણ હક્ક કહેવામાં આવે છે. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને એમના જમાનામાં હક્ક કહેવામાં આવ્યા, શહાદત પછી આપને હક્ક કહેવામાં આવ્યા અને આજે પણ હક્ક કહેવામાં આવે છે. હઝરત ઉસ્માન رضی اللہ عنہ ને એમના જમાનામાં હક્ક કહેવામાં આવ્યા, શહાદત પછી પણ હક્ક કહેવામાં આવ્યા, અને આજે પણ હક્ક કહેવામાં આવે છે. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને એમના જમાનામાં હક્ક કહેવામાં આવ્યા, શહાદત પછી પણ હક્ક આવ્યા, અને આજે પણ હક્ક કહેવામાં આવે છે, ઈમામ હસન رضی اللہ عنہ ને એમના જમાનામાં હક્ક કહેવામાં આવ્યા, શહાદત પછી હક્ક કહેવામાં આવ્યા અને આજે પણ હક્ક કહેવામાં આવે છે. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની વિરૂધ્ધમાં ઈજતેહાદી ગલતી પર શરઈ પકડથી મુક્ત





માનવામાં આવ્યા. ઈમામ હસનના એમની સાથે સુલેહ કરવાથી એમને હક્ક માનવામાં આવ્યા. અને આજે પણ હક્ક માનવામાં આવે છે, તો પછી માત્ર યઝીદ જ કેમ એવો છે કે તેને એના જમાનામાં હક્ક કહેવામાં ન આવ્યો ?! બયઅત કરીને પણ લોકોએ તોડી નાખી, મરણ પછી પણ કહેવામાં ન આવ્યો અને આજે પણ એને હક્ક માનવામાં નથી આવતો, એવું કેમ કે જે આવ્યો તે હક્ક પર અને યઝીદને કોઈ હક્ક માનવા તૈયાર નથી તો સમજો કે આ છે એના ખોટા હોવાની દલીલ. શું આનાથી વધીને એના ખોટા હોવાની બીજી કોઈ દલીલ થઈ શકે છે ખરી ?!

## ★ હક્ક માને તે પણ નાહક્ક ★

યઝીદ સુધી સર્વ ખલીફા અને અમીરને હક્ક કહેવામાં આવ્યા, અને આજે પણ હક્ક કહેવામાં આવે છે. એમના હક્ક હોવા પર અહલે સુન્નતનો ઈજમાઅ અને સંમતિ ત્યારે રહી અને આજે પણ છે. વિવાદ હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને હઝરત મુઆવિયા رضی اللہ عنہ માં થયો, તેમની વચ્ચે યુદ્ધ થયાં, તો પણ અમીરે મુઆવિયા رضی اللہ عنہ ને ખોટા કહેવામાં નથી આવતા, યઝીદને જ ખોટો અને નાહક્ક કેમ કહેવામાં આવે છે ? **બલ્કે એના નાહક્ક હોવા પર અહલે સુન્નતની એકમતી થઈ ગઈ છે. યઝીદ એટલો મોટો નાહક્ક કે એને જે હક્ક કહે દુનિયા તેને પણ નાહક્ક માને !**

## ★ દમિશ્કમાં ખુશીની લહેર ★

અમુક રિવાયતોમાં એવું પણ છે કે યઝીદે ઈમામ હુસૈનના કતલ પર ગમ કર્યો અને રડયો, પરંતુ એ યઝીદની બદ્માશી જ હતી. આટલું બધું કરાવીને લોકોને એ બતાવવા માંગતો હતો કે મને તો એમના મરણ પર ગમ છે, મેં આ કામ નથી કરાવ્યું, આ તો ઈબ્ને ઝિયાદની ઉતાવળ છે કે જેણે મને પૂછયા વગર કરેલું છે. પણ બીજી રિવાયતો એવી પણ છે કે યઝીદે ખુશી મનાવી, અને એને માનવાવાળા લોકોએ પણ ખુશી મનાવી, પણ જ્યારે બીજા ઈલાકાઓમાં ઈમામ હુસૈનની હત્યાથી યઝીદની વિરૂધ્ધમાં નફરત ફેલાવા લાગી તો એમાંથી પોતે છૂટવાનો માર્ગ કાઢવા માંગતો હતો. પણ કાવત્રુ સફળ ન થયું, અને રહસ્યની

સર્વને જાણ થઈ ગઈ.

તઝકેરા, પેજ–૧૦૭માં છે :– જ્યારે યઝીદ પલીદને જાણ થઈ કે કરબલાના બંદીઓ અને ઈમામ હુસૈન વગેરેનાં માથાંઓ નજીકમાં જ દમિશ્ક પહોંચવાના છે તો એણે શહેરને શણગારવાનો અને સર્વને ખુશી ઉજવવાનો હુકમ આપ્યો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી હઝરત સહલ رضی اللہ عنہ વેપાર ધંધા માટે સિરિયા પ્રદેશ આવ્યા હતા. જ્યારે તેઓ દમિશ્ક શહેરમાં પધાર્યા, તો એમણે જોયું કે બધા લોકો વાજાં વગાડે છે અને ખુશી મનાવે છે, એમણે લોકોને એનું કારણ પૂછયું તો લોકોએ કહ્યું, ઈરાકવાળાઓએ હુસૈન બિન અલીનું માથુ યઝીદને ભેટ મોકલાવ્યું છે, શહેરવાસીઓ એની ખુશી મનાવી રહ્યા છે. હઝરત સહલ رضی اللہ عنہ એ ચિંતા વ્યક્ત કરી અને પૂછયું કે હુસૈનનું માથુ ક્યા દરવાજેથી લાવશે, કહ્યું, બાબુસ્સાઆથી. આપ તે તરફ જલ્દીથી ગયા. ઘણી મહેનતથી અહલે બયત સુધી પહોંચ્યા. આપે જોયું કે એ કે માથુ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માથા જેવું જ લાગે છે જે ભાલા પર ચઢાવેલું છે. એને જોઈને આપ રડી પડયા. અહલે બયતમાંથી કોઈને પૂછયું કે તમારું નામ શું છે ? ફર્માવ્યું, મારું નામ સકીના છે હુસૈનની પુત્રી. એમણે કહ્યું, અને હું તમારા પ્રિય નાનાનો સહાબી છું, મારા લાયક કોઈ કામ હોય તો હુકમ ફર્માવો ! હઝરત સકીના رضی اللہ عنہا એ ફર્માવ્યું કે મારા પિતાનું માથુ બધાંથી આગળ કરાવી આપો જેથી લોકો એ તરફ કેન્દ્રિત થઈ જાય અને અમારાથી દૂર રહે. હઝરત સહલે ચારસો દિરહમ આપીને હઝરત ઈમામના મુબારક માથાને અહલે બયતની સ્ત્રીઓથી દૂર કરાવ્યું.

## ★ યઝીદ બેલગામ થઈ ગયો ! ★

આ રિવાયત અને બીજી ઘણી રિવાયતો તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવી જેનાથી એ સ્પષ્ટ થયું કે હઝરત ઈમામ હુસૈનને કતલ કરવા યઝીદ તલ્વાર ઉઠાવીને નથી ગયો, અને એ યુધ્ધના મેદાનમાં નથી આવ્યો પણ જે કંઈ થયું છે તે એના ઈશારા પર જ થયું છે. અને એ ઈમામે પાકના શહીદ થઈ જવા પર ઘણો જ ખુશ થયો હતો કારણ કે એને ભવિષ્યમાં મોટો ખતરો માત્ર હઝરત ઈમામે પાકથી હતો કારણ કે આપ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસા હોવાને લઈને, અને નબીએ પાક





صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિવિધ બશારતો અને ખુશ ખબરીઓ આપથી સંબંધિત હોવાને લઈને આપ લોકપ્રિય હતા. આપની શહાદત થઈ ગઈ એટલે યઝીદની બદ્માશીમાં વધારો થઈ ગયો કારણ કે હવે તો કોઈ રોકનાર છે જ નથી. અને આમ જ થયું હતું કે યઝીદનો ત્રાસ ઈમામે પાકની શહાદત પછી વધી ગયો હતો. તે ઉલ્લેખ અમે નિકટમાં જ તમારી ખિદમતમાં રજૂ કરીશું.

## ★ યઝીદની મક્કારી અને મુનાફિકત ★

મુનાફિક એટલે હોય દુશ્મન પણ દેખાવ દોસ્તનો કરે, યઝીદે હઝરત ઈમામે પાકની હત્યા કરાવી અને પોતાનો ઉલ્લુ સીધો કરી લીધો તો હવે શું કરવું, અને એ હત્યાને પોતાના માથેથી કેવી રીતે ખસાવી અને બીજાના માથે નાખી દેવું, તો એણે બહાનાં બનાવવાનું અને પબ્લિકને મૂર્ખ બનાવવાનાં કાવત્રાં કર્યાં. તેમાંથી એક કાવત્રુ એ છે કે ઈમામે પાકનું માથુ પોતાની સમક્ષ જોઈને કહ્યું કે હુસૈન મારી સામે હોત તો હું એમની હત્યા ન કરતો. એટલે કે આ કામ ઈબ્ને ઝિયાદે કરેલું છે હું ન કરતો. એટલે કે આમાં મારો કોઈ વાંક નથી. તો પછી એણે ઈબ્ને ઝિયાદથી બદલો કેમ ન લીધો ? એને એના પદ પરથી કેમ ન હટાવ્યો ? એના ઘણા જવાબો હું તમારી ખિદમતમાં રજૂ કરી ગયો છું.

તારીખે તબરી, ભાગ–૨, પેજ–૨૯૦, પછી શિમર ઝિલ જાવશન અને મુહઝ્ઝર બિન ષઅલબા બધાંને લઈને યઝીદ પલીદના દરવાજા પર પહોંચ્યા. મુહઝ્ઝરે ઊંચે સ્વરે કહ્યું, અમે અમીરુલ મુ'મિનીનના દરબારમાં અતિ ખરાબ અને બેઈજ્જતનું માથુ લઈને આવ્યા છીએ. યઝીદે આ સાંભળીને કહ્યું, અતિ ખરાબ અને બેઈજ્જત એ જ વ્યક્તિ છે જેને મુહઝ્ઝરની માતાએ જન્મ આપ્યો. પછી એ અંદર પ્રવેશ્યા, અને ઈમામે આલી મુકામના મુબારક માથાને યઝીદ સામે થાળમાં રાખ્યું. યઝીદ માથા તરફ કેન્દ્રિત થયો અને કહ્યું, અય હુસૈન ! વલ્લાહ ! જો તમારો મામલો મારા હાથમાં આવતો તો હું તમને કતલ ન કરતો.

આ હતો પુરાવો યઝીદ થકી લોકોને બેવકૂફ અને મૂર્ખ બનાવવાનો કે વાસ્તવમાં દરેક કામ એના હુકમથી જ બન્યું હતું જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

## ★ મક્કારીનો બીજા પુરાવો ★

અલ્ બિદાયા, પેજ–૧૯૧, ભાગ–૮માં હિશામનું બયાન છે કે જ્યારે હઝરત હુસૈન رضی اللہ عنہ નું માથુ આવ્યું તો યઝીદ બિન મુઆવિયાની આંખ ભરાઈ આવી અને એણે પોતાના લોકોને કહ્યું કે જો તમે હુસૈનને કતલ ન કરતા તો પણ હું તમને કાંઈ ન કહેતો. અલ્લાહ ઈબ્ને સુમય્યા પર લઅનત મોકલે, અલ્લાહની કસમ ! હું ત્યાં હોતો તો માફ કરી આપતો.

## ★ મક્કારીનો ત્રીજો પુરાવો ★

અલ્બિદાયા, ભાગ–૮, પેજ–૧૭માં છે :– મુઆવિયા બિન અબૂ સુફયાનના એક આઝાદ કરેલા ગુલામે બયાન આપ્યું કે જ્યારે યઝીદ સામે હઝરત હુસૈન رضی اللہ عنہ નું માથુ રાખવામાં આવ્યું તો મેં એને રડતાં જોયો, એણે કહ્યું કે ઈબ્ને ઝિયાદ અને હુસૈનની વચમાં કોઈ સગાઈ હોતી તો એ આવું ન કરતો. (એટલે કે એમની આટલી બેરહમીથી હત્યા ન કરાવતો.)

આ પુરાવાનો જવાબ એ જ છે કે એના હુકમ વગર આ કામ થયું તો એણે કરનારને માફ કેમ કરી આપ્યા ?! શું આટલા મહાન વ્યક્તિની હત્યાનો મતલબ એ જ છે કે એની બાબત કોઈને કાંઈ પૂછવામાં જ ન આવે ? સારાંશ એ કે યઝીદ લોકોને પોતાના તરફથી નફરતમાં મૂકવા ઈચ્છતો ન હતો એટલે એણે આ હત્યા અને ત્રાસ ઈબ્ને ઝિયાદના માથે નાખવાનું કાવત્રુ કર્યું, એ કાવત્રુ દુનિયાના સમક્ષ ચાલી શકે છે પણ અલ્લાહ સાથે એ નથી ચાલી શક્તું. એટલે યઝીદને એનું ખરાબ ફળ મળીને જ રહ્યું કે એની હુકૂમત અને સત્તા જલ્દી મરી જવાથી ચાલી ગઈ અને એનો છોકરો પણ બે ત્રણ મહીનામાં મરી ગયો અને એ પણ પોતાના બાપના વિરૂધ્ધમાં બયાન આપી ગયો. અને ત્યારથી લઈને આજ સુધી દુનિયા એના નામથી પણ નફરત કરે છે અને કિયામત સુધી





કરતી રહેશે. હવે જો કોઈનું નામ યઝીદ રાખવામાં આવે તો લોકો એનાથી અને એ નામ રાખવાવાળાથી પણ નફરત કરવા લાગે. શું આનાથી વધીને બીજી કાંઈ બદ્નામી થઈ શકે છે કે તેર સદીઓથી અધિક જમાનો પસાર થઈ ગયા પછી પણ એનાથી અને એના નામથી નફરત બાકી છે.

## ★ મક્કા અને મદીના પર ભયંકર યઝીદી હુમ્લો ★

દસ મુહર્રમ, જુમ્આના દિવસે હિજરી સન ૬૧ માં હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ની શહાદત થઈ ગઈ. અને આપની શહાદત પછી યઝીદ એવું સમજતો હતો કે હવે કોઈ વિવાદ ઉપસ્થિત નહીં થાય. પણ એટલું યાદ રાખવું જોઈએ કે તલ્વારથી માથુ નમી શકે છે, દિલ નથી નમતું, યઝીદ તલ્વારના બળથી લોકોને પોતાના બનાવી રાખવા ઈચ્છતો હતો.

હઝરત ઈમામ પાક رضی اللہ عنہ ની કરુણ હત્યા પછી જે લોકો યઝીદથી અજાણ હતા તે પણ જાણી ગયા કે યઝીદ ક્યા પ્રકારનો વ્યક્તિ છે, એટલે લગભગ દરેક દિલમાંથી યઝીદની થોડી ઘણી મહબ્બત હતી તે પણ ચાલી ગઈ. અને મક્કા અને મદીનાના લોકોએ યઝીદની બયઅત તોડી નાખી. હિજરી સન ૬૩ માં મદીના પર અને પછી મક્કા પર હુમ્લો કર્યો અને એ સૈન્ય જે યઝીદ તરફથી આ પાક શહેરો પર હુમ્લો કરવા માટો મોકલવામાં આવ્યું હતું તેમણે એવી ખૂનામરકી કરી કે અલ્લાહની પનાહ ! એમણે જુલ્મ અને ત્રાસનો એવો ઈતિહાસ રચ્યો કે કાફિર પણ એ કામો નથી કરી શક્તો. તેમણે મુસલમાનોની સ્ત્રીઓને ત્રણ દિવસ સુધી પોતાના ઉપયોગમાં રાખી. સહાબા અને તાબઈન થઈને દસ હજારથી અધિક માણસોની નિર્દોષ હત્યા કરી. નિર્દોષ એટલે કે તેઓ યઝીદની બયઅત તોડી નાખવામાં શરઈ કાયદાના આધારે હક્ક પર હતા, નાહક્ક અને જાલિમ દોષિત હોય છે હક્ક અને સત્ય નહીં. મસ્જિદે નબવીની પણ બેઈજ્જતી કરી, ત્રણ દિવસ એમાં અઝાન અને ઈકામત ન થવા પામી. મક્કા જેવા મુકદ્દસ શહેરમાં પણ એમને રહમ ન આવી અને એમણે પહાડો પરથી કા'બામાં પથ્થર અને આગ ફેંકી જેનાથી કા'બાની દીવાલો તૂટી અને કા'બાનો ગિલાફ તથા હઝરત ઈસ્માઈલની જગાએ જે ઘેટો ઉતારવામાં આવ્યો હતો તેનાં શિંગડાં

યાદગાર તરીકે કા'બામાં લટકાવવામાં આવ્યાં હતાં તે પણ સળગી ગયાં. આ વાતો અમે પુરાવા સાથે તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ.

## ★ પ્રથમ હુકમ ઈબ્ને ઝિયાદને ★

ઈમામે હુસૈન અને આપનાં સગાં સંબંધીઓ અને મિત્રોને કતલ કરવાથી ઈબ્ને ઝિયાદનો મર્તબો યઝીદની બારગાહમાં વધી ગયો હતો અને ઈબ્ને ઝિયાદ પર એને સંપૂર્ણ ભરોસો થઈ ગયો હતો કે એ કોઈ પણ પ્રકારનો જુલ્મ કરવામાં પાછો નહીં હટે, અને કોઈને પણ બચવાનો મોકો નહીં આપે, એટલે યઝીદે પોતાના તરફ પ્રથમ અધિકાર મક્કા અને મદીના પર કરવામાં આવતા હુમ્લામાં ઈબ્ને ઝિયાદને આપ્યો હતો. જેમ કે ઈબ્ને અષીર, ભાગ–૪, પેજ–૧૧૧ પર ઈબ્ને ઝિયાદની વાત નકલ કરવામાં આવી તેનું વર્ણન તમારી ખિદમતમાં રજૂ થઈ ગયું છે કે ખુદાની કસમ ! હું આ (યઝીદ) ફાસિક માટે રસૂલુલ્લાહ ﷺ ના પુત્રની હત્યા અને કા'બામાં લડાઈ એ બંનેને ભેગાં નહીં કરું, જેથી એણે બહાનું બનાવી લીધું. ઈબ્ને ઝિયાદના બહાનુ બનાવી લીધા પછી યઝીદે આ કામ માટે મુસ્લિમ બિન ઉકબાને નિયુક્ત કર્યો અને એણે પોતાના પરિણામથી બેખબર થઈને મક્કા અને મદીના પર હુમ્લો કરવાનું કબૂલી લીધું અને સૈન્ય લઈને પહોંચી ગયો.

## ★ મદીના પર હુમ્લો શાથી કર્યો ?! ★

તારીખુલ ખુલફામાં, ભાગ–૨, પેજ–૮૨માં અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હિ.સ. ૬૩ માં યઝીદને ખબર મળી કે મદીનાવાળાઓએ એની બયઅત તોડી નાખી છે, અને એના પર હુમ્લો કરવા ઈચ્છે છે. આ ખબર પર યઝીદે એક મોટુ સૈન્ય મદીના પર હુમ્લો કરવા મોકલ્યું. અને મદીનાવાસીઓનાં માથાંઓ ઉડાવી દેવાનો હુકમ આપ્યો અને મદીનાવાસીઓમાં યુધ્ધનું એલાન કરી દેવામાં આવ્યું. એ પછી ઈબ્ને ઝુબૈરની હત્યા કરવા મક્કા પર બળવો કર્યો તો એમણે બાબે તયબામાં યુધ્ધ કર્યું જે હર્રાના નામથી મશહૂર છે. જાણો છો





હર્રાનું યુધ્ધ શું વસ્તુ છે ? સાંભળો, એની બાબત ઈમામ હસન બસરીએ એક વખત ફર્માવ્યું, ખુદાની કસમ ! એ યુધ્ધમાં સહાબાને અલગ કરી કરીને હત્યા કરવામાં આવી અને બીજા મુસલમાનોનું કત્લેઆમ કરવામાં આવ્યું. શહેર લૂંટવામાં આવ્યું અને હજારો કુંવારી અને જવાન સ્ત્રીઓની જુલ્મથી ઈજ્જત લીધી.

## ★ એક સહાબાનું મંતવ્ય ★

તારીખુલ ખુલફામાં, ભાગ–૨, પેજ–૮૨ માં ઈમામ વાકેદીના પુરાવાથી લખવામાં આવ્યું છે કે યઝીદ પર અમે એ સમયે બળવો કરવાની તૈયારી કરી જ્યારે અમને યકીન થઈ ગયું કે હવે આકાશમાંથી પથ્થર વરસશે, કારણ કે લોકો પોતાની મા, બહેનો અને પુત્રીઓ સાથે નિકાહ કરવા લાગ્યા હતા. દારૂ પીવામાં આવી રહ્યો હતો અને નમાઝ છોડી આપી હતી. (જે ઈસ્લામી સત્તામાં ખલીફા પોતે આવાં કામો કરે, અને એને જોઈને અવામ પણ એવા કામોમાં વ્યસ્ત થાય તો પછી દીન અને ધર્મની વાત ક્યાં રહી ? અને એવી સત્તા જે દીનને નષ્ટ કરે ક્યાં રાખવાના લાયક છે ? ઈમામે પાકે તો પહેલાંથી જ બતાવી આપ્યું હતું. બીજા લોકોને જ્યારે ખબર થઈ ત્યારે તેમણે બયઅત તોડી અને તેમની સાથે પણ યુધ્ધ થયું અને કત્લેઆમ કરવામાં આવ્યો.)

## ★ સૈન્યનો વડો મુસ્લિમ બિન ઉકબા ★

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૨૧૮, અલ્ ઈસાબા, ભાગ–૩, પેજ–૪૭૦ માં મુસ્લિમ બિન ઉકબા મુઝની અત્યંત ખરાબ માણસ હતો, એણે મદીના મુનવ્વરા અને મસ્જિદે નબવીની બેઈજ્જતી કરી. મદીના મુનવ્વરામાં સહાબા અને સહાબાએ કિરામની ઔલાદની હત્યા કરી, મદીનાવાસીઓનો માલ સામાન લૂટયો અને સૈન્યએ મદીના મુનવ્વરાની પાક સ્ત્રીઓ સાથે બળાત્કાર કર્યો. જેનાથી પર્દાવાળી સ્ત્રીઓની ઈજ્જત ગઈ. તેઓ પૈકી એક હજાર સ્ત્રીઓએ હરામી બાળકોને જન્મ આપ્યો. મુસ્લિમ બિન ઉકબાની બદ્‌માશીને લઈને પૂર્વજ બુઝુર્ગોએ એને મુસ્લિમ છોડીને મુસરિફ (બદ્‌માશ)નું નામ આપ્યું. આ સઘળા જુલ્મ યઝીદના હુકમના આધારે કરવામાં આવ્યા હતા.

## ★ જઝબુલ કુલૂબ ઈલા દિયારિલ મહબૂબ ★

હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબ છે, જે આપે તારીખે મદીનાના પ્રકરણમાં લખી છે, તેમાં આપે મદીનાના ઈતિહાસમાં હર્રાનો બનાવ પણ વર્ણવ્યો છે, જે યઝીદના હુકમથી મુસ્લિમ બિન ઉકબાના સૈન્યએ ખૂનામરકી અને ત્રાસ કર્યો હતો એની પુરાવા સાથે આલોચના કરી છે તે જઝબુલ કોલૂબ ઈલા દિયારિલ મહબૂબ, ઉર્દૂ, પેજ—૩૪ થી ૪૫ સુધીમાં છે. એમાંથી અમુક જરૂરતની વાતો તમારી ખિદમતમાં રજુ કરીશું.

## ★ હદીષોમાં એ બનાવની આગાહી ★

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : એણે કહ્યું કે એક દિવસ આવશે જેમાં મદીનાવાસીઓને એનાથી બહાર કરશે. લોકોએ પૂછયું કે એ કોણ વ્યક્તિ હશે જે એમને બહાર કરશે. અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે એક પુરૂષ ખરાબ. બુખારી મુસ્લિમની હદીષમાં આવ્યું છે કે મારી ઉમ્મતની બરબાદી કુરૈશના એક કબીલા (કુટુંબ)થી થશે. વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! એ સમયે અમારા માટે શું હુકમ ફર્માવો છો ? આપે ફર્માવ્યું, પબ્લિકથી એકાંતમાં જવું. અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એક હદીષ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ખુદાની કસમ ! જેના કબ્જા હેઠળ મારો પ્રાણ છે, મદીનામાં લડાઈ થશે અને એ દીનને એવો નષ્ટ કરશે જેમ માથાના વાળ મૂંડી નાખે છે. એ દિવસે મદીનાની બહાર નીકળી જશો ભલે એક મંઝિલ જેટલા અંતરે હોય. હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, અય અલ્લાહ ! મને હિજરી સન ૬૦ ના બનાવો અને છોકરાઓની સત્તાથી બચાવજે ! અને એ સમય આવતા પહેલાં મને દુનિયાથી ઉઠાવી લે જે. (આ ઈશારો યઝીદના જમાના તરફ છે કે યઝીદ હિજરી સન ૬૦ માં સત્તાધારી બન્યો અને હર્રાનો બનાવ પણ એના જમાનામાં જ બન્યો છે.)

વાકેદી કિતાબે હર્રામાં ઐયૂબ બિન કુરૈશથી રિવાયત કરે છે કે હઝરત સૈયિદે અબરાર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ સફરમાં બહાર ગયા, જ્યારે હર્રામાં પહોંચ્યા તો ઊભા થઈ ગયા અને **ઈન્નાલિલ્લાહિ વઈન્ના**





**ઈલૈહિ રજિઊન** પઢયા. સહાબા સમજી ગયા કે બની શકે છે કે હુઝૂરને માલૂમ થઈ ગયું હોય કે આ સફરનું પરિણામ ધારવા મુજબ નહીં હોય. હઝરત ઉમર બિન ખત્તાબે પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે શું જોયું કે ઈસ્તિરજાઅ ફર્માવ્યું ? જવાબ આપ્યો, કોઈ એવો બનાવ જેનો તમારા આ સફર સાથે સંબંધ નથી. સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! પછી એ શું છે ?! અમે પણ જાણી લઈએ ? ફર્માવ્યું, આ હર્રા પથ્થરની જગામાં જે લોકો મારા સહાબા પછી મારી ઉમ્મતમાં શ્રેષ્ઠ છે તેઓ શહીદ થશે. એક બીજી રિવાયતમાં છે, જ્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જગાએ પહોંચ્યા તો પોતાના મુબારક હાથથી ઈશારો કરતા હતા અને ફર્માવતા, આ હર્રામાં મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો શહીદ થશે. અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી પણ આ પ્રમાણે રિવાયત આવી છે. અને કઅબ અહ્બારથી રિવાયત કરી છે કે એમણે કહ્યું, તૌરાતમાં આવ્યું છે કે મદીના મુનવ્વરાના ઉત્તરી પથ્થરોની જગામાં ઘણા બધાંની હત્યા થશે જેમના ચહેરા કિયામતના દિવસે ચૌદમીંના ચાંદ જેવા ચમકતા હશે.

ઈબ્ને ઝબાલા રિવાયત કરે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ના જમાનામાં એક દિવસ વરસાદ ઘણો જ પડયો, અને હઝરત ઉમર رضی اللہ عنہ મદીનાની આજુબાજુ પોતાના દોસ્તો સાથે ફરવા નીકળ્યા. જ્યારે એ જગાએ પહોંચ્યા જેને હર્રા કહે છે તો જોયું કે પાણીની ધાર દરેક તરફથી ચાલુ હતી. કઅબ અહ્બાર પણ આપની સાથે હતા એમણે કહ્યું કે, અય અમીરુલ મુ'મિનીન ! ખુદાની કસમ ! જેવી રીતે આ પાણી વહી રહ્યું છે તેવી જ રીતે લોહીની ધાર પણ વહી રહી હશે. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ નિકટ આવ્યા અને કહ્યું, અબૂ ઈસ્હાક ! આ બનાવ કયા જમાનામાં બનશે ? કઅબે કહ્યું કે અય ઈબ્ને ઝુબૈર ! બચો અને ડરો ! કે આ તમારા હાથ પગથી ન બને !

## ★ કર્તબીનું લખાણ ★

કર્તબી કહે છે કે મદીના પાકથી મદીનાવાસીઓના નીકળવાનું કારણ જે અમુક હદીષોમાં આવ્યું છે તે આ જ હર્રાનો બનાવ છે. જે જમાનામાં આ શહેર ખૂબી અને આબાદીમાં ખૂબસૂરતી અને કમાલ

દરજે પહોંચેલું હતું. એની ખૂબસૂરતી અને કમાલ મુહાજેરીન સહાબા અન્સાર અને તાબઈન આલિમોના હોવાના કારણે હતી. એ સમયે આવા ગંભીર બનાવો અને ફિત્ના સતત આ શહેર તરફ કેન્દ્રિત થઈ રહ્યા હતા. એ સમયે મદીનાવાસીઓએ એ આફતોના ડરથી આ વસ્તીથી જે રહમતો, બરકતો ઉતરવાવાળી જગા છે, સફર કરી જવાનું પસંદ કર્યું. યઝીદ બિન મુઆવિયાએ મુસ્લિમ બિન ઉકબા મરઈને સિરિયાના લોકોનું એક મોટુ સૈન્ય આપીને મદીનાવાસીઓ સાથે યુધ્ધ કરવા મોકલ્યો, જેથી એમને મદીના મુતહ્હરાના હર્રામાં અત્યંત જુલ્મથી કતલ કરે, અને જેટલો ત્રાસ કરી શક્તો હોય કરે. તેણે ત્રણ દિવસ સુધી હરમે નબવીની બેઈજ્જતી કરી, બેદીનીનો પુરાવો આપ્યો. જેથી એને હર્રાનો બનાવ કહેવામાં આવે છે કે એ હર્રામાં બન્યો હતો. આ જગા મસ્જિદે નબવીથી એક માઈલના અંતરે છે. અહીંયા પર એક હજાર સાતસો માણસોની મુહાજેરીન, અન્સાર અને તાબઈન, આલિમોને છોડીને હત્યા કરી. સ્ત્રીઓ અને બાળકોને છોડીને પબ્લિકના બે હજાર માણસોની હત્યા કરી. સાતસો કુર્આનના હાફિઝો અને કુરૈશના ૯૭ વ્યક્તિઓને જુલ્મની તલ્વારથી કતલ કર્યા, બદ્કારી અને વ્યભિચાર જાઈઝ કરી આપ્યો. કહેવામાં આવે છે કે આ બનાવ પછી એક હજાર સ્ત્રીઓએ હરામી ઔલાદને જન્મ આપ્યો. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની મસ્જિદમાં ઘોડા દોડાવતા, અને ગજબની વાત એ છે કે દરગાહ શરીફ અને મિમ્બર શરીફની વચમાંની જગા જેની બાબત હદીષોમાં આવ્યું છે કે જન્નતના બાગોમાંથી એક બાગ છે, અહીંયા એમના ઘોડા લીંદ અને પેશાબ કરતા હતા. મુસ્લિમ બિન ઉકબા સઘળા લોકોને યઝીદ નાપાકની બયઅત અને એની ગુલામીના વચન પર એ પ્રમાણે લાવવા ઈચ્છતો હતો કે ચાહે તો વેચી નાખે અને ચાહે તો મુક્ત કરી આપે, પછી એ અલ્લાહના ફર્માન તરફ બોલાવે કે પછી ગુનાહ પર મજબૂર બનાવે. જ્યારે યઝીદ નાપાક સામે અબ્દુલ્લાહ બિન ઝમઆ رضی اللہ عنہ એ કુર્આન અને હદીષ મુજબ બયઅતનો ઉલ્લેખ કર્યો તો તરત જ એમનું ગળુ કાપી નાખ્યું.

કર્તબી કહે છે : ખબર આપનારાઓનું બયાન એવું છે કે મદીના મુનવ્વરા એ સમયમાં માણસોથી તદન ખાલી હતું, એ પાક શહેરનો





મેવો અને ફળફળાદી પશુ પક્ષીઓ ખાય રહ્યાં હતાં, કૂતરાં અને બીજાં જાનવરોએ મસ્જિદમાં રહેવાનું શરૂ કરી આપ્યું, મુખબિરે સાદિકે જે પ્રમાણે ખબર આપી હતી. એ આ પ્રમાણે જાહેર થઈ. આટલે સુધી કરતબીના લખાણનું ભાષાંતર હતું.

## ★ ઈમામ તબ્રાનીનું લખાણ ★

તબ્રાની હદીષના મોટા આલિમ છે, તેઓ એક લાંબી હદીષમાં હઝરત ઉર્વા બિન ઝુબૈરથી રિવાયત કરે છે કે જ્યારે હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ નાશવંત જગતથી આખેરત તરફ પ્રવાસ કર્યો, તો અબ્દુલ્લાહ બિન ઝુબૈરે યઝીદ નાપાકના હુકમના પાલનનો અસ્વીકાર કરી બયઅતથી મનાઈ કરી અને એને બુરો કહેવા મોઢું ખોલ્યું. જ્યારે યઝીદને આ સ્થિતિની ખબર થઈ તો એણે એક વ્યક્તિને એમને પકડવા માટે મોકલતી વખતે કસમ આપી કે એમના ગળામાં સાંકળ લટકાવ્યા વિના અમારી પાસે ન લાવતો. અબ્દુલ્લાહ બિન ઝુબૈરના દોસ્તોએ કહ્યું કે આપ યઝીદની કસમ પૂરી કરવા માટે પોતાના ગળામાં ચાંદીની સાંકળ બનાવીને નાખો અને ઉપરથી કપડાં પહેરી લો તો બેશક ! યઝીદ સાથે આપની સુલેહ અમ્ન અને સલામતીથી નજીક રહેશે. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું કે **અલ્લાહ તઆલા એને આ કસમમાં ક્યારે પણ સાચો ન કરે ! હું ક્યારે પણ કોઈ ગૈર ખુદા સામે નરમ નથી થતો, જેમ કઠણ પથ્થર દાંતો નીચે નરમ નથી થતો.** એ પછી અબ્દુલ્લાહ બિન ઝુબૈરે ખિલાફતનો દા'વો કર્યો અને લોકોને પોતાના હુકમના પાલન તરફ બોલાવ્યા, યઝીદ નાપાકે મુસ્લિમ બિન ઉકબા મરઈને સિરિયાવાળાઓના એક સૈન્ય સાથે મદીનાવાસીઓથી યુધ્ધ કરવા મોકલ્યો અને હુકમ આપ્યો કે મદીનાને ફતેહ કરી લીધા પછી મક્કા તરફ ધ્યાન આપજે, અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરને પણ ખત્મ કરી નાખજે. જ્યારે મુસ્લિમ બિન ઉકબા મદીનામાં આવ્યો તો જે સહાબા એ સમયે મદીના તૈયબામાં હતા તેમણે શહેરને ખાલી કરી આપ્યું. મુસ્લિમ બિન ઉકબા મદીના તૈયબાના રહેવાસીઓની હત્યા કરવામાં સીમા પાર કરી ગયો અને ફસાદ કરવા મક્કા તરફ કેન્દ્રિત થયો. અડધા રસ્તે બીમાર થયો અને મરી ગયો. પોતાના પછી હુસૈન

બિન નુમૈરને પોતાની જગાએ રાખ્યો. બીજી તરફ યઝીદ પણ ઈબ્ને ઝુબૈરને ઘેરામાં લઈ લેવા મિનજીનીકનો (પથ્થરો ફેંકવાની ગોફણનો) ઉપયોગ કરવાનું અને આગ લગાડી દેવાની વસિયત કરીને મરી ગયો. જ્યારે હુસૈન બિન નુમૈરને યઝીદના મૃત્યુથી ખબર પહોંચી તો તે નાસી ગયો.

## ★ ઈબ્ને જૌઝીનું લખાણ ★

મુહદ્દિષ ઈબ્ને જૌઝી એવી સનદ સાથે જે સઈદ બિન મુસય્યિબ رضی اللہ عنہ થી નકલ કરવામાં આવી છે બયાન કરે છે : તેઓ બયાન કરે છે કે હર્રા (ના યુધ્ધ)ની રાતોમાં મારા સિવાય બીજો કોઈ મસ્જિદે નબવીમાં ન હતો. સિરિયાવાળા જ્યારે મસ્જિદમાં આવતા તો કહેતા, આ પાગલ ડોસો આ જગાએ શું કરે છે ?! અને નમાઝનો કોઈ સમય એવો પસાર ન થતો જેમાં હું અઝાન અને ઈકામતનો અવાજ હુજરા શરીફથી ન સાંભળતો. (હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મઝારથી એનો અવાજ આવતો હતો.) પછી એ જ અઝાન અને ઈકામતથી નમાઝ પઢતો હતો અને કોઈ પણ મસ્જિદમાં મારી સાથે ન હોતો.

## ★ સહાબીની દાઢીના વાળ ખેંચી લીધા ★

આ બનાવની ખરાબીઓ પૈકી એક એ છે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ને જોયા એમની દાઢીનો એક વાળ પણ ન હતો, એમને પૂછવામાં આવ્યું કે આપની આ શક્કલ કેવી ?! બની શકે કે આપ પોતાની દાઢી સાથે રમતા હોય ! ફર્માવ્યું, એવું નથી બલ્કે સિરિયાવાળાઓ થકી જે મારા પર ત્રાસ થયો તેની નિશાની છે અને એનો સંબંધ હર્રાના બનાવથી છે. એક જમાઅત મારા ઘરમાં પેસી ગઈ, ઘરનો બધો સામાન લઈ ગયા, એ પછી બીજી જમાઅત આવી. જ્યારે ઘરમાં કોઈ ચીજ વસ્તુ ન મળી તો એમને ક્રોધ અને ગુસ્સો આવ્યો અને એમણે કહ્યું કે ડોસાને હલાવો ! પછી તો એ લોકોમાંથી દરેકે મારી દાઢીનો એક એક વાળ ઉખેડવાનું શરૂ કર્યું. હવે તમે મને જે સ્થિતિમાં જોઈ રહ્યા છો તેમ કરી આપ્યો. આ કામ અક્કલ અને મનનથી બહાર છે, અને આ જાલિમોનું જે પરિણામ આવશે તે એ કે એમની દુનિયા અને આખેરતના બરબાદ થવાનો સ્પષ્ટ પુરાવો છે.



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

## ★ કસમ પ્રમાણે લાશ સળગાવી ★

બયાન કરે છે કે યઝીદ પલીદના હુકમના પાલન અને એની ગુલામી માટે મુસરિફ બદ્અમલ મદીનાવાસીઓને મજબૂર કરવા લાગ્યો, વધુ પડતા લોકોએ લાચારીમાં બયઅતનો સ્વીકાર કર્યો. એ લોકોમાંથી એક વ્યક્તિ કુરૈશથી સંબંધ ધરાવતો હતો. એમણે કહ્યું કે હું સારા કામોમાં બયઅત કરું છું ખરાબમાં નહીં. મુસરિફે એ બયઅત કબૂલ ન કરી અને કતલનો હુકમ આપ્યો. એ કતલ થનાર વ્યક્તિની માંએ કસમ ખાધી કે જો મને શક્તિ મળશે તો આ મુસરિફને જીવતો નહીં તો મરેલો સળગાવીશ. મદીનાવાસીઓને કતલ કર્યા પછી મુસરિફે વિચાર્યું કે હવે અબ્દુલ્લાહ બિન ઝુબૈરને નષ્ટ કરું. એ હેતુથી મક્કા તરફ જવા લાગ્યો પરંતુ બે ત્રણ દિવસ પછી એ જે બીમારીમાં સપડાએલો હતો (લકવામાં) મરી ગયો. એ સ્ત્રી પોતાના અમુક ગુલામો સાથે એની કબર પર પહોંચી કે એને કબરમાંથી કાઢીને પોતાની કસમ પૂરી કરે. જ્યારે કબ્ર ખોલી તો એમાં એક અજગર જોયો જે મુસરિફના ગળામાં વિટાએલો હતો અને એના નાકનું હાડકું ચૂસી રહ્યો હતો. બધા લોકો એની આ હાલત જોઈને ડરી ગયા, અને એ સ્ત્રીને કહ્યું, અમારા શક્તિના માલિક અલ્લાહ તઆલાએ એને એના અમલોની સજા આપી દીધી. અને તેં જે વાતનો ઈરાદો કર્યો છે એના પર અમલ કરવાથી રોકાઈ જા ! એના માટે આટલો અઝાબ બસ છે. સ્ત્રીએ કહ્યું, નહીં ! મેં અલ્લાહ તઆલાથી જે વાતનો વાયદો કર્યો છે, જ્યાં સુધી એને પૂરો નહીં કરું આ મુસરિફ પાસેથી હટીશ નહીં. પછી એ સ્ત્રીએ કહ્યું કે એને પગ તરફથી બહાર કાઢો ! જોયું કે એ તરફ પણ એક અજગર એ પ્રમાણે વિટાએલો હતો. એ સ્ત્રીએ વુઝૂ કર્યું અને બે રકાત નમાઝ પઢી. પછી રડીને દુઆ માટે હાથ ઉઠાવ્યો અને કહ્યું, અય અલ્લાહ ! કહ્હાર ! તું જાણે છે કે મુસ્લિમ બિન ઉકબા પર મારો ગુસ્સો તને ખુશ કરવા માટે છુ, તું મને શક્તિ આપ કે હું એને આ ખાડામાંથી કાઢું અને સળગાવું. પછી એક લાકડી લીધી અને સાપની પૂછડીમાં મારી તો માથાથી અલગ થઈ ગયો અને બહાર ચાલ્યો ગયો તો સ્ત્રીએ પોતાના ગુલામોને કહ્યું કે આને બહાર કાઢીને સળગાવો.

## ★ વિવાદાસ્પદ રિવાયતનો જવાબ ★

વાકેદી કહે છે કે આ બનાવનો પુરાવો અમારી પાસે એ પ્રમાણે પહોંચ્યો છે કે એ સ્ત્રી યઝીદ બિન અબ્દુલ્લાહ બિન ઝમઆનીમાં હતી. જ્યારે મુસરિફ મક્કા તરફ રવાના થયો તો આ સ્ત્રી મુસિરફથી બે ત્રણ દિવસના અંતરે પોતાના સૈન્ય સાથે ફરતી હતી. જ્યારે મુસરિફના મરવાની ખબર સાંભળી તો આવી અને મુસરિફને કબરથી બહાર ખેંચી લટકાવ્યો. ઝહ્હાક કહે છે કે જેમણે એને લટકેલો જોયો હતો એ અમને બયાન કરતા હતા. લોકો એના પર પથ્થરમારો કરતાં હતાં પણ આ રિવાયતમાં સળગાવવાનો ઉલ્લેખ નથી. એ શક્ય છે કે એને સળગાવવાનો અમલ લટકાવ્યા પછી બે ત્રણ દિવસે થયો હોય. જે વ્યક્તિએ મુસરિફને સળગાવવાની રિવાયત નથી કરી. શક્ય છે કે એણે મુસરિફની લાશને પ્રથમ સ્થિતિમાં જોઈ હોય જ્યારે એ દોરડી પરથી ઉતારવામાં નહીં આવ્યો હોય. (એટલે કે પ્રથમ એની લાશ લટકાવવામાં આવી, લોકોએ એના પર પથ્થરમારો કર્યો પછી એને ઉતારીને સળગાવી દેવામાં આવ્યો. એટલે બંને રિવાયતો સત્ય છે.)

## ★ મક્કા પર યઝીદી હુમ્લો ★

કર્તબી કહે છે આ મૌતના વાક્યાના ત્રણ દિવસ પછી મદીનાના માર્ગમાં થઈ હતી, એનું પેટ પીળા પાણી અને પાકથી ભરાઈ ગયું હતું, ઘણી કરુણ સ્થિતિમાં એના પ્રાણ નીકળ્યા, પરંતુ એ ઘણી જ મૂર્ખાઈ અને પથ્થર દિલથી મરતી વખતે કહી રહ્યો હતો કે, અય ખુદા ! **લાઈલાહ ઈલ્લલ્લાહ**ની ગવાહી આપ્યા પછી મારા અતિ પ્રિય અમલોમાં જે મારા નિકટ એવો છે જે તારી બારગાહમાં કબૂલ હોય તો એ મદીનાવાસીઓના કતલને છોડીને નથી થયો, જો તું મને આ અમલ પછી પણ દોઝખની આગમાં નાખે તો બીજો કોઈ વ્યક્તિ મારાથી વધીને બદ્નસીબ નહીં હોય. (નિર્દોષ લોકોની હત્યાને એ પોતાના અમલોમાં પ્રિય અમલ સમજતો હતો અને એ અમલ પર એને એ ઉમ્મીદ હતી કે મને અઝાબ આપવામાં નહીં આવે અને બખ્શી દેવામાં આવશે. પણ તમે એ રિવાયતથી જાણ્યું જેમાં એની કબર ખોલવાનો અને અઝાબના સાપોનો





ઉલ્લેખ છે.) એ પછી એણે હુસૈન બિન નુમૈરને બોલાવ્યો અને કહ્યું કે, અમીરુલ મુ'મિનીને મારા પછી તને વડો બનાવવાનું કહ્યું છે, તો તું જલ્દીથી મક્કા જા ! અને ઈબ્ને ઝુબૈરના (કતલ કરવાના) કામમાં વાર ન લગાડ, અને એમની હત્યામાં આળસ ન કર, મિનજીનીક લગાડ અને એના દોસ્તો ખાનએ કા'બામાં પનાહ લઈ લે તો તું એનાથી ડરતો નહીં, બલ્કે પોતાનું કામ કરીને જ રહેજે અને મિનજીનીકને કામમાં લાવજે, હુસૈન બિન નુમૈરે એની વસિયત પ્રમાણે મક્કા પહોંચીને ૬૪ દિવસ સુધી એ પાક શહેરને ઘેરામાં લઈ લીધું અને યુધ્ધ અને લડવાનું એલાન કર્યું, મિનજીનીકોથી કા'બામાં પથ્થર વરસાવ્યા. બયાન કરે છે કે એ લોકોમાંથી એક ભાલાની અણી પર આગ સળગાવેલો હતો. એક હવા આવી અને કા'બામાં આગ લાગી ગઈ એ વખતે યઝીદ પલીદના મરી જવાની ખબર પહોંચી. યઝીદ ન્યૂમોનિયામાં મરી ગયો.

સિરિયાના લોકો અને બનૂ ઉમય્યા હેરાન થઈ ગયા, બધા બેઈજ્જત થઈને પરત થયા અને નાસ ભાગ થવા લાગી. હર્રાનો બનાવ બુધવારના દિવસે ૨૭ અથવા ૨૮ ઝુલ હજ્જા હિજરી સન ૬૩ માં બન્યો હતો. મુસ્લિમ બિન ઉકબાનું મૌત મુહર્રમની ચાંદરાતમાં હિજરી સન ૬૪ માં થયું હતું. અને મક્કાની લડાઈ અને મિનજીનીકોથી બયતુલ્લાહ પર પથ્થરની વર્ષા શનિવારના દિવસે ત્રણ રબીઉલ અવ્વલમાં થઈ હતી અને યઝીદની મૌત પહેલી રબીઉલ આખિરમાં થઈ હતી. આ પ્રમાણે કિતાબે વફામાં છે.

## ★ નબીના ફર્માનનો કમાલ ★

તમારી ખિદમતમાં એ વર્ણન થઈ ગયું કે હિ.સ. ૬૩ માં જ્યારે મક્કા અને મદીનાના લોકોએ યઝીદની બયઅત તોડી નાખી તો એણે મક્કા અને મદીનાના લોકોની હત્યા માટે લશ્કર મોકલ્યું અને ત્યાં દરેક પ્રકારની બેઅદબી અને બેઈજ્જતીની હદ કરી નાખી તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન મુજબ એમને એ સજા મળીને જ રહી. હઝરત સઈદ બિન મુસય્યિબથી રિવાયત છે કે એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના મુનવ્વરામાં હતા. આપે પોતાના બંને હાથ મુબારક ઉઠાવીને ફર્માવ્યું :

اَللّٰهُمَّ مَنْ اَرَادَنِیْ وَاَهْلَ بَلَدِیْ بِسُوْءٍ فَعَجِّلْ هَلَاكَهٗ

**"અય અલ્લાહ ! જે વ્યક્તિ મારા અને મારા શહેરવાળાઓ સાથે બુરાઈનો ખયાલ કરે એને જલ્દી હલાક કર !"**

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ફર્માન મુજબ મુસ્લિમ બિન ઉકબા પણ તરત મરી ગયો અને થોડા દિવસમાં યઝીદ પણ મરી ગયો અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન સત્ય થઈને રહ્યું.

## ★ એક શંકાનું નિવારણ ★

વર્તમાનકાળમાં જે લોકો યઝીદની ખોટી તરફદારી કરે છે અને એને બચાવવાની નાપાક કોશિશ કરે છે, તેઓનું કહેવું એવું છે કે ઈમામ પાકને શહીદ કરવામાં યઝીદનો હાથ નથી ! બલ્કે એ કામ ઈબ્ને ઝિયાદની બદ્‌માશીથી અમલમાં આવ્યું. પણ તમને એ વાતની જાણ થઈ ગઈ અને એના પુરાવા પણ આપી દેવામાં આવ્યા કે હત્યાનું કામ યઝીદનું જ હતું ! ભલે ગમે તેણે કર્યું અને ગમે તેની પાસે કરાવ્યું. કારણ કે જો હત્યાનું કામ એનું ન હતું તો પછી સ્પષ્ટ છે કે એને પાર વિનાની ચિંતા થઈ હશે, અને એ ચિંતામાં એનું માથુ ઉઠતું પણ નહીં હોય, કારણ કે આ હત્યા કોઈ સામાન્ય ન હતી, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસા અને આપના પુત્રની હતી, અને એકલા એમની નહીં બલ્કે એમની સાથે બીજી ઘણી બુઝુર્ગ હસ્તીઓની પણ અને બાળકોની પણ હત્યા કરવામાં આવી હતી. તો જ્યારે એને ઈમામે પાકની હત્યાનો શોક હતો તો પછી થોડા જ સમયમાં મક્કા અને મદીના પર હુમ્લો કરવામાં શાથી આવ્યો ? અને અહીંયાના બુઝુર્ગ સહાબા, તાબઈન અને ચોટીના આલિમોનો કત્લે આમ કેમ કરવામાં આવ્યો ? મસ્જિદે નબવી અને બયતુલ્લાહ શરીફની બેઈજ્જતી કેમ કરવામાં આવી. આ બધું એ વાતની દલીલ છે કે યઝીદની સત્તામાં ગમે તે થાય અને એ પોતે ગમે તે કરે કોઈએ કંઈ જ બોલવાનું નહીં. જે બોલે અથવા વિરોધ ઉઠાવે તેની હત્યા કરી નાખવાની. તો આનાથી એ વાત યકીન સુધી પહોંચી જાય છે કે જેણે પોતાના વિરોધને રોકવા મક્કા અને મદીનામાં કતલે આમ કરાવ્યું તેણે જ હઝરત ઈમામ પાક





رضی اللہ عنہ ને પણ શહીદ કરાવ્યા. એટલે યઝીદને મુક્ત સમજવો અર્થહિન છે.

## ★ હરમૈનમાં હુમ્લો યઝીદના હુકમથી જ થયો ★

યઝીદ તરફથી માત્ર એક ઈમામ પાકની હત્યાની વાત નથી કે એમાં શંકા ઉપસ્થિત કરી દેવામાં આવે તો યઝીદ પાક બની જાય એના માથે તો હજારો સહાબા, તાબઈન અને મહાન મહાન આલિમોની હત્યાનું વજન છે, એને કેવી રીતે હટાવી શકાશે ? મક્કા અને મદીનામાં જે હુમ્લો થયો અને એનાથી જે બેઈજ્જતી હરમૈનની થઈ તે તો સ્પષ્ટ છે. પણ દસ હજાર જેટલા સહાબા તાબઈનની હત્યા થઈ તે તો તમારે માનવું જ પડશે કે એ યઝીદના હુકમથી જ થયું છે, તો એ હજારો મુસલમાનોની હત્યાનો જવાબદાર તો ખરો જ. પછી એને પાક કેવી રીતે માનવામાં આવે ? તમને એટલી ખબર છે કે યઝીદનો પુત્ર મુઆવિયા જ્યારે થોડા દિવસ માટે સત્તા પર આવ્યો તો તેણે પ્રથમ ખુત્બામાં પોતાના બાપની બદ્‌માશી લોકો સમક્ષ રાખી અને ઘરના માણસે ગવાહી આપી કે એ કેવા પ્રકારનો માણસ હતો. પછી તમે એને કેટલો ઢાંકશો કે એ ઢંકાશે ! એ માત્ર હત્યારો ન હતો એ તો દારૂડિયો પણ હતો, એ તો વ્યભિચારી પણ હતો, એ તો શિકારી પણ હતો, એ તો વાંદરા અને કૂતરાં બિલાડાંનો શોખિન પણ હતો, એ તો નમાઝો પણ ન પઢતો હતો. આ બધી ખરાબીઓને કેવી રીતે ઢાંકશો ?!

**સવાલ** : યઝીદ તરફથી મદીના પર હુમ્લો ઓચિંતો કરવામાં નથી આવ્યો બલ્કે ત્રણ દિવસની એમને મહેતલ આપવામાં આવી હતી, પણ જ્યારે તેમણે બયઅતનો સ્વીકાર કરી સુલેહનો માર્ગ ન કાઢયો અને તેમણે કહ્યું કે અમે યુધ્ધ કરીશું ત્યારે યુધ્ધ કરવામાં આવ્યું, તો મદીનાવાસીઓએ એ ત્રણ દિવસમાં જુલ્મ ન થાય એવો નિર્ણય લેવો જોઈતો હતો.

## ★ પ્રાણ કરતાં દીન ઉત્તમ છે ! ★

**જવાબ** : મદીનાના લોકોએ યઝીદની બયઅત કરી અને પછી તોડી નાખી તો તે માત્ર આમ જ ન તોડી હતી, તેમને યઝીદની ખરાબીઓ

બાબતે આંખોએ દેખી ગવાહી પ્રાપ્ત થઈ હતી, અને તે પણ સાચા ગવાહો મળ્યા, તો જ્યારે એ વાત માનવાના આધારે યકીનની હદે પહોંચી ગઈ તો પછી એવા જાલિમની બયઅત બાકી રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલે તેમણે બયઅત તોડી અને પછી સૈન્ય આવ્યું તો તેમણે યુધ્ધનું વિચારી લીધું, એ તેમની હિંમતની વાત છે, તેમના ધાર્મિક જોશ અને જુસ્સાની વાત છે. એટલે ખરાબ વ્યક્તિની બયઅત તોડવામાં અને દીનને ખરાબીથી બચાવવા બાતિલ સામે મુજાહિદ બનીને ઉભા થવામાં તેઓ શરઈ કાયદામાં સત્ય સ્થાને હતા. એટલે મરનાર તેમનામાંથી કોઈ પણ હોય શહીદ, અને મારનાર કોઈ પણ હોય જાલિમ છે. કારણ કે તેઓ ગુનાહ પર બયઅત કરાવવા માંગતા હતા અને આમની માંગ શરીઅત પર બયઅતની હતી.

## ★ પોતાને સુધારવું સરળ છે ★

યઝીદને લોકોનું બયઅત તોડી નાખવું સારું ન લાગ્યું તો એણે એ કેમ ન વિચાર્યું કે બયઅત કરનારે કરી તો હવે તોડી કેમ નાખી ? એનું કારણ શું છે ?! તો એણે પોતાની ખરાબીઓનું કારણ જાણીને એનાથી તૌબા કરી લેવી જોઈએ, તો કોઈ પણ જુલ્મ કર્યા વિના કામ બની જતું અને નિર્દોષ લોકોની હત્યાનો વબાલ એના માથે ન જતો. એ પોતે પોતાને સારી રીતે સુધારી શકે છે, છતાં એ પોતાને સુધારવા નથી માંગતો, અને એની ખરાબીઓથી એને વાકેફ કરે છે તેની હત્યા કરે છે. શું આને પણ જાલિમ કહેવામાં નહીં આવે ? શું હજી પણ તમને યઝીદ સારો લાગે છે ?!

## ★ યઝીદની કરુણ મૌત ★

હદીષે પાકમાં છે :–

كَمَا تَحْيَوْنَ تَمُوْتُوْنَ وَكَمَا تَمُوْتُوْنَ تُحْشَرُوْنَ

જે પ્રમાણે જીવશો મરશો અને જેવા મરશો તે જ પ્રમાણે ઉઠશો. આ હદીષના આધારે જોવામાં આવે તો **યઝીદ દારૂડિયો અને વ્યભિચારી હતો, ગાયનો અને વાજિંત્રોનો શોખિન હતો.**





(આને યઝીદી કિરદાર કહેવાશે !) યઝીદ આ પ્રમાણેનાં કામો કરતો હતો, અને ઈસ્લામી સમાજમાં જે મોટો વિવાદ ઊભો થયો અને હજારો મુસલમાનોની નિર્દોષ હત્યા થઈ તે બધું જ એની ખરાબીને લઈને થયું હતું, તો એની મૌત પણ એ પ્રમાણે જ આવી હતી.

તારીખે તબરી, ભાગ–૭, પેજ–૪૩૩માં તથા ઈબ્ને અષીર, ભાગ–૪, પેજ–૬૧ માં છે :– યઝીદે લગભગ ૩II વર્ષ સત્તા ચલાવી. ૩૮ અથવા ૩૯ વર્ષની ઉમરે એનું અવસાન થઈ ગયું, એ સમયે એ હુવારીન ગામડામાં હતો. એની મૌત પર ઈબ્ને ઓરાવાએ આ પ્રમાણે શાયરી બનાવી

أَبَنِي أُمَيَّةَ إِنَّ آخِرَ مَلِكِكُمْ – جَسَدًا بِحُوَارِيْنَ ثَمَّ مُقِيْمُ

"અય બનૂ ઉમય્યા ! બેશક ! તમારા અંતિમ રાજાની લાશ હુવારીનમાં પડેલી છે."

طَرَقَتْ مَنِيَّتُهُ وَعِنْدَهُ وِسَادَةٌ – كُوْبٌ وَزِقٌ رَاعِفٌ مَرْثُوْمُ

"અને મૌત એ સમયે આવી કે પ્યાલું અને મશક દારૂથી છલોછલ ભરાએલી હતી."

وَمُرِنَّةٌ تَبْكِي عَلَى نَشْوَانِهِ – بِالصَّنْجِ تَقْعُدُ تَارَةً وَتَقُوْمُ

"અને એક ગાવાવાળી સારંગી લઈને અને નશાવાળા પર રડતી, બેસતી પછી ઊભી થતી."

આ પુરાવાથી જાણવા મળ્યું કે યઝીદ હુવારીન ગામડામાં જઈને ઐયાશી કરી રહ્યો હતો, એની પાસે દારૂનું પ્યાલું છલોછલ ભરાએલું હતું અને એક ગાવાવાળી સ્ત્રી સારંગી લઈને ગાતી અને નાચતી, એ હાલતમાં એનું મૌત થઈ ગયું અને પછી એને દમિશ્ક લાવવામાં આવ્યો અને ત્યાં દફન કર્યો. શું પછી પણ એવું કહી શકાય છે કે યઝીદ પાક હતો ?! આ હતું એનું દુનિયાનું પરિણામ અને આખેરતનું પરિણામ અલ્લાહ જાણે !

## ★ હદીષોમાં યઝીદથી ચેતવણી ★

તારીખ અને ઈસ્લામી ઈતિહાસની કિતાબોથી તમને એ સાબિત કરી બતાવ્યું કે યઝીદ ખિલાફતના લાયક ન હતો, પણ રસૂલે પાક

صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન પર નજર કરતાં એ જાણવા મળે છે કે આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ગયબીવાણીમાં પહેલાંથી જ બતાવી આપ્યું હતું કે દીનને નુકસાન કોની સત્તાથી પહોંચવાનું છે. જેનાથી એ પણ સાબિત થઈ ગયું કે યઝીદના ખરાબ હોવા પર અલ્લાહ અને રસૂલના ફર્માનનો પણ પુરાવો છે.

## ★ બુખારી શરીફની હદીષ ★

બુખારી શરીફ, ભાગ–૨ માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે કે :

هَلَكَةُ اُمَّتِىْ عَلٰى اَيْدِىْ غِلْمَةٍ مِّنْ قُرَيْشٍ

"મારી ઉમ્મતની બરબાદી કુરૈશના અમુક છોકરાઓના હાથે થશે."

## ★ બિદાયાની હદીષ ★

અલ્ બિદાયામાં, ભાગ–૮, પેજ–૧૧૨ હઝરત અલ્લામા ઈબ્ને કષીર ફર્માવે છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી, અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મિમ્બર પર ઊભા રહીને આ પ્રમાણે ફર્માવ્યું :–

وَيْلٌ لِّلْعَرَبِ مِنْ شَرٍّ قَدِ اقْتَرَبَ وَيْلٌ لَّهُمْ مِنْ اَمَارَةِ صِبْيَانٍ يَحْكُمُوْنَ فِيْهِمْ بِالْهَوٰى وَ يَقْتُلُوْنَ بِالْغَضَبِ

"બરબાદી છે અરબની એક બુરાઈથી જે નજીક આવી ગઈ છે. એમની બરબાદી છે બાળકોની સત્તાથી જેઓ એમનામાં મનપસંદ હુકમ આપશે અને ક્રોધમાં એમને યોગ્ય લાગશે તે કરશે, અને એમની પોતાની પસંદનું લોકોને કરાવશે." કોઈ શરીઅતની અને અલ્લાહ, રસૂલની વાત વચમાં રાખીને વિરોધ કરશે તો તેના પર ગુસ્સે થઈને કતલ કરી નાખશે કે પછી બીજો કોઈ સામે આવી જ ન શકે, અને કોઈની એમની સામે બોલવાની હિંમત ન ચાલે.

## ★ ફત્હુલ બારીની હદીષ ★

ફત્હુલ બારી, ભાગ–૧૩, પેજ–૧૦ માં અલી બિન મુઅબ્બદ





અને ઈબ્ને અલી શૈબાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું અલ્લાહ તઆલાની પનાહ લઉં છું બાળકોની સત્તાથી. સહાબાએ વિનંતિ કરી કે અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم બાળકોની સત્તા શું છે ?! ફર્માવ્યું, તમે એમના કહેવા પર ચાલશો તો બરબાદ થઈ જશો (એટલે કે દીન અને ધર્મમાં) અને નાફર્માની કરશો તો એ તમને હલાક કરી નાખશે. (એટલે કે દુનિયામાં તમારી જાન લઈને, માલ લૂટીને અથવા બંનેથી.)

ખુલાસો એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સુધીમાં જે ખલીફા ખિલાફતના સ્થાને આવ્યા તે બધા ઉમરવાળા લોકો હતા. સૌથી ઓછી ઉમરનો ખિલાફતની જગાએ આવનાર યઝીદ છે, એ ૩૪ વર્ષનો હતો ત્યારે આ જગાએ આવ્યો હતો અને એની હાલતો તમારી ખિદમતમાં રજૂ કરી દેવામાં આવી તેનાથી સમજી લો કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનમાં જે વ્યક્તિ બાબત ખબર આપવામાં આવી છે તે યઝીદ જ છે.

## ★ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની દુઆ ★

ફતહુલ બારી, ભાગ–૧૩, પેજ–૧૦, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બજારોમાં ચાલતાં ફરતાં આ દુઆ કરતા રહેતા હતાં :–

اَللّٰهُمَّ لَا تُدْرِكْنِىْ سَنَةُ سِتِّيْنَ وَ لَا اَمَارَةُ الصِّبْيَانِ

"અય અલ્લાહ ! હિજરી સન ૬૦ અને બાળકોની સત્તા મને ન પામી શકે." (એટલે કે એના પહેલાં જ તુ મને મૌત આપજે અને તારી બારગાહમાં બોલાવી લે જે કે મારે મારી આંખોથી એ વબાલ જોવો ન પડે, તો આપની આ દુઆ ખુદાની બારગાહમાં સ્વીકારી લેવામાં આવી અને હિજરી સન ૫૯ માં આપનું અવસાન થયું અને આપને મદીનામાં દફન કરવામાં આવ્યા.

અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ પડછાયા માફક નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં રહેતા હતા, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાકના ફર્માન અને આપના અમલોના ઈલ્મનો એક મોટો જથ્થો આપના ભાગમાં આવ્યો હતો, જ્યારે એમણે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું હતું તો તેનાથી બચવા માટે દુઆનો સહારો લીધો હતો. રજબ હિજરી સન ૬૦ માં હઝરત

અમીર મુઆવિયા رضی اللہ عنہ નું અવસાન થયું અને પછી યઝીદ ખલીફા બન્યો અને બનતાની સાથે એની શરારત અને બદ્માશીનો આરંભ થયો અને છઠ્ઠા મહીને ઈમામ હુસૈનની કરુણ શહાદતનો બનાવ બન્યો અને પછી મક્કા મદીનામાં ૬૩ ની ૬૪ ની શરૂઆતમાં હુમ્લા થયા અને દસ હજાર જેટલા મુસલમાનોને જુલ્મની તલ્વારથી કાપવામાં આવ્યા જેનો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજૂ થઈ ગયો છે. તો સ્પષ્ટ થયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનમાં યઝીદની શરારતોનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

## ★ અલ્લામા ઐનીનું મંતવ્ય ★

ઉમ્દતુલ કારી, ભાગ-૧૧, પેજ-૩૩૪ માં છે :-

اَوَّلُهُمْ يَزِيْدُ عَلَيْهِ مَا يَسْتَحِقُّ وَكَانَ غَالِبًا يَنْزَعُ الشُّيُوْخَ
مِنْ اَمَارَةِ الْبُلْدَانِ الْكِبَارِ وَيُوَلِّيْهَا الْاَصَاغِرَ

"તે છોકરાઓમાંથી પ્રથમ યઝીદ છે એના પર પડશે જેના એ લાયક છે. એ ઉમરવાળાઓને મોટા શહેરોને સત્તા પરથી હટાવી આપતો અને એની નિકટના નાના લોકોને સત્તાધારી બનાવતો હતો."

(હદીષમાં જે નવ ઉમરના લોકોની સત્તાથી બચવાની ચેતવણી આપવામાં આવી હતી તેનો પ્રથમ વ્યક્તિ યઝીદ છે. કારણ કે તેની સત્તામાં અમલી ખરાબીઓ તો એની જગાએ રહી પણ મુસલમાનોને જાની અને માલી મોટુ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. અલ્લામા ઐનીએ કહ્યું કે હદીષની ચેતવણીના આધારે પ્રથમ યઝીદ છે એ બીજા શહેરોનો ગવર્નર પણ નવી ઉમરના લોકોને બનાવતો હતો. ખુલાસો એ કે એને દીન અને ધર્મથી કોઈ લગાવ ન હતો, એનો હેતુ માત્ર પોતાની સત્તા મજબૂત બનાવવાનો અને દરેકે એની હા મા હા મેળવવાનો હતો. એટલે એ એવા જ સત્તાધારીઓને ચાહતો અને એવા જ લોકોને બીજા લોકો પર ઉત્તમતા આપતો.)

## ★ પ્રથમ સુન્નતને બદલનાર કોણ ?! ★

તારીખુલ ખુલફામાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે : એમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ ઈર્શાદ ફર્માવતાં





સાંભળ્યા કે :-

اَوَّلُ مَنْ يُبَدِّلُ سُنَّتِیْ رَجُلٌ مِّنْ بَنِیْ اُمَيَّةَ يُقَالُ لَهٗ يَزِيْدُ

"મારી સુન્નતને પહેલાં બદલવાવાળો વ્યક્તિ બની ઉમય્યાનો હશે, જેને યઝીદ કહેવામાં આવશે."

## ★ ઉમ્મતનું કામ બગાડનાર ★

અબૂ યઅલાએ પોતાની મુસ્નદમાં હઝરત અબૂ ઓબૈદાથી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મત હમેશાં ન્યાય અને ઈન્સાફ પર રહેશે.

حَتّٰى يَكُوْنَ اَوَّلُ مَنْ يَّثْلِمُهٗ رَجُلٌ مِّنْ بَنِیْ اُمَيَّةَ يُقَالُ لَهٗ يَزِيْدُ

એટલે સુધી કે પ્રથમ એને બરબાદ કરનાર બની ઉમય્યાનો એક વ્યક્તિ હશે જેને યઝીદ કહેવામાં આવશે.

ઈત્તેહાફમાં અલ્લામા શબરાવી લખે છે : અબૂ યઅલાને છોડીને બીજા લોકોએ આને નામ વગર રિવાયત કરી છે :-

لِاَنَّهُمْ كَانُوْا يَخَافُوْنَ مِنْ تَسْمِيَتِهٖ "એમને એનું નામ બતાવવામાં ડર લાગતો હતો." *(ઈત્તેહાફ, પેજ-૬૫)*

એમના કહેવાનો ભાવાર્થ એ છે કે નામવાળી હદીષ પણ સહીહ છે જેને અબૂ યઅ્લાએ રિવાયત કરી એ સિવાયના લોકોએ નામ વગર રિવાયત કરી. કારણ કે હદીષને ભેગી કરવાના સમયમાં બની ઉમય્યાની સત્તા ચાલતી હતી. સ્પષ્ટ થયું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનમાં યઝીદ ખરાબ અને નાઅહલ છે એનાથી દીન અને ધર્મને નુકસાન પહોંચશેનો ઉલ્લેખ થયો છે, અને એવું જ થયું.

## યઝીદને લઅનતી કહી શકાય છે ?!

એ વાતની ચર્ચા થઈ ગઈ કે યઝીદને લઅનતી અને કાફિર છોડીને એની બીજી કોઈ બુરાઈ કરવામાં અને ઐન ફાસિક, ફાજિર, નાપાક, પલીદ, બદ્માશ વગેરે કહેવામાં અહલે સુન્નત વલ જમાઅતની સંમતિ છે, એમાં કોઈનો વિવાદ નથી. અને સઘળા સુન્નીઓ આ વાત પર જ રહેશે. વિવાદ યઝીદને નામ લઈને લઅનતી કહેવામાં અને કાફિર

કહેવામાં છે. અમુક ઈમામોએ કહ્યું અને અમુકે ના કહ્યું. આપણા ઈમામે આ'ઝમના આધારે એના ઈમાન અને કુફ્રમાં ચૂપ રહેવામાં ભલાઈ છે. તો આપણે લોકોએ એમાં પણ હદ ઓળંગવી ન જોઈએ. જ્યાં સુધી ઈમામે પાકના હક્ક હોવાનો અને એમની સામે યઝીદના બાતિલ અને નાહક્ક હોવાનો સવાલ છે તો નિઃશંક ! યઝીદ બાતિલ છે અને ઈમામે પાક હક્ક પર છે. અને એમના હક્ક હોવા પર અહલે સુન્નત વલ જમાઅતની એકમતી છે.

## ★ મુજદ્દિદે અલ્ફેષાનીનું મંતવ્ય ★

ઈમમે રબ્બાની શૈખ અહમદ બિન અબ્દુલ અહદ સરહિંદી رضی اللہ عنہ જેઓની ગણતરી મુજદ્દિદોમાં થાય છે. દીને ઈલાહીની વિરૂધ્ધ ચળવળમાં મોટો ફાળો આપનો છે. આપના લખાણમાં મકતૂબાતને વધારે ખ્યાતિ પ્રાપ્ય છે. આપે પોતાના પત્રોથી મુસલમાનોને અકીદએ અહલે સુન્નત વલ જમાઅતની મજબૂત અને સશક્ત તા'લીમ અર્પણ કરી છે. આપે મકતૂબાતે ઈમામ રબ્બાની, ભાગ–૧, મકતૂબ નં. ૨૫૧માં ખુલફાએ રાશેદીનના મુકામો મરતબા વિશે રસપદ અને ઈમાની, ઈર્ફાની ચર્ચા કરી છે. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ વિશે અહલે સુન્નતની બોલી કેવી હોવી જોઈએ એની પણ છણાવટ કરી છે, એ પત્રના અંતમાં આપે યઝીદ વિશે અહલે સુન્નતના આલિમોનું મંતવ્ય દર્શાવ્યું છે, લખે છે :–

"યઝીદ નેકનામીની તૌફીકથી નામુરાદ હતો અને ફાસિકોની જમાઅતમાં પ્રવેશેલો છે. એના પર લઅનત મોકલવામાં વિચાર એટલા માટે જ કરવાનો કે અહલે સુન્નતનો કાયદો છે કે કોઈની ઉપર લઅનત જલ્દી ન કરવી જોઈએ, કોઈ નિશ્ચિત વ્યક્તિ ભલે કાફિર હોય એના પર લઅનત કરવામાં જલ્દી ન કરવી જોઈએ, પરંતુ નિઃશંક ! તરીકા પર જાણ થાય કે એનો કુફ્ર પર અંત (અવસાન) થયો છે જેમ કે અબૂ લહબ અને એની પત્ની. પણ એનો મતલબ એ પણ નથી કે (યઝીદ) લઅતનના લાયક નથી, કારણ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

اِنَّ الَّذِيْنَ يُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ





"બેશક ! જેઓ અલ્લાહ અને એના રસૂલને તકલીફ આપે છે. અલ્લાહે દુનિયા અને આખરતમાં એમના પર લઅનત કરી." *(સૂરએ અહઝાબ, આ. ૫૭)*

**લખાણનો ખુલાસો** : અહલે સુન્નતના કાયદા પ્રમાણે કોઈ નિશ્ચિત વ્યક્તિનું નામ લઈને લઅનત ત્યારે જ કરી શકાય છે જ્યારે તેની મૌતના સમય સુધી તેનું કાફિર હોવું અને કુફ્ર પર જ મૃત્યુનું યકીન પ્રાપ્ત થઈ જાય, એમાં થોડી પણ શંકા ન રહી જાય. જેમ કે અબૂ લહબ અને એની પત્ની જેમના કુફ્ર પર કુર્આન ગવાહ છે. જ્યારે આપણા મસ્લકનો કાયદો લઅનત નામ સાથે કરવામાં આ પ્રમાણેનો છે તો પછી યઝીદ જેનું ખરાબ અને બદ્‌માશ હોવું, જાલિમ અને દુનિયાનો લાલચી હોવું સ્પષ્ટ છે તો એની જાત બાબત એ પ્રમાણેનાં શબ્દો બોલી શકાય છે પણ એનું કાફિર હોવું એટલું યકીની અને સ્પષ્ટ નથી એટલે નામ લઈને એની લઅનત કરવામાં નહીં આવે. પણ એનો મતલબ એ પણ નથી કે તે લઅનતવાળો છે જ નથી, કુર્આનની આયતો અને હદીષના આધારે એને જે કામો કર્યા છે તેમાં હદીષ અને કુર્આનના આધારે લઅનત સાબિત થાય છે, પણ એ લઅનત નામ લઈને નહીં વિના નામે થશે, જેમ કે નબીને તકલીફ આપનારાઓ પર લઅનત, જૂઠુ બોલનારાઓ પર લઅનત, મદીનાના લોકોને સતાવવાવાળા પર લઅનત વગેરે. તો આપણે મુહદ્દિષ સાહબનો આ કાયદો ભૂલવો ન જોઈએ.

## ★ આ'લા હઝરતનું મંતવ્ય ★

ફતાવા રઝવિય્યા, ભાગ–૬, પેજ–૧૦૭/૧૦૮ માં આ સંપૂર્ણ લખાણનું વર્ણન થઈ ગયું છે પણ જરૂરી ભાગને અમે ફરીથી તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ :– "અમારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ લઅનત અને કાફિર કહેવામાં ચૂપ રહેવાને ઉત્તમ સમજે છે. એનાથી બદ્‌અમલી અને ખરાબ કામો મુતવાતિર છે કુફ્ર મુતવાતિર નથી, શંકાસ્પદ સ્થિતિમાં કબીરા ગુનાહનો સંબંધ પણ જાઈઝ નથી ન કે કાફિર કહેવું (એટલે કે એવા સંજોગોમાં કબીરો ગુનોહ સંબંધિત નથી કરી શકતા તો કાફિર હોવું કેવી રીતે કહી શકાય) (ખુલાસો એ કે એ

લઅનતના લાયક છે પણ નામ લઈને લઅનત નથી કરી શક્તા એના માટે કાફિર થઈ જવાની નિઃશંક ! ખબર હોવી જોઈએ, એ કાફિર કહેવા માટે એવો કોઈ યકીની પુરાવો નથી એટલે નામ લઈને લઅનત કરવામાં અને કાફિર કહેવામાં ચૂપ રહીશું.)

## ★ હદીષમાં લઅનતનો મતલબ શું ? ★

**સવાલ** : હદીષે પાકમાં છે જે મદીનાવાળાઓને જુલ્મ અને ત્રાસથી ડરાવે, وَ كَانَتْ عَلَيْهِ لَعْنَةُ اللّٰهِ وَ الْمَلٰئِكَةِ وَ النَّاسِ اَجْمَعِيْنَ અલ્લાહ એને ડરાવશે ! એના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને સઘળા લોકોની લઅનત છે. (અને એ વાત સ્પષ્ટ છે કે યઝીદે મદીનાવાળાઓને માત્ર બિવડાવ્યા નથી બલ્કે એમનો કત્લે આમ કરાવ્યો. જ્યારે બીવડાવવાવાળા પર લઅનત છે તો પછી કત્લે આમ કરવાવાળા પર લઅનત કેમ નહીં ?!)

## ★ મુહદ્દિષ દહેલ્વીનો જવાબ ★

**જવાબ** : આ લઅનત જે મદીનાવાળાઓ પર ત્રાસ અને ફસાદનો ઈરાદો કરવાવાળાઓ માટે આવી છે તે કુફ્ફારની લઅનત અને મુશ્રિકોની લઅનત જેવી નથી જેમાં રહમતે ઈલાહીથી બેમુરાદ થવાનું પરિણામ આવે છે. (એટલે કે કાફિર અને મુશ્રિકની લઅનતનો મતલબ તદ્દન અલગ છે.) બલ્કે આ લઅનતનો મતલબ જલ્લા જલાલોહૂની બારગાહમાં ખાસ પ્રકારની રહમત પ્રાપ્ત કરવાથી દૂર રહેવું છે. અને શરૂ શરૂમાં નિકટતાવાળા અને પાક લોકોની જમાઅત સાથે જન્નતમાં પ્રવેશવાથી બેમુરાદ રહેવું છે, જેમનું દામન ત્રાસ અને ફસાદની નાપાકીથી પાક છે. આ લઅનતનો મતલબ વાસ્તવમાં લોકોને બેઅદબી કરવાથી ડરાવવું અને ધમકાવવું છે કે આ પાક જમાઅતની ઈજ્જત કેમ ન કરી. અમુક આલિમોએ ફર્માવ્યું કે આ શહેરમાં સગીરો ગુનોહ કબીરાનો હુકમ રાખે છે, જેમ કે અમુક આલિમો મક્કાના હરમમાં ગુનાહના ડબલ થઈ જવાની વાત કરે છે. *(જઝબુલ કોલૂબ, પેજ–૩૩)*

મુહદ્દિષ સાહબના લખાણથી એ જાણવા મળ્યું કે હદીષોમાં અને





કુર્આનમાં અમુક અમલો પર લઅનતની ધમકીઓ આવી છે એ લઅનતનો મતલબ અને કોઈ વ્યક્તિને નામથી નિશ્ચિત કરીને જે લઅનત કરવામાં આવે છે તેમાં ફરક છે. નામથી નિશ્ચિત કરીને લઅનત કરવામાં પ્રથમ એ વ્યક્તિને નિઃશંક ! કાફિર માનવું જરૂરી છે. અને આપણા ઈમામો કાફિરનો ફત્વો યઝીદ પર નથી આપતા એટલે ચૂપ રહેવું જોઈએ, અને નામ લઈને લઅનત ન કરવી જોઈએ.

## ★ સદરુશ્શરીઆનું મંતવ્ય ★

આ'લા હઝરતના શાર્ગિદ અને ખલીફા અહલે સુન્નત બરેલ્વીના આધારભૂત આલિમે દીન હઝરત અમજદ અલી علیہ الرحمۃ والرضوان જેમની લખેલી કિતાબ બહારે શરીઅત હનફી મસ્લકના મસ્અલાઓનો ભંડાર અને ઉર્દૂ જાણનારાઓ માટે ફિકહે હનફીનું જ્ઞાન પ્રાપ્ત કરવા મોટો આધાર બનેલી છે તેના ભાગ–૧ માં પેજ–૬૨માં યઝીદના કુફ્ર અને નામ સાથે લઅનતી કહેવા બાબત લખે છે :–

''યઝીદને કાફિર કહેવામાં અને એના પર લઅનત કરવામાં અહલે સુન્નતના આલિમોના ત્રણ મંતવ્યો છે અને અમારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મસ્લક ચૂપ (રહેવું છે.) એટલે કે અમે એને ફાસિક, ફાજિર કહેવાનું છોડીને ન કાફિર કહીશું ન મુસલમાન. એટલે કે આપણને પૂછવામાં આવે કે યઝીદને તમે કાફિર માનો છો કે પછી મુસલમાન ? તો જવાબમાં કહેવામાં આવશે અલ્લાહ બેહતર જાણે, અમે એની બાબત બેમાંથી એક પણ કહીશું નહીં.

## ★ ગંગોહી સાહબનું મંતવ્ય ★

ગંગોહી સાહબ દેવબંદી મસ્લકના વડા આલિમ છે આપણા નથી પણ એમનું મંતવ્ય શું છે, માત્ર એની જાણ માટે અમે એ મંતવ્ય પણ રજૂ કરીએ છીએ :–

''ફતાવા રશીદિયા, પેજ–૩૯ માં છે :– લઅનતના જાઈઝ અને નાજાઈઝ હોવાનો આધાર ઈતિહાસ પર છે અને આપણા મુકલ્લિદોનો ઈહતિયાત (સાવધાની) ચૂપ રહેવામાં છે, કારણ કે જો લઅનત જાઈઝ

છે તો લઅનત ન કરવામાં કોઈ વાંધો નથી, લઅનત કરવી ન ફર્ઝ છે, ન વાજિબ, ન સુન્નત, ન મુસ્તહબ માત્ર મુબાહ (જાઈઝ) છે અને જો એનો મહલ (જેને લઅનત કરી શકાય) નથી તો પોતે નાફર્માનીમાં સપડાવવું સારું નથી.'' (એટલે કે લઅનત કરવી જરૂરી કામોમાંથી નથી કે ન કરવાથી ગુનોહ થાય, પણ જો એ એના લાયક ન હોય તો એવા વ્યક્તિને લઅનત કરવાથી આપણને ગુનોહ થઈ શકે છે, તો પછી શંકાસ્પદ વાતમાં ચૂપ રહેવું ઉત્તમ છે. ઈમામે આ'ઝમના મુકલ્લિદોએ ચૂપ રહેવું જોઈએ.)

## ★ અલ્લામા તફતાઝાનીનું મંતવ્ય ★

અહલે સુન્નત વલ જમાઅતના અકીદાની દલીલો પર સંપૂર્ણ પ્રકાશ નાખતી કિતાબ શરહે અકાઈદે નસફી, પેજ–૧૧૭ માં અલ્લામા સઅદુદીન તફતાઝાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ ના કતલ અને અહલે બયતે નબુવ્વતની તૌહીન અને બેઈજ્જતી પર યઝીદનું રાજી અને ખુશ થવું તવાતુરથી સાબિત છે એટલે અમે એની જાત બાબત રોકાશું નહીં (એને બુરો કહીશું.) બલ્કે એના ઈમાન બાબતે રોકાશું (ન કાફિર કહીશું અને ન મુસલમાન, ચૂપ રહીશું.)

**સવાલ** : કોઈ હનફી એનું નામ લઈને લઅનત કરે અથવા એને કાફિર કહે તો કહેવાવાળા પર શું ફત્વો લાગશે ?

**જવાબ** : તેને માત્ર એટલું જ કહેવામાં આવશે કે આપણે આપણા ઈમામે આ'ઝમની વાતને માન્ય રાખીશું અને ચૂપ રહીશું. કહેનાર ફત્વાથી મુક્ત છે. બીજા ઈમામોએ એને કાફિર અને નામ લઈને લઅનતી કહ્યો છે, એટલે કહેનાર ખોટો પણ નથી. પણ ઉત્તમ માર્ગ ઈમાન અને કુફ્રમાં ચૂપ રહેવામાં છે. જ્યારે કહેવું વાજિબ નથી અને ન કહેવામાં ફાયદો છે તો ચૂપ રહેવામાં ભલાઈ છે.

## ★ અબ્દુલ અઝીઝ દહેલ્વીનું મંતવ્ય ★

અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ જેઓ મુહદ્દિષ અને અહલે સુન્નતના પાયાના આલિમ હતા, આલિમોમાં પણ આપની





કિતાબો આધારભૂત ગણાય છે. અહલે સુન્નત સાથે જમાઅતી લોકો પણ આપની વ્યક્તિત્વને માન્ય રાખે છે. ફતાવા અઝીઝિયા, પેજ–૨૫૨, ૨૫૩ માં યઝીદ પર નામ લઈને લઅનત કરી શકાય એ મસ્અલાની છણાવટ કરતાં લખે છે :–

(યઝીદ પર લઅનત કરવી જોઈએ કે નહીં ? તો ફર્માવે છે :–) રોકાવું એટલા માટે છે કે યઝીદની બાબત ઈમામે હુસૈનની શહાદતની બાબત રિવાયતો વિરોધાર્થી છે. અમુક રિવાયતોથી એ પુરવાર થાય છે કે હઝરત ઈમામની શહાદત પર યઝીદ ખુશ થયો અને એણે અહલે બયત અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના કુટુંબની બેઈજ્જત કરી તો જે આલિમોના નજીક એ સાબિત થયું કે આ રિવાયતો સશક્ત છે તો એમણે યઝીદ પર લઅનત કરી. જેમ કે ઈમામ અહમદ બિન હંબલ, કયાહુરાસી જે શાફઈ ફકીહ છે (તેમણે લઅનત કરી) અને બીજા વધુ પડતા આલિમોએ યઝીદ પર તઅન કર્યું (માત્ર બુરાઈ કરી). અમુક રિવાયતોથી પુરવાર થાય છે કે યઝીદને ઈમામ અલૈહિસ્સલામની શહાદતથી ચિંતા અને ગમ હતો અને શહાદતના કારણે યઝીદે ઈબ્ને ઝિયાદ અને એના મદદકર્તાઓ પર ઈતાબ કર્યો (ગુસ્સે થયો અને બુરું કહ્યું) અને યઝીદને આ કામથી શરમ આવી કે એના તાબા હેઠળના વ્યક્તિના હાથથી આ બનાવ બન્યો, તો જે આલિમોના નજીક એ સાબિત થયું કે આ રિવાયતો સશક્ત છે તો એ આલિમોએ યઝીદની લઅનત કરવાથી મનાઈ કરી, જેમ કે હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી علیہ الرحمۃ والرضوان અને બીજા શાફઈ આલિમો અને વધુ પડતા હનફી આલિમોએ યઝીદને લઅનત કરવાથી મનાઈ કરી છે અને અમુક આલિમો નજીક સાબિત થયું કે બંને પ્રકારની રિવાયતોમાં વિવાદ છે અને કોઈ કારણ એવું સાબિત ન થયું કે જેને લઈને એક બાજુને ઉત્તમતા પ્રાપ્ત થઈ શકે તો એવા આલિમો સાવચેતી પૂરતા આ મસ્અલામાં ચૂપ રહ્યા અને ઈમામે આ'ઝમ અબૂ હનીફાનું આ જ ફર્માન છે.

## ★ શું યઝીદની બખ્શિશ થશે ?! ★

જ્યારે યઝીદને કાફિરનો ફત્વો આપવામાં વિવાદ છે તો નિઃશંક ! એ વિવાદના આધારે આખેરતમાં એની બખ્શિશ અને માફી પર પણ

વિવાદ રહેશે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૧૫૪ પર ફર્માવે છે :–

"યઝીદ પલીદ બાબત અહલે સુન્નતના ઈમામોનાં ત્રણ મંતવ્યો છે : ઈમામ અહમદ વગેરે બુઝુર્ગો કાફિર જાણે છે, તો કદાપિ બખ્શિશ થશે નહીં. ઈમામ ગિઝાલી વગેરે મુસલમાન જાણે છે, તો એના પર ગમે તેટલો અઝાબ થાય અંતમાં બખ્શિશ જરૂર થશે અને આપણા ઈમામ ચૂપ રહ્યા છે કે ન અમે મુસલમાન કહીશું ન કાફિર." (તો આપણા ઈમામના આધારે આપણે એમાં પણ ચૂપ રહીશું.)

## ★ અલ્લામા મહમૂદ આલૂસીનું મંતવ્ય ★

તફસીરે રૂહુલ મઆની, ભાગ–૨૬, પેજ–૭૩ માં અલ્લામા આલૂસી યઝીદ પર નામ લઈને લઅનત કરવા બાબત વિવાદનું વર્ણન કરીને પોતાનું મંતવ્ય આ પ્રમાણે પ્રગટ કરે છે :–

اَنَا اَذْهَبُ اِلٰى جَوَازِ لَعْنِ مِثْلِهٖ عَلَى الْيَقِيْنِ وَلَمْ يَتَصَوَّرْ
اَنْ يَكُوْنَ لَهٗ مَثَلٌ مِّنَ الْفَاسِقِيْنَ

"હું જાઉં છું એની જેવાની લઅનતના જાઈઝ હોવા તરફ યકીનની સાથે અને કોઈ ફાસિક એના જેવું વિચારી નથી શક્તો." જાહેર એ છે કે એણે તૌબા નથી કરી, એની તૌબાની શક્યતા એના ઈમાનથી અધિક અશક્ત છે. એની સાથે ઈબ્ને ઝિયાદ ઈબ્ને સઅદ અને એક જમાઅત સંબંધિત છે. અલ્લાહ عزوجل ની લઅનત એ બધાની ઉપર એમને મદદ આપનાર અને સહકાર કરનાર અને કિયામત સુધી જે પણ એમની તરફ નમે એ સર્વને લઅનત. (એમના કહેવાનો ભાવાર્થ એ છે કે ફાસિક હોય છે પણ આના જેવા ફાસિક મળી નથી શક્તો એટલે નામ લઈને યઝીદની લઅનત થઈ શકે છે. તૌબા કરી હશેની માત્ર શક્યતા પર જે વાસ્તવમાં થયું છે તે ભૂલાવી દેવામાં નહીં આવે.)

## ★ ઈમાનમાં પણ શંકા ★

રૂહુલ મઆની, ભાગ–૨૬, પેજ–૭૨માં અલ્લામા અબુલ વરદી પોતાની તારીખમાં લખે છે : જ્યારે અહલે બયતને બંદી બનાવીને





દમિશ્ક લાવવામાં આવ્યા તો યઝીદે એમને જોઈને કહ્યું :–

لَمَّا بَدَتْ تِلْكَ الْحُمُوْلُ وَاَشْرَفَتْ – تِلْكَ الرُّؤُسُ عَلٰى شَفَا جِيْرُوْ اِنِّىْ
نَعَبَ الْغُرَابُ فَقُلْتُ نُحْ اَوْ لَا تَنُحْ – فَلَقَدْ قَضَيْتُ مِنَ النَّبِيِّ دُيُوْنِىْ

"જ્યારે એ સવારીઓ જાહેર થઈ અને એ માથાંઓ દેખાવા લાગ્યાં પહાડીઓની પાસે અને કાગડો બોલ્યો તો મેં કહ્યું, તું બોલ કે ન બોલ મેં નબીથી મારું દેવું ચૂકાવી લીધું છે." (એટલે કે બદ્રની લડાઈ નબીએ પાકના સહાબી સૈન્ય તરફથી જે સરદારોને મારવામાં આવ્યા હતા તેમાં ઉતબા અને વલીદ પણ હતો તેની સાથેની સગાઈને લઈને ઈમામે પાક અને એમના સંબંધીઓની હત્યાને બદ્રની લડાઈનું દેવું ચૂકવવું કહ્યું. જો આ રિવાયત સત્ય હોય તો કુફ્રમાં શંકા રહી જતી નથી. પણ આ ખબર અને પુરાવો કાયદાના આધારે કુફ્રના યકીન સુધી પહોંચાડી શક્તો નથી.) અલ્લામા મહમૂદ આલૂસી પેજ–૭૩ પર પોતાનું મંતવ્ય રજૂ કરતાં લખે છે :–

اَنَا اَقُوْلُ الَّذِىْ يَغْلُبُ عَلٰى ظَنِّىْ اَنَّ الْخَبِيْثَ لَمْ يَكُنْ مُصَدِّقًا
بِرِسَالَةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"હું કહું છું કે મને તો એવું જ લાગે છે કે ખવ્વીસ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની રિસાલતને પણ સ્વીકારનાર ન હતો." (અલ્લાહુ તઆલા અઅ્લમ)

## ★ તફસીરે મઝહરી ★

કાઝી ષનાઉલ્લાહ પાનીપતી પોતાની તફસીરે મઝહરીમાં ફર્માવે છે : યઝીદ અને એના સાથીઓએ અલ્લાહની નેઅમતો સાથે કુફ્ર કર્યું, એમણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની આલ સાથે દુશ્મની જમાવી લીધી અને હુસૈન رضی اللہ عنہ ને કતલ કર્યા ત્રાસથી.

وَكَفَرَ يَزِيْدُ بِدِيْنِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

એણે દીને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે કુફ્ર કર્યું. એટલે સુધી કે એણે હઝરત હુસૈનની હત્યા સમયે એક શાયરી કહી. (જેનો ઉપર રૂહુલ બયાનથી ઉલ્લેખ થઈ ગયો.)

## ★ હઝરત ઈમામ અહમદ ★

તફસીરે મઝહરી, ભાગ–૮, પેજ–૪૩૪ માં કાઝી ષનાઉલ્લાહ પાનીપતી લખે છે કે સાલેહ બિન અહમદનું કહેવું છે કે મેં પોતાના પિતા અહમદ બિન હંબલથી યઝીદ બાબત વાતચીત કરી તો મારા પિતાએ કહ્યું, અય મારા પુત્ર ! કોઈ પણ વ્યક્તિ જે ઈમાનવાળો છે એ યઝીદની દોસ્તીની વાત નથી કરી શક્તો. યઝીદ પર તો અલ્લાહ તઆલાએ કુર્આનમાં લઅનત કરી છે. મેં કહ્યું, હે મારા પિતા ! કુર્આનમાં અલ્લાહ તઆલાએ યઝીદ પર ક્યાં લઅનત કરી છે ? તો ફર્માવ્યું :–

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِى الْاَرْضِ وَ تُقَطِّعُوْا
اَرْحَامَكُمْ اُوْلٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَ اَعْمٰى اَبْصَارَهُمْ

"શું નજીક છે કે દેશના આગેવાન બનો તો જમીનમાં ફસાદ ફેલાવો અને પોતાની સગાઈનો સંબંધ તોડી નાખો. એ છે તે લોકો જેમના પર અલ્લાહએ લઅનત ફર્માવી તો એમને બહેરા અને આંધળા કરી નાખ્યા." (આનાથી એ જાણવા મળ્યું કે હઝરત ઈમામ અહમદનું મંતવ્ય એ છે કે આપ યઝીદને નામ લઈને લઅનત કરવી જાઈઝ માને છે. એમના નજીક યઝીદ ઈમાનના વર્તુળથી બહાર છે.) ઈમામ અહમદ ફર્માવે છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની હત્યાથી વધીને પણ કોઈ ફસાદ થઈ શકે છે ? *(સવાઈકે મુહરિકા, પેજ–૧૦૨)*

## ★ શરહે ફિકહે અકબર ★

શરહે ફિકહે અકબરમાં, પેજ–૮૮ પર યઝીદની અમુક એવી વાતોનું વર્ણન થયું છે જેનાથી એનું કાફિર બની જવું સ્પષ્ટ થાય છે અને અંતમાં ઈમામ અહમદનું મંતવ્ય પણ રજૂ કરવામાં આવ્યું છે :–

مِنْ تَحْلِيْلِ الْخَمَرِ وَمِنْ تَفَوُّهِهٖ بَعْدَ قَتْلِ الْحُسَيْنِ وَ اَصْحَابِهٖ
اِنِّىْ جَازَيْتُمْ بِمَا فَعَلُوْا بِاَشْيَاخِ وَ صَنَادِيْدِهِمْ فِى بَدْرٍ وَ اَمْثَالِ
ذٰلِكَ وَ لَعَلَّهٗ وَجْهُ مَاقَالَ الْاِمَامُ اَحْمَدُ بِتَكْفِيْرِهٖ لِمَاثَبَتَ عِنْدَهٗ
نَقْلُ تَقْرِيْرِهٖ

"દારૂ હલાલ કરવું તથા એના મોઢામાંથી નીકળવું હુસૈન અને





એમના દોસ્તોની હત્યા બાદ કે મેં બદ્રમાં અમારા સરદારો અને આગેવાનો સાથે એમણે જે કર્યું હતું તેનો બદલો એમનાથી લઈ લીધો. અને એના જેવી બીજી વાતોના આધારે એવું બની શકે કે ઈમામ અહમદના એને કાફિર કહેવામાં આ જ કારણ હોય, જે બયાનની નકલ એમના નજીક સાબિત થઈ ગઈ હોય." (એટલે એ પુરાવો એટલો સશક્ત થઈને પહોંચ્યો હોય જેને લઈને કાફિરનો ફત્વો આપી શકાય.)

## ★ શરહે અકાઈદે નસફી ★

بَعْضُهُمْ اَطْلَقَ اللَّعَنَ عَلَيْهِ لِمَا اَنَّهٗ كَفَرَ حِيْنَ اَمَرَ بِقَتْلِ الْحُسَيْنِ

"અમુક લોકોએ કહ્યું છે કે કોઈ પાબંદી વિના યઝીદ પર લઅનત કરી શકાય છે કારણ કે એણે કુફ્ર કર્યું જ્યારે હુસૈનની હત્યાનો હુકમ કર્યો." (આનાથી ઈમામ અહમદ અને એમના મસ્લકના લોકો તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે એમણે યઝીદનું નામ લઈને લઅનત કરવાની જાઈઝ હોવાનો હુકમ આપ્યો છે.)

## ★ હયાતુલ હયવાન ★

હયાતુલ હયવાન, ભાગ–૨, પેજ–૧૯૬ માં અલ્લામા દમીરી લખે છે કે અલી બિન મુહમ્મદ અલ્કયા અલ્હુરાસી શાફેઈને પૂછવામાં આવ્યું કે યઝીદ પર લઅનત કરવાનો શું હુકમ છે ? તો જવાબમાં ફર્માવ્યું, અમારા નજીક એક જ વાત છે કે સ્પષ્ટ (લઅનત) કરવી, ઈશારામાં નહીં. قَوْلٌ وَاحِدٌ اَلتَّصْرِيْحُ دُوْنَ التَّلْوِيْحِ એટલે કે એનું નામ લઈને **લઅ્નતુલ્લાહિ તઆલા અલૈહિ** કહેવામાં આવશે. ઈશારામાં નહીં કે હુસૈનનો જે હત્યારો હોય તેના પર અલ્લાહની લઅનત, અહલે બયત સાથે ત્રાસ કર્યો હોય તેના પર અલ્લાહની લઅનત, આ પ્રમાણે ઈશારાથી તો આપણે હનફી લોકો પણ કહી શકીએ છીએ, પણ શાફેઈ ફકીહ કહે છે કે અમે તો નામ લઈને જ લઅનત કરીશું. સારાંશ એ કે આ ઈજતિહાદી મસ્અલો બની ગયો જેનો પુરાવો જેટલો સશક્ત લાગ્યો તે પ્રમાણે કલામ કર્યું. આપણા ઈમામે જે વાત કરી તે ઉત્તમ છે કે રિવાયતો વિવાદાસ્પદ છે, અને પુરાવો એ પ્રકારનો નથી કે જે કાફિરનો ફત્વો આપવાની રજા આપે, જેથી ચૂપ રહેવું જોઈએ,

કોઈ પૂછે કે યઝીદ શું છે મુસલમાન કે પછી કાફિર ? જવાબ આપીશું અલ્લાહ જાણે, અમને ખબર નથી.

## ★ શંકા પર ખામોશી શાથી ?! ★

**સવાલ** : એક પ્રશ્ન એ ઉપસ્થિત થઈ શકે છે કે યઝીદનું મુસલમાન હોવું યકીની છે એમાં શંકા નથી અને એને જે કામો કર્યાં તે જાઈઝ સમજીને કર્યાં કે ગુનોહ સમજીને કર્યાં, એ મસ્અલો વિવાદાસ્પદ છે, તો એવું કહેવામાં આવશે કે એને જે કામો કર્યાં તે ગુનાહનાં અને એ ફાસિક છે એમાં શંકા નથી, હવે ફિકહનો કાયદો છે- اَلْيَقِيْنُ لَايَزُوْلُ بِالشَّكِّ કે યકીન શંકાથી નષ્ટ નથી થતું, તો પછી કુફ્ર એ શંકાસ્પદ છે. અને એ મુસલમાન છે એ નિ:શંક ! છે, તો પછી શંકાને લઈને યકીનને કેમ છોડી આપવામાં આવે છે ?

**જવાબ** : આ મસ્અલો ઈજતેહાદી છે, એમાં જે નિર્ણય લેવામાં આવ્યો તે પુરાવાના આધારે છે, જેમને પુરાવો સશક્ત લાગ્યો તેમણે કાફિર કહ્યો એટલે એમના નજીક કુફ્ર નિશ્ચિત થઈ ગયું, અને જેમને પુરાવો સશક્ત ન લાગ્યો તેમણે ઈમાનનો દા'વો કર્યો. અને જેમને બંને તરફ શંકા લાગી તેમણે ચૂપ રહેવાનો દા'વો કર્યો. નિબ્રાસનો હાશિયો, પેજ–૫૫૪માં અલ્લામા અબ્દુલ અલી બહરુલ ઉલૂમનું ફર્માન છે :–

**بل الشك في ايمانه** બલ્કે શંકા એના ઈમાનમાં છે. એટલે કે એના ખરાબ કામો અને એની વાતો પર ધ્યાન આપીને એનું ઈમાન શંકામાં પડી ગયું એટલે એના કુફ્ર અને ઈમાન બંનેમાં ચૂપ રહેવાનો હુકમ આપવામાં આવ્યો, અને એ જ ઉત્તમ માર્ગ છે જે આપણા ઈમામે આ'ઝમનો માર્ગ છે.

## ★ બેની વચમાં ત્રીજો માર્ગ નથી ★

અહલે સુન્નત વલ જમાઅતનું કહેવું એવું છે કે ધર્મમાં ઈસ્લામ અને એ ન હોય તો કુફ્ર એ બે છોડીને કોઈ ત્રીજો માર્ગ નથી. માણસ મુસલમાન હશે. નહીં તો કાફિર એ બેમાંથી એક જરૂર હશે, એવું થઈ શક્તું જ નથી કે કોઈ વ્યક્તિ નથી મુસલમાન અને નથી કાફિર, તો





પછી યઝીદ બાબત ચૂપ રહેવાનો તો એ જ મતલબ થાય છે ?!

**જવાબ** : એ વાત સત્ય છે કે માણસ મુસલમાન નહીં તો કાફિર બેમાંથી કોઈ એક જરૂર હશે, એની વચમાં કોઈ માર્ગ નથી, પણ ઈમામે આ'ઝમના ફર્માન મુજબ યઝીદ બાબત ચૂપ રહેવાનો મતલબ એ નથી કે એ બેમાંથી કાંઈ જ નથી, મતલબ એ છે કે એ કાફિર છે, નહીં તો મુસલમાન. પણ પુરાવાના આધારે કોઈ એક હાલત અને સ્થિતિ એના માટે નિશ્ચિત થતી નથી. જ્યારે બંને હાલતો પર કોઈ નિર્ણય નથી લઈ શકાતો તો એની બાબત બચવાનો ઉત્તમ તરીકો એ છે કે એની હાલત અલ્લાહના ઈલ્મ પર આધારિત કરવામાં આવે. અને આપણે બંને હાલતો પર ચૂપ રહીએ, એ વાસ્તવમાં બેમાંથી કોઈ એકમાં જ છે. જો અલ્લાહના ઈલ્મમાં ઈમાનવાળો હશે તો એને ફાયદો (છૂટકારો) મળશે પછી ગમે ત્યારે હોય, અને અલ્લાહના ઈલ્મમાં કાફિર હશે તો દોઝખમાં હમેશાં રહેશે. સારાંશ એ કે અહલે સુન્નતનો બતાવેલો કાયદો નિ:શંક ! સત્ય છે અને ચૂપ રહેવામાં એનો ભંગ થતો નથી, જેમ કે રજૂ થયું.

## ★ હદીષ યઝીદને બચાવશે નહીં ★

બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૦૯ માં ઓમૈર બિન અસવદ અનસીએ હદીષ બયાન કરી કે આપ ઓબાદા બિન સામિત પાસે આવ્યા. જ્યારે તેઓ હિમ્સના કાંઠે ઉતરેલા હતા અને પોતાના તંબુમાં હતા. એમની સાથે ઉમ્મે હરામ હતી. ઓમૈરે કહ્યું કે અમને ઉમ્મે હરામે હદીષ બયાન કરી. એમણે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને બયાન ફર્માવતાં સાંભળ્યા કે મારી ઉમ્મતમાંથી પ્રથમ સૈન્ય જે દરિયાની યુધ્ધ લડશે એમના માટે (જન્નત) વાજિબ થઈ ગઈ. ઉમ્મે હરામે કહ્યું કે મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું એ લોકોમાંથી હશે ? તો આપે ફર્માવ્યું, તું તેઓમાંથી હશે. પછી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મતનું પ્રથમ સૈન્ય જે કૈસરના શહેરમાં યુધ્ધ કરશે مَغْفُوْرٌ لَّهُمْ તેઓની મગફેરત છે, તો મેં વિનંતિ કરી, હું તેઓમાંથી હશે, અય અલ્લાહના રસૂલ ?! તો આપે ફર્માવ્યું, ના !!

જે લોકો ઈમામે પાકને ખોટા કહેવા અને યઝીદને સારે કહેવા

બહાનાઓની શોધમાં રહે છે, તેઓ હદીષ પાકથી યઝીદને બખ્શાએલો કહે છે અને ઉપરોક્ત હદીષ પુરાવા તરીકે રજૂ કરે છે કે કૈસરના શહેર કુસ્તુનતુનિયા પર પ્રથમ હુમ્લો કરનાર સૈન્ય બખ્શાએલું છે. યઝીદ એ યુધ્ધમાં હાજર રહ્યો હતો એટલે એ હદીષે પાકની બશારતના આધારે બખ્શાએલો છે. તો હવે અમે તારીખથી તમને એ સાબિત કરી બતાવીએ કે પ્રથમ યુદ્ધમાં યઝીદ હાજર ન હતો. અને જ્યારે હાજર ન હતો તો એ બશારત એના માટે સાબિત થશે નહીં.

## ★ પ્રથમ યુધ્ધમાં યઝીદ હાજર ન હતો ★

હદીષ પાકમાં બે બશારતોનો ઉલ્લેખ છે : એક તો સમુદ્રનો સફર ખેડીને યુધ્ધ માટે જનાર અને બીજી કુસ્તુનતુનિયામાં યુધ્ધ કરનાર અને તેમાં પણ પ્રથમ વખતની શરત છે. તારીખ અને ઈતિહાસને સામે રાખતાં એ જાણવા મળે છે કે કુસ્તુનતુનિયા પર જે પ્રથમ હુમ્લો થયો હતો તે સૈન્યમાં યઝીદ ન હતો. તે પછીના યુધ્ધમાં એ ગયો હતો, તો પ્રથમવાળો શબ્દ એને એ બશારતથી અલગ કરી રહ્યો છે.

યઝીદે કુસ્તુનતુનિયા પર હુમ્લો કર્યો એની તારીખમાં વિવાદ છે, કામિલ ઈબ્ને અષીર, ભાગ–૩, પેજ–૧૩૧, અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૩૨, ઐની શરહે બુખારી, ભાગ–૧૪, પેજ–૧૯૮, ઈસાબા, ભાગ–૧, પેજ–૪૦૫, હિ.સ. ૪૯, ૫૦, ૫૨, ૫૫ તો આના આધારે યઝીદ ૪૯ થી ૫૫ સુધીમાં ગમે ત્યારે કુસ્તુનતુનિયાના યુધ્ધમાં હાજર રહ્યો. એ બધાનો વડો બનીને હોય કે પછી બીજાના તાબા હેઠળ હોય. પણ હિજરી સન ૪૯ પહેલાં પણ કુસ્તુનતુનિયા પર હુમ્લો થઈ ગયો હતો. અબૂ દાવૂદ શરીફ, પેજ–૩૪૦ હઝરત અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન વલીદ સૈન્યના વડા હતા અને એમાં હઝરત અબૂ ઐયૂબ અન્સારી પણ હતા. હઝરત અબ્દુર્રહમાન બિન ખાલિદનું અવસાન હિ. સ. ૪૬ કે ૪૭ માં થયું જેમ કે અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૩૧, કામિલ ઈબ્ને અષીર, ભાગ–૩, પેજ–૨૨૯, અસદુલ કા'બા, ભાગ–૩, પેજ–૪૪૦ માં છે. જ્યારે આપનું અવસાન ૪૬ કે પછી ૪૭ માં છે તો નિઃશંક ! આપે જે કુસ્તુનતુનિયા પર હુમ્લો કર્યો તે અવસાનથી પહેલાં છે, તો સ્પષ્ટ થયું કે કુસ્તુનતુનિયા પર પ્રથમ હુમ્લો ૪૬ કે પછી ૪૭





પહેલાં થઈ ગયો છે. તો યઝીદનું પ્રથમ યુધ્ધમાં જવું સાબિત નથી. એના માટે સૌથી નજીકની તારીખ લેવામાં આવે તો એ હિ. સ. ૪૯ છે. અને એકથી અધિક યુધ્ધમાં એનું જવું સાબિત નથી. તો હદીષની બશારતમાં એનો સમાવેશ ન થયો, કારણ કે એ ખુશખબરીમાં પ્રવેશવા માટે પ્રથમ યુધ્ધની શરત નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી મૂકવામાં આવી છે.

અબૂ દાવૂદ શરીફ "સિહાહે સિત્તા" એટલે હદીષની જે છ કિતાબોને બીજી હદીષની કિતાબોમાં રિવાયતના આધારે ઉત્તમતા પ્રાપ્ત છે તેઓ પૈકી એક છે, તો બીજી કિતાબો પર અબૂ દાવૂદ શરીફની રિવાયતને ઉત્તમતા આપવામાં આવશે. અને અબૂ દાવૂદના આધારે યઝીદનું પ્રથમ હુમ્લો કરનાર સૈન્યમાં પ્રવેશવું સાબિત ન થયું. પછી એ નાપાક વ્યક્તિને બચાવવા હદીષે પાકે રસૂલને આધાર બનાવવો ખોટો છે.

## ★ અબૂ ઐયૂબ અન્સારીની શહાદત ★

કુસ્તુનતુનિયાની લડાઈમાં હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ની શહાદત થઈ. અહીં ચર્ચા એ કરવામાં આવે છે કે અબૂ ઐયૂબ અન્સારીનું અવસાન જે યુધ્ધમાં થયું, એમાં સૈન્યનો વડો યઝીદ હતો. તો એનો જવાબ એ છે કે કુસ્તુનતુનિયા પર એક જ વખત હુમ્લો નથી થયો, પ્રથમ વખતમાં હઝરત અબૂ ઐયૂબ એ હઝરત અબ્દુર્રહ્‌માન બિન ખાલિદ સાથે રહ્યા, અને બીજી વખતમાં યઝીદ સાથે રહ્યા અને તેમાં આપનું અવસાન થયું. એનાથી યઝીદનું પ્રથમ યુધ્ધમાં હાજર થવું ક્યાં પુરવાર થાય છે ? એટલે આ દલીલથી પણ ફાયદો થશે નહીં.

## ★ માની લઈએ તો શું ? ★

ઉપરોક્ત ચર્ચા તો એના આધારે હતી કે તારીખ અને ઈતિહાસ એ બતાવી રહ્યો છે કે યઝીદ પ્રથમ યુધ્ધમાં હાજર ન હતો અને હદીષમાં ખુશખબરી પ્રથમ યુધ્ધમાં હાજરી આપનારને આપવામાં આવી છે. હવે અમે એ પ્રમાણે ચર્ચા કરીએ છીએ કે ચાલો ! તમને યઝીદને બચાવવાની એટલી જ ફિકર છે જેટલી એને પોતાને બચાવવાની ન

હતી ! તો તમારા કહેવા પર અમે સ્વીકારી લઈએ છીએ કે યઝીદ પ્રથમ હુમ્લામાં હાજર હતો, અને બશારત અને ખુશખબરીમાં એનો પણ સમાવેશ છે, તો એનો મતલબ એવો થયો કે એ ગમે તે કરે એના માટે માફી ! હવે શરીઅતનો કોઈ હુકમ એના પર લાગુ જ ન પડે. શું કોઈ એ વાત સાબિત કરી બતાવે છે કે જેને બશારત માફીની આપવામાં આવી હોય તેના પરથી શરીઅતની કલમ ઉઠી જાય છે અને તે દુનિયામાં તદ્દન આઝાદ, મુક્ત અને પોતાની મરજી પર આધારિત થઈ જાય છે. સાબિત નથી અને કોઈ સાબિત કરી શકશે પણ નહીં, કેમ ?

તિર્મિઝી શરીફની હદીષમાં છે કે બે મુસલમાન મુલાકાત વખતે હાથ મેળવે તો એમના જુદા થતાં પહેલાં એમની મગફેરત થઈ જાય છે. બયહકીમાં છે જે રમઝાનમાં રોઝદારને ઈફતાર કરાવે એના ગુનાહો માટે મગફેરત છે. મુસ્નદે અહમદમાં રમઝાનની અંતિમ રાતમાં આ ઉમ્મતને માફ કરી દેવામાં આવે છે. તો શું આનો મતલબ એ લેવામાં આવે કે જેણે એક વખત આ કામ કરી લીધું તો હવે ગમે તે કરે, એના પરથી શરીઅતની કલમ ઉઠી ગઈ ! એની શરઈ પકડ કરવામાં નહીં આવે ? તો જ્યારે આ હદીષોમાં માફીના શબ્દથી કોઈ મુક્ત ન થયો તો યઝીદને મુક્ત કેમ માનવામાં આવે ? જેઓ યઝીદને બચાવવાનાં બહાનાં કરે છે અને એને બચાવવા હદીષને ખોટા બહાના રૂપે રજૂ કરે છે જો તેમની આવાં ખોટાં બહાનાંઓને સ્વીકારી લેવામાં આવે તો ઈસ્લામી કાયદા કાનૂનના બાર વાગી જાય ! અને શરીઅત તદ્દન નષ્ટ થઈ જાય. હદીષ કે કુર્આન દરેકની બશારત અને ખુશખબરીમાં કોઈ શર્ત ન હોય તો એ શર્ત અવશ્ય છે કે મરનાર વ્યક્તિનું મૌત ઈમાન પર થાય. અહીં તો ઈમામે અહમદ બિન હંબલના મસ્લકમાં અને અમુક શાફઈ આલિમોના મંતવ્યના આધારે એ ઈસ્લામના વર્તુળથી બહાર થઈ ગયો છે, તો પછી એ બશારત એના માટે બાકી રહેતી જ નથી. આપણા ઈમામે આ'ઝમના મસ્લકના આધારે એનું કુફ્ર નહીં એનું ઈમાન શંકામાં આવી ગયું છે એટલે અમારું કલામ એની બાબત ચૂપ રહેવામાં છે. અમે મો'મિન નથી કહેતા એટલે બખ્શિશની વાત નહીં કરીએ, કાફિર નથી કહેતા એટલે ન હોવાનું નિશ્ચિત પણ નહીં કરીએ. એનો એ મસ્અલો





અલ્લાહના હવાલે છે. પણ એટલું જરૂરથી કહીશું કે યઝીદના ચાહકો યઝીદને બચાવવા હદીષનો જે પ્રમાણે મતલબ લઈ રહ્યા છે એ તદ્દન ખોટો છે.

## ★ શું યઝીદે એ બશારતનો ફાયદો ઉઠાવ્યો ?! ★

બશારતનો ખોટો ફાયદો યઝીદે ઉઠાવ્યો હોય એવું લાગે છે. એણે જાણી લીધું કે એ યુધ્ધમાં જવાથી મારી તો મગફેરત થઈ ગઈ છે. એટલે હું જેટલું કરું ઓછું, એટલે જ એ નમાઝો છોડવા લાગ્યો, એટલે જ એ દારૂનો રસીયો બની ગયો, એટલે જ એ ઘોડા અને કૂતરાં બિલાડાંના ખેલમાં પડી ગયો, એટલે જ એણે ઈમામે પાક અને એમના સાથીઓને બેરહમીથી કતલ કરાવ્યા, એટલે જ એણે મક્કા અને મદીનામાં હુમ્લા કર્યા, એટલે જ એણે મસ્જિદે નબવીની બેઈજ્જતી કરાવી અને પથ્થરોના વરસાદથી કા'બા તોડયું, એટલે એણે પાક ધરતીના લોકોની હત્યા કરાવી અને દસ હજારથી અધિક લોકોને જુલ્મની તલ્વારથી નષ્ટ કર્યા.

## ★ ઈમામ કસ્તલાનીનું મંતવ્ય ★

કસ્તલાની શરહે બુખારી, ભાગ–૫, પેજ–૧૦૪માં છે :–

وَ لَا يَلْزَمُ مِنْ دُخُوْلِهٖ فِیْ ذٰلِکَ الْعُمُوْمِ اِنْ لَا یَخْرُجَ بِدَلِیْلٍ خَاصٍّ اِذْ لَاخِلَافَ اَنَّ قَوْلَہٗ عَلَیْهِ السَّلَامُ مَغْفُوْرٌ لَّهُمْ مَشْرُوْطٌ بِکَوْنِهٖ مِنْ اَهْلِ الْمَغْفِرَةِ حَتّٰی لَوِ ارْتَدَّ وَاحِدٌ مِّمَّنْ غَزَاهَا بَعْدَ ذٰلِکَ لَمْ یَدْخُلْ فِیْ ذٰلِکَ الْعُمُوْمِ

યઝીદના આ સામાન્ય શબ્દમાં દાખલ થવાથી એ જરૂરી નથી થઈ જતું કે એ ખાસ દલીલથી બહાર ન થાય. એટલા માટે કે કોઈ વિવાદ નથી કે હુઝૂર ﷺ નું ફર્માન મગ્ફુરુલ્ લહૂમ એના મગફેરતના લાયક હોવાની શરત પર આધારિત છે. એટલે સુધી કે એ યુધ્ધ કરનારાઓમાંથી કોઈ એક મુર્તદ થઈ જાય એ પછી તો એ સામાન્ય શબ્દમાં દાખલ નહીં થાય.

આનાથી એ જાણવા મળ્યું કે કોઈ જગાએ સામાન્ય શબ્દમાં બશારત અને ખુશખબરી હોય તો એ ઈમાન પર પણ આધારિત છે કે એ વ્યક્તિ ઈમાન પર રહેશે તો તેને એને ફાયદો મળશે, અને

ઈમાન પર નહીં રહે તો ફાયદો નહીં મળે. બુખારીમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે :– **العبرة للخوا تيم** કે આધાર ખાત્મા પર છે.

## ★ ઈબ્ને હજર અસ્કલાનીનું મંતવ્ય ★

ફત્હુલબારી, ભાગ–૬, પેજ–૧૦૨ માં ફર્માવે છે કે :–

حَتّٰی لَوِ ارْتَدَّ اَحَدٌ مِّمَّنْ غَزَاهَا لَمْ يَدْخُلْ فِی ذٰلِکَ الْعُمُوْمِ اِتِّفَاقًا فَدَلَّ عَلٰی اَنَّ الْمُرَادَ مَغْفُوْرٌ لِّمَنْ وَجَدَ بِشَرْطِ الْمَغْفِرَةِ فِيْهِ ۔

એટલે સુધી કે કોઈ એ યુધ્ધ પછી મુર્તદ થઈ જાય તો આ સામાન્ય શબ્દમાં દાખલ રહેશે નહીં સર્વસંમતિથી. તો હદીષ એ પુરવાર કરે છે કે જેનામાં મગફેરતની શર્ત હશે તેની મગફેરત થશે.

## ★ બદરુદ્દીન ઐનીનું મંતવ્ય ★

ઉમ્દતુલ કારી, પેજ–૧૯૯, ભાગ–૧૪માં છે :–

સામાન્ય શબ્દમાં દાખલ હોવાનો મતલબ એ નથી કે એ દલીલે ખાસથી બાહ્ય ન થાય. કારણ કે આમાં અહલે ઈલ્મની સંમતિ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ :– مَغْفُوْرٌ لَّهُمْ એ શર્ત પર આધારિત છે કે મગફેરતના લાયક હોય. એટલે સુધી કે જો એ મુજાહિદોમાંથી કોઈ એ પછી મુર્તદ થઈ જાય તો એ સામાન્ય શબ્દમાં દાખલ થશે નહીં. તો આ દલીલ છે એના પર કે મગફૂર એ છે જેનામાં મગફેરતની શર્ત હોય.

આ પુરાવા અમે તમારી ખિદમતમાં એટલા માટે રજૂ કર્યા છે કે તમને હદીષે પાકના આધારે યઝીદ બાબત કોઈ શંકા ઉપસ્થિત ન થાય, અને હદીષ જોઈને ઈમામે પાકની હત્યાનો મસ્અલો અને કા'બા તથા મદીના શરીફની બેઈજ્જતીની વાતો તમારા દિમાગથી નીકળી ન જાય. એટલે અમે તારીખથી સાબિત કર્યું કે એ પ્રથમ યુધ્ધમાં ન હતો. અને માની લેવામાં આવે કે પ્રથમ યુધ્ધમાં હતો તો તેના પણ આધારભૂત કિતાબોથી જવાબ રજૂ કર્યા. એટલે યઝીદ જાલિમ છે, ખરાબ છે ઈમામે પાક હક્ક પર અને એ સદંતર નાહક્ક છે.





## ★ દલીલે ખાસ ★

ઉપરોક્ત બુખારીની હદીષમાં મગફેરતની બશારત સામાન્ય શબ્દમાં આવી છે એમાં યઝીદનું નામ લઈને કોઈ બશારત આપવામાં આવી નથી. જો એ બશારતમાં એને દાખલ કરવામાં આવે તો સામાન્ય શબ્દથી છે. જ્યારે કે અમે તમારી ખિદમતમાં એ હદીષો રજૂ કરી ગયા જેમાં યઝીદનું નામ લઈને બુરાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તો સામાન્યમાં નામ નથી અને બીજી હદીષો નામ સાથે એની બુરાઈ કરી રહી છે. પછી તમે ન્યાયથી બતાવો કે બંનેમાંથી કઈ માન્ય રાખવામાં આવે. બીજું એ કે સામાન્ય શબ્દ શર્ત પર આધારિત બશારત આપે છે, એ શર્ત યઝીદમાં નથી. અને બીજી હદીષોમાં નામ લઈને બુરાઈ છે જે એના વ્યક્તિત્વ માટે નિશ્ચિત છે, જેથી પ્રથમ હદીષ આધારભૂત ન રહી. ખરાબીનો ઉલ્લેખ થયેલ હદીષો એની જાતને જાહેર કરી રહી છે. અને ત્રીજું એ કે કોઈ સામાન્ય શબ્દમાં બશારત મળવાથી દુનિયામાં માણસ પરથી શરીઅતની કલમ ઉઠતી નથી, અને શરીઅત એ જ નિર્ણય લેશે જે એના જાહેરી અમલ દર્શાવી રહ્યા છે, તો પછી આ પ્રમાણેની ચર્ચાથી યઝીદને ખરાબીથી બહાર નથી કરી શકાતો. ચોથું એ કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈમામે હુસૈન رضی اللہ عنہ ની મદદ કરવાનું ફર્માવ્યું હતું, તો મદદ કરવી એમના હક્ક હોવાની દલીલ છે, તો નિઃશંક ! યઝીદ નાહક્ક છે.

**નોંધ** : અંતમાં હું એ વાત કહીને આ પ્રકરણને સમાપ્ત કરું છું કે યઝીદની બખ્શિશ થશે કે નહીં તેની બાબત મેં આ'લા હઝરત رضی اللہ عنہ નું મંતવ્ય રજૂ કર્યું તે મંતવ્ય ભૂલાવવામાં ન આવે. અને આપણા ઈમામે આ'ઝમનું મંતવ્ય કે એની બાબત ચૂપ રહેવામાં આવશે. આપના મંતવ્યના આધારે આપણે નથી એને ઈમાનવાળો કહેતા અને નથી કાફિર કહેતા, પણ બંને વાતોમાં ચૂપ રહી આ મસ્અલો અલ્લાહના હવાલે કરીએ છીએ. તો સુન્ની હનફી પ્રકરણથી ફાયદો ઉઠાવી પોતાનું મંતવ્ય ઈમામે આ'ઝમ પ્રમાણે રાખે. અલ્લાહ તઆલા આપણને પર હક્ક રાખે, હક્ક સાથે રાખે અને હક્કવાળાઓમાં ઉઠાવે. (આમીન)

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

بسم الله الرحمن الرحيم

(પ્રકરણ : ૬)

# ઈમામ હુસૈન عليه السلام ના કાતિલોનો ઈબ્રતનાક અંજામ !

હમારી સુબ્હા ઝિંદા હય હમારી શામ ઝિંદા હય
હમારે દિલ કી તખ્તી પર હુસૈન ઈબ્ને અલીકા નામ ઝિંદા હય

અબ્દુલ મલિકના ખિલાફતકાળમાં કૂફા પર મુખ્તાર ઈબ્ને ઓબૈદ ષકફીનું પ્રભુત્વ હાંસલ થયું. તેણે કહ્યું કે, : 'હું ઈમામે હુસૈનના કાતિલોમાંથી એકને પણ દુનિયામાં હરતો–ફરતો રહેવા દઈશ નહીં. જો હું એવું ન કરું તો મારા પર અલ્લાહ વ રસૂલની લા'નત થાય.' પછી તેણે લોકોને કહ્યું કે મને તે દરેક લોકોનાં નામ અને સરનામુ જણાવો જે હઝરત ઈમામ હુસૈનના મુકાબલામાં કરબલામાં ગયા હતા. લોકોએ જણાવવાનું શરૂ કર્યું, અને મુખ્તારે એક એકને કત્લ કરવાનું અને શૂળી પર લટકાવવાનું શરૂ કર્યું.

## ★ ઈબ્ને સઅદની હત્યા ★

મુખ્તારે એક દિવસ કહ્યું કે હું કાલે એક એવી વ્યકિતને કત્લ કરીશ કે જેનાથી તમામ મુસલમાનો તથા મુકર્રબ ફરિશ્તાઓ પણ ખુશ થશે. હૈષમ ઈબ્ને અસ્વદ નખઈ એ સમયે મુખ્તારની પાસે બેઠેલો હતો તે સમજી ગયો કે અમ્ર ઈબ્ને સઅદ કાલે માર્યો જશે. ઘરે પહોંચીને તેમણે પોતાના પુત્રને રાતમાં ઈબ્ને સઅદની પાસે મોકલી ખબર આપી કે તું તારા રક્ષણની વ્યવસ્થા કર ! નહીં તો કાલે મુખ્તાર તને કત્લ કરવા ચાહે છે. પણ મુખ્તાર કેમ કે તેના બગાવતના પ્રારંભિક સમયમાં ઈબ્ને





સઅદની સાથે ખૂબ જ અખ્લાકપૂર્વક વર્તતો હતો એટલા માટે તેણે કહ્યું કે, : ''મુખ્તાર મને કત્લ કરશે નહીં.''

બીજા દિવસે સવારે મુખ્તારે ઈબ્ને સઅદને બોલાવવા માટે તેણે પોતાના પુત્ર હફ્સને મોકલી આપ્યો. મુખ્તારે તેને પૂછયું કે તારો બાપ કયાં છે ? તેણે કહ્યું કે તે ખલ્વતનશીન (એકાંતમાં બેસી રહેનાર) થઈ ગયો છે. અને હવે ઘરથી બહાર નથી નીકળતો. મુખ્તારે કહ્યું : ''હવે તે રેની હુકૂમત કયાં છે જેના માટે ફરઝંદે રસૂલનું લોહી વહાવ્યું હતું, હવે કેમ તેનાથી અલિપ્ત થઈને ઘરમાં બેઠો છે ? હઝરત હુસૈનની શહાદતના દિવસે તે કેમ ઘરમાં ભરાઈને બેઠો ન હતો ?'' મુખ્તારે પોતાના કોતવાલ અબૂ ઉમરહ્‌ને મોકલ્યો કે ઈબ્ને સઅદનુ માંથુ કાપીને લઈ આવો. તે ઈબ્ને સઅદની પાસે ગયો અને તેનુ માંથુ કાપીને પોતાના કોટની અંદર છુપાવીને મુખ્તારની પાસે લાવ્યો અને તેની સમક્ષ મૂકી દીધું. મુખ્તારે હફ્સને પૂછયું, ઓળખો છો ? આ માથુ કોનું છે ? તેણે **ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન** પઢી પછી કહ્યું, આ મારા બાપનુ માથુ છે, અને હવે એમના પછી જિંદગીમાં કોઈ મજા નથી. મુખ્તારે કહ્યું, તુ બરાબર કહે છે અને તું પણ જીવતો રહીશ નહીં ! પછી તેને પણ કત્લ કરી નાખ્યો અને કહ્યું, બાપનુ માથુ હુસૈનનો બદલો છે અને બેટાનું માથુ અલી અકબરનો, જો કે તે બંને તેમના બરાબર નથી થઈ શકતા. ખુદાની કસમ ! જો હું કુરૈશના ત્રણ દસ્તા (ગૃપો) પણ કત્લ કરી નાખુ તો પણ તે સૌ હુસૈનની આંગળીઓની બરાબર પણ નથી થઈ શકતા. પછી મુખ્તારે બંનેનાં માથાં હઝરત મુહમ્મદ ઈબ્ને હનીફા رضي الله عنه ની પાસે મોકલી દીધાં.

## ★ ખોલી ઈબ્ને યઝીદને કત્લ કરી સળગાવી દેવામાં આવ્યો ★

ખોલી ઈબ્ને યઝીદ તે બદ્‌બખ્ત માણસ છે જેણે ઈમામ આલી મકામના સર મુબારકને શરીર મુબારકથી અલગ કર્યું હતુ. મુખ્તારે પોતાના કોતવાલ અબૂ ઉમરહ્‌ને થોડાક સિપાહીઓની સાથે તેની ગિરફતારી માટે મોકલ્યા. તે લોકોએ ખોલીના ઘરને ઘેરી લીધું. જયારે

બદ્બખ્તને ખબર થઈ તો તે એક ઓરડીમાં છુપાઈ ગયો અને તેની પત્ની બહાર આવી. તેણીને પૂછવામાં આવ્યું કે તારો પતિ કયાં છે ? કેમ કે જ્યારથી ખોલી હઝરત હુસૈનનું સર મુબારક લાવ્યો હતો ત્યારથી તેણી તેની દુશ્મની થઈ ગઈ હતી. એટલા માટે તેણીએ જીભથી તો કહ્યું કે મને ખબર નથી કે તે કયાં છે પણ હાથના ઈશારાથી તેના સંતાઈ જવાની જગ્યા બતાવી દીધી. સિપાહી તે જગાએ પહોંચ્યા તો જોયું કે માથા પર એક ટોપલો રાખીને જમીન સાથે ચીપકેલો છે. તેને ગિરફતાર કરીને લાવી રહ્યા હતા એવામાં મુખ્તાર કૂફાની સૈર માટે નીકળ્યો હતો તે રસ્તામાં મળી ગયો ગયો. તેના હુકમથી ખોલીના ઘરવાળાઓને બોલાવીને તેમની સમક્ષ જાહેર માર્ગ પર તેને કત્લ કરવામાં આવ્યો પછી તેને સળગાવી દેવામાં આવ્યો અને જ્યાં સુધી તેની લાશ સળગીને રાખ ન થઈ ગઈ ત્યાં સુધી મુખ્તાર ઊભો રહ્યો. *(તિબ્રી, પેજ–૮૧, ભાગ–૨, હિસ્સા–૨)*

## ★ શિમ્રને કત્લ બાદ કૂતરાંને હવાલે કરી અપાયો ★

મુસ્લિમ બિન અબ્દુલ્લાહ ઝિયાબીનું બયાન છે કે જ્યારે હઝરત હુસૈનના મુકાબલામાં કરબલા જનારાઓને પકડી પકડીને મુખ્તાર કત્લ કરવા લાગ્યો તો હું અને શિમ્રઝિલ જૂશને તેઝ રફતાર ઘોડાઓ પર બેસીને કૂફાથી ભાગી છૂટયા. મુખ્તારના ગુલામ ઝર્બીએ અમારો પીછો કર્યો. અમે અમારા ઘોડાઓને ખૂબ જ ઝડપથી દોડાવ્યા પણ છતાં ઝરબી અમારી નિકટ આવી ગયો. શિમ્રએ અમને કહ્યું કે તમે ઘોડાઓને એડી મારીને મારાથી દૂર થઈ જાવ ! કદાચ આ ગુલામ મારી તાકમાં આવી રહ્યો છે. અમે અમારા ઘોડાઓ ખૂબ જ ઝડપથી ભગાડીને શિમ્રથી અલગ થઈ ગયા. ગુલામે પહોંચતાં જ તેના પર હુમલો કરી દીધો. પ્રથમ તો શિમ્ર તેના વારથી બચવા માટે ઘોડાને ઘુમાવતો રહ્યો અને જ્યારે ઝરબી તેના સાથીઓથી દૂર થઈ ગયો તો શિમ્રએ એક જ વારમાં તેની કમર તોડી નાંખી. જ્યારે મુખ્તારની સામે ઝરબીને લાવવામાં આવ્યો અને તેને બનાવની જાણ થઈ તો તેણે કહ્યું કે જો "આ મારાથી સલાહ લેત તો હું તેને કદાપી શિમ્ર પર હુમલો કરવાનો હુકમ ન આપત."





ઝરબીને કત્લ કરીને શિમ્ર કુલ્તાનિયહ્ ગામમાં પહોંચ્યો જે નદી કિનારે આવેલું હતું. તેણે ગામમાં એક ખેડૂતને બોલાવીને તેની સાથે માર પીટ કરી અને તેને મજબૂર કર્યો કે મારો આ પત્ર મુસ્અલ ઈબ્ને ઝુબૈરની પાસે પહોંચાડો. એ પત્ર પર સરનામુ લખ્યું હતું : "શિમ્ર ઝિઉલ જોશન તરફથી અમીર મુસ્અબ ઈબ્ને ઝુબૈરના નામે" ખેડૂત તે પત્ર લઈને રવાના થયો. માર્ગમાં એક મોટુ ગામ વસેલું હતું જ્યાં કોતવાલ અબૂ ઉમરહ્ થોડાક સિપાહીઓ સાથે જંગી ચોકી સ્થાપવા માટે આવ્યો હતો. આ ખેડૂત તે ગામના એક ખેડૂતથી મળીને શિમ્રએ જે તેની સાથે ઝુલ્મ કર્યો હતો તેને વર્ણવી રહ્યો હતો. તેવામાં એક સિપાહી તેમની પાસેથી પસાર થયો તેણે શિમ્રના પત્ર અને તેના સરનામાને જોયું તો પૂછયું કે શિમ્ર કયાં છે ? તો તેણે બતાવી દીધું. જાણવા મળ્યું કે ૧૫ કિ.મી. ના અંતરે છે. અબૂ ઉમરહ્ તરત જ પોતાના સિપાહીઓને લઈને શિમ્રની તરફ ચાલી નીકળ્યો.

મુસ્લિમ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે હું રાત્રે શિમ્રની સાથે હતો. મેં તેને કહ્યું કે બેહતર એ છે કે આપણે આ જગ્યાએથી રવાના થઈ જઈએ એટલા માટે કે મને અહીં ભય લાગે છે. તેણે કહ્યું કે : હું ત્રણ દિવસથી વહેલો અહીંથી જઈશ નહીં અને તમને કદાચ મુખ્તાર કઝ્ઝાબને કારણે ડર લાગે છે, તમે તેનાથી ભયભીત થઈ ગયા છો. અમે જ્યાં રોકાયા હતા ત્યાં રીછ ઘણાં હતાં. હજી વધારે રાત પસાર થઈ ન હતી અને બરાબર ઊંઘ આવતી ન હતી. એવામાં ઘોડાની ટાપોનો અવાજ આવ્યો. મેં મારા દિલમાં કહ્યું કે રીછ હશે, પણ જ્યારે અવાજ તેજ થઈ ગયો તો હું ઉઠીને બેઠો થઈ ગયો અને મારી આંખો ચોળવા લાગ્યો અને મનોમન કહ્યું, આ રીછનો અવાજ નથી હોઈ શકતો. એટલામાં તેઓએ પહોંચીને તકબીર કહી અને અમારી ઝુપડીઓને ઘેરાવમાં લઈ લીધી. અમે અમારા ઘોડા છોડીને પગપાળા ભાગ્યા. તે લોકો શિમ્ર પર તૂટી પડયા જેણે જૂની ચાદર ઓઢી રાખી હતી. અને તેના કોઢની સફેદી ચાદર ઉપરથી જોવા મળતી હતી. તે કપડાં બખ્તર વગેરે પણ ન પહેરવા પામ્યો. અને તે જ ચાદર ઓઢીને ભાલા વડે તેમનો મુકાબલો કરવા લાગ્યો. હજી અમે થોડાક જ દૂર ગયા હતા

એવામાં તકબીરનો અવાજ આવ્યો અને પછી સંભળાયું કે, "અલ્લાહે ખબીષને કત્લ કરી નાંખ્યો." પછી તે લોકોએ તેના માથાને કાપીને લાશને કૂતરાંઓના માટે ફેંકી દીધી. *(તિબ્રી, પેજ–૭૫, ભાગ–૨, હિસ્સા–૨)*

## ★ હાથ પગ કાપીને તડપવા માટે છોડી મૂકયો ★

અબ્દુલ્લાહ ઈબ્ને દયાસ જેમણે મુહમ્મદ ઈબ્ને અમ્માર ઈબ્ને યાસરને કત્લ કર્યો હતો. તેણે ઈમામ આલી મકામના કાતિલોમાંથી મુખ્તારને અમુક માણસોના નામો બતાવી દીધાં. જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને અસીદ જહ્‌ની, માલિક ઈબ્ને નુસૈર બદ્દી તથા હમલ ઈબ્ને માલિક મહારબી પણ હતા. આ સૌ તે સમયે કાદસિયહ્‌માં રહેતા. હતા. મુખ્તારે પોતાના સરદારોમાંથી એક સરદાર માલિક ઈબ્ને અમ્ર નહદીને તેમની ગિરફતારીના માટે કેટલાક સિપાહીઓની સાથે મોકલ્યા. તેણે જઈને તે સૌને ગિરફતાર કરી લીધા અને ઈશાના સમયે લઈને મુખ્તાર પાસે પહોંચ્યો. મુખ્તારે તે લોકોને કહ્યું, હે અલ્લાહ વ રસૂલ તેમજ આલે રસૂલના દુશ્મનો ! હુસૈન ઈબ્ને અલી કયાં છે ? મને હુસૈનની ઝિયારત કરાવો ! જાલિમો ! તમે તે મુકદ્દસ હસ્તીને કત્લ કરી જેમના પર નમાઝમાં તમને દુરૂદ મોકલવાનો હુકમ આપવામાં આવ્યો છે ! તેમણે કહ્યું, અલ્લાહ તમારા રહમ કરે, અમને તેમના મુકાબલામાં જબદરસ્તી મોકલવામાં આવ્યા હતા, અમે જવા માટે રાજી ન હતા ! તમે અમારા પર એહસાન કરો અને અમને જવા દો ! મુખ્તારે કહ્યું, તમે રસૂલના નવાસા પર એહસાન ન કર્યું ! તેમના પર તમને દયા ન આવી ! તમે તેમને તથા તેમનાં બાળકોને તરસ્યાં રાખ્યાં અને પાણી ન પીવા દીધું અને આજે અમારી પાસે એહસાન ઢુંઢો છો ! પછી બદ્દીને કહ્યું, તેં હઝરત ઈમામે હુસૈનની ટોપી ઉતારી હતી ?! અબ્દુલ્લાહ ઈબ્ને કામિલે કહ્યું, જી હા! આ જ તે શખ્સ છે ! જેણે તેમની ટોપી ઉતારી હતી. મુખ્તારે હુકમ આપ્યો, બંને હાથ, પગ કાપીને તેને છોડી મૂકવામાં આવે ! જેથી એ જ રીતે તડપી તડપીને મૃત્યુ પામે. જેથી તેના હુકમ પર અમલ કરવામાં આવ્યો. બદીના હાથો તથા પગોથી લોહીના ફૂવારા વહેતા રહ્યા ત્યાં સુધી કે તે મૃત્યુ પામ્યો. ત્યાર બાદ જહની અને મહારબીને પણ કત્લ કરી દેવામાં આવ્યા.





## ★ હકીમને નગ્ન કરીને તીરો મારવામાં આવ્યાં ★

હકીમ ઈબ્ને તુફૈલ તાઈ તે બદ્‌નસીબ માણસ છે કે જેણે કરબલામાં હઝરત અબ્બાસ અલમબરદારના લિબાસ તથા હથિયાર પર કબજો કર્યો હતો અને હઝરત ઈમામ હુસૈનને તીર માર્યું હતું. મુખ્તારે અબ્દુલ્લાહ ઈબ્ને કામિલને તેની ગિરફતારીના માટે થોડાક સિપાહીઓ સાથે મોકલ્યા. તેઓ તેને પકડીને મુખ્તાર તરફ ચાલી નીકળ્યા હકીમનાં ઘરવાળાં અદી ઈબ્ને હાતિમની પાસે ફરિયાદ કરવા લાગ્યાં કે તમે મુખ્તારને સિફારિશ કરીને તેને છોડાવી લો. મુખ્તાર અદીની ખૂબ ઈજ્જત કર્યા કરતો હતો. તે સિફારિશના માટે મુખ્તાર પાસે પહોંચી ગયા. મુખ્તાર અદીની સાથે માનભેર વર્તયો અને તેમને પોતાની પાસે બેસાડયા. અદીએ પોતે આવવાનું કારણ દર્શાવ્યું તો મુખ્તારે કહ્યું કે,

હે અબૂ ઝરીફ ! શું તમે હુસૈનના કાતિલો માટે પણ સિફારિશ કરો છો ? તેમણે કહ્યું કે હાકિમ પર જૂઠો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો છે. મુખ્તારે કહ્યું, સારું ! તો અમે તેને છોડી મૂકીશું.

સિપાહીઓને માર્ગમાં ખબર પડી કે અદી મુખ્તારની પાસે હકીમની સિફારિશ માટે ગયા છે. તો તેમણે પોતાના સરદાર ઈબ્ને કામિલને કહ્યું કે મુખ્તાર અદીની ભલામણ સ્વીકારી લેશે અને આ ખબીષ બચી જશે, જયારે કે તમે એના જુર્મથી સારી પેઠે વાકેફ છો. જેથી બેહતર એ છે કે આપણે જ એને કત્લ કરી દઈએ. જેથી ઈબ્ને કામિલે તેમને ઈજાઝત આપી દીધી. તે લોકો હકીમને એક ઘરમાં લઈ ગયા. તેના હાથો પીઠ પાછળ બાંધેલ હતા. તેને એક જગાએ ઊભો રાખ્યો, અને કહ્યું, તેં અબ્બાસ ઈબ્ને અલીના કપડાં ઉતાર્યાં હતાં ! તો અમે તારી જિંદગીમાં જ તારાં સર્વ કપડાં ઉતારીએ છીએ. જેથી તે લોકોએ તેને તદ્દન નગ્ન કરી નાંખ્યો. પછી કહ્યું કે, તેં હઝરત હુસૈનને તીર માર્યું હતું તો અમે પણ તને તીરોનો નિશાનો બનાવીએ છીએ. આમ કહીને તેમણે તીરો મારી મારીને તેને મારી નાંખ્યો.

ઈબ્ને કામિલે આવીને મુખ્તારને હકીમના કત્લની ખબર આપી. મુખ્તારે કહ્યું કે મારી પાસે લાવ્યા વિના તમે શા માટે તેને મારી નાંખ્યો ?

જુઓ, અદી ભલામણ કરવા મારી પાસે આવ્યા છે ! અને એઓ એ વાત ચાહે છે કે તેમની ભલામણ સ્વીકારવામાં આવે. ઈબ્ને કામિલે કહ્યું કે, આપના સિપાહી મારી વાત માન્યા નહીં તો હું લાચાર થઈ ગયો. અદીએ કહ્યું, હે ખુદાના દુશ્મન ! તું જૂઠુ બોલે છે ! તેં જાણ્યું કે મુખ્તાર મારી સિફારિશ માન્ય કરી લેશે એટલા માટે તેં એને માર્ગમાં જ પતાવી દીધો, એ સિવાય તારી પાસે કોઈ ખતરો ન હતો. ઈબ્ને કામિલે પણ અદીને જવાબમાં બુરુ–ભલું કહેવા ચાહતો હતો. પણ મુખ્તારે આંગળી પોતાના મોઢા પર રાખીને તેને ખામોશ રહેવાનો આદેશ આપ્યો. અદી મુખ્તારથી રાજી અને ઈબ્ને કામિલથી નારાજ થઈને જતા રહ્યા. *(તિબ્રી, પેજ–૮૬, ભાગ–ર, હિસ્સા–ર)*

## ★ ભાલાઓ વડે કોચી કોચીને મારવામાં આવ્યો ★

બની સદાનો એક બદ્બખ્ત જેનું નામ અમ્ર ઈબ્ને સુબીહ હતું તે કહ્યા કરતો હતો કે મેં હુસૈનના સાથીઓને તીરથી ઝખમી કર્યા છે પણ કોઈને માર્યા નથી. સૌ લોકોના સૂઈ ગયા પછી મુખ્તારે તેની ગિરફતારીના માટે સિપાહીઓને રવાના કર્યા. જ્યારે તેઓ ઈબ્ને સબીહના મકાન પર પહોંચ્યા તો તે તેની છત પર બેખબર બનીને સૂતો હતો અને તેની તલવાર તેના સિરહાને રાખેલી હતી, સિપાહીઓએ તેને પકડી લીધો અને તેની તલવાર પર કબજા કરી લીધો તે કહેવા લાગ્યો, અલ્લાહ આ તલ્વારનું બુરુ કરે કે તે મારાથી કેટલા પ્રમાણમાં નજીક હતી અને હવે કેટલી દૂર થઈ ગઈ ! સિપાહીઓએ રાતમાં જ તેને મુખ્તારની સામે રજુ કર્યો. મુખ્તારે હુકમ આપ્યો કે સવાર સુધી તેને કેદમાં રાખો. પછી સવારે આમ દરબાર ભર્યો, જ્યારે ઘણા લોકો ભેગા થઈ ગયા અને સબીહને તેમની સામે લાવવામાં આવ્યો તો ખૂબ જ બહાદુરીપૂર્વક ભર્યા દરબારમાં કહેવા લાગ્યો, હે કાફિરો તથા ફાજિરો ! જો અત્યારે મારા હાથમાં તલવાર હોત તો તમને ખબર પડી જાત કે હું બુઝદિલ અને કમજોર નથી. જો હું તમારા સિવાય કોઈ અન્યના હાથે કત્લ થાત તો એ વાત મારા માટે ખુશીની હોત એટલા માટે કે હું તમને બદ્તરીન મખ્લૂક સમજુ છું. હે કાશ ! અત્યારે મારા હાથમાં તલવાર હોત તો હું થોડીવાર તમારો સામનો કરત. ત્યાર બાદ ઈબ્ને સબીહે





ઈબ્ને કામિલની આંખ પર મુક્કો માર્યો. ઈબ્ને કામિલ હસ્યો અને તેને હાથ પકડીને કહેવા લાગ્યો કે આ શખ્સ કહે છે કે મેં અહલે બયતે રિસાલતને તીરો વડે ઝખ્મી કર્યા હતાં. તો હવે એના બારામાં તમે અમને શો હુકમ આપો છો ? મુખ્તારે કહ્યું, ભાલા લાવો અને તેને ભાલા વડે કોચી કોચીને મારો, જેથી ભાલાઓ વડે મારી મારીને તેને હલાક કરવામાં આવ્યો. *(તિબ્રી, પેજ–ર૮, ભાગ–ર, હિસ્સો–ર)*

## ★ કાતિલને જીવતો સળગાવી દેવામાં આવ્યો ★

બની જંબનો એક માણસ જેનું નામ ઝૈદ ઈબ્ને રકાદ હતું. તે બદ્બખ્તે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલને તીર માર્યું હતું જે તેમની પેશાનીમાં લાગ્યું હતું. તેમણે પેશાનીને બચાવવા માટે તેના પર પોતાનો હાથ રાખી લીધો પણ તીર એવું લાગ્યું કે હાથ પણ પેશાની સાથે સપડાઈ ગયો અને જ્યારે કોશિશ કરવા છતાં તેમનો હાથ પેશાનીથી અલગ ન થયો તો તેમણે બારગાહે ઈલાહીમાં દુઆ કરી કે, યા ઈલાહુલ આલમીન ! અમારા દુશ્મનોએ જેવી રીતે અમને ઝલીલ કર્યા છે તો તું પણ એ પ્રમાણે એમને ઝલીલ કર અને જેવી રીતે તેમણે અમને કત્લ કર્યા છે, તું પણ તેમને કત્લ કર ! પછી ઝૈદ ઈબ્ને રકાદે તેમના પેટમાં એક તીર માર્યું જેનાથી તેઓ શહીદ થઈ ગયા. ઈબ્ને રકાદ કહ્યા કરતો હતો કે તેમના પેટનું તીર મેં આસાનીથી કાઢી લીધું પણ જે તીર પેશાનીમાં લાગ્યું તે તીર કોશિશ કરવા છતાં પણ ન નીકળી શકયું.

મુખ્તારે અબ્દુલ્લાહ ઈબ્ને કામિલને તેની ધરપકડ કરવા માટે રવાના કર્યા. ઈબ્ને કામિલ સિપાહીઓની સાથે પહોંચીને તેના પર તૂટી પડયા અને તે પણ એક મોટો બહાદૂર માણસ હતો જેથી તેણે તલવાર લઈને તેમનો સામનો કર્યો. ઈબ્ને કામિલે પોતાના સિપાહીઓને કહ્યું કે તેને ભાલા તથા તલવારથી ન મારો બલ્કે તીર અને પથ્થર વડે મારો. સિપાહીઓએ એટલા પ્રમાણમાં તીર તથા પથ્થર માર્યા કે તે ગબડી પડયો. ઈબ્ને કામિલે આગ મંગાવીને તેને જીવતો સળગાવી દીધો. *(તિબ્રી, પેજ–૭૭, ભાગ–ર, હિસ્સા–ર)*

## ★ ઈબ્ને ઝિયાદ બદ નિહાદનો ઈબ્રતનાક અંજામ ★

ઔબેદુલ્લાહ ઈબ્ને ઝિયાદ તે બદ્‌નિહાદ ઈન્સાન છે જે યઝીદ તરફથી કૂફાનો ગર્વનર નિયુકત થયો હતો. તે બદ્‌બખ્તના હુકમથી હઝરત ઈમામ અને આપના અહલે બૈતને તમામ ઈજાઓ પહોંચાડવામાં આવી. આ જ ઈબ્ને ઝિયાદ ૩૦ હજાર ફોજની સાથે ઉતર્યો. મુખ્તારે ઈબ્રાહીમ ઈબ્ને માલિક અશ્તરને તેના મુકાબલા માટે એક ફોજને લઈને મોકલ્યો. મૂસલથી લગભગ ૨૫ કિ.મી. ના અંતરે ફુરાત નદીના કિનારે બંને લશ્કરો વચ્ચે મુકાબલો થયો અને સવારથી સાંજ સુધી ખૂબ જ જંગ ચાલી જ્યારે દિવસ પૂર્ણ થવાને આડે હતો અને સૂરજ અસ્ત થવાની તૈયારીમાં હતો તે વખતે ઈબ્રાહીમની ફોજ સવાર થઈ ગઈ અને ઈબ્ને ઝિયાદની હાર થઈ અને તેના સાથીઓ ભાગ્યા. ઈબ્રાહીમે હુકમ આપ્યો કે સામેની ફોજમાંથી જે હાથ આવે તેને જીવતો છોડવામાં ન આવે જેથી ઘણા લોકો માર્યા ગયા. એ જ હંગામામાં ઈબ્ને ઝિયાદ પણ ફુરાતના કિનારે મુહર્રમની ૧૦ તારીખે હિ.સ. ૬૭ માં માર્યો ગયો. અને તેનું માથુ કાપીને ઈબ્રાહીમની પાસે મોકલવામાં આવ્યું. ઈબ્રાહીમે તેને કૂફામાં મુખ્તાર પાસે પહોંચાડયું. મુખ્તારે રાજધાની કૂફાને સજાવ્યું અને કૂફાવાસીઓને એકત્ર કરીને ઈબ્ને ઝિયાદનું નાપાક માથુ તે જગાએ મુકાવ્યું જે જગાએ તે હુકૂમતના ઘમંડવાળા અને દુનિયાના પૂજારીએ ઈમામ હુસૈનનું સર મુબારક રાખ્યું હતું. મુખ્તારે કૂફાવસીઓને સંબોધીને કહ્યું, હે કૂફાવાસીઓ ! જોઈ લો ! કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના નાહક ખૂને ઈબ્ને ઝિયાદને ન છોડયો. આજે તે નામર્દનું માથુ આ બેઈજ્જતી તથા અપમાનપૂર્વક અહીં રાખવામાં આવ્યું છે, છ વરસો થયાં છે તે જ તારીખ છે તે જ જગા છે ખુદાવંદે આલમે મગરૂર ફિરઔન જેવા અપલક્ષણવાળાઓને આવી બેઈજ્જતીની સાથે હલાક કર્યો. એ જ કૂફા અને એ જ રાજધાનીમાં એ બેદીનના કત્લ તથા હલાક થવા પર જશ્ન મનાવવામાં આવી રહ્યો છે. *(સવાનેહે કરબલા, પેજ–૧૫૧)*

તિર્મિઝી શરીફની હદીષમાં છે કે જ્યારે ઈબ્ને ઝિયાદ અને તેના સરદારોના માથાં મુખ્તારની સામે લાવીને રાખવામાં આવ્યાં તો એક મોટો સાપ જાહેર થયો તેના ભયથી લોકો ડરી ગયા. તે તમામ માથા





પાસે પસાર થયો. પછી ઓબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદના નસકોરામાં ઘુસી ગયો અને થોડીવાર રોકાઈને તેના મોઢેથી નીકળ્યો. આ રીતે ત્રણ વાર સાપ તેના માથામાં પ્રવેશ્યો અને છેવટે અદશ્ય થઈ ગયો. *(નૂરુલ અબ્સાર, પેજ–૧૨૪)*

ઝુલ્મકી ટહની કભી ફૈલતી નહીં
નાવ કાગઝકી કભી ચલતી નહીં

## ★ મુખ્તારનો નબુવ્વતનો દાવો ! ★

મુખ્તારે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના કાતિલોના બારામાં ઘણુ શાનદાર કારનામુ અંજામ આપ્યું પરંતુ છેવટે તે નબુવ્વતનો દાવો કરીને મુર્તદ થઈ ગયો ! (અલ્ અયાઝુ બિલ્લાહિ તઆલા) કહેવા લાગ્યો, મારી પાસે જિબ્રઈલ અમીન આવે છે અને મારા પર ખુદા તઆલા તરફથી વહી લાવે છે ! હું નબી રૂપે મોકલવામાં આવ્યો છું ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ ને જ્યારે તેના નબુવ્વતના દાવાની ખબર મળી તો આપે તેના ખત્મ કરવા માટે લશ્કર રવાના કર્યું જે તેના પર સવાર થઈ ગયું અને રમઝાન હિ.સ. ૬૭ માં એ બદ્‌બખ્તને કત્લ કર્યો. *(તારીખુલ ખુલફા, પેજ–૧૪૬)*

## ઈમામ હુસૈનના કાતિલો પર વિવિધ પ્રકારના અઝાબ

જે લોકો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના મુકાબલામાં કરબલા ગયા અને તેમના કત્લમાં શરીક થયા તેમાંથી લગભગ છ હજાર કૂફી તો મુખ્તારના હાથે માર્યા ગયા અને બીજા લોકો વિવિધ પ્રકારના અઝાબમાં સપડાયા. ઉલમાએ કિરામ ફર્માવે છે કે તેઓમાંથી કોઈ નથી બચ્યું કે જેણે આખેરતના અઝાબથી પહેલાં આ દુનિયામાં સજા ન ભોગવી હોય. એમાંથી કેટલાકને તો બુરી રીતે કત્લ કરવામાં આવ્યા તો કેટલાક આંધળા તથા કોઢી થયા અને કેટલાક સખત પ્રકારની આફતોમાં સપડાઈને હલાક થઈ ગયા.

હઝરત અબૂ શૈખ ફર્માવે છે કે એક મજલિસમાં કેટલાક લોકો

બેઠા આપસમાં વાતો કરતા હતા કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના કત્લમાં જેણે પણ કોઈ પણ પ્રકારની કોઈ મદદ કરી તે મૃત્યુ પહેલાં કોઈ ન કોઈ અઝાબમાં જરૂર સપડાયો. એક વૃદ્ધ તે જ મજલિસમાં હતો તેણે કહ્યું કે મેં પણ મદદ કરી હતી હું તો કોઈ અઝાબમાં નથી સપડયો ! આટલું કહ્યા બાદ તે દીવો ઠીક કરવા માટે ઊભો થયો તો તેની આગે વૃદ્ધને પકડી લીધો અને તેનું આખુ શરીર સળગવા માંડયું. તે આગ આગ બુમો પાડતો રહ્યો છેવટે ફુરાત નદીમાં કુદી પડયો છતાં આગ બુઝાઈ નહીં અને તે એમાં જ સળગીને હલાક થઈ ગયો. આ પ્રકારનો એક પ્રસંગ ઈમામ સદીથી પણ નકલ થયેલ છે. તેમણે ફર્માવ્યું, "ખુદાની કસમ ! મેં તેને જોયો કે તે એવી રીતે સળગી રહ્યો હતો જાણે કે કોલસો !" *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૨૦)*

અને ઈમામ વાકેદીથી રિવાયત છે કે એક શખ્સ જે યઝીદના લશ્કરની સાથે હતો પણ તેણે કોઈને કત્લ કર્યો ન હતો. કરબલાના બનાવ પછી તે આંધળો થઈ ગયો. તેને તેનું કારણ પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખ્વાબમાં જોયા કે આપ બાંય મુબારક ચડાવીને હાથમાં નગ્ન તલવાર લઈને ઊભા છે. હુઝૂરની સામે એક ચામડું પાથરેલું છે. અને હુસૈનના દસ કાતિલો ઝબહ કરેલા પડયા છે. જ્યારે આપની નજર મારા પર પડી તો ખૂબ લા'નત મલામત કરી અને લોહીમાં ડૂબોડીને એક સળી મારી આંખમાં ફેરવી દીધી. ત્યારથી હું આંધળો થઈ ગયો. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૨૦)*

અને અલ્લામા ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ લખે છે કે યઝીદના લશ્કરનો તે સિપાહી જેણે ઈમામ હુસૈન رضی اللہ عنہ ના સર મુબારકને પોતાના ઘોડાની ગરદનમાં લટકાવ્યું હતું. તેને થોડાક દિવસો બાદ લોકોએ જાયો કે તેનો ચહેરો ખૂબ જ પ્રમાણમાં કાળો થઈ ગયો છે. તો તેને પૂછવામાં આવ્યું કે તારો ચહેરો ખૂબ પ્રમાણમાં ખૂબસૂરત હતો તો પછી આટલો બધો કાળો કેમ કરીને થઈ ગયો ? તેને કહ્યું, જે દિવસે મેં હઝરત ઈમામ હુસૈનના સર મુબારકને મારા ઘોડાની ગરદનમાં લટકાવ્યું તે દિવસથી દર રાત્રે બે માણસ મારી પાસે આવે છે અને મને પકડીને એવી જગ્યાએ લઈ જાય છે જ્યાં ખૂબ જ આગ હોય છે. મને મોઢા ભેર





તે આગમાં નાંખીને કાઢે છે એના કારણે મારું મોઢું આટલું કાળુ થઈ ગયું છે. રાવીનું બયાન છે કે તે ખૂબ જ બુરા મૌતે મર્યો. *(હવાલો ઉપર મુજબ)*

## ★ મોઢું સુવ્વર જેવું થઈ ગયું ★

અલ્લામા બારઝી હઝરત મન્સૂરથી રિવાયત કરે છે કે તેમણે શામ પ્રદેશમાં એક એવા શખ્સને જોયો કે જેનું મોઢું સુવ્વર જેવું હતું. તેમણે તેનાથી તેનું કારણ પૂછયું તો તેણે જણાવ્યું કે તે દરરોજ હઝરત અલી رضی اللہ عنہ પર એક હજાર વખત અને જુમ્માના દિવસે ચાર હજાર વખત તેમના પર અને તેમની ઔલાદ પર લા'નત મોકલતો હતો. જેથી એક રાત્રે તેણે ખ્વાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા અને તેણે લાંબો ખ્વાબ વર્ણવ્યો. એમાં એક વાત એ પણ હતી કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ તેના લા'નત મોકલવા વિશેની હુઝૂરની પાસે શિકાયત કરી, તો આપે તેના પર લા'નત ફર્માવી અને તેના મોઢા પર થૂકી દીધું તો તેનું મોઢું સુવ્વર (ડુક્કર) જેવું થઈ ગયું અને તે લોકોના માટે નસીહત બની ગયો. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૨૦)*

અને અલ્લામા ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہ નકલ ફર્માવે છે કે એક વૃદ્ધે બયાન કર્યું કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખ્વાબમાં જોયા કે આપની સમક્ષ એક થાળી રાખેલ છે જે લોહીથી ભરેલી છે લોકોને આપની સમક્ષ લાવવામાં આવે છે અને આપ તે લોહીમાંથી તેમની આંખમાં લગાડી રહ્યા છે ત્યાં સુધી કે હું પણ હાજર થઈ ગયો તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું તેમના મુકાબલામાં ગયો ન હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તું એ વાતની તમન્ના તો રાખતો હતો ને ! પછી આપે મારા તરફ આંગળી વડે ઈશારો કર્યો તો ત્યારથી હું આંધળો થઈ ગયો. *(હવાલો ઉપર મુજબ)*

અને રિવાયત થયેલ છે કે તે બદ્‌બખ્ત જેણે હઝરત અલી અસગર رضی اللہ عنہ ના ગળામાં તીર માર્યું હતું તે એવી મુસીબતમાં સપડાયો કે તેના પેટ તરફ એવી સખત ગર્મી પેદા થઈ કે જાણે આગી લાગી છે, અને પીઠની બાજુ એવી ઠંડી કે ખુદાની પનાહ ! આ હાલતમાં તેના પેટ

પણ પાણી છાંટવામાં આવતું, બરફ રાખતા અને પંખા હલાવતા પણ ઠંડક પેદા ન થઈ અને પીઠની તરફ આગળ સળગાવીને ગરમી પહોંચાડવાની કોશિશથી પણ કાંઈ ફાયદો ન થતો અને તે તરસ તરસની બુમો પાડતો. તેના માટે સત્તુ, પાણી અને દૂધ લાવવામાં આવતું, પરંતુ પાંચ ઘડા પણ તેને પીવડાવવામાં આવતું તો પણ પી લેતો ! છતાં પણ તરસ તરસની બૂમો પાડતા જ રહતો. ત્યાં સુધી કે એ જ પ્રમાણે પાણી પીતાં પીતાં તેનું પેટ ફાટી ગયું. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૨૧)*

અને અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ 'મુહાઝેરાતે મુહાવિરાત'માં લખે છે કે કૂફામાં શીતળાની બિમારી એક વરસ એવી ચાલી કે જે લોકો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને કત્લ કરવાના માટે ગયા હતા તેમની દોઢ હજાર ઔલાદ શીતળાની બીમારીથી આંધળી થઈ ગઈ. *(નૂરુલ અબ્સાર, પેજ–૧૨૪)*

હાકિમ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરેલ છે કે ''ખુદા તઆલાએ રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે વહી મોકલી કે મેં યહયા ઈબ્ને ઝકરિયાના બદલામાં સિત્તેર (૭૦) હજારને માર્યા, અને હે મહબૂબ ! તમારા નવાસાના બદલામાં સિત્તેર હજાર અને સિત્તેર હજાર એટલે કે એક લાખ ચાલીસ હજારને મારીશ. *(ખસાઈસે કુબ્રા, પેજ–૧૨૬, ભાગ–૨)*

જેમ કે ઘણા મુખ્તારને હાથે માર્યા અને અસંખ્ય લોકોને વિવિધ પ્રકારની મુસીબતો અને આફતો વડે હલાક કર્યા. અને વળી કેટલાયે હજાર અબ્બાસી સલ્તનતના સ્થાપક અબ્દુલ્લાહ સફાહના હાથે માર્યા ગયા. આ પ્રમાણે અલ્લાહનો વાયદો પૂરો થયો અને કુલ એક લાખ ચાલીસ હજાર માર્યા ગયા.

## ★ એક વાંધો અને તેનો જવાબ ★

ઈમામ આલી મકામ رضی اللہ عنہ ના મુકાબલામાં કેવળ બાવીસ હજારનું લશ્કર કરબલાના મેદાનમાં ગયું હતું. તો પછી એક લાખ ચાલીસ હજાર કેવી રીતે મરી ગયા ? એટલા લોકોએ તો ગુનોહ કર્યો ન હતો ?

આ વાંધાનો જવાબ એ છે કે જે લોકો ઈમામ હુસૈન رضی اللہ عنہ ના





કત્લમાં શરીક થયા તેમના મુજરિમ હોવાથી સાથોસાથ તે લોકોમાં પણ મુજરિમ ઠર્યા જેઓ હુસૈનના કત્લ પર રાજી હતા. જેથી હુસૈનના કાતિલોની સાથે તેઓ પણ માર્યા ગયા, ભલે તેમની સાથે તેઓ કરબલા ગયા ન હતા. અબૂ દાઊદ શરીફથી હદીષ છે કે સરકારે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''જયારે કોઈ જગ્યાએ કોઈ ગુનોહ કરવામાં આવે તો જે શખ્સ ત્યાં હાજર હોય પણ તેને બુરો જાણતો હોય તો તે, તે માણસની જેમ છે જે ત્યાં મૌજૂદ નથી. અને જે શખ્સ ત્યાં હાજર ન હોય પરંતુ તેના પર રાજી હોય તો તે તે જ માણસની જેમ જ છે જે ત્યાં હાજર છે. *(મિશ્કાત શરીફ, પેજ–૪૩૬)*

## ★ મુહર્રમની મજલિસના ફાયદા ★

મુહર્રમની મજલિસથી કેટલાયે ફાયદા હાંસલ થયા છે. પ્રથમ એ કે હદીષ શરીફમાં છે, ''સાલેહીન (નેક લોકો)ની ચર્ચા (ઝિક્ર)ના સમયે અલ્લાહની રહમતનું નુઝૂલ થાય છે.'' અને ખુલફાએ રાશિદીન તથા ઈમામ હસન તથા ઈમામ હુસૈન رضی اللہ عنہم તો સાલેહીનના ઈમામ તથા પેશવા છે તો તેમના ઝિક્ર વખતે તો પુષ્કળ રહમતો નાઝિલ થશે જેનાથી તે મજલિસમાં શિર્કત કરનારા ખાસ ફૈઝયાબ થાય છે.

અને બીજો ફાયદો એ છે કે તેમના ઝિક્રને સાંભળીને અલ્લાહના મહબૂબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત અને તેમની ઈતાઅત તથા ફર્માંબરદારીનો જઝબો પૈદા થાય છે. અને ત્રીજો ફાયદો એ છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ નો ઝિક્ર દીન તથા મઝહબની હુર્મત કાયમ રાખવા માટે મેદાનમાં નીકળવું અને હક્ક વાતનું એલાન કરવું, જાત જાતની મુસીબતોને વેઠવી અને સબ્ર તથા સહનશીલતાનો દામન ન છોડવો, ત્રણ દિવસ ભુખ્યા તરસ્યા રહેવા ઉપરાંત નાના નાના બાળકોના રડવા સિસકારા લેવા છતાં હક્કની હિમાયત કરવી અને બાતિલની સામે ન ઝકવું, સગા–સ્નેહીઓની લાશો લોહી તથા ધૂળમાં રગદોળાતી જોઈને શિકાયતનો અક્ષર સુદ્ધાં જીભ પર ન લાવવો, દરેક હાલતમાં અલ્લાહની મરજી પર રાજી રહેવું અને મકામે સિદ્કો સફામાં અડગ રહેવું. આ વાતોને સાંભળવાથી દિલમાં ઈમામ આલી મકામની અઝમત

તથા મહોબ્બત પૈદા થાય છે અને દીન તથા મઝહબની ઈજ્જત તથા હુર્મત બાકી રાખવા માટે જાન તથા માલની કુર્બાની આપવાનો જઝબો પૈદા થાય છે.

અને ચોથો ફાયદો એ છે કે દુનિયાને ખાતર કૂફીઓનું પોતાની આકેબતને બર્બાદ કરવું અહલે બૈતે રિસાલતની તૌહીન કરવી, તેમને સતાવવાં, અને તકલીફો પહોંચાડવી. પછી તરહ તરહની આફતો તથા મુસીબતોમાં સપડાવું અને હુસૈનના કત્લના બદલામાં એક લાખ ચાલીસ હજારનું માર્યા જવું, આ વાતો સાંભળવાથી બોધ તથા નસીહત હાંસલ થાય છે અને અલ્લાહવાળાઓની શાનમાં ગુસ્તાખી તથા બે અદબી કરવાથી બચવાની તૌફીક થાય છે.

દુઆ એ છે કે ખુદા મને તથા તમને આજ પ્રમાણે દર વરસે મુહર્રમની મજલિસો ગોઠવીને બુઝુર્ગોના ઝિક્રે જમીલ સાંભળવા સંભળાવવા અને તેનાથી સબક હાંસલ કરવાની તૌફીક બખ્શે અને અલ્લાહના મહબૂબ બંદાઓને સતાવવા તથા તેમની બેઅદબી તથા ગુસ્તાખી કરવાથી મેહફૂઝ રાખે અને કિયામતના દિવસે નબીઓ, સિદ્દીકો, શહીદો અને સાલેહીનના દામને કરમના સાયામાં આપણા લોકોનો હશ્ર ફર્માવે. (આમીન.) બિહુર્મતિ નબી કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ –*(બહવાલા ખુત્બાતે મુહર્રમ)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૭)

# સાદાતની ફઝીલત તથા તેમને મહોબ્બતપૂર્ણ ભલામણો

અલ્ કલામુલ મકબૂલ ફી તહારતિ નસબિર્રસૂલના હવાલાથી

(**લેખક** : હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં અશરફી બદાયુની رحمۃ اللہ علیہ)

**સવાલ** : શું કહે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે ઝૈદ કહે છે કે ઈસ્લામમાં સઘળા નસબ અને કુટુંબ એક સરખા છે કોઈ કોઈનાથી ઉત્તમ નથી, એટલે સૈયદ, પઠાણ, તેલી (ઘાંચી), નાઈ (વાળંદ), ધોબી બધા એક દરજો રાખે છે, ફઝીલત તકવાથી છે નસબથી નહીં. એ પણ કહે છે કે કોઈને પરહેઝગાર બાપ દાદા કામ નહીં લાગે, માત્ર પોતાના અમલો કામ લાગશે, ઝેદ આ આયત રજૂ કરે છે :–

اِنَّا جَعَلْنَاكُمْ شُعُوْبًا وَّ قَبَائِلَ لِتَعَارَفُوْا اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقَاكُمْ

''બેશક ! અમે બનાવ્યા તમારા માટે કુટુંબ કબીલા કે તમે એકબીજાને ઓળખો. બેશક ! અલ્લાહની બારગાહમાં તમારામાં વધારે ઈજ્જતવાળો તમારો મોટો પહેઝગાર છે.'' સાથે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, અય ફાતિમા ! હું તારાથી અઝાબે ઈલાહી ખસેડી નથી શક્તો.

અમર કહે છે કે, ના ! બલ્કે સૈયદ સઘળા કુટુંબોથી ઉત્તમ છે અને બુઝુર્ગોની ઓલાદને એમના બાપદાદાની નેકી જરૂરી કામ લાગશે. ફર્માવવામાં આવે કોની વાત સાચી છે. (બયાન ફર્માવો અઝ્ર આપવામાં આવશે.)

**જવાબ** : આ બંને મસ્અલામાં અમરની વાત સાચી છે, ઝેદની વાત ખોટી અને બેકાર છે, હઝરાત સાદાતે કિરામનો નસબ બીજા નસબોથી ઉચ્ચ અને અફઝલ છે, અને ઈમાનવાળાઓના નેક બુઝુર્ગોના નેક અમલો ઈન્શાઅલ્લાહુ તઆલા ! ઔલાદને જરૂર કામ લાગશે.

આ બંને મસ્અલાઓ કુર્આને કરીમની આયતો, સહીહ હદીષો અને અકલી દલીલો વગેરેથી પુરવાર થાય છે.

**દલીલ ૧** : અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ بِاِيْمَانٍ وَّمَا اَلَتْنٰهُمْ مِّنْ عَمَلِهِمْ مِّنْ شَیْءٍ

"અમે જન્નતમાં મો'મિનોની ઓલાદને એમની સાથે કરી આપીશું અને એમના અમલોમાંથી કંઈ ઓછું નહીં કરીએ."

એટલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મો'મિન ઓલાદ ઈન્શાઅલ્લાહુ તઆલા ! કિયામતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે રહેશે, આનાથી સાદાતના નસબની ઉત્તમતા પૂરવાર થાય છે, અને બુઝુર્ગોના અમલોનું કામ લાગવું પણ જાણવા મળ્યું.

**આયત નં. ૨ :-**

قُلْ لَّا اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِی الْقُرْبٰی

"ફર્માવી આપો અય મહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કે હું તબ્લીગે નબુવ્વત પર કોઈ બદલો નથી માંગતો માત્ર નિકટવાળાઓની મહબ્બત ઈચ્છું છું."

આ આયતની તફસીર એ પણ છે કે મારા હક્કને લઈને મારા પ્રિય અને નિકટવાળાઓ સાથે મહબ્બત કરો. જાણવા મળ્યું કે સાદાતે કિરામ જે હુઝૂરના નજીકના સગા અને ઓલાદ છે એમનાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને લીધે મહબ્બત કરવી જરૂરી છે. બીજા કુટુંબોની આ હાલત નથી.

**આયત નં. ૩ :-**

وَاعْلَمُوْا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَیْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِی الْقُرْبٰی وَالْيَتٰمٰی وَالْمَسٰكِيْنِ





"જાણી લો કે જે કંઈ ગનીમત તમે પ્રાપ્ત કરો એનો પાંચમો ભાગ અલ્લાહ, રસૂલ અને રસૂલના નિકટના લોકો, યતીમો અને મિસ્કીનો માટે છે."

જાણવા મળ્યું કે જમાના શરીફમાં માલે ગનીમતના પાંચમાં ભાગમાં હુઝૂરના નિકટના લોકોનો અલગ ભાગ હતો, બલ્કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની બારગાહમાં આજે પણ સૈય્યદોને એ પાંચમાં ભાગમાંથી ભાગ મળશે, બીજા કુટુંબીજનોને આ ઈજ્જત પ્રાપ્ત નથી.

**આયત નં. ૪ :-**

હઝરત ખિઝરે મૂસા علیہ الصلوٰۃ والسلام ને ફર્માવ્યું કે;

وَكَانَ اَبُوْهُمَا صَالِحًا فَاَرَادَ رَبُّكَ اَنْ يَّبْلُغَا اَشُدَّهُمَا وَيَسْتَخْرِجَا كَنْزَهُمَا

આ દીવારની નીચે બે બાળકોનો ખજાનો છે એ બંનેનો બાપ નેક માણસ હતો એટલે રબે ચાહ્યું કે આ બાળકો બાલિગ થાય અને પોતાનો ખજાનો કાઢી લે.

આ આયતથી જાણવા મળ્યું કે બે યતીમો પર રબે એટલા માટે કૃપા કરી કે એમનો બાપ નેક માણસ હતો. જાણવા મળ્યું કે નેકોની નેકીઓ ઓલાદને કામ આવે છે. એટલે હુઝૂરની નેકીઓ સાદાતે કિરામને જરૂર કામ લાગશે.

**આયત નં. ૫ :-**

وَجَعَلْنَا فِیْ ذُرِّيَّتِهِ النُّبُوَّةَ وَالْكِتٰبَ અમે હઝરત ઈબ્રાહીમની ઔલાદમાં નબુવ્વત અને કિતાબ રાખી.

એટલે કે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام પછી સઘળા નબી આપની જ ઔલાદમાં થયા. અને સઘળી કિતાબો અને આ સહીફા આપની ઔલાદ પર આવ્યા. ઔલાદે ઈબ્રાહીમને આ ઈજ્જત એટલા માટે જ પ્રાપ્ત થઈ કે તેઓ ઈબ્રાહીમી છે, એટલે આપનો નસબ વધારે ઈજ્જતવાળો છે.

**આયત નં. ૬ :-**

يٰبَنِیْۤ اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِیَ الَّتِیْۤ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَنِّیْ فَضَّلْتُكُمْ عَلَی الْعٰلَمِيْنَ

"અય યાકૂબની ઔલાદ ! મારી એ નેઅમત યાદ કરો જે મેં તમારા પર કરી અને મેં તમને એ જમાનામાં સઘળા જગતો પર બુઝુર્ગી આપી."

જાણવા મળ્યું કે હઝરત યાકૂબ عليه الصلوة والسلام નું નસબ એટલું ઉચ્ચ છે કે હક્ક તઆલાએ એમની ઔલાદને સઘળા કુટુંબીઓથી ઉચ્ચતમ કર્યા હતા એટલે નિ:શંક ! હુઝૂર عليه الصلوة والسلام ના કુટુંબીઓ સાદાતે કિરામ સઘળા જગતવાસીઓથી ઉચ્ચતમ કુટુંબીઓ છે.

**આયત નં. ૭ :-**

وَاذْكُرُوْا اٰلَآءَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَعَلَ فِيْكُمْ اَنْبِيَآءَ وَجَعَلَكُمْ مُّلُوْكًا

"અય યાકૂબ ! عليه الصلوة والسلام ની ઔલાદ મારી નેઅમતોને યાદ કરો જે તમારા પર છે. કારણ કે તમારામાં નબી બનાવ્યા અને તમને બાદશાહ બનાવ્યા."

જાણવા મળ્યું કે કોઈ કોમમાં નબીઓનું આવવું ખુદાની ખાસ નેઅમત છે જેનાથી બીજી કોમો મહરૂમ છે. એટલે સાદાતે કિરામમાં હુઝૂરનું તશરીફ લાવવું રબ તઆલાની ખાસ રહમત છે જે બીજા લોકોને પ્રાપ્ય નથી.

**આયત નં. ૮ :-**

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ

"અય નબીની પત્નીઓ ! જો તમે પરહેઝગારી અપનાવો તો તમે અન્ય કોઈ ઔરતો જેવી નથી."

જાણવા મળ્યું હુઝૂર صلى الله تعالى عليه وسلم ની મુત્તકી, પરહેઝગાર પત્નીઓ જગતની પરહેઝગાર સ્ત્રીઓથી ઉત્તમ છે કારણ કે તેણીઓ હુઝૂરની પત્નીઓ છે. એટલે સાદાતે કિરામ જે મુત્તકી, પરહેઝગાર છે તેઓ બીજા પરહેઝગારોથી ઉત્તમ છે. કારણ કે તેઓ હુઝૂરના નસબવાળા છે.

**આયત નં. ૯ :-**

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا





"અય નબીના ઘરવાળાઓ ! અલ્લાહ ચાહે છે કે તમારાથી ગંદકી દૂર કરી નાખે અને તમને ખૂબ પાક અને સાફ રાખે."

જાણવા મળ્યું કે અહલે બયત પછી અઝવાજે મુતહ્હરાત હોય, પાક ઓલાદ હોય સર્વને રબ તઆલાએ પાક ફર્માવી આપ્યા. શાથી ? એટલા માટે કે તેઓ હુઝૂર صلى الله تعالى عليه وسلم ના કુટુંબીઓ છે, આ ખાસ પ્રકારની પાકી બીજા લોકોને પ્રાપ્ત નથી. નહીં તો પછી સાદાતની વિશેષતા શું થશે !

**આયત નં. ૧૦ :-** હઝરત ઈબ્રાહીમ عليه الصلوة والسلام એ દુઆ કરી કે : وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ મૌલા ! અમારી ઓલાદમાં એક જમાઅત તારા હુકમનું પાલન કરનાર રાખ.

આ દુઆથી જાણવા મળ્યું કે સઘળા સૈયદ ક્યારે પણ ગુમરાહ નથી થઈ શક્તા, બીજી ઈસ્લામી કોમો તો સઘળી ગુમરાહ થઈ શકે છે. સાબિત થયું કે હઝરત ઈબ્રાહીમનું નસબ અને કુટુંબ ઉચ્ચતમ અને અફઝલ છે કે એમને આ દુઆએ ઈબ્રાહીમી પ્રાપ્ત છે.

**આયત નં. ૧૧ :-**

لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ وَ اَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ

"મને આ શહેરની કસમ કે અય મહબૂબ ! આ શહેરમાં તમે છો, બાપની કસમ ! અને એની ઓલાદની કસમ !"

આ આયતે કરીમાની તફસીર એ પણ છે પિતાનો મતલબ હુઝૂર સૈય્યદે આલમ صلى الله تعالى عليه وسلم છે અને ઓલાદનો મતલબ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પાક ઓલાદ છે. જાણવા મળ્યું કે હુઝૂરનું શહેર સઘળા શહેરોથી ઉત્તમ અને હુઝૂરની ઓલાદ પાક સઘળા કુટુંબોથી ઉચ્ચતમ કે રબ તઆલાએ એમની કસમ ઈર્શાદ ફર્માવી, અને એ પણ થઈ શકે છે કે પિતાનો મતલબ હઝરત અબ્દુલ્લાહ અને આમિના ખાતૂન હોય (رضى الله عنهما). અને ઓલાદનો મતલબ હોય હુઝૂર صلى الله تعالى عليه وسلم.

## ★ અહાદીષે શરીફા ★

આ વિશે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષો અગણિત છે. ક્યાંક ફર્માવ્યું, હસન હુસૈન જન્નતી યુવાનોના આગેવાન છે. ક્યાંક ફર્માવ્યું, ફાતિમા જન્નતી સ્ત્રીઓની સરદાર છે, વગેરે... અમુક હદીષો બરકત માટે રજૂ કરવામાં આવે છે :–

**હદીષ નં. ૧** : મુસ્લિમ શરીફ, તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ, બાબે ફઝાઈલે સૈયદિલ મુરસલીનમાં છે :–

અલ્લાહ તઆલાએ ઈસ્માઈલ علیہ السلام ની ઓલાદમાંથી કનાનાને ચૂંટી લીધો, બની કનાનામાંથી કુરૈશને અને કુરૈશમાંથી બની હાશિમને ચૂંટી લીધા, અને બની હાશિમમાંથી મને ઉત્તમ કર્યો.

જાણવા મળ્યું કે ઉપરોક્ત કબીલાઓ સઘળા બીજા કુટુંબીઓથી ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

**હદીષ નં. ૨** : ફર્માવ્યું નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે હું તમારામાં બે સારી અને ઉત્તમ વસ્તુઓ છોડું છું એક તો અલ્લાહની કિતાબ જેમાં હિદાયત અને નૂર છે, એટલે અલ્લાહની કિતાબ લો અને એને શક્તિથી પકડો. કિતાબુલ્લાહ પર લોકોને શોખ આપ્યો. બીજી મારા અહલે બયત છે. હું તમને અહલે બયત વિશે અલ્લાહથી ડરાવું છું.

આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખાનદાન શરીફ અને પાક આલની ઉચ્ચતા કુર્આને કરીમ માફક છે. જેમ ઈમાન માટે કુર્આનનું માનવું જરૂરી છે એવી જ રીતે હુઝૂરના અહલે બયતને માનવું જરૂરી છે. બીજા કુટુંબોને આ ઈજ્જત ક્યાં મળે ?!

**હદીષ નં. ૩** : તિર્મિઝીએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી : અલ્લાહ માટે મારાથી મહબ્બત રાખો અને મારી મહબ્બતને લઈને મારી અહલે બયતથી મહોબ્બત કરો.

**હદીષ નં. ૪** : અહમદ અબૂઝર ગિફારી رضی اللہ عنہ થી રિવાયત કરી, મારા અહલે બયતનું દ્રષ્ટાંત તમારામાં નૂહની નાવડી જેવું છે, જે એમાં સવાર થયો નજાત પામ્યો અને જે એનાથી અલગ રહ્યો હલાક થઈ ગયો.





**હદીષ નં. ૫** : તિર્મિઝીએ ઝેદ બિન અરકમ رضی اللہ عنہما થી રિવાયત કરી, હું તમારામાં બે વસ્તુઓ છોડું છું જ્યાં સુધી તમે એને પકડી રાખશો તો મારા પછી ક્યારે ગુમરાહ નહીં થાવ, એમાં એક બીજાથી મોટી છે અલ્લાહની કિતાબ છે જે અલ્લાહની લાંબી દોરડી છે, બીજી મારી ઓલાદ ઘરવાળાઓ. આ બંને એકબીજાથી અલગ નહીં થાય ત્યાં સુધી કે હોજ પર મારી પાસે આવશે. એટલે તમે જુઓ કે તમે એ બંનેમાં મારી નિયાબત કરો છો. (પાછળ ચાલો છો.)

**હદીષ નં. ૬** : મુસ્લિમ શરીફમાં અબ્દુલ મુત્તલિબ બિન રબીઆથી રિવાયત છે, આ સદકા લોકોનો મેલ છે, આ સદકા ન મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હલાલ છે, ન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઓલાદ માટે.

આ સઘળી બરકતો સૈય્યદ હઝરાતને માત્ર એટલે પ્રાપ્ય છે કે એ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નસલ શરીફથી છે, ગૈર સૈયદ ગમે તેટલો પરહેઝગાર હોય એને આ ખૂબીઓ પ્રાપ્ત નથી થઈ શક્તી. જાણવા મળ્યું કે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم નું કુટુંબ ઉત્તમ છે.

**હદીષ નં. ૭** : રદુલ મુહતાર, ભાગ–૧, બાબે ગુસ્લે મય્યિતમાં હદીષ શરીફના પુરાવાથી છે, કિયામતના દિવસે દરેક નસબી અને સસરાલી સગાઈઓ ક્યાંય જશે અને કામ નહીં આવે પરંતુ મારો નસબ અને સસરાલી સગાઈ કામ આવશે.

પછી ફર્માવ્યું, હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત કુલ્ષૂમ બિન્તે ફાતિમા ઝહરા رضی اللہ عنہا થી આ હદીષને લઈને નિકાહ કર્યો જેથી હઝરત અલી શેરે ખુદાથી આપની સસરાલી સગાઈ બાકી રહે, પછી ફર્માવ્યું, કુર્આન શરીફમાં જે છે : فَلَآ اَنْسَابَ بَيْنَهُمْ يَوْمَئِذٍ وَّلَا يَتَسَآءَلُوْنَ કિયામતમાં નસબ કામ નહીં આવે. આ આયતના હુકમથી હુઝૂરનું નસબ શરીફ અલગ છે એ જરૂર કામ આવશે. જ્યારે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم સઘળી ઉમ્મતને બખ્શાવશે તો કેવી રીતે થઈ શકે છે કે પોતાની ઓલાદને નહીં બખ્શાવે ?! સાદાતે કિરામના નસબે પાકને બાફઝીલત એટલા માટે કહે છે કે તે હુઝૂરનું કુટુંબ છે.

**હદીષ નં. ૮** : સઘળા લોકો કુરૈશની તાબેદારીમાં છે,

સામાન્ય મુસલમાન કુરૈશની તાબેદારીમાં છે અને કાફિર લોકો કાફિર કુરૈશની તાબેદારીમાં છે. *(મુસ્લિમ શરીફ, મિશ્કાત મનાકિબે કુરૈશ)*

**હદીષ નં. ૯** : આ ખિલાફત કુરૈશમાં જ રહેશે જ્યાં સુધી એમના બે માણસો પણ હશે. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

આ હદીષોથી જાણવા મળ્યું કે સઘળા મુસલમાન કુરૈશની તાબેદારીમાં છે આ ખિલાફતે ઈસ્લામિયા કુરૈશ માટે જ છે.

## ✪ અકલી દલીલો ✪

અક્કલનો પણ નિર્ણય છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું કુટુંબ સઘળા કુટુંબોથી ઉચ્ચતમ અને શ્રેષ્ઠ હોય અમુક કારણોથી જેમ કે :–

**દલીલ નં. ૧** : જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંબંધથી કાંકરીઓ, પથ્થરો અને જાનવરોને ઈજ્જત પ્રાપ્ત છે કે હુઝૂરની ઊંટડી શરીફ સઘળા ઊંટોથી ઉત્તમ છે, હુઝૂરના શહેરના કાંકરા, પથ્થર રાજાઓના તાજોથી વધીને છે કે રબ તઆલાએ કુર્આનમાં એમની કસમ યાદ કરી لَآ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ وَ اَنۡتَ حِلٌّۢ بِهٰذَا الۡبَلَدِ તો જે હઝરાત હુઝૂરના દિલના ટૂકડા નૂરે નજર હોય તેઓ જરૂરથી બીજા કુટુંબોથી ઉત્તમ છે.

**દલીલ નં. ૨** : સઘળા લોકો ઝકાત, સદકાત ખાય શકે છે, પણ સૈયદ સાહેબો ન ઝકાત લઈ શકે ન કોઈ બીજો વાજિબ સદકો. કારણ કે આ માલનો મેલ છે, જો આ શરીફ નસબ પણ બીજા નસબો જેવો હોતો તો બીજા લોકો માફક એમને પણ ઝકાત ખાવી જાઈઝ હોતી. જાણવા મળ્યું આ નસબ શરીફ ઘણો જ પાક, સ્વચ્છ અને બીજા નસબોથી ઉત્તમ છે.

**દલીલ નં. ૩** : સાદાતે કિરામને આ ઈજ્જત પ્રાપ્ત છે કે નમાઝમાં દુરૂદે ઈબ્રાહીમીમાં હુઝૂર સાથે એમના પર પણ દુરૂદ પઢવામાં આવે છે. اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ عَلٰى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ પઠાણ, શેખ વગેરે.... કોઈ પણ કોમને દુરૂદમાં દાખલ ન કરી માત્ર આ કુટુંબને જ. એવું સમજો કે આ ખાનદાનની ઈજ્જત નમાઝમાં દાખલ છે. જાણવા મળ્યું સર્વ કુટુંબોથી વધીને આ ખાનદાન છે.





**દલીલ નં. ૪** : હઝરત તલ્હાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફસદનું લોહી બેઅદબીના ડરથી (ફેંકવાને બદલે) પી લીધું. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હવે તમારા પેટમાં દર્દ નહીં થાય અને તમને અલ્લાહ તઆલા દોઝખની આગથી બચાવશે. જ્યારે હુઝૂરના લોહી શરીફ પેટમાં પહોંચવાની આ અસર છે તો જેમનું બંધારણ હુઝૂરનું ખૂન શરીફથી હોય એમની ઉત્તમતાનું શું કહેવું ?!

**દલીલ નં ૫** : નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم સઘળા નબીઓના સરદાર છે આમ જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક વસ્તુ સઘળા પૈગંબરોની વસ્તુઓથી ઉત્તમ છે. જુઓ كُنۡتُمۡ خَيۡرَ اُمَّةٍ હુઝૂરની ઉમ્મત સઘળી ઉમ્મતોથી ઉત્તમ અફઝલ છો.

હુઝૂરની પત્નીઓ સઘળા જગતની સ્ત્રીઓથી ઉત્તમ છે. يٰنِسَآءَ النَّبِىِّ لَسۡتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ "અય નબીની પત્નીઓ ! તમે કોઈ પણ સ્ત્રી જેવી નથી." હુઝૂરનું શહેર સઘળા નબીઓના શહેરથી અફઝલ, હુઝૂરના સહાબાએ કિરામ સઘળા નબીઓના સહાબાથી ઉત્તમ, એ કાયદાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઓલાદ સઘળા પૈગંબરોની ઓલાદથી ઉત્તમ અને શ્રેષ્ઠ હોવી જોઈએ નહીં. તો શું કારણ છે કે હુઝૂરનો સંબંધ બીજી બધી વસ્તુઓને ઉત્તમ અને શ્રેષ્ઠ બનાવી આપે અને ઓલાદ શરીફમાં કોઈ ઉત્તમતા પેદા ન થાય.

**નોંધ** : અહીંયા સુધી સવાલ કરનારના સવાલનો જવાબ આપવામાં આવ્યો હવે ઝેદના એતરાઝના જવાબો પણ સાંભળતા ચાલો.

**એ'તેરાઝ નં. ૧** : ઝેદની રજૂ કરેલી આયત :–

اِنَّا جَعَلۡنٰكُمۡ شُعُوۡبًا وَّقَبَآئِلَ لِتَعَارَفُوۡا اِنَّ اَكۡرَمَكُمۡ عِنۡدَ اللّٰهِ اَتۡقٰكُمۡ

એનો મતલબ એ નથી જે ઝૈદે સમજ્યું કે ઈસ્લામમાં હુઝૂરના કુટુંબને બીજા કુટુંબો પર કોઈ ઉત્તમતા નથી, જો આ આયતનો મતલબ એ જ હોય તો તે આ આયતોથી વિરોધી બનશે જે અમે વર્ણન કરી. આ આયતનો ભાવાર્થ એ છે કે મુસલમાન બધા જ ઈજ્જતવાળા છે, ગમે તે કુટુંબથી સંબંધ ધરાવે, કોઈ ઈસ્લામી કોમને બેઈજ્જત ન સમજો જેમ કે અરબમાં રિવાજ હતો. અમુક કોમોને તુચ્છ બેઈજ્જત સમજતા હતા,

એટલે કે મુસલમાનોમાં કોઈ કોમ બેઈજ્જત નથી. આ અમુક અમુકથી ઉત્તમ છે.

اَلْعِزَّةُ لِلّٰهِ وَلِرَسُوْلِهٖ وَ لِلْمُؤْمِنِيْنَ

''ઈજ્જત અલ્લાહ અને રસૂલ અને ઈમાનવાળાઓ માટે છે.''

આમાં સઘળા મુસલમાન દાખલ છે. કોઈપણ દાખલા વગર આમ સમજવું જોઈએ કે સઘળા નબી ઈજ્જતવાળા અલ્લાહના પ્યારા છે, કોઈ પણ નબીની થોડી પણ બેઈજ્જતી કુફ્ર છે પરંતુ અમુક નબી અમુકથી અફઝલ છે. અથવા આ આયતનો ભાવાર્થ એ છે કે કોઈ સંબંધિત ફઝીલતના ગર્વમાં તકવા, પરહેઝગારી ન છોડે. એ ધ્યાન રાખે કે અલ્લાહની નિકટમાં જેટલો તકવો વધારે એટલો જ દરજ્જો વધારે, બલ્કે ઘણી મોટી કોમિયતવાળાને (ઉચ્ચ જ્ઞાતીવાળાએ) વધારે તકવો જોઈએ, અથવા **આ આયતનો ભાવાર્થ એ છે કે મુસલમાન કોઈ મુસલમાનને મહેણાં ન મારે અને ન કોઈ મુસલમાનને તુચ્છ સમજે ન કોઈ મુસલમાનનો કોમી (જાતિને લગતી) મજાક કરે, દરેક મુસલમાનની તા'ઝીમ અને ઈજ્જત વાજિબ છે.** આ આયતની તફસીર એ આયત છે :–

لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ

કોઈ કોમ કોઈની મજાક ન ઉડાવે શક્ય છે જેની મજાક ઉડાવી રહ્યો છે એ એનાથી ઉત્તમ હોય.

કોઈ ખાનદાનના ઉત્તમ હોવાથી એ પુરવાર નથી થતું કે બીજાને બેઈજ્જત સમજો, એટલે સાદાતે કિરામને એ હક્ક પ્રાપ્ય નથી કે બીજા મુસલમાનોને તુચ્છ અને બેઈજ્જત સમજે, દરેક મુસલમાનની ઈજ્જત જરૂરી છે, પરંતુ બીજા મુસલમાનોએ સાદાતે કિરામની એટલા માટે ઈજ્જત કરવી કે એ લોકો એ રસૂલની ઓલાદ છે જેમણે આપણને કલ્મો પઢાવ્યો, જેમણે આપણને કુર્આન અને ઈમાન આપ્યું صلی اللہ تعالیٰ علیہ وسلم.

**એ'તેરાઝ નં. ૨** : અમુક લોકો આ આયતથી ધોકો ખાય જાય છે : لَنْ تَنْفَعَكُمْ اَرْحَامُكُمْ وَلَا اَوْلَادُكُمْ يَوْمَ الْقِيَامَةِ તદન કામ નહીં લાગે તમારા સગાઓ અને ન તમારી ઓલાદ કિયામતના દિવસે.





આનાથી જાણવા મળ્યું કે કિયામતમાં કોઈ નસબ કામ આવે ન ઓલાદ, આ સગાઈ અને ઓલાદમાં સઘળી સગાઈઓ અને સઘળી ઓલાદ દાખલ છે પછી નબીઓની ઓલાદ હોય કે વલીઓની.

**જવાબ** : આ આયતે કરીમામાં એ મુસલમાનોને સંબોધન છે જેમની ઓલાદ અને સગાઓ કાફિર હતા, અને તેઓ મુસલમાન સગાઈને લઈને એમની તરફદારી કરતા હતા, એમને ફર્માવવામાં આવી રહ્યું છે કે તમે ઈસ્લામના મુકાબલામાં એ કાફિર સગાઓની મદદ ન કરો.

આ આયતને નબીઓની સગાઈઓ અને નેક ઓલાદથી કોઈ સંબંધ નથી કારણ કે આ રુકૂઅને અલ્લાહ તઆલાએ આ આયતથી શરૂ કર્યો :–

يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّيْ وَ عَدُوَّكُمْ اَوْلِيَاءَ

''અય મુસલમાનો ! તમે મારા અને તમારા શત્રુઓને એટલે કાફિરોને દોસ્ત ન બનાવો.'' અને આ રુકૂઅ હઝરત હાતિબ બિન અબી બલતઆ رضی اللہ عنہ ના હક્કમાં ઉતરી જેમણે પોતાના ઘરવાળાઓના રક્ષણ માટે કુફ્ફારે મક્કાની જાસૂસી કરી મુસલમાનોના ગુપ્ત રહસ્યો એમને લખી મોકલાવ્યાં કારણ કે એમના બાળકો મક્કા મુઅઝ્ઝમામાં કાફિરો પાસે હતાં. આ તમારી રજૂ કરેલી આયતના અંતમાં **يفصل بينكم الله** ''કિયામતમાં તમારામાં અને તમારા આ સગાઓમાં જુદાઈ કરી આપશે કે તમને જન્નતમાં અને એમને દોઝખમાં દાખલ કરી આપશે.'' આ આયત પછી તરત જ અલ્લાહ તઆલા હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم નો કિસ્સો મુસલમાનોને બતાવી રહ્યો છે કે એમણે ઈસ્લામના વિરૂધ્ધ પોતાની કાફિર કોમથી સંપૂર્ણ જુદાઈ કરી લીધી છે. આ સઘળી નિશાનીઓથી માલૂમ પડે છે કે અહીંયા કાફિર સગાઓ મુરાદ છે, આ આયતની તફસીર આ આયત છે :–

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ يُوَادُّوْنَ مَنْ حَادَّ اللّٰهَ
وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْا اٰبَاءَهُمْ اَوْ اَبْنَاءَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ

"તમે મુસલમાનોને એવા નહીં પામો કે તેઓ અલ્લાહ અને રસૂલના દુશ્મનોથી મહબ્બત રાખે ભલે તેઓ એમના બાપદાદા હોય અથવા બેટા અને પૌત્રા હોય અથવા કુટુંબી હોય."

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَ اَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ فَاحْذَرُوْهُم

"અય ઈમાનવાળાઓ ! તમારી અમુક પત્નીઓ અને ઓલાદ તમારી દુશ્મન છે. એમનાથી બચો."

આ આયતે બતાવ્યું કે કાફિરોના સગા અને કાફિર ઔલાદ મુરાદ છે.

**એ'તેરાઝ નં. ૩ :-**

يَوْمَ يُنْفَخُ فِى الصُّوْرِ فَلَا اَنْسَابَ بَيْنَهُمْ يَوْمَئِذٍ وَّلَا يَتَسَائَلُوْنَ

"જે દિવેસે સૂર ફૂંકવામાં આવશે તો ન એ બંદાઓમાં એકબીજાથી સગાઈ રહેશે અને ન એકબીજાની હાલત પૂછશે."

આ આયતમાં બતાવવામાં આવ્યું કે કિયામતના દિવસે સઘળા નસબો બેકાર છે પછી નબીનો નસબ હોય અથવા વલીનો. કિયામતમાં કોઈ કામ નહીં આવે એટલે સૈયદ અને ગૈર સૈયદમાં કોઈ તફાવત નથી.

**જવાબ** : આ આયતે કરીમામાં કિયામતની કરૂણતા અને એના શરૂ સમયની પડાપડીનો ઉલ્લેખ છે કે જ્યારે અલ્લાહનો ન્યાય પ્રગટ થશે તો સંબંધિત મહોબ્બત અને સગાઈની મદદ વગેરે બધું જ ખત્મ થઈ જશે અને દરેકને પોત પોતાની પડેલી હશે. કોઈને બીજાની ચિંતા નહીં હોય. જેનો ખુલાસો બીજી જગાએ અલ્લાહ તઆલાએ આ પ્રમાણે બયાન ફર્માવ્યો :–

يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ وَ اُمِّهٖ وَ اَبِيْهِ لِكُلِّ امْرِءٍ مِّنْهُمْ يَوْمَئِذٍ شَانٌ يُّغْنِيْهِ

"એ દિવસે માણસ પોતાના ભાઈ, માતા, પિતા, પત્ની, ઔલાદથી ભાગશે. દરેક વ્યક્તિની એ હાલત હશે કે બીજાથી બેખબર કરી આપશે."

આ આયતમાં અમુક નસબોની ઉત્તમતાનો ઈન્કાર નથી.





નસબની ઉત્તમતા એની જગાએ છે અને કિયામતનો ડર ભાગ દોડ અલગ ચીજ છે કિયામતના શરૂ સમયમાં તો બીજા નબીઓ પણ શફાઅતથી ઈન્કાર કરશે અને અમારા રસૂલ ﷺ ને છોડીને કોઈપણ બારગાહમાં બોલવાની હિંમત નહીં કરી શકે તો શું આ ઝુલ જલાલના ડરથી એ પુરવાર થાય છે કે એ હઝરાત ઈજ્જતવાળા નથી ?! ના ! અને એ પણ ખયાલ રહેવો જોઈએ કે કિયામતની ભાગદોડ પણ સામાન્ય માણસોની હશે. અલ્લાહના અમુક બંદાઓ એ ભાગદોડથી સુરક્ષિત હશે.

કુર્આને કરીમ ફર્માવે છે :–

لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ وَ تَتَلَقَّاهُمُ الْمَلٰئِكَةُ

"એમને કિયામતની મોટી ગભરામણ ચિંતિત નહીં કરે અને એમનું ફરિશ્તાઓ સ્વાગત કરશે."

ફર્માવે છે :–

اَلَا اِنَّ اَوْلِيَآءَ اللّٰهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ

"અલ્લાહ તઆલાના દોસ્તોને એ દિવસે ડર નહીં હોય ન તેઓ ચિંતિત થશે."

બલ્કે કુર્આન શરીફથી સાબિત છે કે અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓની દોસ્તી ત્યાં પણ કામ આપશે અને બીજી દોસ્તી દુશ્મનીમાં ફેરવાઈ જશે.

ફર્માવે છે :–

اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ

"એ દિવસે દોસ્ત એક બીજાના દુશ્મન બની જશે, પરહેઝગારોને છોડીને."

સારાંશ એ કે આ આયતથી ન તો એ પુરવાર થાય છે કે દુનિયામાં નબીઓના નસબોની ઉત્તમતા નથી અને ન તો એ પુરવાર થાય છે કે કિયામતમાં નસબ કામ નહીં લાગે.

**એ'તેરાઝ નં. ૪** : હદીષ શરીફમાં છે :–

સર્વની પેદાઈશ હઝરત આદમ عليه السلام થી છે અને હઝરત આદમ عليه السلام ની પેદાઈશ માટીથી. જાણવા મળ્યું કે સર્વ ઈન્સાન

નસબમાં બરાબર છે અને કોઈને કોઈના પર કોઈ ઉત્તમતા નથી.

**જવાબ** : આ હદીષનો મકસદ પણ એ જ છે કે કોઈ કબીલો, કોઈ કુટુંબને ખરાબ ન સમજે, તુચ્છ ન જાણે, કારણ કે સર્વનું મૂળ માટી છે, અને માટીમાં નમ્રતા છે, એની નમ્રતાને લઈને જમીનમાં ફળ ફળાદી, બાગ બગીચા અને ખેતીવાડી થાય છે. આગમાં અભિમાન અને ગર્વ છે એટલે ત્યાં આવું કંઈ નથી થતું. એ મકસદ નથી કે કોઈ નસબને બીજા પર ઉત્તમતા નથી બલ્કે હદીષથી એ ઈશારો પુરવાર થાય છે કે અમુક નસબને અમુક પર ફઝીલત પ્રાપ્ત છે કારણ કે સર્વ ઈન્સાનોનું મૂળ માટી છે, અને અમુક માટી બીજી માટીથી ઉત્તમ છે. મદીના પાકની માટી બીજી માટીથી વધીને છે. મસ્જિદની માટી બજારની માટીથી વધીને છે, જિબ્રઈલ અમીન عليه الصلوٰة والتسليم ના ઘોડાના પગની માટી ફિરઔનના ઘોડાની માટીથી ઉત્તમ. (કુર્આનથી) સારી જમીનની માટી ખારી જમીનની માટીથી વધીને, ખારી જમીનમાં કંઈ પેદા નથી થતું. આમ જ જે નસબોને નબીઓ સાથે સંબંધ થઈ ગયો એમની માટી બીજા નસબોની માટીથી ઉત્તમ છે. અને એ પણ કે માટીમાં બે ગુણ ખાસ કરીને હોય છે. એક એ કે, હમેશાં નીચે તરફ પડે છે, જો એ ઉપર જાય તો બીજાના ફેંકવાથી અને બાહ્ય શક્તિથી. બીજું એ કે માટી હમેશાં ફળ ફૂલ ઉગાડવામાં પાણીની મોહતાજ છે, આમ જ દરેક માણસ તબીયતના આધારે નીચે તરફ પડે છે. હા ! અલ્લાહવાળાઓની નજરોની બરકતથી એને બુલંદી પણ મળે છે અને ફયૂઝ પણ પ્રાપ્ત થાય છે, સાદાતે કિરામને આ ઈજ્જત પોતાની આપ નથી મળી બલ્કે એટલા માટે કે એમને નબુવ્વતના સંબંધે ઊંચા કર્યા છે.

**એ'તેરાઝ નં. ૫** : હદીષે પાકમાં છે કે ફર્માવ્યું નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ, અય ફાતિમા ! તમે જે ઈચ્છો મારો માલ માંગી લો ! હું તમારાથી ખુદાનો અઝાબ દૂર નથી કરી શક્તો.

આ હદીષ શરીફથી જાણવા મળ્યું કે હુઝૂરનો નસબ એમની ખાસ પુત્રી માટે પણ ફાયદો આપનાર ન થયો તો બીજા સૈયદોને શું કામ આપશે ! જે બીજા નસબોની હાલત છે એ જ હુઝૂરના નસબની હાલત છે.





**જવાબ** : આ હદીષ પ્રારંભિક તબ્લીગની છે. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈમાનનો હુકમ આપી રહ્યા છે, મકસદ એ છે કે, અય ફાતિમા ! ઈમાન લાવો ! જો આ ઈમાન કબૂલ ન કર્યું તો આ બધો નસબ કામ નહીં લાગે, અને જે વ્યક્તિ હુઝૂરના નસબમાં તો હોય પણ ઈમાનવાળો ન હોય એ સૈયદ નથી. કારણ કે એ મુસલમાન જ નથી. રબ તઆલા નૂહ عليه الصلوٰة والتسليم થી ફર્માવે છે :–

اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ اِنَّهٗ عَمَلٌ غَيْرُ صَالِحٍ ''અય નૂહ ! આ કનઆન તમારા ઘરવાળો નથી. કારણ કે એ બદ્કાર છે''.

કોઈ મિર્ઝાઈ, રાફઝી, ચકળાલવી, વહાબી, સૈય્યદ નથી થઈ શક્તો કારણ કે સૈય્યદ હોવા માટે ઈમાન જરૂરી છે અને એ ઈમાનથી મહરૂમ છે. કુફ્રને લઈને સગાઈના સંબંધો તૂટી જાય છે, એટલા માટે કાફિર ઈમાનવાળા સાથે નિકાહ ન કરી શકે અને ન ઈમાનવાળાનો વારસો પામે અને ન ઈમાનવાળાના કબ્રસ્તાનમાં દફન થાય, જ્યારે કાફિર ઓલાદને ઈમાનવાળા બાપના માલનો વારસો નથી મળી શક્તો તો કાફિરને નસબી શરાફત અને ઈજ્જત કેમ કરી મળી શકે છે ?! અબૂ લહબ બનૂ હાશિમનો છે પણ એની કોઈ શરાફત નથી, એટલે ઈમાનવાળા સાદાતે કિરામ, એમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નસબ શરીફ ફાયદો મળશે, હુઝૂરના સંબંધથી સઘળા ઈમાનવાળાઓ ફાયદો ઉઠાવશે, જહન્નમી નજાતી બની જશે અને ગુનેહગાર મહમાની પામશે. જ્યારે સંબંધ કામ આવી રહ્યો છે તો સગાઈ કામ કેમ નહીં આવે ?!

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآؤُكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ
وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

''જો આ લોકો જ્યારે પણ પોતાની જાનો પર ત્રાસ કરે તો અય મહબૂબ ! તમારી પાસે આવી જાય અને પોતાના રબથી માફી માંગે અને તમે પણ શફાઅત કરો તો અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામો.''

રબ તઆલા ફર્માવે છે :–

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَ اَنْتَ فِيْهِمْ "અલ્લાહ એમને અઝાબ નહીં આપે જ્યારે કે અય મહબૂબ તમે એમનામાં છો."

પોતે આકાએ નામદાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :– મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહ કરવાવાળાઓ માટે છે.

ફર્માવે છે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم : હુઝૂરની શફાઅતથી એક ઘણી મોટી જમાઅત દોઝખથી નીકળશે જેમને જહન્નમી કહેવામાં આવશે.

શફાઅતની આયતો અને હદીષો ઘણી છે જેનાથી જાણવા મળે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅત દરેક એ વ્યક્તિને પ્રાપ્ત થશે જેનું અવસાન ઈમાન પર થયું. એટલે નિઃશંક ! હુઝૂરની ઓલાદ ખાસ પ્રકારની શફાઅતથી ફાયદો ઉઠાવશે.

## દીની મદ્રસાના ટ્રસ્ટીઓને વિનંતી

**કિતાબ "તાલીમાતે જાને ઈમાન" કોર્સમાં દાખલ કરો**

વર્તમાનકાળમાં રોજ નીત નવા બદઅકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથ કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે.

એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબ **"તાલીમાતે જાને ઈમાન"** (પેજીસ–૫૦) ટીચીંગ કરવામાં આવે, તેનાં બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે.

માટે **અમારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.** *–લિ. પ્રકાશક*





## અંત અને જરૂરી મસાઈલ

સાદાતે કિરામ માટે અમુક જરૂરી વાતો અને ખાસ પ્રકારની ભલામણો જે એમણે યાદ રાખવી જોઈએ.

**પહેલી ભલામણ** : હઝરત અલી શેરેખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની એ ઓલાદ જે ખાતૂને જન્નત ફાતિમા ઝહરા رضی اللہ عنہا થી છે એને **સૈયદ** કહેવામાં આવે છે, અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની બીજી પત્નીઓના પેટથી છે એમને **અલ્વી** કહેવામાં આવે છે, સૈયદ કહેવામાં નથી આવતી. જેમ કે મુહમ્મદ બિન હનફિયા વગેરે. આ સઘળી ફઝીલતો એ ઔલાદ  શરીફની છે જે હઝરત ફાતિમા ઝહરા ખાતૂને જન્નતના પેટથી હોય. કારણ કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નસબ શરીફમાં આ જ હઝરાત દાખલ છે.

**બીજી ભલામણ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઓલાદને સૈયદ બે કારણોથી કહેવામાં આવે છે. એક એ કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના બંને શેહઝાદા હઝરાતે હસનૈન رضی اللہ عنہما ના વિશે ફર્માવ્યું, મારા હસન અને હુસૈન જન્નતના જવાનોના સરદાર છે એટલે કે જવાનીમાં જેઓનું અવસાન થયું એમના આગેવાન છે. અને ઈમામે હસન رضی اللہ عنہ ની બાબત ફર્માવ્યું, મારો આ ફરઝંદ સૈયદ એટલે સરદાર છે. ઉમ્મીદ છે અલ્લાહ તઆલા એમના થકી મુસલમાનોની બે જમાઅતમાં સુલેહ કરશે.

કારણ કે આ શેહઝાદાઓને નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સૈયદ ફર્માવ્યું એટલે એમની ઓલાદને પણ સૈયદ કહેવામાં આવ્યું. બીજું એટલા માટે કે સૈયદનો અર્થ છે "સરદાર" અને નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઉપનામ છે સૈય્યેદુલ મુરસલીન. આ હઝરાત એમની ઓલાદમાંથી છે તો રસૂલોના સરદારની ઓલાદ પણ મુસલમાનોની સરદાર કહેવામાં આવે છે. સુબ્હાનલ્લાહ ! હુઝૂર નબીઓના સરદાર, હઝરત અલી શેરેખુદા વલીઓના સરદાર, હઝરત ફાતિમા ઝહરા મુસલમાન સ્ત્રીઓની સરદાર, હઝરત હસનૈન શહીદોના સરદાર, સરદારી એમના પર આશિક છે !

અલ્લાહ તઆલા હઝરત યહ્યા માટે ફર્માવે છે એનો સારાંશ એ કે અલ્લાહના પ્રિયને રબ તઆલાએ પોતે સૈયદ ફર્માવ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સૈયદ ફર્માવ્યું.

**ત્રીજી ભલામણ** : સૈયદ એ હશે જેનો બાપ સૈયદ હશે, **જો માં સૈયદાની હોય અને બાપ સૈયદ ન હોય તો એ સૈયદ થશે નહીં. ન એના પર સૈયદના કાયદા લાગુ પડશે, એને ઝકાત ખાવી પણ જાઈઝ રહેશે, કારણ કે નસબ બાપથી હોય છે માંથી નહીં.** અને જો બાપ સૈયદ છે અને માં સૈયદ નથી તો એ સૈયદ છે, અને બંને માતા પિતા સૈયદ હોય તો એ બંને તરફથી સૈયદ છે, જેમકે હુઝૂર ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہ કે એમના પિતા હસની સૈયદ અને માતા હુસૈની સૈયદ, હઝરત ઈમામ મહદી رضی اللہ عنہ પણ હસની સૈયદ હશે. હાલ હસની સૈયદ ઓછા છે હુસૈની સૈયદ વધારે છે પરંતુ બંનેની ઈજ્જત જરૂરી છે.

**ચોથી ભલામણ** : સૈયદ હઝરાતની જે ફઝીલતનું વર્ણન થયું એનો મતલબ એ નથી કે એ હઝરાત નેક કામો ન કરે, નમાઝ ન પઢે, માત્ર કુટુંબિક ઈજ્જતને લઈને તેઓ અમલથી અલગ થઈ જાય. આ ખયાલ ખોટો અને બેકાર છે. સૈયદોએ બીજા લોકોથી અધિક નેક કામ કરવાં જોઈએ જેથી તેઓ બીજા લોકો માટે દાખલો બને. ફર્સ્ટ કલાસવાળા મુસાફરે થર્ડ કલાસના મુસાફરથી વધારે રૂપિયા ખર્ચ કરવા પડે છે. એમના માટે જરૂરી છે કે તેઓ પોતાના પૂર્વજોનો નમૂનો બને, ઈમામ હુસૈને ભાલાની નીચે નમાઝ પઢી, જો એમની ઓલાદ કોઈ કારણ વગર નમાઝ છોડી આપે તો ઘણા જ અફસોસની વાત છે.

**પાંચમી ભલામણ** : જેટલા સાદાતે કિરામની ફઝીલતોનું વર્ણન થયું એ એમના માટે છે જે નસબમાં સાચા અને ખાનદાની સૈયદ હોય. હઝરત ફાતિમા ઝહરાથી લઈને એમના સુધી એમની નસલમાં ગૈર સૈય્યદ ન આવ્યો હોય. વર્તમાનકાળમાં નકલી સૈયદ ઘણા થઈ ગયા છે, સૈયદ નથી છતાં સૈયદ કહેવડાવે છે. આ સખત હરામ અને મોટો ગુનો છે. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ ગુલામ પર લાનત કરી જે પોતાને બીજા માલિક તરફ સંબંધિત કરે, અને એ વ્યક્તિ પર લાનત કરી જે





પોતાને બીજા કુટુંબ સાથે સંબંધિત કરે. જે સૈયદ ન હોય અને સૈયદ બને એ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની લાનતનો પણ હક્કદાર છે, અને પર્દા પાછળ એ પોતાની માતાને ગાળ આપી રહ્યો છે. એનો નિકાહ ગૈર સૈયદથી થયો અને એ સૈયદને પોતાની માતાનો પતિ બનાવે છે. જુઓ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ تعالیٰ عنہما હારિષાના પુત્ર હતા એમને નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મોઢાનો પુત્ર બનાવ્યા હતા. લોકો એને લઈને એમને ઝૈદ બિન મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કહેતા હતા, કુર્આને કરીમે એનાથી સખત મનાઈ કરી. ઈર્શાદ ફર્માવ્યો :–

وَمَا جَعَلَ اللّٰهُ اَدْعِيَآئَكُمْ اَبْنَآئَكُمْ ذَالِكُمْ قَوْلُكُمْ بِاَفْوَاهِكُمْ

"અલ્લાહે તમારા દત્તકોને તમારા પુત્રો ન બનાવ્યા, આ તમારું મોઢાનું કહેવું છે." પછી એનાથી પણ મનાઈ કરી. ઈર્શાદ ફર્માવ્યો :–

اُدْعُوْهُمْ لِاٰبَائِهِمْ هُوَ اَقْسَطُ عِنْدَ اللّٰهِ فَاِنْ لَّمْ تَعْلَمُوْا اٰبَآئَهُمْ
فَاِخْوَانُكُمْ فِى الدِّيْنِ

"એમને એમના બાપનો જ કહીને બોલાવો, આ અલ્લાહ નિકટ સારું છે. જો તમે એમના બાપને નથી જાણતા તો તેઓ તમારા ધાર્મિક ભાઈ છે."

જો હઝરત ઝૈદને નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પુત્ર કહેવો હરામ છે, જ્યારે કે આપ હુઝૂરના પાલન પોષણમાં હતા અને દત્તક હતા, તો પછી કોઈ પોતાને સૈયદ કહીને હુઝૂરની ઔલાદ કહે જ્યારે કે એ સૈય્યદ નથી એ આ આયતના આધારે કેટલો મોટો ગુનેહગાર છે. અને જેઓ ગુસ્સામાં પોતાની પત્નીઓને માં કહી આપે એમના વિશે કુર્આન આમ ફર્માવે છે :–

وَمَا جَعَلَ اَزْوَاجَكُمُ لآئِىْ تُظَاهِرُوْنَ مِنْهُنَّ اُمَّهَاتِكُمْ

"અને તમારી એ પત્નીઓ જેમને તમે પોતાની માતા બરાબર કહી આપો, રબે તમારી માં નથી બનાવી."

બીજી જગાએ એ જ ઝિહાર કરવાવાળાઓ સંબંધિત કુર્આન ઈર્શાદ ફર્માવે છે :–

الَّذِيْنَ يُظَاهِرُوْنَ مِنْكُمْ مِنْ نِسَآئِهِمْ مَا هُنَّ أُمَّهَاتُهُمْ اِنْ اُمَّهَاتُهُمْ

اِلَّا الّٰئِىْ وَلَدْنَهُمْ وَاِنَّهُمْ لَيَقُوْلُوْنَ مُنْكَراً مِنَ الْقَوْلِ وَ زُوْرًا

"એ જે તમારામાંથી પોતાની પત્નીઓને પોતાની માતાની જગાએ કહી આપે એ એમની માતાઓ નથી, એમની માતાઓ તો એ છે જેમનાથી તેઓ પેદા થયા, અને બેશક ! આ લોકો ખરાબ અને તદ્દન જૂઠી વાત કહે છે."

જ્યારે પોતાની પત્નીને માતાથી સરખામણી દેવાને કુર્આન બુરી વાત અને જૂઠ પુરવાર કર્યું અને એની સખત સજા નિયુક્ત કરી, તો પોતાના ગૈરબાપને બાપ કહેવાવાળો પણ કુર્આનના આ ફત્વાના આધારે પાકો જૂઠો અને દોઝખના અઝાબનો હક્કદાર છે. સારાંશ એ કે જે સૈયદ ન હોય અને પોતાને સૈયદ કહે એ પોતાની માતાને ગાળ આપે છે (કે એ વ્યભિચારીણી છે) અને નબીએ પાક ﷺ ની બારગાહમાં લાનતી છે, રબના નિકટમાં જૂઠો, મક્કાર, ધોકાબાઝ અઝાબે દોઝખના લાયક છે.

મુસ્લિમ શરીફ કિતાબુલ ઈમાનમાં છે.

"જે પોતાને પોતાના ગૈર બાપ તરફ સંબંધિત કરે અને જાણતો હોય કે એ એનો બાપ નથી તો એના પર જન્નત હરામ છે."

બીજી રિવાયત છે :– "જે જાણીને પોતાને ગૈર બાપ તરફ સંબંધિત કરે તો એના માટે જન્નત હરામ છે અને એ નાશુક્રો છે."

**છઠ્ઠી ભલામણ** : સૈયદ કોમનો માણસ જો ઈસ્લામથી બહાર થઈ જાય હિંદુ, સીખ, મિર્ઝાઈ, રાફઝી બની જાય તો ન એ સૈયદ છે ન એની આ ફઝીલતો છે જે ઉપર બયાન કરવામાં આવી. **કારણ કે કુફ્રને લઈને એનો નસબ નબીએ કરીમ ﷺ થી તૂટી ગયો,** એ શરીઅતમાં પોતાના બાપના કુટુંબથી જ ન રહ્યો. કુર્આને કરીમ નૂહ عليه السلام ના પુત્ર કનઆનની બાબત ફર્માવે છે :–

اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ اِنَّهٗ عَمَلٌ غَيْرُ صَالِحٍ

"અય નૂહ ! આ કનઆન તમારા ઘરવાળો નથી, એના અમલ ખરાબ છે."





જ્યારે નૂહ عليه السلام નો સગો પુત્ર કનઆન કુફ્રને લઈને એમનો પુત્ર ન રહ્યો તો હવે એ પ્રકારના બેદીન હુઝૂર ﷺ ની ઓલાદ કેમ કરી બની શકે છે, અને કુર્આને કરીમ આસ બિન વાઈલ વિશે ફર્માવે છે : اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ અય મહબૂબ ! તમારી બુરાઈ કરનારો અબતર (વાંઝીયો) છે (જેનો છોકરો જીવંત ન રહે.) જુઓ આસ બિન વાઈલ ઓલાદવાળો હતો પરંતુ રબ તઆલાએ એને અબતર કહ્યો એટલે બેઓલાદ, કારણ કે એની સઘળી ઓલાદ મુસલમાન થઈ ગઈ અને એ કાફિર રહ્યો, એટલે એ તે ઓલાદનો બાપ ન માનવામાં આવ્યો અને ન તેમને એની ઓલાદ. જાણવા મળ્યું દીન અને ધર્મના બદલાવાથી નસબ ખત્મ થઈ જાય છે, નસબ માટે દીનનું એક હોવું શર્ત છે.

બલ્કે એના પર શરીઅતના હુકમો પણ લાગુ નહીં થાય જેમ કે **મુસલમાન બાપનો કાફિર પુત્ર વારસો નહીં પામે,** બલ્કે કાફિર પુત્ર બીજા વારસદારોને રોકનાર પણ નહીં બને. બાપ સાથે કબ્રસ્તાનમાં દફન નથી થઈ શક્તો, બાપ એ કાફિર પુત્રની શરીઅતના તરીકાથી કફન દફન નથી કરી શક્તો બલ્કે અમુક ઈમાનવાળી માતાઓ પોતાના કાફિર પુત્રથી પર્દો કરે છે. કાફિર પુરૂષનો ઈમાનવાળી સ્ત્રી સાથે નિકાહ નથી થઈ શક્તો. સારાંશ એ કે જનાઝો વારસો, નિકાહ, દફન, કફન વગેરે કાયદાઓ (લાગુ નહીં પડે), ન એ કાફિરનો બાપ ન ઈમાનવાળાની ઓલાદ.

એ જ રીતે **જે પોતાને સૈય્યદ કહેશે પરંતુ હોય મુર્તદ, એ મુસલમાન જ નથી, સૈયદ હોવું તો ઘણી મહાન વાત છે.**

અલહમ્દુલિલ્લાહ ! આ ફત્વો ઘણા કામોમાં વ્યસ્ત હોવાની હાલતમાં જરૂરત જેટલો લખવામાં આવ્યો એનું નામ "અલ્ કલામુલ મકબૂલ ફી તહારતે નસબિર્રસૂલ" રાખું છું. રબ તઆલા કબૂલ ફર્માવે.

વ સલ્લલાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી સૈયદિના મુહમ્મદિંવ વ આલિહી વ સહબિહી વસલ્લિમ.

***–મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી*** رحمة الله عليه

# મુફતી અહમદ યારખાં નઈમી અશરફીના લખાણનો સાર

**૧.** હઝરત હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં સાહબના લખાણથી ઘણી વાતો જાણવા મળી, એક તો એ કે સૈયદ જે વાસ્તવમાં સાચો સૈયદ હોય તો નબીનો કુટુંબી હોવાના લઈને બીજા લોકોથી કુટુંબી ઉત્તમતા ધરાવે છે, એની નબીના સંબંધને લઈને ઈજ્જત કરવામાં આવશે.

**૨.** સૈયદ હોવાનો મતલબ એ નથી કે એ પોતાના નસબ પર અભિમાન કરે અને **બીજા મુસલમાનોને તુચ્છ (હલકા) સમજે**, આ પ્રમાણેનું વલણ ખોટુ અને સખત ગુનાહનું કામ છે, **ઈસ્લામમાં અભિમાન હરામ છે**, અને કુટુંબી અભિમાનને જાહિલિયતનું કામ કહેવામાં આવ્યું છે. વર્તમાનકાળમાં અમુક સૈયદો એવા પણ છે જેઓ બીજા મુસલમાનોને કંઈ ગણતા જ નથી અને વાત વાતમાં પોતાનું સૈયદ હોવું કહ્યા કરે છે ! તેમણે શરીઅત શીખવી જોઈએ અને ગુનાહથી બચવું જોઈએ.

**૩.** નબીથી સંબંધને લઈને સૈયદે બીજા લોકોથી વધારે અમલ કરવો જોઈએ અને પોતાના અમલથી બતાવવું જોઈએ કે વાસ્તવમાં એ નબીનો કુટુંબી છે, ગુનાહો કરીને પોતે સૈય્યદ હોવાની બૂમો પાડવી સભ્યતા વિરૂધ્ધ વાત છે. અમલ માટે તમને નબીના ફર્માનની નથી પડેલી, અને ઈજ્જત માટે નબીના ખાનદાનની વાતો કરો છો ? એને ન્યાય ન કહેવાય ! તો આ વાત પર ધ્યાન આપવું જોઈએ.

**૪. કોઈ સાચા નસબનો સૈયદ હોય પણ જો એ બાતિલ ફિર્કામાં પહોંચી જાય અને અહલે સુન્નતથી હટીને માન્યતા રાખે તો એ સૈયદ જ રહેશે. નહીં. અને એની ઈજ્જત કરવામાં નહીં આવે.** નબી સાથે એનો કોઈ સંબંધ રહી જતો નથી. જેમ દેવબંદી, વહાબી, કાદયાની, જમાઅતે ઈસ્લામી, શીઆ વગેરે... એમનામાં કોઈ વ્યક્તિ સૈયદ રહી જતો નથી.



તાઝીયાદારી તથા શોહદાએ કર્બલાની હકીકત

**૫.** ખોટી રીતે પોતાને સૈયદ ન કહેવું જોઈએ કે એ હરામ કામ છે. અને ખોટી રીતે સૈયદ કહેવું પોતાને હરામી અને પોતાની માતાને વ્યભિચારી કહેવું છે. ખોટા દાવેદારને સૈયદ માનવામાં આવશે નહીં. અને વાસ્તવમાં એ જાણ થઈ જાય કે આ ખોટો દાવેદાર છે તો એનાથી લોકોને વાકેફ કરવામાં આવશે કારણ કે એ લોકોને સૈયદ કહીને ધોકો આપવા ઈચ્છે છે. મુસલમાનોને નકસાનથી બચાવો.

**૬.** મુફતી અહમદ યારખાં નઈમી અશરફી સાહબનું કહેવું છે કે વર્તમાનકાળમાં બનાવટી સૈયદો ઘણા થઈ ગયા છે. એમણે હદીષોથી સબક લેવો જોઈએ અને હરામથી પોતાને બચાવવું જોઈએ. અમુક જગાએ તો એ જોવા મળે છે કે કોઈ મહોલ્લામાં એક બે સૈયદ રહેતા હોય અને એમના સંબંધથી સૈયદવાડ કહેવામાં આવ્યું તો ત્યાં ગમે તે આવીને વસી ગયો અને પછી પોતાને સૈયદ કહેવા લાગ્યો. સૈયદના મહોલ્લામાં રહેવાથી સૈયદ ન બની જવાય.

**૭.** સૈયદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની એ ઓલાદને કહેવામાં આવે છે જે હઝરત ફાતિમા رضی اللہ عنہا ના પેટથી હોય, સૈયદ હોવું હઝરત ફાતિમાને લઈને છે એટલે જે લોકો વંશમાં હઝરત ફાતિમા સુધી ન પહોંચે તેમને સૈય્યદ કહેવામાં આવશે નહીં. તેમને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના સંબંધથી **અલવી** કહેવામાં આવશે. **અલવી** લોકો મર્તબામાં અન્યથી મહાન છે પણ (ફાતેમી) **સૈયદ** જેટલા નથી.

**૮.** સૈયદો નબીના ખાનદાનના હોવાને લઈને મુસલમાનોના આગેવાન છે. આગેવાને વધારે પાબંદી કરવાની હોય છે કારણ કે એમને જોઈને બીજા માર્ગ લે છે. આગેવાન જ ખરાબ બની જાય તો એના તાબા હેઠળના લોકોને ખરાબ હોવા પર એટલો અફસોસ નથી થતો. એટલે સૈયદ જ્યારે આગેવાન છે તો એમનો દરેક કદમ શરીઅત પ્રમાણે હોવો જોઈએ.

**૯.** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફેમેલી અને કુટુંબના લોકો ખુલ્લે આમ ગુનાહ કરતા હોય તો બીજા લોકો પોતાના ગુનાહોમાં એમને બહાનું બનાવશે અને કહેશે કે જ્યારે સાદાત ફેમેલીના લોકોને વધારે એહસાસ

હોય છે તેઓ જ ખુલ્લે આમ ગુનાહ કરે છે તો અમે કરીએ એમાં શું ?! અમે ક્યાં એ ફેમેલીના છીએ ? તો સાદાતે પોતે અમલ કરવા જોઈએ અને બીજા લોકોને ગુનાહમાં બહાનું બનાવવાનો મોકો ન આપવો જોઈએ.

**૧૦.** જે કામોથી બીજા સામાન્ય મુસલમાન ગુનેહગાર બને છે સૈયદ પણ બની જશે અને શરીઅતનો કાયદો દરેક પર લાગુ પડશે. એટલે સૈયદોએ પોતાની ઈજ્જતના કાયદાને આધાર બનાવી બીજી વાતોમાં ભૂલ ન ખાવી જોઈએ.

**૧૧.** આલિમોએ એ વર્ણન કર્યું છે કે પોતાની અકીદત અને નબીની મહબ્બતને લઈને કે જો કોઈ સૈયદ ખુલ્લેઆમ ગુનોહ કરતો હોય તો પણ નબીની ઓલાદ હોવાને લઈને એની ઈજ્જત કરી લેવામાં આવશે, તો આ કાયદાથી એમણે ધોકો ન ખાવો જોઈએ. કારણ કે આ તો એક ઈમાનવાળાની અકીદત છે કે એ તમારા ખરાબ અમલોને એનાથી સારા નથી સમજી લેતો અને એ ખરાબને ખરાબ જ જાણે છે પણ નબી તરફ જોઈને તમારી ઈજ્જત કરે છે, તમને જોઈને નહીં ! બીજું એ કે એને તો એની નિય્યત પર બદલો મળી જશે પણ ખુલ્લેઆમ ગુનાહ કરનાર સૈય્યદને બીજાની ઈજ્જતથી શું ફાયદો મળવાનો છે ? એટલું તો વિચારો કે ઈમાનવાળો નબીને જોઈને નબીના કુટુંબના ગુનેહગારને છોડી નથી દેતો પણ એની ઈજ્જત કરી લે છે તો એને તો નબી સાથે આટલો પ્રેમ છે. તમે કુટુંબી છો અને તમને તો કાંઈ પ્રેમ હશે ? તમને એવું ન થયું કે નબીનો કુટુંબી થઈને નબીની શરીઅતને કેમ કરીને છોડી આપું ? હું નબી તરફ સંબંધિત છું તો લોકો મારી ઈજ્જત કરે, તો શરીઅત નબી તરફ સંબંધિત નથી ? તો પછી તમે એનો ખયાલ કેમ નહીં રાખો ? સારાંશ એ કે સૈય્યદોના સારા અમલો બીજાને સારો માર્ગ બતાવવામાં મદદ કરે છે અને સૈય્યદોના ખરાબ અમલો બીજા લોકો માટે ખરાબીનું બહાનું બને છે, એટલે સાદાતે અમલમાં આગળ ધપવું જોઈએ.

**૧૨.** એ પણ ફર્માવવામાં આવ્યું કે મુર્તદનું નસબ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી તૂટી જાય છે એટલે એ સૈય્યદ રહેતો નથી, એને કોઈ





ઈજ્જત આપવામાં નહીં આવે. એનો મતલબ એ છે કે એની **એના પછીની જે ઓલાદ છે તે પણ સૈય્યદ રહેશે નહીં એટલા માટે કે બાપના મુર્તદ થવાથી એનો નસબ નબીથી તૂટી ગયો હતો તો પછીવાળો નબીથી નસબમાં મળી શક્તો નથી.** એટલે આ વાત વર્તમાનકાળમાં ભૂલવામાં નહીં આવે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ



## આ કિતાબ જરૂરથી વાંચો અને વંચાવો

**કિતાબ** : **ઈસ્લામ અને વિ□શાંતિ** *(પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી)*

**લેખક** : હઝરત મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (મો. ૯૮૨૪૪૮૬૪૪૩)

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩ ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨ **હદિયો : રૂા. ૫૦/-**

બેશક ! યકીનન ! **''ઈસ્લામ વિ□ શાંતિનો જામિન''** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ.

## આ કિતાબ જરૂરથી વાંચો અને વંચાવો

**કિતાબ : ઈસ્લામ અને વિ□શાંતિ**

(પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી) **હદિયો : રૂા. ૫૦/-**

**લેખક** : હઝરત મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત-ઈન્ડિયા, પિન-૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩ ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, ફોન : (૦૨૬૪૨)

બેશક ! યકીનન ! **"ઈસ્લામ વિ□ શાંતિનો જામિન"** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ.





## અણમોલ કિતાબ મંગાવો !

**મહાન આલિમે દીન હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી રઝવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની અજોડ કૃતિ**

### ★ કાનૂને શરીઅત ★

*ભાગ-૧, પેજીસ-૩૧૩, કિંમત : રૂા. ૫૦/- (ટપાલ ખર્ચ : રૂા. ૫/-)*

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી

### ★ કાનૂને શરીઅત ★

*ભાગ-૨, પેજીસ -૪૨૪, કિંમત : રૂા. ૬૦/- (ટપાલ ખર્ચ, રૂા. ૬/-)*

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

એ દેખીતું છે કે આપણે મુસલમાન છીએ તો શરીઅતના કાનૂનો પર ચાલવું અનિવાર્ય છે તેનાથી અલગ માર્ગ જહન્નમ તરફ લઈ જનાર છે માટે આપણા દરેક ઘરમાં આવી કિતાબ હોવી જોઈએ. સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદઅલીખાં આ'ઝમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની મહાન કૃતિ "બહારે શરીઅત" જે હાલ ઉર્દૂમાં ૨૦ ભાગમાં છે પણ આ કાનૂને શરીઅત બે ભાગમાં તેના નિચોડરૂપી લાજવાબ કિતાબ છે. જેમાં અલ્લાહ, રસૂલ, નબીઓ, વલીઓ, ફરિશ્તા, કબ્ર, કિયામત, જન્નત, જહન્નમ....વગેરે વિશેના અકીદાનું તેમજ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની, અકીકા, મૌતનું, નિકાહ, તલાક, પતિ પત્નીના હક્કો, વિવિધ સુન્નતો તથા અખ્લાકો તેમજ કેટલીક ગલત માન્યતાઓનો ખાત્મો કરતા મસાઈલ વગેરેનો સમાવેશ થાય છે. કાનૂને શરીઅત (ભાગ-૧) ત્રીજી આવૃતિ છે જ્યારે કાનૂને શરીઅત (ભાગ-૨) પ્રથમ આવૃતિ છે. પહેલી વાર જ છપાઈ છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે છતાં લાખો ગુજરાતી સુન્નીઓ વચ્ચે ૧૧૦૦-૧૧૦૦ પ્રતો છપાય એ દુઃખદ વાત તો છે જ પણ દીની ઈલ્મથી અરૂચીનો આલમ એ છે કે આટલી સ્ટાન્ડર્ડ કિતાબની હજાર કોપીઓ પણ ચપોચપ નથી ઉપડતી ! આ છે આપણી ઈલ્મ દોસ્તી ! તો અમારી અપીલ છે કે સુંદર છપાઈ, પાકુ પુઠ્ઠુ, ફોર કલર ટાઈટલ સાથે તદ્દન ઓછા દરે કિતાબો આપની સેવામાં રજૂ કરી છે તેને પોતે પણ મંગાવો અને અન્યોને પણ પહોંચાડો અને સવાબના હક્કદાર બનો.

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન-૩૯૨૦૨૦

ફોન : (૦૬૨૪૨) ૨૮૨૭૯૨, ૨૮૯૧૧, મો. ૯૮૨૪૪૮૬૪૪૩